સ્ત્રી ઉપયોગી અતિ ઉપયોગી પુસ્તક.

સ્ત્રી હિત શિક્ષક

અને

ચન્દ્રકાન્તાની આત્મકથા.

(સ્ત્રીઓને રાત દિવસ વાંચી મનન કરવા
યોગ્ય લગભગ ૧૫૦ ઉપરાંત સતિ
સ્ત્રીઓ અને પવિત્ર મહાન પુરુ-
ષોનાં જીવન ચરિત્રોનો સંગ્રહ.)

લેખક અને પ્રકાશક
જેઠાલાલ દેવશંકર દવે
તંત્રી, ભાગ્યોદય.
કર્તા
કાયદાનો શિક્ષક, ધનવાન, ભવિષ્યવેત્તા,
માસ્ટર ઑફ નૉલેજ, ચરકસંહિતા,
ગૃહિણી રત્નમાળા, સુખી
ગૃહસંસાર વિગેરે.

ભાગ્યોદય ઑફીસ—અમદાવાદ.

આ પુસ્તક જેઠાલાલ દેવશંકર દવેએ પોતાના શ્રી ભાગ્યોદય
પ્રીન્ટીંગ પ્રેસમા છાપ્યું ખાડીઆ—અમદાવાદ.

આવૃતિ પ્રથમ   નકલ ૧૦૦૦
સને ૧૯૨૧   સંવત ૧૯૭૭

મૂલ્ય રૂ. ૪—૦—૦

આ લેખકનાં ઉપયોગી પુસ્તકો.

કાયદાનો શિક્ષક (ત્રીજી આવૃતિ)	કીં. રૂ ૧૨—૦
ધનવાન (ત્રીજી આવૃતિ)	કીં. રૂ ૭—૦
ભવિષ્યવેત્તા (ત્રીજી આવૃતિ)	કીં. રૂ ૪—૦
માસ્ટર ઑાફ નૅાલેજ	કીં. રૂ ૧૦—૦
શ્રી ચરક સંહિતા—પ્રથમભાગ.	કીં. રૂ ૫—૦
ત્રિકાળદર્શકદર્પણ અને પ્રેતાવાહન વિદ્યા.	કીં. રૂ ૪—૦
સ્ત્રીહિત શિક્ષક	કીં. રૂ ૪—૦
ગૃહિણી રત્નમાળા	કીં. રૂ ૧—૮
સુખી દમ્પતી	કીં. રૂ ૧—૮
સુખી ગૃહસંસાર	કીં. રૂ ૧—૮
ઘરનો વૈદ્ય	કીં. રૂ ૦—૧૨
વૈદ્ય યાને વૈદ્યક ભાગ ૧	કીં. રૂ ૦—૧૨
વૈદ્ય યાને વૈદ્યક ભાગ ૨	કીં. રૂ ૦—૧૨
રાજર્ષિ [સર રવિન્દ્રનાથ ટાગોર કૃત]	કીં. રૂ ૧—૮
વહુ ઠકુરાણી [સર રવિન્દ્રનાથ ટાગોર કૃત]	કીં. રૂ ૧—૮
વિનોદચન્દ્ર	કીં. રૂ ૧—૮
પર્શીઅન નાઇટસ	કીં. રૂ ૧—૮
સ્વર્ગીય સુખ	૧—૦

પ્રસ્તાવના.

સ્ત્રીઓને સુધારવી એ સંસારના ઉદ્ધારનો એક અતિ ઉત્તમ ઉપાય છે. આપણા સુખ દુઃખનો સઘળો આધાર સ્ત્રીઓ છે. સ્ત્રીઓ એ સંસારના મુળરૂપ છે. જેમ ભૂમીમાં ખાતર વિગેરે નાંખી સારી રીતે કેળવવામાં આવે છે તો તેમાં નાંખેલું બીજ ઉત્તમ પ્રકારે પાકી શકે છે. તેવી જ રીતે જો સ્ત્રીઓને સુધારવામાં આવે તો સંસારનાં સઘળાં દુઃખ ઓછાં થઇ જાય. બાળકોને સુધારવાનો સઘળો ભાર સ્ત્રીઓને માથે છે. જો સ્ત્રીઓ સુધરેલી હોય છે તો જ તે પોતાનાં બાળકોને ઉત્તમ કેળવી શકે છે. બાળકોના ઉપર જન્મથી જ સ્ત્રીઓના સંસ્કારો પડે છે. જો તે યોગ્ય કેળવણી પામેલી હોય છે તો પતિને સુખ આપી શકે છે, બાળકોને સુધારી શકે છે અને ઘરનો સઘળો કારભાર પોતાને માથે ઉઠાવી લે છે.

આજકાલ સંસારમાં ઘણી જગ્યાએ સ્ત્રીઓને લીધે જ કલેશ કંકાશ પ્રવર્તી રહેલો હોય છે. જો સ્ત્રીઓ સુધરે તેવી રીતે તેમને નાનપણથી કેળવવામાં આવે તો ઘણાં કુટુંબો સુખી થઇ શકે છે. વળી હાલ કેટલીક પ્રજા નિર્માલ્ય હોવાનું કારણ પણ સ્ત્રીઓ જ છે. તે પોતાનાં બાળકને જેવાં બનાવવા ધારે છે તેવાં કરી શકે છે. તે બાળકોને નિર્માલ્ય અને બીકણ પણ બનાવી શકે છે, તેમ નિર્ભય, હિંમતવાન, ઉત્સાહી અને સાહસી પણ બનાવી શકે છે. બાળકોના ભવિષ્યનો સઘળો આધાર સ્ત્રીઓઉપર હોય છે. માટે ભવિષ્યની પ્રજાને મહાન બનાવવાને માટે માત્ર એકજ ઉપાય છે કે સ્ત્રીઓને સુધારવી.

સ્ત્રીઓને સુધારવા માટે તેમને ઉત્તમ સતિ સ્ત્રીઓનાં જીવન ચરીત્રોનું જ્ઞાન આપવું જોઇએ. તેમજ સ્ત્રીઓ તરીકે તેમની ફરજ શું છે, તેમનો તેમના પતિ સાથેનો સંબંધ કેવો હોવો જોઇએ, તેમની બાળકોને ઉછેરવાની શી ફરજ છે, ઘર કારભાર શી રીતે ચલાવવો વિગેરે પ્રકારનું જ્ઞાન આપવું જોઇએ. અને તે જ્ઞાન તેમને આ પુસ્તક ઉપરથી મળે તેવા હેતુથી આ પુસ્તકમાં લગભગ ૧૫૦ ઉપરાંત સતિ સ્ત્રીઓનાં જીવનચરિત્રોનો સમાવેશ સરળ ભાષામાં કરવામાં આવ્યો છે. અને તે ઉપરાંત સ્ત્રીઓનું શું શું કર્તવ્ય છે તે ત્રીસ પ્રકરણમાં સમજાય તેવી રસીક ભાષામાં—ચન્દ્રકાન્તા નામની પવિત્ર સ્ત્રીની જીવનકથા રૂપે આપવામાં આવ્યું છે.

સ્ત્રીઓને સુધારવા માટે યત્ન કરવો એના જેવું બીજું મહત્વનું કાર્ય નથી. કારણ કે સંસારના સઘળા સુખ દુઃખનો આધાર સ્ત્રીઓ ઉપર હોય છે. સ્ત્રીઓ સુશિક્ષિત, પવિત્ર, પ્રેમાળ અને પતિપરાયણ જીવન ગાળનારી હોય છે તો તે પોતાના ઘરમાં સ્વર્ગીય સુખનો અનુભવ મેળવી શકે છે. પતિને સુખી બનાવી શકે છે અને બાળકોને મહાન બનાવી પોતાના કર્ત્તવ્યથી સર્વને આનંદ આપી શકે છે. આ પુસ્તકનો જે સ્ત્રીઓ અભ્યાસ કરે તે સુખી અને આનંદી થયા વગર રહેવાનીજ નહિ.

આ પુસ્તક સ્ત્રીઓએ હંમેશાં પાઠ કરવા જેવું છે. જેને વંચતાં ન આવડતું હોય તેના પતિએ આ પુસ્તક રોજ પોતાની સ્ત્રીને વાંચી સંભળાવવું અને તે વાંચી સંભળાવેલી હકીકત તેને બીજે દિવસે પૂછી જોવી. આથી વાંચેલું કે સાંભળેલું મનન કરવાની ટેવ તેને પડશે. સતિ સ્ત્રીઓએ કેવાં જીવન ગાળ્યાં છે, તે કેવી રીતે સુખી અને આનંદી થઇ ગઇ છે, તેમ જ તેમણે પતિ સેવા કેવી રીતે કરી છે તેનું જ્ઞાન થતાં વાંચનાર કે સાંભળનાર સ્ત્રીઓ તેનું અનુકરણ કર્યા વગર રહેવાની જ નહિ. અને તેથી જે સ્ત્રીઓ કંકાશ કરનારી, પતિને દુઃખ દેનારી અને ઉછૃંખલ હશે તે જરૂર સુધરી જઇ પતિને સુખ આપી પોતે સુખી થશે.

સ્ત્રીઓ સુધરી શકે, પોતાના વિચાર અને વર્તનમાં ફેરફાર કરી, પતિ સેવામાં ચિત્ત જોડે, તેને સતિ થવાનું મન થાય, પોતાના શિયળને સાચવી પતિવ્રતપણું પાળવાને હોંસ થાય તેવા પ્રકારના વિષયો અને ચરિત્રોને આ પુસ્તકમાં સ્થાન આપ્યું છે. તેથી આ પુસ્તક સ્ત્રીઓને સુધારવામાં ઘણું મદદરૂપ થઇ શકશે એમ અમારૂં માનવું છે. આ પુસ્તક દરેક ઘરમાં હોવું જોઇએ એવો અમારો અભિપ્રાય છે.

જેમને પોતાના ઘરમાં સુખ અને આનંદ પ્રવર્તાવવાની ઇચ્છા હોય તે સઘળાએ આ પુસ્તક પોતાની સ્ત્રી, માતા, દીકરી કે પુત્રવધુને ખાસ વંચાવી તેનો અભ્યાસ કરાવવો જોઇએ, હંમેશાં મનુષ્યના ચારિત્ર્ય ઉપર જીવન ચરિત્રોની ઘણી જ અસર થાય છે. તે કોઇનું સુખી જીવન જોઈ તે પ્રમાણે વર્તવા તૈયાર થઈ જાય છે. જેથી આ પુસ્તકમાંથી પૂર્વે થઇ ગયેલી સતિ સ્ત્રીઓનાં જીવન ચરિત્રો વાંચી તે પ્રમાણે વર્તન રાખવાનું દરેક સ્ત્રીઓને મન થવાનુંજ. જેમ જેમ

તે અભ્યાસ કરતી જવાની તેમ તેમ તે સુધરવાની, તેને વગર કહે પણ પતિ સેવા કરવાની ઇચ્છા થવાની.

લાખો કુટુંબો અત્યારે કલેશ, કંકાસ અને દુઃખથી પીડાય છે, તેનું મુળ કારણ તપાસીશું તો સ્ત્રીઓ જ જણાશે. માટે તે દુઃખ, કલેશ, કંકાસ સર્વનો ત્યાગ કરાવવા માટે અને તેને સ્થાને સંપ, શાંતિ, આનંદ, સુખ વિગેરેનું સ્થાપન કરવા માટે આ પુસ્તકનો દરેક સ્ત્રીઓને અભ્યાસ કરાવવો જ જોઇએ એવી અમારી માન્યતા છે.

આ પુસ્તક ઉપરથી જો સ્ત્રીઓ સુધરી પોતાના ઘરમાં સુખ અને આનંદને સ્થાપી શકશે. પવિત્ર જીવન ગાળી, શીયળવ્રત પાળી, પતિસેવા કરવામાં ચિત્તને પરોવશે અને પોતાના બાળકોને ઉત્તમ પ્રકારે કેળવતાં શિખશે તો અમે આ પુસ્તક બનાવવામાં થયેલો અમારો શ્રમ સાર્થક થયો છે એમ માનીશું. માત્ર સ્ત્રીઓ સુધરી સુખી થાય અને દરેક ઘરમાં સુખ, આનંદ અને સંપ પ્રવર્તી રહે તેજ હેતુથી આ મોંઘવારીમાં પણ આ પુસ્તકને પ્રસિદ્ધ કરવાનું સાહસ અમે માથે ઉઠાવ્યું છે. તેનો દરેક સ્ત્રીઓ લાભ લેશે તો અમને સંતોષ થશે.

રામનવમી
સંવત ૧૯૭૭ ચૈત્ર શુક્લ ૯.
તા. ૧૬–૪–૧૯૨૧

જેઠાલાલ દેવશંકર દવે.
કર્તા.

ભાગ્યોદય ઓફીસ–અમદાવાદ.

વિષયાનુક્રમણિકા.

વિષય	પૃષ્ઠ
પ્રકરણ ૧ લું ચન્દ્રકાંતાનો પરીચય	૧
પ્રકરણ ૨ જું સ્ત્રીઓની મહત્તા ...	૮
૧ સતી સીતા અને રામચન્દ્રજી ...	૧૦
પ્રકરણ ૩ જું પતિસેવા	૨૨
૨ સતી અનસુયા—અને ઋષિ અત્રી ...	૨૨
૩ દેહહુતી—અને કર્દમમુનિ	૨૬
૪ સતી નર્મદા—અને કૌશિક	૨૭
૫ સાવિત્રી અને સત્યવાન	૨૯
પ્ર. ૪ થું પત્નિનો પતિ પ્રત્યેનો ધર્મ ...	૩૭
૬ સતી—દમયંતી—અને નળરાજા ...	૩૮
૭ દ્રૌપદી—પાંડવો	૪૮
પ્ર. ૫ મું પતિની પોતાની પત્ની પ્રત્યેની ફરજ	૫૫
૮ મદાલસા—અને ઋતુધ્વજ	૫૭
૯ સુકન્યા—ચ્યવન ઋષિ	૫૯
૧૦ અહલ્યા—ગાતમ	૬૩
૧૧ અરૂન્ધતી—વસિષ્ટ	૬૫
૧૨ વૃંદા—જાલંધર	૬૬
૧૩ દેવયાની—કચ	૬૭
૧૪ શર્મિષ્ટા—યયાતી	૭૦
૧૫ મૈત્રેયી અને યાજ્ઞવલ્ક્ય	૭૧
૧૬ ગાંધારી—ધતરાષ્ટ ...	૭૨
૧૭ તારામતી—હરીશ્ચંદ્ર ...	૭૩
૧૮ સતી મહાશ્વેતા—પુંડરીક	૮૦
૧૯ કાદંબરી—ચન્દ્રાપીડ ...	૮૨
૨૦ શકુન્તલા—દુષ્યંત ...	૮૭
પ્ર. ૬ ઠું સ્ત્રીઓએ ઘરનો કારભાર કેવી રીતે ... ચલાવવો	૯૩
૨૧ લોપામુદ્રા—અગસ્ત્યમુનિ	૯૯
૨૨ શાંડિલી	૧૦૦
૨૩ જરત્કારુ	૧૦૨
૨૪ ભામતી—વાચસ્પતી મિશ્ર	૧૦૪
પ્ર. ૭ મું સ્ત્રીઓની ... જવાબદારી ...	૧૦૫
૨૫ કૌશલ્યા—દશરથ ...	૧૦૬
૨૬ કેકયી	૧૦૮
૨૭ સુમિત્રા	૧૧૦
૨૮ રેણુકા—જમદગ્નિ ...	૧૧૧
મરીચી	૧૧૩
પ્ર. ૮ મું સંકટ વખતે પતિને સહાય કેવી રીતે કરવી ?	૧૧૫
૨૯ મંદોદરી—રાવણ ...	૧૧૬
૩૦ સુલોચના—ઈન્દ્રજીત ...	૧૧૮
૩૧ કુન્તાજી—પાંડુ ...	૧૧૯
૩૨ માદ્રી	૧૨૩
૩૩ દિતી—અદિતી—કશ્યપ...	૧૨૪
૩૪ રેવતી—બળદેવ ...	૧૨૫
૩૫ રૂક્ષ્માણી—કૃષ્ણ ...	૧૨૫

વિષય	પૃષ્ઠ
૩૬ તારા–વાલી ...	૧૨૬
પ્રા. ૯ મું સતી સ્ત્રીઓ કેવું જીવન ગાળી શકે	૧૨૯
૩૭ ઈલા–શક્તિ ...	૧૩૦
૩૮ વેદવતી	૧૩૦
૩૯ સુભદ્રા–અર્જુન ...	૧૩૧
૪૦ ઉત્તરા–અભિમન્યુ ...	૧૩૨
૪૧ ભારતી–મંડનમિશ્ર ...	૧૩૪
૪૨ વાગ્દેવી	૧૩૫
૪૩ અપાલા	૧૩૬
૪૪ વિશ્વવારા	૧૩૬
૪૫ ઘોષા	૧૩૬
૩૬ સત્યરુપા	૧૩૭
૪૭ અંશુમતી–સુવ્રત ...	૧૩૭
૪૮ ભોગવતી–નાગરાજ ...	૧૩૮
૪૯ માયાદેવી–શુદ્ધોદન ...	૧૩૯
૫૦ યશોધરા–બુદ્ધ ...	૧૪૦
૫૧ શબરી	૧૪૧
૫૨ ગાર્ગી	૧૪૨
પ્રા. ૧૦ મું સ્ત્રીઓનું દૈવી જીવન	૧૪૩
૫૩ સતી–શંકર	૧૪૪
૫૪ પાર્વતી	૧૪૭
૫૫ લક્ષ્મીજી–વિષ્ણુ ...	૧૪૯
૫૬ સરસ્વતી	૧૫૦
૫૭ શચી ઇન્દ્રાણી–ઈન્દ્રનહુષ	૧૫૧
૫૮ ઓખા–ઉષા–બાણાસુર	૧૫૩
પ્રા. ૧૨ મું સ્ત્રીઓનું ઉત્તમ ગૃહિણી પદ ...	૧૫૭
૫૯ સત્યવતી–શાંતનું–ભીષ્મ	૧૫૮
૬૦ દુઃશલા–જયદ્રથ ...	૧૬૧
૬૧ માલતી–ઉપબર્હણ ...	૧૬૨
૬૨ પદ્મા–પીપલાદમુનિ ...	૧૬૩
૬૩ પદ્માવતી–જયદેવ ...	૧૬૩
૬૪ સત્યભામા ...	૧૬૪
૬૫ કાલિંદી–યમુના ...	૧૬૫
૬૬ સરમા–વિભિષણ ...	૧૬૬
૬૭ અંજની–પવન જય–હનુમાન	૧૬૭
૬૮ મુર્તિ–ધર્મઋષિ ...	૧૬૮
૬૯ શ્રદ્ધા–અંગિરા ...	૧૬૯
૭૦ સત્યવતી–ઋચિકમુનિ	૧૭૦
૭૧ શુચિસ્મિતા–કરુણમુનિ	૧૭૧
પ્રા. ૧૩ મું સ્ત્રીઓને સંસારમાં સ્વર્ગીય સુખ શી રીતે મળે ...	૧૭૨
૭૨ શશિકળા–સુદર્શન ...	૧૭૩
૭૩ ખન્ના–મિહિર ...	૧૭૫
૭૪ કલાવતી–સુચંદ્ર ...	૧૭૬
૭૫ સુનીતિ–ધ્રુવ ...	૧૭૭
૭૬ શક્તિ–શંકરાચાર્ય ...	૧૭૯
૭૭ ચુડાલા–શિખીધ્વજ ...	૧૮૧
૭૮ લીલાવતી	૧૮૪
૭૯ નાચી	૧૮૫
૮૦ સુલભા–જનક ...	૧૮૫
૮૧ ચન્દ્રપ્રભા–દેવદત્ત ...	૧૮૬
૮૨ બ્રાહ્મણી–કૌશિક ...	૧૮૭
પ્રા. ૧૪ મું સ્ત્રી પુરુષના ધર્મ	૧૮૯
૮૩ કળાવતી–કર્ણસિંહ ...	૧૯૦
૮૪ કર્મદેવી–સાધુ ...	૧૯૧
૮૫ કૃષ્ણાકુમારી ...	૧૯૨

વિષય	પૃષ્ઠ
૮૬ સત્યવતી—પ્રેમાનંદ ...	૧૯૩
૮૭ સંયુક્તા—પૃથ્વીરાજ	૧૯૬
૮૮ કર્મદેવી—સમરસિંહ	૧૮૯
૮૯ દુર્ગાવતી ...	૧૯૮
૯૦ તારાબાઇ—પૃથ્વીરાજ	૧૯૯
૯૧ વીમળાદેવી—રાજસિંહ	૨૦૧
૯૨ રાજુલા—નેમીનાથ ...	૨૦૨
પ્રા. ૧૫ સ્ત્રીઓનું પવિત્ર શીયળવ્રત ...	૨૦૪
૯૩ સોનરાણી—ચાંપરાજહાડો	૨૦૬
૯૪ જસમા—ત્રિકમ ...	૨૦૯
૯૫ ગુણસુંદરી—કેશવ ...	૨૧૧
૯૬ રાણકદેવી—રાખેંગાર	૨૧૩
૯૭ વીરમતી—જગદેવ ...	૨૧૬
૯૮ મીનળદેવી—કર્ણસિંહ	૨૨૧
પ્રા. ૧૬ વિધવા સ્ત્રીઓના ધર્મ	૨૨૩
૯૯ અહલ્યાબાઇ—ખંડેરાવ હોલ્કર	૨૨૫
૧૦૦ ગૌરીબાઈ ...	૨૨૭
૧૦૧ લક્ષ્મીબાઇ—ગંગાધરરાવ	૨૨૮
૧૦૨ શરત્સુંદરી ...	૨૩૦
૧૦૩ હેમંતકુમારી ...	૨૩૦
૧૦૪ પન્ના	૨૩૧
૧૦૫ સરદારબા—વૈરીસિંહ...	૨૩૨
૧૦૬ ચંદા—દિલીપસિંહ...	૨૩૫
પ્રા. ૧૭ મું. સ્ત્રીઓનું ઈશ્વર પરાયણ જીવન... ...	૨૩૭
૧૦૭ મીરાંબાઇ-રાણો કુમ્ભોજી	૨૩૯
૧૦૮ યશોદા—તુલસીદાસ...	૨૪૨
૧૦૯ મેનાવતી—ગોપીચંદન	૨૪૪

વિષય	પૃષ્ઠ
૧૧૦ દેવી અઘોરકામિની...	૨૪૭
૧૧૧ બેહુલા—નખીન્દર...	૨૪૮
પ્રા. ૧૮ મું સ્ત્રીઓ એ પતિની અર્ધ્ધાંગના છે. ...	૨૫૦
૧૧૨ સુંદરબા—વિરસિંહ...	૨૫૨
૧૧૩ લાલબા ...	૨૫૬
૧૧૪ રૂપસુંદરી—જયશિખરી	૨૫૭
૧૧૫ નાગદેવી—મનોબાઇ	૨૫૮
૧૧૬ પ્રભા ...	૨૫૯
૧૧૭ વિદુલા ...	૨૬૦
૧૧૮ ચન્દ્રકાન્તા ...	૨૬૨
૧૧૯ શાન્તિકા ...	૨૬૫
પ્રા. ૧૯ મું સંસારમાં સ્ત્રીઓની પદ્ધિ ...	૨૬૮
૧૨૦ પદ્મિની—ભીમસિંહ	૨૭૦
૧૨૧ રામેશ્વરી—જસવંતસિંહ	૨૭૩
૧૨૨ કાન્તિ—પુષ્કર ...	૨૭૫
૧૨૩ સુલિબા—જગન્નાથ	૨૭૬
૧૨૪ જયા	૨૭૭
૧૨૫ કળાવતી	૨૭૯
૧૨૬ રોહિણી	૨૮૦
૧૨૭ મૃગનયની ...	૨૮૧
૧૨૮ મેના	૨૮૨
૧૨૯ ઉભયકુમારી ...	૨૮૩
પ્રા. ૨૦ મું સ્ત્રીઓના ઉત્તમ આચાર વિચાર ...	૨૮૫
૧૩૦ ઇચ્છનકુમારી ...	૨૮૬
૧૩૧ સારીકા ...	૨૮૮
૧૩૨ ભાનુમતી ...	૨૮૯
૧૩૩ ગંગાદેવી ...	૨૯૦
૧૩૪ શિવાદેવી ...	૨૯૩

વિષય	પૃષ્ઠ
૧૩૫ રાજબાળા—અજીતસિંહ	૨૯૩
પ્રા. ૨૧ મું પતિવ્રતા સ્ત્રીઓનો પતિ પ્રત્યેનો પ્રેમ	૨૯૬
૧૩૬ ચન્દ્રમુખી—રત્નસિંહ	૨૯૭
૧૩૭ લીલાદેવી—ભીમદેવ	૨૯૮
૧૩૮ વનદેવી—સૂર્યસિંહ ...	૨૯૯
૧૩૯ ચન્દ્રાવતી—વિરમદેવ	૩૦૨
૧૪૦ વિમળદેવી—સુરપાળ	૩૦૩
૧૪૧ સોનબા—હલામણ જેઠવો	૩૦૬
૧૪૨ લીલાદેવી—ભોજ ...	૩૦૮
પ્રા. ૨૨ મું સતી સ્ત્રીઓ કેવી હોય છે! ...	૩૧૦
૧૪૩ મંજુલા—હમીરસિંહ	૩૧૨
૧૪૪ ભૂપાળદેવી—કુમારપાળ	૩૧૪
૧૪૫ શક્તિદેવી—હરપાળ	૩૧૪
૧૪૬ જાસલબાઇ—હમીર સુમરો	૩૧૬
૧૪૭ રૂપસુંદરી—માધવરાય	૩૧૭
૧૪૮ લક્ષ્મીદેવી ...	૩૧૯
૧૪૯ હંસાદેવી—લાખમસિંહ	૩૨૧
પ્રા. ૨૩ મું સ્ત્રીઓ પોતાના પતિને શી રીતે વશ કરી શકે છે ...	૩૨૩

વિષય	પૃષ્ઠ
૧૫૦ સતી કામલતા ફુલોજી	૩૨૬
૧૫૧ પદ્માવતી ...	૩૨૮
૧૫૨ મંગળાદેવી—ભર્તૃહરી	૩૨૯
૧૫૩ સરસ્વતી ...	૩૩૧
૧૫૪ ઉદયમતી—ઉદયાદિત્ય	૩૩૨
પ્રા. ૨૪ મું બાળકોને જેવાં બનાવવાં હોય તેવાં બની શકે છે ...	૩૩૪
પ્રા. ૨૫ મું ગર્ભવંતી સ્ત્રીએ રાખવી જોઇતી સાવચેતી ...	૩૪૪
સુવાવડ વખતે રાખવી જોઇતી માવજત	૩૪૭
સુવારોગ	૩૪૮
કસુવાવડ	૩૪૯
પ્રા. ૨૬ મું બાળકોને કેવી રીતે ઉછેરવાં ...	૩૫૨
પ્રા. ૨૭ મું બાળરોગ ચિકિત્સા ...	૩૬૧
પ્રા. ૨૮ મું બાળકોને કેળવવાની માબાપની ફરજ	૩૬૭
પ્રા. ૨૯ મું સ્ત્રીરોગ ... ચિકિત્સા ...	૩૭૩
પ્રા. ૩૦ મું સુખી કુટુંબ	૩૭૮

સુધારો.

પાન ૧૭૨ પ્રકરણ ૧૦ છે ત્યાં પ્રકરણ ૧૩ જોઇએ. પાન ૧૪૩ પ્રકરણ ૧૦ છે તે પછી પાન ૧૫૭ માં પ્રકરણ ૧૨ છે, તેમજ ત્યાર પછી પ્રકરણ ૧૩—૧૪—૧૫ એ પ્રમાણે અનુક્રમ આવે છે. તેમાં પાન ૧૫૭ માં પ્રકરણ ૧૧ જોઇએ તેને બદલે ૧૨ છાપવાની ભૂલ થવાથી તે પછીનાં પ્રકરણોમાં પણ ભૂલ રહી ગયેલી છે.

સુખીદમ્પતી

અથવા

જયાદેવીની આત્મકથા.

આ પુસ્તક દરેક સ્ત્રીઓએ વાંચી મનન કરવા યોગ્ય છે. તેની અંદર ૧૫ પ્રકરણોમાં નિચે પ્રમાણે સ્ત્રી ઉપયોગી વિષયો જયાદેવીની આત્મકથા રૂપે આપેલા છે. પ્રા. ૧ સન્મુખરાય અને જયાદેવીનો ગૃહસંસાર, પ્રા. ૨, કુલ્ટા સ્ત્રીઓ તરફથી પતિને પડતો ત્રાસ, પ્રા. ૩ પત્નિની પતિ પ્રત્યેની ફરજો, પ્રા. ૪ પતિ પત્નીની પરસ્પર ફરજો, પ્રા. ૫. પતિને વિપત્તિમાં પત્નીએ કેવી રીતે સહાય કરવી, પ્રા. ૬ દુષ્ટોના પાસમાં જયાદેવીનું ફસાવું અને પતિવ્રતાની કસોટી. પ્રા. ૭ જયાદેવીનો છુટકારો અને ઇશ્વરે સતીને કરેલી સહાય, પ્રા. ૮ ધર્મ સંકટ—સન્મુખરાયની કસોટી, પ્રા. ૯ ઢોંગી સાધુઓ, ભોળી સ્ત્રીઓને કેવી રીતે ઠગે છે? પ્રા. ૧૦ સન્મુખરાયની પડતીમાંથી ચઢતી અવસ્થા. પ્રા. ૧૧ સ્ત્રીઓએ બાળકોને કેવી રીતે ઉછેરવાં. પ્રા. ૧૨ મહાપુરુષનો સમાગમ, પ્રા. ૧૩ કુલ્ટાસ્ત્રીઓની સોબત—સુધરેલી સ્ત્રીઓની ફરજો, પ્રા. ૧૪ સાસુવહુનું પરસ્પર કર્ત્તવ્ય, પ્રા. ૧૫ ગૃહસ્થાશ્રમમાં સ્વર્ગીયસુખનો આનંદ—આવી રીતે દરેક સ્ત્રીઓને વાંચી મનન કરવા યોગ્ય અતિ ઉપયોગી વિષયો વાર્તાનારૂપે રસ ભરી ભાષામાં આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. તે વાંચવાથી સ્ત્રીઓ સુધર્યા વગર રહેવાની જ નહિ. કીંમત રૂ. ૧-૮-૦.

સુખી ગૃહસંસાર—આ પુસ્તક અતિ ઉપયોગી—દરેક સ્ત્રીઓને વાંચવા લાયક, અને મનન કરવા યોગ્ય છે. ગૃહસંસાર શી રીતે ચલાવવો, સંસારમાં રહી સુખ, આનંદ અને શાંતિનો શી રીતે અનુભવ કરવો. વિગેરે વિષયો સ્ત્રીઓને મનન કરવા યોગ્ય છે. રૂ.૧।।

ગૃહિણી રત્નમાળા—દરેક ગૃહિણીએ આ પુસ્તક વાંચી મનન કરવુંજ જોઇએ તેની અંદર ૧૫ પ્રકરણો છે. કીંમત રૂ. ૧-૮-૦

આ પુસ્તકોના સંબંધમાં—વેજલપુરથી મણીશંકર લલ્લુભાઈ પંડયા લખે છે કે ગૃહિણીરત્નમાળા અને સુખી ગૃહસંસારએ બે પુસ્તકો તો સ્ત્રીઓને ગીતાની માફક દરરોજ પાઠ કરવા જેવાં છે. સુખીદમ્પતીને હું વધાવી લઉં છું અને આપને મુબારકબાદી આપું છું કે આપ આ ત્રણે પુસ્તકોદ્વારા આદર્શ ગૃહિણીઓ ઉત્પન્ન કરવા મથન કરી રહ્યા છો તે ગુર્જરજનો તરફ આપશ્રીની દયાનજર જ કહેવાશે. વ્યવસ્થાપક—ભાગ્યોદય—અમદાવાદ.

સ્ત્રીઓનાં પ્રદર વિગેરે દરદો મટાડી શક્તિ આપનાર દવા.

સુંદરીસાથી. (રજીસ્ટર્ડ)

લાખો સરટીફીકેટો મળ્યાં છે.

મંગાવો—તે સ્ત્રીઓના તમામ રોગોને માટે અકસિર છે. સ્ત્રીઓનાં કોઈ પણ દરદ જેવાં કે, લોહીવા, પ્રદર, રક્ત અને શ્વેત જેથી ગુહ્યસ્થાનમાંથી ચીકણી, ધાટી, પીળી મળગુગળી અગર લાલ રંગની લોહી જેવી, રસી વહ્યાં કરે છે. પેશાબે અગન બળે, હાથ પગના તળીઆમાં, કેડોમાં, માથામાં અને કોઇ વખતે આખા શરીરમાં સણકા મારે, ફાટ, ચુસ અને કળતર થાય, ઝીણો તાવ હંમેશાં આવે, શરીર સુકાઇ ધોળી પુણી જેવું થાય; આંખોનું તેજ કમી થાય, દિવસે દિવસે શરીર સુકાઇ બેહાલ થાય, અશક્તિ આવે અને કામ થઇ શકે નહિ, આખો દિવસ કેડો અને માથું ફાટયાં કરે. તાવ, ઉધરશ, દમ, ખાંસી, સોજા, ઉલટી, અરૂચી, માસિક અટકાવ દસ્તાન સંબંધી તમામ રોગ, ગર્ભાશયની પીડા, કસુવાવડ, સુવારોગ વિગેરે તમામ રોગ અને આવા અનેક દરદોના સમુહને આ **સુંદરીસાથી** એકદમ મટાડી શકે છે.

આ સુંદરીસાથી બાળ, યુવાન, અને વૃદ્ધ દરેક સ્ત્રીએ હંમેશાં વાપરવા લાયક છે, જેથી તેઓના તમામ રોગ મટાડી શરીર પુષ્ટ કરે છે, દસ્તાનના રોગો થવા પામતા નથી અને ગર્ભાશયને ગર્ભ ધારણ કરી શકે તેવું બનાવી પુખ્ત વયે ગર્ભ ધારણ થાય છે. પીવામાં સ્વાદિષ્ટ છે. બાટલી ૧ ની કીંમત રૂ. ૧) ત્રણ બાટલીના રૂા. ૨—૧૦—૦ પોષ્ટ ૦—૧૦—૦

જુનાગઢથી રેલવે ગાર્ડ રહેમાનશાહ લખે કે તમારી સુંદરીસાથીની દવા ઘણી અકસીર છે. તેથી ઘણો સારો ફાયદો થયો છે. જેથી તે વાપરવા હું ઘણાને ભલામણ કરૂં છું.

કરાંચીથી રતનશી લખમશી લખે કે સુંદરીસાથીની દવા ઘણીજ સારી છે મેં મારા ઘરમાં બે બાટલી વાપરી તેથી તમામ રોગ દુર થયા છે, ને એક બાટલી મારા સ્નેહીને આપી તેને પણ ફાયદો થયો છે માટે બીજી ૩ બાટલી વી. પી. થી મોકલશો. અમે તમારો મોટો આભાર માનીશું.

દવે કેમીકલ વર્કસ—અમદાવાદ.

સ્ત્રી-હિત-શિક્ષક

અથવા

ચન્દ્રકાન્તાની આત્મકથા.

અથ મંગલમ્

આ ગ્રંથનો આરંભ કરતા પહેલાં—સર્વ જગત્‌ના ઉત્પન્નકર્ત્તા, પાલનકર્ત્તા અને સંહારકર્ત્તા પ્રભોને—આ કાર્યને પ્રારંભથી અંતપર્યંત પૂર્ણ કરવાની શક્તિ અર્પવા માટે પુનઃ પુનઃ પ્રણામ કરૂં છું.

પ્રકરણ ૧ લું.

ચન્દ્રકાન્તાનો પરિચય.

પૂર્વે અમદાવાદમાં રાયપુરમાં મોહનલાલ નામનો એક નાગર બ્રાહ્મણ રહેતો હતો. મોહનરાયનાં માબાપ નાનપણમાં મરી જવાથી તે નિરાધાર બન્યો હતો. પાસે પૈસાટકાનું પણ સાધન ન હોવાથી તે પોતાના મામા શ્યામશંકરને ત્યાં ઉછરી મોટો થયો. શ્યામશંકરે તેને પોતાના ખર્ચે ભણાવ્યો. મોહનલાલ કાંઇક બુદ્ધિશાળી હોવાથી તેણે વિદ્યાભ્યાસ પણ સારો કર્યો. આ વખતે અંગ્રેજીનો અભ્યાસ ઘણો થોડો છતાં તેણે અંગ્રેજી સાત ધોરણ પૂરાં કર્યાં અને પછી નોકરી શોધવા લાગ્યો.

આ વખતે નડીયાદમાં અંગ્રેજી નિશાળના માસ્તરની જગ્યા ખાલી પડી તે જાણી તે ત્યાં ગયો અને તેને મહિને દિવસે ૨૦ વીસ રૂપિયાની નોકરી મળી.

મોહનલાલની ન્યાતનાં ઘર અહીં પણ હતાં. તે સવારમાં ઉઠી સ્નાનસંધ્યાદિ કરી–હાથે રસોઈ કરી જમી ૧૧ વાગે નિશાળમાં જતો. સાંજે પાંચ વાગે છૂટી સંતરામના દર્શન કરવા જતો. અહીં તેના કેટલાક મિત્રો પણ થયા હતા. હજુ મોહનરાય કુંવારોજ હતો. મૂળ ગરીબ અને પૈસેટકે પણ સુખી ન હોવાથી હજુ તેનાં લગ્ન થયાં નહોતાં.

નડીયાદમાં નાગરવાડામાં એક સુમન્તરાય નામનો વકીલ રહેતો હતો. સુમન્તરાયને એક પુત્ર અને એક પુત્રી એમ બે સંતાન હતાં. પોતાના પુત્રે ગુજરાતી અભ્યાસ પૂર્ણ કર્યાથી તેને અંગ્રેજી સ્કુલમાં મૂકવાનો વિચાર કરી સુમન્તરાયે, મોહનલાલની નિશાળમાં પોતાના પુત્રને મૂક્યો. પુત્રની સંભાળ લેવા તેમજ તેની માસ્તરની સુંપણી કરવા સુમન્તરાય નિશાળમાં જતો તેથી તેનો મોહનરાય સાથે પરિચય થયો. મોહનરાય પણ સુમન્તરાય પોતાની ન્યાતના હોવાથી તેમના ઉપર સારો ભાવ રાખતો; અને તેમના છોકરાની નિશાળમાં પણ સંભાળ રાખતો. આવી રીતે સુમન્તરાય તથા મોહનરાયનો પરિચય થતાં ઘણીવાર સુમન્તરાય મોહનરાયને પોતાને ત્યાં આવવા આગ્રહ કરતો. અને તેથી મોહનરાય ઘણીવાર સુમન્તરાયને ઘેર નવરાશ મળતી ત્યારે કે રજા હોય ત્યારે જતો. અને જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ તે બંને વચ્ચે કાંઇક પ્રેમ પણ વધતો ગયો.

સુમન્તરાયની સ્ત્રીનું નામ સુગુણલક્ષ્મી હતું. તે પણ મળતાવડા સ્વભાવની અને પ્રેમાળ હતી. મોહનરાય જ્યારે પોતાને ઘેર આવતો ત્યારે તે ઘણુજ પ્રેમથી તેનો આદરસત્કાર કરતી. સુગુણલક્ષ્મી જો કે કાંઇ વધુ ભણેલી નહોતી તોપણ પોતાના ઘરના કામમાં અને બાળકોની સંભાળ રાખવામાં કુશળ હતી. પોતાનાં બાળકોને ભવિષ્યમાં સુખી કરવાની જવાબદારી પોતાના શિક્ષણ ઉપર છે તેવું તે સારી રીતે સમજતી. અને તેથી તે પોતાની પુત્રી ચન્દ્રકાન્તા અને પુત્ર લક્ષ્મીનંદનને વ્હાલથી યોગ્ય શિક્ષણ આપતી.

સુમન્તરાય ડીસ્ટ્રીક્ટ પ્લીડર હતા. આ વખતે અંગ્રેજી વકીલો

નહોતા પણ ગુજરાતીમાં જ વકીલની પરીક્ષા લેવામાં આવતી હોવાથી ઘણા ભાગે ગુજરાતી વકીલો ઘણા હતા. સુમન્તરાય પણ ગુજરાતી વકીલ હતા. અહીંના પ્રમાણમાં તેમની પ્રેકટીસ સારી ચાલતી હતી. સાધારણ રીતે તેમની ગણત્રી અહીંના સારા વકીલોમાં થતી. તેઓ સ્વભાવે શાંત અને મિલનસાર હતા જેથી અસીલોનાં મન રાજી રાખી, તેમનું કામ કરી, પૈસા મેળવતા. અસીલો પણ તેમના ઉપર ખુશી રહેતા અને ન ચાલેજ બીજા વકીલને ત્યાં જતા. આવી રીતે સુમન્તરાય નડીયાદમાં એક પ્રતિષ્ઠિત વકીલ તરીકે ગણાતા.

સુગુણલક્ષ્મી સ્હવારે ચાર અને પાંચ વાગ્યાની વચમાં ઉઠતી. ઉઠી ઘરમાંથી પૂંજોકચરો વાળી, પાણીયારૂં વીંછળી, પાણી ગળતી. પછી ન્હાઇ ધોઇ તૈયાર થતી. ત્યાં છએક વાગે સુમન્તરાય ઉઠતા, અને તે અરસામાંજ ચન્દ્રકાન્તા અને લક્ષ્મીનંદન ઉઠતાં. સુમન્તરાયને દંતધાવનાદિને માટે ગરમ પાણી, દાતણ વિગેરે સુગુણલક્ષ્મી આપતી. તે પછી ગરમ પાણી સ્નાન કરવા માટે કહાડી આપતી, અને છોકરાંને પણ સ્હવારમાં ન્હવરાવી ધોવરાવી તૈયાર કરતી. સ્હવારમાં ન્હાઈ સુમન્તરાય સંધ્યાવંદન કરવા બેસતા, તેમને સંધ્યાનાં વાસણ તૈયાર કરી આપતી, દીવો, પાટલો, આસન વિગેરે તૈયાર કરી આપતી. પછી પોતે છોકરાંની સંભાળ લેતી અને ચૂલે દાળ ઓરી બે ઘડી શાંત થઇ માળા ફેરવતી. પછી પતિની પૂજા કરી, બીજા કામે વળગતી. છોકરાંને સ્હવારમાં સ્નાન કર્યા પછી ઇશ્વર ભજન કરવાની ટેવ પાડી હતી અને થોડાં ઇશ્વર સ્તવનનાં કિર્તન ગાઇ, માળા ફેરવી, તે તૈયાર થતાં કે તેમને માટે એક ખંડ સ્વચ્છ કરી ત્યાં શેતરંજી પાથરી આપી ભણવા બેસાડતી. તેમજ પોતાનું કામ કરતાં કરતાં પણ છોકરાં શું કરે છે, અભ્યાસ કરે છે કે નહિ તેની કાળજી રાખતી. તે ઘણીવાર તેમની પાસે બેસી સારી સારી વાતો કહી સંભળાવતી. ચન્દ્રકાન્તાને તો નાનપણથી જ પોતાના કામમાં મદદ કરવાને તે લેતી. ચન્દ્રકાન્તાને નાનપણમાંથી પૂંજા વારવા, વાસણ ઉટકવાં, પાણી ગળવું, પાણી ભરવું, સ્વચ્છતા રાખવી, દેવતા પાડવો, રસોઇ કરવામાં મદદ કરવી, આવાં આવાં કામ રમત સાથે તે કરાવતી.

સ્ત્રીઓને ભણાવવા માટે તે હોંશ રાખતી તો પણ તે સમજતી કે તેમને ગૃહશિક્ષણ આપવું એ ઉત્તમમાં ઉત્તમ કામ છે. અને તેથી

તે ચન્દ્રકાન્તાને નાનપણુમાંથીજ ઘર કામમાં કુશળ કરવા મથતી. તે છોકરાંના ઉપર કદી મોં ચઢાવતી નહિ, તેમને ગાળો ભાંડતી નહિ કે તેમને મારપીટ કરી ધમકાવતી નહિ. પણ તેમને પ્રેમ અને આનંદથી દરેક કાર્ય કરવાનું કહેતી. કલેશ શું છે તે તો આ છોકરાં સમજતાં જ નહિ, કોઈ વસ્તુની આડાઈ કરીને કે રડીને હઠ કરતાં નહિ.

સુમન્તરાય પૂજા કરી ઓફીસમાં બેસી અસીલો આવ્યા હોય તેમની સાથે કામ કરતા અને પછી જમી પરવારી ૧૧ વાગે કોર્ટમાં જતા. છોકરાં પણ જમી પરવારી ૧૧ વાગે નિશાળે જતાં એટલે ઘરમાં સુગુણલક્ષ્મી એકલી પડતી. તેથી તે બપોરના વખતે એંઠાં અબોટ કરી પરવારી જો કંઈ અનાજ સાફસુફ કરવાનું કે વીણુવા ઝાડકવાનું હોય તો તે કરતી, સાંધતી, કાંઇક ભરતી ગુંથતી અને નવરાશના વખતમાં સારાં સારાં પુસ્તકો વાંચતી. ઘર કામમાં તો તે એક્કો હતી તેનું ઘર સ્વચ્છ અને દરેક વસ્તુ વ્યવસ્થિત ગોઠવેલી હોવાથી સૌન્દર્યવાળું હતું. ત્યાં આવી બેસનારને બે ઘડી આનંદ થતો. બપોરના વખતે ઘણીવાર આડોશીપાડોશીનાં બૈરાં ત્યાં આવી ભરાતાં અને પોતે તેમને સારો આદરમાન આપતી. તેને ત્યાં કોઇની પણ કુથલી કે નિંદા થઇ શકતી નહિ.

સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે નવરાશના વખતમાં તડાકા મારવાનો ગુણ હોય છે. ઘણી સ્ત્રીઓને શાસ્ત્ર શું, પુરાણ શું, ધર્મ શું, કે એવુંજ બીજુ જ્ઞાન હોતું નથી. આનું કારણ તે સ્ત્રીઓ નથી પણ તેનાં માબાપોની તેમના પ્રતિની બેદરકારી હોય છે. ઘણા માણુસો છોકરીઓ પ્રતિ બેદરકાર રહી તેને યોગ્ય શિક્ષણ આપતા નથી જેથી મોટી થતાં પણ તે અજ્ઞાન રહે છે. સ્ત્રીઓનો સ્વભાવ હઠીલો અને વેલ જેવો હોય છે, તેમજ તેઓ સ્વભાવે કાંઇક અંધ શ્રદ્ધાળુ હોય છે. પોતાની અજ્ઞાનતાથી કોઈ કોઈ વસ્તુઓ માટે હઠ કરી પતિને સતાવતાં, દુઃખ દેતાં કે કલેશ કરતાં અચકાતી નથી. તેમજ જે સાંભળ્યુ કે જોયું તે પ્રતિ આકર્ષાઇ જતાં વાર લાગતી નથી. ઘણીવાર તેને કોઇ કંઇ વાત કરે તો તે ખરી માનતાં અચકાતી નથી. વળી તે ધર્મની બાબતમાં અંધ શ્રદ્ધાવાળી હોવાથી ઘણા માણુસો તેને ધર્મને બ્હાને છેતરી જાય છે. માતા, મહાદેવ, કે રણુછોડજીનાં દર્શન કરવા તે દેખાદેખી જવાને માટે આડાઈ કરે છે. ચમત્કાર કરનારા સાધુ વેરાગી કે માતા કહાડનારા બ્રાહ્મણોથી ભોળવાઈ જાય છે. આ બધું તેમની અજ્ઞાનતાને લીધે બને છે.

જે રાજ્યનો કારભારી સારો અને બાહોશ હોતો નથી તે રાજ્યનો નાશ થતાં વાર લાગતી નથી તેવીજ રીતે ઘરરૂપી રાજ્યની વ્યવસ્થા કરનાર સ્ત્રી છે. જો સ્ત્રી ઉત્તમ સુશિક્ષિત અને સદાચારી હોય છે તો ઘર સુધરે છે, વ્યવસ્થિત થાય છે, તેનાં બાળકો મહાન પુરુષ તરીકે ખ્યાતિ મેળવે છે, પતિને સુખી ને આનંદી કરી શકે છે. આવી રીતે આ ગૃહરાજ્યનો સઘળો આધાર સ્ત્રીઓ ઉપર છે. માટે છોકરીઓને નાનપણથીજ ગૃહરાજ્ય ચલાવવાનું યોગ્ય શિક્ષણ આપી બુદ્ધિશાળી બનાવવા માટે યોગ્ય લક્ષ આપવું જોઇએ.

સુગુણલક્ષ્મીને ત્યાં આવતી દરેક સ્ત્રીઓ સુશિક્ષિત બની શકતી કારણ કે તેમને તે સારી સારી વાતો કહી સંભળાવતી, પતિવ્રતા સ્ત્રીઓનાં જીવનચરિત્રો મોંઢેથી કહી સંભળાવતી; અને તેમનાં અનુકરણ કરવાનો બોધ આપતી. આ પ્રમાણે સુગુણલક્ષ્મી બપોરના વખતે સ્ત્રીઓને યોગ્ય ઉપદેશ આપવા પ્રયત્ન કરતી. ચાર વાગે ચન્દ્રકાંતા ઘેર આવતી એટલે તેને જરા હરવા ફરવા ને રમવા જવાની છૂટ આપતી પણ તે છોકરાં ભેગી રમે નહિ કે ખરાબ છોકરીઓ ભેગી ભળે નહિ તેની કાળજી રાખતી. ચન્દ્રકાંતાને તે જે શિક્ષણ આપતી તે રસપૂર્વક અને પ્રેકટીકલ આપતી. આથી ચન્દ્રકાંતા નાનપણમાંથીજ બુદ્ધિશાળી થઈ હતી.

સુમન્તરાયનો મોહનરાય સાથે પરિચય જેમ જેમ વધતો ગયો તેમ તેમ એક બીજા પ્રતિની મમતા પણ વધતી ગઈ. મોહનરાય પોતાની ન્યાતનો છે, છોકરો સારો છે, બુદ્ધિશાળી છે એ વાત સુમન્તરાય અને સુગુણલક્ષ્મી રોજ ગોખતાં. મોહનલાલ શરૂઆતમાં તો આસિસ્ટંટ માસ્તરમાં ગયો હતો. અને હેડમાસ્તરની જગ્યા ગ્રેજ્યુએટ સિવાય બીજાને આપી શકાતી નહોતી તેથી તે તેજ જગ્યાએ કાયમ રહ્યો, પણ તેના બુદ્ધિબળના પરિણામે હાલ તેને ૫૦ રૂપિયા પગાર થયો હતો. સુમન્તરાયનો વિચાર ચન્દ્રકાંતાનો વિવાહ મોહનરાય સાથે કરવાનો થયો. સુગુણલક્ષ્મીએ તેમાં સંમતિ દર્શાવી. ચન્દ્રકાંતાની ઉમ્મર હાલ ૧૩ વર્ષની હતી. નાનપણમાં ઢીંગલા ઢીંગલી માફક છોકરાં છોકરીને પરણાવવાં એ સુમન્તરાયને પસંદ નહોતું અને તેથી ચન્દ્રકાંતાનું હજુ સુધી કંઈ નક્કી કર્યું નહોતું. ન્યાતમાં વર તો હતા, પણ પૂર્ણ વિચાર કરીને જ નક્કી કરવું કે પાછળથી છોડી સુખી થાય. એવા વિચારથી હજુ ચન્દ્રકાન્તાની વાત

કંઈ કરી નહોતી. સુમન્તરાયે આ પછી મોહનલાલને પોતાના પુત્ર લક્ષ્મીનંદનને ટયુશન આપવા માટે રોજ ૧ કલાક પોતાને ત્યાં આવવાનું નક્કી કર્યું. મોહનલાલે પણ તે વાત કબૂલ કરી, તે રોજ સ્હવારમાં એક કલાક મોહનલાલને ત્યાં તેના પુત્રને ભણાવવા આવતો. લક્ષ્મીનંદન સાથે ચન્દ્રકાંતા પણ તેની પાસે ભણવા બેસતી તેને પણ તે ભણાવતો.

જેમ જેમ વય ખીલતી જાય છે તેમ તેમ સંસારિક બાબતોનું ગ્નાન પણ માણસોમાં આવતું જાય છે. ચન્દ્રકાંતાને હજુ તેવું કાંઇ ગ્નાન નહોતું. જેથી તે મોહનલાલની સાથે સ્નેહથી વર્તતી. મોહનલાલના મનમાં પણ તેવો કાંઇ ભાવ ન હોવાથી તે સ્વાભાવિક રીતે જ આ બંને બાળકો સાથે હળીમળી જઇ તેમને પ્રેમથી શિક્ષણ આપતો. સ્ત્રીઓને જેની સાથે પરીચય વધુ થાય છે તેની સાથે હળી મળી જાય છે. નાનપણમાં વિકાર વગરની બાળા ચન્દ્રકાન્તા મોહનરાય સાથે હળીમળી ગઇ હતી. કશું ન આવડે તો ખુલ્લા હૃદયથી પૂછતી. મોહનરાયનો સ્વભાવ પ્રેમાળ હોવાથી તેની સાથે ચન્દ્રકાન્તા સ્નેહથી વર્તતી.

મોહનરાય સ્વભાવે શાંત અને માયાળુ હતો. કામ કરવામાં કુશળ અને ઉત્સાહી હતો. તેનો ઘણો વખત સુમન્તરાયને ત્યાં જતો. તેના સ્વભાવનાં સુમન્તરાય અને સુગુણલક્ષ્મી ભોમીયાં થયાં હતાં. ચન્દ્રકાન્તાની ઉમ્મર થતાં તેનું લગ્ન હવે આ વર્ષમાં જ મોહનરાય સાથે કરી નાંખવાનો તેમનો વિચાર થયો. તેમણે તે વાત મોહનરાયના મામાને કહી નક્કી કરી. લગ્નની વાત બહાર પડયા પછી મોહનરાયે હવે શિક્ષણ આપવાનું કામ બંધ કર્યું. ચન્દ્રકાન્તાને પણ તેની ખબર પડી. હવે કોઇ વખત મોહનરાય સુમન્તરાયને ત્યાં આવતો તો ચન્દ્રકાન્તા તેનાથી શરમાતી. જે પહેલાં છુટથી તેની સાથે બોલી ચાલી શકતી તેને હવે મોહનરાય આવતાં શરમથી ઘરમાં પેસી જવું પડતું. તોપણ ઘણી વખત કોઈ ન હોય તે વખતે તેમની નજરે નજર મળતાં એક બીજાનાં નેત્રો હસી દેતાં.

શુભ મુહૂર્ત જોઇ સુમન્તરાયે પોતાની પુત્રી ચન્દ્રકાન્તાનું લગ્ન મોહનરાય સાથે કર્યું. લગ્ન થયા પછી મોહનરાય છુટથી આવતો જતો. એકાંતમાં સ્ત્રી પુરુષ એકઠાં થઇ શકતાં. હજુ પણ ચન્દ્રકાન્તા

શરમાતી. તે હવે મોટી થઈ હતી. તેને પતિ સાથે શી રીતે વર્તવું તેનું શિક્ષણ તેની માએ પરોક્ષ રીતે આપ્યું હતું. આજકાલ મા પોતાની છોકરીને પતિ અને પત્નીનું પરસ્પર શું કર્તવ્ય છે, પત્નીએ પતિ પ્રત્યે કેવી રીતે વર્તવું તેનું શિક્ષણ આપી શકતી નથી. માત્ર છોકરીને ઘરનું કામ શીખવાડવું, ઘર કામ કરતાં શીખવાડવું, રસોઇ રાંધતાં શીખવાડવી, અને બીજું પરચુરણ કામ કરવાનું શિખવાડવું એનેજ મા સર્વોપરી શિક્ષણ આપ્યું એમ માને છે. ચન્દ્રકાન્તાને પરણાવ્યા પછી પણ તેની મા વારંવાર સ્ત્રીઓની ફરજ વિષે શિક્ષણ આપતી, પતિવ્રતપણું પાળવું એ સ્ત્રીઓનો ધર્મ છે, પતિ સેવા કરવી એ સ્ત્રીઓને તરવાનો ઉપાય છે એવું શિક્ષણ અનેક સતી સ્ત્રીઓનાં દૃષ્ટાંતો આપીને શીખવતી.

ચન્દ્રકાન્તા પણ કુશળ હતી. પોતે નવરાશના વખતમાં સતી સ્ત્રીઓનાં જીવનચરિત્ર વાંચી તે પ્રમાણે જીવન ગાળવા યત્ન કરતી લગ્ન થયા પછી તેને સાસરે વળાવવામાં આવી. સાસરામાં કોઇ ન મળે, માત્ર પતિ અને પત્ની એજ. બપોરે મોહનરાય જમી પરવારી સ્કુલમાં જાય તે વખતે નવરાશના વખતમાં ચન્દ્રકાન્તા આડા અવળા વાતોના તડાકા મારવા ન જતી પણ ઘરમાં બેસી સારાં સારાં પુસ્તકો વાંચતી. આજકાલની નવલકથાઓ વાંચી જેમ ઘણી સ્ત્રીઓને રસ પડે છે તેમ તેને થતું નહિ. નીતિ ભ્રષ્ટતાવાળાં પાત્રો જેમાં ચિતર્યાં હોય તેવી નવલકથાઓ તે વાંચતી નહિ. દરરોજ રાત્રે મહાભારત, રામાયણ, શિવપુરાણ, ઉપનિષદ વિગેરે ગ્રંથોમાંથી મોહનરાય અનેક સ્ત્રીઓનાં જીવનચરિત્રો મ્હોડેથી કહી બતાવતો. સ્ત્રી ઉત્તમ ગૃહિણી શી રીતે બની શકે, તે માટે મોહનરાય અનેક દૃષ્ટાંતોથી તેને શિક્ષણ આપતો.

આ પ્રમાણે મોહનરાય માસ્તર અને ચન્દ્રકાન્તા શિષ્યા જીવનપર્યંત માટે દમ્પતી તરીકે જોડાયાં, એક બીજાના દુઃખ સુખનાં ભાગીદાર બન્યાં.

પ્રકરણ ૨ જું.

સ્ત્રીઓની મહત્તા.

ચન્દ્રકાન્તા હવે તેને સાસરે રહેતી હતી. મોહનરાય તેના ઉપર અત્યંત પ્રીતિ રાખતો હતો. આ દમ્પતી એકંદરે સુખી હતાં. ચન્દ્રકાન્તા સ્હવારમાં ચાર વાગે ઉઠતી. ઘરમાંથી કચરો પુંજો વાળી સ્નાનાદિથી શુદ્ધ થઈ પતિને જગાડતી. પતિને દાતણ પાણી વિગેરે આપી સ્નાન કરવાનું પાણી કહાડતી. પતિ સ્નાન કરી રહે તેટલામાં તો પૂંજા કરવાનો ખંડ વાળીઝુડી સ્વચ્છ કરી. દેવસેવાનાં પાત્રો માંજી સ્વચ્છ કરતી. પતિ સન્ધ્યા કરવા બેસે તે વખતે જોઇતું સર્વ સાહિત્ય આપી પોતે પાણીયારૂં સાફ કરી પાણી ગળતી. પછી દેવતા સળગાવી રસોઇની તૈયારી કરતી. ચૂલે દાળ ઓરી પતિ સેવામાં હાજર થતી. પતિની સાથે આસન નાંખી ઇશ્વરોપાસનામાં જોડાતી. પતિ સન્ધ્યા વિગેરે કરી રહે એટલે તેમનું પૂજન કરી નમસ્કાર કરતી.

પતિના ઉઠતા પહેલાં ઉઠવું, જમાડીને જમવું અને સુતા પછી સુવું એ પ્રત્યેક સ્ત્રીનો ધર્મ છે. પતિની આજ્ઞાનું પાલન કરવું, પતિની સેવા કરવામાં પ્રીતિ રાખવી, પતિના વિચારને અનુકુળ વર્તવું, પતિ પ્રત્યે સ્નેહ રાખવો એ સતી સ્ત્રીનો ધર્મ છે. પોતાનું તન, મન અને ધન પતિના ચરણમાં અર્પણ કરી દેવું. પતિને પ્રસન્ન રાખવા યત્ન કરવો. ગૃહની વ્યવસ્થા કરવી, પતિની આજ્ઞાનુસાર ખર્ચ કરવું. પતિના પ્રેમને જીતી લેવો એ પતિવ્રતા સ્ત્રીના ધર્મ છે. સ્ત્રી એ સામાન્ય મનુષ્ય નથી, પણ પુરુષની અર્ધાંગના છે. તે પુરુષના અર્ધા અંગરૂપ છે. સ્ત્રી અને પુરુષ મળીને એક અંગ બને છે. સ્ત્રી પુરુષમાં અને પુરુષ સ્ત્રીમાં ભળી જઈ જ્યારે એકરૂપ બને છે ત્યારે દમ્પતી કહેવાય છે. સ્ત્રી એ ગૃહિણી છે. પુરુષનું કામ બહારથી કમાઇ લાવવું અને સ્ત્રીએ તેની ઘરમાં વ્યવસ્થા કરવાનું છે. આજે ઘણા માણસો પોતાની સ્ત્રીને જાણે એક ચાકરડી હોય,

પોતાની ઇચ્છા તૃપ્ત કરવાના સાધનરૂપ હોય, પોતાની સેવા કરવાને જાણે તેણે જન્મ લીધો હોય, તેમ હલકી માની તુચ્છકારે છે. પોતાના કોઇ હુકમનું સ્ત્રી પાલન ન કરે તો તેથી ગુસ્સે થઇ જાય છે અને મારતાં પણ ડરતા નથી. આવા માણસોને અધમ સમજવા.

ચન્દ્રકાન્તા પતિની સેવા કરવામાં પોતાનું શ્રેય રહેલું છે એમ માનતી. મોહનરાય પોતાની પત્નિને સંતોષવી, સુખી કરવી એ પોતાનું કર્તવ્ય માનતો. જમી પરવારી મોહનરાય સ્કુલમાં જતો એટલે ચન્દ્રકાન્તા ઘરમાં બેસી કાંઈ વાંચતી. તેની પોળની સ્ત્રીઓ પોળની મધ્યે ભરાઈ વાતોના તડાકા માર્યા કરતી તેમાં તે ભળતી નહિ. તેની આવી વર્તણુંકથી તેને ઘણી સ્ત્રીઓ અતડી છે, અહંકારી છે, એમ કહેતી. નવરા બેસી ચાર સ્ત્રીઓના ભેગાં ભળી જઈ એક બીજાની નિંદા કરવી, જેના અને તેના દોષ જોયાં કરવા, મિથ્યા કુથલીમાં સમય વીતાવી દેવો એ ચન્દ્રકાન્તાને પસંદ નહોતું અને તેથી તે આવી સ્ત્રીઓમાં ભળતી નહિ.

એકવાર તેજ પોળની એક સ્ત્રી તેની પાસે આવી અને કહેવા લાગી કેઃ “ કેમ બેન, છો કે ? શું કરો છો વારૂ. ”

આ સાંભળી ચન્દ્રકાન્તાએ જવાબ આપ્યો કેઃ “ આવો બેન, બેસો, આજ તમે કયાંથી ? ”

તે સાંભળી તેણે કહ્યુંઃ “ બેન આજે નવરી છું ત્યારે કહ્યું લાવો ચંદા બેન પાસે જઉં. રડયું તમે તો કોઇ દિવસ બહારેય નીકળતાં નથી ને ! રોજ ઘરમાં બેસી શું કરો છો ? ભલું એકલાં બેસી રહેવું ગમે છે ? મને તો બા એક જરીવાર પણ એકલાં બેસી રહેવાનું ગમે નહિ. ”

ચન્દ્રકાન્તા—“ શું કરીએ બેન, નવરાં બેસી નકામી વાતો કરી સમય ગુમાવવો એ મને પસંદ નથી. આ શરીર તો આજ છે ને કાલે નથી. તેના દ્વારા જેટલું આપણું ભલું કરવા યત્ન કરીએ તેટલું આપણું. જરા નવરી પડું છું ત્યારે બે ઘડી કંઈ વાંચું છું. વળી કંઈ શીવું છું અને ભરવા ગુંથવાનું પણ કામ કાઢયું છે. ”

સ્ત્રી—“ ઠીક બેન, ત્યારે તમે તો ભણેલાં જણાવ છો. હું પણ તમારે ત્યાં આવતી રહીશ. મને કાંઈ શીખવશો કે ? હું તો બા અભણ છું, એકનું બેય જાણતી નથી. માત્ર ખાવા કરવું અને ખાવું એ સિવાય કાંઈ આવડતું નથી. ”

ચન્દ્રકાન્તા—" હા બ્હેન, ખુશીથી આવજો. તમારા જેવાં સ્ત્રીની સોબત કર્યાથી, ભલે બે ઘડી કંઇ સારી સારી વાતો કરીશું."

સ્ત્રી—" વારૂ બ્હેન, તમે તો ઘણું વાંચ્યું હશે, તો આજે એકાદ વાત તો સંભળાવો. અમે તો ચાર જણી મળીએ ત્યારે એલી પેલી કુથલી કરીએ, આ પેલી તો આવી છે ને તેવી છે, કોઇના ઘરમાં તકરાર થઇ હોય તો તે તો વ્હડકણી છે, અમુક તો તેના પતિને દુ:ખ દે છે, અમુક તો ફુવડ જેવી છે, એવી એવી નકામી વાતો કરીએ છીએ. આજે વિચાર થયો કે ચાલ ચંદ્રાબ્હેન પાસે જઉં. બે ઘડી કંઈ વાતો કરીશું. આવો વિચાર કરી અહિં આવી છું. આજ કંઈ સંભળાવો તો સારૂં."

ચન્દ્રકાન્તા—" બ્હેન, ભલે આવ્યાં. મને પણ તમારા જેવાં આવે તો ફાયદો છે. આપણે સ્ત્રીઓએ તો સતી સ્ત્રીઓનાં જીવન-ચરિત્રો વાંચી તે પ્રમાણે વર્તન રાખવું જોઇએ. તમારી મરજી છે તો આજે ચાલો તેવું કાંઇ કહીએ. જુવો બ્હેન, આપણુ સ્ત્રી જાતિનું તો ઘરની વ્યવસ્થા રાખવી અને પતિસેવા કરવી એમાંજ કલ્યાણ છે. પૂર્વે ઘણી સતી સ્ત્રીઓ થઇ ગઈ છે. જેમણે પોતાના પતિની સેવા કરવામાંજ પોતાનું મહદ્‌ભાગ્ય માન્યું હતું. તેમણે પતિની સેવા દુ:ખી સ્થિતિમાં પણ કરી હતી. જુવો બ્હેન મેં રામાયણ વાંચ્યું તેમાં સતી સીતાજીની વાત વાંચી હતી. તે તમારે જાણવા જેવી છે. તે આજે કહું છું.

સતી સીતા અને રામચંદ્રજી.

પૂર્વે સીતાજી નામનાં સતી દેવી થઈ ગયાં હતાં. તેમનો જન્મ મિથિલા નગરીના રાજા જનકને ત્યાં થયો હતો. જનક રાજા એક વખતે યજ્ઞ કરાવવાને માટે પૃથ્વી ખેડાવતા હતા તેવામાં પૃથ્વી-માંથી એક પેટી નીકળી, તે પેટીને ઉઘાડતાં તેમાંથી દિવ્ય કન્યા મળી આવી. આ કન્યાને જોઈ જનક રાજા ઘણા ખુશી થયા, કારણ કે તેમને પ્રજા હતી નહિ. આ કન્યાનું નામ સીતાજી પાડ્યું. સીતાજી નાની ઉમ્મરથીજ આનંદી, બુદ્ધિશાળી અને ઠરેલ હતાં. તેમણે નાનપણમાં વિદ્યાભ્યાસ ઉપરાંત કળાકાશલ્યતામાં સારી કુશળતા મેળવી હતી.

જનક રાજાના પૂર્વજોને પૂર્વે મહાદેવજીએ એક મોટું ધનુષ્ય

વરદાનમાં આપ્યું હતું. તે એટલું ભારે હતું કે બે ચાર માણસો વગર આઘુંપાછું પણ થઈ શકતું નહોતું તેથી તેને દેવસેવામાં રાખી જનકરાજા તેનું પૂજન કરતા હતા. એક વખતે સીતાજી ત્યાં આગળ રમતાં હતાં, તેમણે તે ધનુષ્યને ઉંચકીને રમવા માંડયું. નારદ ત્યાં આવી ચઢયા. તેમણે સીતાને ધનુષ્ય લેઈ રમતાં જોઇ, જનકરાયને કહ્યું કેઃ " આ કન્યાને કોઇ મહા બળવાન રાજકુંવર સાથે પરણાવજો. તમે સ્વયંવર રચી દેશેદેશના રાજાઓને તેડી તેમાં જે બળવાન હોય તેની પરીક્ષા કરીને તેની સાથે આ કુંવરીને પરણાવજો." પહેલાં ક્ષત્રીઓમાં ઘણી કુંવરીઓને સ્વયંવર રચીને પરણાવવામાં આવતી હતી. જનક રાજાએ પણ સીતાજી ઉમ્મર લાયક થતાં દેશેદેશના રાજાઓને સ્વયંવર માટે તેડાવ્યા.

અયોદ્ધાના દશરથ રાજાના પુત્ર રામ અને લક્ષ્મણને વિશ્વામિત્ર ઋષિ રાક્ષસોનો વધ કરવા માટે લઈ ગયા હતા. તેમણે તેમને ધનુર્વેદ અને શસ્ત્રવિદ્યા શીખવાડી હતી. ત્યાં તેમણે મરીચ, સુબાહુ વિગેરે રાક્ષસોને મારી ઋષિઆશ્રમને નિર્ભય બનાવ્યો. આ વખતે જનકરાયની સ્વયંવરમાં આવવાની કંકોત્રી મળી એટલે વિશ્વામિત્ર ઋષિ રામ અને લક્ષ્મણને લઇ જનકપુરમાં ગયા, અને ત્યાં એક વાડીમાં મુકામ કર્યો. સીતાજી તે વાડીમાં અંબાજીનાં દર્શન કરવા આવ્યાં તે વખતે તેમણે રામને જોયા. રામને જોઇ મનમાં વિચાર કર્યો કેઃ 'આ કુંવર જો સ્વયંવરમાં ધનુષ્યને તોડે તો કેવું સારૂં.' કેટલીક વાર સુધી તે રામના સામે એકીટસે જોઈ રહ્યાં પછી સખીઓ સાથે મહેલમાં ગયાં.

બીજે દિવસે સ્વયંવર ભરાયો, તેમાં દેશે દેશના રાજાઓ પોતપોતાના આસને બેઠા. રામ અને લક્ષ્મણ પણ વિશ્વામિત્ર સાથે ત્યાં આવ્યા હતા. મંડપની વચ્ચોવચ એક વેદી બનાવી તેના ઉપર પેલું શંકરનું ધનુષ્ય મૂકાવ્યું. મંડપમાં બેઠેલા રાજાઓને જોઈ શકાય તેવી રીતે ઉપરના ભાગમાં એક ગૅલેરીમાં સ્ત્રીઓ બેઠી હતી. સર્વ આવી ગયા પછી જનકરાયનો પ્રધાન સભામધ્યે આવી બોલ્યો કેઃ—" હે રાજાઓ! આ વેદિ ઉપર જે શંકરનું ધનુષ્ય છે તેને જે રાજા હાથવતી ઉપાડીને તેની ઉપર બાણ સાંધશે તે સીતાજીને પરણશે." આ સાંભળી કેટલાક રાજાઓએ અજમાયશ કરવા માંડી, કેટલાક તો ફજેતો થવાના ભયથી ઉઠયા જ નહિ. લંકાનો રાજા રાવણ પણ આ સ્વ-

સ્વયંવરમાં આવ્યો હતો. તે ઉઠયો અને ધનુષ્ય ઉપાડવાનો યત્ન કરવા લાગ્યો. ધનુષ્ય ઉઠાવી ઉંચું કરવા જતાં તેના ઉપર પડયું અને તે દબાયો. રાવણ જેવા બળવાન રાજાથી આ કામ ન બન્યું તો બીજાનું શું ગજું? એમ વિચારી રાજાઓ માંહોમાંહે વાતો કરવા લાગ્યા.

આ વખતે જનકરાયના પ્રધાને કહ્યું કેઃ—"શું પૃથ્વી નક્ષત્રીય થઈ ગઈ? શું અહિં કોઈ ક્ષત્રીય નથી કે જે આ ધનુષ્ય ઉઠાવી ન શકે?" આ સાંભળી રામે વિશ્વામિત્રના સામું જોયું. તે રામના મનની વાત જાણી ગયા અને કહ્યું કેઃ—"જાઓ, તમારૂં પરાક્રમ અજમાવો!" આથી રામ ઉઠયા અને વેદી પાસે આવ્યા. તેમને ધનુષ્ય ઉઠાવવા ઉઠેલા જોઈ સીતાજી પ્રસન્ન થયાં અને મનમાં કહેતાં હતાં કેઃ "આ જો ધનુષ્ય ઉઠાવે તો કેવું સારૂં!" એવામાં રામે ધનુષ્ય ઉઠાવ્યું, તેની તળે દબાયલો રાવણ નીકળ્યો અને નીચું મોં ઘાલી પોતાના આસન બેઠો. રામે ધનુષ્ય ખેંચી બાણનું સંધાન કર્યું. પછી જેવું ખેંચવા જાય છે કે તરત ધનુષ્ય ભાગી કટકા થઇ ગયું. આથી સર્વ કોઈ ખુશી થવા લાગ્યા. બીજા રાજાઓનાં મોં ઉતરી ગયાં. સીતાજીના આનંદનો પાર રહ્યો નહિ. તે હાથમાં વરમાળ લઈ મંડપમાં આવ્યાં અને હર્ષથી રામચંદ્રજીને વરમાળ આરોપી.

બીજે દિવસે લગ્ન મુહુર્ત નક્કી કરી અયોધ્યામાંથી દશરથ રાજાને કંકોત્રી લખી તેડાવ્યા. નિર્ણય કરેલા મુહુર્તમાં સીતાનો કરકમળ રામચન્દ્રજીના જમણા હાથમાં આપીને જનકરાજાએ કહ્યું કેઃ—"આ મારી પુત્રી હું આપને આપું છું. તમે બન્ને પરસ્પર પતિપત્નીના સંબંધથી જોડાઈ લૌકિક અને પારમાર્થિક ધર્મકાર્યો કરી સુખી થાવ. આ અગ્નિદેવ તમારી ઇચ્છા તૃપ્ત કરો." ત્યાર પછી લગ્નવિધિ, સપ્તપદી વગેરે વિધિ પૂર્ણ કરી જનકરાજાએ પહેરામણી આપી.

લગ્ન થઇ ગયા પછી સીતાજીને રામચન્દ્રજીની સાથે સાસરે વળાવ્યાં. સીતાજીએ સાસરામાં જઈ વિવેકથી સર્વના મનને હરી લીધાં. તેમને જોઇ કૌશલ્યા વિગેરે રાણીઓ આનંદ પામી. રામ અને સીતાએ પતિપત્ની ધર્મ પ્રમાણે રહી કેટલોક વખત આનંદ ભોગવ્યો. દશરથ રાજા વૃદ્ધ થવાથી તેમણે રામને રાજ્યાભિષેક કરવાનો વિચાર કરી મુહુર્ત જોવરાવ્યું. દશરથને બીજી કૈકેયી નામની રાણી હતી તેનો પુત્ર ભરત હતો. એક વખતે દશરથ પાસેથી તેણે

વચન માગી લીધું હતું, તેનો આજે ઉપયોગ કરી રામચન્દ્રજીને વનવાસ મોકલી ભરતને ગાદીએ બેસાડવાનું વચન માગી લીધું. જે દિવસે રાજ્યાભિષેક થવાનો હતો તેજ દિવસે રામને પિતાની આજ્ઞા માથે ચઢાવી વનમાં જવું પડયું.

દશરથને ઘણો સંતાપ થયો પણ વચન પાળવાની ખાતર રામને દેશવટો દેવો પડયો. પુત્ર વત્સલ પિતાને દુઃખ થયું છતાં પણ પોતાના પિતાનું વચન પળાય એ હેતુથી અને પિતા ગમે તે આજ્ઞા કરે તો તે પાળવી એ પુત્રનો ધર્મ છે એમ માની તેમણે ખુશીથી વનમાં જવાનો સ્વિકાર કર્યો. તે પોતાની માતાઓને મળી, તેમના મનને સમાધાન આપી આજ્ઞા લઇ સીતા પાસે ગયા. રામનો ચ્હેરો ઉદાસ જોઇ તે દિલગીર થયાં અને પોતાના પતિનો આજે રાજ્યાભિષેક થવાનો હતો તેને વનમાં જવાનું સાંભળી, જેમ પવનના ઝપાટાથી વૃક્ષ તૂટી પડે તેમ સીતાજીને મૂર્ચ્છા આવી પૃથ્વી ઉપર પડયાં. રામે તેમને સાવધ કરી કહ્યું કેઃ “ મારે પિતાની આજ્ઞા પાળવી જ જોઇએ. તમે અહિં રહી માતાઓની સેવા કરી આનંદમાં રહો, અથવા મરજી હોય તો મારા આવતા સુધી પીયેરમાં રહો. અહિં રહી વડીલોની આજ્ઞાનું પાલન કરજો, માતાઓની સેવા કરજો, દીયેરની મરજી સાચવજો, નોકરો સાથે સ્નેહભાવથી વર્તજો, સત્યનું પાલન કરજો; કામ ક્રોધાદિનો ત્યાગ કરજો, અને ઇશ્વર સ્મરણ કરી કાળ આનંદમાં વિતાવજો. ”

આ સાંભળી સીતાજી બોલ્યાં કેઃ “ પ્રિય ! આપ આ શું બોલો છો ? આપ વનમાં રખડો અને હું અહિં સુખ ભોગવું એ બને જ કેમ ? જ્યાં તમે ત્યાં હું, તમારે દુઃખે દુઃખી ને સુખે સુખી રહેવામાં જ મારૂં શ્રેય છે. માટે હું તો આપની સાથે આવી આપની સેવા કરીશ. ” રામે ઘણું ઘણું સમજાવ્યું. વનમાં અનેક પ્રકારનાં દુઃખ પડશે, નિર્જન સ્થળમાં એકલાં રહેવું, વાઘ વરૂનો ત્રાસ, કાંટા ઝાંખરાંનો પાર નહિ એવી જગ્યામાં તમે સુકુમાર શરીરવાળાં શી રીતે આવી શકો ? માટે અહિં રહો. સીતાજીએ તે વાત માની નહિ અને તેથી તે પણ રામની સાથે પતિસેવા કરવાના હેતુથી વનમાં ગયાં. રામની સાથે તેમના ભાઇ લક્ષ્મણ પણ વનમાં જવા તૈયાર થયા.

તેમણે દક્ષિણ દિશામાં પ્રયાણ કર્યું. રસ્તામાં અત્રિ ઋષિનો

આશ્રમ આવ્યા ત્યાં રહ્યાં. ઋષિએ તેમનો સારી રીતે સત્કાર કર્યો. અત્રિ ઋષિની સ્ત્રી અનસૂયાએ સીતાજીને પોતાની પાસે બેસાડી કહ્યું કે: " હે પુત્રી! તું રાજપુત્રી છતાં તારા પતિની સાથે વનમાં આવવા તૈયાર થઈ એ આનંદની વાત છે. પોતાનો પતિ નગરમાં કે વનમાં જ્યાં રહેતો હોય ત્યાં સતી સ્ત્રીએ તેની સાથે રહેવું જોઇએ. પતિ પોતાના વિચારને અનુકુળ હોય કે પ્રતિકુળ હોય છતાં પણ તેને ઈશ્વર તુલ્ય માનીને તેની નિત્ય સેવા કરવી જોઇએ. પોતાનો પતિ દુરાચારી હોય, અપંગ હોય, કે નિર્ધન હોય તો પણ સ્ત્રીએ તેને પોતાના પરમ દૈવતરૂપ માનવો જોઇએ. સ્ત્રીનું હિત તેના પતિમાં સમાયલું છે. તું તારા પતિને અનુકુળ રહી તેને સહાય કરજે અને તેમની સેવા કરજે. તેમની સાથે રહી સુખદુઃખને સહન કરી માત્ર પતિ સેવામાં જ ચિત્ત રાખજે, તેથી તારૂં કલ્યાણ થશે." આ સાંભળી સીતાજીએ કહ્યું કે: " માજી, હું આપનાં વચનો માથે ચઢાવું છું. હું જાણું છું કે પતિ એ જ સ્ત્રીનું પરમ દૈવત છે, પતિ ગમે તેવો હોય છતાં પણ તેની સેવા કરવી જોઇએ. સ્ત્રીઓના ધર્મમાં સ્ત્રીનો મુખ્ય ધર્મ પતિસેવા જ છે. પતિસેવા એ સ્ત્રીના સૌભાગ્યનો વૃદ્ધિ કરનાર છે, એ હું જાણું છું."

આ સાંભળી અનસૂયા માતા ઘણાં પ્રસન્ન થયાં અને કહ્યું કે "પુત્રી, હું ધારતી હતી તેવીજ તું ડાહી છું એ જાણી મને સંતોષ થાય છે. હું તારા ઉપર ખુશી થઇ છું. હંમેશ પતિસેવામાં જ તારૂં શ્રેય છે એમ માનજે." આ પછી એક બે દિવસ રામ ત્યાં રહી દંડકારણ્ય તરફ જવા નીકળ્યા. ત્યાં રાક્ષસોનો ઘણો ત્રાસ હતો. તે લોકોને ઘણું હેરાન કરતા હતા. જેથી રામે તથા લક્ષ્મણે ત્યાં બધા રાક્ષસોનો સંહાર કર્યો, પછી ત્યાંથી પંચવટી નામના પવિત્ર ક્ષેત્રમાં જઇ રહેવા લાગ્યા.

પંચવટી એ ઘણુંજ સુંદર સ્થળ છે. નદીઓ અને લીલી વનસ્પતિની મધ્યમાં આવેલું આ સ્થળ આનંદ આપનાર છે. સીતાએ તે જગ્યા વાળી ઝુડી સાફ કરી, આજુબાજુ લીલાં ફુલ ઝાડ રોપી ત્યાંની સુંદરતામાં વધારો કર્યો. રામ, સીતા અને લક્ષ્મણ ત્યાં આનંદથી રહેવા લાગ્યાં. એક વખત રાવણની બેન સુર્પણખાએ રામ અને લક્ષ્મણને ત્યાં જોયા તેથી તેને તેમના રૂપ ઉપર મોહ લાગ્યો. તેમને છળવા તે યત્ન કરવા લાગી. પણ રામે લક્ષ્મણ પાસે જવા

કહ્યું: તે લક્ષ્મણ પાસે ગઇ અને તેમને છળી પોતાને વશ કરવા લલચાવવા લાગી. લક્ષ્મણ તો બ્રહ્મચારી હતા. તે દેવલોકની અપ્સરાથી પણ છળાય તેવા નહોતા તો કોણ બિચારી કુરૂપ રાક્ષસીણી સુર્પણખા ! સુર્પણખાએ બળનો ભય બતાવ્યો, એટલે લક્ષ્મણે તેનું નાક કાપી લીધું તેથી તે ગુસ્સે થઈ. તેણે લંકામાં જઇ રાવણને રામ અને લક્ષ્મણ વનમાં આવ્યા છે, અને એકલા રહે છે; તેમજ તેમની સાથે સીતાજી પણ આવ્યાં છે, તે રૂપવાન અને તારે લાયક છે એમ ભરમાવ્યું. રાવણ સીતાજીના રૂપ ઉપર ઘણા દિવસથી મોહવશ થઈ ગયેલો હતો. સ્વયંવરમાં તેનું અપમાન થયું હતું ત્યારથી તેણે સીતાને હરણ કરવાનો વિચાર કર્યો હતો. સુર્પણખાની વાત સાંભળી તેણે પંચવટીમાં જઇ સીતાનું હરણ કરવાનો નિશ્ચય કર્યો.

તેણે પોતાના મામા મારીચ રાક્ષસને સોનેરી રંગનો માયાવી મૃગ બનાવી સીતાને લોભાવવા પંચવટીમાં મોકલ્યો. સીતાજી રામ પાસે બેસી વન સૌંદર્યને જોઇ રહ્યાં હતાં, તેવામાં તેમને આ માયાવી મૃગને જોઇ મોહ લાગ્યો. સ્ત્રીઓએ કોઇ પણ પદાર્થનો મોહ રાખવો ન જોઇએ છતાં સીતા જેવાં સતી સ્ત્રીભાવને વશ થઇ અત્યારે મૃગને જોઇ લોભાયાં. તેમણે રામને કહ્યું કેઃ “ આ મૃગને મારી તેના ચામડાની મને ચોળી શીવડાવો ? કેવો સુંદર મૃગ છે ? ” પત્નીને સંતોષ આપવો એ પતિનું કામ છે. તેને ખુશી કરવા તેની ઇચ્છાને તૃપ્ત કરવી એ પતિનો ધર્મ છે. રામચન્દ્રજી પોતાની પત્નીને ખુશ કરવા માટે તરત ઉઠી મૃગને મારવા દોડયા. જતાં જતાં લક્ષ્મણને સીતાની સંભાળ રાખવાનું કહેતા ગયા. માયાવી મૃગ ખૂબ દોડી ગયો અને ઘણે દૂર ગયો. તે રામને હાથ ન આવતાં તેણે રામના જેવો સ્વર કાઢી બૂમ પાડી કેઃ “ હે લક્ષ્મણ ! જલ્દી આવો.” આ સાંભળી પોતાના પતિ સંકટમાં છે એમ માની સીતાએ લક્ષ્મણને જવા વિનંતિ કરી. સીતાને વનમાં એકલાં મૂકી જવું લક્ષ્મણને ન રૂચ્યું, પણ સીતાના આગ્રહથી તે ધનુષ્ય લઇ જે દિશામાંથી અવાજ આવ્યો હતો તે તરફ ગયા.

હવે સીતાજી પર્ણકુટીમાં એકલાં રહ્યાં, એ જોઈ રાવણ સાધુનો વેશ લઈ રામના આશ્રમમાં આવ્યો. લક્ષ્મણે જતાં જતાં બારણાની આસપાસ એક લીટી દોરી આણ કરી હતી કે આ

હદની બહાર નીકળશો નહિ. રાવણ તે ઓળંગી અંદર જઇ શક્યો નહિ પણ બહાર ઉભે ઉભે ભિક્ષા માગી. સાધુ, સંન્યાસી અને ભિક્ષુકોને પોષવા એ ગૃહસ્થનો ધર્મ છે. એથી સીતા-જીએ ઉમરાની અંદરથી ભિક્ષા આપવા માંડી પણ રાવણે કહ્યું કે 'બહાર આવી ભિક્ષા આપવી હોય તો આપો નહિ તો જઉં છું.' સીતાજીએ વિચાર કર્યો કે જો બહાર જઈ ભિક્ષા નહિ આપું તો આ સાધુ રીસાશે અને શ્રાપ આપશે. તેથી તેમણે બહાર આવીને જેવો તેને ભિક્ષા આપવા હાથ લાંબો કર્યો કે તરત રાવણે તેમને ઉંચકી લીધાં, અને વિમાનમાં બેસાડી આકાશ માર્ગે ચાલવા માંડયું. સીતાએ ઘણીએ બુમો પાડી પણ આ જંગલમાં કોણ સાંભળે ? તે ભયથી મૂર્છિત થઈ ગયાં. ભાન આવતાં ઘણું રડવા માંડયું. પોતાને છોડી દેવા કાલાવાલા કર્યા, પણ રાવણને તેથી કશી અસર થઇ નહિ.

રાવણ તો પોતાના હાથમાં ઘણા દિવસથી ધારી મૂકેલો શિકાર આવેલો જોઈ ઘણો ખુશી થતો હતો અને હવે ક્યારે લંકા આવે કે મનની ઉમેદ બર આવે એમ ધારતો હતો. રાવણનું વિમાન ઉડતું ઉડતું પંપા સરોવરની પાસેના ઋષ્યમૂક પર્વત ઉપર આવી પહોંચ્યું. સીતાએ ત્યાં નીચે જોયું તો ત્યાં કેટલાક વાનરો બેઠેલા જોઈ તેમણે પોતાના પગનું ઝાંઝર અને એક વસ્ત્ર નીચે ફેંક્યું. આવી રીતે સીતાજીને રાવણ હરી જઈ લંકા પહોંચી ગયો. ત્યાં તેણે સીતાજીને અશોક વાટીકામાં રાખી રાક્ષસોની ચોકી મૂકી દીધી.

રામ અને લક્ષ્મણ જ્યારે પાછા આવ્યા તો ત્યાં સીતાને દીઠાં નહિ. તેથી તે ઘણા દિલગીર થયા અને વનમાં તેમને શોધવા લાગ્યા. આગળ જતાં જતાં સુગ્રીવ અને હનુમાન એ વાંદરો ઋષ્ય-મૂક પર્વત ઉપર મળ્યા. તેમણે પેલું ઝાંઝર અને વસ્ત્ર બતાવ્યું. તે જોઈ રામની ખાત્રી થઇ કે નકી સીતાને કોઇ હરી ગયું છે. રામ અને લક્ષ્મણને જોઈ સુગ્રીવ અને હનુમાને તેમની હકીકત પૂછી, પરસ્પર વાર્તા અને ઓળખાણ થતાં એક બીજા વચ્ચે મૈત્રી થઈ. સુગ્રીવના ભાઈ વાલીએ તેનું રાજ્ય અને સ્ત્રી હરી લીધાં હતાં તે તેને પાછાં અપાવવાનું રામે વચન આપ્યું અને સુગ્રીવે સીતાની શોધ કરી મેળવી આપવાને સહાય કરવાનું વચન આપ્યું. પછી તેમણે

કિષ્કિંધાના વાનર રાજા વાલિ સાથે યુદ્ધ કર્યું. તેમાં રામે તેને હણ્યો અને સુગ્રીવને ગાદી અપાવી.

રામ અને લક્ષ્મણ ઋષ્યમૂક પર્વત ઉપર રહ્યા અને સુગ્રીવે હનુમાન વિગેરે વાનરોને સીતાની શોધ કરવા મોકલ્યા. તેઓ શોધ કરતા કરતા મલય પર્વત ઉપર ગયા. ત્યાંથી લંકામાં જવા માટે સમુદ્રનું ઉલ્લંઘન કરવું પડે તેમ હતું. હનુમાને એક મોટા શિખર ઉપર ચઢીને કુદકો મારી સમુદ્રનું ઉલ્લંઘન કરી લંકામાં પડતું નાખ્યું. હનુમાન લંકામાં સીતાને શોધતા શોધતા કેટલાક રાક્ષસોને પોતાનું પરાક્રમ બતાવતા અશોક વાડીમાં જઇ ચઢયા. ત્યાં સીતા અનેક રાક્ષસીઓની વચ્ચે એક મોટા અશોક વૃક્ષની નીચે બેઠાં હતાં. તે ઝાડની ઉપર હનુમાન છુપાઇને ચર્ચા જોવા લાગ્યા.

આ વખતે રાવણ ત્યાં આવ્યો અને સીતાને કહેવા લાગ્યો કે: “ હે સીતા ! તું મારી સાથે લગ્ન કરી આ રાજ્યવૈભવને ભોગવ, નાહક તારા યૌવનને વ્યર્થ ગુમાવી ન દે. અહીં તારે જે જોઇએ તે હું હાજર કરીશ અને મારી પટરાણી બનાવી અનેક પ્રકારનાં સુખ આપીશ. વનમાં રહી દુ:ખ વેઠવાને તું લાયક નથી. ” આ સાંભળી સીતાએ તેનો તીરસ્કાર કરીને કહ્યું કે: “ હે દુરાચારી રાવણ ! તું પ્રજાનો રાજા હોવા છતાં આવું લંપટ અને નીચ કામ કરવા કેમ તૈયાર થયો છે ? રાજા તો પ્રજાનો પિતા તુલ્ય છે, તેણે તો સર્વ સ્ત્રીઓને પોતાની મા બેન સરખી ગણવી જોઇએ. સતી સ્ત્રી કદી પણ તારી આ રાજ્યલક્ષ્મીને જોઈ લોભાશે નહિ. પતિવૃતા સ્ત્રીના સતીત્વને ભ્રષ્ટ કરવા ઇચ્છનાર પુરુષ નાશ પામે છે. તું પણ મને છેડી સુખી થવાનો નથી. મને તું ઓળખે છે ? હું મહાત્મા જનક રાજાની પુત્રી છું અને રઘુકુળપતિ રામચન્દ્રજીની ધર્મપત્ની છું; તારા રાજ્યસુખ અને વૈભવને તો હું લાત મારૂં તેમાંની છું. હું મારા પતિ વગર બીજા પુરુષને ભાઈ કે બાપ સમાન માનું છું. ” રાવણ આ સાંભળીને ગુસ્સે થયો. તે બીજી રાક્ષસીઓને તેને સમજાવવાનું કહી ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલ્યો ગયો.

રાક્ષસીઓએ તેને સમજાવવા માંડી પણ સીતાએ તો તેમનો તિરસ્કાર કરી કહ્યું કે: “ ખબરદાર, કુલ્ટાઓ એવી વાત મને કહી તો તમારી ખબર જ લઈ નાંખીશ. ” તે પછી રામચન્દ્રજીની ચિંતા કરતાં સીતાજી ત્યાં શોક કરવા લાગ્યાં. તેવામાં હનુમાનજીએ ઝાડ

ઉપરથી રામના નામવાળી વીંટી તેમના ઉપર નાંખી. તે વીંટી જોઈ સીતા ભરમાયાં પણ થોડી વારે હનુમાને નીચે ઉતરી બે હાથ જોડી પોતે રામનો દુત છે એમ કહી રામની હકીકત કહી સંભળાવી તેથી તે ખુશી થયાં અને પોતાના માથા ઉપરનો ચાક નીશાની તરીકે આપ્યો. હનુમાન તે લઈ રામ જ્યાં હતા ત્યાં પાછા ગયા અને સર્વ ખબર કહી.

રામચન્દ્રજીએ તે પછી સુગ્રીવ વિગેરે વાંદરોની સહાય લઈને લંકા ઉપર ચઢાઈ કરી. રામચન્દ્રજીએ બાણવડે સમુદ્ર ઉપર પુલ બાંધ્યો અને તે ઉપર થઇને સર્વ વાંદર સેના લંકામાં ગઇ. રામચન્દ્રજી ચઢી આવ્યાની વાત જાણી રાવણની સ્ત્રી મંદોદરીએ રાવણને કહ્યું કે: “ હે પ્રિય! રામચન્દ્રજી બળવાન રાજા છે. તેમની સ્ત્રી પતિવ્રતા છે તેનું તમે હરણ કરી લાવ્યા તે ઘણુંજ ખોટું કર્યું છે. પરસ્ત્રી ઝેર જેવી સમજજો. તેનો ત્યાગ કરવો જ હિતકારક છે. માટે સીતાજીને સોંપી દઇ માફી માગો, નહિ તો આ કુળનો નાશ થશે. ” આમ કહેવા છતાં રાવણે માન્યું નહિ અને રામચન્દ્રજી સાથે યુદ્ધ કર્યું. તેમાં રાવણ, તેનો પુત્ર, ભાઇ, અને બીજા અનેક રાક્ષસો માર્યા ગયા. તે પછી રામે સીતાને તેડી મંગાવ્યાં. તેમણે સીતાજીને કહ્યું કે: તમે આ રાક્ષસના રાજ્યમાં આટલો વખત રહ્યાં, મને તો તમારી પવિત્રતાની ખાત્રી છે તોપણ માર્ગમાં રાવણનો અપવિત્ર સ્પર્શ થયો હશે તો તેને માટે તમારે આ સામેના અગ્નિમાં પ્રવેશ કરી પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર છે. સીતા પવિત્ર, અને પતિવ્રતા હતાં. તેમણે તરતજ આગ્નમાં પ્રવેશ કર્યો પણ તે દાઝયાં નહિ, અને બહાર આવી રામચન્દ્રજીને પ્રણામ કરીને ઉભાં રહ્યાં.

આ પ્રકારે રામે રાવણને મારી, લંકાનું રાજ્ય વિભીષણને સોંપ્યું અને સીતાને લઇ હિંદુસ્તાનમાં આવ્યા. ત્યાં સર્વ વાનરોને મૂકી પોતે વનમાં રહેવાની મુદત પૂરી થતાં અયોધ્યામાં આવ્યા. રામના વિયોગથી પુત્રવત્સલ દશરથ રાજાએ દેહ છોડી દીધો હતો. ભરત રામની પાદુકાને ગાદી ઉપર મૂકી રાજ્યવ્યવસ્થા કરતા હતા. રામને આવેલા જાણી તેમણે મોટા આદરસત્કારથી તેમને શહેરમાં આણ્યા અને મોટા ઠાઠમાઠથી રાજ્યાભિષેક કર્યો.

રાજ્યગાદીએ બેઠા પછી પ્રજાનું પાલન કરતા રામચન્દ્રજી સીતા જેવી સતી સ્ત્રીની સાથે સુખ વૈભવ ભોગવતા હતા. એક વખતે એક દૂતે આવી કહ્યું કે: “ આજે હું નગરચર્યા જોવા રાત્રે

બહાર ફરતો હતો ત્યાં એક ધોબીના ઘરમાં તેને અને તેની સ્ત્રીને તકરાર થતી મેં સાંભળી. ધોબીએ તેની સ્ત્રીને કહ્યું કે 'હું કંઈ રામ નથી કે સીતા રાવણને ત્યાં રહી આવી છતાં ઘરમાં રાખી તેમ હું તને ઘરમાં રાખું.' હું તને સંઘરવાનો નથી. આ વાત સાંભળી રામચન્દ્રજી દિલગીર થયા અને વિચાર કરવા લાગ્યા કે, સીતાએ અગ્નિમાં પ્રવેશ કરી મને પોતાની શુદ્ધિની ખાત્રી કરી આપી હતી પણ તે વાત છાની રહી છે. પ્રજા જાણતી નથી. હું જાણું છું કે સીતા પવિત્ર છે છતાં લોકોના સમાધાન અર્થે પણ મારે તેનો ત્યાગ કરવો જોઇએ. આવો વિચાર કરી તેમણે લક્ષ્મણને બોલાવી સીતાનો ત્યાગ કરવાની વાત કરી. લક્ષ્મણે ઘણી રીતે સમજાવ્યા પણ તેમણે માન્યું નહિ. આ વખતે સીતા ગર્ભવંતી હતી તેથી રામ તેમને હંમેશાં અનેક પ્રકારના હાસ્યવિનોદ કરાવી પ્રસન્ન રાખતા–તેમની ઇચ્છાઓ તૃપ્ત કરી ખુશી રાખતા. તેમને આજે દુષ્ટ સ્વપ્નું આવ્યું હતું તેનો શોક કરતાં બેઠાં હતાં, તેવામાં લક્ષ્મણે આવી વનમાં જવાની આજ્ઞા સંભળાવી.

પતિની આજ્ઞા રોધ કર્યા વગર માનવી એ સ્ત્રીનું કર્ત્તવ્ય છે. તે પ્રમાણે સીતાજી દિલગીર થયા વગર લક્ષ્મણ સાથે રથમાં બેસી વનમાં જવા તૈયાર થયાં. વાલ્મિકી ઋષિના આશ્રમ આગળ આવી સીતાને નીચે ઉતારી લક્ષ્મણે કહ્યું કેઃ "રામચન્દ્રજીની આજ્ઞાથી હું તમને વનમાં મૂકી ઘેર જઉં છું." એમ કહેતાં કહેતાં રડી પડ્યા. સીતાજી પણ રડવા લાગ્યાં. લક્ષ્મણને ભાભીનો ત્યાગ કરતાં અત્યંત ખેદ થયો. સીતાજીએ કહ્યું કેઃ 'મેં પૂર્વજન્મે એવાં શાં પાપ કર્યાં હશે કે આવી વિપત્તિઓ આવે વખતે આવી. હે રામ, તમારા વગર મારા દિવસો આ નિર્જન વનમાં શી રીતે જશે.' આમ કહી રડવા લાગ્યાં. થોડીવારે સાવધાન થઇ લક્ષ્મણને છાના રાખી કહ્યું કેઃ "મારા તરફથી તમારા ભાઇને પ્રણામ કરી કુશળ સમાચાર કહેજો. લોકાપવાદથી તેમણે મારો ત્યાગ કર્યો છે, તે હું જાણું છું છતાં કહેજો કેઃ " મારે તો તમારોજ આશ્રય છે. સ્ત્રીને પતિ એજ પરમ દૈવત રૂપ છે. જાવ, ભાઈ, લક્ષ્મણ હવે તમે જાવ." આમ કહી લક્ષ્મણને પાછા મોકલ્યા. અને વનમાં પોતે એકલાં શોક કરતાં રડકકળ કરવા લાગ્યાં.

આ વખતે વાલ્મિક ઋષિના શિષ્યો ત્યાં થઇને જતા હતા

તેમની નજર સીતા ઉપર પડી. તેમણે તેની પાસે જઈ પૂછ્યું કે: "બેન, તમે કોણ છો. આ ભયંકર વનમાં કેમ એકલાં બેઠાં છો ?" આ સાંભળી સીતાએ પોતાની હકીકત કહી સંભળાવી. તે સાંભળી તે શિષ્યોએ તેમને ધીરજ આપી અને ત્યાંથી પોતાના આશ્રમમાં જઈ ગુરુને આ વાત કહી.

શિષ્યોની વાત સાંભળી વાલ્મિકીએ ત્યાં જઈ સીતાજીને આદરસત્કાર સાથે પોતાના આશ્રમમાં આણ્યાં. સીતાજી હવે ત્યાં રહેવા લાગ્યાં. તેમને પુરા દિવસ થતાં બે પુત્રને એકી સાથે જન્મ આપ્યો. ઋષિએ મોટાનું નામ લવ અને નાનાનું નામ કુશ રાખ્યું. બંને બાળકો આશ્રમમાં મોટા થવા લાગ્યા. આ બે બાળકોને અગીયારમા વર્ષે ઋષિએ ઉપનયન સંસ્કાર આપી ધનુર્વેદનો અભ્યાસ કરાવવા માંડયો. સીતાજીએ પણ તેમને નાની નાની વાતો કહી ઉપદેશ આપવા માંડયો. આ બંને પુત્રો આશ્રમમાં ઉછરી મોટા થયા. સીતા રામના વિયોગે વાલ્મિકીના આશ્રમમાં ઝુરતાં હતાં. તેમ રામ પણ તેમના વિગોગથી દુઃખી હતા. માત્ર લોકનિંદાના ભયથી જ તેમણે તેમનો ત્યાગ કર્યો હતો.

સીતાને રામ પ્રાણ સમાન પ્રિય હતા, તેમ રામને પણ સીતા ઉપર અત્યંત સ્નેહ હતો. રામ એક પત્નિવ્રતધારી હતા. બંનેનો આત્મા એક હતો, માત્ર ખોળીયાં જુદાં હતાં. ઘણા વર્ષે રામે અશ્વમેધ યજ્ઞ કરવાનો આરંભ કર્યો. યજ્ઞનો ઘોડો દેશદેશ ફરવા મોકલ્યો. તે ઘોડો વાલ્મિકીના આશ્રમે ગયો અને ત્યાં લવ અને કુશે તેને બાંધ્યો. આ વખતે તે બાર બાર વર્ષના હતા. તેમણે ઘોડો બાંધ્યો તેથી તેમની અને લક્ષ્મણની સેના વચ્ચે દારૂણ યુદ્ધ થયું. તેમાં રામને પણ આવવું પડયું. તેમનું પરાક્રમ જોઈ રામના મનમાં થયું કે તે બન્ને પુત્રો મારા હશે. રઘુવંશના કુંવરો વગર આવું પરાક્રમ બીજામાં હોય નહિ. આમ વિચાર કરે છે, તેવામાં લવ અને કુશ પણ રામનું નામ સાંભળી ત્યાં આવ્યા અને રામચન્દ્રજીના ચરણે પડયા. એક બીજાને ઓળખ્યા. તે લક્ષ્મણ વિગેરેને લઈ આશ્રમમાં ગયા, ત્યાં રામે વાલ્મિકીને નમસ્કાર કર્યા. એવામાં શોક, વિયોગ, અને દુઃખથી શરીરે સુકાઈ ગયેલાં સીતાજી પણ ત્યાં આવી રામને પ્રણામ કરી ઉભાં રહ્યાં. પછી વાલ્મિકીએ સીતાના પ્રસવની, આ બે પુત્રોના જન્મની વિગેરે સર્વ વાત રામચન્દ્રજીને કહી સંભળાવી. સીતા

શુદ્ધ પતિવ્રતા છે તેની ખાત્રી આપી. તે પછી રામચન્દ્રજી બંને પુત્રો અને સીતાજીને લઇ અયોધ્યામાં ગયા અને સીતાજીને પાછું સુખ આપ્યું.

આ પ્રમાણે સીતાજીને અનેક પ્રકારનું કષ્ટ પડયું છતાં પણ તેમણે પતિ ઉપર ક્રોધ કર્યો નહિ. પતિ સેવા ચૂક્યાં નહિ. અનેક પ્રકારની લોભ લાલસાનો ત્યાગ કરી સતીત્વને સાચવ્યું. બેન, આવી સતીઓ તો કોઈ વિરલજ હોય છે. આપણે પણ તેમના જેવાં થવું જોઇએ. સીતાજીના ઉપર દુઃખ પડવામાં બાકી રહ્યું નહોતું, છતાં તેમણે તેને હીંમતથી સહન કર્યું. અને પતિભક્તિ ઉપર અચળ શ્રદ્ધા રાખી.

લ્યો બેહેન, હવે આજે મોડું થયું છે વળી કાલે કંઈ બીજી વાત કરીશું. આપણે આ સીતા માતાની વાત જાણી તેથી કાંઇ વળ્યું નહિ પણ તે પ્રમાણે આપણે પણ પતિભક્તિ કરતાં શીખીએ ત્યારે કામનું.

આ સાંભળી પેલી સ્ત્રી તો બિચારી છક જ થઇ ગઇ. તેનું નામ ગુણવંતી હતું. તેણે કહ્યું: “વાહ બ્હેન તમે તો બડાં વિદ્વાન જણાવ છો. મને તો લાગતું હતું કે તમે તો કેવાંય અતડાં હશો પણ હવે જણાયું કે તમે તો ઘણાં મળતાવડાં છો. આજે મારે માટે તમે બહુ મહેનત લીધી હો ! આ રાંડો બધી પ્હણે રોજ એકઠી થઇને નકામી લોકોની નિંદા કરી ખાય છે તે અહિં આવે તો કેવું સારૂં ! કાલે તો તેમને પણ તેડતી આવીશ. વારૂ બ્હેન, પેલાં અનસૂયા માતાની વાત આમાં આવી તે કોણ હતાં વારૂ ?

ચન્દ્રકાંતા—“બ્હેન ! તે અત્રિ ઋષિનાં ધર્મપત્ની હતાં. તે મહા સતી થઇ ગયાં છે. તેમની વાત કાલે કહીશ. તમે આટલો વખત શાંત થઇને અહિં બેઠાં અને સાંભળ્યું તે કાંઈ ઓછું છે. લ્યો આવજો હો બા !” આ પછી ગુણવંતી જાય છે અને ચન્દ્રકાંતા પોતાના કામે વળગે છે.



પ્રકરણ ૩ જું.

પતિસેવા—અનસૂયાદેવી અને ઋષિ અત્રિ.

બીજે દિવસે બપોરે ગુણવંતી ચન્દ્રકાંતાને ત્યાં આવી. સાથે પોળની બીજી બે ચાર સ્ત્રીઓને પણ લાવી હતી. ચન્દ્રકાંતાએ તેમને આવકાર આપી બેસાડ્યાં. ગુણવંતીએ કહ્યું: " બેન, આજે તો આ ભાગીરથી અને દીવાળી બેન પણ આવ્યાં છે. આજેજ તેમને તમારા ગુણની ખબર પડશે. મેં તેમને કાલની વાત કહી સંભળાવી તેથી તેમને પણ આવવાનું મન થયું. લ્યો અમારા જેવું કાંઇ કામકાજ હોય તો કહેજો.

ચન્દ્રકાંતા—" આવો બેન, મને પણ તમારે લીધે આનંદ થશે. સારાં માણસની સોબત ક્યાંથી? આપણે બૈરાંએ નવરાં બેસી કંઇ સારી ઉપદેશની વાતો કરવી જોઇએ. આજકાલ તો ઘણી સ્ત્રીઓ એકઠી થઈ આડી અવળી કુથલી કરે છે, પણ તે સારૂં નથી. બે ઘડી ઈશ્વરનું નામ લેવું, કંઇ જ્ઞાન મળે તેવી વાતો કરવી, અને બીજાનું કલ્યાણ થાય તેમ વર્તવું જોઇએ."

ગુણવંતી—" લ્યો બ્હેન, હવે કાલે પેલી અનસૂયા માતાની વાત કહેવાનું કહેતાં હતાં તે હવે કહેવા માંડો."

ચન્દ્રકાંતા—હા બ્હેન, સાંભળો:—

અનસૂયા—અત્રિ ઋષિ.

પૂર્વે કર્દમ નામના ઋષિ થઇ ગયા તેમની પત્નીનું નામ દેવહુતિ હતું. તેમને અનસૂયા નામની એક પુત્રી હતી. તે અનસૂયાને

નાનપણમાં તેમના ભાઈ કપિલ મુનિ સાથે વિદ્યાભ્યાસ કરાવ્યો હતો, તેમને ઉમ્મરે આવતાં અત્રિ નામના સમર્થ ઋષિ સાથે પરણાવ્યાં હતાં. સાસરે જઇ તે વડીલોની સેવા કરીને પતિનાં વ્યવહારિક અને પારમાર્થિક કાર્યોમાં મદદ કરતાં. તેમણે સાસરે જઈ ઘરનો બધો કારભાર પોતાને માથે ઉઠાવી લીધો હતો. સ્હવારમાં પતિના ઉઠતા પહેલાં ઉઠતાં, સ્નાનાદિથી પરવારી પતિનાં સંધ્યાનાં વાસણો માંજી સ્વચ્છ કરતાં. તેમને પૂંજા વખતે જોઈતાં સાધનો તૈયાર રાખતાં, પછી રસોઈ બનાવી પતિને જમાડી પછી પોતે જમતાં. જમ્યા પછી વાસણો વિગેરે સ્વચ્છ કરી બીજું ઘરનું કામ પરવારી પતિસેવા કરવામાં વખત ગાળતાં. પતિની પતિભક્તિ ઘણીજ ઉત્તમ રીતે કરતાં. રાત્રે પતિની સેવા કરી પતિના સૂના પછી પોતે સૂતાં.

એક વખતે અત્રિ ઋષિ જમી પરવારી આશ્રમમાંથી બહાર ગયા હતા તે વખતે અનસૂયાના સતીપણાની પરીક્ષા કરવા સારૂ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર ત્યાં આવ્યા. તેમણે તેમની અચલ પતિભક્તિ જોઇ છતાં પણ તેમને પરીક્ષા કરવાનું મન થયું. અને રૂપ બદલી તેમની પાસે ગયા. તે જાણી સતીએ તેમના સામી દૃષ્ટિ નાંખી પોતાના સતીત્વના પ્રભાવથી છ છ મહિનાના બાળકો બનાવી દીધા, અને તેમને પારણામાં સૂવાડી દીધા. થોડીવારે અત્રિ ઋષી આવ્યા અને તેમણે પારણામાં બાળકોને સૂતેલા જોયા. તેમણે તરત જ યોગદૃષ્ટિથી જોયું તો જણાયું કે આ તો બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર છે. તેમણે તેમને પોતાની દૈવિશક્તિથી બાળભાવમાંથી મુક્ત કર્યા. તેમને સતીના સતીત્વની ખાત્રી થઈ અને અનસૂયાને ચરણે મસ્તક નમાવ્યાં અને તે પછી કેટલેક વખતે તે ત્રણેએ એકરૂપ ધરી ગુરુદત્તાત્રય તરીકે સતીના પેટે જન્મ લીધો હતો.

એક વખતે મહા ભયંકર દુકાળ પડયો. અન્ન પાણી કાંઇ મળે નહિ તેવી સ્થિતિ થઈ. તેથી અત્રિઋષિ મનમાં ખેદ પામી સમાધિ ચઢાવી બેઠા. આ વખતે અનસૂયાએ પોતાના પતિને કાંઇ દુઃખ ન થાય તે માટે ટાઢ તડકાને સહન કરતાં, તેમની પાસે બેસી પતિ સેવા કરવા લાગ્યાં. આમ સો વર્ષ વિતી જવા આવ્યાં. તેમાં એક વખતે અત્રિ ઋષિએ સમાધીમાંથી જાગી પીવાનું પાણી માગ્યું. પાણી કોઈ સ્થળે મળે નહિ, તેથી દેવી કમંડળું લઇ પાણી લેવા આવ્યાં. ઘણાં જળાશયો, કુવા, નદીઓ જોયાં પણ સર્વ સૂકાઇ ગયેલાં

હતાં. પાણી ન મળતાં તે વ્યાકુળ થઈ ખરા તાપમાં પોતાના પતિને માટે પાણી લેવા સારૂ રખડવા લાગ્યાં. તેમને પતિસેવામાં એકચિત્તે રાત્રિ દિવસ ગાળેલા હોવાથી શાથી પાણી નથી મળતું, કેમ સર્વ જળાશયો સુકાઇ ગયાં હશે તેની ખબર ન પડી. તેમને પોતાના પતિને માટે પાણી લેવા આમતેમ રખડતાં જોઇ ગંગાજીએ શરીર ધારણ કરી ત્યાં આવી કહ્યું કેઃ— "બ્હેન, તમે આમ પતિની સેવા કરવાની મૂકીને ક્યાં રખડો છો?" તે સાંભળી તેમણે કહ્યું કેઃ "બેન, હું મારા પતિને માટે પાણી લેવા જઉં છું. તમે આશ્રમમાં જાવ હું હમણાં જ આવું છું." આ સાંભળી ગંગાજીએ કહ્યું કેઃ "બેન, સો વર્ષથી દુકાળ ચાલે છે, તમે ક્યાંથી પાણી લાવવાનાં છો ? સો સો ગાઉ સુધી પાણી મળતું નથી, માટે પાછાં જાવ ?" દેવીના 'પાણી મળશે નહિ' એ શબ્દો સાંભળી સતીને ઘણો ખેદ થયો. તે વિચાર કરવા લાગ્યાં કેઃ "અરે, આજે સો વર્ષે પતિ સમાધિમાંથી જાગ્રત થયા, અને પાણી માગ્યું તે પણ આ તો કહે છે કે મળશે નહિ, હે દેવ, હવે શું કરૂં ?" આમ ખેદ કરતાં મૂર્છિત થઈ પડયાં. થોડીવારે જાગ્રત થઇ કહેવા લાગ્યાં કેઃ " પ્રભો ! જો મેં આજ સુધી મારા પતિની મન, વચન અને કાયાવડે એકચિત્તે સેવા કરી હોય તો આજે આ કમંડલુ ભરીને પાણી આપજો. મારા સ્વામીજીએ આજે સો વર્ષે મને પાણી લાવવાની આજ્ઞા કરી અને જો તે હું તેમને ન લાવી આપું તો મારી આજ સુધીની કરેલી પતિભક્તિ નિષ્ફળ થાય. હે પ્રભો, સહાય કરો.'' આમ બોલતાં રડવા લાગ્યાં. તે જોઇ ગંગાજીએ કહ્યુંઃ "હે દેવી, ગભરાશો નહિ, હું ગંગાજી છું. અહિં ખાડો ખોદો તેમાંથી જોઇએ તેટલું પાણી નીકળશે. તમારા પતિવ્રતની વાત જાણી હું તમારાં દર્શને આવી છું." આ સાંભળી સતી તેમને ચરણે પડયાં. અને પછી ખાડો ખોદ્યો. તેમાંથી પાણી ભરી પતિ પાસે લઈ ગયાં.

ઋષિએ પાણી પી, તે ક્યાંથી લાવ્યાં તે પૂછ્યું. જેથી સતીએ બનેલી હકીકત કહી સંભળાવી. તેથી ઋષિ ત્યાં ગંગાજીનાં દર્શન કરવા ગયા. તેમણે કહ્યું કેઃ " આપ હવે અહિં રહો. " જેથી ગંગાજીએ કહ્યું કેઃ—જો આ સતી તેના સતીત્વનું એક વર્ષનું પુણ્ય મને આપે અને સદાશીવ પ્રસન્ન થઇ અહિં રહે તો હું અહિં રહું. તે વાત તેમણે કબુલ કરી અને તેથી ત્યાં ગંગાજી અને મહાદેવજી પણ

રહ્યા. આજે પણ દાક્ષણમાં ભાગીરથી ગંગા અને અત્રિશ્વર મહાદેવ વિદ્યમાન છે. ત્યાં દુકાળમાં પણ પાણી સુકાતું નથી અને ગંગાજી અત્રિ ઋષિના આશ્રમ પાસે વહેવા લાગ્યાં.

આ દુકાળ પ્રતિષ્ઠાનપુરમાં રહેનાર કૌશિક બ્રાહ્મણની પત્ની સતી નર્મદાએ પોતાના સતીત્વના પ્રભાવથી પોતાના પતિનું મૃત્યુ અટકાવવા માટે સૂર્યને ઉગતો અટકાવી દીધો હતો તેથી પડયો હતો. તે મટાડવા માટે અનસુયા દેવીએ નર્મદાને સમજાવી સૂર્યને ઉગવા દીધો અને દુકાળનું સંકટ ટાળ્યું હતું. રામ લક્ષ્મણ અને સીતા વનવાસ ભોગવવા જતાં અહિં આવ્યાં હતાં. તે વખતે સતીએ સીતાજીને પતિવ્રતા સ્ત્રીના ધર્મ સંબંધી સારી શીખામણ આપી હતી. તેમણે કહ્યું હતું કેઃ—

પતિ ગમે તેવી સ્થિતિમાં રહેતો હોય, ગમે તો નિર્ધન કે નઠારો હોય છતાં પણ જે સ્ત્રીને પોતાનો પતિ વહાલો છે તેમને પરલોક મળે છે. ગમે તેવા દુરાચારી, દુષ્ટ સ્વભાવના કે નિર્ધન પતિને પણ સ્ત્રીઓએ પોતાના પરમ દૈવત સમાન ગણવો જોઇએ. સ્ત્રીને માટે આલોક અને પરલોકનાં સુખ મેળવવાનું પતિસેવા એજ સાધન છે. સતી સ્ત્રીએ પોતાના પતિને દરેક કાર્યમાં સહાય કરવી જોઇએ. જે સ્ત્રીઓનું મન કામ વાસનામાં રચ્યું પચ્યું રહે છે, અને જે પોતાના પતિને પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરવાને કહ્યાં કરે છે, પોતાના ગુણ કે દોષને ન જોતાં આડી અવળી રખડે છે તેથી ઉદ્ધત સ્ત્રીઓ અંતે ધર્મભ્રષ્ટ થઈ નિંદાને પાત્ર થાય છે. માટે તમે પતિ સેવામાં મન રાખજો. આ જગતમાં સ્ત્રીને માટે પતિ જેવો બીજો કોઇ ઉત્તમ સંબંધ નથી.

સીતાજી આ સાંભળી ઘણાંજ ખુશી થયાં અને ઉપકાર માનવા લાગ્યાં હતાં. દરેક સ્ત્રીએ અનસુયા દેવીની માફક પોતાના પતિની સેવા કરવામાં જીવન ગાળવું જોઇએ. સતિને દત્તાત્ર્ય નામના સમર્થ પુત્ર થયા હતા. તેમને તેમણે નાનપણમાં ઉત્તમ જ્ઞાન આપ્યું હતું. જેથી તે પણ અત્યારે જગતમાં પ્રસિદ્ધ થયા છે.

બેન ! આજે પણ આપણે જો અનસુયા દેવીના જેવી પતિસેવા કરીએ તો જરૂર આપણે પતિ સેવાના પ્રતાપથી ધારીએ તે વસ્તુ મેળવી શકાએ છીએ.

કેમ ભાગીરથી બ્હેન ! ખોટું છે ?

ભાગીરથી—"ના બ્હેન, ખરી વાત છે. આજે અમે તો

અનસૂયા માતાની વાત સાંભળી ચકિત થઈ ગયાં છીએ. પણ પેલી નર્મદા કોણ હતી તે તો કહો ? તેણે પણ રાંડે ઓછું જોર માર્યું ? સૂર્યને પણ આથમતો અટકાવ્યો ?"

ગુણવંતી—"ખરી વાત છે. સતી સ્ત્રી શું ન કરી શકે. તમે કર્દમ ઋષિનાં પત્ની દેવહુતિ વિષે પણ જાણતાં હતાં. જેની પુત્રી આવાં સમર્થ હતાં તેમની મા વળી કેવાંય હશે ! બ્હેન આજે દેવહુતી અને નર્મદાની વાત કહો તે પણ સાંભળીએ તો ખરાં !"

ચંદ્રકાંતા—"હા, બ્હેન સર્વની મરજી છે તો સાંભળો. પહેલાં દેવહુતીનું ચરિત્ર કહી પછી નર્મદાનું ચરિત્ર કહી બતાવીશ.

દેવહુતી અને કર્દમમુનિ

દેવહુતી એ સ્વયંભૂ મનુની પુત્રી હતાં. નાનપણમાં તેમને તેમના પિતાએ ધર્મશાસ્ત્ર, ન્યાય વિગેરે વિદ્યાઓનું જ્ઞાન આપ્યું હતું. દેવહુતી બુદ્ધિશાળી હતાં. તેમને મહાત્મા કર્દમ મુનિ વેરે પરણાવ્યાં હતાં. તે સાસરે ગયા પછી પતિસેવામાં, ઘર કામમાં અને ઈશ્વરોપાસનામાં નિત્ય તત્પર રહેતાં હતાં. નવરાશ મળેથી પતિ પાસેથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં. તેમને નવ પુત્રીઓ થઈ હતી.

કર્દમમુનિએ વનમાં તપ કરવા જવાનો વિચાર કર્યો તે જાણી દેવહુતીએ કહ્યું કેઃ "આપ તો સંસાર છોડી ચાલ્યા જાવ છો તો પછી મને કોણ જ્ઞાનનો ઉપદેશ આપશે ?" આથી ઋષિએ થોડા દિવસ વનમાં જવાનું બંધ રાખી દેવીને ઈશ્વર ભક્તિમાં ચિત્ત જોડવાનું કહ્યું. કેટલાક વખત પછી સતીને ગર્ભ રહ્યો અને માસ પુરા થયે એક સુંદર પુત્રનો જન્મ થયો. તે પુત્રનું નામ કપીલદેવ રાખ્યું. પુત્ર થયા પછી ઋષિ તપ કરવા વનમાં ચાલ્યા ગયા.

કપીલ મોટા થયા તેમને તેમની માતાએ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. તે જ કપીલ ભગવાને સાંખ્ય શાસ્ત્ર નામનું યોગનું પુસ્તક બનાવ્યું છે. તેમાં એવો ઉપદેશ છે કેઃ "ચોવીસ તત્ત્વને જાણી તેનાથી પોતે ભિન્ન છે એમ જે માને છે અને છવીસમા પુરુષને જે ઓળખે છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. ચિત્ત જ જીવનું બંધન કર્તા છે. બ્રહ્મવિદ્યાથી આત્મસ્વરૂપનું જ્ઞાન અને સુખ દુઃખની નિવૃત્તિ થાય છે. પરમેશ્વર સાથે એકાગ્રતા સાધવાથી મુક્તિ મળે છે.

કપીલ મુનિ મહા સમર્થ જ્ઞાની થઇ ગયા. તેમની સાથે તેમની માતા દેવહુતીએ તત્ત્વજ્ઞાન સંબંધી ઘણી વાતો કરી જ્ઞાન મેળવ્યું હતું.

કપીલમુનિ તેમને જણાવતા હતા કેઃ—યોગ એ જ મુક્તિનો સરળ માર્ગ છે. મનને વશ કરી અંતઃકરણની એકાગ્રતા સાધવાથી યોગ સાધન થઇ શકે છે. સંસાર ભોગ ભોગવવા જો ચિત્ત વળે છે તો તે જીવને નિવૃત્તિ મળતી નથી. મન એ ચંચળ છે. ઇશ્વરમાં મનને લીન કરવાથી અજ્ઞાન, પાપ, વિગેરેનો લય થાય છે. સર્વનું મૂળ સંત સમાગમ છે. વેદમાં કહેલાં કર્મો કરવાથી ઇશ્વરની ભક્તિ થઇ શકે છે જેનાથી હૃદયમાં શંકા ન ઉઠે ને ઇશ્વરનો સાક્ષાત્કાર થાય તે જ ઉત્તમ જ્ઞાન છે. ચિત્તવૃત્તિ કુમાર્ગે દોડે તો તેને દૃઢભક્તિ અને વૈરાગ્યથી વશ કરવી જોઇએ.

આ પ્રમાણે કપીલમુનિ નાનપણમાં પોતાની માતા પાસે જ્ઞાન મેળવી મોટા જ્ઞાની થયા અને પોતાની માતાને ખરા તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. તે દેવહુતીનાં અનસુયા દેવી પણ પુત્રી હતાં. તેમણે પણ પોતાના ભાઇ કપીલમુનિ પાસે ઘણું જ્ઞાન મેળવ્યું હતું.

હવે અનસુયા દેવીએ જે નર્મદાને સમજાવ્યાં હતાં તેની વાત કહું છું.

સતી નર્મદા અને કૌશિક

પૂર્વે કૌશિક ગોત્રનો એક બ્રાહ્મણ પ્રતિષ્ઠાન નામના નગરમાં રહેતો હતો. તેને પૂર્વ જન્મના પાપે આખા શરીરે કોઢ નીકળ્યો હતો. તેની સ્ત્રીનું નામ નર્મદા હતું. તે પતિવ્રતા હતી. પોતાના વ્યાધિગ્રસ્ત પતિની સેવા હર્ષથી કરવામાં જ પોતાનું શ્રેય માનતી હતી. પતિના શરીરમાંથી લોહી અને પરૂ નીકળતાં હતાં છતાં જરા પણ ખેદ કર્યા વગર તે પોતાના પતિને ન્હવરાવીને ન્હાતી, તેમને પોતાના હાથે જમાડીને જમતી, વસ્ત્રો પહેરાવતી અને દવા દારૂ ચોપડતી. તેનો પતિ ઘણો ક્રોધી હતો. આટલી સેવા કરવા છતાં પણ તે તેને ઘણી ગાળો દેતો. છતાં પણ તે પોતાના પતિની ગાળો સામું જોઇ રોષ ન કરતાં તેમની સેવા ભક્તિ કરતી અને તેમને દેવ તુલ્ય માની સેવતી.

કૌશિક દુરાચારી અને વ્યભિચારી હતો તેને લીધે જ તેને આ કોઢ અને ઉપદંશ (ખોટી ગરમી) નો રોગ થયો હતો. આવો રોગી હોવા છતાં પણ તેને તે છંદ મટ્યો નહોતો. એક વખતે તેણે પોતાની સ્ત્રીને આજ્ઞા કરી કે મારી અમુક પ્રેમપાત્ર સ્ત્રી છે, તેને ત્યાં તું મને લઇ જા ! પતિ આજ્ઞાનું પાલન કરનારી તે સ્ત્રી તેને અંધારી રાતે પોતાની ખાંધે બેસાડી પેલી સ્ત્રીને ત્યાં જવા નીકળી.

રાત અંધારી હતી તેથી માર્ગમાં જતાં શૂળી ઉપર ચઢાવેલા માંડવ્ય ઋષિના પગની સાથે કૌશિકનો પગ અથડાયો તેથી ગુસ્સે થઇ માંડવ્ય ઋષિએ શ્રાપ દીધો કે: " મને અથડાનાર પુરુષ આવતી કાલે સૂર્યોદય વેળાએ મરણ પામો. " આ સાંભળી સતી નર્મદાને પોતાના પતિનું મરણ થશે એ વિચારથી ખેદ થવા લાગ્યો. તે પતિને પેલી સ્ત્રીને ઘેર તો લઈ ગઈ, અને ત્યાં તેનો મેળાપ કરાવી પતિને લઈ પાછલી રાત્રે ઘેર આવી.

ઘેર આવી તેણે પોતાના પતિનું મૃત્યુ ન થાય તેવા વિચારથી સૂર્યદેવની પ્રાર્થના કરી કે: " જો મારામાં પતિ ભક્તિ હોય તો મારા સત્યના જોરથી સૂર્ય ભગવાન આપ કાલે ઉગશો નહિ. " સતીના સતીત્વથી બીજે દિવસે પ્રભાતે સૂર્ય ઉગ્યો નહિ. સૂર્ય ન ઉગવાથી દેવો, મનુષ્યો વિગેરે ગભરાવા લાગ્યાં. યજ્ઞ વિગેરે શી રીતે કરવા, યજ્ઞ વગર વૃષ્ટિ શી રીતે થાય, અને વરસાદ ન થાય તો દુકાળ શી રીતે મટે એવા વિચાર દેવોને થવા લાગ્યા. તેથી સઘળા દેવોએ મહા સતી અનસૂયા પાસે જઇ કહ્યું કે: " હે દેવી, તમે નર્મદાને સમજાવો કે સૂર્યને ઉગવા દે. " તે ઉપરથી અનસૂયા દેવી સતી નર્મદાને ત્યાં ગયાં. તેમનો નર્મદાએ સારો સત્કાર કર્યો. પછી અનસૂયાએ કહ્યું કે: ' સૂર્ય ન ઉગવાથી જગત્‌માં મહાઅનર્થ થઇ રહ્યો છે. માટે સૂર્ય ઉગે તે પ્રમાણે તું તેમની પ્રાર્થના કર. ' નર્મદાએ કહ્યું કે: " સૂર્ય ઉગે તો મારા પતિ મરણ પામે અને હું વિધવા થઉં માટે તે તો શી રીતે બને ! "

આ સાંભળી અનસૂયાએ કહ્યું કે ' તારો પતિ મરણ પામશે તો હું જીવતો કરીશ. માટે સૂર્યને ઉગવા દે. ' આથી નર્મદાએ સૂર્યની પ્રાર્થના કરી એટલે સૂર્ય ઉગ્યો અને તે જ વખતે તેનો પતિ મરણ પામ્યો. અનસૂયાએ તેના પતિને પોતાના પતિવ્રતના પ્રભાવથી જીવતો કર્યો. તે કૌશિક ફરી જીવતો થયો તે વખતે તેનો

રોગ મટી ગયો હતો અને દીવ્ય દેહને પામ્યો હતો. તેણે અનસૂયા-ને ચરણે માથું નમાવી પ્રણામ કર્યા.

આવો સતીનો મહિમા છે. સતી સ્ત્રી શું ન કરી શકે? નર્મદાનો પતિ દુરાચારી અને રોગી હતો, છતાં પણ સતી નર્મદા તેની સેવા કરતી હતી અને તે મરણ ન પામે તેમાં જ પોતાનું શ્રેય માનતી હતી.

સ્ત્રીએ તો પતિવ્રતપણાનું યોગ્ય રીતે પાલન કરવું જોઇએ. એવી જ રીતે પૂર્વે સાવીત્રી નામની સતીએ પોતાના મરણ પામેલા પતિને પોતાના સતીત્વના પ્રભાવે જીવતો કર્યો હતો. માટે બેન, પતિ ગમે તેવો હોય છતાં પણ સ્ત્રીએ તો તેની સેવા કરવી એ તેનો ધર્મ છે. દુરાચારી પતિને પણ સતી સ્ત્રી સદ્ગુણી બનાવી શકે છે.

ભાગીરથી—"બેન, બહુ જ સારી વાત કરી. અમે તો આવું કશું જાણીએ નહિ. પતિ ગાળો ભાંડે તે સહન કરવી, અને છતાં પણ રોગી અને સુગ ચઢે તેવા પતિની સેવા કરવી એ તો પેલી નર્મદા જ કરી શકે? અમે તો ધણી સાથે જરા જરામાં રીસાઇએ, મોં ચઢાવીએ અને જો કશી ચીજ ન લાવી આપે તો ઘરમાં કંકાસ કરી પતિને દુભવીએ તે જુદું. તમે નાની ઉમ્મરમાં પણ સારૂં શીખ્યાં જણાવ છો? વારૂં, પેલી સાવિત્રી કોણ હતી બેન? તેણે તેના પતિને શી રીતે જીવતો કર્યો હતો તે તો કહો?"

ચન્દ્રકાંતા—બેન, આજે મોડું તો થયું છે પણ તમારાં બધાંની મરજી છે તો કહું છું.

સતી સાવિત્રી અને સત્યવાન.

ઘણાં વર્ષ પહેલાં અશ્વપતિ નામનો એક રાજા મદ્રદેશમાં રાજ્ય કરતો હતો. તે સત્યવાન, ધર્મજ્ઞ, અને પ્રજાને પ્રિય હતો. તેને કાંઇ પ્રજા ન હોવાથી તેણે સાવિત્રી દેવીનું અનુષ્ટાન કર્યું. જેથી દેવીએ પ્રસન્ન થઇ તેને કહ્યું કેઃ "તમને એક મહાતેજસ્વિની પુત્રી થશે." આ પછી કેટલાક વર્ષ પછી તેમની રાણીને એક સુંદર રૂપ-વાળી કન્યા જન્મી. તે કન્યાનું નામ સાવિત્રી પાડયું. સાવિત્રી જ્યારે ઉમ્મર લાયક થયાં ત્યારે તેમને તેમના પિતાએ કહ્યું કેઃ "હે પુત્રી! તારૂં કોઈ માગું કરતું હજુ આવ્યું નથી માટે તારી નજરમાં આવે

તેવા પતિને તું શોધી લાવ, એટલે હું તેને તારૂં કન્યાદાન આપીશ. હે પુત્રી! ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે: વયમાં આવેલી કન્યાનું દાન ન દેનાર પિતા, રજસ્વલા સ્ત્રીને સ્નાન કર્યા પછી ત્યાગ કરનાર પતિ અને પિતાના મરણ પછી માતાની રક્ષા ન કરનાર પુત્રની લોકો નિંદા કરે છે. માટે તું તારે માટે પતિની શોધ કર."

પિતાનાં વચન સાંભળી સાવિત્રીએ શરમાઇ માથું નમાવ્યું. તે વૃદ્ધ મંત્રીઓની સાથે રથમા બેસી પતિને પસંદ કરવા તપોવનમાં ગઈ. અને ત્યાં આશ્રમોમાં ફરતાં એક અંધ માબાપના પુત્ર સત્યવાનને જોઇ તેને પોતાના પતિ તરીકે પસંદ કર્યો. તેણે ઘેર આવી પિતાના પુછવાથી કહ્યું કે: "શાલ્વ દેશના ધુમત્સેન રાજાના પુત્ર સત્યવાનને મેં મારા પતિ તરીકે પસંદ કર્યા છે માટે ઘટતું કરો." આ વખતે નારદઋષિ ત્યાં હતા તેમણે કહ્યું કે: "પુત્રી તેના બાપ અંધ થયા છે. વળી રાજ્યથી ભ્રષ્ટ થયા છે તેને પરણવાથી શું લાભ? માટે બીજા કોઇ સમૃદ્ધિશાલીને પસંદ કર."

સાવિત્રીએ આ કોઇનું ન માન્યું અને કહ્યું કે: "મેં તો જેને પસંદ કર્યો છે તે જ ખરો." આથી નારદે કહ્યું કે: "કુંવર ગુણવાન અને રૂપાળો તો છે, પણ આજથી એક વર્ષ પછી મરણ પામશે. માટે હજુ તું વિચાર ફેરવ." આ સાંભળી સાવિત્રીએ કહ્યું કે: "હે પિતાજી, પિતાના ધનની વહેંચણી એકવાર થાય છે. કન્યાદાન એકવાર જ અપાય છે, દાન પણ એકવાર અપાય છે, માટે મેં જે મારા મનથી પતિને પસંદ કર્યા છે તે ગમે તેવા હોય તો પણ હું તો તેને વરી જ ચુકી છું. માટે બીજીવાર નહિ વરૂં. જે મારા ભાગ્યમાં હશે તે થશે, માટે હું તો તેની જ સાથે લગ્ન કરીશ."

સાવિત્રીનો વિચાર મક્કમ જણાયાથી રાજાએ સત્યવાન સાથે પોતાની પુત્રી સાવિત્રીનાં લગ્ન શુભમુહૂર્તમાં કર્યાં. તેને યોગ્ય પહેરામણી આપી. સત્યવાન પોતાને લાયક સદ્‌ગુણસંપન્ન પત્ની મળવાથી અને સાવિત્રી પોતે ધારેલા પતિને પામવાથી સંતુષ્ટ થયાં. સત્યવાનના પિતાનું રાજ્ય તો શત્રુઓએ લઇ લીધું હતું, તેથી વલ્કલ પહેરી વનમાં રહેતાં હતાં. સાવિત્રીને પણ તેમની સાથે વલ્કલ ધારણ કરી વનમાં રહેવું પડયું. જ્યાં પતિ ત્યાં જ પત્નીએ રહેવું જોઇએ. સાવિત્રીએ સાસરે જઈ પોતાનાં વૃદ્ધ સાસુ સસરાની સેવા કરવા માંડી. તે સત્યસ્નેહ અને જીતેન્દ્રિયપણાથી સર્વને રાજી કરતી. ખાવા કરવાનું,

ઘરની વ્યવસ્થાનું અને સર્વની સેવા કરવાનું સર્વ કામ તેણે ઉઠાવી લીધું. કેટલોક કાળ આ પ્રમાણે પતિસેવા કરવામાં સાવિત્રીએ ગાળ્યા પછી સમય નજીક આવવાથી તેને નારદ ઋષિની વાત યાદ આવી.

પોતાના પતિનું મૃત્યુ થવાનો સમય નજીક આવેલો જાણી તેણે અનશન વ્રતનો આરંભ કર્યો. સાસુ સસરાએ તેમને અન્નનો ત્યાગ ન કરવા ઘણું કહ્યું છતાં પણ તેમણે તેમને સમજાવીને આજ્ઞા લઈ તે વ્રતનો આરંભ કર્યો. નારદે કહેલો સમય પાસે આવ્યો. તે દિવસની આગલી રાત્રિ દુઃખથી ગાળી. આજે પોતાના પતિનો મૃત્યુનો દિવસ છે એમ જાણીને તે દિવસે વહેલી ઉઠી સવારનું સર્વ કામ પરવારી સાસુ સસરાને પગે લાગી. તે જોઇ વૃદ્ધ સાસુ સસરાએ "તમારૂં સૌભાગ્ય અમર તપો." એવી આશિષ આપી. તે સાંભળી તેણે તે આશિર્વાદ માથે ચઢાવ્યો. સાસુ સસરાએ કહ્યું કેઃ "આજે તમારૂં વ્રત પૂર્ણ થાય છે માટે હવે તમારે જે રસોઇ કરવી હોય તે કરી પારણાં કરો ?"

આ સાંભળી સાવિત્રીએ કહ્યું કેઃ "સૂર્ય આથમ્યા પછી મારે પારણું કરવું એવું વ્રત છે. માટે સાંજે કરીશ." આ પછી સત્યવાન લાકડાં કાપવા વનમાં જવા નીકળ્યો. એટલે સાવિત્રીએ તેને કહ્યુંઃ "હે પ્રાણનાથ ! આજે તમે એકલા વનમાં ન જશો. હું તમારી સાથે આવવાની છું." આથી સત્યવાને કહ્યું કેઃ "વનનો માર્ગ ઘણો ભયંકર છે, તેં આજે ત્રણ દિવસથી ઉપવાસ કર્યા છે માટે કાંટા ઝાંખરાંમાં તારાથી ચલાશે નહિ. માટે તું ઘેર રહે." આથી સાવિત્રીએ કહ્યું કેઃ "ઉપવાસથી મને જરા પણ અશક્તિ આવી નથી. પણ આજે તો મને તમારી સાથે આવવાનું મન થયું છે માટે આવીશ જ. માટે આજ્ઞા આપો."

આ સાંભળી સત્યવાને કહ્યુંઃ "ભલે, તારી મરજી છે તો ચાલ. પણ પિતાજી અને બાની આજ્ઞા લઈ આવ.' સાવિત્રીએ તે પછી પોતાનાં સાસુ સસરાને પ્રણામ કરી, પોતાના પતિ સાથે વનમાં જવાની આજ્ઞા લીધી. પછી તે પોતાના પતિનું આયુષ્ય આજે પૂર્ણ થવાનું છે એવો ખેદ કરતી સત્યવાન સાથે વનમાં જવા લાગી.

સત્યવાન તેને વન બતાવતો, કેટલાક વૃક્ષોનું ઓળખાણ પાડતો ચાલવા લાગ્યો. કેટલેક વેગળે ગયા પછી સત્યવાન એક વૃક્ષ ઉપર ચઢી લાકડાં કાપવા લાગ્યો. થોડી વારે તેનું માથું દુઃખવા માંડયું

તેથી નીચે ઉતરી કહેવા લાગ્યો કે: "હે પ્રિયે ! આજે મને ચેન જણાતું નથી, જીવ ગભરાય છે, માથુ નીકળી પડે તેમ થાય છે. માટે જરા સૂઇ જઉં તો ઠીક થશે." આ સાંભળી સાવિત્રીને ખાત્રી થઈ કે જરૂર આજે નારદનાં વચન પ્રમાણે પતિનું મૃત્યુ થશે. હે પ્રભુ ! હવે શું થશે એ વિચારથી તે મનમાં ખેદ કરવા લાગી. પણ થોડીવારે હિંમત રાખી પોતાના પતિને મધુર વચને હસીને કહ્યું કે: "ભલે, મારા ખોળામાં માથું મૂકી જરા આરામ લ્યો, હમણાં મટી જશે." આમ કહી તેણે પતિનું મસ્તક ખોળામાં મૂકી સૂવા-ડ્યા. તે મનમાં ઘણી જ શોક કરતી હતી. તેવામાં રાતાં નેત્રવાળા ને કાળા રંગના એક પુરુષને જોયા. તે યમદેવતા હતા. તેમને જોઇ તે થરથર કંપવા લાગી. તે ધીરજથી બોલી કે: "હે દેવ, આપ કોણ છો અને કેમ આવ્યા છો ?"

આ સાંભળી યમરાયે કહ્યું કે: "હે સાવિત્રી ! તું પતિવ્રતા છે તેથી કહું છું કે હું યમરાજ છું. તારા પતિ સત્યવાનનું આયુષ્ય પુરૂં થયું છે માટે તેને લેવા આવ્યો છું." આ સાંભળી સાવિત્રીએ અત્યંત ખેદથી કહ્યું કે:—"મનુષ્યોને લેવા તમારા દૂતો આવે છે અને અહિં તમે કેમ આવ્યા ?" તે સાંભળી યમરાજાએ કહ્યું કે: "તારા જેવી સતીના ખોળામાં સુતેલા મનુષ્યના પ્રાણ મારા દૂતો લઇ શકતા નથી તેથી મારે જાતે આવવું પડયું છે." આમ કહી તેમણે સત્યવાનના શરીરમાંથી જીવને ખેંચી લીધો.

પ્રાણ જતાં શરીર નિશ્ચેષ્ટ, શ્વાસ રહિત અને કાંતિ વગરનું થઈ ગયું. સત્યવાનનો પ્રાણ લઇને યમરાજા દક્ષિણ દિશા તરફ જવા લાગ્યા. તેથી દુઃખી થયેલી, ભૂખે નિર્બળ શરીરવાળી સાવિત્રી પણ તેમની પાછળ જવા લાગી. તેને આવતી જોઇ યમરાજાએ કહ્યું કે: "હે સતી, તું શા માટે આવે છે ? ઘેર જઇ તેની મરણની ક્રિયા કર." આ સાંભળી સાવિત્રીએ કહ્યું કે: "જ્યાં આપ મારા પતિને લઇ જાવ છો ત્યાં મારે પણ આવવું જોઇએ. હે ધર્મરાજા ! ગુરુજનની ભક્તિ, પતિમાં સ્નેહ, તથા વ્રત સર્વ મેં કર્યાં છે. તેથી તમારા પ્રસાદે કરી મને ક્યાંય પણ કોઈ અટકાવી શકે તેમ નથી. હું તો જ્યાં તમે મારા પતિને લઈ જશો ત્યાં આવીશ. મહાત્મા પુરુષો જેની સાથે સાત પગલાં ચાલ્યા હોય તેને મિત્ર કહે છે અને હું તમારી પાછળ આવું છું. તેથી તમને મિત્ર માનીને વિનંતી કરૂં

છું કે: ઇંદ્રિયો વશ ન હોય એવા પુરુષો વનમાં યજ્ઞાદિક ધર્મ બ્રહ્મચર્ય તથા સંન્યાસને આચરતા નથી. પણ જીતેન્દ્રિય પુરુષો જ તે આચરી શકે છે. આત્મજ્ઞાનનું કારણ ધર્મ છે માટે સત્પુરુષો ધર્મને પ્રધાન માને છે. દંભ છોડી ચાર આશ્રમમાંના એક આશ્રમને શ્રદ્ધાથી સેવવાથી સર્વ આશ્રમ તથા જ્ઞાનમાર્ગો પ્રાપ્ત થાય છે. પ્રભો, આપ મારા પતિનું હરણ કરીને મારા ધર્મનો નાશ કરવા યોગ્ય નથી."

આ સાંભળી યમરાજાએ કહ્યું કે: "હે સતી! તારી શુદ્ધ ઉચ્ચારવાળી મધુર વાણી સાંભળીને હું પ્રસન્ન થયો છું માટે તારા પતિના જીવ વગર તારી જે ઇચ્છા હોય તે વરદાન માગ, અને પછી પાછી જા."

સાવિત્રી—"હે પ્રભુ! મારા સસરા રાજ્યથી ભ્રષ્ટ થઇ આંધળા બન્યા છે ને વનમાં રહે છે. માટે તે તમારા વરદાનથી ચક્ષુને પ્રાપ્ત કરે અને અગ્નિ તથા સૂર્ય જેવા તેજસ્વી થાય એવું વરદાન આપો."

યમરાજ—"ઠીક, હું તે વરદાન આપું છું. હવે તને થાક લાગ્યો હશે માટે પાછી જા."

સાવિત્રીએ કહ્યું: "મને મારા સ્વામીની પાછળ ચાલતાં શ્રમ લાગતો જ નથી. જ્યાં તે હોય ત્યાં મારી ગતિ છે. તેમને તમે જ્યાં લઇ જશો ત્યાં હું આવીશ. સત્પુરુષને કોઈ મનુષ્યનો એકવાર સમાગમ થાય તો તે તેને મિત્ર તુલ્ય ગણે છે અને સત્સંગ કદી નિષ્ફળ જતો નથી. માટે તમે પણ મને વરદાન આપશો. મારી આશા પૂર્ણ થયા વગર હું કદી પાછી જનાર નથી."

યમ—"હે સતી! તું ઘણી મધુર વાણી બોલે છે. અને સત્પુરુષોને પ્રિય એવાં ધર્મનાં વચન બોલે છે તેથી સત્યવાનના જીવીત વગર તને જે કંઈ ઇચ્છા હોય તે વરદાન માંગ."

સાવિત્રી—"હે ધર્મરાજ! ધર્મથી પ્રજાનું પાલન કરનારા મારા સસરાનું રાજ્ય જે શત્રુઓએ લઇ લીધું છે તે તેમને પાછું મળે. અને તેઓ પ્રજા પાલનના ક્ષત્રિયધર્મથી પરાંગમુખ ન થાય."

યમરાજ—"હે કલ્યાણી! તારા સસરાને તેમનું ગયેલું રાજ્ય પાછું મળશે અને તે નિરંતર ધર્મમાં પ્રવૃત્ત થશે. માટે હવે તું પાછી જા."

સાવિત્રી—"હે દેવ! તમે પ્રાણીઓને કર્મ પ્રમાણે સુખદુઃખમાં નાંખો છો અને મનુષ્યોની કામનાઓ પૂર્ણ કરો છો, માટે

તમે ધર્મનું શાસન કરનાર ધર્મરાજ ગણાવ છો. છતાં હે દેવ! દયા કરવી એ મોટા પુરુષોનો મુખ્ય ધર્મ છે. અમારા જેવાં પ્રાકૃત મનુષ્યો કંઈ કરી શકતા નથી. આપ દયાળુ છો માટે મારી મનકામના તમારે પૂર્ણ કરવી જોઇએ."

યમરાજ—"હે કલ્યાણી! તારાં મધુર વચન સાંભળવાથી મને આનંદ થાય છે. હું તારાં ધર્મવાળાં વચનો સાંભળી પ્રસન્ન થયો છું માટે તું સત્યવાનના જીવ વગર જે કંઇ ઇચ્છા હોય તે વરદાન માગ."

સાવિત્રી—"હે ધર્મરાજ! તમે જો પ્રસન્ન થયા હો તો હું ભાઈ વગરની બ્હેન છું માટે મને સો ભાઇઓ આપો. અને મારા પિતાની કુળની વૃદ્ધિ કરો."

યમરાજા—"હે સતી! તારી કામના સફળ થશે. તને તેજસ્વી એવા સો ભાઇઓની તું બ્હેન થઈશ. પણ હવે આપણે બહુ દૂર નીકળી ગયાં છીએ માટે હવે તું પાછી જા."

સાવિત્રી—"હે યમરાજ! મારૂં મન મારા પતિથી દૂર નથી અને હું સતી છું એટલે તેમનાથી દૂર થનાર નથી. હે ધર્મરાજા! હજુ પણ હું કહું છું કે, આપ દયા કરીને મારૂં કહેવું શ્રવણ કરો. હે ભગવાન્! તમે વિવસ્વત સૂર્યના પુત્ર છો, તમે ધર્મ પ્રમાણે સર્વને યથાક્રમ શાસન કરો છો. હે ધર્માત્મા! જે વિશ્વાસ મનુષ્યને પોતાને માટે હોતો નથી, તે વિશ્વાસ તેને સત્પુરુષોમાં હોય છે. મને આપમાં વિશ્વાસ છે માટે હે ભગવન્! ઇચ્છિત વરદાન આપી મને આપ ખુશી કરો."

યમરાજ—"હે સાવિત્રી! તારા જેવાં મધુર, કોમળ અને નીતિવાળાં વચનો મેં બીજે સાંભળ્યાં નથી. હું તારાં વચનોથી બહુ પ્રસન્ન થયો છું. માટે સત્યવાનના જીવ વગર તારે જે જોઇએ તે માગ."

સાવિત્રી—"હે દેવતાઓમાં ઉત્તમ યમરાજ! મારા કુળની વૃદ્ધિ કરનાર બળ અને પરાક્રમવાળા સત્યવાનથી મને સો પુત્ર થાય એવું વરદાન આપો."

યમરાજાએ આનંદમાં ને આનંદમાં કહ્યું કે "હે સતી! તારા મનને પ્રસન્ન કરે એવા રૂપાળા, બળવાળા અને ભાગ્યશાળી સો પુત્ર તને થશે. માટે હવે તું પાછી જા."

સાવિત્રી—"હે યમરાજ! મહાપુરુષોનાં વચન મિથ્યા થતાં નથી. માટે આપે મને કૃતાર્થ કરી. હે યમરાજ! હવે તમે મારા

સ્વામીના આત્માને મિથ્યા શા માટે લઈ જાઓ છો ? હું સતી છું અને આપે તેમનાથી મને સો પુત્ર થવાનો વર આપ્યો છે તો હવે મારા પતિ આપ મને પાછા આપો. હે સત્ય પ્રતિજ્ઞાવાળા ધર્મ-રાજ ! મારા સ્વામીને લઈ જઇ હવે તમે મને વિયોગી રાખી શકશો, પણ વિધવા બનાવી શકશો નહિ. કારણકે તમારા વરદાનથી મારા સ્વામીથી મને સો પુત્રો થાય ત્યાં સુધી હું સૌભાગ્યવંતી રહેવાની છું. હે પ્રભો ! આપે મારા ઉપર મોટી કૃપા કરી અને આપને બહુ પરિશ્રમ પહોંચ્યો. હવે આપ મારા સ્વામીને મારે સ્વાધિન કરી સુખેથી સ્વધામ પધારો. ”

આ પ્રમાણે સાવિત્રીની યુક્તિથી યમરાજ બંધાઈ ગયા અને પ્રસન્ન થઇ બોલ્યા કે, “ હે સતી ! તમે ધર્મવાળાં મધુર વચનોથી મને જીતી પતિવ્રતપણાને સિદ્ધ કર્યું છે. હે સાવિત્રી ! તમારૂં કલ્યાણ થાઓ અને સત્યવાન સજીવન થાઓ. હવે સત્યવાન સાથે આ જગતને શોભાવતાં ધર્મ અને યશ આપનારૂં સુખરૂપ જીવન ગાળતાં પૃથ્વીનું રાજ્ય ભોગવો. તમારા સતીત્વપણાથી હું ઘણો જ ખુશી થયો છું.” સાવીત્રીને એ પ્રમાણે વરદાન આપીને ધર્મરાજા ત્યાંથી અંતર્ધાન થઇ ગયા. આથી સાવિત્રી પાછી ફરી અને જે વૃક્ષ નીચે સત્યવાનનું શરીર પડયું હતું ત્યાં આવી પહોંચી, અને આનંદથી પતિનું સુંદર મસ્તક પોતાના ખોળામાં લઇ ધીમેથી માથા ઉપર હાથ મૂકયો એટલે તેનામાં ચેતન આવ્યું અને જેમ માણસ ભરઉંઘમાંથી જાગે તેમ આળસ મરડી જાગ્રત થઇ બેઠો થયો.

સત્યવાન જીવતો થયો. પછી બોલ્યો કેઃ “ હે પ્રિયે ! હું ઘણીવાર સુધી તારા ખોળામાં ઉંઘી ગયો છું. રાત્રી પડી ગઈ છે, વખત થઈ ગયો છતાં તમે મને કેમ ન જગાડયો ? મને ઘસઘસાટ ઉંઘ આવ્યા પછી એક ભયંકર સ્વપ્નું આવ્યું હતું તેમાં જાણે મને એક ભયંકર અને બળવાન પુરુષ બાંધીને લઇ જતો હતો અને તું મને છોડાવવા પ્રાર્થના કરતી પાછળ પાછળ આવતી હતી. છેવટે તારા સતીત્વપણાથી તેણે મને છોડી દીધો અને મારી આંખ ઉઘડી ગઇ. આવું ભયંકર સ્વપ્ન મને કોઈ વખત આવ્યું નહોતું. ”

આ સાંભળી સત્યવાને હસીને કહ્યું કેઃ “ વ્હાલા, માણસોને માથુ દુઃખે છે ત્યારે એવાં જ ખરાબ સ્વપ્નાં આવે છે. માટે તેનો વિચાર કરવો નહિ. હે પ્રભો ! હવે આપ જાગ્રત થયા હો તો ચાલો

હવે આશ્રમમાં જઈએ. કારણકે આપણાં વૃદ્ધ માતાપિતા મોડું થવાથી ખેદ કરતાં હશે. માટે ચાલો હવે જઈએ."

સાવિત્રીનાં વચન સાંભળી પ્રસન્ન થયેલો સત્યવાન તરત જ સાવધાન થઇને ઘેર જવા તૈયાર થયો. પછી બંને જણાં આશ્રમ તરફ જવા લાગ્યાં.

આશ્રમમાં રાત પડવા છતાં સત્યવાન અને સાવિત્રી ન આવવાથી વૃદ્ધ રાજારાણી ચિંતા કરતાં તેમને શોધવા વનમાં નીકળ્યાં હતાં. રાજા યમનું વરદાન મળવાથી દેખતો થયો હતો. તેથી આગળ ચાલતાં પુત્ર અને પુત્રવધુને આવતાં જોઇ આનંદ પામ્યો.

આ પ્રમાણે સાવિત્રી અને સત્યવાન તે દિવસે આશ્રમે આવ્યાં. સત્યવાનનો જીવ બચ્યો અને સાવિત્રીના આનંદનો પાર રહ્યો નહોતો. બીજે દિવસે શાલ્વ દેશમાંથી પ્રધાન મંડળે આવી ધુમત્સેન રાજાને બોલાવી રાજ્યાભિષેક કર્યો અને સત્કારપૂર્વક દેશમાં તેડી ગયા. તે પછી તે શાલ્વદેશનું રાજ્ય સંપાદન કરી સુખમાં દિવસ ગાળવા લાગ્યા. બીજી તરફ સાવિત્રીના પિતાને ત્યાં પણ પુત્રો થયા. સતી સાવિત્રીદેવીના પ્રતાપથી પતિ જીવતો થયો. સાસુ સસરો દેખતાં થયાં, રાજ્ય મળ્યું. પોતાના બાપને પુત્રો થયા અને પોતાને પણ સો પુત્રો થયા. સ્ત્રીને પતિસેવા કરવી એજ પરમ દૈવત રૂપ છે. સતીપણું પાળવું એ સ્ત્રીનો ધર્મ છે. સતી સ્ત્રી ધારે છે તે કરી શકે છે.

આ પછી સાવિત્રીએ સેંકડો વર્ષ સુધી પોતાના પતિ સાથે રાજ્યવૈભવ ભોગવ્યા અને ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા રાખી પતિસેવા કરતાં આનંદમાં દિવસો ગાળ્યા હતા.

લ્યો બ્હેન ! હવે મોડું થયું છે. આપણે પણ આવી સતી સ્ત્રીઓની વાતો સાંભળી તેમના જેવા પતિવ્રતપણાને પાળતાં શીખીએ તો આપણે સુખી થઇએ.

ગુણવંતી—" બ્હેન ! આજે તો બહુ જ સારી વાતો કહી. અમે તો તમારો જેટલો ઉપકાર ન માનીએ તેટલો ઓછો છે. આવી બીજી સતીઓની વાતો રોજ અમને કહેતાં જજો. જો કંઈ અમારો મનખો સુધરે તો ! "

ચન્દ્રકાંતા—" બેન, કાલે વળી સીતા જેવાં જ દમયંતી નામનાં સતી થઈ ગયાં છે તેની વાત કહીશ. આજે તો હવે બંધ કરીશું. " આ પછી સર્વે ઉઠીને જાય છે.

પ્રકરણ ૪ થું.

પત્નીનો પતિ પ્રત્યેનો ધર્મ.

મોહનરાયને ચન્દ્રકાન્તાએ સર્વ વાત કહી સંભળાવી. ચન્દ્રકાંતાની આ વાત સાંભળી મોહનરાયને આનંદ થયો. તેણે કહ્યું કે: "તેં ઘણું જ સારૂં કરવા માંડયું છે. સતી સ્ત્રીઓનાં જીવનચરિત્રો સાંભળી ઘણી સ્ત્રીઓ સુધરી જશે. આપણાથી બને તેટલાં બીજા માણસોનાં જીવન સુધારવાં જોઇએ. તેમાં ઘણાનો ઘરસંસાર સ્ત્રીઓ હઠીલી અને અજ્ઞાન હોવાથી દુઃખમાં જાય છે. આ જગતમાં સ્ત્રીઓને સુધારવા જેવું બીજું પુણ્યનું કામ નથી. સ્ત્રીઓ સમજણી, પતિ તરફ પોતાની શું શું ફરજ છે તે જાણનારી અને ઘરમાં સર્વને આનંદ આપનારી હોય છે તો તે ઘરમાં ક્લેશ થતો નથી. માટે આ ઘણું જ ઉત્તમ કામ છે." પોતાના પતિની આજ્ઞા મળવાથી ચન્દ્રકાન્તાને હર્ષ થયો અને વધુ ઉમંગથી તેણે પોતાનું કામ બજાવવા માંડયું.

બીજે દિવસે રોજના નિયમ પ્રમાણે સર્વ સ્ત્રીઓ આવી. એકેએક સર્વ સ્ત્રીઓને આ વાતની ખબર પડી તેથી હવે નવરી બેસી લોકોની કુથલી કરવાને બદલે ચન્દ્રકાન્તાને ત્યાં સર્વ ભરાવા માંડી. ચન્દ્રકાન્તાને તે કેટલુંક ઘરનું કામ પણ કરવા લાગતી. ચન્દ્રકાન્તાનો સુશીલ અને પ્રેમાળ સ્વભાવ જોઈ સર્વ સ્ત્રીઓ તેના પ્રત્યે પ્રેમ રાખતી. સર્વના આવી ગયા પછી તેણે પ્રથમ દમયંતીનું ચરિત્ર કહેવા માંડયું.

સતી દમયંતી અને નળરાજા.

દમયંતીએ પૂર્વે થઇ ગયેલા વિદર્ભ દેશના રાજા ભીમકની પુત્રી હતી. દમયંતી રૂપાળી તેજસ્વી અને સૌમ્ય હતી. વિદર્ભ દેશના કવિઓ દમયંતીનાં બીજા દેશના રાજાઓ પાસે ઘણુંજ વખાણ કરતા હતા. તેમાંના કોઇ કવિએ નિષધ દેશમાં વીરસેનનો પુત્ર નળ રાજા રાજ્ય કરતો હતો તેના આગળ દમયંતીનાં વખાણ કર્યાં તે સાંભળી તે કન્યા ઉપર નળને પ્રીતિ ઉત્પન્ન થઇ અને દમયંતી જો પોતાની સાથે લગ્ન કરે તો કેવું સારૂં એવો વિચાર કરવા લાગ્યો. તેને દમયંતીના જ વિચારો આવતા. બીજા કશામાં મન ચોટતું નહિ. એક વખતે તે રાજમહેલના બાગમાં દમયંતી સંબંધી વિચાર કરતો ફરતો હતો ત્યાં કેટલાક હંસો અને હંસીઓ આવ્યા અને વિલાસ કરવા લાગ્યાં. તેમને પરસ્પર આનંદ કરતા જોઇ નળ તેમની પાસે ગયો અને તેમના સૌંદર્યને જોઇ રાજાએ તેમાંના એક હંસને પકડી લીધો. એક હંસ પકડાતાં બીજાં હંસ–હંસીઓ ઉડીને કદંબના ઝાડ ઉપર બેઠાં. રાજાએ પકડેલા હંસની સ્ત્રી હંસી ઘણી વ્યાકુળ થઇ અને રાજાને શાપ આપ્યો કે ‘જેમ તમે મને મારા પતિથી વિખુટી પાડી છે તેમ તમારી સ્ત્રી તમારાથી વિખુટી પડજો.’ વળી પકડાયેલા હંસે મનુષ્યવાણીથી કહ્યું કે: “હે રાજન, તમે મને છોડી દો. હું તમને દમયંતી સાથે પ્રીતિ કરાવી આપીશ.’

દમયંતીનું નામ સાંભળી રાજાએ તેને છોડી દીધો, તે હંસ પોતાની સ્ત્રી અને બીજાં હંસોને મળી પછી વિદર્ભ દેશમાં ગયો અને જે વાડીમાં દમયંતી અને તેની સખીઓ હંમેશાં ક્રિડા કરતી હતી ત્યાં જઈ નળના ગુણો ગાવા લાગ્યો. હંસને જોઈ દમયંતી અને તેની સખીઓ પ્રસન્ન થયાં. તેણે હંસને પકડવા ઘણી યુક્તિઓ કરી તેને પકડ્યો. હંસે નળને આપેલા વચન પ્રમાણે નળનાં યશોગાન ગાઇ દમયંતીને નળની રઢ લગાડી. નળને મેળવી આપવાનું હંસે વચન આપી ત્યાંથી તે છુટ્યો અને નળને આવી વાત કરી. હંસના ગયા પછી દમયંતીને નળને માટે એવો મોહ લગાડ્યો કે તે રાત્રિ દિવસ નળને પરણવાના વિચારો આવ્યા કરતા.

દમયંતી ઉમ્મર લાયક થતાં ભીમક રાજાએ દેશદેશના રાજાઓને કંકોત્રી લખી સ્વયંવર રચ્યો. નારદજીએ તે વાત જાણી

સ્વર્ગમાં જઈ દેવોના આગળ દમયંતીના રૂપગુણની પ્રશંસા કરી અને સ્વયંવર રચાય છે તે પણ કહ્યું. નારદની વાત સાંભળી, ઇંદ્ર, યમ, અગ્નિ અને વરુણ દમયંતીને વરવાની ઇચ્છાથી વિમાનમાં બેસી પૃથ્વી ઉપર ગયા. તેમણે સ્વયંવરમાં જતા નળ રાજા રસ્તામાં મળ્યા. નળને જોઇ તેમણે કહ્યું કેઃ 'હે રાજા, તમે સત્યવાદી છો માટે અમારૂં કામ કરો.' દેવોની વાત સાંભળી નળે કહ્યું કેઃ 'શું કામ છે તે કહો. હું તમારૂં કામ કરીશ.' આ સાંભળી દેવોએ દમયંતી પોતાને વરે તે કામમાં નળરાજાની મદદ માગી અને નળે તેમના દુત થઈ તેમને મદદ કરવાનું કબુલ કર્યું.

સ્વયંવર રચાયો હતો ત્યાં જઈ નળ દેવના દુત થઇ દમયંતી પાસે ગયા. તેને જોઇ દમયંતી ઘણીજ આનંદ પામવા લાગી. નળે કહ્યું કેઃ 'હું તો મનુષ્ય છું જેથી મને પરણવા કરતાં આ દેવો આવ્યા છે તેમાંના કોઈ એકને પસંદ કરીને વરો કે જેથી તમને સ્વર્ગના સુખ વૈભવો મળશે.' દમયંતીએ આ સાંભળી કહ્યું કેઃ "હે રાજા! મેં જ્યારથી આપની પ્રશંસા સાંભળી છે ત્યારથી હું મને કરી આપને વરી ચુકી છું, માટે હવે આપ મને દેવલોકને પરણવાનું કહો નહિ." તેની વાત સાંભળી નળરાજાએ પાછા જઈ દેવતાઓને સમાચાર જણાવ્યા કે દમયંતી તો તમને વરવાનું ના કહે છે. બીજે દિવસે વર પસંદ કરવા દમયંતી હાથમાં વરમાળ લઇ સ્વયંવરમાં ગઇ. ત્યાં દેશદેશના રાજકુંવરો મોટી મોટી આશાથી બેઠા હતા. છેલ્લે નળ રાજા બેઠા હતા. તેમને જોઈ તે નળરાજા પાસે ગઈ. ત્યાં જઇ જુએ છે તો નળના જેવાજ રૂપવાળા છ જણને બેઠેલા દીઠા, પરંતુ ખરા નળને ઓળખી ન શકવાથી ગભરાવા લાગી. તેથી તે બોલી કેઃ—'હે દેવતાઓ, હંસનાં વચન સાંભળીને હું જે નળરાજાને મને કરી વરી ચુકી છું તે નળરાજાને આપ જ મને બતાવો. કારણકે આપ સત્યના પ્રેરક છો, અને આપે લીધેલાં તેમના જેવાં રૂપ બદલી આપના અસલ રૂપે દર્શન આપો.'

આ સાંભળી દેવતાઓ શરમાયા અને પોતાનાં રૂપ ધારણ કરી દમયંતીની પ્રશંસા કરી નળને બતાવ્યો. ખરા નળને ઓળખી દમયંતીએ પ્રસન્નતાથી તેને કંઠમાં વરમાળ આરોપી. આથી હર્ષ પામી નળરાજાએ તેને કહ્યું કેઃ "હે દેવી! દેવોની રૂબરૂ જે પ્રેમને લીધે તમે મને પસંદ કર્યો તે જ પ્રેમથી તમે મને તમારો સ્વામી

જાણજો.” જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું તમારો છું એમ માનજો. ’ આ પછી દેવો તેમને આઠ વરદાન આપી ચાલતા થયા, પણ દમયંતી ઉપર પ્રેમવાળો કળીયુગ તેથી ગુસ્સે થઇ તેમનામાં વિક્ષેપ પાડવાની તક શોધવા લાગ્યો.

ભીમકરાયે મોટી ધામધુમથી તેમનાં લગ્ન કર્યાં પછી કેટલોક વખત નળ સાસરે રહ્યો. પછી યોગ્ય પહેરામણી આપીને રાજાએ વર કન્યાને વરાવ્યાં. આ પ્રમાણે એક બીજાના ઉપર પ્રેમ રાખનાર આ દમ્પતી પરણીને સુખ વૈભવ ભોગવવા લાગ્યાં. તેમણે એક બીજાના પર પ્રેમ અને આનંદમાં ઘણો કાળ ગાળ્યો. કળીયુગ તો તેમનામાં કાંઇ દોષ થાય છે કે પોતે વેર લઇ શકે તેની તક શોધતો હતો. એક વખતે નળ રાજા જાજરૂ જઇ આવી હાથ પગ ધોવામાં જરા પગ કોરો રહી ગયો છતાં મહેલમાં ગયો. કળીયુગે આ લાગ આવેલો જોઈ તેમનામાં પ્રવેશ કર્યો. નળરાજામાં કળીનો પ્રવેશ થતાં તે નીચ કામ કરવા લાગ્યા. કળીએ નળના ભાઇ પુષ્કરને ઉશ્કેરી નળ સાથે જુગાર રમવા પ્રેર્યો. પુષ્કરની માગણીથી નળ રમવાને કબુલ થયો. પાસામાં કળીએ પ્રવેશ કર્યો તેથી નળ હારતો ગયો. આથી તેણે પોતાનું સર્વ રાજ્યપાટ જુગારમાં ખોઈ દીધું અને વનમાં જવા વખત આવ્યો. દમયંતીએ પોતાનાં બાળકોને પીયેર મોકલ્યાં અને પતિસેવા કરવાની ઇચ્છાથી તે નળની સાથે એક વસ્ત્રભેર વનમાં ચાલી નીકળી.

કેટલોક વખત પગે ચાલતાં આ દમ્પતીને ભૂખ લાગી. કોઈ દિવસ પગે ચાલે નહિ, તડકાનું મોં જુવે નહિ, હાં કહેતાં હજારો હજુરીયા આવી ખડા થાય તેવી સ્થિતિનો ત્યાગ કરી ભૂખે અને તરસે આ રાજા રાણીએ વનમાં ખરા બપોરે રખડવા માંડ્યું. તેવામાં એક પક્ષીને જોઇ તેને પકડવા નળે પોતાનું વસ્ત્ર તેના ઉપર નાંખ્યું. આ પક્ષીનું રૂપ કળીએ લીધું હતું તેથી તે વસ્ત્ર લઇ ઉડી ગયું અને નળરાજા નગ્ન થઇ રહ્યો. આ વખતે નળે દમયંતીને દુઃખી થતી જોઇ કહ્યું કે: “ હે દેવી ! તું પીયેર જા ? આ વન જાંખરાંમાં મારી સાથે શું કરવા રખડે છે ? મારૂં લાગ્યું હું ભોગવી લઇશ ! ” આ સાંભળી દમયંતીએ કહ્યું કે:–“ હે પ્રભો ! આપ મારા દુઃખથી દુઃખી થાવ નહિ. હું તમારી સાથે સુખદુઃખ ભોગવવાને જ સરજાયલી છું, તો આ દુઃખ વખતે તમને મૂકી કેમ જઉં ? આપ જો મારે પીયેર આવો તો આપણે બંને ત્યાં જઇએ, પણ આપને અહિં

એકલા મૂકી હું તો નહિ જઉં. સ્ત્રીઓનો ધર્મ છે કે પતિ જેવી સ્થિતિમાં હોય તેવી સ્થિતિમાં રહી તેની સેવા કરવી જોઇએ. માટે હું તો આપની સાથેજ રહીશ."

આ પછી તે ઘણે દૂર આગળ ચાલી નીકળ્યા. ચાલતાં થાક લાગવાથી એક ઝાડ તળે બંને જણ રાતવાસો ગાળવા માટે સુઇ ગયાં. થાક અને ભૂખથી દમયંતી તો ઘસઘસાટ ઉંઘી ગઇ, એટલે નળ જાગ્યો અને વિચાર કર્યો કે: "અરે, મારે લીધે સુકુમાર સ્ત્રી દુઃખ પામે છે માટે જો હું એને અહિં મૂકી ચાલ્યો જઉં તો પછી તે એકલી પડતાં તેને પીએર જશે." એમ વિચાર કરી તેણે દમયંતીનું અર્ધું વસ્ત્ર ફાડીને પહેરી લીધું અને નિર્દય થઇ તેને સાં ઉંઘતી મૂકી ચાલી નીકળ્યો.

સવાર થતાં દમયંતી જાગી તો નળને જોયો નહિ તેથી તે ઘણી જ દુઃખી થઇ. તે રડતી કકળતી તેને ખોળવા વનમાં આમતેમ રખડવા લાગી. તે નળના વિયોગે ભાન વગરની બેબાકળી બની ગઇ હતી. આગળ ચાલતાં એક અજગર મોં વકાસી પડયો હતો તેના મુખમાં તેનો પગ પડયો. અજગરે તેને ગળવા માંડી, તે જોઇ તેણે બૂમો પાડી એટલે એક પારધીએ આવી અજગરને મારી નાંખી તેન છોડાવી. પારધીએ દમયંતી જેવી સ્વરૂપવાન કોઇ સ્ત્રી જોઇ નહોતી, તેથી તેને જોઇ તેનું મન લલચાયું અને વનમાં એકલી જોઇ તેની લાજ લેવા તૈયાર થયો. દમયંતી સતી હતી. તે ગમે તેવી સ્થિતિમાં પણ પોતાના પતિ સિવાય અન્ય પુરુષનો સ્પર્શ કરે તેમ નહોતું. તેણે પોતાનો જીવ બચાવનાર પારધીને ઘણા કાલાવાલા કર્યા અને કહ્યું કે: 'ભાઇ, હું સતી છું. મને ન અડકીશ. હું તારી ઇચ્છા પ્રમાણે તારે વશ થઉં તેમ નથી.' આમ છતાં તેણે ન માન્યું અને સતીને એકલી જોઈ તે બિચારી શું કરવાની છે, તેમ માની તેની સાથે જબરજસ્તી વાપરી, પોતાની લંપટ ઇચ્છાને તૃપ્ત કરવા તૈયાર થયો. દમયંતી સતી હતી. તેણે તેને પોતાની ઉપર બળાત્કાર કરવા આવતો જોઇ શ્રાપ આપ્યો અને તેથી તે પારધી ભષ્મ થઇ ત્યાં જ પડયો. સતીની લાજ રહી.

આગળ જતાં એક વણઝારાની પોઠ મળી તેની સાથે દમયંતી ચાલવા લાગી. વણઝારાની પોઠમાં પણ જંગલી હાથીઓથી ઉપદ્રવ થવાથી તેણે દમયંતીને કોઈ પીશાચીણી હશે એમ ધારી કાઢી મૂકી.

તે રખડતી રખડતી ચેદી દેશમાં ગઇ અને ત્યાં સુબાહુ રાજાની બ્હેન સુનંદાની દાસી થઇને રહી.

નળ દમયંતીને મૂકી આગળ ચાલ્યો ગયો. ત્યાં કેટલેક દૂર ગયા પછી એક જગ્યાએ દવ બળતો હતો તેમાંથી 'બચાવો, બચાવો,' એવો શબ્દ તેના સાંભળવામાં આવ્યા. તેથી નળે તે તરફ જોયું તો એક નાગ દાવાનળમાં બળતો જણાયો. તેને નળે અગ્નિમાંથી બહાર ખેંચી કાઢયો. બહાર આવતાં જ તે નાગે નળને ડંખ માર્યો જેથી રાજા બેડોળ બની ગયો. નાગનું નામ કર્કોટક હતું. તેણે રાજાને કહ્યું કેઃ 'હું તમારૂં ભલું કરવા તમને ડંખ્યો છું. તમે હાલ અયોધ્યાના રાજા ઋતુપર્ણને ત્યાં સારથી થઇને બાહુક નામ આપીને રહેજો. જ્યારે તમને તમારૂં અસલ રૂપ લેવાની ઇચ્છા થાય ત્યારે મારૂં સ્મરણ કરજો એટલે અસલ રૂપે થશો.' આ પછી સાપ ચાલ્યો ગયો, અને નળ પણ ત્યાંથી આગળ ચાલ્યો. તે અયોધ્યાના રાજા ઋતુપર્ણને ત્યાં સારથી થઇને રહ્યો.

વિદર્ભ રાજાને નળ અને દમયંતી વનમાં નીકળ્યાં છે એ વાતની ખબર પડતાં તેમને શોધવા માણુસો મોકલ્યા, તેમાં એક સુદેવ નામનો બ્રાહ્મણ તેમને ખોળતો ખોળતો ચેદી રાજાને ત્યાં આવ્યો. તેણે દમયંતીને ઓળખી અને દમયંતીએ તેને પણ ઓળખ્યો, એટલે ત્યાં વાત પ્રકટ થઇ. સુનંદાની મા એ દમયંતીની માસી થતી હતી તેથી તે દમયંતીને દાસી તરીકે રાખી જાણી ઘણી જ ખેદ કરવા લાગી. પછી તેને વિદર્ભ દેશમાં તેના બાપને ત્યા મોકલી.

દમયંતી પીએર જઇને પતિ વિયોગથી રહેવા લાગી. તેણે પોતાની માતાને પતિની શોધ કરવાનું કહ્યું. જેથી તેણે ભીમક રાજાને કહી નળની શોધ કરવા બ્રાહ્મણો દેશેદેશ મોકલ્યા. દમયંતીએ બ્રાહ્મણને આ પ્રમાણે દેશે દેશ બોલવાનું કહ્યું કેઃ "હે કપટી! અઘોર વનમાં અર્ધું વસ્ત્ર કાપી સૂતેલી સ્ત્રીનો ત્યાગ કરી ગયા એ તમને ઘટે નહિ, કેમકે પતિએ પોતાની સ્ત્રીનું ભરણપોષણ અને રક્ષણ કરવું એ તેનો ધર્મ છે." આમ બોલતો બોલતો એક બ્રાહ્મણ અયોધ્યામાં ગયો. તેને આવું બોલતાં સાંભળી નળ જે બાહુકનું રૂપ ધરી ત્યાં રહ્યો હતો તેણે એકાંતમાં લઇ જઈ કહ્યું કેઃ "જે કુળવાન સ્ત્રી દુઃખી હાલતમાં આવ્યા છતાં પણ પોતાના શીયળને સાચવે છે તે સ્વર્ગને પામે છે. પોતાના નિર્વાહ વાસ્તે પક્ષીને પક-

ડવા જતાં જેનાં વસ્ત્ર હરણ થયાં છે એવો પોતાનો પતિ પાછો આવે તો તેના પર ક્રોધ ન કરવો." આ સાંભળી બ્રાહ્મણે પાછા આવી આ વાત દમયંતીને કહી. દમયંતીએ જાણ્યું કે તેજ નળ રાજા છે. તેથી તેને બોલાવી મંગાવવા અને વધુ ઓળખાણ થાય તે માટે તેણે યુક્તિ રચી કે:—ઋતુપર્ણ રાજા પાસે જઈ કહેવું કે 'દમયંતીનો ફરી સ્વયંવર થાય છે માટે જો ઇચ્છા હોય તો આજેને આજે ત્યાં આવો.' બ્રાહ્મણે જઈ ઋતુપર્ણ રાજાને આ વાત કહી તેથી રાજાએ નળરૂપે રહેલા બાહુક સારથીને આ વાત જણાવી.

રાજાની વાત સાંભળી નળે વિચાર કર્યો કે 'શું દમયંતીનો ફરી સ્વયંવર થતો હશે ? હશે જોઇએ તો ખરા કે શું થાય છે.' એવો વિચાર કરી તેણે રાજાને ધારેલા સમયે ત્યાં પહોંચાડવાનું કહ્યું. નળ ઘોડા હાંકવામાં કુશળ હતો. તેણે રથ જોડયો અને રાજાને બેસાડી ઘોડાને વાયુવેગે હાંક્યા. રસ્તામાં ચાલતા એક બેઢાના વૃક્ષને જોઈ રાજાએ તેનાં શાખા, પાંદડાંની ગણત્રી કરી તરત કહ્યું કે: "જો બાહુક ! આ વૃક્ષને પાંચ કરોડ પાન ને બે હજાર ફળ છે." નળે તરત રથ ઉભો રાખી ગણત્રી કરી તો ખરૂં પડયું તેથી રાજાને કહ્યું કે 'તમે મને આ વિદ્યા શીખવાડો તો હું તમને મારી અશ્વવિદ્યા શીખવીશ.' રાજાએ તેને ગણવાની અને પાસા નાંખવાની વિદ્યા શીખવાડી. એથી કળીયુગ તેનામાંથી નીકળી ગયો અને તેને સુબુદ્ધિ પ્રાપ્ત થઈ. રાજાએ અશ્વવિદ્યા પોતાની મરજીમાં આવે ત્યારે શીખવાનું કહેવાથી નળે રથ ચલાવ્યો ને ધારેલા સમયે કુંદનપૂરમાં પહોંચી ગયા.

રથના પરડાંનો અવાજ સાંભળી દમયંતીએ વિચાર કર્યો કે જરૂર નળ વગર આવા ઘોડા કોઇ હાંકી શકે તેમ નથી. તેણે અગાસીમાં ચઢી જોયું તો ઋતુપર્ણ રાજાને ઓળખ્યો પણ રથ હાંકનાર સારથી જે નળ હતો તેનું રૂપ બેડોળ હોવાથી ઓળખી શકી નહિ. જેથી દમયંતીએ દાસીને સારથીની તપાસ કરવા મોકલી. તેણે જઈ બાહુકને પૂછ્યું કે 'તમે કોણ છો અને કેમ આવ્યા છો ?' બાહુકે કહ્યું કે 'દમયંતીનો સ્વયંવર થવાનો છે માટે રાજા આવ્યા છે.' હું નળ રાજાનો સારથી હતો તે નળ વનમાં જવાથી ઋતુપર્ણને ત્યાં રહ્યો છું. તેને બ્રાહ્મણ જોડે મોકલેલા સંદેશાની વાત કરી. તે સાંભળી બાહુક રડી પડયો પણ જવાબ ન આપ્યો. દાસીએ આવી દમયંતીને વાત કરી તો તેણે નક્કી જાણ્યું કે તેજ નળ છે.

દમયંતીએ તેની પરીક્ષા કરવા માબાપની આજ્ઞા લઇ તેને પોતાના મહેલમાં એકાંતમાં બોલાવ્યો અને કેટલાંક વચનો કહ્યાં. તેની પાસે વગર દેવતાએ રસોઈ બનાવરાવી. ખાલી ઘડા આપી તેમાં પાણી ભરાવ્યું. રસોઇ કરાવી જમી વિગેરે પરીક્ષાથી તેને ખાત્રી થઇ કે તે નળ જ છે પણ રૂપ બેડોળ છે. તેના સામું જોતાં તે પરસ્પર રડી પડયાં. દમયંતીના જવાબમાં તેણે કહ્યું કેઃ "દુષ્ટ કલીને લીધે ભમીત થયેલી બુદ્ધિથી આ બધું થયું છે. એમાં મારો દોષ નથી." આ સાંભળી દમયંતીએ કહ્યું કેઃ "તમારૂં રૂપ કેમ બદલાઈ ગયું ? આ છોકરાં તમને જોઈ બ્હીવે છે." નળે કહ્યું કેઃ—"દુઃખ સ્હેવાને માટે આ મારૂં રૂપ બદલાયું છે." એમ કહી કર્કોટક નાગનું સ્મરણ કર્યું એટલે મુળરૂપ પ્રમાણે નળ બની ગયો. જેથી તેને ઓળખી દમયંતી અને છોકરાં રાજી થયાં. તેમનો ઘણા દિવસનો વિયોગ મટયો. તેનાં સાસુ સસરો પણ પ્રસન્ન થયાં. તે જોઈ ઋતુપર્ણ રાજા પણ આનંદ પામ્યો અને વગર ઓળખે નળ પાસે સારથીનું કામ કરાવ્યું તેથી દિલગીર થયો. થોડા દિવસ નળ અને દમયંતી કુંડિનપુરમાં રહ્યાં. પછી બાળકોને લઇ દેશમાં ગયાં. ઋતુપર્ણ પાસેથી નળ જુગાર રમતાં શીખ્યો હતો એથી પુષ્કર સાથે જુગાર રમી સર્વ રાજ્યપાટ જીતી લીધું અને દમ્પતી સુખમાં રહેવા લાગ્યાં.

આ પ્રમાણે જુગાર રમવાથી નળને મહાદુઃખ પડયું, રાજ્યપાટ ગયું, પત્નીનો વિયોગ થયો અને સારથીપણું કરવું પડયું આવી જ રીતે પૂર્વે પાંડવોએ કારવો સાથે જુગાર રમીને રાજ્યપાટ ખોયું હતું અને તેમની સતી સ્ત્રી દ્રૌપદીને પણ દમયંતીની માફક અનેક પ્રકારનું દુઃખ પડયું હતું, છતાં પણ તેણે પોતાના સતીત્વને નષ્ટ થવા દીધું નહોતું.

બ્હેન ! સ્ત્રીઓએ ગમે તેવી સ્થિતિમાં પણ પતિવ્રતપણું પાળવું જોઇએ. પતિ ગમે તેવો હોય તો પણ તેની સેવા કરવામાં, તેની આજ્ઞા પાળવામાં, તેને અનુકુળ રહેવામાં અને તેને પ્રસન્ન રાખવામાં સ્ત્રીનું શ્રેય છે. દમયંતીને પતિને લીધે આટઆટલું દુઃખ પડયું છતાં પણ તેણે પોતાનો ધર્મ તજ્યો નહિ અને સતીત્વપણાને ટકાવી રાખ્યું. તેમ આપણે પણ આપણા પતિની સેવા કરી પતિવ્રતપણાને પાળવું જોઇએ. જે સ્ત્રી પતિવ્રતા અને પતિપ્રાણા થઇને સર્વદા ખુશીથી સ્વામીની સેવા ચાકરી કરે છે તેજ ધર્મભાગીની છે. સ્ત્રી

અને પુરુષ બેના યોગથી ઘરસંસાર ચાલે છે. પતિએ સ્ત્રીનું ભરણ-પોષણ કરી રક્ષણ કરવું જોઇએ તેથી તે સ્ત્રીનો ભર્તા કહેવાય છે. સ્ત્રીનું પાલન કરવાથી તે પતિ કહેવાય છે. સ્ત્રીની કામના પુરી કરનાર હોવાથી કાન્ત, પ્રીતિ આપવાથી પ્રિય, સ્ત્રીશરીરનો તે ધણી હોવાથી સ્વામી અથવા ધણી અને પતિ એ સ્ત્રીના પ્રાણને આધાર આપતો હોવાથી પ્રાણનાથ કહેવાય છે. તે સ્ત્રીને ઐશ્વર્ય આપતો હોવાથી તેનો ઇશ કહેવાય છે. માટે સ્ત્રીએ સર્વ કાળમાં પોતાના પતિની સેવામાં જ મન રાખવું જોઇએ.

જુવો બ્હેન! આજે ઘણી સ્ત્રીઓ પોતાની પોતાના પતિ પ્રત્યે શી શી ફરજો છે તે જાણતી નથી, અને તેથી વારંવાર પોતાના પતિને દુઃખ થાય તેવી રીતે વર્ત્તે છે. સ્ત્રીએ પોતાના પતિ ઉપર પ્રીતિ રાખવી, તેની મરજી સાચવવી, તેની આજ્ઞા પાળવી, અને તેની દેવની પેઠે પરિચર્યા કરવી જોઇએ. પતિ એજ સ્ત્રીનો સંસારમાં સાચો સાથી છે. સ્ત્રીને પતિની સેવા કરવા વગર પતિની આજ્ઞા સિવાય બીજું ધર્મ, વ્રત, દાન કે તીર્થ કરવાનાં કહ્યાં નથી. પતિ જે શુભ કર્મો કરે છે તેમાંથી તેની સ્ત્રીને અર્ધું ફળ મળે છે. માટે સ્ત્રીને તો પતિસેવા એજ ગુપ્તધન છે. તે વડેજ અનેક વૈભવો મળી શકે છે. પતિવડે જ સ્ત્રીનું સૌભાગ્યપણું કાયમ રહે છે.

સતી સ્ત્રીને માટે પતિ એજ પૂજવા યોગ્ય, જીવનના આધાર રૂપ તેના પ્રાણ સમાન પ્રિય છે. તેની સતી સ્ત્રીએ નિરંતર ભક્તિ કરવી, તેને માન આપી પૂજ્ય ગણવો. તેનું મન દુભાય એવું કર્મ કરવું નહિ. પતિ બહારથી ઘેર આવે ત્યારે ઉભાં થઇ હસતાં હસતાં તેના સામે જઇ સત્કાર કરવો. પાણી પાવું, તેનાં કપડાં ઠેકાણે મૂકવાં. પતિને ભાવે તેવી ઉત્તમ રસોઇ બનાવી જમાડવા. પતિ ગુસ્સો કરે તો સામે સ્ત્રીએ ગુસ્સો ન કરતાં ધીરજ અને શાંતિથી સહન કરવો. પતિની ભૂલ હોય તો તે તેને ક્રોધથી નહિ જણાવતાં શાંતિ અને સ્નેહથી જણાવવા યત્ન કરવો. તેમની સાથે ઉપડતે સાદે બોલવું નહિ. તેને દુઃખમાં મદદ આપી દમયંતીની માફક સહાય કરવી. ઘરકામ વ્યવસ્થિત રાખવું. આવક પ્રમાણે પતિની આજ્ઞા અનુસાર ખર્ચ કરવો. સ્ત્રીનો જન્મ આપનાર માબાપ છે. તેનો ત્યાગ કરી તેને પોતાના પતિ સાથે જન્મારો ગાળવાનો છે, તેથી તેજ તેનો ખરો સંબંધી અને આ ભવસાગરને તારનાર છે.

સ્ત્રીના મનમાં હંમેશાં પોતાના પતિને રાજી રાખવાના જ વિચાર ચાલતા હોવા જોઇએ. શું કરવાથી પતિ પોતાના ઉપર ખુશ થાય એવા વિચાર કરી તેને સ્નેહથી વશ કરી લેવો જોઇએ. ગમે તેવો ખરાબ ચાલનો, દુષ્ટ અને ક્રોધી પતિ હશે તોપણુ તે સ્ત્રીના પ્રેમથી જીતાઈ શકશે. પતિને જે સ્ત્રી પ્રસન્ન રાખી શકતી નથી, જે સ્ત્રી પતિને સ્નેહથી પોતાનો કરી લેતી નથી તે સ્ત્રીમાં બીજી ગમે તેટલી આવડત હોય, ગમે તેટલી બુદ્ધિ હોય તોપણુ તે નકામી છે. સ્ત્રીએ હંમેશાં પતિની આજ્ઞામાં રહેવું, પતિ કહે તેમ વર્તવું. તેની રજા વગર બહાર જવું નહિ કે કોઇ કાર્ય કરવું નહિ. સતી સ્ત્રીએ તો લગ્ન થયા પછી પતિ ગમે તેવો દુષ્ટ, ઉડાઉ, માર મારનાર, લંપટ, રોગી કે કદરૂપો હોય છતાં પણુ તેના ઉપર ભાવ રાખી તેની સેવા કરવી જોઇએ. પુરુષ એ ઘરનો રાજા છે અને સ્ત્રી એ ઘરની કારભારી છે માટે કારભારી જેમ રાજાની સંમત્તિ લઈ તે પ્રસન્ન રહે તેમ રાજ્યકારભાર ચલાવે છે તેમ સ્ત્રીએ પણુ પોતાના ઘરનો કારભાર પતિ રાજી રહે તેવી રીતે તેની આજ્ઞા પ્રમાણે ચલાવવો. સ્ત્રીએ પતિની છાયા પ્રમાણે રહી, પ્રાણુ તજવો પડે તો પણુ સ્વામીના હિતમાં તત્પર રહેવું. પતિ એજ પરમાત્મા છે. સીતાજી જેવાંને પણુ રામચંદ્રજીએ વગર અપરાધે તેમને વનમાં મોકલ્યાં છતાં પોતાની પતિ ઉપરની પ્રીતિ ઓછી કરી નથી. સતી સ્ત્રી તો પતિભક્તિ કરવામાં જ જીંદગી ગુજારે છે.

જે સ્ત્રીનો પોતાના પતિ ઉપર સ્નેહ હોતો નથી, પોતાના પતિ ઉપર રહેજસાજ બાબતમાં રોષ કરી બેસે છે તે સ્ત્રીને કુલ્ટા માનવી. સ્ત્રીએ તો પોતાના પતિના તાબામાં રહી તેમની સેવા કરવામાંજ ભૂષણુ છે. તેણે નિર્મળ અંતઃકરણુથી પતિને ચ્હાવો, તેના કાર્યમાં મદદ કરવી અને તેના તરફથી મળતા પદાર્થોથી સંતોષ પામવો. પતિ સિવાય બીજો પુરુષ ગમે તેવો રૂપાળો, પૈસાદાર, યુવાન, કે વૈભવવાળો હોય છતાં પણુ તેને કાગવિષ્ટા સમાન તુચ્છ ગણુવો. તેના સામી નજર પણુ ન કરવી, કેમકે જે સ્ત્રી પરપુરુષની સાથે પ્રીતિ કરે છે તે નરકમાં પડે છે અને આલોક અને પરલોકથી પણુ ભ્રષ્ટ થાય છે. પતિવ્રતા સ્ત્રીએ પોતાનો પ્રાણુ જાય તોપણુ પોતાનું પતિવ્રતપણું છોડવું ન જોઇએ.

પતિને પુજ્ય માની તેની તન, મન અને ધનથી પ્રેમપૂર્વક સેવા

કરવી. તેને ઉત્તમ વસ્ત્રાભૂષણોથી રંજીત કરવાને બદલે સદ્દગુણોવડે જ મોહીત કરવાની આશા રાખવી. સદ્દગુણ વગરની સ્ત્રી ગમે તેટલા વસ્ત્રાલંકારોને ધારણ કરે પણ તે ખાલી ભપકા નિંદા કરવા સમાન છે. ઘણી સ્ત્રીઓ પોતાના પતિ તરફ પોતે કેમ વર્તવું તે ન સમજતાં તેને ગમે તેમ બોલે છે–ધમકાવે છે, અને ગાળો દેવાને પણ ચૂકતી નથી. હઠ કરી અપમાન કરે છે. સામું બોલે છે. પતિનો એક પણ બોલ સહન કરતી નથી. પતિ બહારથી મહેનત કરી ઘેર આવે તો તે વખતે તેની સાથે હાસ્યવિનોદ કરવાને બદલે લોકોની નિંદા કરવામાં, સાસુસસરાની કુથલી કરવામાં માથું પકવી નાંખે છે. બીજાનાં સારાં વસ્ત્રો કે ઘરેણાં જોઇ તે લાવી આપવાની પતિ પાસે હઠ કરી સતાવે છે. પોતે બેસી રહે અને પતિ પાસે કામ કરતાં શરમાતી નથી. આવી પતિને ન ગણકારનારી સ્ત્રી લોભી વૃત્તિથી ઘણીવાર ખોટે રસ્તે ચઢતાં શરમાતી નથી. કેટલીક સ્ત્રીઓ ઉપરથી સતીપણાનો ડોળ રાખી લાગ ફાવે છે ત્યારે કુકર્મ કરતી ફરે છે તે સ્ત્રીઓ નિંદવા યોગ્ય છે. આવી સ્ત્રીઓનો અવતાર હલકો ગણવો. તેમની સોબત કરવી નહિ. સુજ્ઞ સ્ત્રીએ તો પતિ તરફથી જે ચીજો મળે તેમાં જ સંતોષ માનવો. પારકી વસ્તુ કે ધનનો લોભ રાખવો નહિ.

સ્ત્રીએ સ્વતંત્ર થઈ ગમે વર્તવું નહિ. તેણે કદી પણ પતિથી સ્વતંત્ર થવાની ઇચ્છા રાખવી નહિ. તેણે હંમેશાં પોતાના પતિને આધિન રહી પતિની મરજી પ્રમાણે ચાલવું. પતિને આનંદ આપવો. પતિના સંકટ વખતે સહાય કરવી. પતિ જેવી સ્થિતિમાં હોય તેવી સ્થિતિમાં રહી સંતોષ માનવો. પતિના સંબંધી કોઇ ગમે તેવું આડું અવળું ફેરવે છતાં પણ કાચા કાન રાખી તેથી ભરમાવું નહિ. પતિમાં શ્રદ્ધા રાખવી. કદાચ તે દુરાચારી હોય તોપણ તેની સાથે પ્રેમ અને સ્નેહ રાખવો અને તેના બની જઇ સ્નેહથી સુધારવા યત્ન કરવો.

સ્ત્રી અને પુરુષ, પતિ અને પત્નીનાં પરસ્પરનાં હૃદય પ્રેમરૂપી ગાંઠથી સજ્જડ જોડાય. ગમે તેટલું દુ:ખ પડે તોપણ જુદાં ન પડે, પતિને જે પ્રિય તેજ પોતાને પ્રિય અને તેને જે અનુકુળ હોય તેજ પોતાને અનુકુળ જણાવું જોઇએ. જ્યાં આવાં પ્રેમી જોડાં હોય છે ત્યાં સ્વર્ગ સમાન સુખ મળે છે. સ્ત્રીએ પોતાના પતિપર જ અખંડ પ્રેમ રાખવો જોઇએ. કેમ બેન ખોટું કહું છું ?

ગુણવંતી—" બ્હેન, ખરૂં કહો છો. સ્ત્રીએ તો પતિની સેવા-માંજ ચિત્ત રાખવું જોઇએ. જુઓને દમયંતીદેવીએ ઓછું દુઃખ સહન કર્યું? વારૂં ત્યારે દ્રૌપદીદેવી વીશે કાંઈ કહો?"

ચંન્દ્રકાંતા—જુવો બ્હેન, તમારી મરજી છે તો દ્રૌપદીનું ચરિત્ર તમારા આગળ કહી સંભળાવું છું.

સતી દ્રૌપદી અને પાંડવો

પૂર્વે પાંચાલ દેશમાં—દ્રુપદ નામના રાજા થઈ ગયા હતા. તેમની પુત્રીનું નામ દ્રૌપદી હતું. દ્રૌપદી ઉત્તમ રૂપ અને ગુણવાળાં હતાં. તે ઉમ્મર લાયક થયાં એટલે દ્રૌપદ રાજાએ તેમને માટે સ્વયંવર રચ્યો. તે વખતે દેશે દેશના રાજાઓ ત્યાં આવ્યા હતા.

આ વખતે પાંડવો વારણાવત નગરમાં લાખાગૃહમાં રહેતા હતા ત્યાંથી મહેલ બળતાં ગુપ્ત રીતે નાસીને બ્રાહ્મણના વેશમાં ફરતા હતા. તેમને સ્વયંવરની ખબર પડવાથી તે પણ ત્યાં આવ્યા હતા. ત્યાં સ્વયંવરમાં ઉંચે લટકાવેલા મત્સ્યને તેનું પાણીમાં પડતું પ્રતિબિંબ જોઇને તે મત્સ્યને જે કોઈ બાણ વડે વીંધે તેને દ્રૌપદી વરે એવી પ્રતિજ્ઞા હતી. એ કામ ઘણા રાજાએ બાણ માર્યાં પણ ન બન્યું. છેવટે અર્જુને બ્રાહ્મણના વેશમાં ઉઠી બાણનું સંધાન કરી મત્સ્યને વીંધ્યું. જેથી દ્રૌપદીએ અર્જુનને વરમાળ આરોપી.

અહીં પાંડવોનો મુકામ એક કુંભારને ત્યાં હતો, તેથી દ્રૌપદી પણ તેમની સાથે કુંભારને ત્યાં ગઈ. ત્યાં જઇ કુન્તામાને બહારથી પાંડવોએ કહ્યું કે, "મા, મા કંઇ ભેટ લાવ્યા છીએ." તે સાંભળી કુન્તાએ કહ્યું કેઃ "ભલે, તમે પાંચ જણા વહેંચી લ્યો." આથી દ્રૌપદીનાં કોની સાથે લગ્ન કરવાં એનો નિર્ણય થઇ શકયો નહિ. માનું વચન તો પાળવું જ જોઇએ. એ પ્રમાણે વિચાર કરે છે ત્યાં વેદવ્યાસ આવે છે અને તેમની આજ્ઞાનુસાર પાંચે ભાઇઓએ દ્રૌપદીની સાથે લગ્ન કરવાં એવો નિશ્ચય કર્યો. તે પ્રમાણે દ્રૌપદરાજા-એ પણ વેદવ્યાસની આજ્ઞા માથે ચઢાવી પોતાની પુત્રી દ્રૌપદીનાં

પાંચે પાંડવો સાથે લગ્ન કર્યાં. લગ્ન થઈ રહ્યા પછી ઘણી પહેરામણી આપી વરકન્યાને વરાવ્યાં.

પાંડવો દ્રૌપદીને લઈ હસ્તિનાપુર ગયા ત્યાં તેમને રાજ્યમાં અર્ધોભાગ ધૃષ્ટરાષ્ટ્રે આપ્યો. જેથી તેમણે ઇન્દ્રપ્રસ્થ નામે શહેર વસાવી ત્યાં રહી રાજ્ય કરવા માંડયું. આ પાંચે ભાઇઓ બહાદુર હતા. અર્જુન બાણુવળી હતો. ભીમ ગદાયુદ્ધમાં બળવાન હતો. ધર્મ-રાજા ધર્મિષ્ટ હતા. સહદેવ અને નકુળ એ નાના ભાઇઓ હતા. ધર્મ, ભીમ, અને અર્જુન એ કુન્તાના પુત્રો હતા અને પાંડુરાજાની બીજી પત્ની માદ્રિના સહદેવ અને નીકુળ એ બે પુત્રો હતા. કૌરવો કરતાં પાંડવોનો રાજ્ય વૈભવ વધવા લાગ્યો તે જોઈ કૌરવો અદે-ખાઇ કરવા લાગ્યા. દુર્યોધન એ ધૃતરાષ્ટનો મોટો પુત્ર હતો. તેણે પોતાના મામા શકુનીની સલાહ લઇ પાંડવોને જુગાર રમવા તેડાવ્યા. ભાવી ભૂલાવે તેમાં કોનો દોષ ? જેમ નળે જુગાર રમી રાજ્યવૈભવનો ત્યાગ કર્યો હતો તેમ કૌરવોના બોલાવવાથી પાંડવો ધર્મરાજાને આગેવાન કરી દ્યુત (જુગાર) રમવા ગયા. આ જુગા-રમાં પાંડવોએ પોતાનું રાજ્યપાટ, સંપત્તિ સર્વે ગુમાવ્યું. છેવટે દાવમાં દ્રૌપદીને મૂકી અને તેને પણ હારી ગયા.

સ્વયંવરમાં દ્રૌપદીને વરવાની દુર્યોધનને ઇચ્છા હતી, પણ તે ઇચ્છા પુરી ન થવાથી મનમાં બળ્યા કરતો હતો. જેથી વેર વાળવા માટે દ્રૌપદીને પાંડવોના દેખતાં સભામાં એક દાસી તરીકે બોલાવી. દ્રૌપદી તે દિવસે રજસ્વલા હતી જેથી - સભામાં આવવા ના પાડી છતાં દુર્યોધનના ભાઇ દુઃશાસને તેને ચોટલો પકડીને રસ્તામાં ઘસ-ડતે ઘસડતે સભામાં ખેંચી આણી અને સભા મધ્યે દુર્યોધનની આજ્ઞાથી દુઃશાસને તેનાં વસ્ત્ર ખેંચ્યાં. આ વખતે પોતાના પતિ પાંડવો સમક્ષ કૌરવોએ અનીતિ કરવા માંડી તેથી તેને ઘણું લાગી આવ્યું. તેણે આ વખતે શ્રીકૃષ્ણની પ્રાર્થના કરવા માંડી.

નાનપણમાં એક વખતે કૃષ્ણની આંગળીએ કંઇ વાગવાથી લોહી નીકળ્યું હતું. તે વખતે તરત જ દ્રૌપદીએ પોતાની કિંમતી સાડી ફાડી પાટો બાંધ્યો હતો. તે કકડામાં ૯૯૯ તાર હતા જેથી આ વખતે શ્રીકૃષ્ણે તે સતીની લાજ રાખવા અંતર્યાળ રહી જેમ જેમ દુઃશાસન વસ્ત્ર ખેંચતો ગયો તેમ તેમ નવાં નવાં વસ્ત્રો પુરાં પાડયાં અને સતીના શીયળની રક્ષા કરી. આ વખતે દ્રૌપદીએ સભામાં

બેઠેલા વૃદ્ધ ભીષ્મપીતામહ, વિદુર, પાંડવો વિગેરે સામું જોઇ સહાય કરે તે માટે વિનંતિ કરી પણ કોઇએ દુર્યોધનને અટકાવ્યો નહિ; પરંતુ ઈશ્વર વગર તેને કોઈ સહાય કરે તેમ નહોતું. તે બુદ્ધિશાળી હતી એટલે પોતાનો બચાવ કરવા તેણે પ્રશ્ન પૂછ્યો કેઃ—"યુધિષ્ટર પ્રથમ પોતાના શરીરને હાર્યા છે કે મને હાર્યા છે?" આ સાંભળી ભીષ્મે કહ્યું કેઃ 'તે પહેલાં પોતાના શરીરને હારી દાસ બન્યા છે તેથી તમારા સ્વામી નહિ રહેવાથી તમને સરતમાં મૂકી શકે નહિ.' વળી દુર્યોધનના ભાઇ વિકર્ણે કહ્યું કેઃ 'જુગારની રમત એ અધર્મરૂપ છે માટે તેવા માણસે કરેલી ક્રિયા મંજુર કરી શકાય નહિ. વળી તમે પાંચે પાંડવની સ્ત્રી છો તેથી એક યુધિષ્ટર તમને દાવમાં મૂકી શકે નહિ. માટે ધારવા પ્રમાણે દ્રૌપદી જીતાયેલ ન ગણવી.'

આ સાંભળી ધૃતરાષ્ટે તેને વચન માગવા કહ્યું. તેણે પહેલાં પાંડવોને દાસપણામાંથી મુક્ત કરવાનું વચન માગ્યું તે તેણે આપ્યું. પછી બીજું વચન માગવા કહ્યુંઃ ત્યારે તેણે કહ્યું કેઃ "વધારે લોભ એ પાપનું મૂળ છે, માટે હવે મારાથી મગાય નહિ. મારા પતિ દાસપણામાંથી મુક્ત થશે તો તે સત્યકર્મોવડે ધારશે તે કરી શકશે." આ પછી દ્રૌપદી અને પાંચે પાંડવોને મુક્ત કર્યાં. પાંડવોને જુગારની સરત પ્રમાણે બાર વર્ષ વનમાં રહેવાનું હતું અને તેરમું વર્ષ ગુપ્તપણે રહેવું એવી સરત હતી. પાંડવો વનમાં ગયા ત્યારે સતી દ્રૌપદી પણ તેમની સાથે વનમાં ગયાં હતાં. તેમને તેમના પતિએ ઘણીએ ના કહી છતાં તેમનું મન તો પતિસેવામાં જ લાગેલું હતું તેથી તે ઘેર ન રહેતાં વનમાં ગયા. વનમાં પાંચે પતિની સેવા કરવી, તેમને જમાડવા, તેમને સહાય કરવી એ સવ તે કરતી. એક વખત શ્રીકૃષ્ણ સત્યભામાને લઇ તેમને મળવા આવ્યાં ત્યારે સત્યભામાએ તેમને કહ્યું કેઃ "તમારા પતિ તમારા ઉપર તમે એવું શું વશીકરણ કર્યું છે કે આવી પ્રીતિ રાખે છે. તમારી પાસે પતિને વશ કરવાની જે વિદ્યા હોય તે બતાવો?" આ સાંભળી દ્રૌપદીએ કહ્યું કેઃ "હે સત્યભામા! નીચ સ્ત્રીઓજ પોતાના પતિને વશ કરવા માટે કામણ ટુમણ કે મંત્ર જંત્ર કરે છે. જે સ્ત્રી પોતાના પતિને વશ કરવા માટે ભૂવા જતીને સાધી દવા દારૂ કરે છે. તે નિંદવા યોગ્ય છે."

વશીકરણ કરવાથી પતિ વશ થાય એ વાત હસવા જેવી છે.

આવું કરવામાં તો ઘણી સ્ત્રીઓએ કેટલીક ઝેરી વસ્તુ પોતાના પતિને ખવરાવી દેઈ મારી નાંખ્યા હોય છે. જો તેની વાત તેનો પતિ જાણે છે તો તેની સ્ત્રીનો વિશ્વાસ તે રાખતો નથી અને જેમ ઘરમાં રહેલા સર્પથી માણુસ નાસે તેમ તેની સ્ત્રીનો ભય ધરીને નાસે છે. પતિને વશ કરવા જે વસ્તુ ખવરાવવામાં આવે છે તેથી ઘણીવાર તેને રોગ થાય છે. માટે સતી સ્ત્રીઓ તો પતિને વશ કરવા માટે આવા ઉપાયો કરતી નથી એ તો કુલ્ટા સ્ત્રીઓનું કામ છે. સતી સ્ત્રીઓ તો પતિની આજ્ઞાનું પાલન કરીને તેમને સ્નેહથી પ્રસન્ન રાખે છે. હું તો મારા પતિઓને વશ કરવા માટે તેમની સેવા કરૂં છું. કામક્રોધાદિ દુર્ગોણોનો ત્યાગ કરી તેમની આજ્ઞા પ્રમાણે વર્તું છું. ખોટી રીતે જોવા બેસવા, અને ચાલવાથી હું બીતી રહું છું. પરપુરુષ તરફ મારી નજર સરખી પણ ફરતી નથી. હું મારા પતિને જમાડયા વગર જમતી નથી, અને સુવાડયા પહેલાં સુતી નથી. પતિ બહારથી ઘેર આવે છે ત્યારે ઉભી થઈ હસતા મુખે તેમને જળ આપી સત્કાર કરૂં છું. ઘરની વસ્તુઓ—સ્વચ્છ રાખું છું. રસોઈ હું જાતેજ મારા પતિને ભાવે તેવી સ્વાદીષ્ટ કરી વખતસર તેમને જમાડું છું.

હું મારા પતિનું કોઇ પણ વખતે અપમાન કરતી નથી, આળસુ થઈ દિવસે નકામી બેસી રહેતી નથી કે દિવસે ઉંઘતી નથી. નીચ સ્ત્રીઓની સાથે સંબંધ રાખતી નથી. કોઇની ઠઠ્ઠો મશ્કરી કરી હાંસી કરતી નથી. રસ્તા ઉપર કે બારણામાં ઉભી રહેતી નથી. ક્રોધ કરતી નથી. સાસુની આજ્ઞા પાળું છું અને તેમની સેવા કરૂં છું. પતિની ગેરહાજરીમાં અલંકાર દૂર કરી નિયમ પાળી રહું છું. સત્ય બોલું છું. પતિના કહ્યા પ્રમાણે ચાલું છું અને તેમની સેવામાં તત્પર રહું છું. સ્વામી જેનો ત્યાગ કરે તેનો હું ત્યાગ કરૂં છું. હું મારા પતિને ઇષ્ટ દેવથી પણ વધુ માનું છું. સાસુ વિગેરે વડીલો સાથે વાદવિવાદ કરતી નથી.

પતિનું આરાધન કરવામાં ભૂખ, તરસ, ઉંઘ કે થાકને ભૂલી જઉં છું. ઘરના ઉપજ ખર્ચનો હિસાબ હું રાખું છું. ઉડાઉપણે ખર્ચ કરતી નથી. ચાકરો ઉપર દેખરેખ રાખું છું. આ પ્રમાણે તમારે પણ તમારા પતિની મરજી સાચવી વર્તવું. પતિએ કહેલી ખાનગી વાત પેટમાં રાખવી, નોકરો હોવા છતાં પણ પતિનું કામ જાપણે ઉઠીને કરવું, નીચ સ્ત્રીઓની સોબત કરવી નહિ. અભિમાન

કરવું નહિ, બહુ બોલવું નહિ, મનને કબજે રાખવું. લુગડાં ઘરેણાંની લાલચ રાખવી નહિ. પતિને જે વાત અપ્રિય હોય તેનો ત્યાગ કરવો. આ પ્રમાણે વર્તશો તો શ્રીકૃષ્ણ તમારે વશ થશે." આ સાંભળી સત્યભામાએ તેમનો ઉપકાર માન્યો હતો.

એક દિવસે પાંડવો વનમાં શિકારે ગયા હતા ત્યારે પર્ણકુટીમાં દ્રૌપદી અને ધૌમ્યમુનિ એકલાં હતાં. તે વખતે દુર્યોધનનો બનેવી ને સિંધુ દેશનો રાજા જયદ્રથ ત્યાં આવી ચઢયો તે દ્રૌપદીનું રૂપ જોઈ મોહવશ થઈ ગયો. જેથી તેણે કુબુદ્ધિ કરી, અને દ્રૌપદીનું હરણ કરીને ચાલવા માંડયું. તેણે દ્રૌપદીને ઘણું સુખ આપવાનું કહી લલચાવી પણ દ્રૌપદી સતી હતી, તેથી તે તેની લાલચમાં ફસાય તેમ નહોતી. તેણે પોતાના શીયળનું રક્ષણ કર્યું. પાંડવો શિકારમાંથી ઘેર આવ્યા તો દ્રૌપદીના હરણની વાત જાણી તેથી તરત જ જયદ્રથ પાછળ દોડયા અને જયદ્રથને હરાવી દ્રૌપદીને છોડાવી પાછી લાવ્યા.

પાંડવોને બાર વર્ષ વનમાં વીતી ગયાં જેથી છેલ્લું તેરમું વર્ષ ગુપ્તપણે રહેવાનું હતું. તેથી તેઓ વેશ બદલીને વીરાટ દેશના રાજાના દરબારમાં જુદાં જુદાં નામ ધારણ કરીને નોકરીએ રહ્યા. ત્યાં ધર્મ મંત્રીનું કામ કરતા. ભીમ રસોઇનું કામ કરતા, અર્જુને વ્યંડળનું કામ કરી રાજાની પુત્રી ઉત્તરાને ભણાવાનું માથે રાખ્યું. સહદેવ અને નીકુળ પણ તે પ્રમાણે નામ બદલી નોકર રહ્યા. દ્રૌપદી પોતાનું નામ સૈરંધ્રી રાખીને વિરાટ રાજાની રાણી સુદેષ્ણા પાસે દાસી થઇને રહી. અહિ રાજાના સાળા ને રાણીના ભાઈ કૈચાકીચકની તેના ઉપર દૃષ્ટિ પડી. કીચક ત્યાં કારભારીનું કામ કરતો હતો. તેણે સૈરંધ્રીને જોઈ ત્યારથી જ તેને મેળવવાની બાજી રચી. તેણે યુક્તી રચી સૈરંધ્રીને પોતાને ત્યાં તેડાવી, અને પછી આંતરી લઈ પોતાની દુષ્ટ વાસના તૃપ્ત કરવાની માગણી કરી.

સૈરંધ્રીએ તે વખતે હિંમતથી કહ્યું કે: "હું પતિવ્રતા છું માટે મારી પાસે આવી દુષ્ટ ઈચ્છા કરવી તમને યોગ્ય નથી. સૌને પોતપોતાની સ્ત્રી વ્હાલી હોય છે તેમ હું પણ મારા પતિને વ્હાલી છું." માટે મને જવા દો અને છેડો નહિ.

આમ છતાં કીચકે માન્યું નહિ અને બળાત્કાર કરવા ગયો. દ્રૌપદી પણ ક્ષત્રિયાણી હતી. તેણે કહ્યું કે: "હે વ્યભીચારી દુષ્ટ !

તું હાથે કરી મોતને તેડાવી ન લે. મેં મને કરીને કોઈ પણ પુરુષ સાથે વ્યભિચાર કર્યો નથી. મારી ઉપર બળાત્કાર કરવા જાય છે પણ મારે પાંચ ગાંધર્વો પતિ છે તે જાણશે તો તારો જીવ લેશે." છતાં તે ન સમજ્યો અને દ્રૌપદીને પકડવા ગયો. જેથી દ્રૌપદીએ ગુસ્સે થઈ પોતાના હાથમાંનો વાડકો તેના માથામાં માર્યો જેથી લોહી નીકળ્યું. તે પંપાળવા રહ્યો અને દ્રૌપદી નાસી છુટી.

આ વાત તેણે ભીમસેનને કહી જેથી ભીમસેનને ગુસ્સો ચઢયો. તેણે સંકેત પ્રમાણે કીચકને નિશાળમાં મળવાનું સૈરંધ્રીને કહ્યું સૈરંધ્રીએ કીચકને તે પ્રમાણે નિશાળમાં આવવાનું કહ્યું અને ત્યાં ભીમે તેને મારી નાંખ્યો. તેનું ઉપરાણુ લઈ તેના સો ભાઈ સૈરંધ્રીને બાળવા તૈયાર થયા તો તે સોએ ભાઇને પણ ભીમે તેજ ચીતામાં બાળી દીધા. આ પ્રમાણે સતી દ્રૌપદીની લાજ રહી અને સતી ઉપર કુદૃષ્ટિ કરનારા માર્યા ગયા. માટે કોઇ પણ પુરુષે પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવી નહિ.

દ્રૌપદીએ આ પ્રમાણે સંકટમાં પણ પતિની સાથે રહી તેમની સેવા કરી હતી. તે વારંવાર પોતાના પતિને ઉત્સાહ અને ધીરજ આપતાં. માથે આવી પડે તે સહન કરી છુટવું એમ કહેતાં. તે સ્વભાવે શાંત, હસમુખાં, ક્ષમાશીલ અને ધૈર્યવાળાં હતાં. તેમણે વારંવાર દુશ્મનોનું વેર લેઇ રાજ્ય લેવા પતિને ઉતેજીત કર્યા હતા.

જ્યારે પાંડવોને તેર વર્ષ વનમાં પૂરાં થયાં ત્યારે તે હસ્તિનાપુરમાં ગયા પણ કૌરવોને સમજાવતાં છતાં રાજ્યમાં ભાગ ન આપ્યો તેથી પાંડવ કૌરવ વચ્ચે મહા દારૂણ યુદ્ધ થયું. તેમાં કૌરવો માર્યા ગયા અને પાંડવોને રાજ્ય મળ્યું. લડાઇ પૂરી થઇ ત્યારે દ્રૌપદીના પાંચ પુત્રો સુતા હતા તેમનો અશ્વત્થામાએ છુપી રીતે વધ કર્યો તેથી દ્રૌપદીને ઘણો કલેશ થયો. અર્જુને તે વખતે તેને શાંત કરવા માટે પોતાના પુત્રને મારનારને મારીને આજ સાંજસુધીમાં તેનું માથું તેમની પાસે લાવવાની પ્રતિજ્ઞા કરી. આ પછી અર્જુને અશ્વત્થામા સાથે ઘોર યુદ્ધ કર્યું અને તેમને બાંધીને દ્રૌપદી પાસે આણ્યા. તેમને હમણાં મારી નાંખશે એ વિચારથી દ્રૌપદીને દયા આવી અને પોતાના પુત્ર તો મરી ગયા છે તે હવે કાંઈ આ ગુરુપુત્રને મારવાથી જીવતા થવાના નથી માટે તેમને ન મારવાનું કહેવા લાગી. જેથી અર્જુને અશ્વત્થામાના માથાની ખોપરી ઉપાડી લઇ તેમને જીવતા જવા

દીધા અને દ્રૌપદીને શાંતિ આપી. આ જોઇ તેની ક્ષમાદષ્ટિ માટે શ્રીકૃષ્ણે પણ પ્રશંસા કરી હતી.

આ પ્રમાણે દ્રૌપદી દેવી મહાસતી થઈ ગયાં છે. તેમના જેવી દરેક સ્ત્રીએ પતિસેવા કરવી જોઇએ. આવી સતી સ્ત્રીઓનાં જીવન-ચરિત્ર સાંભળી આપણે તેમના જેવાં સતી બનવા પ્રયત્ન કરવો જોઇએ. આપણો આપણા પતિની સેવા કરવારૂપ મહાધર્મ છે તે ધર્મનું પાલન કરવાથી આપણે આ લોક અને પરલોક તરી શકીએ છીએ. કેમ બેન હવે કહો તો બંધ કરીએ.

આ પછી ચન્દ્રકાંતાના ગુણ ગાતી સર્વ સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઈ. ઘણી સ્ત્રીઓ ઘેર જઈ આ સતી સ્ત્રીઓની વાતો સાંભળી તે પ્રમાણે પતિસેવા કરવામાં મન પરોવવા લાગી.



પ્રકરણ ૫ મું.

પતિની પોતાની પત્ની પ્રત્યેની ફરજ.

આજે દિવસે વખતસર સર્વે ચન્દ્રકાંતાને ત્યાં ભરાયાં. હવે આ પોળમાં ચન્દ્રકાન્તાને ત્યાં સ્ત્રીઓ એકઠી થવા લાગી. આજે તેમાંની એક લક્ષ્મીબાઇ કરીને એક બાઇએ કહ્યું કે: "બેન ચન્દ્રકાંતા, આ તો તમે અમને શીખામણ આપો છો. પણ પતિની તેની પત્ની પ્રત્યે શું ફરજો છે તે વાત આજે કહો. અમે તો તમારી વાતો સાંભળી ઘણાં જ ખુશી થઇએ છીએ. આ પ્રમાણે બધી સ્ત્રીઓ ચાલે તો ઘેરે ઘેરથી કંકાસ નીકળી જાય. આ પેલી દુર્ગા તો રોજ તેના ધણીને જણુસો માટે સતાવે છે. તે બિચારાને પૂરૂં પેટ ભરીને ખાવા પણ આપતી નથી. તેમાં વળી હમણાં તેને છોકરો જન્મ્યો છે એટલે હાથ હાથ કુદે છે. ધણીનો તો હિસાબે ગણતી નથી. બીચારો સવારમાં ઉઠી ખાટલા ઉપાડે, પાણી મૂકે અને પાણી કાઢી આપે ત્યારે સુભદ્રા ન્હાય છે. જમવા બેસે તો પાણીના લોટા પણ ધણી ભરી આપે ત્યારે પાણી પીવે. રાત્રે પણ ખાટલા પાથરવાના ધણીને અને ધણી કંઇ કહે તો કહે કે: 'ખબર નથી, આ છોકરો રડે છે તે? ઉભા છો ત્યારે પાણીનો લોટો લાવતાં શું થાય છે?' વળી છણુકા છાકોટા પણ તેવા જ કરે છે. એ બિચારી દુર્ગાને કાલથી તો અહીં લાવવી છે.

અમે તો તમારો ઉપકાર જેટલો માનીએ તેટલો ઓછો છે. લ્યો બ્હેન, હું તો વળી બીજી વાતો કરવા લાગી. તમે ચલાવો.

ચન્દ્રકાંતા—“ જુવો બ્હેન ! આપણે રોજ સાંભળીએ તેથી કાંઈ ફાયદો નથી. પણ જે પ્રમાણે સાંભળીએ તે પ્રમાણે વર્તીએ ત્યારે ખરૂં. જેમ પતિની સેવા કરવી એ પત્નીનો ધર્મ છે તેમ પત્નીનું રક્ષણ કરવું, પોષણ કરવું અને તેને રાજી રાખવી એ પતિનું કામ છે. ઘણા અજ્ઞાન પુરુષો પત્નીને પોતાની કહ્યાગરી બનાવવા માટે તેને ગાળો દે છે, કેટલાક માર પણ મારે છે અને સ્ત્રીને દુ:ખ દે છે. તે પુરુષો પાપી ગણાય છે. કહ્યું છે કે: ‘ **यत्रनार्यस्तु पुज्यन्ते रमन्ते तत्र देवता:** ’ જે ઘરમાં સ્ત્રીઓનું માન સચવાય છે ત્યાં દેવતાનો વાસો રહે છે. સ્ત્રી એ લક્ષ્મીનો અવતાર છે માટે તેને સંતોષવાથી લક્ષ્મી પ્રસન્ન રહે છે. સ્ત્રી એ ઘરની દેવીતુલ્ય છે. જે ઘરમાં સ્ત્રીઓ દુ:ખી થાય છે તે કુળનો નાશ થાય છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે જે ઘરમાં રોજ કંકાસ થાય છે તે ઘરમાંથી લક્ષ્મી ત્રાસી જતી રહે છે.

પતિએ પોતાની પત્નીનો તિરસ્કાર કરવો નહિ, ક્રોધ કરવો નહિ, તેને ગાળ દેવી નહિ, તેને મારવી નહિ, તેનું મન દુભાય તેવું કાંઇ કરવું નહિ. કદાચ કાંઇ કહેવું ઘટે તો છોકરાં ને નોકરના દેખતાં ઠપકો આપવો નહિ. તે અજ્ઞાન હોય તો તેને જ્ઞાન આપી પોતાને અનુકુળ બનાવી સુધારવી. જે પુરુષોએ આ જગત્માં સુખસંપત્તિ મેળવી સદ્ગતિને મેળવવી હોય તેમણે તો પોતાની સ્ત્રીમાં પ્રીતિ રાખવી, તેનામાં ઉત્તમ ગુણો આવે તેવી રીતે કેળવવી. ઘરમાં સ્ત્રી કેળવાયલી હોય છે તો તે તેનાં છોકરાંને ઉત્તમ કેળવણી આપી શકે છે માટે સુજ્ઞ પુરુષે તો પોતાની પત્નીને કેળવી લાયક બનાવવી જોઇએ. ઘરમાં કલેશ કરવો નહિ, એક બીજાનાં મન ઉંચાં થાય તેવી કૃતિ કરવી નહિ. જે ઘરમાં કલેશ થાય છે ત્યાં દેવોનો વાસ રહેતો નથી પણ ભૂતોનો વાસ થાય છે અને સર્વ સુખનો નાશ થાય છે. સ્ત્રીને મારવાથી ઘરમાંની સર્વ સિદ્ધિનો નાશ થાય છે. ધર્મપત્નીનું લાલનપાલન કરવું એ તેના પતિની ફરજ છે.

જે કુળમાં સ્ત્રીઓ દુ:ખથી શોકમાં રહે છે તે કુળનો નાશ થાય છે. અને જે કુળમાં સ્ત્રીઓ હંમેશાં આનંદમાં રહે છે તે કુળ વૃદ્ધિને પામે છે. પતિએ પોતાની ધર્મપત્નીને કોઈપણ વખતે જરા પણ દુ:ખ દેવું નહિ. કદી તેનાથી કંઈ અપરાધ થઈ જાય તો પણ ક્ષમા કરવી અને ફરી તેવી ભૂલ ન કરવા માટે સમજણ આપવી.

પોતાની પત્ની સાથે ખરી પ્રીતિ રાખવી. જે ઘરમાં સ્ત્રીનાં આંસુ પડે છે તે ઘરમાં અકલ્યાણ થાય છે. સ્ત્રીઓને સંતુષ્ટ અને પ્રસન્ન રાખવી એ પતિની ફરજ છે. પોતાની પત્ની ગમે તેવી હોય, અપંગ હોય છતાં પણ તેનું જન્મારા સુધી પ્રેમથી પોષણ કરવું. ધર્મ, અર્થ અને સુખમાં પતિએ પોતાની ધર્મપત્નિને સાથે રાખવી.

જેમ સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા પુરુષનું મોં જોવું યોગ્ય નથી તેમ પુરુષે પણ પોતાની ધર્મપત્નિ સિવાય બીજી સ્ત્રીનું મુખ પણ કુદૃષ્ટિથી જોવું નહિ. જેમ સ્ત્રીએ પતિવ્રત પાળવું જોઇએ તેમ પુરુષે એક પત્નીવ્રત પાળવું જોઇએ. સ્ત્રી એ ઘરની લક્ષ્મીરૂપ છે. સ્ત્રી વગરનું ઘર વેરાન જેવું સમજવું. પુરુષના સઘળા સુખનો આધાર સ્ત્રી છે. સ્ત્રી એ પુરુષની અર્ધાંગના છે. માટે તેને પોતાના પ્રાણ જેટલી જ વ્હાલી ગણવી. સ્ત્રીને સુધારવી એ તેના પતિનું કામ છે. જેમ ઋતુધ્વજ પોતાની સ્ત્રી મદાલસાના વિયોગથી શોકાતુર થયો હતો અને તે જ્યારે મળી ત્યારે જ યોગીવેશ ઉતાર્યો હતો તેવા દરેક પુરુષે પોતાની પત્ની તરફ પ્રેમવાળા થવું જોઇએ. જુઓ હું તે સતી મદાલસાની વાત કહું છું.

મદાલસા અને ઋતુધ્વજ.

મદાલસા એ વિશ્વશુદ્ધ ગંધર્વની પુત્રી હતી. તે રૂપાળી દેવકન્યા જેવી હતી. તેની સગાઈ અયોધ્યાના રાજા શત્રુજીતના કુંવર ઋતુધ્વજ સાથે કરવામાં આવી હતી. એક વખતે તે પુરયૌવનમાં હતી તે વખતે પોતાના પીયેરમાં સખીઓ સાથે વનમાં વનલીલા જોવા ગઈ હતી. એવામાં એક પાતાલકેતુ નામના રાક્ષસે તેને જોઇ તેથી મોહ પામ્યો અને તેથી તે મદાલસાને ઉપાડી પોતાને ઘેર લઇ ગયો. આમ મદાલસાનું હરણ થયેલું જોઈ સર્વે ખેદ કરવા લાગ્યાં. તેના બાપ વિશ્વશુદ્ધે ઘણી તપાસ કરાવી પણ પત્તો ન ખાધો.

મદાલસાની ગુમ થયાની વાત જાણી ઋતુધ્વજ ઘણો જ ખેદ કરવા લાગ્યો. તેની તેના ઉપર પ્રીતિ અત્યંત હતી તેથી તેને આ જાણી કાંઇ ચેન પડવા ન લાગ્યું.

પાતાલકેતુ રાક્ષસ મદાલસાને પોતાના મહેલમાં લઈ જઈ તેને લલચાવવા માટે ઘણી લાલચો આપવા લાગ્યો. દ્રવ્યની, અનેક પ્રકારના સુખની, વૈભવોની વગેરે અનેક લાલચો બતાવી પણ તે કન્યા તેથી લોભાઈ નહિ. ગમે તેવો પુરુષ પોતાની ગમે તેટલી લાલચોથી પણ દૃઢ સંકલ્પવાળી સ્ત્રીને ચલાયમાન કરી શકતો નથી. જેણે સતીત્વને જ પોતાના દૈવી ધન રૂપે ગણ્યું હતું તેવી મદાલસાને રાક્ષસ પોતાને તાબે કરી શક્યો નહિ. રાક્ષસને બહુ મથતો જોઈ તે તેનાથી છૂટવા ઉપાય શોધવા લાગી. છેવટે તેણે કહ્યું કે તમારા જે જે સગા હોય તેમને બોલાવી લાવો ત્યારપછી લગ્ન કરીશું. તેથી તે પોતાના ભાઈ જે ગાલવ ઋષિના યજ્ઞનો ભંગ કરવા ગયો હતો તેમને તેડવા ગયો. આ યજ્ઞનું રક્ષણ ઋતુધ્વજ કરતો હતો. તે પાતાલકેતુને તથા તેના ભાઈને મારવા તૈયાર થયો જેથી તે બંને ત્યાંથી નાસી ગયા. ઋતુધ્વજ તેમની પાછળ પડયો. તેણે એકને તો મારી નાંખ્યો ને પાતાલકેતુને ખોળવા તે પાતાળમાં ગયો.

ત્યાં ઋતુધ્વજ પાતાલકેતુને શોધતો હતો તે વખતે એક વિકુંડલા નામે રાક્ષસી મળી તે તેને મદાલસા પાસે લઈ ગઈ. એવામાં નારદ મુનિ ત્યાં આવ્યા અને તેમણે કહ્યું કે આ દુષ્ટ રાક્ષસે ઘણી કુમારિકાઓને આવી રીતે કેદ કરી છે માટે તમે મદાલસાને પરણી તે સર્વને છોડાવો. ચાલો ઝટ કરો હું લગ્ન કરાવી દઉં. પછી ઋતુધ્વજ અને મદાલસાનું ત્યાં નારદે લગ્ન કરાવ્યું. તે પછી તેણે સર્વ રાજકન્યાઓને છોડાવી અને મદાલસાને લઈ અયોધ્યામાં ગયો. આ વાતની વિશ્વશુદ્ધને પણ ખબર મળી તેથી સર્વેએ આનંદ માન્યો. અને ધામધુમથી મદાલસા સાથે ઋતુધ્વજનાં લગ્ન કર્યાં. પાતાલકેતુ આ વાત જાણી ઘણોજ ખેદ કરવા લાગ્યો.

પાતાલકેતુએ પછી તે દંપતીને દુઃખ દેવાનો વિચાર કરી બ્રાહ્મણનો વેશ લીધો અને જ્યાં ઋતુધ્વજ પોતાના મિત્રોને મળવા એક સરોવર ઉપર જતો હતો ત્યાં જઈ પ્રપંચ કરી મદાલસાનો ચૂડામણિ લઈ લીધો. અને તેમને ઉલટું સમજાવી તે અયોધ્યા ગયો. ત્યાં જઈ મદાલસાને ચૂડામણિ બતાવી ઋતુધ્વજ મરણ સંકટમાં છે એમ કહી મદાલસાને પોતાની સાથે આવવા કહ્યું. થોડે વેગળે ગયા પછી મદાલસાને તેણે ઉપાડીને એક જગ્યાએ સંતાડી દીધી.

ઋતુધ્વજ ઘેર આવ્યો તો પોતાની પત્નીને દીઠી નહિ તેથી

તે મરવા તૈયાર થયો. તે ત્યાગી થઈ મદાલસાનું રટણ કરતો તેને શોધવા વનમાં નીકળી પડયો. તેને તેનાં માબાપે બીજી ઘણી સ્ત્રીઓ લાવી આપવાનું વચન આપ્યું. મદાલસા કરતાં પણ ઉત્તમ ગુણ અને રૂપવાળી સ્ત્રીઓ પરણાવવાનું કહ્યું પણ તેણે તે ન માન્યું. તેને તો મદાલસા ઉપર જ પ્રીતિ હતી. તેને જોઈ અજરક નાગના પુત્રો દિલગીર થયા અને તેમણે શીવને પ્રસન્ન કરી મદાલસાને શોધી કહાડી, પછી તેમણે ઋતુધ્વજને મદાલસાનો મેળાપ કરાવ્યો ત્યાર પછી ઋતુધ્વજે ત્યાગીનો વેશ બદલ્યો ને તેનું ચિત્ત ઠેકાણે આવ્યું.

મદાલસાએ પાતાળકેતુની ઘણી લાલચોનો ત્યાગ કરી અનેક દુઃખ વેઠયાં પણ પોતાના પતિવ્રતપણાનો ત્યાગ કર્યો નહિ, અને અંતે પતિને મેળવી સુખ પામી. ઋતુધ્વજને પણ પત્નીના વિયોગથી ચેન ન પડયું. તેને તેના ઉપર એવો સ્નેહ હતો કે તેનો વિયોગ થતાં તેને પોતાનું રાજ્ય વૈભવ સર્વ હલકું લાગ્યું. અને જ્યારે પત્નીને શોધી કાઢી ત્યારે જ ઝંપીને બેઠો. આ પ્રમાણે પત્નીના ઉપર પતિએ પ્રીતિ રાખવી જોઇએ. આવીજ રીતે એક સુકન્યા નામનાં સતી થઇ ગયાં છે તેમની વાત કહું છું.

સુકન્યા અને ચ્યવનઋષિ.

પૂર્વે થઇ ગયેલા શર્યાતિ રાજાની પુત્રીનું નામ સુકન્યા હતું. તે રાજાને ઘણી વ્હાલી હતી. રાજા જ્યારે બહાર ફરવા જતો ત્યારે તેને સાથે લઇ જતો હતો. એક વખત રાજા પોતાની કન્યા સુકન્યાને લઇ બહાર ફરવા ગયો હતો. તે ફરતો ફરતો ચ્યવનઋષિના આશ્રમ આગળ આવ્યો. સુકન્યા પણ પોતાની સખીઓ સાથે ત્યાં ફરવા લાગી. તેણે ફરતાં ફરતાં એક જુના રાફડાને જોયો, તેની અંદર જોયું તો બે ચળકતી ચીજો અંદર જોઇ તેથી તે શું ચળકતું હશે તે જોવાની ઇચ્છાથી તેણે પાસે પડેલી બાવળની સૂળ લઇ તેની અંદર ઘોચી જેથી તેમાંથી લોહી નીકળવા માંડયું. આથી કોઈ જનાવર હશે એમ માની સુકન્યા રમતી રમતી બીજી તરફ ગઇ. ચ્યવનઋષિ ઘણા વખતથી અન્નનો ત્યાગ કરી એક આસને બેસી તપ કરતા હતા. તેમને તપ

કરતાં ઘણાં વર્ષ વીતી ગયાં જેથી શરીર ઉપર માટીનો રાફડો બં-ધાઈ ગયો. માત્ર તેમાંથી તેમની બે ચળકતી આંખો જણાતી હતી. તેમાં સુકન્યાએ કોઇ ચળકતી બીજી ચીજ હશે એમ માની શૂળ ઘોચી તેથી ઋષિ આંધળા થયા.

ચ્યવનઋષિએ કામ ક્રોધનો ત્યાગ કર્યો હતો. તોપણ નિરપ-રાધિ તપસ્વીનો અપરાધ કર્યાના પાપને લીધે ત્યાં પડેલા રાજા અને તેના માણસોનો ઝાડો પેશાબ બંધ થઇ ગયાં. રાજાએ સર્વેને પૂછ્યું કે તમે કોઇએ કોઇનો અપરાધ કર્યો છે? આ આશ્રમમાં અપરાધ કર્યા વગર આવું અચાનક દુઃખ આવે નહિ. આમ પૂછપરછ કરે છે તેવામાં સુકન્યા રમતી રમતી ત્યાં આવી ચઢી, અને તેણે આમ પોતાના બાપને ગભરાયલા જાણીને કહ્યું કેઃ—"પિતાજી, હું ફરતી હતી તે વખતે એક રાફડામાં બે ચળકતી ચીજો જોઇ મેં શૂળ ઘોચી હતી તેથી લોહી નાકળવા માંડયું છે." પુત્રીનાં વચન સાંભળી રાજા તે સ્થળે ગયા અને તપાસ કરી તો અંદરથી શરીરે સુકાઇ ગયેલા વૃદ્ધ ચ્યવનઋષિ નીકળ્યા. તેમની આંખો શૂળ ઘોચવાથી ફુટી ગઇ હતી.

ઋષિને જોઈ સવને મહા ખેદ થયો. તે ભય પામ્યા કે મુનિ શ્રાપ આપશે તો શી વલે થશે! આથી રાજાએ દીનપણે મુનિના ચરણુમાં પ્રણામ કરીને કહ્યું કેઃ "મહાત્મન! મારી પુત્રીથી આપનાં નેત્રાનો અણુસમજે નાશ થયો છે તેની હું ક્ષમા માગું છું. તે બાળક છે, કાંઇ સમજતી નથી માટે અપરાધ ક્ષમા કરો." આ સાંભળી ચ્યવનઋષિએ ક્ષમા આપી અને કહ્યું કેઃ "હે રાજા, જે થયું તે હવે મટનાર નથી, પણ હું આંખે અંધ થવાથી મારાથી ધર્મ કાર્યને માટે જોઈતાં સાધનો લાવી શકાશે નહિ. માટે તે કન્યા તું મને પરણાવ કે જેથી તે મને મારા ધર્મ કાર્યમાં સહાય કરે. હું તને શાપ આપવા ઇચ્છતો નથી.'

વૃદ્ધ ઋષિનો થયેલો અપરાધ જાણી સુકન્યા ઘણી ખેદ કરતી હતી. તેને અત્યારે પોતાના પિતાને મુંઝવણુમાં આવી પડેલા જોઇ તે બોલી કેઃ "પિતાજી, મેં તેમનો મહા અપરાધ કર્યો છે, માટે હવે મને આપ તેમની સાથે ખુશીથી પરણાવો. હું તેમને જન્મારાપર્યંત સેવા કરીને ખુશી કરીશ." આથી રાજાએ ઋષિની સાથે સુકન્યાનું

લગ્ન કર્યું. તે પછી તેણે રાતદિવસ મુનિની સેવા કરી તેમના સ્નેહને જીતી લીધો.

તે સ્હવારમાં વ્હેલી ઉઠી પતિને સ્નાન કરાવીને પછી પોતે સ્નાન કરતી. તેમને અગ્નિહોત્ર માટે કાષ્ટ, ફળફુલ, સમિધ, ધાન્યવિગેરે લાવી આપતી. તે પતિને જમાડીને જમતી અને રાત્રે સુવાડયા પછી સુતી. રાજાની પુત્રી રાજાને ત્યાં અત્યંત સ્નેહમાં ઉછરવા છતાં પણ અહિં એક નિર્ધન ઋષિની સાથે પરણી વલ્કલ પહેરી વનમાં રહેતી. તેને પોતાના બાપના રાજ્યવૈભવ કરતાં વૃદ્ધ પતિની સેવા કરવામાં વધુ આનંદ થતો. પોતે ભરયુવાન અને સુંદર હતી, છતાં પરપુરુષનો સ્વપ્ને પણ વિચાર સરખો કરતી નહોતી. પોતાના પતિ વૃદ્ધ અને આંધળા હોવા છતાં તેમના પ્રતિ કોઇ પણ વખતે અસંતોષ દર્શાવતી નહિ. પતિની આજ્ઞા પ્રમાણે ચાલતી.

એક વખતે સૂર્યપુત્ર અશ્વિનીકુમારો ફરતા ફરતા ત્યાં આવ્યા. તેમણે સરોવરમાંથી સ્નાન કરીને આવતી સુકન્યાને જોઇ. તેનું રૂપયૌવન જોઇ અશ્વિનકુમારો લોભાયા. તેમણે તેને ઉભી રાખી પૂછ્યું કેઃ 'હે સુન્દરી ! તું કોણ છે ? તું આ વનમાં એકલી કેમ ફરે છે ? તુ કોઈ દેવને ત્યાં શોભુ એવી છે છતાં વલ્કલ પહેરી કેમ ફરે છે ?' આ સાંભળી તેણે કહ્યું કેઃ—' હે દેવ ! હું મહાત્મા ચ્યવનઋષિની ધર્મપત્ની છું. મારા પતિ વૃદ્ધ અને અંધ છે. તેમની સેવા કરી આનંદ માનું છું.' આથી દેવકુમારોએ કહ્યું કેઃ—" હે સુંદરી, તારા જેવી રૂપાળી સ્ત્રી તો અમે હજુ સુધી જોઈ નથી. આવા નિર્ધન, વૃદ્ધ અને અંધ પતિ સાથે વનમાં રહેવાને તું લાયક નથી. તું રાજકન્યા હોવાથી રાજ્યવૈભવ ભોગવવા લાયક છે. આવા ભાગ્યહિન પતિની સાથે શું સુખ મળવાનું છે ? અમે તારા ઉપર મોહ પામ્યા છીએ. તારા વૃદ્ધ પતિનો ત્યાગ કરી અમારામાંથી કોઈ એકને પસંદ કરી અમારી સાથે ચાલ અને અનેક પ્રકારના દેવોના રાજ્યવૈભવને ભોગવી સુખી થા.'

આ સાંભળી પતિવ્રતા સુકન્યાને ક્રોધ થયો છતાં પણ વિવેકથી બોલી કેઃ—" તમે દેવતાઓ થઇને સતી સ્ત્રીઓના ધર્મ જાણતા નથી ! હું સતી છું. મારા પતિ ગમે તેવા વૃદ્ધ કે અંધ છે છતાં પણ હું તો તેમની સેવા કરવામાં જ મારૂં સૌભાગ્ય માનું છું. સતી સ્ત્રી તો પોતાનો પતિ ગમે તેવો હોય છતાં પણ તેને તેના સિવાય

બીજું કાંઈ વ્હાલું નથી. મારે તો તે જ દેવતાઓના પણ દેવરૂપ છે. અને આપ દેવ થઇને આમ ખોટે માર્ગે ચઢાવતાં શરમાતા નથી ? સારાં માબાપની પુત્રી તો પોતાના પુરુષ સિવાય બીજા કોઇને ભજે જ નહિ, અને સામું પણ ન જુએ. માટે તમે હવે પછી એ વાત બોલશો નહિ. નહિ તો હું શાપ આપીશ. '

આ સાંભળી અશ્વનિકુમારો ભયભીત થઈ બોલ્યા કેઃ—' હે સતી ! અમે તો તમારી પરીક્ષા કરતા હતા, માટે ક્ષમા કરો. અમે તમારો ટેક જોઇ પ્રસન્ન થયા છીએ માટે કાંઈ વરદાન માગો. અમે દેવતાઓના વૈદ્ય છીએ માટે તમારા પતિને અમારા જેવાજ સુંદર રૂપવાળા બનાવી દઈશું અને દેખતા કરીશું. આ વાત સુકન્યાએ પોતાના પતિને કહી અને તેમને પોતાના પતિ પાસે તેડી ગઇ. અશ્વનિકુમારો અને ઋષિ ત્રણેએ પાસેના એક સિદ્ધિપ્રદ નામના ધરામાં સ્નાન કર્યું અને બહાર નીકળ્યા તો ત્રણે સરખા રૂપવાળા જણાયા. તેમાં ચ્યવન ઋષિ કોણ તે સુકન્યા ઓળખી શકી નહિ. તેથી તેણે દેવોને પોતાના પતિ બતાવવા પ્રાર્થના કરી. જેથી તેમના બતાવવાથી ચ્યવન ઋષિને ઓળખી હર્ષથી તેમને ચરણે પડી. તે જુવાન, રૂપવાન અને દેખતા થયા હતા.

ચ્યવન મુનિએ તેમને બદલામાં અશ્વનિકુમારોને યજ્ઞમાં સોમપાન કરવામાંથી દેવોએ બાતલ કર્યા હતા, તેથી તેમને સોમપાન કરાવવાની હા પાડી. આ પછી આ બંને અશ્વિનીકુમારો પ્રસન્ન થઇ ચાલી ગયા. પછી સર્યાતિ રાજા યજ્ઞ કરાવવા માટે મુનિને તેડવા આશ્રમમાં આવ્યા તો પોતાની પુત્રી એક તેજસ્વી અને યુવાન પુરુષની સેવા કરતી દીઠી. તેથી તેમને ઘણો ખેદ થયો અને કહ્યું કેઃ ' હે પુત્રી ! તેં મારૂં અને મુનિનું બંનેનું કુળ ડુબાડયું ! ધિક્કાર છે તને ! ઋષિનો ત્યાગ કરી આ કોણ યુવાન પુરુષને તું સેવું છું ? તેં વૃદ્ધ મુનિને ઠગ્યા જણાય છે. ' આ સાંભળી સુકન્યાએ કહ્યું કેઃ—' પિતાજી, મેં ધર્મને છોડયો નથી. તે આજ ઋષિ છે. અશ્વનિકુમારોના પ્રતાપથી તે જુવાન બન્યા છે. ' ચ્યવન ઋષિએ પણ કહ્યું કેઃ " રાજન ! ખરી વાત છે. હું તેજ વૃદ્ધ ચ્યવન મુનિ છું. " પછી રાજાએ તેમને પ્રણામ કર્યા અને યજ્ઞ માટે પોતાને ત્યાં તેડી ગયો. ત્યાં સોમયજ્ઞનો આરંભ કર્યો. તેમાં ઋષિએ સોમરસ અશ્વનિકુમારોને પાયો. આથી ઇન્દ્રે ક્રોધ કરીને ચ્યવન ઋષિને

મારવા માટે વજ્ર ફેંક્યું પણ ઋષિએ પોતાના તપના બળથી તેને અધવચ થંભાવી રાખ્યું.

વૃદ્ધ અને અંધ ઋષિની સાથે માત્ર શ્રદ્ધાથી જ સુકન્યાએ લગ્ન કર્યું હતું. અને તેમની તે અનન્ય ભાવે સેવા કરતી હતી. સતીત્વ-પણાને લીધે તેણે ભવિષ્યમાં સુખ મેળવ્યું. વૃદ્ધ ઋષિનો પોતે અપ-રાધ કર્યો અને તેથી પોતાના પિતા સંકટમાં આવી પડયા. તેમના બચાવ માટેજ તેણે અંધ અને વૃદ્ધ પતિને પરણવાનું કબુલ કર્યું. અને પતિ વૃદ્ધ, અંધ અને નિર્ધન હોવા છતાં પણ પોતે રાજ્ય-કુંવરી હોઈ તન, મન અને ધનથી પતિની સેવા કરવામાં જીવન ગાળ્યું. સતી સ્ત્રીઓ આવી હોય છે. આવી જ રીતે અહલ્યા નામનાં એક સતી થઇ ગયાં છે.

અહલ્યા અને ગૌતમઋષિ.

અહલ્યા એ ગૌતમ ઋષિનાં પત્ની હતાં, તે પોતાના પતિને સહાય કરતાં. ગૌતમ ઋષિ તેમને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપતા. મહાસતીઓમાં અહલ્યા ગણાય છે. તેમને શતાનંદ નામનો પુત્ર અને અંજની નામે પુત્રી થઈ હતી. અહલ્યા ગુણવાન, વિદ્વાન અને રૂપાળાં હતાં. તેમના સૌંદર્ય ઉપર ભલભલા દેવો મોહવશ થયા હતા સતીનું ચિત્ત તો પતિસેવામાં લાગેલું હતું. તેમને પોતાના પતિ વગર બીજા પુરુષનું મોં પણ જોવાનું ગમતું નહિ.

એક વખતે અહલ્યાદેવીના રૂપમાં મોહ પામી ઇન્દ્ર કુકડાનું રૂપ ધરી મધ્યરાતે આશ્રમમાં આવ્યો અને ‘ કુકડે કુક ’ બોલ્યો, તેથી ઋષિ પ્રાતઃકાળ થવા આવ્યું છે એમ માની ઉઠયા અને સ્નાન કરવા નદી ઉપર ગયા. તેમને ગયેલા જોઈ ઈન્દ્ર ગૌત્તમનો વેશ લઈ સતીને છળવા માટે ઘરમાં આવ્યો. સતી દેવતાની માયામાં અંજાઇ ગયાં અને ઈન્દ્રને પોતાનો પતિ છે એમ માની લીધો. આથી ઇન્દ્ર તેમની સાથે સુખ ભોગવવાનો યત્ન કરવા ગયો. તેજ વખતે બહા-રથી ગૌતમ ઋષિ સ્નાન કરીને ઘરમાં આવ્યા. મુનિને આવેલા

જોઇ ઇન્દ્ર ગભરાયો. મુનિએ પોતાનો વેશ લઇ આવેલા ઇન્દ્રને ઓળખી લીધો. તેમણે તેને કહ્યું કેઃ " હે દુરાચારી ! તેં મારૂં રૂપ લઇને આવું નીચ કામ કેમ કર્યું ? આ પાપકર્મ કરવાથી તને આખા શરીરે કાણાં પડી જશે અને તું પુરુષાર્થહીન થઈ જઇશ. " તે પછી અહલ્યા તરફ જોઇને તે બોલ્યો કેઃ—" હે સ્ત્રી ! તેં પણ ઈન્દ્રને ઓળખ્યો નહિ અને હું બહાર ગયો છું તે જાણ્યા છતાં મારૂં રૂપ લઇ આવેલા ઈન્દ્ર સાથે અનીતિ કરવા તૈયાર થઈ, માટે તું આ આશ્રમમાં હજારો વર્ષ સુધી શિલા થઇને પડીશ. પણ જ્યારે રામચન્દ્રજી વિશ્વામિત્ર સાથે અહીં આવશે ત્યારે તેમના ચરણનો તને સ્પર્શ થતાં તું શાપમાંથી મુક્ત થઇ સ્ત્રીરૂપને ધારણ કરીશ. અને તેમના ચરણુસ્પર્શથી તારાં પાપ બળી જતાં તું મને મળી શકીશ. " આમ કહી ઋષિ તે સ્થળનો ત્યાગ કરી હિમાલયમાં તપ કરવા ગયા, અને અહલ્યા શિલા થઇ ત્યાં પડી રહી. આ પછી હજારો વર્ષે શ્રી રામચન્દ્રજી ત્યાં આવ્યા ત્યારે તેમના ચરણનો સ્પર્શ થતાં અહલ્યાએ પોતાનું સ્ત્રી રૂપ ધારણ કર્યું. અને ગૌતમ ઋષિ પણ તે વખતે ત્યાં આવી પહોંચ્યા. રામ અને લક્ષ્મણ તેમને પગે લાગ્યા, અને કેટલાક દિવસ ત્યાં રહી પાછા ગયા.

પછી અહલ્યા પોતાના પતિ ગૌત્તમની સેવા કરવા લાગી. તેમનું પતિવ્રત વખાણવા જેવું હતું. પણ ઇન્દ્રે તેમના રૂપથી મોહ પામી ઋષિનું રૂપ ધારણ કરી તેમને છળ્યાં હતાં. દુરાચરણી પુરુષોથી સતી સ્ત્રીઓએ બહુજ સાવચેતી રાખવી. તેમનાથી દૂર રહેવું. ઘણા લંપટ પુરુષો બિચારી ભોળી સ્ત્રીઓને અનેક પ્રકારની લાલચો આપીને ફસાવતાં ચૂકતા નથી. માટે ગમે તેવી સ્ત્રી હોય તોપણ તેણે પોતાના પતિ સિવાય બીજા કોઇ પણ પુરુષનો સંગ કરવો નહિ. સતીપણું પાળવું, પરપુરુષને છાંયે પણ ઉભા રહેવું નહિ. આવીજ રીતે વસિષ્ટ ઋષિનાં પત્ની અરૂંધતી નામનાં એક સતી થઇ ગયાં છે.

અરૂન્ધતી અને વસિષ્ટ.

વસિષ્ટ ઋષિનાં પત્નીનું નામ અરૂન્ધતી હતું. તે હંમેશા પતિ સેવા કરી પતિને પ્રસન્ન રાખતાં હતાં. તેમના સતીત્વના પ્રતાપથી સેંકડો મનુષ્યો તેમના ચરણે પડતાં. એક વખત મહા દુકાળ પડયો ત્યારે વશિષ્ટ અને અરૂન્ધતી અનાજ વગર ઉપવાસો કર્યા કરતાં. તેઓ અયાચક વ્રત પાળતાં હતાં. વસિષ્ટે તેમને વેદ, ન્યાય અધ્યાત્મજ્ઞાન વિગેરેની કેળવણી આપી મહાબુદ્ધિમાન બનાવ્યાં હતાં. તે ઘરકામમાં કુશળ હતાં. તે પોતાનાં સાસુસસરાની સેવા કરતાં. અન્ય પ્રાણીઓ પ્રતિ દયા રાખતાં. પતિ સાથે તીર્થ યાત્રા કરતાં.

એમને અન્ન ન મળવાથી ઉપવાસ કરતાં જોઇ એક વૃષાદર્ભિ નામના રાજાએ આવી તેમને અન્ન અને ધન આપવા માંડયું. પણ અરૂન્ધતીએ તે લેવાની ના પાડી. રાજાએ તેમની પાસે દૂતો મોકલી ધન અને અનાજ લેવાને ઘણાં લલચાવ્યાં, પણ તે ડગ્યાં નહિ. તેથી રાજાએ એક કૃત્યા ઉત્પન્ન કરી તે દમ્પતીને મારવા મોકલી. તે કૃત્યા પણ તેમને મારી શકી નહિ. તેમણે ક્ષુધા ભોગવી પણ અયાચક વૃત્તને ન તોડયું. તે સદા પતિસેવામાં તન્મય રહેતાં. તેમને શક્તિ નામનો મહાસમર્થ પુત્ર થયો હતો. તે શક્તિને પરાસર નામના પુત્ર થયા હતા. વસિષ્ટના ઉપર દ્વેષે બળી વિશ્વામિત્રે તેમના સો પુત્રોને મારી નંખાવ્યા પણ તેથી સતીને ખેદ થયો નહોતો. તે શાંત અને ક્ષમાશીલ હતાં. તેમનામાં સામર્થ્ય હોવા છતાં પણ વિશ્વામિત્રને શાપ આપ્યો નહોતો. તેમના ઉપર તેમના પતિની ઘણી પ્રીતિ હતી. તે હંમેશાં પતિસેવા કરવામાં જ મગ્ન રહેતાં હતાં. સદા પતિની મરજી પ્રમાણે વર્તતાં. તે ઘણી વખતે પતિને સલાહ આપતાં, સંકટ વખતે ધીરજ આપતાં.

જેમ અહલ્યાને ઇંદ્રે છળ્યાં હતાં તેમ પૂર્વે વૃંદા નામની પતિવ્રતા સ્રીને વિષ્ણુએ કેવી રીતે છળ્યાં હતાં તે સાંભળો.

સતી વૃંદા અને જાલંધર.

પૂર્વે વૃંદા નામની એક પતિવ્રતા સ્ત્રી થઈ ગઈ છે. તે જાલંધર નામના રાક્ષસની પત્ની હતી. જાલંધર એ સમુદ્રનો પુત્ર હતો. તેણે પોતાની પતિવ્રતા સ્ત્રીના પ્રતાપથી દેવતાઓને અનેકવાર હરાવ્યા હતા. તે વારંવાર દેવો ઉપર જુલમ કરતો. દેવો સઘળા જુલમ સહન ન થવાથી વિષ્ણુ પાસે ગયા, અને જાલંધરથી બચાવવાની પ્રાર્થના કરી. વિષ્ણુ ભગવાને જાણ્યું કે જાલંધર તેની સ્ત્રીના પતિવ્રતપણાથી આટલો બળવાન બન્યો છે માટે તેનો ઉપાય મારે કરવો જોઇએ તેમણે દેવને નિર્ભય રહેવા વચન આપ્યું.

જાલંધરે વિષ્ણુ સાથે યુદ્ધ કર્યું તેમાં જાલંધર જીત્યો. એક વખત નારદે જાલંધરને કહ્યું કેઃ "તારી સ્ત્રી તો ઘણી સુંદર છે પણ શંકરની પાર્વતી જેવી તો સુંદર નહિજ. તારે લાયક તો પાર્વતી છે. આથી તે દૈત્ય કામાંધ બન્યો અને પાર્વતીનું હરણ કરવાનો વિચાર કરવા લાગ્યો. આ વાત સતી વૃંદાના જાણવામાં આવતાં તેને સમજાવ્યો કેઃ–પાવતી તો સાક્ષાત શક્તિનો અવતાર છે. તેમના સતીત્વનો પ્રભાવ આખા વિશ્વમાં પ્રખ્યાત છે. તેની સામે કુદૃષ્ટિ કરવાને કોઇ સમર્થ નથી. જો તમે તેની ઇચ્છા રાખશો તો આપણો વિનાશ થશે. સતીનું કહેવું કામાંધ જાલંધરે માન્યું નહિ. તે શંકરનું રૂપ લઈ એક વખતે સતીને છળવા કૈલાસમાં ગયો. તેને જોઈ પાર્વતીએ ઓળખી લીધો. તરત તેમણે હરિહરનું સ્મરણ કર્યું જેથી દૈત્ય નાસી ગયો. આ પછી દેવો સાથે જાલંધરે મહા યુદ્ધ કર્યું છતાં તે હાર્યો નહિ. તેથી વિષ્ણુએ પોતાની પત્ની લક્ષ્મીજીને તેમના ભાઈ જાલંધરનું મૃત્યુ શાથી થાય તે પૂછ્યું. પોતાના ભાઇને મરાવવો એ કઇ સ્ત્રીને સારૂં લાગે ? છતાં પતિની ઇચ્છાને માન આપી લક્ષ્મીજી ભાઇને ત્યાં ગયાં અને પોતાની ભાભી વૃંદા પાસે રહી જાલંધરનું મૃત્યુ શાથી થાય તે પૂછ્યું. વૃંદાએ કહ્યું કેઃ 'જ્યાં સુધી હું પતિવ્રતપણું પાળું છું ત્યાં સુધી તે મરવાના નથી.' આ સાંભળી લક્ષ્મીએ આવી પોતાના પતિને જાલંધરનું

મૃત્યુ શાથી નથી થતું તે જણાવ્યું. વિષ્ણુએ વિચાર કર્યો કે હવે સતીને છળ્યા વગર છુટકો નથી તેથી તે સાધુનો વેષ ધારણ કરી જાલંધરના બાગમાં ગયા. ત્યાં અનેક પ્રકારની માયા કરી વૃંદાને મોહ પમાડયાં. પછી જાલંધર તો લડાઇમાં ગયો હતો, તેથી તેનું રૂપ લઇ વૃંદા સાથે રહી તેના પતિવ્રતનો ભંગ કર્યો. વૃંદા વિષ્ણુની માયાથી છળાઈ, અને તેનું પતિવ્રતપણું નષ્ટ થતાં જાલંધર મરાયો અને દેવોનો વિજય થયો.

વૃંદા તરત ચેતી ગઇ કે વિષ્ણુએ મને છળી તેથી ઘણીજ પસ્તાવા લાગી. તેમણે તેમને શાપ આપ્યો કે તમે મને છળી માટે તમને પણ તમારી સ્ત્રીનો વિયોગ થતાં વનેવન રખડશો, અને પથ્થર રૂપ બનશો. વિષ્ણુએ કહ્યું કે હું પથ્થર બનીશ તો તું વૃક્ષ થઇશ. તારૂં નામ તુળસી પડશે અને તારૂં પાન મારે મસ્તકે ચઢશે. આ પછી સતી વૃંદાએ ચિતા સળગાવી તેમાં પડી બળી મુઇ. વિષ્ણુએ પણ દૈત્યને મારવા માટે સતી સ્ત્રીને ભ્રષ્ટ કરી માટે કોઇ પણ સ્ત્રીએ પરપુરુષનો વિશ્વાસ રાખવો નહિ. તેની જાળમાં ફસાવું નહિ. સતીના શાપથી વિષ્ણુ શાલીગરામ તરીકે બન્યા અને સતી વૃંદા તુળસી થઈ.

બ્હેનો! આ પ્રમાણે સતી સ્ત્રીઓ પણ અજ્ઞાનથી ફસાય છે માટે આપણે તેવા સાધુ ભૂવાથી ભોળવાવું નહિ. ઘણા ઢોંગી લોકો સાધુનો વેષ લઇ ભોળી સ્ત્રીઓને મંતર જંતરની લાલસા બતાવી ઠગી જાય છે. માટે આપણે તો કોઈ પણ પરાયા પુરુષનો વિશ્વાસ રાખવો નહિ. માત્ર પતિની સેવામાં જ કલ્યાણ માનવું. ધનની કે કોઈ પણ પ્રકારની લાલચથી ફસાવું નહિ. પૂર્વે દેવયાની નામનાં સતી થઇ ગયાં છે તેની વાત સાંભળો.

સતી દેવયાની અને કચ તથા યયાતી.

દેવયાની એ પૂર્વે થઇ ગયેલા દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની પુત્રી હતી. જ્યારે દૈત્યો અને દેવોને યુદ્ધ થતું ત્યારે મરેલા દૈત્યોને શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી સજીવન કરતા હતા. તેથી દેવોએ વિચાર કર્યો કે દેવોના ગુરુ બૃહસ્પતિના પુત્ર

કચ ને શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા મોકલવો. કચ વિદ્યા ભણવા શુક્રાચાર્ય પાસે ગયો તે શત્રુના પક્ષનો હોવા છતાં પણ દયાળુ ગુરુએ તેને વિદ્યા શીખવાડવા માટે પોતાની પાસે રાખ્યો. શુક્રાચાર્યને દેવયાની નામની એક પુત્રી હતી તે તેમને ઘણી વ્હાલી હતી. કચ અને દેવયાની ભેગાં રમતાં તેથી એક બીજાને સ્નેહ થયો.

દેવોના ગુરુનો પુત્ર કચ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખી જાય એ દૈત્યોને ઠીક ન લાગ્યું. તેથી તેમણે કચને મારી નાંખવાનો વિચાર કર્યો. એક વખત કચ વનમાં યજ્ઞને માટે લાકડાં લેવા ગયો હતો ત્યાં દૈત્યોએ તેને મારી નાંખી કકડા કરી આમતેમ ફેંકી દીધો. રાત્રે જ્યારે તે ઘેર આવ્યો નહિ ત્યારે દેવયાનીએ શુક્રાચાર્યને કહ્યું કેઃ—'પિતાજી! કચ આવ્યો નથી, માટે તે આવશે ત્યારે હું જમીશ.' શુક્રાચાર્યે ધ્યાનથી જોયું તો કચને મારી નાંખેલો જણાયો તેમણે પોતાની સંજીવની વિદ્યાથી તેને સંજીવન કર્યો, જેથી આવી હાજર થયો. ફરી દૈત્યોએ તેને મારી નાંખ્યો ને ગુરુએ ફરી પાછો જીવતો કર્યો. આથી દૈત્યોએ તેને ત્રીજીવાર મારી નાંખી તેના શરીરને બાળી ભસ્મ કરી, અને તે ભસ્મ પોતાના ગુરુને મદીરા સાથે પાઇ દીધી.

રાત્રે જ્યારે કચ ઘેર ન આવ્યો ત્યારે દેવયાનીએ તેના વગર ભોજન ન કરવાની હઠ લીધી. શુક્રાચાર્યે તેને કહ્યું કેઃ 'વારંવાર હું તેને જીવતો કરૂં છું અને દૈત્યો મારી નાંખે છે માટે હવે હઠ છોડી દે!' પણ દેવયાનીએ હઠ ન છોડી. જેથી શુક્રાચાર્યે ધ્યાન ધરી જોયું તો તેને ભસ્મ કરી પોતાને પાઇ દીધેલો જણાયો. તે હવે શી રીતે જીવતો થાય? જો તેને જીવતો કરૂં છું તો હુંજ પહેલાં મરી જઉં છું. એમ ગુરુએ કહ્યું. પણ દેવયાનીએ કહ્યું કેઃ—"એમાં શું! તમે પહેલાં તેને સંજીવની વિદ્યા શીખવો અને પછી તે બહાર નીકળી તમને જીવતા કરશે.'

આ સાંભળી શુક્રાચાર્યે કચને સંજીવની વિદ્યા શીખવાડી અને જીવતો કર્યો, એટલે કચ ઋષિનું પેટ ફાડીને બહાર નીકળ્યો. અને ગુરુને સજીવન કર્યા. તે જે શીખવાનું હતું તે શીખ્યો એટલે ગુરુની રજા લઈ ઘેર જવા તૈયાર થયો. તે દેવયાનીની રજા લેવા ગયો તો તે શોકમાં વિચાર કરતી જણાઇ. તેણે કચને આવેલો જોઇ નીચું જોયું પણ કાંઈ બોલી નહિ. તે શરમાઇ એટલે કચે ત્યાંથી

ચાલવા માંડ્યું. તેને જતો જોઇ દેવયાનીએ તેનો હાથ પકડી કહ્યું કે:–"હે પ્રિય! તમે મને તમારી સાથે લઇ જાઓ? તમારા સુખ દુઃખની ભાગીયણ બનાવો." આ સાંભળી કચ સમજ્યો કે તે પોતાની સાથે લગ્ન કરવા માગે છે. પણ તે ગુરુ પુત્રી હોવાથી બેન તરીકે છે, તેથી કચે કહ્યું કે: "બ્હેન! તું મારા ગુરુની પુત્રી એટલે મારી બ્હેન કહેવાય, તારાથી આવું અઘટીત ન બોલાય.' આ સાંભળી દેવયાની નિરાશ થઇ. તેણે તેને ઘણું ઘણું સમજાવ્યો પણ કચ એકનો બે થયો નહિ. તે તેના રૂપથી કે ગુણથી ભ્રષ્ટ ન થયો. છેવટે દેવયાનીએ ગુસ્સે થઇ શાપ આપ્યો કે: "તું મારૂં અપમાન કરે છે માટે તારી વિદ્યા નિષ્ફળ જશે." કચે પોતાને નિરપરાધીને શાપ આપેલો જોઈ કહ્યું કે: "ભલે મારી વિદ્યા નિષ્ફળ જશે પણ હું જેને શીખવાડીશ તેને તો તે આવડશે જ. પણ તું મને નકામો શાપ આપે છે માટે હું પણ તને શાપ આપું છું કે તું બ્રાહ્મણ કન્યા હોવા છતાં તને બ્રાહ્મણ પતિ મળશે નહિ." આ પ્રમાણે એક બીજાને શાપ દેઈ છુટાં પડ્યાં. દેવયાની નિરાશ થઈ અને કચ દેવલોકમાં ગયો.

આવી સ્વરૂપ ગુણવાળી સામી આવેલી કન્યાનો ત્યાગ કરનારા તો કચ જેવા કોઇક જ મળે છે. આજે સ્ત્રીઓથી ન લોભાય તેવા તો કોઇ વિરલ પુરુષો જ છે. દેવયાની ઘણી જ ખિન્ન રહેતી. તેને કચનો સહવાસ ઘણો જ સાલતો. એકવાર દૈત્યોના રાજા વૃષપર્વાની કુંવરી શર્મિષ્ટા સાથે તે વનમાં રમવા ગઇ. ત્યાં સર્વે સખીઓ સાથે સરોવરમાં સ્નાન કરવા લાગ્યાં. એવામાં શંકર પાર્વતીની સ્વારી જતી જોઇ સર્વેએ તરત બહાર નીકળી વસ્ત્રો પહેર્યા. ઉતાવળમાં શર્મિષ્ટાએ દેવયાનીનાં વસ્ત્ર પહેર્યાં. જેથી બંને સખીઓ વચ્ચે તકરાર થઇ તેમાં શર્મિષ્ટાએ ગુસ્સે થઇ તેને કુવામાં નાંખી દીધી અને પોતે નગરમાં ગઈ. દેવયાની કૂવામાં પડી બૂમો પાડવા લાગી. એ બૂમ સાંભળી ત્યાં મૃગયા રમવા આવેલો યયાતિ રાજા ત્યાં ગયો અને તેને કુવામાંથી બહાર કાઢી.

દેવયાનીએ રાજાને પોતાનો હાથ આપ્યો માટે તેની સાથે વરવાની ઇચ્છા બતાવી. રાજાએ તેના પિતાની મરજી હશે તો હું તને પરણીશ એમ કહ્યું. પછી તે ઘેર ગઇ અને શુક્રાચાર્યને વાત કરી શર્મિષ્ટાએ કરેલા અપમાનનો બદલો લેવા કહ્યું. જેથી શુક્રા-

ચાર્યે ક્રોધે ભરાઈ તે નગર છોડવાનો વિચાર કર્યો. તે જાણી દૈત્યોના રાજા વૃષપર્વાએ માફી માગી અને તેમને નગર ન છોડવાનો આગ્રહ કર્યો. શુક્રાચાર્યે દેવયાનીને પ્રસન્ન કરવા કહ્યું. દેવયાનીને બહુ વિનવતાં તેણે કહ્યું કે: "જો શર્મિષ્ટા સો સખીઓ સાથે મારી દાસી થઈને રહે તો મારા પિતા અહીં રહે." રાજાએ શર્મિષ્ટાને આ વાત પૂછી. તેણે પોતાના અપરાધને લીધે પિતાને આવી પડેલું દુઃખ ટાળવા દાસી થવાનું કબુલ કર્યું. અને જ્યારે શુક્રાચાર્યે દેવયાનીને યયાતિ રાજા સાથે પરણાવી ત્યારે શર્મિષ્ટા પણ તેની દાસી તરીકે તેની સાથે ગઈ હતી. અહિં દેવયાનીએ પોતાના પતિની સેવા કરી તેમને રાજી કર્યા. તે પતિની આજ્ઞા પ્રમાણે ચાલતી. આ શર્મિષ્ટાએ ત્યાં દાસી થઈને યયાતિ તથા દેવયાનીની સેવા કરી તેની હકીકત આ પ્રમાણે છે.

શર્મિષ્ટા અને યયાતી.

દૈત્યોના રાજા વૃષપર્વાની પુત્રી શર્મિષ્ટા શાણી અને સમજુ હતી. શુક્રાચાર્ય પોતાના પિતાને ત્યાંથી જાય તો પિતાના કુળનો દેવો નાશ કરી નાંખે. તે ન થવા માટે તેણે દેવયાનીનું દાસીપણું સ્વિકારી પિતાના સંકટને ટાળ્યું. યયાતિ રાજા સાથે લગ્ન થયા પછી દેવયાની સાસરે રહેવા લાગી. શર્મિષ્ટા પણ તેની દાસી તરીકે ત્યાં રહી. રાજાએ તે બંનેના મહેલ જુદા જુદા બંધાવી આપ્યા હતા. પોતાના પતિને ન મળવાની પણ શર્મિષ્ટાને દેવયાનીએ તાકીદ આપી હતી.

દેવયાની પોતાના પતિ સાથે રાજ્ય વૈભવનાં સુખ ભોગવી આનંદ પામવા લાગી ત્યારે શર્મિષ્ટાને તે પતિપત્નીનાં સુખ જોઇ કુંવારાં રહેવાથી દુઃખ થતું. એક વખત તે બાગમાં ફરતી ફરતી એક ગાયન ગાતી હતી. તે વખતે યયાતી રાજા પણ ફરતો ફરતો ત્યાં ગયો. વસંત ઋતુ ચાલતી હતી. સુંદર વન પક્ષિયો લતામંડપમાં મધુરાલાપ કરી રહ્યાં હતાં. શર્મિષ્ટા રૂપવાન હતી. અત્યારે તે યૌવનના પુરબહારમાં હતી. તેના મુખ ઉપર સૌંદર્ય ઝળકી ઉઠ્યું હતું. તે પોતાની જુવાની વહી જવા છતાં પણ કુંવારાં રહી દુઃખ વેઠ-

વાના વિચારમાં ગરક થઇ ગઇ, તેવામાં રાજાની દૃષ્ટિ તેના ઉપર પડી. તેનું રૂપ જોઇ તેને મોહ ઉત્પન્ન થયો અને તેને પાછળથી આવી પકડીને પોતાની કામવાસનાને તૃપ્ત કરવા વિનવવા લાગ્યો. આ જોઇ શર્મિષ્ટા શરમાઇ ગઈ. તેણે કહ્યું: “હે રાજન !! આ શું ! આઘા ખસો ? હમણાં રાણી દેવયાની આવશે તો મારી અને તમારી શી વલે થશે ? તે વળી શુક્રાચાર્યને કહેશે તો ફજેતો થશે. આપણે વચનથી એક બીજાને ન અડકવા બંધાયાં છીએ તે વચનને કેમ તોડો છો ? આમ છતાં પણ રાજાએ તેને ન છોડી અને મહેલમાં લઇ ગયો.

આ પછી શર્મિષ્ટા સાથે રાજાએ દેવયાનીથી છાની મૈત્રી બાંધી તેથી તેને પુત્રો થયા. તેની દેવયાનીને ખબર પડી જેથી પોતાને પીયેર રીસાઇને ચાલી ગઇ. રાજા તેને મનાવા શુક્રાચાર્ય પાસે ગયો. ત્યારે શુક્રાચાર્યે તેને ‘વૃદ્ધ થઇ જા’ એવો શાપ આપ્યો. તેથી તે રાજા વૃદ્ધ થયો. પણ તે બીજાની જુવાની લઈ શકે એવો તેમણે અનુગ્રહ કર્યો. ઘેર આવી તેણે દેવયાનીના પુત્રો પાસે પોતાનું ઘરડપણ આપી જુવાની લેવાની માગણી કરી, પણ તેમણે ના પાડી. છેવટે શર્મિષ્ટાના પુત્ર પુરુએ પોતાની જુવાની પોતાના બાપને આપી હતી. જેથી આ પુરુને રાજ્યગાદી મળી અને તેના વંશમાં જ કૌરવ પાંડવો ઉત્પન્ન થયા હતા.

આ પ્રમાણે યયાતિ રાજાની દેવયાનીએ અને શર્મિષ્ટાએ સેવા કરી. તે પોતાના પતિને રાજી રાખવા યત્ન કરતાં. શર્મિષ્ટાએ પોતાના સ્નેહવડે પોતાના પતિને જીતી લીધો અને તેમની પ્રીતિ સંપાદન કરી.

આવી રીતે તેમણે પતિસેવા કરી. તેમ મૈત્રેયી નામની એક સતી થઈ ગઈ છે જેણે પોતાના પતિના ધનવૈભવ કરતાં પોતાના પતિની સેવા કરવામાં જ પોતાનું સુખ માન્યું છે તેની વાત સાંભળો.

મૈત્રેયી અને યાજ્ઞવલ્ક્ય.

પૂર્વે યાજ્ઞવલ્ક્ય નામના એક મહાસમર્થ ઋષિ થઇ ગયા હતા. તેમની સ્ત્રીનું નામ મૈત્રેયી હતું. યાજ્ઞવલ્ક્યને બે સ્ત્રી હતી. એક મૈત્રેયી અને કાત્યાયની. મૈત્રેયી પોતાની

શૌક્ય સાથે પોતાની સગી બ્હેન જેવા હેતથી વર્તતી. બંનેમાં સારી પ્રીતિ હતી. એક વખતે યાજ્ઞવલ્કયે પોતાની બંને સ્ત્રીઓને કહ્યું કે: "હવે હું વૃદ્ધ થયો છું માટે તમે અહીં રહો અને હું વનમાં જઇ તપ કરૂં એવી મારી ઇચ્છા છે. મારી સંપત્તિ હું તમને સરખે હીસ્સે આપું તે લઈ સુખ ભોગવો." આ સાંભળી કાત્યાયની તો કાંઇ બોલ્યાં નહિ પણ મૈત્રેયી બોલ્યાં કે: "હે પ્રભો! આ ધનથી શું મને મોક્ષ મળવાનો છે?" આથી યાજ્ઞવલ્કયે કહ્યું કે:-ધનથી તમારૂં જીવન ધનવાનોના જીવન જેવું બનશે. કાંઇ અમર નહિ થવાય?" તેથી મૈત્રીયીએ કહ્યું કે: "તો મારે તે ધન શું કામનું? મને તો મોક્ષ મળે એવા બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો." આથી યાજ્ઞવલ્કયે કહ્યું કે: "હે મૈત્રેયી! તમે મને પ્રિય છો. કોઇ સ્ત્રી સ્વામીની ઇચ્છાનુસાર તેને પ્રિય થવાની ઇચ્છા રાખતી નથી. પરંતુ આત્માની કામનાના અનુરૂપ પતિને પ્રીતિપાત્ર થાય છે. સ્ત્રી પોતાની ઇચ્છા પૂર્ણ થવાથી સંતુષ્ટ થાય છે. પત્ની પતિને ન ગણે તો સ્વામીથી છુટી પડે છે. પુત્રો પિતાને ભવિષ્યમાં સુખ આપે માટે જ પિતાને પ્રિય લાગે છે. જે પુત્ર પિતાના કહ્યામાં ન રહે તે કદી પણ પિતાને પ્રિય થતો નથી. સર્વ કોઇ સ્વાર્થને માટે એક બીજાને વ્હાલાં લાગે છે. આત્મા સિવાય બીજું કંઈ પણ માણસને પ્રિય નથી. પુત્ર, સ્ત્રી વિગેરે સર્વ આત્માના સ્વાર્થને લીધે વ્હાલું લાગે છે." આમ કહી યાજ્ઞવલ્કયે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપી પોતાની સાથે તેડી ગયા હતા.

પતિવ્રતપણું ગાંધારીએ તેમજ તારામતીએ કેવી રીતે પાળ્યું તે હવે કહું છું તે સાંભળો.

ગાંધારી અને ધૃતરાષ્ટ.

ગાંધારી એ ધૃતરાષ્ટ્રરાજાની પત્ની હતી. તે માયાળુ અને પતિસેવામાં એક્કો હતાં. પોતાના પતિ ધૃતરાષ્ટ આંધળા હતા તેથી તેમના દુઃખે તે દુઃખી થતાં. પોતાના પતિ આંધળા હોવાથી તે પણ જન્મારા સુધી આંખે પાટા બાંધીને રહ્યાં હતાં. પોતાના પતિ અંધ હોવા છતાં પણ

તેમના ઉપર તેને કદી અભાવ કે અપ્રીતિ ઉત્પન્ન થયાં નહોતાં. તે પતિવ્રતપણું બરાબર પાળતાં. હજારો ચાકર નોકરો અને સો પુત્રો હોવા છતાં પણ પોતાના પતિની આજ્ઞા પોતે પાળતાં. તેમની સેવા કરવામાં આનંદ માનતાં.

તે કાર્યકુશળ હતાં. ઘણીવાર તે પોતાના પતિને રાજ્ય કારભારમાં પણ સલાહ આપતાં. પાંડવો અને કૌરવોના યુદ્ધ વખતે તેમણે પોતાના પતિને અને પુત્રને કુટુંબ કલેશ ન કરવા, અધર્મે ન ચાલવા અને ધર્મથી વર્તવા સલાહ આપી હતી. જુગાર રમીને રાજ્ય લઇ લેવું એ પાપ છે, માટે તેમ ન કરવા તેમણે વારંવાર ઉપદેશ આપ્યો હતો. તેમનું કહ્યું ન માનવાથી કૌરવોએ પાંડવો સાથે યુદ્ધ કર્યું અને પોતાનો વિનાશ કર્યો. પુત્રો લડાઇમાં મરાયા છતાં પણ તેણે દ્રૌપદી પાસે જઇને તેને પોતાના પુત્રોએ દીધેલા દુઃખ માટે ક્ષમા માગી હતી.

આ સ્ત્રી પતિવ્રતપણું ઉત્તમ પ્રકારે પાળી જીવ્યાં ત્યાં સુધી પતિ સેવામાંજ ચિત્ત રાખ્યું હતું.

આવી જ રીતે તારામતી નામનાં એક સતી થઇ ગયાં છે. તેમણે પણ પતિની આજ્ઞા માની પતિના વચન ખાતર સર્વસ્વને આપી દીધું હતું.

સતી તારામતી અને સત્યવાદી હરિશ્ચંદ્ર.

ઘણાં વર્ષ પૂર્વે અયોધ્યામાં હરિશ્ચંદ્ર કરીને મહા સત્યવાદી રાજા થઇ ગયા હતા. તેમનાં પત્નીનું નામ તારામતી હતું. તે પતિવ્રતા હતાં. બંને પતિપત્ની સત્યવાદી હતાં. હંમેશાં સત્યનું પાલન કરતાં. તેમના સત્યનાં દેવો પણ વખાણ કરતા. તારામતી દાન આપવામાં પણ પ્રખ્યાત હતાં. એક વખતે તેમના સત્યની પરીક્ષા કરવાને વિશ્વામિત્ર ઋષિ તેમની પાસે આવ્યા, અને તેમણે તેમની પાસે દાનમાં સર્વસ્વ માગી લીધું. હરિશ્ચંદ્ર દાનેશ્વરી અને સત્યવાદી હતા તેથી તેમણે જે માગ્યું તે આપી દીધું. અને રાજ્યપાટ ઋષિને સોંપી પહેર્યે લુગડે તે રાજા રાણી નગર બહાર નીકળ્યાં.

વિશ્વામિત્રને આથી સંતોષ ન થયો અને પાછળ જઇ દાન પાછળ દક્ષિણા માગી. રાજાની પાસે તો હવે કાંઈ રહ્યું નહોતું તેથી તેમણે સત્યને ખાતર પોતે વેચાઇને પણ ઋષિને દક્ષિણા આપવાનું ધાર્યું. તેમણે ઋષિને કાશીમાં આવવા કહ્યું, અને પોતે કાશી ગયા. ત્યાં પોતાની સ્ત્રી તારામતીને દાસી તરીકે એક બ્રાહ્મણને ત્યાં વેચી. અને આવેલી રકમ મુનિને દક્ષિણામાં આપી. આટલી દક્ષિણાથી મુનિ સંતુષ્ટ ન થયા અને વધારે માગી તેથી રાજા પોતે એક ચંડાળને ત્યાં વેચાયો અને આવેલી રકમ મુનિને દાન કરી સંતોષ્યા.

દાન લઇ મુનિ ચાલ્યા ગયા, અને હરિશ્ચંદ્ર ચંડાળને ત્યાં અને સતી તારામતિ બ્રાહ્મણને ત્યાં ગયાં. તે બંને છુટાં પડતાં ઘણાં દિલગીર થયાં. તારામતીએ પોતાના પતિને પ્રણામ કરીને કહ્યું કે: "સત્ય વચનને પાળવા જેવો બીજો ધર્મ નથી. હે પ્રભો ! મેં જો સતીપણું પાળ્યું હોય, દાન આપ્યું હોય તો તેના પ્રતાપથી ફરી આપ મારા પતિ થજો." "છુટાં પડતાં રાજાની આંખમાં આંસું આવી ગયાં. હે પ્રિયે ! મને પરણીને તમે સુખ ભોગવવાને બદલે દાસીપણું ભોગવવા તૈયાર થયાં. તમારા વગર હવે મને પુરાણની કથા કોણ સંભળાવશે ? મને રાજ્ય જવાથી જે દુઃખ થયું નહોતું તે દુઃખ તમારો ત્યાગ કરવાથી થાય છે." આ પછી બ્રાહ્મણ તારામતી અને તેના પુત્રને લઇ ચાલતો થયો અને હરિશ્ચંદ્ર ચંડાળને ત્યાં ગયો.

તારામતી રાણી કે જે રાજ્યવૈભવમાં ઉછરી હતી. તડકાનું મોં જોવાનું પણ કોઇ વખત પામી નહોતી. હજારો દાસદાસીઓ જેની ત્હેનાતમાં હતાં તે અત્યારે સત્યની ખાતર, પોતાના પતિના વચનના ટેકની ખાતર બ્રાહ્મણને ત્યાં દાસીપણું કરવા લાગી. રાજ્યસુખ ભોગવનાર રાજા ચંડાળને ત્યાં સ્મશાનમાંથી શબ ઉપરનાં કપડાં અને કર લેવાને માટે મૂકાયો. બંને સત્યવાદી હતાં તેથી પોતાનું કામ બરાબર પ્રમાણિકપણે કરતાં. એક બીજાને મળવા પણ કામ મૂકીને જતાં નહિ.

ઘણો કાળ થયો તેવામાં બ્રાહ્મણને ત્યાંથી તારામતીનો પુત્ર રોહીદાસ બાગમાં ફુલ લેવા ગયો હતો ત્યાં તેને નાગ કરડવાથી મરી ગયો. તે જાણી દુઃખમાં આવી પડેલાં પુત્રવત્સલ માતા તારામતીના દુઃખનો પાર રહ્યો નહિ. દાસીપણું ભોગવતાં, બ્રાહ્મણીના હુંકારા તુંકારા સહન કરવા છતાં પણ તારામતી માત્ર પોતાના પુત્રનું મુખ જોઇ દિવસ

કાઢતી હતી. તે પુત્રના મરણની વાત સાંભળી તેના હોશકોશ ઉડી ગયા. નિરાશ થઇને રડવા લાગ્યાં. તે પુત્રને અગ્નિદાહ કરવા સ્મશાનમાં લઇ ગયાં. ત્યાં જઈ તેમણે પોકે પોક રડવા માંડયું. તે સાંભળી સ્મશાનની રક્ષા કરનાર ચંડાળને ત્યાં રહેલા હરિશ્ચંદ્રે કહ્યું કેઃ " અરે કોણ છે ? અહિં મારા શેઠનો કર આપ્યા વગર કોણ બાળવા આવ્યું છે ? પહેલો કર આપ પછી શબને બાળ ? "

આ સાંભળી તારામતી બોલી કેઃ " અરે ! મારી પાસે કાંઇ પણ નથી. હું શું આપું ? મારા પુત્રની દયા લાવીને બળવા દો. અરે દૈવ ! મહા સામર્થ્યવાન રાજા હરિશ્ચંદ્ર રાજાની આ દશા ! પુત્રને બાળવાને માટે કર આપવાને પણ કાંઇ ન મળે ? "

ઘણો વખત થવાથી તેમજ અંધારી રાત હોવાથી રાજાએ રાણીને ઓળખી નહોતી પણ તેણે પોતાનું નામ સાંભળ્યું તેથી સમજ્યો કેઃ—" આ તો મારી રાણી અને આ મરેલો પુત્ર તે મારો રોહિદાસ ! " આ જાણતાં જ તે શોકવશ થઇ મૂર્ચ્છા ખાઇને પડયો. થોડીવારે જાગ્રત થયો અને દુઃખથી ખિન્ન થઇ સ્ત્રીને તથા પુત્રને જોઈ રડવા લાગ્યો. તેણે સતીને કહ્યું કેઃ " તું જે તારા પતિનું નામ દે છે તેજ હું નિર્ભાગી, વજ્ર હૃદયનો હરિશ્ચંદ્ર છું. ક્યાં એક વખતનો હું રાજા અને ક્યાં આજે ચંડાળની નોકરી કરનારો હું ગુલામ ! વ્હાલી ! તું મને પ્રાણથી પણ અધિક વ્હાલી છે. પુત્ર પણ મને મારા પ્રાણથી વધુ પ્રિય છે, છતાં મારાથી મારા શેઠનો કર લીધા સિવાય તેને બાળવા દેવાય નહિ. જે માણસ પોતાને માટે કે પોતાનાં સગાં સ્નેહીઓને માટે પોતાના શેઠનું અહિત કરે છે તે અધમ ગણાય છે. માટે તું બીજા કોઇ પાસેથી માગીને પણ મને કર આપ કે જેથી મારો ધર્મ જાય નહિ. "

આ સાંભળી તારામતી સ્મશાનનો કર લેવા પછી નગરમાં ગઈ. જતાં રસ્તામાં એક મુએલા બાળકને પડેલું જોઇ દયાથી તે કોણ છે તે જોવા ગઇ, તેવામાં પાછળથી રાજાના સિપાઇઓ તેણે જ બાળકને મારી નાંખ્યો છે એમ માની પકડી અને રાજા પાસે લઇ ગયા. રાજાએ તે નિર્દોષ છે તે વાત માની નહિ અને તેણે જ બાળકને મારી નાંખ્યો છે એમ માની તેનો શિરચ્છેદ કરવાનો હુકમ કર્યો. રાણીને સ્મશાનમાં લઈ ગયા. અને ચંડાળે પોતાના નોકર હરિશ્ચંદ્રને તેને મારી નાંખવાનો હુકમ આપ્યો. શેઠની આજ્ઞાનું પાલન કરવા તેણે તારામતીને મારવા માટે તલવાર ઉગામી. આ

જોઈ સતી તારામતીએ કહ્યું કે: "હે રાજન! ખુશીથી તરવાર મારા ગળામાં મારી તમારા ધર્મને પાળી મારો ઉદ્ધાર કરો. તમારાથી અસત્ય ન બનો. રાજા તરીકે પ્રજાનું પાલન કરવું, બ્રાહ્મણોને સંતોષવા, વિગેરે ધર્મો તમે બરાબર પાળ્યા છે તો આ વખતે શેઠની આજ્ઞાનું પાલન કરવા રૂપ સેવકધર્મને પણ પાળી બતાવો. મારાં સત્ય કર્મ અને પતિવ્રતા ધર્મના પ્રતાપથી જન્માંતરે પણ આપની દાસી થઉં એવી ઇચ્છા છે."

આ સાંભળી રાજાએ કહ્યું કે: "હે પ્રિયે! નિષ્કપટપણે મારા સ્વામીની આજ્ઞા પાળવી એ મારો ધર્મ છે. તેથી આપણે સવ થોડા જ વખતમાં સ્વર્ગમાં એકઠાં થઈશું. હવે આપણા વિયોગને આ તરવાર વધુ વખત સહન કરવાની નથી." આમ કહી જેવી તરવાર ઉગામી ઘા કરવા જાય છે કે તરત જ વિશ્વામિત્ર સાથે દેવોએ આવી તેનો હાથ પકડી લીધો અને કહ્યું કે: "હે રાજા! પ્રાણ જતાં પણ તેં તારા ધર્મને છોડયો નથી માટે તને ધન્ય છે. પતિવ્રતા મહારાણી તારામતી! તમે ધર્મ, સત્ય અને પતિવ્રતાથી ડગ્યાં નથી. તમારા સત્યને જોઇ અમે પ્રસન્ન થયા છીએ. અમે તમારી પરીક્ષા કરવા જતાં તમારા સત્યથી જીતાયા છીએ. તમારો કુંવર જીવતો થાવ અને તમને ફરી તમારૂં રાજ્ય મળો. બીજી જે ઇચ્છા હોય તે માગો."

વિશ્વામિત્ર અને દેવોના વરદાનથી રોહિત જીવતો થયો. તેમણે તેમના ચરણમાં પ્રણામ કર્યા. સતી તારામતીના પતિવ્રતપણાથી, હરિશ્ચંદ્રના સત્યથી અને રોહિતના માબાપ પ્રત્યેના ધર્મથી દેવો પ્રસન્ન થયા અને કહ્યું કે: "ધર્માચરણ વગર મનુષ્યોનું કલ્યાણ થતું નથી માટે મનુષ્યોએ કોઇપણ રીતે ધર્મને પાળવો જોઇએ." પછી દેવો અંતર્ધ્યાન થઈ ગયા અને રાજા તથા રાણીએ અયોધ્યા જઈ રાજ્ય મેળવ્યું. સતી તારામતી પોતાના પતિનું વચન ભંગ ન થાય તે માટે દાસી તરીકે વેચાઇ સંકટ ભોગવ્યું; છતાં પણ પોતાનો પતિવ્રતપણાનો ભંગ ન કર્યો. તેમના ઉપર રોષ ન કર્યો અને છેવટ સુધી તેમણે પતિભક્તિ કાયમ રાખી. સત્ય અને ધર્મને પાળી દુ:ખ સહન કર્યાં તો અંતે રાજ્ય સુખ મળ્યું, દેવોનાં દર્શન થયાં અને આનંદમાં રહેવા લાગ્યાં. સતી સ્ત્રીએ તારામતીની માફક પોતાના પતિની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. જે સ્ત્રી પોતાના પતિની

આજ્ઞા પાળે છે. પતિના સુખને માટે, તેના ધર્મને માટે, તેના વચનને માટે પોતે સર્વસ્વને અર્પણ કરે છે. દુઃખનો પણ વિચાર કરતી નથી તે પતિવ્રતા સ્ત્રી સમજવી.

પતિવ્રતપણું પાળવાની ઈચ્છા રાખનારી સ્ત્રીએ તારામતીના ચરિત્રનું મનન કરવું જોઇએ. પોતાનું મન વશ રાખવું. પતિ ઉપરજ અત્યંત સ્નેહ રાખવો. પતિની સેવા કરવામાં જ ચિત્ત રાખવું. પોતાના પતિની ઈચ્છા તરત જાણી જઇ તે પ્રમાણે વર્ત્તવું. તેમને પ્રસન્ન રાખવા યત્ન કરવો. ઘરમાં સ્વચ્છતા રાખવી. ખૂણે ખોચરે પણ પુંજો એકઠો થવા દેવો નહિ. પતિની પ્રસન્નતા માટે તેમને બેસવા ઉઠવાની જગ્યા સ્વચ્છ અને સુઘડ રાખવી. પતિની આજ્ઞા લીધા વગર કંઇ કામ કરવું નહિ. ગમે ત્યાં જવું આવવું નહિ. પોતાના પતિની પ્રીતિ સંપાદન કરવા માટે જે રીતે તે રાજી રહે તેમ વર્ત્તવું. ઘરના સાસુ સસરાને પોતાના માબાપ તુલ્ય સમજી સેવા કરીને પ્રસન્ન રાખવાં. નણંદ ઉપર પણ સ્નેહ રાખવો. કામ કરવામાં વાદ કરવો નહિ. ઘરનાં માણસો ગુસ્સે થાય તેવી રીતે વર્ત્તવું નહિ. પોતાના પ્રાણ કરતાં પણ શીયળને વધુ કિંમતી ગણી સાચવવું. પતિની સ્થિતિ અનુસાર પોતાને અન્ન વસ્ત્ર વિગેરે જેવું મળે તેમાંજ સંતોષ અને આનંદ માનવો.

પતિવ્રતા સ્ત્રીએ તો હંમેશાં પતિ ગમે તેવો હોય, પોતાને મારતો હોય, ગુસ્સે થતો હોય છતાં પણ અન્ય પુરુષમાં પ્રીતિ બાંધવી નહિ. કોઇ પણ વસ્તુનો લોભ રાખવો નહિ. કદાચ પ્રજા ન થાય તો તેથી પણ દુઃખી ન થવું. ઈશ્વરની તેમ ઇચ્છા હશે એમ માની સંતોષ માનવો, પણ પ્રજા થાય તે માટે ભૂવા જતીના હાથમાં સપડાવું નહિ. અન્ય કપટી પુરુષોની સાથે પ્રજા થવાની આશાએ કુછંદે વર્તી નીતિભ્રષ્ટ થવું નહિ. પતિવ્રતપણાનો ત્યાગ કરનાર સ્ત્રીને ઘણાં દુઃખ પડે છે અને જગતમાં ફીટકાર થાય છે. અને પરલોકમાં નરકમાં પડે છે. સતીએ તો પોતાને પ્રાપ્ત સ્થિતિમાં આનંદ માનવો.

સતી સ્ત્રીએ વિપત્તિમાં પણ ધૈર્ય રાખવું. તે દુઃખ ટાળવા અન્યના ધનની ઇચ્છા રાખવી નહિ. પારકે ઘેર જવું નહિ. દળવા ખાંડવાને બ્હાને પણ બીજાના ઘરમાં જવું નહિ. જે ઘરમાં સ્ત્રી ન હોય તેવા એકલા રહેતા પુરુષને ત્યાં તો તે ગમે તેવો સગો હોય છતાં પણ જવું નહિ. સ્હવારમાં ચાર વાગે ઉઠવું. ઘરને સ્વચ્છ

રાખવું. ઘરમાં કપડાં, વાસણ, વિગેરે તમામ સામાન સાફસુફ રાખી નિયમસર ગોઠવવાં. ઘરમાં ગમે તે વસ્તુ ગમે ત્યાં પડી ન રહે તેની કાળજી રાખવી. ગમે તેવું ઘર હોય છતાં પણ લીંપીધુંપીને સ્વચ્છ રાખવું. ઘરની સ્વચ્છતા જોઇને તે ઘરની સ્ત્રીની સુઘડપણાની પરીક્ષા થઇ શકે છે.

પતિ શી રીતે રાજી રહે તેવાજ વિચારો કર્યા કરવા. પતિને માટે સ્વાદિષ્ટ રસોઇ બનાવી જમાડયા પછી જમવું. અનાજ વીણીને સ્વચ્છ રાખવું તેમાં જીવજંતુ ન હોય, કાંકરા ન હોય તેની કાળજી રાખવી. રસોડું સ્વચ્છ રાખવું. ઉપર ધુમાડીથી બાવાં ન ચોટી રહ્યાં હોય તેની કાળજી રાખવી, કારણ ઘણીવાર તે બાવાંમાં જંતુઓ ભરાઇ રહે છે અને રાંધેલી વસ્તુમાં પડે છે તો રોગ થાય છે. રસોઇ કરતી વખતે કોઇ ચીજ ઉઘાડી રાખવી નહિ. વાસણો સ્વચ્છ રાખવાં. પાણીનાં વાસણો સ્વચ્છ રાખવાં. દરરોજ પાણી ગળીને વાપરવું. માટલીઓ પણ બગોઅર હાથ વડે રોજની રોજ વીંછળીને પાણી ભરવું. પાણી ગળવાનું ગળણું ધોઇને સ્વચ્છ રાખવું. બપોરે જમી પરવારી જો કાંઇ સીવવાનું હોય તો સીવવું. બીજું ઘર કામ કરવું. ઘર કામથી પરવાર્યા પછી જ્ઞાન મળે તે માટે કંઇ વાંચવા લખવાનો અભ્યાસ પાડવો.

પતિને કોઇ વખતે કંઇ શોક થાય તો પતિવ્રતા સ્ત્રીએ પોતાના હાસ્યવિનોદથી તે શમાવી દેવો. પોતાનાં સાસુ નણંદ વગર બહાર એકલાં જવું નહિ. પતિને દુ:ખમાં પણ આનંદ આપવો. તેમનું મન રાજી રહે તેવાં આનંદી અને મધુર વચનો કહેવાં. અન્ય પુરુષ સાથે નજરે નજર મેળવી વાત કરવી નહિ. શરમ રાખવી, ઉંચે સ્વરે બોલવું નહિ, ક્રોધ કરવો નહિ. કદી પણ પોતાના પતિ ઉપર ગુસ્સે થવું નહિ. રીસ ચઢાવવી નહિ. તેમનું મન દુભાય તેમ વર્ત્તવું નહિ. પતિ બહારથી કમાઈ લાવે અને ઘરમાં તેનું રક્ષણ કરવું, સાચવવું અને વ્યવસ્થા કરવી એ પત્નીનો ધર્મ છે. કોઇ લંપટ પુરુષ કુબુદ્ધિ કરી પતિવ્રતાના સામું જુએ, તેને રાજી કરવા ધનવૈભવની લાલચ આપે, છતાં પણ સતી સ્ત્રી મતિ બગાડતી નથી. પતિ નિર્ધન, રોગવાળો કે વૃદ્ધ હોય છતાં પણ તેના ઉપર અપ્રીતિ કરતી નથી. પરપુરુષની સાથે સ્નેહ રાખવાની વૃત્તિ થતી નથી. પોતાનો પતિ ગમે તેવો હોય છતાં પણ તેને દેવતુલ્ય ગણી પૂજે છે. તેનામાંજ સ્નેહ રાખે છે.

દુર્ગુણી મનુષ્યો ગમે તેવી રીતે વિનવે, ધનાદિનો લોભ બતાવે, છતાં તે ચળતી નથી. પરપુરુષના ધનને પથ્થર તુલ્ય માને છે. મેળામાં વધુ માણુસોની ભીડમાં જતી નથી. પરપુરુષનો પોતાના શરીરને સ્પર્શ થઈ જાય તેવી રીતે કંઇ જતી આવતી નથી. શરીર જણાય તેવું પાતળું વસ્ત્ર પહેરતી નથી. ગઠિ સાલ્લો પહેરી ફરતી નથી, કાંચળીને હંમેશાં પહેરી રાખે છે. માથુ ઉઘાડું થઇ જાય, પાલવનો છેડો ખસી જાય, પગની પાની દેખાય, પેટ જણાય તેવી રીતે બેદરકારીપણે વસ્ત્ર પહેરતી નથી. કપડાં પહેર્યા વગર સ્નાન કરતી નથી. નીચી નજરે ચાલે છે. વસ્ત્રાલંકારો કરતાં સદ્ગુણોને ધારણ કરવા તે વધુ પ્રીતિવાળી હોય છે. કોઇની સાથે કલેશ કરતી નથી, કોઈની નિંદા કરતી નથી, કોઇના દોષ જોઇ કુથલી કરતી નથી. પતિનું અપમાન થાય તે સહન કરી શકતી નથી. પીયેરમાં બહુ દિવસ રહેતી નથી. હંમેશાં પતિ સાથે જ રહેવામાં તેને આનંદ જણાય છે. હલકી સ્ત્રીઓની સોબત કરતી નથી. પોતાનાથી વૃદ્ધ અને સતી સ્ત્રીઓની જ સોબત કરે છે. સુખ કે દુઃખમાં ધીરજ રાખી રહે છે.

પતિવ્રતા સ્ત્રી પતિની જેવી સ્થિતિ હોય તેમાંજ રહેવામાં આનંદ માને છે. સારાં કપડાં કે ઘરેણાંની દરકાર કરતી નથી. પતિને તેવી હઠ કરી સતાવતી નથી. પતિ જે આપે તેમાંજ સંતોષ માને છે. સતીપણું પાળવું એ તરવારની ધાર ઉપર ચાલવા જેવું છે. આ જગત્માં અનેક કુલ્ટા સ્ત્રીઓ અને લંપટ પુરુષોની લાલચોમાં ન ફસાવું અને સતીપણાને જ સર્વ કરતાં કિમતી ગણીને પાલન કરવું એ ઘણું દુર્ઘટ છે. જે સ્ત્રી મન, વચન અને કર્મથી પતિની સેવા કરે છે. પતિના જ સુખે સુખી અને દુઃખે દુઃખી રહે છે, પતિના જ સ્નેહને મેળવવાને મથ્યાં કરે છે, જેને સર્વ કરતાં પોતાનું શીયળ અને પતિનો સ્નેહ વ્હાલો છે. તેજ સ્ત્રી સતીપણું પાળી શકે છે. સ્ત્રીએ જો બરોબર પતિસેવા શુદ્ધ હૃદયથી કરી હોય છે તો તેનું એક પણ વાક્ય મિથ્યા જતું નથી. તેના ઉપર ઈશ્વર પ્રસન્ન રહે છે અને આ જગત્માં દેવી જેટલું સામર્થ્ય ધરાવે છે.

સતી સ્ત્રી પોતાના સ્નેહથી પતિને જીતી લે છે. પતિ જો દુરાચારી હોય છે તો તે નમ્રતાથી સુધારી શકે છે.

મહાશ્વેતા—પુંડરીક.

મહાશ્વેતા એ પૂર્વે થઇ ગયેલા હંસ મુનિની પુત્રી હતી. તેમની માતાનું નામ ગૌરી હતું. તે માબાપની સાથે હેમકૂટ પર્વત ઉપર લાડમાં ઉછર્યાં હતાં. તેમને તેમની માએ વ્યવહાર, નીતિ અને ધર્મનું જ્ઞાન આપી કેળવ્યાં હતાં. એક વખતે વસંત ઋતુમાં મહાશ્વેતા સખીઓ સાથે હિમાલય પર્વતની તળેટીમાં આવેલા અચ્છોદ સરોવરમાં સ્નાન કરવા ગઇ હતી. તે વખતે વસંતઋતુ ખીલી રહી હતી. વનની શોભા જોતી મહાશ્વેતા આમતેમ ફરતી હતી તેવામાં ત્યાં બે મુનિકુમારોને જોયા. તેમાંના એકના કાનમાં ધાલેલો પુષ્પમંજરીની સુગંધીથી ચારે બાજુ સુવાસ પ્રસરી રહ્યો હતો. મહાશ્વેતા મુનિકુમારના સૌંદર્ય ઉપર મોહ પામી. મુનિકુમાર પણ તેને જોઇ મોહ પામ્યો. મહાશ્વેતાએ તે મુનિકુમારના મિત્રને પૂછ્યું કે:—" આ કોણ છે? તેના કાનમાં જે પુષ્પ મંજરીઓ છે તે કયા વૃક્ષની છે? તેણે કહ્યું કે: " તેનું નામ પુંડરીક છે, તેના કાનની મંજરીઓ પારિજાતક વૃક્ષની છે અને તે નંદનવનમાંથી દેવતાએ અર્પણ કરી છે." આ વાત સાંભળી પુંડરિકે આવી કહ્યું કે: ' તમારે એ મંજરીઓ જોઇતી હોય તો લ્યો તમે પહેરો.' આમ કહી તેણે પુષ્પ મંજરીઓ પોતાના કાનમાંથી કાઢી મહાશ્વેતાને પહેરાવી.

આ વખતે બંનેના મનમાં કામ ઉત્પન્ન થયો. પુંડરીકે માળા આપવા જતાં હાથ કંપ્યો અને માળા નીચે પડી ગઈ, તે લઈ મહાશ્વેતાએ કંઠમાં પહેરી લીધી. પછી મુનિકુમારને પ્રણામ કરી પોતાની સખીઓ સાથે ત્યાંથી ચાલી ગઇ. તે અચ્છોદ સરોવરમાં સ્નાન કરી માતા સાથે હેમકૂટ ઉપર ગઈ, પણ તેનું મન તો પુંડરીકમાં જ રહ્યું.

પાછળથી એક સખીએ આવી એક પત્રિકા આપી. તે પુંડરીકની લખેલી હતી તે વાંચી વધુ વિહ્વળ થવા લાગી. તે દાસી સાથે તે મુનિકુમાર વિષે વાત કરતી હતી ત્યાં પુંડરીકનો મિત્ર કપિંજલ ત્યાં આવ્યો અને કહ્યું કે: " તમારા સમાગમ વગર મારા મિત્ર પુંડરિકનો પ્રાણ જવા બેઠો છે. " આ વાત થાય છે ત્યાં તેની માતા પાછળથી આવતી જણાઇ તેથી તેનો તથા કપિંજલના ગમ-

રાટનો પાર રહ્યો નહિ. કપિંજલ ત્યાંથી ધીમે રહીને ચાલ્યો ગયો. પછી મહાશ્વેતા પોતાની સખી તરલિકાને લઇ પુંડરીક પાસે જવા નીકળી.

પુંડરિક મહાશ્વેતાને જોઇ ત્યારથી તેને મેળવવાને માટે તેનું મન તલપી રહ્યું હતું. તેને મહાશ્વેતા વગર ચેન પડયું નહિ. તે કામથી વિવશ થઈ ગયો. આખરે તે મહાશ્વેતાના વિયોગથી તરફડી મરણ પામ્યો. તેના મરણથી તેનો મિત્ર કપિંજલ છાતીપાટ રડવા લાગ્યો. મહાશ્વેતા આનંદથી તેને મળવા આવતી હતી પણ તેને મરેલો જોઇ દુઃખ પામી, તેણે પણ શોકથી રડવા માંડયું. પોતે મનથી માનેલા પતિ સાથે બળી મરવા તૈયાર થઈ. પણ આકાશવાણી થઇ કેઃ " તું પ્રાણ ત્યાગ કરીશ નહિ. તને તારા પતિનો સમાગમ થશે. " કપિંજલ મિત્રના શોકથી દુઃખી થયો અને તેના પ્રાણને છોડવવા આકાશમાં જવા લાગ્યો. મહાશ્વેતાએ ત્યાં આખી રાત રડી રડીને કાઢી.

બીજે દિવસે સરોવરમાં સ્નાન કરી મુનિકુમારનાં કમન્ડલ વલ્કલ અને માળા પહેરી. સફેદ વસ્ત્રો ધારણ કરી ત્યાં જ આવેલી એક ગુફામાં રહી તપસ્વિનીનું જીવન ગાળવા લાગી. ત્યાં આગળ એક શંકરનું દેવળ હતું તેમની પુંજા કરી તે આખો દિવસ ઈશ્વરની આરાધના કરવામાં ગાળતી. તેની વાત સાંભળી તેના માતાપિતાને શોક થયો. તેની નાનપણની સખી કાદમ્બરીએ તેની આવી દશા જોઇ, પોતે પણ લગ્ન નહિ કરવાનો નિશ્ચય કરી તેની સાથે રહેવા લાગી.

પુંડરિકનો જન્મ ઉજ્જયીનીના રાજા તારાપીડના મંત્રી શુકનાસને ત્યાં વૈશંપાયન તરીકે થયો. એક વખતે તે રાજકુમાર ચન્દ્રાપીડ સાથે શિકાર કરવા વનમાં ગયો હતો ત્યાં તેની દષ્ટિ મહાશ્વેતા ઉપર પડી. તેને જોઇ તેને પૂર્વજન્મના સ્નેહથી મોહ ઉત્પન્ન થયો. તે એક શિલા ઉપર સુતી હતી ત્યાં જઇ વૈશંપાયને તેના કાનમાં કંઈ વાત કરી. તેથી મહાશ્વેતા જાગી અને પુરપુરુષને આવી રીતે પોતાની સાથે અમર્યાદપણે વર્તતો જોઇ ક્રોધ કરી શાપ આપ્યો કેઃ—" તું પોપટની પેઠે બોલે છે માટે પોપટમાં તારો જન્મ થશે. " આ શાપથી તે તરતજ ત્યાં મરી ગયો અને તેનો જન્મ પોપટમાં થયો.

પોપટ થયેલો પુંડરિક એક વખતે પારધીની જાળમાં ફસાયો. તેને પકડી તેની કન્યા લક્ષ્મી શુદ્રક રાજા પાસે લઇ ગઇ. ત્યાં તેના શાપનો અંત આવતાં પોપટનો દેહ છોડી દીધો અને પોતાના મૂળ દેહને પામી કપિંજલ સાથે આકાશમાંથી ઉતરી મહાશ્વેતા પાસે આવ્યો. મહાશ્વેતા જે પોતે મનથી માનેલા પતિના વિયોગથી પતિવ્રતપણું પાળી તપસ્વી જીવન ગાળતી હતી તે પુંડરીકને ઘણા વર્ષે મળી આનંદ પામી. પછી તેમનું લગ્ન થાય છે અને સુખે આનંદને ભોગવે છે. પોતાના મનથી માનેલા પતિના વિયોગથી મહાશ્વેતાએ કેટલું કષ્ટ વેઠયું. પતિવ્રત પાળવામાં કેટલું કષ્ટ વેઠયું છતાં પણ પતિનું સ્મરણ કરી ઘણાં વર્ષ સુધી વિયોગને સહન કર્યો તો અંતે સુખ મળ્યું.

સતી સ્ત્રીઓ પતિની સાથે આવો સ્નેહ રાખી શકે છે. તેનાથી એક પળવાર પણ પતિનો વિયોગ સહન થઇ શકતો નથી. તેની બેન કાદમ્બરી પણ સતી હતી.

કાદમ્બરી અને ચન્દ્રાપીડ.

પૂર્વે થઇ ગયેલા ગંધર્વના રાજા ચિત્રરથની પુત્રી મદિરાની પુત્રીનું નામ કાદંબરી હતું. કાદંબરી અને મહાશ્વેતા બંને સખીઓ હતી. મહાશ્વેતાએ મનનો માનેલો પતિ પુંડરિક મરણ પામ્યો અને મહાશ્વેતા વિધવા થઈ એ વાત કાદંબરીએ જાણી તેથી તે ઘણી દિલગીર થઇ અને પોતે પણ લગ્ન કરવાની ના પાડી. તેનાં માતાપિતાએ ઘણું સમજાવી પણ તેણે માન્યું નહિ. આ જાણી મહાશ્વેતાએ પોતાની સખી તરલિકાની જોડે તેને લગ્ન કરવાનો સંદેશો મોકલ્યો. તેના જવાબમાં તેણે મહાશ્વેતાને કહેવરાવ્યું કેઃ—“ તારા જેવી સખી વિધવા થઈ દુઃખ વેઠે છે તો પછી મારે પરણી સુખ શું કામ ભોગવવું ? તું પતિવિરહથી પરપુરુષનું મુખ સરખું જોતી નથી તો મારે પરપુરુષનો વિચાર શા માટે કરવો ? તારા ઉપરના પ્રેમને લીધે મારાથી લગ્ન કરી સુખ ભોગવી શકાશે નહિ માટે તું હવે આગ્રહ કરીશ નહિ. ”

આ વખતે તારાપીડ નામનો રાજા હિંદુસ્તાનમાં રાજ્ય કરતો

હતો તેના પુત્રનું નામ ચંદ્રાપીડ હતું. મહાશ્વેતાનો પતિ પુંડરીક બીજા જન્મે આ રાજાના કારભારીને ત્યાં વૈશંપાયન તરીકે જન્મ્યો હતો તે બંનેને મિત્રતા હતી. એક વખતે ચંદ્રાપીડ પોતાના મિત્ર વૈશંપાયન અને બીજી સેના લઇને દિગ્વિજય કરવા નીકળ્યો હતો. તેવામાં એક કિન્નરના જોડાને હિમાચલ ઉપર હસતું રમતું જોઇ ચંદ્રાપીડે ઘોડો તેના તરફ દોડાવ્યો. તે જોડું તો જતું રહ્યું પણ તે ચાલતો ચાલતો કાદંબરીની સખી મહાશ્વેતા પતિ વિયોગે રહી જ્યાં શંકરની આરાધના કરતી હતી ત્યાં આવી ચઢયો. દેવકન્યા જેવી આ સ્ત્રીને તપસ્વીની તરીકે જીવન ગાળતાં જોઈ તેને આશ્ચર્ય થયું. તેને જોઈ મહાશ્વેતાએ વિવેકપૂર્વક સન્માન આપ્યું અને પૂછવાથી પોતાને તપ કરવાનું કારણ કહી બતાવ્યું.

મહાશ્વેતાએ ચંદ્રાપીડને રૂપગુણવાન જોઈ કાદંબરી પાસે લઇ જવાનું ધાર્યું. તેણે કહ્યું કે: " હે કુંવર ! હેમકૂટ પર્વત ઉપર ચિત્રરથ રાજા રાજ્ય કરે છે માટે ત્યાં પધારો ? ત્યાં કાદંબરી લગ્ન કરવા ના કહે છે તેને આપણે સમજાવીશું. તમારા સમાગમથી દુઃખી હૃદયને આશ્વાસન મળશે." આ સાંભળી તેણે કહ્યું કે: " ભગવતી ! તમારી આજ્ઞા પ્રમાણે હું આવવા તૈયાર છું. " આથી બંને જણાં હેમકૂટ તરફ ગયાં. ત્યાં ચિત્રરથ રાજાનો વૈભવ દેવ જેવો હતો. બંને જણ કાદંબરીના મહેલમાં ગયાં. કાદંબરી વસ્ત્રાભૂષણ પહેરી સખીઓની મધ્યમાં બેઠી હતી. તેનું રૂપ અને તેજ કોઇ પણ પુરુષને મોહ પમાડે તેવાં હતાં.

કાદંબરીએ પોતાની સખી મહાશ્વેતાને આવેલી જોઇ તેથી હર્ષથી તરત જ ઉઠી તેના ગળે વળગી પડી. બંને સખીઓ પરસ્પર ભેટી હર્ષાશ્રુ પાડવા લાગી. મહાશ્વેતાએ ચંદ્રાપીડનું ઓળખાણ પાડયું. ચન્દ્રાપીડનું રૂપ પણ એવું હતું કે તેને જોતાં જ કાદંબરીનું મન મોહવશ થઈ ગયું. તેણે વેગળેથી તેને પ્રણામ કર્યાં અને મહાશ્વેતા સાથે એક પલંગ ઉપર પોતે બેઠી. ચન્દ્રાપીડને પણ સામેના આસન ઉપર બેસાડયો. બંને સખીઓ સુખદુઃખની વાતો કરવા લાગ્યાં. પછી પાનનાં બીડાં બનાવ્યાં. તે પાન લઇ કાદમ્બરી મહાશ્વેતાને આપવા લાગી ત્યારે મહાશ્વેતાએ કહ્યું કે:—" સખી ! મેં તો લીધી છે પણ આ મેમાન આવ્યા છે તેમને (ચન્દ્રાપીડને) આપ ! આ સાંભળી કાદમ્બરી શરમાઈ અને બોલી કે:—" બ્હેન !

તેમની સાથે ઓળખાણ ન હોવાથી આપતાં શરમાઉં છું માં તું આપ."

મહાશ્વેતાએ ફરી પણ તેને જ પાન આપવાનો આગ્રહ કર્યો તેથી કાદંબરી ધડકતા હૃદયે પાન આપવા ઉઠી અને આડી નજર ચન્દ્રાપીડને પાન આપ્યું. આમ વાતો થતી હતી ત્યાં રાજા ચિત્રરથ અને રાણી, મહાશ્વેતાને મળવા આવે છે એમ દાસીએ કહ્યું. આથી સર્વ ઉભાં થયાં. તે વખતે મહાશ્વેતાએ કહ્યું કે "ચન્દ્રાપીડ ક્યાં ઉતરશે ?" ત્યારે કાદમ્બરીએ કહ્યું:–"સખી, એમાં સવાલ શો ? જ્યાં તેમની મરજી હોય ત્યાં ભલે ઉતરે." એટલે મહાશ્વેતાએ ચન્દ્રાપીડનો મુકામ પ્રમદવનમાં આવેલા મણિમહેલમાં કરાવ્યો, અને રાજા ચિત્રરથને મળવા ગઇ.

ચન્દ્રાપીડ મહાશ્વેતાના મહેલમાંથી પછી મણિમહેલમાં ગયો ત્યાં પાથરેલા એક પલંગમાં પડયો પડયો વિશ્રાંતિ લેવા લાગ્યો થોડીવારે મદલેખા ચન્દન અને પુષ્પનો હાર લઇને આવી અને તે પહેરાવ્યો. કાદમ્બરીનું મન ચન્દ્રાપીડને જોઈ કામવિવશ બની ગયું હતું. તેનો લગ્ન ન કરવાનો આગ્રહ મનમાંથી છુટી ગયો હતો. પોતાના મહેલની અગાશી ઉપર ચઢીને ચન્દ્રાપીડને જોવા લાગી.

સાયંકાળે કાદંબરી તેને મળવા આવી. તેને જોઈ પોતે પલંગ ઉપરથી બેઠો થયો. કાદંબરી આવીને નીચે બેઠી એટલે ચન્દ્રાપીડ પણ નીચે બેઠો. ચન્દ્રાપીડે કહ્યું કે: "મારામાં એવું શું છે કે આપ આટલી બધી કૃપા કરો છો ? આ સેવક પાસેથી આપને યોગ્ય લાગે તે માગી લ્યો." આવામાં મદનલેખા બોલી કે: 'તમે સેવક કહી બોલો છો, તેથી મારી સખીને દુઃખ લાગશે. તમારૂં સર્વસ્વ મારી સખીએ સ્વીકાર્યું છે માટે હવે બીજી વાતો ન કરો.' પછી થોડીવાર ઉજ્જયીની નગરી કેવી છે ? રાજા શું કરે છે વિગેરે વાતો કરી મોડી રાતે કાદમ્બરી પોતાના મહેલમાં જઇ સુઇ રહી, અને ચન્દ્રાપીડ પણ સુઈ ગયો.

સવારમાં ઉઠી સન્ધ્યાદિ કરીને કાદમ્બરી તથા મહાશ્વેતાને મળ્યો. તે લોકોની પછી રજા લઇને ગંધર્વો સાથે અચ્છોદ સરોવરે આવ્યો. ગંધર્વોને રજા આપી. પછી ત્યાં બીજે દિવસે કેયૂરકે આવી ચન્દ્રાપીડને કહ્યું કે: "તમારા વગર કાદમ્બરીને ચેન પડતું ન

માટે ફરી આપ પધારો." તેથી તે ફરી હેમકૂટ ગયો અને કાદમ્બરીને મળી આશ્વાસન આપી પાછો આવ્યો. બીજે દિવસે તેના પિતાનો તેને તેડાવવાનો પત્ર આવ્યો, તેથી તે પોતાની સેનાને પોતાના મિત્ર વૈશંપાયનને સોંપી પોતે એકલો અવંતી ગયો.

તે ઘેર આવ્યો પણ તેને કાદમ્બરી સિવાય ચેન પડયું નહિ. આ તરફ કેટલાક દિવસ પછી કેયૂરકે આવી કહ્યું કે જો તમારે કાદમ્બરીને જીવતી રાખવી હોય તો તેની પાસે ચાલો. તે તમારૂં સ્મરણ કરી વિયોગથી મરવા જેવી થઈ ગઇ છે. પોતાનું સૈન્ય મેઘના સાથે પાછું આવ્યું પણ મિત્ર વૈશંપાયન આવ્યો નહોતો તેથી ચન્દ્રાપીડને ચિંતા થવા લાગી. તેથી તેને શોધવા માટે તે માબાપની રજા લઈ અવંતીથી નીકળી અચ્છોદ સરોવર પાસે આવ્યો. શોધતાં વૈશંપાયનનો પત્તો લાગ્યો નહિ.

તે વૈશંપાયન વિષે પૂછપરછ કરવા મહાશ્વેતા પાસે ગયો તો ત્યાં મહાશ્વેતાને રડયાં કરતી જોઈ. તેને રડતી જોઇ તેણે કહ્યું કેઃ— "કેમ રડો છો ?" આ સાંભળી મહાશ્વેતાએ કહ્યું કેઃ "આપના ગયા પછી હું અહિં આવી અને આપના જેવા રૂ ાવાન એક કુમાર મારી પાસે આવ્યા. મને જોઈ તેમની નજર બગડી અને મારા સતીપણાને કલંક લગાડવાનો તેમણે વિચાર કર્યો. તે મારી પાછળ પાછળ ફરવા લાગ્યા. મેં તેમની તે વાત જાણી ઘણા સમજાવ્યા પણ ન સમજ્યા. એક વખત હું શીલા ઉપર સુઈ ગઈ હતી, તે વખતે તેમણે પાછળથી આવી પોતાની દુષ્ટેચ્છા તૃપ્ત કરવા પ્રયત્ન કરવા લાગ્યા." તેથી હું ભયથી એકદમ ઉઠી ગઈ અને ક્રોધથી તેને શાપ આપ્યો કેઃ— "તું પોપટ માફક સમજ્યા વગર બોલે છે માટે જા પોપટ થઇને જન્મ." મારો શાપ થવાથી તરત જ તે મરી ગયા. તેના મરણ પછી મને ખબર પડી કે તે આપના મિત્ર હતા, અને મારાથી મહા અપરાધ થયો તેથી હવે કલ્પાંત કરૂં છું.

બંને મિત્રો વચ્ચે અવર્ણનીય સ્નેહ હતો. ચન્દ્રાપીડે પોતાના મિત્ર વૈશંપાયનના મરણની વાત સાંભળી તરતજ પોતાનો પ્રાણ ત્યાગ કરી દીધો. આમ એકાએક ચન્દ્રાપીડને મરી ગયો જાણી મહાશ્વેતા તથા તેની સખી તરલિકા ગભરાટમાં પડી ગયાં. આ તરફ કાદમ્બરી પણ ચન્દ્રાપીડના આવવાની વાત જાણી ત્યાં આવી ચઢી. તેને પોતાના પ્રીતિપાત્ર ચન્દ્રાપીડને મરણ પામેલો જોઈ મૂર્ચ્છા

આવી ગઇ. થોડીવારે તેને ચેતન આવતાં રડકકળ કરવા લાગી. તેણે ચન્દ્રાપીડના શબને પોતાના ખોળામાં લઇ બળી મરવાનો વિચાર કર્યો. પણ આ વખતે આકાશ વાણી થઇ કે ' તું એ શબને બાળીશ નહિ તેમ તું પ્રાણ ત્યાગ કરતી નહિ. શબને એમને એમ રહેવા દેજે.' આથી કાદમ્બરીએ બળી મરવાનો વિચાર બંધ રાખ્યો અને શબને જાળવી રાખ્યું.

આ તરફ ચન્દ્રાપીડ અને વૈશંપાયન ન આવવાથી તેમની ખબર કાઢવા રાજાએ માણસો મોકલ્યા. તેમણે તપાસ કરી તેમના મરણના સમાચાર રાજાને કહી સંભળાવ્યા તેથી સર્વે દિલગીર થઈ વિલાપ કરવા લાગ્યાં. ચન્દ્રાપીડનું શબ હજુ છે તેવું ને તેવું છે એમ જાણી સર્વે તે તરફ ગયા. તેમને આવતા જોઇ મહાશ્વેતા દુઃખની મારી ગુફામાં પેસી ગઈ, અને કાદમ્બરી દુઃખની મારી મૂર્છિત થઇ પડી. રાજા તારાપીડ અને રાણી વિલાસવતી તથા પ્રધાન શુકનાસ અને તેની સ્ત્રી મનોરમા રડતાં રડતાં આવી પહોંચ્યાં. તેમણે ચન્દ્રાપીડનું શબ જોઈ છાતીફાટ રડવા માંડયું અને વિલાપ કરવા લાગ્યાં.

થોડીવારે શાંત થઇ કાદમ્બરી જે મૂર્છા ખાઇને પડી હતી તેને રાણીએ જાગ્રત કરી. તેનો પોતાના પુત્રના શબને આટલા દિવસ જાળવી રાખવા બદલ ઉપકાર માનવા લાગ્યાં. પુત્ર શોકથી રાજા રાણીનો આ સંસાર ઉપરથી મોહ ઉઠી ગયો, અને તેમણે કાદમ્બરીને પુત્રના શબને જાળવવાનું કહી વનમાં વાસ કર્યો.

કેટલાક વખત પછી વસન્તઋતુ બેઠી, ચૈત્ર માસમાં વન ચારે બાજુ લતાપલ્લવોથી ખીલી રહ્યું હતું. એક દિવસ સન્ધ્યાકાળે કાદમ્બરીએ સ્નાન કરી ચન્દ્રાપીડના શબને પણ સુગંધી જળથી સ્નાન કરાવ્યું. તેના માથે પુષ્પનો મુકુટ પહેરાવ્યો. શીતળ ચંદનનો લેપ કર્યો. શરીરે વસ્ત્રાલંકારો પહેરાવ્યા. પછી તે શબના મુખ સામે કામવાસનાથી ટગર ટગર જોવા લાગી. અને વખતે મહાશ્વેતા જોતી તો નહિ હોય એવા વિચારથી આજુબાજુ જોતી હતી. એકાંત હતું, વસન્તનો પવન વાઈ રહ્યો હતો. પતિને ભેટવાને તત્પર થઈ રહેલી કાદમ્બરીએ એકાંતનો લાભ લઈ ચન્દ્રાપીડના શરીરને બે હાથવડે આલિંગનું કર્યું. કાદમ્બરીનું અમૃતમય શરીર શબની સાથે આલિંગન થતાં તરતજ ચન્દ્રાપીડના શબમાં પ્રાણ આવ્યા. તેના હૃદયમાં ચે-

તન આવી શ્વાસ લેવો ચાલુ થયો. આંખો ઉઘડી અને જાણે ઊંઘમાંથી કોઈ માણસ જાગે તેમ ચન્દ્રાપીડ જીવતો થઈ આલિંગન કરેલી કાદમ્બરીના સુખમાં વધારો કરતો બોલ્યો કેઃ "પ્રિયે! હવે હું સજીવન થયો છું. તારા જેવી અમૃતમાંથી ઉત્પન્ન થયેલી સ્ત્રીનો સ્પર્શ થતાં મૃત્યુ હોયજ ક્યાં! આજે મારો શાપ પૂરો થયો છે. હવે આનંદને ભોગવ."

આ તરફ મહાશ્વેતાનો પતિ પુંડરીક કે જેણે વૈશંપાયનનો જન્મ લીધો હતો અને પોતાની પત્નીનાં જ શાપથી મરણ પામ્યો હતો તે પણ જીવતો થયો. તે ચન્દ્રાપીડ પાસે આવી પહોંચ્યો. તે જોઈ કાદમ્બરી મહાશ્વેતા પાસે પુંડરિક અને ચન્દ્રાપીડ જીવતા થયાની વધામણી ખાવા ગઈ. આ સમાચાર રાજા તારાપીડ તથા રાણીને અને પ્રધાન શુકનાસ તથા તેમની પત્નીને મળ્યા એટલે બધાં ત્યાં આવ્યાં અને ચન્દ્રાપીડ તથા પુંડરિક જીવતા થયા જાણી કલેશનો ત્યાગ કરી આનંદ માનવા લાગ્યાં.

આવી રીતે કાદમ્બરી અને સતી મહાશ્વેતા પોતપોતાના પતિને મેળવી સુખ ભોગ ભોગવવા લાગ્યાં. કાદમ્બરી પતિસેવા કરી આનંદ માનતી. જેણે પોતાના મરણ પામેલા પતિના શબની આટલી બધી સેવા કરી તે પોતાના પતિ જીવતા થયા પછી કેટલી સેવામાં તત્પર રહેતી હશે તેનો આપણે જ વિચાર કરવો ઘટે છે. આવીજ રીતે સતી શકુંતલાનું ચરિત્ર આદરણીય છે.

શકુંતલા—દુષ્યંત.

શકુન્તલાનો જન્મ વિશ્વામિત્ર દ્વારા મેનકા અપ્સરાને પેટે થયો હતો. તેને જન્મ આપીને જ તેનાં માતા મેનકા અને પિતા વિશ્વામિત્રે તેનો ત્યાગ કર્યો હતો. જેથી તે નાનપણમાંથી જ કણ્વ ઋષિને ત્યાં ઉછરી મોટી થઈ હતી. શકુંતલા મેનકા જેવી વિશ્વામિત્રને મોહ પમાડી તપથી ભ્રષ્ટ કરનાર મોહિની અપ્સરાની પુત્રી હતી તેથી તે અત્યંત રૂપાળી હતી. તેણે મહાત્મા કણ્વ મુનિના આશ્રમમાં રહીને ઘણો સારો અભ્યાસ કર્યો હતો, તેને માથે અતિથીનો સત્કાર કરવાનું કામ હતું. મુનિએ તેને વિવેકી અને ધર્મનિષ્ઠ બનાવી હતી.

એક વખતે પુરુવંશનો રાજા દુષ્યંત મૃગયા રમવાને તે વનમાં આવી ચઢયો. તે મુનિનાં દર્શન કરવાને આશ્રમમાં આવ્યો અને પૂછયું કે: "મુનિ છે ?" રાજાને આ પ્રમાણે પૂછતો જોઈ તપસ્વિનીના વેશમાં રહેલી સ્વરૂપ સૌંદર્યવાન શકુંતલાએ પર્ણકુટીમાંથી બહાર આવી કહ્યું કે:–"ગુરુજી બહાર પધાર્યા છે. આવો, પધારો ?" આમ કહી તેણે રાજાને બેસવા માટે આસન આપ્યું અને પાણી વિગેરેથી સત્કાર કરીને પૂછયું કે: "શી આજ્ઞા છે ?" રાજાએ કહ્યું કે: "હું તો માત્ર મુનિનાં દર્શન કરવા જ આવ્યો હતો." તેથી શકુન્તલાએ કહ્યું કે: "બેસો હમણાં જ આવશે."

આમ થોડીવાર વાતચિત કરી. શકુન્તલાનું રૂપ જોઇ રાજાને મોહ લાગ્યો. તેણે શકુન્તલાને કહ્યું કે:–"તેં મારો અતિથીસત્કાર કરી મારા હૃદયને જીતી લીધું છે. તું ક્ષત્રિયાણી હોઈ આ વનમાં રહેવાને લાયક નથી. તું તો રાજ્યવૈભવ ભોગવવાને લાયક છે. તારી ઇચ્છા હોય તો મારો વિચાર તને મહારાણી બનાવવાનો છે. આ સાંભળી શકુન્તલા શરમાઇ ગઇ અને શરમથી નીચું જોઇ બોલી કે: "લગ્નની બાબતમાં મારા ધર્મપિતા કણ્વ જે કરે તે ખરૂં." આમ કહી શકુન્તલા ઉભી થઇ અંદર જવા લાગી. એકાંત જોઇ રાજાએ તેનો હાથ પકડી કહ્યું: "આમ જવાય કે ? અતિથીની સેવા કોણ કરશે ? ક્ષત્રિયો તો ગાંધર્વવિવાહ કરી શકે છે. તું ઉમ્મર લાયક છે તેથી જો તારી મરજી હોય તો લગ્નની બાબતમાં પતિ પત્નીના પરસ્પરના પ્રેમની જ જરૂર છે. તું જ તારૂં દાન કરવા યોગ્ય છે."

રાજાનું રૂપ જોઇ શકુંતલા પણ મોહ પામી હતી. રાજાનો આગ્રહ જોઈ તે પણ શરમાઇ મનમાં ને મનમાં હસવા લાગી. શકુંતલાનું મૌન અને હાસ્ય જોઈ રાજાએ તેની સંમત્તિ માની લીધી અને ત્યાં ગાંધર્વ વિવાહથી લગ્ન કરી દીધાં. શકુંતલા પણ લગ્નથી રાજી થઈ. પછી તે પરસ્પર આનંદ ભોગવવા લાગ્યાં. થોડીવારે રાજા તેની રજા લઈ નગરમાં જવા તૈયાર થયો. તેને જતાં જોઈ શકુંતલાએ કહ્યું: "મહારાજ, આપ તો જાવ છો, પણ હવે મારી શી વલે ?" આથી રાજાએ કહ્યું: "તારે ચિંતા કરવી નહિ, હું શહેરમાં જઈ તને તેડવા મોકલીશ."

આ પછી રાજા નગરમાં ગયો અને શકુંતલા ઘરકામ કરવા લાગી. થોડીવારે કણ્વઋષિ આશ્રમમાં આવ્યા, તો શકુંતલાને શરમથી આડું જોઇ ઉભેલી દીઠી. મુનિએ પોતાના તપના પ્રભાવથી તેના સંબંધી બનેલી વાત જાણી લીધી. તેમણે શકુંતલાને સાંત્વન આપી કહ્યું કેઃ "પુત્રી ! તેં ધર્મવિરૂદ્ધ કામ કર્યું નથી માટે ગભરાઇશ નહિ. ક્ષત્રિયો ગાંધર્વ વિવાહથી પરણી શકે છે. તેં જેને પતિ તરીકે માની લીધો તે પુરુવંશનો મોટો રાજા છે." આથી શકુન્તલા નિર્ભય થઈ કહેવા લાગી કેઃ "પિતાજી, મને જે પુત્ર થાય તે મહાન પરાક્રમી અને પુરુવંશનું રાજ્ય કરે તેવો થાય એવું માગું છું." કણ્વે એ સાંભળી તેને તેમ થશે તેવો આશિર્વાદ આપ્યો.

શકુંતલાને નગરમાંથી કોઈ તેડવા ન આવ્યું, જેથી તે આશ્રમમાં જ રહી. તેને દસમે મહિને પુત્રનો જન્મ થયો. તે પુત્ર નાનપણમાંથી જ પરાક્રમી જણાતો હતો. હસ્તની રેખાઓ પણ ઘણી સારી હતી. માથું મોટું હતું. સ્વરૂપ દેવ જેવું સુંદર હતું. તે કુમાર ૭ વર્ષનો થયો ત્યારે આશ્રમની બહાર વનમાં રમતાં રમતાં વાઘ, સિંહ વિગેરે હિંસક પશુઓને પકડી લાવતો અને કુતરાની માફક તેમને બાંધી રમાડતો. આથી તેનું નામ ઋષિએ સર્વદમન પાડયું. કુમાર ઉમ્મર લાયક થયો એટલે ઋષિએ શકુન્તલાને કહ્યું કેઃ "પુત્રી, હવે કુંવર યુવરાજના અભિષેકને લાયક થયો છે માટે તું તેને લઇ સાસરે જા. મોટી ઉમ્મર થયા પછી કન્યાએ સાસરે રહેવું જોઇએ. ઘણો વખત પીયેરમાં રહેવાથી કન્યાના ચરિત્રને અને કીર્તિને કલંક લાગે છે ને ધર્મને હાનિ થાય છે. માટે તારે સાસરે જવું સારૂં છે." શકુન્તલાને પણ હવે સાસરે જવાનું મન થયું હતું તેથી તે પુત્રને લઇ ઋષિની આજ્ઞાથી રાજા પાસે જવા તૈયાર થઇ. મુનિના શિષ્યો તેને મૂકવા ગયા. શકુન્તલા સાસરે જતી વખતે ઋષિ તથા ઋષિપત્નીને તેના સ્નેહથી ઘણું લાગી આવ્યું. મુનિએ સુખી થવાનો આશિર્વાદ આપ્યો. પિતામાતાના સ્નેહમાંથી છુટાં પડી સાસરે જતાં શકુંતલાને પણ આંસુ આવી ગયાં. સર્વના આશિર્વાદ મળ્યા.

શકુન્તલાને મુનિના શિષ્યો પુત્ર સાથે હસ્તિનાપુરમાં દુષ્યંત રાજા પાસે લઇ જઇ તેમનું ઓળખાણુ કરાવી પાછા ગયા. શકુન્તલાએ સ્નેહથી રાજાને નમન કરી કહ્યું કેઃ "રાજાજી ! આ પુત્ર

તમારો છે. તમે કણ્વઋષિના આશ્રમમાં મને જે વચન આપ્યું હતું તે પાળો." આ સાંભળી રાજા બોલ્યો કે: "તું કોણ છે? હું તને ઓળખતો નથી, મેં તારી સાથે સંબંધ કર્યો હોય તે મને યાદ નથી. માટે તારી મરજીમાં આવે ત્યાં જા."

આ સાંભળી જાણે વજ્ર તુટી પડયું હોય તેવી વેદના શકુન્તલાને થઇ. તે ક્રોધથી ભવાં ચઢાવીને બોલી કે:—"રાજા ! તમે આપણાં લગ્નની વાત જાણો છો છતાં અસત્ય બોલી તમારા આત્માને અને પુરુવંશને કલંક લગાડો છો. તમારામાં રહેલો સાક્ષીરૂપ પરમાત્મા તે વાત જાણે છે. જે મનુષ્ય પાપકર્મ કરે છે તે જાણે છે કે કોઇ જાણતું નથી પણ તેની ભૂલ છે. તેનાં કરેલાં કર્મને સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, વાયુ, આકાશ, ભૂમિ, જળ, હૃદય, દિવસ, રાત્રિ અને સંધ્યાકાળ તથા ધર્મ જાણે છે. જે અસત્ય બોલીને પોતાના અંતરાત્માને ઠગે છે તેનું કલ્યાણ થતું નથી.

હું પતિવ્રતા સ્ત્રી છું. આ વાત હું રાજ્યસભા વચ્ચે કહું છું. પુરુષ પોતે જ પોતાની સ્ત્રીમાં પુત્ર તરીકે જન્મે છે. તેથી સ્ત્રીને શાસ્ત્રમાં જાયા કહી છે. પુત્ર પું નામના નરકમાંથી પિતાને તારે છે માટે તે પુત્ર કહેવાય છે. જે સ્ત્રી ઘરકામમાં કુશળ, પ્રજાવાળી અને પતિ ઉપર પ્રીતિવાળી હોય છે તેને ભાર્યા કહે છે. સ્ત્રી એ પુરુષના મિત્ર સરખી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના મૂળરૂપ સ્ત્રી જ છે. આપત્તિ વખતે તે પોતાના પતિને મિત્ર તરીકે મદદ કરે છે. સ્ત્રી ઘર કામમાં પિતા સમાન, દુઃખમાં માતા સરખી અને વિપત્તિમાં વિશ્રામના સ્થાનરૂપ છે. સ્ત્રીને લીધે જ પુરુષનો ગૃહસ્થાશ્રમ છે માટે સ્ત્રી જ પુરુષનું સર્વસ્વ છે. પતિવ્રતા સ્ત્રી પતિને નરકમાંથી તારનારી છે.

તાપથી તપતો પુરુષ જેમ શીતળ જળથી સ્નાન કરી શાંત થાય છે તેમ આધિવ્યાધિથી પીડાતા પુરુષને સ્ત્રી શાંતિ આપે છે. રતિ, પ્રીતિ અને ધર્મના આધારરૂપ સ્ત્રી છે. સ્ત્રી ક્ષેત્રરૂપ છે તેમાં પતિનો આત્મા પુત્રરૂપે જન્મે છે. પોતાની સ્ત્રીને વિષે ઉત્પન્ન થયેલા પુત્રને જોઇને પુરુષ જાણે તકતામાં જોતો હોય તેવો આનંદ પામે છે. શરીરે ધૂળથી રગદોળાયલો પુત્ર જો પિતાના ખોળામાં ચઢીને બેસે છે કે તેને ગળે વળગી પડી ભેટે છે તો તેના પિતાને તે વખતે

જે આનંદ થાય છે તેવો આનંદ બીજા કશાથી થતો નથી. સ્ત્રીને પોતાના પતિનો સંબંધ આ લોક અને પરલોક એમ બન્ને લોકમાં છે.

મારા જેવી પતિવ્રતા સ્ત્રી અને કામદેવ સમાન રૂપાળો આ તમારો પુત્ર તમારા સામું જોઇ ઉભાં છીએ તો તમે અમારી અવગણના ન કરો. કીડી વિગેરે જંતુઓ પણ પોતાનાં ઈંડાંનું રક્ષણ કરે છે, તો તમે ધર્મજ્ઞ થઇને અમારૂં કેમ રક્ષણ કરતા નથી ? આ પુત્ર ભવિષ્યમાં બળવાન રાજા થવાનો છે. તેને આલિંગન કરી સુખનો લાભ લ્યો. હું સુવાવડી હતી ત્યારે આકાશવાણી થઇ હતી કે, "આ પુત્ર આખા ભરતખંડનો રાજા થશે, અને સો અશ્વમેધ યજ્ઞ કરશે." મેં પૂર્વે શાં પાપ કર્યાં હશે કે જન્મતાં જ મારો માતાપિતાએ ત્યાગ કર્યો અને અત્યારે તમે મારો ત્યાગ કરવા બેઠા છો ? તો ભલે મારો ત્યાગ કરશો તો હું આશ્રમમાં જઈ રહીશ.

આ સાંભળી રાજા બોલ્યો કે: "તું કોઇ જુઠી સ્ત્રી મને વળગી પડવા આવી હોઉં એમ મને લાગે છે. માટે ચાલી જા ? મેં તારી સાથે લગ્ન કર્યાનું યાદ આવતું નથી." આ સાંભળી શકુન્તલાએ કહ્યું કે: "તમે મારા પતિ થઇને અસત્ય બોલો છો તેથી હું શરમાઉં છું. મૂર્ખ માણસો અન્યના દોષને ગ્રહણ કરે છે, પણ સાધુ પુરુષો તો સદ્‌ગુણોને જ ગ્રહણ કરે છે. સજ્જનની નિંદા તો મૂર્ખ જ કરે છે. પુત્રનો ત્યાગ કરવો એ ધર્મનો ત્યાગ કરવા બરાબર છે. તમે સત્ય ધર્મને પાળનાર હોવા છતાં આવું અસત્ય બોલો એ યોગ્ય ન કહેવાય. સત્ય જેવો બીજો ધર્મ નથી માટે તમે સત્યનો ત્યાગ ન કરો. મારો અને આ પુત્રનો સત્યની ખાતર સ્વીકાર કરો. જો તમે ના કહેશો તો હું ચાલી જઇશ, પણ આ પુત્ર તમને જીતી તમારૂં રાજ્ય બળાત્કારે લઈ લેશે. આમ છતાં રાજાએ ન માનવાથી શકુંતલા રીસ ચઢાવી પાછી વળી, પણ તરત જ આકાશવાણી થઈ કે "હે દુષ્યંત ! શકુન્તલા તારી સાથે ગાંધર્વવિવાહથી પરણેલી સ્ત્રી છે, અને એ પુત્ર તારો છે. માટે તેનો સ્વિકાર કર, અને પુત્રને રાજ્યાસન ઉપર બેસાડી તારી કીર્તિનો વધારો કર."

આ સાંભળી દુષ્યંત પ્રસન્ન થયો અને કહ્યું કે: "હું જાણતો હતો કે શકુન્તલા મારી સ્ત્રી છે છતાં પણ જો તેને વગર તપાસે

ઘરમાં રાખત તો લોકાપવાદ ચોટત, અને મારી અને શકુંતલાની નિંદા કરત. પણ આકાશવાણી થવાથી સર્વની ખાત્રી થઈ. માટે હવે તેમને બોલાવો." આ પછી તેણે શકુંતલાને અને પુત્રને પોતાના રાજમહેલમાં રાખ્યાં અને આનંદથી તેમને આલિંગન આપી સુખ ભોગવવા લાગ્યો.

તેણે શકુન્તલાને કહ્યું કે: "દેવી ! મેં તમારૂં અપમાન કર્યું તેથી ખોટું લગાડશો નહિ. આપણો સંબંધ આશ્રમમાં છુપી રીતે થયો હતો તેથી મેં તમારી તથા મારી પવિત્રતા સિદ્ધ કરવા તેમ કર્યું હતું. આથી લોકોને ખાત્રી થઇ છે. માટે ક્રોધમાં કાંઈ વધુ બોલાયું હોય તો ક્ષમા કરશો " આમ કહી રાણીને રાજી કર્યાં, અને પુત્રને રાજ્યાભિષેક કર્યો.

શકુંતલાએ પતિસેવા કરી પતિના સ્નેહને જીતી લીધો. તે રાજ્યકાર્યમાં પણ કુશળ હતાં. તેમણે નાનપણથી પુત્રને રાજ્યને યોગ્ય કેળવણી આપી બહાદુર બનાવ્યો હતો. આવી રીતે આ શકુન્તલાએ પોતાનું નામ પતિસેવા કરી પતિવ્રત ધર્મ પાળી જગતમાં અમર કર્યું છે. માટે બ્હેનો ! આપણે તેમનાં ચરિત્ર ઉપરથી પતિસેવા કરવાનું શિખવાનું છે. હાલ તે ગાંધર્વ લગ્ન થઈ શકતાં નથી માટે તેવા રસ્તે કોઇએ ચઢી જવું નહિ. પણ પોતાનાં માબાપે જેને આપણા માટે પતિ તરીકે પસંદ કરી લગ્ન કર્યાં હોય તેને જ આપણે પ્રિય પતિ માનીને રહેવું. તેને જ સુખ અને આનંદ આપવા કાળજી રાખી પતિસેવા કરવી.

બ્હેન ! હવે કહો તો બંધ કરીએ. આટલું જાણી મનન કરીશું તો ઓછું નથી. આપણે તો ગમે તેવી સ્થિતિમાં પણ પતિની સેવા કરવામાં, તેમની પ્રીતિ સંપાદન કરવામાં જ શ્રેય છે એમ માનવું જોઇએ.

આ પછી મોડું થવાથી સર્વે ઉઠી પોતપોતાને ઘેર જાય છે.

પ્રકરણ ૬ ઠું.

સ્ત્રીઓએ ઘરનો કારભાર કેવી રીતે ચલાવવો ?

મોહનરાયે કેટલોક વખત નોકરી કરી પછી તેની સુરત બદલી થઇ. ત્યાં હેડમાસ્તર સાથે તકરાર થવાથી તેને નોકરી છોડવી પડી હતી. તેને નોકરીમાં અત્યારે પોણુસોનો પગાર મળતો હતો. પગાર વધવાનો સંભવ હતો છતાં ઉપરી જોડે વારંવાર તકરાર થવાથી તેને નોકરી કરવી ઠીક લાગી નહિ. આજકાલ ઘણા માણુસો નોકરીને પસંદ કરનારા નીકળે છે. કેટલાક તો ગૃહસ્થ હોવા છતાં પણ હાથે કરીને ગુલામી પસંદ કરે છે. ખરી રીતે તો સ્વતંત્ર ધંધો કરવો તેના જેવું સુખ નથી. નોકરીમાં હજાર રૂપિયા પગાર મળતો હોય છતાં પણ તે માણુસ પૈસાદાર થઈ શકતો નથી. તેમજ તેણે જીંદગી સુધી નોકરી કરી હોય છે છતાં પણ મરી જાય છે ત્યારે તેનો નોકરીનો વારસો તેનાં છોકરાંને મળતો નથી. ખાનગી ધંધો કરનાર જે વેપાર કે ધંધો જન્મારા પર્યંત કરે છે તે ચાલુ ધંધો જ્યારે મરણુ પામે છે ત્યારે તેના વારસોને સોંપી જાય છે. તેણે જો વેપારની સારી પેઢી જમાવી હોય છે તો તે જ પેઢી તેના પછી તેનો છોકરો ચલાવી શકે છે. તેના ધંધાની કમાણીનો વારસો તેનો પુત્ર ભોગવી શકે છે.

અત્યારની કેળવણી જાણે નોકરો થવાનું જ શિક્ષણુ આપતી હોય તેવી અપાય છે. ભણીને પરીક્ષા આપતાં જો મેટ્રીક થાય છે તોપણુ કેટલાક કારકુનની નોકરી માટે ફાંફાં મારે છે. કદાચ નોકરી ન લેતાં આગળ કૉલેજમાં જાય છે તો ગ્રેજ્યુએટ

થયા પછી પણ નોકરી જ કરે છે. કેટલાક કાયદાનો અભ્યાસ કરી વકીલાત કરે છે. આ મોટામાં મોટી લાયકાત. ભાગ્યે જ ગ્રેજ્યુએટ થવા જેટલી કેળવણી મેળવી કોઈ સ્વતંત્ર ઉદ્યોગ કરી શકે છે. પરીક્ષામાં જે પાસ ન થાય અને જેને સરકારી નોકરી મળવાનો સંભવ હોતો નથી તેજ ખાનગી નોકરીમાં જોડાય છે અથવા તો ખાનગી વેપાર રોજગાર કરવા લાગે છે. મોહનરાયે નોકરી કરવી છોડી દીધી. તેણે કોઈ પણ વ્યાપારી પેઢીમાં નોકરી કરી શિક્ષણ લઇ ખાનગી ધંધો કરવાનો વિચાર કર્યો. ચન્દ્રકાન્તાની પણ તેમાં સંમતિ હતી. ખાનગી ધંધામાં શરૂઆતમાં પગાર ઘણો જ ઓછો મળે છે. જેથી મોહનરાયને શરૂઆતમાં પચીસ રૂપીઆ પગારની નોકરી અમદાવાદમાં એક કાપડીયાને ત્યાં મળી. આવા ટુંકા પગારમાં પોતાનું અને પોતાની સ્ત્રીનું ભરણપોષણ કરવાનું, ભાડું આપવાનું અને બીજું જોઈતું ખર્ચ કરવાનું હતું. મોહનરાય પ્રમાણિકપણે ચાલતો અને ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી પોતાને જે પગાર મળતો તે ઉપર જ પોતાનો કારભાર ચલાવવા લાગ્યો. ચન્દ્રકાંતા વિવેકી, ડાહી અને પતિની સ્થિતિ અનુસાર રહેવામાં સુખ માનતી.

તે પોતાના પતિનું ઘર તે જ પોતાનું ઘર છે એમ માનતી. તેની માએ તેને ઘરવ્યવસ્થા શી રીતે કરવી તેનું સારૂં શિક્ષણ આપ્યું હતું. તે સ્હવારમાં હંમેશાં ચાર વાગે ઉઠતી. દાતણ પાણી કરીને ઘરનો કચરો પુંજો વાળી નાંખતી. ઘરને ખૂંણે ખોચરે કચરો પડી ન રહે તે માટે તે પેટી પટારાં ને ખૂણાઓમાંથી સંભાળપૂર્વક કચરો વાળી ઘર સ્વચ્છ કરતી. ભીંતે પણ જાળાં ભરાઈ ન રહે માટે સાવરણી ફેરવતી. તે જાણતી કે ઉપર ઉપરથી કચરો વાળવાથી ખૂણે ખોચરે પુંજો ભરાઇ રહે છે અને તેથી ચાંચડ, મચ્છર વિગેરે જંતુઓ થતાં હવા બગડે છે. વળી ઘરમાં ભરાઇ રહેલો કચરો હવામાં ઉડી આપણા શ્વાસદ્વારા પેટમાં જતાં રોગ ઉત્પન્ન કરે છે. ઘરમાં પાણી ઢળે અને તેથી જમીન ભીની થાય તો તરત સાફ કરતી, કારણકે ભીનાશથી શરદી થાય છે તે જાણતી હતી. ઘર સ્વચ્છ કરી ઘરની સર્વ વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવતી. ગાદી, તકીયા, ખુરશી ટેબલો ખંખેરી સાફ કરી સઉ સઉની જગ્યાએ બરોબર ગોઠવતી. તકતાઓ ઉપર જાળાં બાઝી ન જાય તેની કાળજી રાખતી. પછી

ઘરનાં વાસી વાસણો સારી રીતે અજવાળીને બરોબર ગોઠવતી. વાસણોમાં મેલ રહેવાથી તે મેલ ખાવાપીવામાં પેટમાં જાય છે તેથી રોગ થાય છે એમ તે સમજતી. ત્યાર પછી ખાટલા ગોદડાં-માં પરસેવો ચોટવાથી માંકણુ થાય છે માટે બેચાર દિવસે તડકે નાંખતી. પછી શરીર ચોળીને સ્નાન કરતી પછી પાણીઆરૂં વીંછળી સ્વચ્છ કરી, ગોળી વીંછળી પાણી ગળીને ભરતી. પતિ ઉઠે એટલે તેમને દાતણ પાણી આપતી. તે દાતણ પાણી કરી રહે એટલે તેમને માટે ન્હાવાનું પાણી તૈયાર રાખતી.

ન્હાતી વખતે શરીર ઘસીને ન્હાતી. લુગડું પહેર્યા વગર સ્નાન કરતી નહિ. બીજે દિવસે માથું ખારાથી, કે આંમળાંથી, કે છાસથી ચોળી સ્વચ્છ કરતી, ન્હાયા પછી ટુવાલથી શરીર ઘસીને લ્હોઇ નાંખી પછી ધોયેલાં વસ્ત્ર પહેરતી. તે ન્હાવામાં ટાઢું પાણી વાપરતી—કારણુ કે ઉના પાણીએ સ્નાન કરવા કરતાં ટાઢા પાણીએ સ્નાન કરવાથી આરોગ્ય સારૂં રહે છે એમ તે માનતી. પતિને સ્નાન કરાવતી. તેમને પાણી, સાબુ, ધોયેલાં વસ્ત્રો વિગેરે હાજર કરતી. પછી તેમને માટે દેવસેવાનાં વાસણો માંજી આપતી. દેવગ્રહ સ્વચ્છ કરી, આસન, ધુપ, દીવો, ચંદન વિગેરે તૈયાર કરી મૂકતી. પતિ દેવસેવા કરવા બેસે તે વખતે તે રસોડું સ્વચ્છ કરી ચુલો સળગાવી દાળ ઓરતી, પછી પતિની સાથે આસન નાંખી થોડી વાર ઈશ્વર સ્મરણ કરવા બેસતી.

ત્યાર પછી રસોઇ કરવા જતી, તેને રસોઇ કરવાનું તેની માએ સારી રીતે શીખવ્યું હતું, પ્રથમ રસોઇનો જોઇતો સઘળો સામાન રસોડામાં મૂકતી. મીઠાં મરચાં વિગેરે મશાલો સ્વચ્છ રહે તેમાં કાંઈ પડે નહિ તેની કાળજી રાખતી. અનાજ વીણી, ઝાટકી સ્વચ્છ કરી મૂકતી. હંમેશાં વિણ્યા વગરનું અનાજ રસોઈમાં વાપરતી નહિ. પતિને ભાવે તેવી સ્વાદિષ્ટ રસોઇ બનાવતી. ભોજન કરવાની જગ્યા સ્વચ્છ અને સુઘડ બનાવતી. જમતી વખતે મન આનંદમાં રહે તે માટે ધુપ પણુ સળગાવતી. પતિ દેવસેવા કરી રહે એટલે તેમને સુંદર પાટલા ઉપર બેસાડી ગરમાગરમ રસોઈ પીરસતી. પાણી પીવાને જળપાત્ર સ્વચ્છ કરી ગળીને પાણી ભરી તૈયાર મૂકતી. જમતી વખતે આનંદની વાતો કરતી હાસ્યવદને પતિનું મન રંજન કરતી.

તેમને જે જે વસ્તુ જોઇએ તે પીરસવામાં કાળજી રાખતી. ભોજન થઈ રહ્યા પછી પતિને પાન સોપારી આપતી. જો કોઇ અતિથી આવેલા હોય તો તેમને પણ પતિની સાથે બેસાડી આનંદથી જમાડી જમનારને ઉદ્વેગ થાય નહિ કે જમતાં શરમાય નહિ તેની કાળજી રાખતી. સર્વને જમાડી પછી પોતે જમતી. જમ્યા પછી વાસણો માંજી રસોડું અબોટ દઈ સ્વચ્છ કરતી. પછી ઘરકામમાં ચિત્ત પરોવતી.

ઘરનું ખર્ચ પોતાના પતિને મળતા ટુંક પગારમાં કરકસરથી ચલાવતી. ઘરનાં અનાજ, મશાલા, ઘી, ગોળ વિગેરે વ્યવસ્થીત રીતે ભરતી અને વીણી ઝાડકી સ્વચ્છ રાખતી. ઘણી વખતે કાળજી ન રાખવાથી અનાજ સળી જાય છે અને તેથી નુકશાન થાય છે. કોઈ વસ્તુ ઉઘાડી રહે નહિ તેની કાળજી રાખતી. ઘણી સ્ત્રીઓ બેકાળજી રાખી અનાજના ડબા, પાણીની ગોળી વિગેરે ઉઘાડું મૂકી દે છે ને ઢાંકવાનું ભૂલી જાય છે તેથી તેમાં જીવજંતુ પડતાં કે ઉપર ઘરોળી વિગેરે ફરતાં હોય તો તેનો ઝેરી ગલ પડે છે તેથી મહા અનર્થ થાય છે. તેમ તે કરતી નહિ. દરેક વાસણમાં ભરેલી વસ્તુ તે ઢાંકવાનું ભૂલતી નહિ. અનાજ ઉંદર ખાય નહિ કે ઘી, દુધ બીલાડી ઉડાવી ન દે તેની કાળજી રાખતી. ઘરની દરેક વસ્તુ ઘણીજ વ્યવસ્થીત રીતે ગોઠવતી. બહારથી આવનારને ઘરની સ્વચ્છતા અને સુંદરતા જણાઈ આવે તેવી રીતે વ્યવસ્થા રાખતી. જે વખતે જોઇએ તે વખતે ઝટ મળી શકે અને ખોળવી ન પડે તેમજ બગડે નહિ તેવી રીતે દરેક વસ્તુઓ ગોઠવતી. કપડાં બરોબર ગડી વાળીને વળગણીએ નાંખતી. વધારાનાં લુગડાં ધોઇ સ્વચ્છ કરીને મૂકી દેતી.

ઘર પંદર વીસ દિવસે લીંપી સ્વચ્છ રાખતી. પતિવ્રતા સ્ત્રીઓ અને દૈવી પુરુષો અને દેવદેવીઓનાં સુંદર ચિત્રો મઢાવીને ઘરમાં લટકાવતી. સુવાનો ખંડ સ્વચ્છ રાખતી. આંગણું વાળી ઝુડી, પાણી છાંટી સ્વચ્છ રાખતી. ઘરમાંના બારીબારણાંમાં કચરો ભરાઇ ન રહે તે માટે તેને હંમેશાં વાળી ઝુડી સ્વચ્છ રાખતી. ખર્ચ આવકના પ્રમાણમાં જ કરતી. જે વસ્તુ થઇ રહે તે આઠ દિવસ પહેલાં લાવવાનું પતિને કહેતી. ઘરમાં ઉપયોગ વગરની વસ્તુ મંગાવતી નહિ. મોજશોખની વસ્તુઓમાં પૈસો ખર્ચતી નહિ. પોતે સાદાં પણ સ્વચ્છ વસ્ત્રો પહેરતી. અનેક ફેરીઆઓ સાડી વિગેરે વેચવા આવે તો

તે ખપ હોય તો બરોબર તપાસ કરી પતિની આજ્ઞા લઈ લેતી. દેખાદેખી તેને કોઈ ચીજ લેવાનું મન થતું નહિ કે વસ્તુ સારી છે માટે મોહ પામી કોઇ વસ્તુ લેતી નહોતી.

ઘરમાં મહિનામાં શું ખર્ચ થાય છે તેનો હિસાબ તે જાતે લખતી. આટલી નાની રકમની આવકમાંથી પણ કાંઇ બચાવવાની કાળજી રાખતી. તે ધારતી કે આવકમાંથી બચાવ કરવાથી ભવિષ્યમાં કોઇ વખતે કામ લાગે છે. તેથી ઉડાઉપણે જેમ ફાવે તેમ ખર્ચ કરતી નહિ. પોળમાં ઘણા સાધુ અને વેષધારી ભિખારીઓ આવતા. લોકોના હાથ જોઇ, બાધા આપી, કેટલાક ચમત્કારો બતાવી ભોળી સ્ત્રીઓને ઠગી જતા. ચન્દ્રકાંતા તેમનાથી ખેતરાય તેવી નહોતી. પાત્ર જોઇ દાન આપતી. તે માત્ર મુઠી અનાજ સિવાય કાંઈ આપતી નહિ. પૈસા તો સાધુને અપાય જ નહિ તેમ તે માનતી.

બીજી સ્ત્રીઓને સારાં સારાં કપડાં કે સારી સારી જણુસો પહેરતાં જોઈ મનમાં તેવી જણુસો કે કપડાં લેવાનો તે વિચાર સરખો પણ કરતી નહિ. તે કોઇ ચીજ લાવી આપવાની પતિ પાસે હઠ તો કરતી જ નહિ. પતિને પણ પોતાને માટે કોઇ કિંમતી વસ્તુ લાવી આપવાનું કહે તો ના જ કહેતી. તે પોતાની સ્થિતિ સમજીને તે પ્રમાણે જ ખર્ચ કરતી. ઘરનું ખર્ચ કરકસરથી ચલાવતી. જે ચીજ વગર ચાલે તેમ હોય તે વગર ચલાવતી. ન છુટકે જે વસ્તુની ખાસ અગત્ય હોય તેજ લાવતી. તે ઘરની કોઇ વસ્તુ બગડે નહિ, દાણા ઉંદર ખાય નહિ, કપડાં રઝળતાં ન રહે તેની કાળજી રાખતી.

આ જગતમાં ગૃહસ્થાશ્રમમાં દ્રવ્યની ડગલે ને પગલે જરૂર પડે છે. વ્યવહારમાં પૈસા વગર કોઇ ચીજ મળતી નથી માટે તે પૈસાની કિંમત ઘણી ગણુતી. કોઇને પૈસા કે વસ્તુ આપવા લેવામાં ચોખવટ રાખતી. ઉધારે ગજા ઉપરાંત કોઈ વસ્તુ લેતી નહિ. ઘર કામમાંથી પરવારી પોતે ઘરમાં પણ થોડું કમાઇ શકે તે માટે નવરી બેસી ન રહેતાં ભરવા ગુંથવાનું કામ કરતી. ઘરમાં નોકર રાખતી નાહ. પાણી ભરવું, દળવું, ખાંડવું વિગેરે તમામ કામ તે જાતે કરતી. તેથી પૈસાનો બચાવ થાય અને શરીર સારૂં રહે તેમ તે માનતી. બપોરે પતિ બજારમાં જાય ત્યારે પોતે જમી પરવારી કાંઇ ને કાંઈ ગુંથતી, સાડીની કોરો ભરતી અને મહીને દિવસે વીસ પચીસનું તો તે કામ કરતી. થોડું ઘણું સ્ત્રીઓનું અને બાળકોનું

વૈદું પણ શીખી હતી તેથી દવા આપવાનું પણ કામ કરતી. તે ધારતી કે સ્ત્રીઓએ પણ સ્વતંત્ર રીતે પોતાનું ગુજરાન થાય એવો ધંધો તો શીખવો જ જોઇએ. તે ધંધો ઘરમાં બેઠાં કરી શકાય અને બે પૈસા મેળવી શકાય તેવો કરતી.

ઘરના ખર્ચનો હિસાબ તે લખતી. દર માસે કેટકેટલું ખર્ચ કઇ વસ્તુમાં કર્યું એની તારવણી કાઢતી. અને વર્ષે દિવસે સરવાયું પણ તેજ કાઢી વર્ષમાં શું ખર્ચ થયું તે નોંધી રાખતી. ઘરનું ખર્ચ આંધળું ગણાય છે તેથી હિસાબ રાખ્યા વગર ખર્ચ કરવાથી ઘણી વખતે શામાં શું ખર્ચ થયું તે સમજાતું નથી અને આવક કરતાં વધારે પણ ખર્ચ થઇ જાય છે. કોઇની વસ્તુ ઉછીની લાવતી કે કોઇને ઉછીની આપતી તો તે પણ લખી રાખતી કે ભૂલ થાય નહિ. ઉધારે માલ લાવતી તો તેની પણ નોંધ રાખતી. ઘણીવાર ઉધારે વસ્તુ લાવીએ અને ઘેર હિસાબ ન રાખીએ તો ઘણે દહાડે તે માણસ એકએ રકમ વધારે લખે તો આપણે જાણી શકીએ નહિ અને નુકશાનમાં આવી પડીએ છીએ એમ તે જાણતી. તેથી દરેક વસ્તુનો ચોખ્ખો હિસાબ રાખતી. તે હિસાબ લખવામાં જરા પણ આળસ રાખતી નહિ. પતિ એ રાજા છે અને પત્ની એ ઘરની કારભારી છે. ઘરની વ્યવસ્થા કરવી એ સ્ત્રીનું કામ છે. એમ તે માની ઘર-કારભાર સારી રીતે ચલાવતી. બપોરના ટાઇમે નવરાં બેસી રહેતી નહિ કે ઉંઘી વખતનો દુરુપયોગ કરતી નહિ. પોતાની પાસે સ્ત્રીઓ આવતી તો તેમને હુન્નર ઉદ્યોગનું, પતિસેવાનું અને ઘરકામનું શિક્ષણ આપતી. સતીઓનાં ચરિત્રો સંભળાવી તે સુધરે તેમ કરતી. તે જાણતી કે આ જગત્માં સ્ત્રી એ સંસારના પાયારૂપ છે. સ્ત્રીને સુધારવાથી જ સંસાર સુધરે છે. માટે સ્ત્રીઓને સુધારવી એ ઘણુંજ પુણ્યનું કામ છે. એક સ્ત્રીને સુધારી પતિસેવા કરવામાં લગાડવી, આનંદી રહેતાં શીખવવું એ સેંકડો કુટુંબોને સુખ આપ્યા સમાન ફળ આપનાર છે. સાંજે પતિ ઘેર આવતા ત્યારે તેમને આનંદ થાય તેમ હસતે મોંઢે આવકાર આપતી. વાળુ કર્યા પછી પોતાના પતિ પાસે જ્ઞાનની વાતો સાંભળતી. આ જન્મ સાર્થક કરવા ઇશ્વર સ્મરણ કરવું એ મુખ્ય કર્તવ્ય છે એમ તે માનતી તેથી ભજન કિર્તન પણ પતિ સાથે ગાતી.

ટુંકા પગારમાં પણ આ જોડું આનંદ અને સુખમાં રહેતું.

મોહનરાયની બુદ્ધિ વેપારમાં ખુલી. તેની પ્રમાણિકતા અને હોશિયારી જોઇ શેઠે તેનો દુકાનમાં ભાગ કર્યો અને બીજી શાખા ઉઘાડી. ચન્દ્રકાંત કામ કરવામાં મહેનતુ, ઉત્સાહી અને પ્રમાણિક હોવાથી ધીમે ધીમે આગળ ચઢયો. સ્વતંત્ર ધંધો કરી શકે તેવું જ્ઞાન પણ મેળવ્યું. નોકરી કરતાં વેપારમાં સારી કમાણી છે તેની તેને ખબર પડી. કેટલોક વખત તે અમદાવાદમાં રહ્યો. પછી શેઠે તેને મુંબાઇ મોકલી મુંબાઇમાં એક સારા પાયા ઉપર તેની પાસે દુકાન કરાવી. ચન્દ્રકાંતા પણ મુંબાઇ ગઇ. તેમને હવે સારા પૈસા મળતા થયા. છતાં પણ ચન્દ્રકાંતા છત દેખી છલકાઈ ગઇ નહોતી. આવકના પ્રમાણમાં ખર્ચીને ઉપભોગ પણ કરી જાણતી. મુંબાઇમાં ગીરગામની બાજુમાં આવેલા એક માળામાં ત્રીજે માળે ત્રણ ખંડ તેમણે ભાડે રાખ્યા હતા. એક દિવાનખાનું, અને અંદર બે ખંડ હતા. હવે ફરનીચર પણ સારૂં વસાવ્યું હતું. એક ઘાટીને કામ કરવા પણ રાખ્યો હતો. ચન્દ્રકાંતા હવે સુખી હતી. તે માળામાં પચીસેક કુટુંબ રહેતાં હતાં. બપોરના વખતમાં સર્વ સ્ત્રીઓ ચન્દ્રકાંતાના દિવાનખાનામાં એકઠી થતી અને આનંદવાર્તા કરતી.

અહિં પણ ચન્દ્રકાંતા સતી સ્ત્રીઓનાં જીવનચરિત્રો તેમને સંભળાવી સ્ત્રીઓને પતિવ્રતપણું પાળવાનો ઉપદેશ આપતી. એક વખતે સર્વે બપોરના ત્યાં ભરાયાં એટલે ત્યાં આવેલી સ્ત્રીઓમાંથી એક ચંદનગૌરી કરીને સુરતની જૈન વાણીયણ હતી તેણે કહ્યું:— " બેન ! આજે તો અમે સુધરીએ એવી કાંઇ વાત કહો. " આથી ચન્દ્રકાંતાએ સર્વની મરજી જોઇ લોપામુદ્રાની વાત કહેવા માંડી.

લોપામુદ્રા.

પૂર્વે વિદર્ભ રાજા થઈ ગયા. તેમની પુત્રીનું નામ લોપામુદ્રા હતું. તેમને નાનપણમાંથી તેમના પિતાએ સારી કેળવણી આપી હતી. તેનાં રૂપ અને ગુણ જોઇને અગસ્ત્ય મુનિએ રાજા પાસે જઈ લોપામુદ્રાની માગણી કરી. રાજાને પોતાની લાડકવાયી પુત્રીની ઋષિએ માગણી કરતાં ચિંતા થઈ. તે વાત લોપામુદ્રાએ જાણી એટલે તેણે કહ્યું: " પિતાજી ! આપ ચિંતા ન

કરો, હું ખુશીથી એ મુનિની સાથે લગ્ન કરીશ. સર્વ કરતાં ધર્મનું સુખ સર્વોત્તમ છે અને તે મને ઋષિ સાથે મળી શકશે. માટે તેમની માગણી કબુલ કરો." રાજાએ પોતાની પુત્રીનાં આવાં વચન સાંભળી તેને ઋષિ સાથે પરણાવી, તે પછી લોપામુદ્રા રાજ્યવૈભવનો ત્યાગ કરી, પોતાના પતિની માફક વલ્કલ ધારણ કરીને પતિ સાથે વનમાં રહેવા ગઈ.

નાનપણમાં રાજ્યવૈભવમાં ઉછરી રાજ્યસુખ ભોગવનાર લોપામુદ્રા અત્યારે પતિસેવા કરવા માટે વનમાં જઈ પતિની મન, વચન અને ક્રિયાથી સેવા કરવા લાગ્યાં. પતિની આજ્ઞાનુસાર વર્તતાં, તેમને પ્રસન્ન રાખવા યત્ન કરતાં. સ્હવારમાં વ્હેલાં ઉઠી પતિને સ્નાન કરાવી પોતે સ્નાન કરતાં, તેમને જમાડયા પછી પોતે જમતાં અને સુતા પછી સુતાં. હંમેશાં અતિથિ, ગાય વિગેરેને જમાડી જમતાં. પતિની આજ્ઞા પ્રમાણે ચાલતાં પણ પોતાના મનનું ધાર્યું કરતાં નહિ. તે પતિના કાર્યમાં મદદ કરતાં. અહર્નિશ પતિસેવામાં તેમનું મન ચોટેલું રહેતું. તેમણે પોતાના પતિ પાસેથી તત્વજ્ઞાન મેળવ્યું હતું. તેમને એક પુત્ર થયો હતો તેનું નામ દઢદસ્યુ હતું. ગોદાવરી નદીના ઉત્તર કાંઠે લોપામુદ્રાનો દંડકારણ્યમાં આશ્રમ હતો.

લોપામુદ્રા એક રાજાની રાજકન્યા હોવા છતાં તેમણે પોતાના ઋષિપતિની સાથે વનમાં રહી પતિસેવા કરવામાં આનંદ માન્યો. તેમની પિતૃભક્તિ, અને પતિભક્તિ અનુકરણ કરવા જેવાં હતાં. તેમના ઉપર ઋષિની પણ પ્રીતિ હતી. તેમણે પતિ પાસેથી જ્ઞાન સુખ મેળવી આનંદ મેળવ્યો હતો. સતી સ્ત્રીનો પ્રભાવ જુદો જ હોય છે. તેવી જ રીતે એક શાંડિલી નામનાં તપસ્વિની થઇ ગયાં છે તેની વાત કહું છું તે સાંભળો:—

શાંડિલી.

તપસ્વિની શાંડિલી ઋષભ પર્વત ઉપર રહી પોતાના પતિ સાથે ધર્મમય જીવન ગાળતાં હતાં. ત્યાં આવ્યા ગયાનો અતિથિ સત્કાર તે કરતાં. એક વખતે ગરુડ પોતાના ગુરુ ગાલવમુનિને કાળા કાનવાળા હજાર ધોળા ઘોડા

આપવાની શોધ કરવા તેમને લઇ નીકળ્યો હતો તે આ પર્વત ઉપર આવ્યો. સતીએ તેમનો સત્કાર કરી અન્નપાનાદિથી સંતોષ પમાડ્યો. રાત્રે ગરુડ અને ઋષિ સૂઈ ગયા. પછી સતીનું રૂપ જોઇને ગરુડને વિચાર આવ્યો કે આ સ્ત્રીને ઉપાડી જઇ બ્રહ્મા, વિષ્ણુ કે ઇન્દ્રની પાસે લઈ જઉં તો કેવું સારૂં ? ઠીક સવારે વાત છે. આવા વિચાર કરતો તે ઉંઘી ગયો. સવારે ઉઠી જુએ છે તો પોતાનાં પીંછાં ગરી ગયેલાં જોયાં અને ચાલવાની શક્તિ પણ તેને ન રહી. આ જોઈ ગાલવઋષિએ વિચાર કર્યો કેઃ—" ખરે ! આ ગરુડે આ પવિત્ર આશ્રમમાં આવી કંઇ દુષ્ટ વિચાર કર્યો હશે, તેથી તેમણે ગરુડને તે વાત પૂછી. ગરુડે તે વાત કબુલ કરી. જેથી ઋષિએ કહ્યું કેઃ " જાઓ તે સિદ્ધ સ્ત્રીની પાસે ક્ષમા માગો તો કાંઇ વળશે. " ગરુડ ગુરુની આજ્ઞાનુસાર શાંડિલી પાસે ગયો અને માફી માગી. તેથી સતીએ તરત જ ક્ષમા આપી અને કહ્યું કેઃ "તેં ખોટો વિચાર કર્યો તેથી તારી આ દશા થઈ છે. જા, તારી પાંખો સાજી થશે. હું પતિપરાયણ જીવન ગાળી સદાચરણ અને તપપરાયણ રહું છું જેથી દુષ્ટોના પાપી વિચારો તરત જાણી શકું છું. તારે હવે કોઇ પણ સતી સ્ત્રીના સંબંધી ખોટા વિચારો કરવા નહિ કે તેની નિંદા કરવી નહિ. સદાચારથી તેમજ સ્ત્રીની પતિસેવાથી ધર્મ, અર્થ અને કામની સિદ્ધ થાય છે. અને તે દુઃખને ટાળી શકે છે. "

આ પછી ગરુડની પાંખો સારી થઇ અને તે ચાલ્યા ગયા. શાંડિલી પોતાના પતિવ્રતના પ્રભાવથી સ્વર્ગમાં ગઇ. ત્યાં સુમના નામની સ્ત્રીએ પૂછ્યું કે 'તમે કયા પૂણ્યથી સ્વર્ગમાં આવ્યાં ?' ત્યારે શાંડિલીએ કહ્યું કેઃ "હું માત્ર એકનિષ્ઠાથી પતિસેવા કરવાથી સ્વર્ગ લોકને પામી છું. કાંઇ ભગવાં પહેરી સાધુ થવાથી આવી નથી. મેં નિત્ય મારાં સાસુ, સસરા, પતિ, દીયેર અને જેઠની સેવા કરી છે. તેમને રાજી રાખ્યાં છે. અતિથિની સેવા કરી છે. કોઇ વખતે કોઈની નિંદા કે કુથલી કરી નથી, લાજ શરમ છોડી લુગડું માથેથી કે છાતીએથી ખસી જાય તેવી રીતે હરીફરી નથી. હું દરેક કામ મારી જાતે કરવાની મારી ફરજ સમજતી. કોઇ દિવસ કોઇની સાથે ઉંચે સ્વરે બોલી નથી. હું વિવેક અને મર્યાદાને સાચવતી પતિના ઉઠતા પહેલાં ઉઠતી, જમાડ્યા પછી જમતી અને સુવાડ્યા પછી સુતી. પતિની આજ્ઞા પાળવામાં મારો ધર્મ માનતી. પરપુરુષને ભાઇ કે

બાપ સમાન ગણી તેમની સાથે મર્યાદાથી વર્તતી. પતિ મનમાં જરા પણ અપ્રસન્ન થાય તેવું એક પણ કૃત્ય મેં કર્યું નથી. આવી રીતે પતિવ્રતપણું પાળ્યાથી હું અહિં આવી છું."

આ સાંભળી સુમના પ્રસન્ન થઇ અને તેમને ધન્યવાદ આપ્યો. આવી રીતે એક જરત્કારૂ નામનાં સતી થઇ ગયાં છે.

જરત્કારુ.

જરત્કારુ એ વાસુકી નાગનાં બ્હેન હતાં. બધા સર્પોનો નાશ થવા બાબતનો તેમની માતા કદ્રુનો શાપ થયો હતો. તેમાંથી છુટવા માટે બધા સર્પોએ વિચાર કરી ઉપાય શોધવા લાગ્યા. બ્રહ્માએ સર્પોને પ્રાર્થના કરી કહ્યું હતું કે: "વાસુકીની બ્હેન જરુત્કારૂનાં લગ્ન જરુત્કારૂ નામે પ્રખ્યાત જીતેંદ્રિય અને પ્રખ્યાત મહર્ષિ સાથે કરવાં. તેનાથી આસ્તિક નામે પુત્ર થશે તે સાપોને તેમની માતાના શાપમાંથી મુક્ત કરશે. જરુત્કારૂ નામના ઋષિ બ્રહ્મચર્ય પાળી તપ કરતા હતા. તેમનો વિચાર લગ્ન કરવાનો નહોતો. તે ફરતા ફરતા એક ખીણ પાસે ગયા તો ત્યાં પોતાના પિતૃઓને ઉંધે માથે એક વેલા ઉપર લટકતા જોયા. તેમણે જરુત્કારૂને લગ્ન કરી પુત્ર ઉત્પન્ન કરે તો અમે છુટીએ એમ કહ્યું. જેથી ઋષિ પોતાને લાયક કન્યા શોધવા લાગ્યા.

ઋષિએ ઘણી શોધ કરવા માંડી પણ પોતાને લાયક કન્યા મળી નહિ. ફરતા ફરતા કહેતા કે: મારે જે સ્ત્રીનું પોષણ કરવું પડે નહિ તેવી ને મારા નામની જ કન્યા હોય તેની જોડે લગ્ન કરવું છે. તે શબ્દ વાસુકી નાગે સાંભળ્યો તેથી તેમણે પોતાની બ્હેન જરત્કારુને ઋષિ સાથે પરણાવી. પછી ઋષિ પોતાની પત્ની સાથે રહ્યા. પત્નીને કહ્યું કે: "તારે મને અપ્રિય લાગે તેવું વચન બોલવું નહિ કે તેવું કાર્ય કરવું નહિ. જો તે પ્રમાણે કરીશ તો હું આ ઘરનો ત્યાગ કરી ચાલ્યો જઇશ." જરત્કારુ સ્ત્રીએ કહ્યું કે: "પ્રભો! હું આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ." તે પછી તે સ્ત્રી ઋષિની બહુ જ સાવધાનતાથી સેવા કરવા લાગી. મુનિ અપ્રસન્ન ન થાય તેને માટે તે બહુ ચેતતી રહેતી. પતિસેવામાં જ જેનું ચિત્ત જોડાયલું છે તેવી સતી સ્ત્રીને ગર્ભ રહ્યો.

એક વખત ઋષિ પોતાની પત્નીના ખોળામાં માથુ મૂકી ઉંઘતા હતા તેવામાં સૂર્યનારાયણ આથમવા લાગ્યા જેથી સતી સ્ત્રીએ 'સન્ધ્યા કરવાનો સમય થયો છે, માટે હવે પતિને જગાડવા કે નહ. તેમનો સ્વભાવ ઘણો ક્રોધી છે. જો ઉઠાડું છું તો તે ક્રોધ કરશે અને નથી ઉઠાડતી તો સૂર્ય આથમી જવાથી તેમના ધર્મનો લોપ થશે.' આવા વિચારથી તેણે પતિને ધીમે રહીને કહ્યું કે: " હે પતિ, સૂર્ય આથમી જવા આવ્યો છે, સન્ધ્યા વખત થયો છે માટે જાગ્રત થાવ તો સારૂં." આ સાંભળી ઋષિ જાગી ઉઠયા અને ગુસ્સે થઈ કહેવા લાગ્યા કે: "હે સ્ત્રી ! તેં મારૂં અપમાન કર્યું માટે હવે હું તારી પાસે ન રહેતાં વનમાં ચાલ્યો જઈશ." આ સાભળી સ્ત્રીએ ધર્મનો લોપ થવાના ભયથી ઉઠાડયા છે માટે માફ કરો જેથી દયા કરી વનમાં ન જશો ?" તે સાંભળી ઋષિએ કહ્યું કે:—" મને ખાત્રી છે કે જો હું ઉંઘતો હોઉં તો પણ જ્યાં સુધી મેં સન્ધ્યા ન કરી હોય ત્યાં સુધી મગદૂર નથી કે સૂર્ય આથમી શકે ? માટે હવે હું અહીં નહિ રહું." સતી સ્ત્રીએ ઋષિને સમજાવ્યા પણ તેમણે તો કહ્યું કે: " જો. વચન તો એક છે. મેં તને લગ્ન વખતે જે કહ્યું હતું તે કાંઇ મિથ્યા ન હોતું. માટે હવે મારા જવાથી તું શોક કરીશ નહિ. તને જે ગર્ભ રહ્યો છે તે મહાસમર્થ પુત્રરૂપે જન્મશે અને તે તારા ભાઈનું સંકટ તારશે.'

આમ કહી ઋષિ ચાલ્યા ગયા. તે પછી થોડા મહીને જરત્કારુને પુત્રનો પ્રસવ થયો અને તેનું નામ આસ્તિક પાડયું. સતી જરત્કારુએ હંમેશાં પતિની સેવા કરી તેમને પ્રસન્ન રાખવામાં જ પોતાનું સૌભાગ્ય માન્યું હતું. તેમનું મન સાચવવા તે ઘણું કષ્ટ વેઠતી. અને એક મનથી એવા જરા પણ અપમાન થયું તો ચાલી જવાની પ્રતિજ્ઞા લેનાર ઋષિની સેવા કરતી. તેને થયેલા પુત્ર આસ્તિક યજ્ઞમાંથી વાસુકી વિગેરે સર્પોને બળતા અચકાવ્યા હતા. આવી જ રીતે પૂર્વે એક ભામતી નામનાં સતી થઇ ગયાં છે.

ભામતી—વાચસ્પતિ મિશ્ર.

પૂર્વે થઇ ગયેલાં ભામતી નામે વિદુષી સ્ત્રીએ વાચસ્પતિ મિશ્રનાં પત્ની થતાં હતાં. વાચસ્પતિ મિશ્ર વિદ્વાન અને પઠન પાઠનમાં લિન્ન થઇ રહેનાર હતા. તેઓ એક વખતે શ્રી શંકરાચાર્યના ભાષ્ય ઉપર ટીકા લખતા હતા. તે કામમાં એવા તન્મય થઇ ગયેલા હતા કે પોતે શું કરે છે, ક્યાં રહે છે, ઉંઘે છે કે જાગે છે તેનું ભાન પણુ નહોતું. સતી ભામતી પણ વિદ્વાન્ હતી. તે પોતાના પતિને તે કામમાં મદદ કરવામાં પોતાનું કર્ત્તવ્ય સમજતી. વાચસ્પતિ મિશ્રને લખવામાં, ગ્રંથો શોધી આપવામાં, અને શંકાનું સમાધાન કરવામાં ભામતી પતિને મદદ કરતાં. બંને જુવાન હતાં. ભામતી પણ પરણીને ભરયૌવનમાં પહેલવહેલાં જ સાસરે આવ્યાં હતાં. બંને સાથે બેસતાં, ઉઠતાં અને સૂતાં છતાં વાચસ્પતિમિશ્ર તો તે જાણે પોતાનો સહાધ્યાયી મિત્ર હોય તેમ જાણતા. પતિને ભાષ્ય ઉપર ટીકા લખવાના કામમાં રાતદિવસ ગુંથાયેલા જોઈ ભામતિ તેમને વિક્ષેપ ન થાય તેની કાળજી રાખતાં. તે શરમાળ, વિનયી, સુશીલ અને આનંદી હતાં, પતિ એજ પરમેશ્વર છે એમ માનતાં.

ટીકા લખતાં લખતાં બંનેની જુવાની ચાલી ગઇ અને પ્રૌઢાવસ્થામાં આવ્યા છતાં પતિએ સંસાર સુખની ઇચ્છા સરખી કરી નહિ. એક વખતે મધ્યરાત્રે ભામતી થાકીને ઉંઘી ગયાં હતાં અને ઋષિભાષ્ય લખ્યા કરતા હતા તેવામાં દીવેલ ખૂટી પડવાથી દીવો ઝાંખો થઇ ગયો ને લખવાની કલમ અટકી ગઇ. તેથી વાચસ્પતિ મિશ્રે સૂતેલી ભામતીના સામું જોયું. તેઓએ તેને તે જ વખતે પોતાની સ્ત્રી છે એમ જાણ્યું અને પ્રસન્ન ચિત્તે બોલ્યા કેઃ—" હે પ્રિયે! તને ધન્યવાદ ઘટે છે. તેં મારા શ્રમને સફળ કર્યો છે. તેં મને જીતી લીધો. તારી અપૂર્વ સહાયથી આ ટીકા મેં લખી માટે તારા નામથીજ તેને પ્રસિદ્ધ કરીશ." આમ કહી તેમણે તે ટીકાનું નામ ભામતી રાખ્યું.

ભામતી આ સાંભળી જાગ્રત થયાં અને બે હાથે પ્રણામ કરી કહ્યું કેઃ " પ્રભો, આ સંસારનાં મિથ્યા સુખો કરતાં આપની પાસેથી

જ્ઞાન સુખ મેળવવું ઉત્તમ ગણ્યું. હવે મને તેવાં મિથ્યા સુખની ઇચ્છા નથી. આપના ચરણની સેવા કરવામાં જ મને આનંદ થાય છે." આ સાંભળી વાચસ્પતિ મિશ્રે તેમને ધન્યવાદ આપ્યો. આ પછી સતી ભામતીએ પોતાના પતિને ઈશ્વર જાણી જન્મારા પર્યંત સેવા કરી, તેમને પ્રસન્ન રાખવા યત્ન કરતાં. તેમણે પતિસેવાથી પોતાના પતિ પાસેથી તત્ત્વજ્ઞાન મેળવ્યું. પતિના ધર્મકાર્યમાં સહાય કરવામાં જ પોતાને ધન્ય માનતાં હતાં.

આજે તો મિથ્યા સુખને માટે સ્ત્રીઓ પતિની અવગણના કરી રહી છે. પતિને વિક્ષેપ કરતા ચૂકતી નથી. પતિને પ્રસન્ન રાખવાને બદલે પતિ પોતાને પ્રસન્ન રાખવા મથે એવું ઇચ્છે છે. તે દોષરૂપ છે. તેમ થવું જોઇએ નહિ. સ્ત્રીઓએ તો પતિસેવા કરવામાં જ પોતાનું સર્વસ્વ માની લેવું ઘટે છે.

પ્રકરણ ૭ મું.

સ્ત્રીઓની જવાબદારી.

ચન્દ્રકાન્તાએ બીજે દિવસે સર્વ સ્ત્રીઓ આવી ગયા પછી દરરોજની માફક આગળ વાર્તા શરૂ કરી. તેણે કહ્યું કે બેનો! આપણ સ્ત્રીઓને માટે મહાન જવાબદારી છે. પોતાના પતિને સુખી કરવો, પતિને આનંદ આપવો અને લેવો, ઘરકામ સંભાળવું, આવક ખર્ચનો હિસાબ રાખવો, તે ઉપરાંત સ્નેહિ, સંબંધી સાથે મળતાવડો સ્વભાવ રાખવો. છોકરાંને સારા સંસ્કારો આપી ઉછેરવાં, સ્ત્રીને માથે પ્રજાને ઉછેરી તેમને સત્સંસ્કારી બનાવવાની મોટામાં મોટી જવાબદારી છે. સ્ત્રીએ પુરુષની માફક કામો કરવાનાં નથી. તેની પ્રકૃતિ નાજુક હોય છે. નીતિથી ચાલવું, સત્ય બોલવું, પ્રસન્ન રહેવું, કોઇનો પણ ઉપકાર કરી છુટવો એ ગુણો તો સ્વભાવસિદ્ધ દરેક સ્ત્રીમાં હોવા જ જોઇએ.

સ્ત્રી એ ઘરના શણગારરૂપ છે. બાળકો સારાં નરસાં થવાં એ સ્ત્રીના હાથમાં છે. નાનપણમાં બાળકોના ઉપર જેવા સંસ્કારો પાડ-

વામાં આવે છે તેવાં તે થાય છે. માતાનામાં જેવા આચારવિચાર હોય છે તેવાં બાળકો થાય છે. કેળવાયલી સ્ત્રી ઘરનો કારભાર માથે ઉડાવી લે છે એટલે પતિને ઘર તરફની ચિંતા રહેતી નથી. સ્ત્રીઓ ભણેલી હોય છે તો છોકરાંને નાનપણથી જ વિદ્યાભ્યાસ કરવાના સંસ્કારો પડે છે. ઘરમાં કલહ ન થાય અને હમેશાં આનંદ જ રહે, સર્વ સાથે સંપથી રહે એ સર્વ સ્ત્રીના ઉપર આધાર રાખે છે. સરખે સરખા સ્વભાવનાં સ્ત્રી પુરુષ મળે છે તો તેમને આનંદ થાય છે અને સુખથી ગૃહકારભાર ચલાવી શકે છે. તેમાંથી એક વિપરીત સ્વભાવનું હોય છે તો હંમેશાં કલેશ થાય છે ને ગૃહસ્થાશ્રમ દુઃખરૂપ થાય છે. માટે સ્ત્રીઓએ જો પોતાનો પતિ પ્રતિકુળ વિચાર કે આચારનો હોય તો તેને પ્રેમથી સન્માર્ગે વાળી પોતાના સ્વભાવને અનુકુળ કરી લેવો જોઇએ.

સ્ત્રીઓએ સર્વની સાથે ભલમનસાઈથી વર્તવું. ગૃહિણી તરીકે આ સંસારમાં સ્ત્રીને માથે મહાન જવાબદારી છે. તેને ઘણાંનાં મન રાખીને ચાલવાનું હોય છે. પતિની મરજી સાચવવી, પતિનાં સગાં વ્હાલાંની મરજી સાચવવી, ઘર કારભાર ચલાવવો, અને બાળકોને ઉછેરવાં તથા કેળવવામાં સ્ત્રીની મુખ્ય જવાબદારી છે. તેણે હંમેશાં પોતાના મનને કબજે રાખવું. પતિ ઉપર નિર્મળ પ્રેમ રાખવો, તેની મન, વચન અને પ્રેમથી સેવા કરવી. પતિના કાર્યમાં ઉત્સાહ આપ્યા કરવો. પતિની આજ્ઞા વગર પરઘેર જવું નહિ. પોતાનામાં અનેક સદ્‌ગુણોને ધારણ કરી રાખવા, પતિને સ્નેહથી જીતી લેવો. સતી સ્ત્રી પોતાના સતીત્વના પ્રતાપથી આ જગતમાં ધારે છે તે કરી શકે છે. કૌશલ્યા કરીને એક પવિત્ર સતી થઈ ગયાં છે કે જેમને પેટે શ્રી રામચન્દ્રજી પુત્ર થઈ અવતર્યાં હતા.

કૌશલ્યા.

કૌશલ્યા એ અયોધ્યાના રાજા દશરથનાં પત્ની હતાં. તે કેશલ દેશના રાજાની પુત્રી હતાં. નાનપણમાં વિદ્યાભ્યાસ કરી વ્યવહારિક કેળવણી સારી રીતે મેળવી હતી. દશરથ રાજા ભગવદ્‌ભક્ત હતા. તેમનો ઘણો કાળ તત્ત્વચિંતનમાં જતો.

કૌશલ્યા તેમને પુરાણની વાતો કહી મનરંજન કરતાં. તે હંમેશાં પતિની સેવા કરવામાં ચિત્ત રાખતાં. રામચન્દ્રજી તેમના પુત્ર હતા. શ્રીરામચન્દ્રજીને કેળવવામાં રાજધર્મનું અને પરમાર્થધર્મનું ઉપયોગી જ્ઞાન આપવામાં કૌશલ્યાએ કચાસ રાખી નહોતી. તેમણે તેમને ધર્મ અને નીતિનું શિક્ષણ આપ્યાં હતાં. તેમણે પોતાની બુદ્ધિથી રામને વિનયી, નમ્ર, આજ્ઞાંકિત, વડીલો તરફ પુજ્ય બુદ્ધિવાળા, અને વીર બનાવ્યા હતા. રામ ઇશ્વરાવતાર હતા. તેમને કૌશલ્યાએ કેળવી ધર્મરૂપ બનાવી દીધા હતા. રામ ઉપર સર્વની પ્રીતિ હતી.

રામને જ્યારે રાજ્યાભિષેક વખતે કૈકેયીની હઠથી દશરથ રાજાએ દેશવટો દીધો ત્યારે તેમનાં માતા કૌશલ્યા, ભાઇ લક્ષ્મણ, શત્રુઘ્ન વિગેરેને મહા સંતાપ થયો. પણ રામે તે સર્વને શાંત પાડ્યાં. પિતાની આજ્ઞા પાળવી એ પુત્રનો ધર્મ છે એમ માની રામે પિતાનું વચન માથે ચઢાવી, પોતાના પિતાની પ્રતિજ્ઞા પાળવા વનમાં ગયા. કૌશલ્યા માતાએ પોતાના પુત્રને ગમે તેવી સ્થિતિમાં પણ માબાપની આજ્ઞાનું પાલન કરવું જોઇએ એવું શિક્ષણ આપેલું તે પ્રમાણે રામે પિતાની આજ્ઞા પાળી બતાવી.

આમ છતાં પણ કૌશલ્યાએ પોતાના પતિ દશરથની અવગણના કરી નહિ. જો કે તેમણે રામને વગર અપરાધે વનમાં મોકલ્યા હતા છતાં પણ દશરથની સેવા કરવામાં કૌશલ્યાએ કાંઈ કચાસ રાખી નહિ. રામવિયોગે દશરથ ઘણા શોક કરવા લાગ્યા. તેમને કૌશલ્યા પુરાણોની અનેક વાતો કહીને સાંન્ત્વન આપતાં. દશરથે કૌશલ્યાને કહ્યું કે: "હે દેવી! મેં કૈકેયીની હઠથી, તેનું વચન પાળવા પુત્ર રામને વનવાસ કહાડી તારો મોટો અપરાધ કર્યો છે, તે ક્ષમા કર. પતિ ગુણી હોય કે ગુણ વગરનો હોય તો પણ સ્ત્રીએ તેનો અનાદર કરવો ઘટીત નથી. માટે મારા પ્રતિ—દ્વેશ ન રાખતાં સ્નેહ ભાવથી વર્તજો." આ સાંભળી કૌશલ્યાની આંખમાં આંસુ આવી ગયાં તેમણે કહ્યું કે "હે વ્હાલા! આપ મારી ક્ષમા માગો એ મને અપમાન આપવા જેવું છે. રામ શું તમને વ્હાલો નથી? મને અને આપને સરખોજ વ્હાલો છે. જે સ્ત્રી પતિને સતાવે અને પતિ તેને આજીજી કરી વિનવે, પતિના દુઃખમાં જે સ્ત્રી રીસાઇને તેના દુઃખને વધારે તેને ધિક્કારવા જોગ છે. આપ સત્યવાદી છો. તમે મારી બ્હેન કૈકેયીને વચન આપ્યા પ્રમાણે કે 'ભરતને રાજ્ય આપ્યું અને

રામને વનવાસ મોકલ્યા ' એ કાંઇ ખોટું નથી. તમારૂં વચન ભંગ કરવા હું ઇચ્છતી જ નહોતી. તમે પુત્રને વનવાસમાં મોકલી વચનને પાલન કરનાર ગણાયા છો માટે મારા ઉપર પ્રસન્ન થાવ. મારા મનમાં કાંઈ નથી માટે શોકનો ત્યાગ કરો."

કૌશલ્યાનાં આ વચન સાંભળી દશરથ પ્રસન્ન થયા. કૌશલ્યાએ પોતાના પુત્રને પતિએ વનમાં મોકલ્યા છતાં પણ તેમના ઉપર રોષ ન રાખતાં પ્રેમ રાખ્યો એ સતી સ્ત્રીજ કરી શકે. તેવીજ રીતે કૈકેયી જે દશરથ રાજાનાં બીજાં પુત્રી હતાં તેમણે પણ પતિસેવા કરી નામ અમર કર્યું છે.

કૈકેયી.

રામને વનવાસ મોકલવા હઠ લેનાર કૈકયી એ દશરથનાં પત્ની અને કેકય રાજાનાં પુત્રી હતાં. તેમને નાનપણમાં બાપે ભણાવી યોગ્ય કેળવણી આપી હતી. તેમને દશરથ રાજા સાથે પરણાવ્યાં હતાં. તેમનામાં પતિસેવા કરવાનો અને પતિનું મન જીતી લેવાનો ગુણ ઘણો જ ઉત્તમ હતો તેથી તે દશરથ રાજાનાં માનીતાં રાણી થયાં હતાં.

એક વખતે દેવ અને રાક્ષસો વચ્ચે યુદ્ધ થયું તેમાં દેવોએ દશરથને મદદ આપવા આમંત્રણ કર્યું હતું, તેમાં દેવો તરફથી દશરથ રાજા લડવા ગયા હતા. દશરથ રાજાની સામે માયાવી રાક્ષસ શંબર યુદ્ધ કરવા આવ્યો તેણે પોતાની માયાવી સત્તાથી દશરથના રથની ધરી ભાગી નાંખી. અને દશરથ રાજા બેશુદ્ધ થઇ ગયા. તે વખતે રથ પડી ન જાય તે માટે કૈકયીએ પોતાના પતિના સાવધ થતા સુધી રથની ધરીને પોતાના ખભા ઉપર લઇને રથને પડવા દીધો નહોતો અને શત્રુને મારવામાં દશરથને સહાય કરી હતી. જો કૈકયીએ રથની ધરી ઝીલી ન રાખી હોત તો દશરથનો પરાજય થાત આવી તેની હિમ્મતથી દશરથે તેને વચન આપ્યું કે:—"હે દેવી! તારા બહાદુરીના આ કાર્યથી હું રાજી થયો છું. તું માગ હું તને બે વરદાન આપીશ. આ સાંભળી કૈકયીએ તે વરદાન હું જ્યારે જોઈશે ત્યારે માગી લઇશ એમ કહ્યું. આવી રીતે પતિને સંકટ

વખતે મદદ કરવાથી કૈકેયી રાજાને પ્રીય થઈ પડયાં. દશરથને કૌશલ્યા, કૈકેયી અને સુમિત્રા ત્રણ રાણીઓ હતી. તેમાં કૌશલ્યાને રામ, કૈકેયીને ભરત અને સુમિત્રાને લક્ષ્મણ અને શત્રુઘ્ન નામે પુત્રો હતા.

રામ સર્વથી મોટા હતા. તેમને રાજ્યાભિષેક કરવાનો વખત થયો, ત્યારે મંથરા નામની દાસીએ કૈકેયીને પાણી ચઢાવ્યું અને ભરતને રાજ્ય મળે તે માટે રાજા પાસે માગણી કરવાનું કહ્યું. કૈકેયી સમજુ છતાં હઠીલાં અને કાચા કાનનાં હતાં તે કોઇની વાત ઝટ માની જતાં. તેને કહ્યું કે "તમે રાજાનાં માનીતાં છતાં તમારા પુત્રને રાજ્ય કેમ ન મળે? માટે રણમાં તમને રાજાએ બે વરદાન આપ્યાં છે તે અત્યારે ભરતને રાજ્ય આપવાનું માગો અને રામને વનમાં મોકલો કે પછી ફાંસ જાય! રામ બળવાન છે માટે અહીં રહેશે તો ભરતને પજવશે." આથી કૈકેયીનું મન ફરી ગયું અને રાજા પાસે ગયાં. રામને રાજ્યાભિષેક થવાનો હતો તેજ વખતે તેમણે આનંદમાં વિઘ્ન નાંખ્યું અને દશરથ પાસે તેમણે આપેલાં બે વચનોમાં રામને ૧૪ વર્ષ વનવાસ મોકલવા અને ભરતને રાજ્ય આપવાનું માગી લીધું.

કૈકેયી જેવી સમજુ સ્ત્રી પણ ખરાબ સંગત—મંથરા જેવી નીચ દાસીની ભંભેરણીથી અનર્થ કરી બેઠી. માટે સ્ત્રીઓએ ખરાબ સ્ત્રીઓનો સહવાસ રાખવો નહિ. આ સાંભળી સર્વને કલેશ થયો. પણ રામ તો પ્રસન્ન ચિત્તે મનમાં કાંઇ ન લાવતાં પિતાની આજ્ઞા માથે ચઢાવી વનમાં ગયા. કૈકેયી પતિ માટે પ્રાણ આપે તેવાં સતી હતાં છતાં પણ ખરાબ સોબતથી પતિને વૃદ્ધાવસ્થામાં રામ જેવા સમર્થ પુત્રનો વિયોગ કરાવ્યો અને તેજ વિયોગે ઝુરી ઝુરીને દશરથે પ્રાણ છોડયો. માટે હંમેશાં સ્ત્રીએ ખરાબ કે હલકી સ્ત્રીઓની સોબત કરવી નહિ, તેમના ઉપર ભરોસો રાખવો નહિ. મન શાંત અને સ્વભાવ ગંભીર રાખવો. કોઈ પણ બાબતમાં ઉતાવળીયો નિશ્ચય ન કરવો. કૈકેયીના પુત્ર ભરત બુદ્ધિશાળી, ભાઈના ઉપર અત્યંત પ્રેમ રાખનાર અને સદ્‌ગુણી હતા. તે મોશાળથી ઘેર આવ્યા ત્યારે રામને વનવાસ ગયેલા જોઇ દુઃખી થયા. પોતાની માતાને ઘણો ઠપકો આપ્યો અને પોતે રાજ્યનો સ્વિકાર કર્યો નહિ પણ રામની પાદુકા રાજ્ય-ગાદી ઉપર મૂકી તેમણે રામના આવતા સુધી રાજ્યવહીવટ ચલાવ્યો.

પોતે રામના વિયોગથી વલ્કલ ધારણ કરી રહેતા તેથી કૈકેયીને પણ પશ્ચાતાપ થયો હતો. માટે આવી રીતે કોઇ સ્ત્રીએ અવિચારથી પતિને દુઃખી કરવા નહિ. દશરથ રાજાની ત્રીજી સ્ત્રી સુમિત્રા હતાં.

સુમિત્રા.

સુમિત્રા એ દશરથનાં ત્રીજી સ્ત્રી હતાં. તે પતિસેવા કરતાં. પતિને દેવ તરીકે માનતાં. તેમને ભરત અને શત્રુઘ્ન કરીને બે પુત્રો હતા. બંને પુત્રોને સુમિત્રાએ ઉચ્ચ કેળવણી આપી સદ્દગુણી બનાવ્યા હતા. સુમિત્રા ઉપર દશરથની પ્રીતિ સારી હતી. તે પોતાની શોક્ય કૌશલ્યા અને કૈકેયી ઉપર પણ સગી બ્હેનો જેટલી પ્રીતિ રાખતાં. તેમના ઉપર દ્વેશ રાખતાં નહિ. પોતાની શોક્યના પુત્રો રામ, અને ભરત ઉપર પણ પોતાના પુત્ર જેટલી જ મમતા રાખતાં. તે વિવેકી, સદ્દગુણી, અને સ્નેહાળ હોવાથી સર્વને પ્રીતિ પાત્ર થયાં હતાં. તેમના ગુણ લક્ષ્મણમાં આવ્યા હતા. લક્ષ્મણ જેવો ભ્રાતૃભાવ કોઈનામાં જોવામાં આવશે નહિ. તે પોતાના મોટા-ભાઈ રામ ઉપર અત્યંત સ્નેહ રાખી માન સાચવતા.

રામ જ્યારે પિતાની આજ્ઞા પાળી વનવાસ જવા તૈયાર થયા ત્યારે પોતાના ભ્રાતૃભાવથી લક્ષ્મણ પણ તેમની સાથે જવા તૈયાર થયા. સુમિત્રાએ લક્ષ્મણને વનમાં જતાં કહ્યું કેઃ “ ભાઈ! તું તારા મોટાભાઇની સેવા કરવા વનમાં જાય છે માટે હું તને આજ્ઞા આપું છું. મોટાભાઇની આજ્ઞા પાળવી એ તારો ધર્મ છે. તું હવે રામને પિતા તુલ્ય ગણજે, સીતા જે તારાં ભાભી થાય છે તેમને માતા ગણીને ચાલજે ! આ પછી રામ, લક્ષ્મણ ને સીતા વનમાં ગયાં ત્યારે પોતાના પતિ દશરથ શોકમાં મૂર્છા ખાઈ પડયા હતા, કૌશલ્યા રડકકળ કરતાં હતાં. તે વખતે સુમિત્રાએ તેમને આ પ્રમાણે ધીરજ આપી હતી કેઃ—“ પ્રભો ! આપ મિથ્યા શોક ન કરો ? રામ સર્વગુણ સમ્પન્ન ને બળવાન છે. તેમને વનમાં દુઃખ પડવાનું નથી. તે સત્ય-વાદી છે જેથી તમારૂં વચન પાળવા વનમાં જાય છે. માટે શોક ત્યજો. લક્ષ્મણ તેમની પિતાતુલ્ય સેવા કરશે માટે ચિંતા ન કરો.” આવી રીતે તેમને સુમિત્રાએ ધીરજ આપી શાંત પાડયા હતા.

સુમિત્રા પતિવ્રતા સ્ત્રી હતાં. પતિને કષ્ટ થતું તે જોઈ શકતાં ન હતાં. પુત્રને કેળવણી આપી બ્હાદુર બનાવવામાં પણ તત્પર રહેતાં. લક્ષ્મણનામાં તેમનો સ્વભાવ ઉતરી આવ્યો હતો. શૌક્યના પુત્ર ઉપર પણ સંપૂર્ણ પ્રીતિ રાખતાં. પોતાના પતિને કષ્ટ વેઠીને પણ મદદ કરવા તત્પર રહેતાં. પોતાના પુત્રને દેશવટે જતો જોવા છતાં પણ પતિ અપ્રસન્ન થાય તેવું કાંઇ કર્યું નહિ. પણ તેમને હિંમત આપી અને શોકને દૂર કરવા યત્ન કરતાં. આ પ્રમાણે બાળકોને મહાન પુરુષ બનાવવાની પણ સતી સ્ત્રીઓને માથે મોટામાં મોટી જવાબદારી છે. આવીજ રીતે સતી રેણુકા કરીને એક સતી થઈ ગયાં હતાં. તેમના ચરિત્રમાંથી કેટલોક બોધ આપણે ગ્રહણ કરવા જેવો છે તે ધ્યાનપૂર્વક સાંભળો.

રેણુકા.

રેણુકા એ જમદગ્નિ ઋષિનાં સ્ત્રી હતાં. રેણુકાએ નાનપણમાં પતિ પાસે યોગ્ય કેળવણી મેળવી હતી. પતિસેવાપરાયણ રહી પતિના સ્નેહને જીતી લીધો હતો. તે હંમેશાં પતિસેવામાં જ મનને જોડી રાખતાં. તેમને પરશુરામ કરીને મહાસમર્થ પુત્ર થયા હતા કે જેમણે એકવીસ વાર નક્ષત્રિય પૃથ્વી કરી હતી. પરશુરામ ઈશ્વરાવતાર મનાતા હતા. આવા સમર્થ અને બળવાન પુત્રને રેણુકાએ જન્મ આપીને યોગ્ય કેળવણી આપી હતી. રેણુકા આશ્રમમાં રહી પતિની સેવા કરી ધર્મપરાયણ જીવન ગાળતાં.

એક વખતે રેણુકા ગંગા નદીમાં પાણી ભરવા ગયાં હતાં તે વખતે ગંધર્વ રાજા કેટલીક સ્ત્રીઓ સાથે ત્યાં જળક્રીડા કરતો હતો. તેને વિષયવાસના વધારનારી જળક્રીડા કરતાં જોઈ રેણુકાનું મન રજોગુણી થયું, અને અપવિત્ર વિચાર આવ્યો. તેથી પતિની સેવામાં તત્પર રહેનાર રેણુકા તેમની જળક્રીડા જોવા ત્યાં ઉભાં રહ્યાં. પણ થોડીવારે પોતાનામાં પાપવાસના ઉત્પન્ન થએલી જોઈ શરીર કંપવા લાગ્યું અને પશ્ચાતાપ કરવા લાગ્યાં કે: “અરે ! પ્રભો, મારી પતિસેવા કરેલી ક્યાં ગઇ ? મને આ વખતે કેમ મિથ્યા વિષય પ્રતિ મન થયું ? આ શું સૂઝ્યું ?” આમ પસ્તાવો કરતાં ઘેર આવ્યાં. તેમણે

આશ્રમમાં જઇ પતિ જમદગ્નિને પ્રણામ કર્યા અને નીચા મુખે ઉભાં રહ્યાં. તેમને નિસ્તેજ મુખે ઉભેલાં જોતાં જમદગ્નિએ પોતાના ધ્યાનથી જોઇ લીધું કે તેણે મહા અનર્થ કર્યો છે. તે ઋષિ બહુ ક્રોધી હતા. તેમને વસુ, પરશુરામ વિગેરે પાંચ પુત્રો હતા. તેમને બોલાવી એક એક કહ્યું કે: " તમે મારા પુત્ર હો તો તમારી માતાનું માથું જુદું કરો." એ સાંભળી વસુ વિગેરે માનું માથું કાપવા તૈયાર ન થયા. જેથી મુનિએ તેમને શાપથી બાળી ભષ્મ કર્યાં અને સૌથી નાના પુત્ર પરશુરામને માતાનું માથું છેદી નાખવાની આજ્ઞા કરી. પિતાની આજ્ઞા પાળવા પરશુરામ તૈયાર થયા અને ઝટ ફરશીથી માનું માથું ઉડાવી દીધું.

આ પ્રમાણે પોતાની આજ્ઞા પાળેલી જોઈ જમદગ્નિ પરશુરામના ઉપર ખુશી થયા અને કહ્યું કે: " હે પુત્ર ! તેં મારી આજ્ઞા પાળી તેથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું, માટે જે તારી ઇચ્છા હોય તે માગ ? " આ સાંભળી પરશુરામે પોતાની માતા તથા બધા ભાઇઓ પાપમાંથી મુક્ત થઈ જીવતા થાય એવું વચન માગ્યું. જેથી રેણુકા તથા તેમના બીજા પુત્રો જીવતા થયા. પરશુરામે પોતાની માતાને પગે પડી કરેલા અપરાધની ક્ષમા માગી. પણ રેણુકાએ કહ્યું કે: " હે પુત્ર ! તેમાં તારો અપરાધ નથી. તેં તારા પિતાની આજ્ઞા પાળી ઘણું સારૂં કર્યું છે. પિતાની આજ્ઞા પાળવી અને તેમના મનમાં દુઃખ થાય એવું કાંઈ કરવું નહિ, એ તેનું કામ છે. "

રેણુકાએ પરશુરામને માબાપની આજ્ઞા પાળવા વિષે નાનપણથી શિક્ષણ આપ્યું હતું. તે કહેતાં કે અન્ય ધર્મ પાળવા છતાં જે માબાપની સેવા કરતાં નથી તેમને તે ધર્મનું ફળ મળતું નથી. વળી પુત્રને નિર્ભયતાનું જ્ઞાન આપી પોતે સર્વ કરવા સમર્થ અને બળવાન છે એમ માનવાનું શિક્ષણ આપ્યું હતું. તેમને પતિએ મારી નંખાવ્યા છતાં પણ પોતે પતિ ઉપર ગુસ્સે થયાં નહિ કે અપ્રસન્ન થયાં નહિ. પણ જેવાને તેવાજ સ્નેહથી પતિસેવા કરવા લાગ્યાં. આજ તો પતિ ટુંકારો કરે તો ચાર દહાડા સુધી મોં ચઢાવી ફરનાર સ્ત્રીઓ મળી આવશે પણ રેણુકા જેવી કે કૌશલ્યા જેવી સ્ત્રીઓ કે જે પતિના દુઃખ આપવા છતાં પણ રોષ ન રાખતાં

પતિ ઉપરનો સ્નેહ જેવોને તેવો કાયમ રાખનારી ઓછી જણાશે.

રેણુકાએ પોતાના પુત્ર પરશુરામને બાલ્યપણુથી જ એવું શિક્ષણ આપ્યું હતું કે તેમણે મહાબળવાન થઇ એકવીસ વાર ક્ષત્રિયોનો સંહાર કરી પૃથ્વીને ક્ષત્રિય વગરની બનાવી હતી, અને તે ઇશ્વરાવતાર મનાયા હતા. સ્ત્રીઓએ પતિસેવા સાથે પોતાનાં પુત્રોને આવી ઉત્તમ કેળવણી આપી મહાપુરુષ થાય તેવી ભાવનાથી પોષવા જોઇએ.

આજ પ્રકારે મરીચી નામની એક સતી થઈ ગઇ છે.

મરીચી.

સિકિમ દેશના રાજાના પ્રધાન યશલાલસિંહની પુત્રીનું નામ મરીચી હતું. તે નાનપણુથી જ ઘણી સુંદર અને મોહક હતી. તેનું હૃદય પ્રેમી અને મન આનંદી હતું. તેને તેનાં માબાપે નાનપણુથીજ ધર્મનું શિક્ષણુ આપ્યું હતું. તે પોતાની રાજીખુશીથી મંદિરની કુમારિકા થઈ હતી. તેનો બાપ તેના ઉપર ઘણો પ્રેમ રાખતો. તેમના દેશમાં કન્યા ઉમ્મર લાયક થાય એટલે પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે એવો રીવાજ હોય છે, પણુ નીતિને રસ્તે ચાલે તો માબાપ વચ્ચે પડે નહિ. મરીચી પોતાના પ્રાણુ કરતાં પણુ પોતાના શિયળનું મૂલ્ય વધારે સમજતી.

મંદિરમાં રહેનારી સ્ત્રીઓ પોતાના શિયળનું રક્ષણુ કરવા અંબોડામાં છરીઓ રાખે છે તેમ મરીચી પણુ રાખતી. એક દિવસ તે પોતાની બ્હેન સાથે ફરવા ગઈ હતી ત્યાંથી ઘેર પાછી આવી ત્યારે તેણે એક અજાણ્યા પુરુષને ઓસરીમાં ફરતો જોયો. મરીચી નિર્ભયતાથી ઘરમાં ગઇ. તેને જોઇ તે પુરુષે તેને પોતાની સાથે આવવા કહ્યું, અને કહ્યું કેઃ હું તને ઘણું સુખ આપીશ. તેણે ઘણી લાલચ બતાવી. તેમ પોતાને તાબે નહિ થાય તો તેને મારી નાંખવાની બીક પણુ બતાવી; પરંતુ તે સાંભળી મરીચી કાંઇ બોલી નહિ. આથી તે પુરુષ તેની પાસે આવી હાથ પકડવા લાગ્યો એટલે તે વેગળી ખસી ગઇ. જેથી તે પુરુષે તેને બાથમાં પકડી લીધી, તેથી મરીચી તેને તરછોડી નાંખી દૂર ખસી ગઈ. એમ છતાં આત્યારે મરીચી એકલીને જોઈ તે ફરી તેના ઉપર ધસ્યો એટલે મરીચીએ

ગુસ્સે થઇ કહ્યું કે: "નિર્લજ્જ મને અડક નહિ, નહિ તો ઠેર મારીશ." આ સાંભળી તે પુરુષે કહ્યું કે: "તું એકલી છું. મને શું કરવાની છું? મારી પાસે આવ અને અનેક સુખ ભોગવી સુખી થા." આમ કહી તેણે તેને પકડી. તેણે ઘણું બળ કર્યું પણ પેલા માણુસે તેને છોડી નહિ.

પોતાના શિયળનો ભંગ થવાની અણી આવી, હવે બીજો ઉપાય રહ્યો નહોતો તેથી તેણે પોતાના માથામાં સંતાડેલી છરી કાઢી અને જેવો તે પુરુષ તેને છતાપાટ નાંખી ઉપર ચઢવા જાય છે કે તરતજ તેણે તે છરી તેની છાતીમાં ખોસી દીધી. આથી તે પુરૂષ તરત બુમ પાડી ગબડી પડયો, અને તે કન્યાએ પોતાનું શિયળ સાચવ્યું. સતી સ્ત્રીઓ આવી હોય છે. છેવટે કંઇ ન ચાલે તો મરવા તૈયાર થાય છે પણ શિયળનો ત્યાગ કરતી નથી. શીયળને સાચવવું એજ સ્ત્રીઓનો મોટામાં મોટો ધર્મ છે. શિયળને સાચવનારી સ્ત્રી જ સતી છે. આ પ્રમાણે મરીચીએ પોતાનું શિયળ બહાદુરીથી સાચવ્યું. બ્હેનો! કોઇપણ વખતે શિયળ ભંગ થવાનો પ્રસંગ આવે, દુષ્ટ લોકોના પંઝામાં સપડાવાય, તે લાલચો આપે છતાં પણ શિયળને ન ત્યજશો પણ મરીચીની માફક બહાદુરી બતાવી તેને તમારૂં સતીપણું બતાવી આપજો.

ચન્દ્રકાંતાએ આ પ્રમાણે સ્ત્રીઓની જવાબદારી કેટલી છે તે આજે સમજાવ્યું પછી વખત થતાં સર્વે પોતપોતાને ઘેર ગયાં.



પ્રકરણ ૮ મું.

સંકટ વખતે પત્નીએ પતિને સહાય કેવી રીતે કરવી ?

સ્ત્રીએ પોતાનો પતિ અવળે રસ્તે ચાલતો હોય તો તેને સન્માર્ગે વાળવો જોઇએ. હઠથી નહિ પણ સ્નેહથી તેના દુર્ગુણો છોડાવવા જોઇએ. સંકટ વખતે પોતાના પતિને સહાય આપવી. ધીરજ આપવી અને ઉત્સાહ વધારવો એ સ્ત્રીનું કામ છે. કેટલીક વખતે પતિને વ્યવહારમાં એકાએક મહા સંકટ આવી પડે છે તે વખતે તેને દુનિયામાં દુઃખથી ઉભું રહેવાની જગા પણ જડતી નથી. તે વખતે સ્ત્રી દુઃખથી ન ગભરાવા પતિને ધીરજ આપે છે, તેને દુઃખમાંથી બચાવવા મદદ કરે છે, અને ઉત્સાહ આપી ભવિષ્યમાં સુખી બનાવી શકે છે. પતિને સંકટ વખતે પોતાનાં ઘરેણાં પણ અર્પી દે છે. જો પતિને સુખ થતું હોય છે તો તે પોતાનું સર્વસ્વ અર્પણ કરવાને ચૂકતી નથી. પૂર્વે મંદોદરી નામની સતી થઈ ગઇ છે તેણે પોતાના પતિ રાવણને કુમાર્ગે જતાં ઘણીજ શીખામણ આપી હતી.

મંદોદરી—રાવણ.

મંદોદરી એ રાવણની સ્ત્રી હતી. તે મય નામે દાનવની પુત્રી હતી. તે રૂપ અને ગુણમાં સર્વોત્તમ હતી. પતિસેવા કરવામાં પ્રીતિવાળી હતી. તેણે નાનપણમાં વ્યવહારીક ઉપરાંત ધાર્મિક જ્ઞાન પણ મેળવ્યું હતું. રાવણ લંકામાં રાજ્ય કરતો હતો. તે પોતાની સત્તાના બળે અહંકારી થઇ ગયો હતો. ક્રોધી પણ તેવોજ હતો, છતાં મંદોદરીએ તેને સ્નેહથી વશ કરી લીધો હતો. મંદોદરીમાં તેની પ્રીતિ હતી, છતાં પરસ્ત્રી ભોગવવાની ઇચ્છા તેને રહ્યાં કરતી. તેણે જ્યારથી સ્વયંવરમાં સીતાજીને જોયાં ત્યારથી તેમને મેળવવાનો નિશ્ચય કર્યો હતો. મંદોદરી રાવણની વાત જાણી ગઇ હતી. તેણે રાવણને પરસ્ત્રી સામે કુદૃષ્ટિ ન કરવા ઘણો સમજાવ્યો પણ કામી રાવણ સમજ્યો નહિ અને સીતાનું હરણ કર્યું. તે જોઇ તેની સતી સ્ત્રી મંદોદરીએ કહ્યું કે: "તમે બળવાન રાજા છો. તમારે પરસ્ત્રીને મા—બેન સમાન ગણવી જોઇએ. પરસ્ત્રીના શિયળનો ભંગ કરવો, સતીને દુઃખ આપવું એ ઘણુંજ અનિષ્ટ કર્તા છે. જેમ ઝેર પીને જીવી શકાતું નથી. ગળે પત્થર બાંધીને તરી શકાતું નથી તેમ પરસ્ત્રીની ઇચ્છા કરનાર માણસ સુખી થતો નથી. માટે સીતાને પાછી સોંપો, નહિ તો મહા અનર્થ થશે. આમ છતાં રાવણે માન્યું નહિ.

પતિવ્રતા સ્ત્રી પરસ્ત્રીની લાજ જવા વખતે મદદ કર્યા વગર રહેતી નથી. મંદોદરી પણ ઘણીવાર સીતાજી પાસે જતી અને તેને ધીરજ આપતી. સીતાજી તેને જ્ઞાન આપતાં. સીતાજીના સહવાસથી તેને તેમના ખરા સ્વરૂપનું જ્ઞાન થયું એટલે મંદોદરીએ તેમને પગે લાગી કહ્યું કે: "માજી તમે શક્તિનું રૂપ છો એમ મને જણાયું. તમારા સમાગમથી મને આપના સત્ય સ્વરૂપનું જ્ઞાન થયું છે." આ પછી મંદોદરીએ રાવણને કહ્યું કે: "હે વ્હાલા! સીતાજીને પાછી સોંપો, હઠ છોડી દો. તે મનુષ્ય નથી પણ દેવી છે. તેમનો કોપ થશે તો મહા અનર્થ થશે. માટે સતીને રામ પાસે મોકલો અને બચવું હોય તો માફી માગો. પરસ્ત્રીની ઇચ્છા રાખનાર કોઇ પણ પુરુષનો નાશ થયા વગર રહેતો નથી, માટે માનો અને થતા અન-

થી બચો.' આમ છતાં પણ અહંકારી રાવણે માન્યું નહિ, અને કહ્યું કે: "હું રામને જીતીશ પણ સીતાને સોંપનાર નથી." આથી મંદોદરી નિરાશ થઇ અને મનમાં ખેદ કરવા લાગી.

જ્યારે રામ સીતાની શોધે લંકામાં આવ્યા અને રાવણ સાથે યુદ્ધનો આરંભ થયો ત્યારે રાવણના ભાઇ વિભિષણે પણ તેને ઘણો ઉપદેશ આપ્યો. પણ રાવણે કાંઇ માન્યું નહિ. મંદોદરીને ઇન્દ્રજીત નામે એક બળવાન પુત્ર હતો. મંદોદરીના શિક્ષણથી નાનપણથી જ નિર્ભય અને બહાદુર નીવડયો હતો. રાવણે કોઇનું ન માન્યું. વિભીષણ ઉપર ગુસ્સે થઇ તેને દેશપાર કર્યો જેથી તે રામ પાસે ગયો. મંદોદરી ઘરમાં ખેદ કરતી ચિંતા કરવા લાગી. યુદ્ધમાં રાવણનું ઘણું સૈન્ય, પોતાનો ભાઈ કુંભકર્ણ અને પુત્ર ઇન્દ્રજીત મરાયા. છેવટે રાવણ પોતે લડવા તૈયાર થયો, તે વખતે પણ સતી મંદોદરીએ તેને ઘણો સમજાવ્યો. અને સીતાને સોંપી આવવા વિનંતિ કરી, સતીને ત્રાસ ન દેવા વિનવ્યો પણ તેનું કહ્યું ન માન્યું અને લડાઇમાં રામને હાથે મૃત્યુ પામ્યો.

પરસ્ત્રીના ઉપર કુદૃષ્ટિ કરનાર ભાગ્યે જ બચે છે. સતી સ્ત્રીનો શાપ લાગ્યા વગર રહેતો નથી. દુષ્ટ અને લંપટ પુરુષો પરસ્ત્રી સાથે વ્યભિચાર કરવા લલચાય છે પણ જાણતા નથી કે તે ઝેરને હાથે કરી પીવા જેવું છે. રાવણ જેવો મહાબળવાન રાજા પણ સીતા ઉપર કુદૃષ્ટિ કરી તો નાશ પામ્યો. પુત્ર, ભાઇ, કુટુંબ અને રાજ્ય સર્વ પાયમાલ થઇ ગયું. પતિનું મૃત્યુ થયું જાણી મંદોદરી રડતી કકળતી સતી થવા માટે જ્યાં રાવણનું શબ પડયું હતું ત્યાં ગઈ. આ વખતે રામે તેની પાસે જઇ કહ્યું કે: "સતિ, શા માટે રડો છો? આ જગત્ નાશવંત છે, કાળે કરીને સર્વ જાય છે જ. સર્વ પોતપોતાના કર્મ પ્રમાણે ફળ ભોગવે છે. રાવણ જેવાને ત્યાં પણ તમે સતી ધર્મ પાળી તેની એક ચિત્તે સેવા કરી છે. તમે તમારો ધર્મ બજાવ્યો છે. તમારા પતિને ધર્મ અને નીતિનો ઉપદેશ આપી આ દુષ્ટ કર્મ ન કરવા વિનવ્યો હતો. માટે શાન્ત થાવ, તમારી ગણત્રી મહા સતીઓમાં થશે.

સતીએ તેમનાં દર્શન કર્યાં, અને રાવણની ઉત્તરક્રિયા કરી. રાવણ જેવા મહાક્રોધી, અહંકારી અને પરસ્ત્રીગમન કરવાની ઇચ્છા રાખનારા પતિની પણ મંદોદરીએ એકચિત્તે પતિસેવા કરી

તેનો સ્નેહ મેળવ્યો હતો. પોતાના પુત્ર ઇન્દ્રજીતને નાનપણથી જ ઉચ્ચ કેળવણી આપી સમર્થ અને બળવાન બનાવવામાં તેણે કચાસ રાખી નહોતી. પતિ તેના ઉપર ગુસ્સે થતાં પણ તેણે પતિના ઉપર રોષ કર્યો નહોતો. તેણે પતિની સેવા કરી, પતિને સન્માર્ગે વાળવા ઘણી મહેનત કરી હતી. જેથી આજે તે મહાસતીઓમાં ગણાય છે. ઇન્દ્રજીતની સ્ત્રી સુલોચના પણ સતી થઇ ગઇ છે. તેની સાથે પણ મંદોદરીએ પુત્રી જેવો સ્નેહ રાખ્યો હતો.

સુલોચના—ઈન્દ્રજીત.

રાવણના પુત્ર ઇન્દ્રજીતની સ્ત્રીનું નામ સુલોચના હતું. તે શેષ નાગની પુત્રી હતી. તેનો સ્વભાવ શાંત, સ્નેહાળ અને દયાળુ હતો. રાવણ અને ઈન્દ્રજીત પોતાના રાક્ષસી સ્વભાવ પ્રમાણે ક્રુર કર્મો કરતાં ડરતા નહોતા તે વખતે મંદોદરી અને સુલોચનાને દયા ઉત્પન્ન થતી. તે પોતાના પતિની સેવા કરવામાં, તેને રાજી રાખવામાં કુશળ હતાં. પોતાનો પતિ ગમે તેવો હોવા છતાં પણ તેમના ઉપર તેનો અત્યંત સ્નેહ હતો. પતિને સુધારવા તે ઘણીવાર ઉપદેશ આપતી. જ્યારે રાવણે સીતાનું હરણ કરીને તેમને લંકામાં આણ્યાં ત્યારે સુલોચનાને ઘણું દુઃખ થયું. તેણે પોતાના પતિને કહ્યું કે: “ પ્રિય ! પરસ્ત્રીની સામે કુદ્દષ્ટિ કરવાથી નાશ થાય છે. જેવી હું તમને વ્હાલી છું, અને મારી સામે કોઇ કુદ્દષ્ટિ કરે તો મને અને તમને કેવું થાય ? તેવું બીજાને પણ થાય.” આ વાત ઇન્દ્રજીત સમજતો પણ રાવણ જેવા ક્રોધી પિતા પાસે કાંઇ કહી શકતો નહિ. રામ અને રાવણના યુદ્ધ વખતે પિતાની આજ્ઞાનું પાલન કરવા તે લડવા ગયો. રામચન્દ્રજીના ભાઈ લક્ષ્મણની સાથે તેને ઘોર યુદ્ધ થયું. તેમાં તે મરાયો અને તેનો હાથ ઉડીને સુલોચના પાસે પડયો. સુલોચના પોતાના પતિનો હાથ જોઇ દુઃખથી મુર્ચ્છિત થઈ પડી. જાગ્રત થતાં તે અત્યંત વિલાપ કરવા લાગી. તે હાથમાં તેણે કલમ અને કાગળ આપ્યો. તે હાથે પોતાના મૃત્યુનું અને મસ્તક રામચન્દ્રજી પાસે છે તે લખી જણાવ્યું. શોક અને દુઃખથી વ્યાકુળ થઈ તે પોતાના પતિનો હાથ લઈ સતી થવા માટે પતિનું મસ્તક લેવા રામચન્દ્રજી પાસે ગઈ.

સુલોચનાએ ત્યાં આવી મસ્તક માગ્યું ત્યારે વાનરોએ કહ્યું કે: 'માથું હસે તો આપીએ.' આ સાંભળી સતી વિલાપ કરવા લાગી અને કહ્યું કે: 'જો મારા પિતા અહિં હોત તો આમ થવા ન પામત.'

આ સાંભળી માથું હસ્યું. કારણ કે મૂવા પછી ઈન્દ્રજીતે જાણ્યું કે જેને માટે તું કહે છે તે તારા પિતા શેષ નાગના અવતાર લક્ષ્મણે જ મને માર્યો છે. તે પછી સુલોચના પોતાના પતિનું મસ્તક ખોળામાં મૂકી ચિતા ખડકાવી સતી થઈ. પતિ ગમે તેવા સ્વભાવનો હોય છતાં પણ સતી સ્ત્રીએ તો સુલોચનાની માફક પતિ ઉપર સ્નેહ રાખી તેમની આજ્ઞાનું પાલન કરી સેવા કરવી જોઈએ.

કુન્તાજી—પાંડુ.

પૂર્વે શૂર નામના જાદવને ત્યાં કુન્તાજીનો જન્મ થયો હતો. તે શૂર રાજાએ પોતાની ફોઈના પુત્ર કુન્તી ભોજને કહેલું કે: જો મને પુત્રી થશે તો હું તમને આપીશ.' તે વચન પ્રમાણે પોતાની કન્યા પૃથાને તેમણે કુન્તીભોજને આપી. તેમનું નામ પહેલાં પૃથા હતું. પણ કુન્તીભોજને ત્યાં આવ્યા પછી તેમનું નામ કુન્તા પડયું. તે પોતાના બાપને ત્યાં અતિથિ બ્રાહ્મણોના સત્કારનું કામ કરતી. કુન્તા ડાહી, વિવેકી, ભણેલી અને રૂપાળી હતી. નાનપણમાં તેને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવ્યું હતું.

એક વખતે દુર્વાસા મુનિ કુન્તીભોજને ત્યાં આવ્યા. તેમની સારી રીતે સેવા કરવાથી કુન્તા ઉપર મુનિ પ્રસન્ન થયા અને કહ્યું કે: પુત્રી "હું તારા ઉપર ખુશી થયો છું. આ મંત્ર હું તને શિખવાડું છું તે મંત્ર જપી તું જે દેવનું આવાહન કરીશ તે તારી પાસે આવશે, અને તને પુત્ર આપશે." પછી મુનિ વિદાય થયા. સ્ત્રીઓનો સ્વભાવ કુતુહલવાળો હોય છે તેથી કુન્તાએ કુંવારી અવસ્થામાં જ તે મંત્ર સાચો છે કે જુઠો તેની પરીક્ષા કરવા સારૂ મંત્ર જપીને સૂર્યદેવનું આવાહન કર્યું. તરત જ સૂર્ય દેવ આવતા જણાયા. તેમના તેજથી કુન્તા અંજાઈ ગયાં અને આશ્ચર્ય પામ્યાં. સૂર્યે આવી કહ્યું કે: "હે સ્ત્રી! મને કેમ બોલાવ્યો છે તે કહે!" આ સાંભળી કુન્તાએ કહ્યું કે: "મેં તો મુનિએ આપેલા મંત્રની પરીક્ષા કરવા સારૂ આપનું આવાહન કર્યું છે માટે માફ કરો."

આથી સૂર્યે કહ્યું કે: "હું આવેલો તો હવે પાછો ન જઉં. મારાથી તને એક પુત્ર થવો જોઇએ." કુન્તાએ પોતે કુંવારી છે અને પુત્ર થાય તો મારી ફજેતી થાય, માટે ના પાડી; પણ સૂર્યે કહ્યું કે: "તને મારાથી પુત્ર થશે છતાં તું કુંવારી જ ગણાઇશ." આ પછી સૂર્ય તેને પુત્ર આપી વિદાય થયા. આ પુત્રનું નામ કર્ણ પાડયું અને તેને પેટીમાં મૂકી નદીમાં તરતો મૂકી દીધો.

પુત્ર થવા છતાં પણ કુન્તાની કન્યાવસ્થા કાયમ રહી. તે પછી તેને ઉમરે આવેલી જોઇ કુન્તીભોજ રાજાએ સ્વયંવર રચ્યો. તેમાં પાંડુ રાજાનું રૂપ જોઇ તેમને કુન્તાએ વરમાળ આરોપી, અને કુન્તાનું લગ્ન પાંડુરાજા સાથે થયું. પાંડુરાજા કુન્તાને લઈ હસ્તિનાપુર આવ્યા. કેટલાક સમયે રાજાએ ફરી માદ્રી સાથે લગ્ન કર્યું. તે બંને સ્ત્રીઓ સાથે આનંદ ભોગવવા લાગ્યા. કુન્તા પોતાની શૉકય માદ્રી સાથે સગીબ્હેન જેટલું હેત રાખતી. આજકાલ જેમ બે શોકયોને પરસ્પર બનતું નથી ને કલેશ કર્યા કરે છે તેમ કુન્તી કરતી નહિ.

એક વખતે પાંડુ રાજા વનમાં મૃગયા રમવા માટે સ્ત્રીઓને લઇને ગયા હતા ત્યાં એક મૃગ અને મૃગલી કામ તૃપ્તિ કરતાં આનંદ ભોગવતાં હતાં તેમના ઉપર બાણ માર્યું. આ મૃગ એ મહામુનિ હતો અને જેણે મૃગનો વેષ લીધો હતો. તેણે મરતાં મરતાં શાપ આપ્યો કે: "હે રાજા, તેં મને મારી સ્ત્રી સાથે રતિક્રિડા કરતાં બાણ મારી મારા આનંદમાં ભંગાણ પાડયું, તેથી તું પણ તારી સ્ત્રી સાથે રતિક્રિડા કરતાં મરણ પામીશ." આથી પાંડુરાજાને ઘણો ખેદ થયો તેથી તેમણે વનમાં રહેવાનો નિશ્ચય કર્યો. તેમની સાથે કુન્તા અને માદ્રી પણ તૈયાર થયાં.

એક વખતે બ્રાહ્મણો બ્રહ્મલોકમાં જવા તૈયાર થયા ત્યારે રાજા પણ પોતાની સ્ત્રીઓ સાથે તેમની સાથે જવા તૈયાર થયો. ત્યારે ઋષિઓએ કહ્યું કે: "હે રાજા, જે માણસ, દેવ, ઋષિ, પિતૃ અને મનુષ્ય ઋણમાંથી મુક્ત હોય તેજ બ્રહ્મલોકમાં આવી શકે છે." આ સાંભળી રાજાને ખેદ થયો. કારણકે તેમને પુત્ર નહોતો અને પિતૃઋણમાંથી મુક્ત થયા નહોતા. વળી સ્ત્રી સાથે રતિક્રિયા કરતાં મરણ થવાનો શાપ હતો, તેથી ઘણી ચિંતા કરવા લાગ્યા.

આ પછી તેમણે કુન્તાને પોતાની વાત કરી પુત્ર ન હોવાથી દિલગીરી જણાવી. કુન્તા બધું જાણતાં હતાં તેથી પતિને શાંત્વન આપતાં. તેમણે પોતાને દુર્વાસા મુનિએ આપેલા વરદાનની વાત કરી. અને કહ્યું કેઃ "જો આપ કહો તો હું તે મંત્રનો ઉપયોગ કરૂં." પાંડુએ તે સાંભળી કુન્તાને પુત્ર મેળવવાની આજ્ઞા કરી જેથી કુન્તાએ ધર્મ, વાયુ અને ઇન્દ્રદેવતાનું આવાહન કરી તેમનાથી ધર્મરાજા, ભીમ, અને અર્જુન એ ત્રણ પુત્રોને ઉત્પન્ન કર્યા. પછી પાંડુએ માદ્રિને પણ પુત્ર થાય તો સારૂં તેવી ઇચ્છા કરી જેથી તેણે અશ્વિનિકુમારનો મંત્ર પોતાની શૌક્ય માદ્રીને આપ્યો અને તેણે પણ નકુળ અને સહદેવને ઉત્પન્ન કર્યા. આ પ્રમાણે પાંચ પુત્રો થયા.

પાંડુ રાજા એક વખતે વસંતઋતુમાં કામ ઉત્પન્ન થતાં એકાંત હોવાથી માદ્રી સાથે સંગ કરવા ગયા. માદ્રીએ પતિને ઘણુંજ વાર્યા પણ ન માન્યું અને ઋષિના શાપથી તરતજ મૃત્યુ પામ્યા. માદ્રીએ તે પછી રડવા માંડયું તેથી કુન્તા પુત્રો સાથે ત્યાં આવ્યાં. તેમણે પતિને મરેલા જોઇ ઘણો વિલાપ કર્યો. પુત્રો માદ્રીને સોંપી પતિ સાથે સતી થવાને તે તૈયાર થયાં પણ માદ્રીએ કુન્તાને કહ્યું કે પુત્રોને તમે સંભાળો હુંજ સતી થઇશ એવો આગ્રહ કર્યો. આથી માદ્રી સતી થઇ અને કુન્તા પુત્રોને લઇને હસ્તિનાપુરમાં ગયાં. ત્યાં પાંડુના પાંચ પુત્રો પાંડવો કહેવાયા. તે ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો સાથે રહેવા લાગ્યા.

પાંડવોમાં ભીમ બળવાન અને અર્જુન અસ્ત્રશસ્ત્રમાં સર્વથી ચઢીયાતો હતો તેથી કૌરવો તેમનો દ્વેષ કરવા લાગ્યા. કુન્તાએ પોતાના પાંચે પુત્રોને વ્યાવહારિક અને પારમાર્થિક કેળવણી ઉચ્ચ પ્રકારની આપી. તે બળવાન થાય, રાજ્ય ચલાવવાને યોગ્ય શરીર અને હિંમતવાળા થાય તેવું શિક્ષણ આપ્યું. કૌરવોએ બળવાન ભીમને મારી નાંખવા ઉજાણીમાં ઝેરના લાડુ ખવરાવી ગંગામાં ફેંકી દીધો છતાં પણ તે ન મર્યો અને પાતાળમાં નાગકન્યાને પરણી જીવતો થઇ પાછો આવ્યો, ત્યારે સર્વ પાંડવોને વારણાવત નગરમાં મોકલી પુરોચન પાસે લાખામહેલ બંધાવી તેમાં બાળી નાંખવાનો વિચાર કર્યો. તેમાંથી પણ વિદુરની સલાહથી તે જીવતા બચ્યા અને કુન્તાજી સાથે પાંચે ભાઇ બ્રાહ્મણનો વેશ લઇને ચક્રનગરમાં રહ્યા.

કૌરવોએ તો તે બળી મુવા છે એમ સમજી ઉત્તરક્રિયા પણ

કરી. પાંડવોએ જે ગામમાં મુકામ કર્યો હતો તે ગામમાં બક-રાક્ષસને રોજ એક માણસનો ભોગ આપવો પડતો. એક વખતે જેને ઘેર પાંડવોનો મુકામ હતો તે બ્રાહ્મણનો વારો આવ્યો તેથી તે, તથા તેનાં સ્ત્રી છોકરાં રડવા લાગ્યાં. તે જોઇ કુન્તાને દયા આવી તેથી તેણે બ્રાહ્મણને ધીરજ આપી અને તેને બદલે પોતાના પુત્ર ભીમને બકરાક્ષસ પાસે મોકલ્યો. ભીમે તે રાક્ષસને મારી નાખ્યો અને આખા ગામ ઉપર ઉપકાર કર્યો. ત્યારપછી કેટલેક વખતે દ્રૌપદીના સ્વયંવરની વાત પાંડવોએ જાણી તેથી તે પણ સ્વયંવરમાં ગયા અને અર્જુને મચ્છવેધ કરી દ્રૌપદીને જીત્યા. તેને લઇ ઉતારે ગયા અને કુન્તાને કહ્યું કેઃ "મા, મા, ભિક્ષા લાવ્યા," તેથી કુન્તાએ કહ્યું કે "બધા સરખે ભાગે વહેંચી લ્યો." તે સાંભળી માનું વચન પાળવા વ્યાસ મુનિની આજ્ઞાનુસાર પાંચે ભાઇઓ દ્રૌપદીને વર્યા.

પાંડવો તે પછી કુન્તામાતા સહિત દ્રૌપદીને લઇ હસ્તિનાપુર ગયા અને રાજ્યમાં ભાગ મેળવી ઇન્દ્રપ્રસ્થનગર વસાવી ત્યાં રહી રાજ્ય કરવા લાગ્યા. છતાં પણ કૌરવો ન ઝંપ્યા. તેમની સાથે જુ-ગાર રમી તેમને વનમાં કહાડયા. પાંડવો સાથે સતી દ્રૌપદી પણ વનમાં જવા તૈયાર થયાં ત્યારે કુન્તાએ તેમને દુઃખી થતાં વનમાં જવાની રજા આપી. તેમણે સતી દ્રૌપદીને વનમાં પતિની સાથે રહી પતિસેવા કરવા, શીયળ સાચવવા અને દુઃખમાં ન ગભરાવા હિત-વચન કહ્યાં. પાંડવો વનમાં બાર વર્ષ રહ્યા અને તેરમે વર્ષે વૈરાટ નગ-રમાં ગુપ્ત રહ્યા. પછી પાછા આવી રાજ્ય માગ્યું પણ કૌરવોએ ન આપ્યું જેથી પાંડવોએ કૌરવો સામે યુદ્ધ કર્યું.

કુન્તાનો પ્રથમ પુત્ર કર્ણ કે જેને તેણે પેટીમાં પૂરી નદીમાં મૂકી દીધો હતો તેને એક સારથીએ ઉછેરી મોટો કર્યો હતો. તે મહાસમર્થ અને બળવાન હતો તેથી દુર્યોધને તેની મૈત્રી કરી હતી. કર્ણ યુદ્ધ વખતે કૌરવાના પક્ષમાં હતો જેથી તે એક વખતે સૂર્યની ઉપાસના કરતો હતો તે વખતે કુન્તા તેની પાસે ગયાં અને કહ્યું કેઃ "હે કર્ણ! તું મને ઓળખે છે? તું મારો મોટો પુત્ર છે. તને જન્મ આપનાર માતા હું છું, માટે તારે તારા ભાઇ પાંડવોની સહાય કરવી જોઇએ." આ સાંભળી કર્ણે કહ્યુંઃ "ગમે તેમ હો છતાં પણ મેં જન્મથી કૌરવોનું લુણ ખાધું છે તેથી તે અત્યારે

હરામ કરનાર નથી. તમે મારી માતા છો તેથી હું યુદ્ધમાં અર્જુન સિવાય બીજાની સાથે યુદ્ધ કરીશ નહિ. મારીશ તો અર્જુનને મારીશ. " આ સાંભળી કુન્તાજી તેનું કલ્યાણ ઇચ્છી પાછાં વળ્યાં.

યુદ્ધમાં કૌરવો મરાયા અને યુધિષ્ટરને રાજ્યાભિષેક કર્યો. ધૃતરાષ્ટ પુત્રો મરાયાથી શોક કરવા લાગ્યા. પછી તે પાંડવોને પુત્રો સમજી રહેવા લાગ્યા. છેવટે ધૃતરાષ્ટ અને ગાંધારી વનમાં જવા તૈયાર થયાં. તેમની સાથે કુન્તાજી પણ વનમાં જઇ જેઠ જેઠાણીની સેવા કરી તપ કરવા માટે જવા તૈયાર થયાં. પુત્રોએ માતાના વિયોગ થવાના દુ:ખે તેમને વનમાં ન જવા વિનંતિ કરી. છતાં કુંતાજીએ પુત્રોને શાંત પમાડયા અને પોતે ધૃતરાષ્ટ સાથે વ્યાસ આશ્રમમાં જઈ રહ્યાં.

માતાના જવાથી બળવાન પાંડવો ખેદ કરવા લાગ્યા. કુન્તાએ આ પ્રમાણે પતિસેવા કરી, પતિની આજ્ઞાનું પાલન કર્યું અને પતિનું મરણ થતાં વૈધવ્ય પાળી હિંમત હારી ન જતાં પોતાના પુત્રોને યોગ્ય શિક્ષણ આપ્યું. સ્ત્રીઓને માથે બાળકોને કેળવણી આપવાની કાંઇ ઓછી જવાબદારી નથી.

માદ્રી.

માદ્રી પણ પતિવ્રતા હતી. તેણે પણ પતિસેવા કરવામાં કચાસ રાખી નહોતી. પોતાની શૉક્ય કુન્તા સાથે પણ તે સ્નેહથી વર્તતી. તેને કુન્તાએ અશ્વિનિકુમારોનો મંત્ર આપ્યો હતો તેથી બે પુત્રો સહદેવ અને નીકુળ થયા હતા. પતિ સાથે તે પણ વનમાં ગઇ હતી. પોતે રૂપવાન હતી. તેથી વસન્ત ઋતુમાં પાંડુરાજા શાપ હોવા છતાં પણ તેની સાથે કામ ક્રિડા કરવા તૈયાર થયો. તે વખતે તેણે પોતાના પતિને ઘણું ઘણું સમજાવ્યા અને ના પાડી છતાં પણ તેમણે ન માન્યું અને શાપથી મરણ પામ્યા. કુન્તા પોતાના પતિ સાથે સતી થવા તૈયાર થયાં તે વખતે પોતાની પતિ ઉપરની અત્યંત પ્રીતિ હોવાને લીધે કુન્તાને સતી થવાનું ના કહ્યું અને પોતે પોતાના પતિ સાથે સતી થઇ. તેનો પ્રેમ પોતાના પતિ ઉપર અત્યંત હતો, અને તેથી જ તે પતિનો વિયોગ સહન કરી ન શકી.

પૂર્વે તેવી રીતે અદિતિ નામનાં સતી થઇ ગયાં છે.

દિતી—અદિતી—ઋષિ કશ્યપ.

અદિતી એ કશ્યપ ઋષિનાં પત્ની હતાં અને દક્ષ પ્રજાપતિનાં પુત્રી હતાં. નાનપણમાંથીજ તેમને ધર્મનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. પરણી સાસરે આવી પતિસેવા કરી, પતિની આજ્ઞાનું પાલન કરી તથા પતિની સાથે ધાર્મિક તથા વ્યાવહારિક કાર્યોમાં ભાગ લઈ પતિના સ્નેહને જીતી લીધો હતો. દિતી પણ દક્ષ પ્રજાપતિનાં પુત્રી હતાં. દિતી અને અદિતી બંને બેનોને કશ્યપ વેરે પરણાવ્યાં હતાં· દિતીના પુત્રો રાક્ષસો થયા અને અદિતીના પુત્રો દેવો થયા. દૈત્યો અને દેવો સાથે હંમેશાં યુદ્ધ થયા કરતું. સ્વર્ગનું રાજ્ય દેવોને મળ્યું હતું તે લેવા દૈત્યો હંમેશાં યુદ્ધ કરતા. તેમણે દેવોને જીતીને સ્વર્ગનું રાજ્ય લીધું. આથી અદિતીનું શરીર ચિંતાથી સુકાવા માંડયું. કશ્યપ ઋષિ સમાધીમાંથી ઉઠયા, તે વખતે પોતાની પત્નીને ઉદાસ જોઇ પૂછયું કે: “ વ્હાલી ! તું આજે ઉદાસ કેમ છે ? ” ત્યારે અદિતીએ કહ્યું કે: દિતીના પુત્રો દૈત્યોએ મારા પુત્રોનું રાજ્ય લઇ લીધું છે માટે ઉદાસ છું. માટે આપ તેમને રાજ્ય મળે તેમ કરો.” તેથી કશ્યપમુનિએ કહ્યું કે: “ હે પ્રિયે ! તેં ઘણી રીતે મારી સેવા કરી પતિસેવાનો ધર્મ બજાવ્યો છે. તું ફાગણ મહિનામાં શુદ ૧ થી બારસ સુધી કેવળ દુધ પીને વિષ્ણુ ભગવાનનું પુજન કરજે, અગ્નિમાં રોજ હોમ કરજે, બ્રહ્મચર્ય પાળી, મૌનવ્રતનું સેવન કરજે, ક્રોધ કરતી નહિ. બ્રાહ્મણોને ભોજન આપી તેરમે દિવસે પારણું કરજે. આ વ્રતનું નામ પયોવ્રત છે તે કરવાથી તને શૂરવીર પુત્ર ઉત્પન્ન થશે.”

આ પ્રમાણે અદિતીએ વ્રત કર્યું તેથી તેમને પેટે ઉપેંદ્ર નામના ભગવાને અવતાર લીધો, તેમણે વામનરૂપ ધરીને બલીરાજા પાસેથી ત્રણ પગલાં પૃથ્વી માગી અને તે ત્રણે પગલાંમાં ત્રણે લોક જીતી લીધા, અને દૈત્યોએ લઇ લીધેલું સ્વર્ગનું રાજ્ય દેવોને અપાવ્યું. આ પ્રમાણે પતિસેવા કરીને અદિતીએ પરાક્રમી પુત્ર પેદા કરીને પોતાના બીજા પુત્રો દેવોના દુઃખને ટાળ્યું.

રેવતી—બળદેવ.

રેવતી એ પૂર્વે થઈ ગયેલા શ્રીકૃષ્ણ ભગવાનના ભાઈ બલદેવનાં પત્ની હતાં. તે રૂપાળાં હતાં તેમ ગુણો પણ તેમનામાં ઘણા હતા. તે રૈવતદેશના રાજા ઈંદ્રદ્યુમ્નનાં પુત્રી હતાં. લગ્ન પછી સાસરે આવી રેવતીએ પોતાના પતિની સેવા કરવામાં કચાસ રાખી નહોતી, તેમને તેમણે પોતાના સ્નેહથી જીતી લીધા હતા. બંનેનાં શરીર જુદાં હતાં પણ મન અને આત્મા એકરૂપ થઈ રહ્યો હતો. તેમના નામનો કુંડ દ્વારિકામાં છે. તેમાં લોકો સ્નાન કરી પોતાને પવિત્ર થયા માને છે. તેમણે પતિવ્રતા ધર્મ પાળી પતિની પ્રીતિ સંપાદન કરી હતી.

રૂક્મિણી—શ્રીકૃષ્ણ.

રૂક્મિણી એ વિદર્ભદેશના રાજા ભીમકનાં પુત્રી હતાં. તેમના ભાઈનું નામ રૂક્મિ હતું. રૂક્મિણીને નાનપણમાં તેનાં માબાપે સારૂ શિક્ષણ આપ્યું હતું. તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનાં પરાક્રમોની વાતો સાંભળી ત્યારથી તેમનું મન શ્રીકૃષ્ણ ઉપર ચોટયું હતું. તેનો ભાઈ તેની વાત જાણી દિલગીર થયો. તે શિશુપાળ અને કંસનો મિત્ર હતો તેથી પોતાની બેન રૂક્મિણીની ઈચ્છા ન છતાં પણ તેણે તેનું સગપણ શિશુપાળ સાથે કર્યું હતું. લગ્નનું મુહૂર્ત નક્કી કરી રૂકિમએ કંકોત્રીઓ લખી. રાજ્યમાં ધામધુમ થવા માંડી. છતાં પણ રૂક્મિણીને સંતાપ થતો હતો. તેનો વિચાર તો કૃષ્ણને વરવાનો જ હતો.

રૂક્મિણીએ એક પત્ર લખી પોતાના ઘરના એક વિશ્વાસુ બ્રાહ્મણ સાથે શ્રીકૃષ્ણને મોકલ્યો. શ્રીકૃષ્ણ રૂક્મિણીનો પ્રેમ પોતાના ઉપર છે તે વાત ઘણા વખતથી જાણતા હતા. રૂક્મિણીનો પત્ર વાંચી શ્રીકૃષ્ણે ત્યાં જવાનો નિશ્ચય કર્યો. તે તરત રથ જોડાવી વિદર્ભદેશમાં ગયા. ત્યાં રૂક્મિણીને શિશુપાળ સાથે પરણાવવાની ધામધુમ ચાલતી હતી. રૂક્મિણીના મનમાં ખેદ થતો હતો, તે શ્રીકૃષ્ણની વાટ જોતી હતી. તેવામાં પેલા બ્રાહ્મણે આવીને કહ્યું કે:

"શ્રીકૃષ્ણ આવ્યા છે અને તમને પરણવા પોતાની ખુશી બતાવી છે!" આ સાંભળી તે ખુશી થઇ.

લગ્ન થતા પહેલાં રૂક્મિણીને દેવીની પૂજા કરવા લઇ ગયા. ત્યાં પૂજા કરીને જેવા બહાર નીકળી કે તરત જ કૃષ્ણે તેને ઉંચકી લઇ રથમાં બેસાડી, રથને હાંકી મૂકયો. કન્યાનું હરણ થએલું જોઇ સર્વ રાજાઓ પાછળ પડયા. તેમને કૃષ્ણે કહ્યું કેઃ 'રૂક્મિણીની સાથે લગ્ન કરવાનો હું માટે હરણ કરી જઉં છું.' પછી રૂક્મિણી તથા શિશુપાળ સૈન્ય લઇ પાછળ લડવા માટે દોડયા. શ્રીકૃષ્ણે તેમને આવતા જોઈ રથ ઉભો રાખ્યો અને તેમની સાથે યુદ્ધ કર્યું તેમાં શત્રુપક્ષના ઘણા માણસો માર્યા ગયા. રૂકમને જીવતો પકડયો. તેને મારવા જતા હતા પણ રૂક્મિણીએ ન મારવા વિનંતિ કરવાથી તેને જીવતો છોડી દીધો.

પછી શ્રીકૃષ્ણે રૂક્મિણી સાથે લગ્ન કર્યું. તેઓ એક બીજાને પ્રથમથી જ ચ્હાતાં હતાં તેથી લગ્ન થયા પછી પણ પરસ્પર પ્રેમથી આનંદ માનતાં. રૂક્મિણી રાજનીતિમાં તેમ જ ધર્મનીતિમાં કુશળ હતી. પતિસેવા કરવામાં તેમ જ પતિને રાજકાર્યમાં પણ સહાય આપવામાં તે કુશળ હતી. શ્રીકૃષ્ણની સેવા કરવી અને તેમની આજ્ઞાનું પાલન કરી તેમને પ્રસન્ન રાખવામાં જ રૂક્મિણીજી પોતાનું મહાભાગ્ય સમજતાં.

તારા–વાલી.

તારા એ મહા સતીઓમાંની એક સતી ગણાય છે. તે સુષેણ નામના રાજાની પુત્રી હતાં. તેમને નાનપણમાં સારી કેળવણી આપી હતી. તેમનું લગ્ન કિષ્કિંધાના રાજા વાલી સાથે થયું હતું. વાલી મહાબળવાન અને બુદ્ધિમાન હતો. તે ઘણીવાર પોતાના કામમાં પોતાની સ્ત્રી તારાની સલાહ લેતો. શાસ્ત્રમાં સ્ત્રીને પુરુષની મંત્રી કહેલી છે. પુરુષને ઘરકારભાર ચલાવવામાં અનેક પ્રસંગે સ્ત્રી પોતાના પતિને સલાહ આપે છે. તે ગૃહકુશળ હતી. પતિસેવા કરી પતિની મરજી સાચવવામાં જ પોતાનું શ્રેય માનતી.

બંને પતિપત્ની વચ્ચે પ્રેમ ઉત્તમ હતો. તેઓ આનંદથી રહેતાં. તારાને અંગદ નામે પુત્ર થયો હતો. તેને બાળપણમાં યોગ્ય કેળ-

વણી આપી. વિદ્વાન, બળવાન અને ડાહ્યો બનાવવામાં તારાએ ઘણી મહેનત લીધી હતી. વાલીના બીજા ભાઈનું નામ સુગ્રીવ હતું તે બંને ભાઈને બનતું નહોતું. સુગ્રીવને પોતાના દેશમાંથી વાલીએ કહાડી મૂકવાથી તે દુઃખી થયો હતો. ઘણીવાર અંદર અંદરના કંકાસથી નાશ થવાનો વખત આવે છે તેમ આ બંને ભાઈના કલહથી વાલીને માટે બન્યું.

રામ જ્યારે સીતાની શોધે નીકળ્યા ત્યારે સુગ્રીવને મળ્યા. સુગ્રીવે સીતાની શોધ કરી લાવવાની અને તેમને મેળવી આપવાની ખાત્રી આપી અને રામે વાલીને મારી કિષ્કિંધાનું રાજ્ય સુગ્રીવને આપવાનું વચન આપ્યું. તેથી સુગ્રીવે રામ, લક્ષ્મણની સાથે કિષ્કિંધા ઉપર ચઢાઈ કરી. વાલી બળવાન અને હુંપદવાળો હતો. તે પોતાના ભાઈ સાથે લડવા તૈયાર થયો. તે વખતે તારાએ પોતાના મહેલમાં રહી સુગ્રીવના સૈન્ય સામે નજર નાંખી, તેનું સૈન્ય જોઈ પોતાના પતિના વિજય માટે તેને શંકા થઈ તેથી તેણે પોતાના પતિને કહ્યું કે: "વ્હાલા! શત્રુનું સૈન્ય વધારે છે માટે ક્રોધ છોડી દો, કારણકે આ સુગ્રીવનું ગજું નથી પણ રામ અને લક્ષ્મણ બે વીર પુરુષો સીતાની શોધે નીકળ્યા છે તેમની સહાય મળી હોય એમ લાગે છે. માટે આ વખતે સલાહ કરવામાં જ સાર છે." આમ છતાં વાલીએ પોતાની પત્નીનું કહ્યું ન માન્યું અને લડવા ગયો. તેમાં રામે સુગ્રીવને આડો રાખી જોરથી બાણ મારી વાલીને માર્યો. તારા પતિ મરાયાની વાત જાણી રડતી કકળતી ત્યાં આવી અને નાસતા યોદ્ધાઓને ન નાસવા કહી રામ અને લક્ષ્મણ પાસે જઈ કહેવા લાગી કે: "હે રામ! તમે સાક્ષાત ઇશ્વરાવતાર છો એમ મેં સાંભળ્યું છે, તમે વગર અપરાધે મારા પતિનો વધ કરી મારૂં ઘણુંજ અનિષ્ટ કર્યું છે. હવે મને પણ મારી નાંખો કે હું પણ મારા પતિ સાથે જઉં." આ સાંભળી રામચન્દ્રે કહ્યું કે: "આત્મા અમર છે તે મરતો નથી, માટે શોક ન કરતાં તમે અંગદને આજ્ઞા આપો કે તે તેની ઉત્તર ક્રિયા કરે."

આ વખતે વાલી ઘાયલ થયેલો રણમાં પડયો હતો. તેના પ્રાણ જતા નહોતા, તેની દૃષ્ટિ સુગ્રીવ ઉપર પડી. ભાઈના ઉપર પ્રેમ ઉત્પન્ન થયો. તેણે કહ્યું કે:—"હે ભાઈ, હું મરતી વખતે તારી ભા-

બીના સંબંધમાં ભલામણ કરૂં છું કે, તે વ્યવહારકુશળ અને સૂક્ષ્મ વિચાર કરવામાં કુશળ છે. તે જે કહે છે તેજ પ્રમાણે થાય છે માટે તારે તેની સલાહ પ્રમાણે વર્તવું " આમ કહી તેણે પોતાના પ્રાણ છોડી દીધા.

તારા ગૃહકાર્યમાં કુશળ હતી. બુદ્ધિમાન હતી. વાલીએ તેની સલાહ ન માની તો મરણ પામ્યો. તેથી વાલીએ મરતી વખતે તેની અગમબુદ્ધિની પોતાના ભાઇને ભલામણ કરી. તારા ભણેલી, પતિસેવા કરવામાં કુશળ, રાજકાજમાં બુદ્ધિમાન અને અનુમાનથી ભવિષ્ય જાણી શકવાની શક્તિવાળી હતી. ત્યાર પછી તે પોતાના દિયેર સુગ્રીવ સાથે રહી હતી. તેનો પુત્ર અંગદ પણ મહાબળવાન અને બુદ્ધિશાળી થયો હતો. સતી સ્ત્રી પતિસેવા કરે છે, પતિને તેના કાર્યમાં યોગ્ય સલાહ નિર્ભયપણે આપે છે, પતિનું મન રાજી રાખે છે અને પોતાનાં બાળકોને ભવિષ્યમાં મહાન થાય તેવી કેળવણી આપી ઉછેરે છે.

ચન્દ્રકાંતા—" હવે કહો તો બંધ કરીએ વળી કાલે કહીશું. " સર્વેએ વખત થતાં બંધ કરવા મરજી જણાવી તેથી આગળ વાર્તા બંધ કરી. સર્વ સ્ત્રીઓ ચન્દ્રકાન્તાનો ઉપકાર માનતી પોતપોતાને ઘેર ગઇ.

અમારાં પુસ્તકો માટે જનસમૂહ શું કહે છે ?

કીંગાલી (યુગાન્ડા—આફ્રીકા) થી એચ. એમ. ખાકી લખે છે કે: આપનું ધનવાન પુસ્તક મળ્યું. આનંદ સાથે વાંચતાં તે ઘણું વખાણવા લાયક અને સર્વેને માફક આવે તેવું જણાયું. તેમાં વૈદકશાસ્ત્રનું જ્ઞાન, હુન્નરના પ્રયોગો, બીમારીના ઇલાજો, ધનવાન થવાના ઉપાયો વિગેરે રજુ કરી એક અગત્યની ખોટ દૂર કરી છે. તે માટે પ્રશંસા કર્યા વગર ચાલતું નથી. હું મારા સ્વદેશ બંધુઓને ભલામણ કરૂં છું કે એક વખત ધનવાન પુસ્તક ખરીદ કરી તેનો લાભ મેળવો.

પ્રકરણ ૯ મું.

સતી સ્ત્રીઓ કેવું જીવન ગાળી શકે.

બીજે દિવસે વખત જતાં સર્વ સ્ત્રીઓ ચન્દ્રકાન્તાને ત્યાં એકઠી થવા લાગી. ચન્દ્રકાન્તાએ સર્વને આવેલી જોઈ આગળ ચલાવ્યું. તેણે કહ્યું કે: બેનો, આપણે સતી સ્ત્રીઓના જેવું પવિત્ર જીવન ગાળવું જોઇએ. પતિને આપણા પ્રાણ સરખા ગણવા જોઇએ. તેમની ગમે તેવી સ્થિતિમાં પણ આપણે તેમને અનુકુળ રહી સહાય કરવી જોઇએ. ઘર કામમાં કુશળ થવું જોઇએ. પતિના ઉપર વિપત્તિ આવી પડે તો તે વખતે હિંમત આપવી સ્ત્રીએ પોતાનું મંત્રીપદ ઉત્તમ પ્રકારે જાળવી રાખવું. પતિ એ સ્ત્રીના આધારરૂપ છે. સ્ત્રી એ પુરુષની અર્ધાંગના ગણાય છે. તે પતિના અર્ધા અંગ તરીકે ઘરમાં રહી પતિની સેવા કરે છે. ”

સતી સ્ત્રીઓએ સારાં સારાં કપડાં અને જણસો કરતાં સદ્ગુણરૂપી અલંકારોને ધારણ કરી શોભા વધારવી જોઇએ. પુરુષ ગમે તેવો કઠોર હૃદયનો હોય છે છતાં પણ સતી સ્ત્રી તેને કોમળ અને દયાળુ બનાવી શકે છે. પતિ ચીડીયા સ્વભાવનો હોય છે છતાં પણ સતી સ્ત્રી તેની ગાળો સહન કરે છે. તેના સામી થતી નથી, ઘરમાં કંકાસ કરતી નથી, પોતાના પતિને પ્રેમથી વશ કરવા યત્ન કરે છે. તે ઘરકારભાર ઉત્તમ પ્રકારે ચલાવે છે, બાળકોને ઉછેરવા અને કેળવવામાં કાળજી રાખે છે. સંસાર વ્યવહારનાં બીજાં કાર્યોમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી પતિને મદદ કરે છે. ઉત્તમ ચારિત્ર્યવાળી માતાના પુત્રોજ ઉત્તમ થાય છે. માટે સ્ત્રીઓએ સારા ગુણોને પોતાનામાં ધારણ કરવા.

ઈલા—શક્તિ.

પૂર્વે ઈલા નામની સતી સ્ત્રી થઈ ગઈ છે તે મનુનાં પુત્રી હતાં. મનુએ પુત્રીને નાનપણમાં ધર્મશાસ્ત્ર અને ઇતિહાસની કથા વાર્તા સંભળાવી કુશળ બનાવ્યાં હતાં. ઇલા સદ્‌ગુણી અને રૂપાળાં હતાં. તેમને વસિષ્ટ ઋષિના પુત્ર શક્તિ સાથે પરણાવી હતી. ઈલાએ મન, વચન અને કર્મથી શક્તિની સારી રીતે સેવા કરી હતી.

ઇલાને પરાશર નામના પુત્ર જન્મ્યા હતા. પરાશર માતાની કેળવણીથી મહાસમર્થ જ્ઞાની થઇ ગયા. તેમણે માતાપિતાની ઉત્તમ પ્રકારે સેવા કરી હતી. પુત્રો સારા કે ખોટા નીવડવાની જવાબદારી માતાને માથે છે. તેમણે પરાશરને નાનપણમાં અનેક ધર્મની વાતો કહી હતી. તેમની કેળવણીથી પરાશર મોટા ધર્મશાસ્ત્રના બનાવનાર અને પ્રસિદ્ધ મહાપુરુષ થયા હતા. પ્રજા સારી નરસી થવામાં સ્ત્રી આધારરૂપ છે. જો સ્ત્રી કેળવાયલી હોય છે તો પ્રજાને ઉત્તમ બનાવી શકે છે.

વેદવતી.

બૃહસ્પતિના પુત્ર કુશધ્વજની પુત્રીનું નામ વેદવતી હતું. તેને નાનપણમાંથી જ વિદ્યા આપી યોગ્ય કેળવણી આપી હતી. તેનું રૂપ પણ ભલભલાને મોહ પમાડે તેવું હતું. તેની ઘણા રાજાઓએ માગણી કરી પણ તેમના માબાપે ના પાડી. તેની દૈત્યના રાજા શુંભે માગણી કરી. તેને પણ ના પાડી. શુંભે તેથી ગુસ્સે થઇ તેના પિતાને મારી નાંખ્યો જેથી તેની માતા પણ પતિ પાછળ સતી થઇ.

વેદવતી એકલી રહી, તે હિમાલય ઉપર જઇ તપ કરવા લાગી. એક વખતે રાવણ ફરતો ફરતો ત્યાં જઈ ચઢ્યો. તેણે વેદવતીને તપ કરતાં જોઇ. વેદવતી રૂપાળી હતી. વલ્કલ ધારણ કરી, જટા વધારી એકચિત્તે તપ કરતી હતી. તેને જોઇ રાવણનું મન લોભાયું.

તેણે તેની પાસે જઇ કહ્યું કે: “ હે સ્ત્રી ! તું આવી રૂપાળી છે છતાં તપ કરીને શા માટે કષ્ટ વેઠે છે ? તું તો કોઈ રાજમહેલમાં શોભે એવી છું, તને શું દુઃખ છે કે તું તપ કરી શરીર ગાળી નાંખે છે?”

આ સાંભળી વેદવતીએ તેને કહ્યું કે: “ હે રાવણ, તારા મનની વાત મેં જાણી છે, માટે તારે જવું હોય ત્યાં જા. હું પર-પુરુષ સાથે વધુ વાત કરવા ખુશી નથી. ” આ સાંભળી રાવણે કહ્યું કે: હે “સતી, તું યુવાન, રૂપવાન હોવા છતાં તપ કરે તે શોભે નહિ. હું લંકાનો રાજા છું, મારી સાથે લગ્ન કરી રાજ્યવૈભવને ભોગવી સુખી થા. ” આ સાંભળી સતી ગુસ્સે થઇ બોલી કે: “ હે દુષ્ટ બુદ્ધિવાળા, તું તારે રસ્તે ચાલ્યો જા, સતીને છેડવામાં સાર નથી. ’ આથી રાવણે ગુસ્સે થઈ તેનો ચોટલો પકડ્યો અને પોતાના વિમાનમાં બેસાડવા તાણવા લાગ્યો. વેદવતીએ પોતાનો ચોટલો કાપી નાંખ્યો, અને કહ્યું કે: “ હે નીચ ! તું મને અડક્યો તેથી હવે હું મારો દેહ અગ્નિમાં હોમી દઇ તારો નાશ કરવા પૃથ્વી ઉપર ફરી જન્મ લઇશ.” આમ કહી અગ્નિ સળગાવી તે બળી મરી.

આ વખતે સતી ઉપર પુષ્પની વૃષ્ટિ થઈ. બીજે જન્મે તે જ વેદવતીએ સીતાનો અવતાર લઈ રાવણનો નાશ કરાવ્યો. પતિવ્રતા સ્ત્રીનો પ્રતાપ આવો હોય છે. તેને છેડનાર પુરુષનો નાશ થયા વગર રહેતો નથી. શ્રીકૃષ્ણની બેન સુભદ્રા પણ સતી થઇ ગયાં છે.

સુભદ્રા—અર્જુન.

શ્રી કૃષ્ણની બ્હેનનું નામ સુભદ્રા હતું. એક વખતે અર્જુન કૃષ્ણને મળવા દ્વારકામાં આવ્યો હતો. તે સંન્યાસીના વેશમાં યાત્રા કરતો કરતો વનમાં ફરતો હતો. તે વખતે સુભદ્રા પોતાની સખીઓ સાથે વનમાં રમવા નીકળી હતી. સુભદ્રાને જોઈ અર્જુનનું મન લોભાયું. સુભદ્રાની પણ નજર તેના ઉપર ઠરી. બંનેની આંખે આંખ મળતાં એક બીજામાં પ્રેમ ઉત્પન્ન થયો. સુભદ્રાનું લગ્ન દુર્યોધન સાથે કરવાનો બળભદ્રનો વિચાર હતો, પણ શ્રીકૃષ્ણની મરજી અર્જુન સાથે કરવાની હતી. તેથી અર્જુને કૃષ્ણની સંમતિથી સુભદ્રાનું હરણ કર્યું. બળદેવને તેથી ક્રોધ થયો પણ તેમને કૃષ્ણે સમજાવી શાંત પાડયા. અને અર્જુન સાથે સુભદ્રાનાં લગ્ન કર્યાં.

સુભદ્રા ગુણવાન અને રૂપાળી હતી. તે પતિ ઉપર પ્રીતિવાળી હતી. દ્રૌપદી પણ અર્જુનનાં પત્ની હતાં, તેમની સાથે તે સ્નેહથી વર્તતાં. તેમનામાં પતિસેવા કરવાનો, વડીલ સાસુની પ્રીતિ સંપાદન કરવાનો અને દિયેર જેઠની સેવા કરવાનો ઉત્તમ ગુણ હતો. તેમને અભિમન્યુ નામનો મહાબળવાન પુત્ર જન્મ્યો હતો. પાંડવો વનમાં ગયા ત્યારે સુભદ્રા અભિમન્યુને લઈ પીએરમાં રહેતાં. સુભદ્રાએ નાનપણમાં જ બાળક અભિમન્યુને પતિના જેવો બળવાન બનાવવા માટે યોગ્ય શિક્ષણ આપ્યું હતું.

વિરાટ રાજાની પુત્રી ઉત્તરા સાથે અભિમન્યુનું લગ્ન કરવામાં આવ્યું હતું. સુભદ્રાની ઉત્તરા ઉપર પ્રીતિ સારી હતી. પાંડવો અને કૌરવો વચ્ચે યુદ્ધ થયું. તે વખતે કૌરવોએ અર્જુનને સંસપ્તકો સાથે લડવા બોલાવ્યો અને ચક્રવ્યૂહની રચના કરી. તે વખતે કૌરવો સાથે લડવાની અભિમન્યુએ હા પાડી. ઉત્તરાને તેવામાંજ પીયેરથી બોલાવી, ઉત્તરાએ અભિમન્યુને આશિર્વાદ આપ્યો. જુવાન સ્ત્રીને, માને અને સર્વ સંબંધીને મૂકી અભિમન્યુ લડવા ગયો અને ત્યાં વીરતા બતાવી અનેક સૈનિકોનો ઘાણ કાઢયો. છેવટે કપટથી તે મરાયો. તે વખતે વીરપુત્રની માતા સુભદ્રાએ હિંમત રાખી ખેદ કર્યો નહિ. અર્જુનના ઉપર સુભદ્રાની ઉત્તમ પ્રીતિ હતી. તેને તે વારંવાર એક વીરને છાજે તેવી સલાહ અને હિંમત આપતી.

ઉત્તરા—અભિમન્યુ.

ઉત્તરા એ વિરાટ રાજાની પુત્રી હતી. જ્યારે પાંડવો વેશ બદલી એક વર્ષ વિરાટ રાજાને ત્યાં રહ્યા ત્યારે અર્જુન ઉત્તરાને નૃત્યકળા શીખવવા રહ્યો હતો. જ્યારે કૌરવોએ ગોધન લુંટવા વિરાટનગરમાં સૈન્ય મોકલ્યું ત્યારે અર્જુને ઉત્તરકુમાર સાથે ગોધનને પાછું વાળી કૌરવસૈન્યને હરાવ્યું હતું. પાંડવો જ્યારે જાહેર થયા ત્યારે વિરાટ રાજાએ પોતાને ત્યાં નોકર તરીકે પાંડવો રહ્યા તેને માટે ખેદ જાહેર કર્યો અને પોતાની પુત્રી ઉત્તરાને અર્જુન સાથે પરણાવવાની ઇચ્છા બતાવી પણ અર્જુને તો તેને ભણાવી છે તેથી પુત્રી સમાન છે એમ કહ્યું ત્યારે યુધિષ્ટરે તેને અર્જુનના

પુત્ર અભિમન્યુ સાથે પરણાવવાની વાત જણાવી જેથી ઉત્તરાનું લગ્ન અભિમન્યુ સાથે કર્યું.

પાંડવો ઉત્તરાને પીયેરમાં મૂકી હસ્તિનાપુરમાં ગયા ત્યાં કૌરવોએ રાજ્ય આપવાની ના પાડવાથી યુદ્ધ થયું. અર્જુન સંસપ્તકો સાથે લડવા ગયેલો જોઈ કૌરવોએ કોઠા યુદ્ધ પ્રમાણે લડવાની માગણી કરી. આ કોઠા યુદ્ધ અર્જુન વગર બીજો જાણતો નહોતો તેથી યુધિષ્ઠરને ખેદ થયો. પણ અભિમન્યુએ કહ્યું કે: "હું કોઠા યુદ્ધ જાણું છું માટે તમે ખેદ કરશો નહિ." આથી પાંડવો રાજી થયા અને યુદ્ધમાં અભિમન્યુએ જવાનો વિચાર કર્યો.

યુદ્ધમાં અભિમન્યુ જવાનો છે તે વાત જાણી દ્રૌપદી દિલગીર થયાં કે કાકા છતાં છોકરો યુદ્ધ શું કરે? ત્યારે સુભદ્રાએ કહ્યું કે: "બેટા, શાબાશ છે! ક્ષત્રિયનો પુત્ર યુદ્ધ કરવાને વાસ્તેજ જન્મ લે છે; માટે ભલે જાય." આ પછી દ્રૌપદીએ ઉત્તરાને તેડી મંગાવવાની યુધિષ્ઠર પાસે વાત કરી જેથી અભિમન્યુના રણમાં જવા અગાઉ ઉત્તરાને પીયેરમાંથી તેડી મંગાવી. રાત્રે પતિપત્નીએ આનંદ વાર્તા કરી, ઉત્તરાએ પતિને રણમાં જતા જોઇ શરમ મૂકી અભિમન્યુના રથના ઘોડાની લગામ પકડી. પોતાના પતિને રણમાં જવાનો આગ્રહ જોઇ ઉત્તરાએ કહ્યું કે: "હે પતિ! તમે રણમાં પાછા હઠશો નહિ. ક્ષત્રીયને છાજે તેવી રીતે મારજો કે મરજો?" આ પછી ઉત્તરા ખસી ગઈ અને અભિમન્યુ યુદ્ધમાં ગયો. ત્યાં તેણે ઘણી બહાદુરી બતાવી. છેવટે તેને કપટથી ફસાવીને જયદ્રથે માર્યો.

અર્જુને ઘેર આવી પુત્રને મરેલો જાણી ઘણો ખેદ કર્યો. તેણે પુત્રને મારનાર જયદ્રથનો તેજ દિવસે સૂર્ય આથમતા પહેલાં વધ કરવાનું પણ લીધું અને તેને માર્યો. ઉત્તરાને અભિમન્યુથી ગર્ભ રહ્યો અને પુત્ર અવતર્યો, તેનું નામ પરીક્ષીત પાડયું; તેનાથી પાંડવોનો વંશ રહ્યો. ઉત્તરા બિચારીએ એકજ રાત પતિ સુખનો આનંદ ભોગવ્યો. સતી તરીકે તેણે ઉત્તમ પ્રકારે પતિને હિંમત આપી હતી.

ભારતી—મંડનમિશ્ર.

ભારતી એ પંડિત મંડનમિશ્રનાં પત્ની હતાં. પૂર્વે બ્રાહ્મણ-વાસ ગામમાં થઈ ગયેલા વિષ્ણુમિત્ર નામક બ્રાહ્મણનાં પુત્રી હતાં. તેમનું બીજું નામ સરસ્વતી હતું. પોતાના પતિ પાસેથી તે ઇતિહાસ, પુરાણ, અર્થશાસ્ત્ર, વ્યવહાર-નીતિ, ગણિતશાસ્ત્ર, વિગેરે ઉપયોગી વિદ્યાઓ ભણીને હોંશીયાર થઇ હતી. તેની માતાનું નામ સુભગા હતું. તે સર્વ વિદ્યામાં પારંગત થઈ હતી. સરસ્વતી ઉમરે આવતાં તેનાં માબાપે તેને લાયક વર શોધી તેનું લગ્ન કરવાનો વિચાર કર્યો.

એક વખતે નર્મદાની પ્રકંમા કરનારા કેટલાક બ્રાહ્મણો વિષ્ણુ મિત્રને ત્યાં આવ્યા, તેમના મુખેથી માહિષ્મતી ગામના હિમમિત્રનો પુત્ર મંડનમિશ્ર મહા વિદ્વાન છે એ વાત તેમના જાણવામાં આવી. તેમની સાથે મંડનમિશ્રને પત્ર લખ્યો. અને તે પછી મંડનમિશ્ર સાથે સરસ્વતીનાં લગ્ન કર્યાં. મંડનમિશ્ર સમર્થ વિદ્વાન હતા. તેમણે બૌદ્ધમતનું ખંડન કરી વેદધર્મનું મંડન કર્યું હતું. સરસ્વતી જેવી વિદ્વાન સ્ત્રી સાથે લગ્ન થવાથી મંડનમિશ્રને આનંદ થયો.

એક વખતે શંકરાચાર્ય દિગ્વિજય કરતા મંડનમિશ્ર સાથે વાદવિવાદ કરવા આવ્યા. ત્યારે બંનેમાં કોણ જીત્યું તેની પરીક્ષા કરવા સારૂ ભારતીને મધ્યસ્થ નીમી હતી. તે ન્યાયી હતી તેથી શંકરાચાર્યે તેને મધ્યસ્થપણે કબુલ કરી. તેમાં બંને જણ વચ્ચે વાદવિવાદ થયો. તે વખતે સરસ્વતીએ બંનેના ગળામાં ફુલના હારો પહેરાવ્યા અને કહ્યું કે 'જેનો હાર કરમાશે તે હાર્યા છે એમ મનાશે.' આ વાદમાં મંડનમિશ્રની હાર થતાં ભારતીએ પોતાના પતિની હાર અને શંકરાચાર્યનો જય થયો એમ જાહેર કર્યું.

વાદવિવાદમાં જે હારે તે બીજાનો શિષ્ય થાય એવી સરત હતી તેથી મંડનમિશ્ર શંકરાચાર્યના શિષ્ય થયા. પણ સરસ્વતીએ કહ્યું કે 'પત્ની એ પતિની અર્ધાંગના છે માટે મને જીતો તો ખરૂં.' આથી શંકરાચાર્યે કહ્યું કે 'યશસ્વી પુરુષો સ્ત્રીઓ સાથે વાદ કરતા નથી માટે હું તમારી સાથે વાદ કરવા યોગ્ય નથી.' આથી ભારતીએ

કહ્યું કે: 'પૂર્વે યાજ્ઞવલ્કયે ગાર્ગી સાથે વાદ કર્યો હતો, જનકે સુલભા સાથે વાદ કર્યો હતો. માટે સ્ત્રી સાથે વાદ કરવામાં હરકત નથી.' આથી શંકરાચાર્યે તેની સાથે વાદ કરવાનું કબુલ કર્યું. બંને વચ્ચે વાદવિવાદ સત્તર દિવસ સુધી ચાલ્યો પણ શંકરાચાર્ય હાર્યા નહિ. જેથી સરસ્વતીએ વિચાર કર્યો કે:—આ આચાર્ય બાળપણથી સંન્યાસી થયા છે. બ્રહ્મચર્ય પાળ્યું છે માટે કામશાસ્ત્ર સંબંધી વાદ કર્યા વગર તેમનો પરાજય થશે નહિ. તેવો વિચાર કરી તેમણે કામશાસ્ત્ર સંબંધી પ્રશ્નો પૂછ્યા. આથી શંકરાચાર્યે એ વિષય માટે એક મહિનાની મુદત માગી.

શંકરાચાર્યે તે મુદતમાં પરકાયા પ્રવેશની વિદ્યાથી એક મૃતરાજાના શબમાં પ્રવેશ કરી, ત્યાં રાજ્યવૈભવ ભોગવી કામશાસ્ત્ર સંબંધી જ્ઞાન મેળવ્યું, અને મુદત થતાં પોતાના શરીરમાં પ્રવેશ કરી સરસ્વતી સાથે વાદ કર્યો તેમાં શંકરાચાર્યનો જય થયો. સરસ્વતીની વિદ્વતા માટે શંકરાચાર્યે તેને ઘણું માન આપ્યું. મંડનમિશ્ર શંકરાચાર્યના શિષ્ય થયા અને સંન્યસ્ત લીધું. અને સરસ્વતી તુંગભદ્રા નદીને કાંઠે શૃંગગિરીને નામે પ્રખ્યાત છે. સરસ્વતીએ ત્યાં રહી ભારતી સંપ્રદાય સ્થાપ્યો. મંડનમિશ્રને શંકરે **तत्त्वमसि** 'તે તું છે' એ વેદવાક્યનો ઉપદેશ આપ્યો અને તેમનું નામ સુરેશ્વરાચાર્ય રાખ્યું હતું.

પૂર્વે સ્ત્રીઓ પણ આવી સમર્થ વિદ્વાન હતી. પોતાના પતિની સેવા કરવી, ઘરકામ કરવું, પતિને મદદ કરવી ઉપરાંત વિદ્વતા સંપાદન કરવી એ કાંઈ સ્હેલું કામ નથી. પોતાના પતિનો પક્ષ લઇ શંકરાચાર્ય સાથે સરસ્વતીએ વાદવિવાદ કર્યો હતો.

વાગ્દેવી.

પૂર્વે થઇ ગયેલા અભૃણ ઋષિની પુત્રીનું નામ વાગ્દેવી હતું. તે ધમપરાયણ હતી. તેણે પોતાના આત્મામાં બ્રહ્મની શક્તિનો અનુભવ કર્યો હતો. તે ઋગ્વેદના ૧૦ મંડળના ૧૧૫ ના સૂક્તના આઠ મંત્રોની દ્રષ્ટા છે. તે મંત્રો તેના

બનાવેલા છે. તે દેવીસુક્ત તરીકે પ્રખ્યાત છે. ચંડીપાઠનો જે ગ્રંથ છે તેમાં પહેલાં દેવીસુક્ત આવે છે. ચંડીનો પાઠ કરનારે પહેલાં દેવીસુક્તનો પાઠ કરવો જોઇએ. તે વિદ્વાન, ધર્મનિષ્ઠ અને ઉદાર હતાં. તેમણે વિશુદ્ધપણે પવિત્ર જીવન ગુજાર્યું હતું.

અપાલા.

પૂર્વે અપાલા નામની વિદ્વાન સતી થઇ ગઇ છે. તે અત્રિ મુનિની પુત્રી હતી. તેમને રક્તપિત્તનો રોગ થવાથી પતિએ ત્યાગ કર્યો હતો, જેથી તે પિતાને ત્યાં રહી ઈશ્વર સ્મરણમાં કાળ ગાળતી હતી. તે પિતાની ભક્તિ કરતી, પોતાના બાપ અત્રિ મુનિના ખેતરમાં અનાજ ન પાકવાથી ઈંદ્રને સોમરસ અર્પણ કરી વરદાન મેળવ્યું હતું. તે વિદ્વાન હતી. તે ઋગ્વેદના ૯૧ મા સૂક્તથી સાત ઋચાઓની દ્રષ્ટા છે. પૂર્વે આવી સમર્થ વિદ્વાન સતીઓ થઇ ગઈ છે, જે વેદમંત્રની દ્રષ્ટાઓ થઈ હતી. એવીજ રીતે પૂર્વે વિશ્વવાહા નામની સ્ત્રી મંત્રની દ્રષ્ટા થઇ છે.

વિશ્વવાહા.

વિશ્વવાહાનો જન્મ અત્રિગોત્રમાં થયો હતો. તે ઋગવેદના પાંચમા મંડળમાં ૨૮ સૂક્તની ૭ ઋચાઓનાં દ્રષ્ટા છે. અગ્નિને સળગતો જોઇ તે ઘી લઇને અગ્નિ પાસે જાય છે. તમે યજમાનને પશુ, ધન, સત્ય વિગેરે આપો છો, હે અગ્નિ, દંપતીનો બંધ સાંકળથી બાંધો ને શત્રુઓના તેજને હરો. હે અગ્નિ, તમે તેજસ્વી છો, યજમાનો તમને પ્રજ્વલિત કરીને બોલાવે છે. આ વિગેરે તેની ૭ ઋચાઓ છે. આ સ્ત્રી વેદકાળમાં થઇ ગઇ છે. તેના બાપ કે પતિ વિષેની કાંઈ માહિતી મળી શકતી નથી.

ઘોષા.

ઘોષા પણ વિશ્વવાહાની માફક ઋગ્વેદના દસ મંડળના ૩૯ ને ૪ સૂક્તની દષ્ટા હતી. તે કક્ષિવાન રાજાની પુત્રી હતી. તેને અપાલાની માફક રક્તપિતનો રોગ થયો હતો, તે અશ્વિનિકુમારે મટા-

કર્યો હતો. રોગ મટયા પછી તેનો વિવાહ થયો હતો. તે મહા સમર્થ વિદ્વાન હતી તેમણે રચેલી ઋચાઓમાં જણાવ્યું હતું કેઃ હે અશ્વનિકુમારો ! તમારો રથ પ્રાતઃકાળે દરેક માણસ પાસે ધન લઈ જાય છે. તમે આજે ક્યાં આનંદ કરો છો ? કોણે તમને બાંધી રાખ્યા છે ? આ વિગેરે ઋચાઓથી તેણે અશ્વનિકુમારોને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું હતું. વેદમાં તેમની ઋચાઓ હોવાથી તેનું નામ અમર થઇ ગયું છે.

સત્યરૂપા.

સત્યરૂપા એ સ્વયંભૂ મનુની પત્ની હતાં. તેમને જગત્ ઉત્પન્ન કરવા માટે ઉત્પન્ન કર્યાં હતાં. પતિની સાથે નૈમિષારણ્યમાં રહી તેણે ઘણી સેવા કરી હતી. પતિ સાથે રહી કંદ મૂળ ખાઇ તપ કર્યું હતું. તે અવકાશના વખતમાં ગૃહકાર્ય અને ઇતિહાસ પુરાણ શ્રવણ કરવામાં કાળ ગાળતાં. તેમને દેવહૂતી પુત્રી હતી. અને પ્રિયવ્રત તથા ઉત્તાનપદ એ પુત્રો હતા. પતિસેવામાં તેમજ છોકરાંને કેળવવામાં તેણે ઘણી કાળજી રાખી હતી. તેમની કેળવણીથી દેવહુતીએ મોટી પ્રતિષ્ઠા મેળવી હતી.

અંશુમતી—સુવ્રતમુની.

પૂર્વે ભૃગુ ઋષિને અંશુમતી નામની પુત્રી હતી તેમને નાનપણમાં સારી કેળવણી આપી હતી. તેમનું લગ્ન સુવ્રત નામના મુનિ સાથે કર્યું હતું. તે પતિ સેવા કરતાં, અવકાશ મળે તે વખતે દીન અને દુઃખીને સ્હાય કરતાં, અન્ન, વસ્ત્ર આપી ગરીબોની પીડા ટાળતાં. તે ઘણાં દયાળું હતાં. તે કહેતાં કે સર્વ ઉપર દયા રાખવી, તમારો અપરાધ કરનાર ઉપર પણ દયા કરવી. છોકરાંને નાનપણમાંથીજ ધર્મની કેળવણી આપી દયાળુ બનાવવાં. પરમાત્માનું સ્મરણ કરી ઇન્દ્રિયોને વશ રાખી રહેવું. અધર્મ અને અનીતિના માર્ગે ચાલવું નહિ. તેમણે પોતાનું જીવન દુઃખીઓનાં દુઃખ ટાળવા માટે અને લોકોને સન્માર્ગે ચઢાવવા ઉપદેશ આપવામાં ગાળ્યું હતું.

તે પતિસેવા કરી પતિને રાજી રાખતાં. પતિની આજ્ઞા લઈ પરોપકારાર્થે જનસેવા કરતાં હતાં.

એવીજ રીતે ઘણી સ્ત્રીઓએ પતિસેવા કરવા ઉપરાંત દેશસેવા પણ કરેલી છે. વિદ્યા સંપાદન કરી વેદની ઋચાઓ રચી સમર્થ વિદ્વાન તરીકે પ્રસિદ્ધ થઈ છે.

ભોગવતી—નાગરાજ.

ભોગવતી એ પૂર્વે થઈ ગયેલા વિજયરાજની પુત્રી હતી. નાનપણમાં તેને ઉત્તમ કેળવણી આપી હતી. નીતિધર્મ, આચાર વિચાર, સ્ત્રીઓનું કર્તવ્ય, અર્થશાસ્ત્ર, પુરાણ વિગેરે ઘણી બાબતનું તેને જ્ઞાન આપ્યું હતું. તેનું લગ્ન શૂરસેન રાજાના પુત્ર નાગરાજ સાથે થયું હતું. નાગરાજ નામ પ્રમાણે ક્રૂર, નાગજેવો, કદરૂપો અને અભણ હતો. વિજયરાજે વરની પરીક્ષા કર્યા વગર ભોગવતીને પરણાવી હતી.

ભોગવતી સાસરે ગઈ ત્યારે તેનાં સાસુ સસરાએ તેના પતિને મળવા દીધી નહિ. ભોગવતી વિદ્વાન અને રૂપાળી હતી અને નાગરાજ અભણ અને કદરૂપો હોવાથી રાજકન્યા તેને જોઈ ખેદ પામે તે માટે તેને મળવા ન દીધી. ભોગવતી સાસુ સસરાની સેવા કરવા લાગી. કેટલાક વખતે તેને પોતાનો પતિ કાળો અને કદરૂપો છે માટે તેને મળવા દીધી નથી એવી ખબર પડવાથી તે પોતાની મેળે પોતાના પતિ સેવા ગઈ અને પતિને કદરુપો જોઇ જરા પણ શરમાઇ નહિ. હર્ષથી પતિને મળી અને તેની આનંદથી સેવા કરવા લાગી.

એક વખતે નાગરાજે કહ્યું કે: "તમે મારાથી કેમ બ્હીતાં નથી?" એ સાંભળી ભોગવતીએ કહ્યું કે: "સ્ત્રીને પતિ તો ઇશ્વર તુલ્ય છે, ઇશ્વરનો ભય હોય ખરો? ગમે તેવો પતિ હોય છતાં પણ તેને ઇશ્વરતુલ્ય સમજી સેવા કરવી જોઇએ." આમ કહી તેમણે પોતાનો પતિ રાજી થાય તેવી રીતે રહેવા માંડ્યું. ભોગવતી વિદ્વાન હતી તેથી પોતાના પતિને નવરાશના વખતમાં ઉત્તમ જ્ઞાનની વાતો પુરાણોનાં દષ્ટાંતો સાથે કહી સંભળાવતી. પતિને વિદ્યા ભણાવી વિદ્વાન બનાવ્યો,

અને ક્રુર પતિને પણ તેણે સ્નેહથી જીતી લીધો. નાગરાજે તેને કહ્યું કે: "તમે ગોદાવરીમાં મને સ્નાન કરાવી એક શિવાલય બંધાવો એટલે હું મારા અસલ રૂપને ધારણ કરીશ?" આથી ભોગવતીએ તેને ગોદાવરીમાં લઇ જઇ તેના કહ્યા પ્રમાણે કર્યું તેથી નાગરાજનો ચ્હેરો બદલાઇ ગયો અને સુંદર રૂપ થયું.

પછી બંને પાછાં આવ્યાં. નાગરાજને તેના ભાઇઓ ઓળખી શક્યા નહિ તેથી તેને રાજ્યમાં પેસવા દીધો નહિ. આથી નાગરાજ ભાઇઓ સાથે લડવા તૈયાર થયો. પણ ભોગવતીએ કુટુંબ કલેશ ન થવા દેવા અને પોતાના દીયેરોનો નાશ ન થાય તે માટે પોતાના પતિને સમજાવ્યું કે: "હે વ્હાલા! " ભાઈ વગર ગમે તેવો માણસ પણ બાથ વગરનો છે. ભાઇઓ સાથે સંપ રાખવાથી ફાયદો છે. જે ભાઇઓને ગોષે છે તે જ ધનતાળા છે. આપત્તિમાંથી બંધુ જ ઉગારે છે. માટે વ્હાલા, ભાઇઓ સાથે યુદ્ધ ન કરો ?"

આથી નાગરાજે યુદ્ધ ન કર્યું. તેણે ભાઇઓને કહ્યું કે: "તમે મારા નાના ભાઇઓ છો ભલે તમે રાજ્ય કરો." આમ સમાધાન થતાં નાના ભાઇઓએ પણ નાગરાજની ક્ષમા માગી રાજ્ય તેને સોંપ્યું. આવી રીતે ભોગવતીની શીખામણથી ભાઇઓમાં સંપ થયો. અત્યારે સ્ત્રીઓ પતિને તેના ભાઇઓ સાથે લડાવી મારવામાં કુશળ હોય છે. ભોગવતીએ પોતાનો પતિ કદરૂપો હતો છતાં પણ આનંદથી તેની સેવા કરી, ભાઇઓ વચ્ચે થતો કુસંપ ન થવા દીધો અને સુખેથી રાજ્ય ભોગવ્યું. પતિવ્રતા સ્ત્રીઓ આવી હોય છે.

માયાદેવી—શુદ્ધોદન.

કેટલાંક વર્ષ ઉપર બુદ્ધ ભગવાન થઇ ગયા. તેમની માતાનું નામ માયાદેવી હતું. માયાદેવીનું લગ્ન કપિલ વસ્તુના રાજા શુદ્ધોદન સાથે થયું હતું. માયાદેવી પવિત્ર હૃદયની અને પતિસેવામાં આનંદ માનનારી હતી. એક વખત તેને સ્વપ્ન આવ્યું અને તે રાજાને કહેવા લાગી કે: "પ્રિય! મને સ્વપ્ન આવ્યું કે જાણે એક ધોળો હાથી મારી કુખ ચીરીને તેમાં દાખલ થયો." આ સાંભળી રાજાએ બ્રાહ્મણોને પૂછ્યું કે 'આ સ્વપ્ન કેવું?' બ્રાહ્મણોએ

વિચાર કરી કહ્યું કે: 'રાણીને એક ધર્મનીષ્ઠ, મહાસમર્થ પુત્ર થવાનું જણાય છે.' રાણીને ગર્ભ રહ્યો અને પૂરા દહાડા થવા આવ્યા ત્યારે તે પીયેર જવા નીકળ્યાં. ત્યાં જતાં રસ્તામાં જ પુત્રનો જન્મ થયો. પુત્રનો જન્મ થતાં તેને જોઇ માયાદેવી પુત્રને પોતાની બ્હેન અને શૉક્યને સોંપી પ્રસવ વેદનાથી મૃત્યુ પામ્યાં. આ પુત્ર તેજ પછી બુદ્ધરૂપે પ્રસિદ્ધ થયા છે. સતી ધર્મશીલ, પવિત્ર અને ઉચ્ચ વિચારનું સેવન કરનારાં હતાં. પતિસેવા કરી પતિની આજ્ઞાનું પાલન કરવામાં જ આનંદ માનતાં. રાજાએ એ કુંવરને ઉછેરી મોટો કર્યો. તેનું નામ સર્વાર્થસિદ્ધ પાડયું હતું.

યશોધરા—બુદ્ધ.

સર્વાર્થસિદ્ધ નાનપણથી જ ધર્મનીષ્ઠ અને દયાળુ હતો. તેને અશુભ બનાવો જોતાં સંસાર ઉપરથી મોહ છુટી જતો તેથી તેને હંમેશાં આનંદમાં રાખતા. કુંવર મોટો થતાં યશોધરા નામની સ્ત્રી સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું.

સર્વાર્થસિદ્ધને સંસારનાં મોજશૉખ પસંદ નહોતાં. તે લગ્ન થયા પછી પોતાની પત્નીને બેડીરૂપ માનતો. લોકસેવા કરવા માટે, દુઃખીને સુખી બનાવવા માટે તેને હંમેશાં વિચારો આવ્યા કરતા. તેને સંસારનાં સુખ વૈભવમાં આનંદ જણાતો નહિ. માણસોને મરતાં જોઇ તેને થતું કે આ સંસારમાં જન્મીને મરવું એ સર્વને માટે છે. માટે તેનો ત્યાગ કરી સુખ મેળવવા યત્ન કરૂં તો ઠીક. પતિવ્રતા યશોધરા પોતાના પતિને પ્રસન્ન રાખવા ઘણું મથતી. તેમની આજ્ઞાનું પાલન કરતી, તેમની સેવા કરી આનંદ આપતી. છતાં સર્વાર્થસિદ્ધનું મન તેના ઉપર ચોટતું નહિ.

આવી રીતે કેટલાક મહિના થયા પછી યશોધરાને ગર્ભ રહ્યો અને પુત્રનો જન્મ થયો. પુત્ર થતાં સર્વાર્થસિદ્ધે વિચાર કર્યો કે આ વળી સંસારમાં જકડી રાખનાર બીજી બેડી પડી. હવે તો પુત્ર સ્નેહ થતા પહેલાં જ આ સંસારને છોડી દેવો જોઇએ. યશોધરા કુંવરને લઇ ઘેર આવી ત્યારે શુદ્ધોદનને પુત્રનો પુત્ર જોઈ આનંદ થયો. રાજ્યમાં સઘળે આનંદોત્સવ થવા લાગ્યો. પણ સર્વાર્થસિદ્ધ તો હવે

આ બેડીમાંથી છુટવાનો વિચાર કરતો હતો. સંસાર ત્યાગના જ વિચારો તેના મનમાં રમી રહ્યા હતા.

મધ્યરાત્રે સ્ત્રી યશોધરા ઉંઘી ગઇ ત્યારે સર્વાર્થસિદ્ધ ઉઠી પત્ની અને પુત્રનું મુખ જોઇ સ્નેહ ઉભરાતાં રડી પડયો. પણ વિચાર કરવા લાગ્યો કે 'આ સર્વ સુખ અંતે દુઃખ આપનાર છે અને ખોટું છે, માટે હવે તેમાં મોહ રાખી લપટાવું ન જોઇએ.' આમ વિચાર કરી તરત જ સર્વાર્થસિદ્ધ રાજ્ય, સ્ત્રી, પુત્ર, વૈભવ, લક્ષ્મી સર્વનો ત્યાગ કરીને વનમાં તપ કરવા ચાલતો થયો.

સવારમાં ઉઠી તેને ન જોતાં આનંદને બદલે શોક છવાઇ રહ્યો. સતી યશોધરા પતિ વિયોગે દુઃખી થઇ. તેને પતિ વગર સર્વ સુખ નકામું લાગ્યું. તે આકુળવ્યાકુળ થઇ છાતીફાટ રડકકળ કરવા લાગી. પુત્રને જોઇને કહેવા લાગી કે: 'હે પુત્ર, તું આવો નિર્ભાગી ક્યાંથી જન્મ્યો કે આ દુઃખ આવ્યું.' આમ પતિના વિયોગમાં સતી યશોધરાએ કેટલોક કાળ દુઃખમાં ગાળ્યો.

સર્વાર્થસિદ્ધે વનમાં જઇ તપ કરી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો અને પછી તે મહાત્મા બુદ્ધ તરીકે પ્રખ્યાત થયા. તેમણે બુદ્ધ ધર્મનું સ્થાપન કર્યું. કેટલેક વખતે તે પોતાની જન્મભૂમિ કપીલ વસ્તુમાં સાધુ તરીકે આવ્યા અને તેણે પોતાની સ્ત્રી તથા પુત્રને બુદ્ધ ધર્મની દીક્ષા આપી સંસાર નિઃસાર છે એ સમજાવી શાંત પાડયા. આ પ્રમાણે મહાત્મા બુદ્ધ ભગવાનનાં સ્ત્રીએ પતિસેવા કરી, પતિવિયોગે સુખનો ત્યાગ કર્યો હતો.

શબરી.

શબરી એ રામચન્દ્રજીના વખતમાં થઇ ગઇ છે. તે ભીલડી હતી. તે ઋષિઓની સેવા કરતી. નાનપણથી વનમાં પંપા સરોવરના કંઠે આશ્રમ બાંધીને રહેતી અને યમનિયમોનું પાલન કરી તપ કરતી હતી. ઋષિઓની સેવા કરવાથી તેને અધ્યાત્મજ્ઞાન થયું હતું. જ્યારે રામ અને લક્ષ્મણ સીતાની શોધે જતા હતા ત્યારે ત્યાં ગયા હતા. શબરીએ તેમને આસન આપી જળપાન કરાવી પૂજા કરી હતી. તેણે રામચન્દ્રજીને કહ્યું

કે: “ પ્રભો, આપના દર્શનથી હું આજે કૃતાર્થ થઇ છું. હું ઋષિ મુનિયોની સેવા કરતી તમારી રાહ જોઇ રહી હતી. આપ ભૂખ્યા હશો, મેં ઘણા વખતથી સ્વાદીષ્ટ ફળો સંગ્રહી રાખ્યાં છે તેનો સ્વિકાર કરવા કૃપા કરો. ” પછી રામે તેનાં મીઠાં બોર ખાધાં. પછી શબરીએ રામચન્દ્રજીની સાથે ફરી તપોવન બતાવ્યું, અને પોતાના ગુરુઓના આશ્રમો બતાવ્યા. પછી રામે તેમને આશિર્વાદ આપ્યો.

રામચન્દ્રજીની આજ્ઞાથી પછી શબરીએ ચિતા સળગાવી દેહનો ત્યાગ કરી દિવ્ય દેહને પામી સ્વર્ગમાં ગઇ. આ સ્ત્રી નીચ જાતિની હતી છતાં મહાપુરુષોની સેવા કરી તરી ગઇ. મહાપુરુષની સેવા કરવી એ ઘણુંજ ઉત્તમ છે. વિદુષી સ્ત્રીઓ પણ ઈશ્વરનું સ્મરણ કરી આ લોકને તરી જાય છે.

ગાર્ગી.

પૂર્વે વચકનું ઋષિ થઇ ગયા છે તેમની પુત્રીનું નામ ગાર્ગી હતું. પિતા પાસે નાનપણમાં ગાર્ગીએ વેદાભ્યાસ કર્યો હતો. તે વિદ્વાન ગણાતાં. તે બ્રહ્મચારિણી રહ્યાં હતાં. વિદ્વાનોની સભામાં જઇ વાદ-વિવાદ કરતાં હતાં. એક વખતે જનકે યજ્ઞ કર્યો, તે વખતે રાજાએ કોણ વિદ્વાન છે તે જાણવાની ઇચ્છા કરી. તેથી તેમણે એક હજાર ગાયોનાં શિંધડે સુવર્ણ બાંધી યજ્ઞમાં આવેલા બ્રાહ્મણોમાંથી જે વિદ્વાન હોય તેને આપવાની ઇચ્છા જણાવી. બ્રાહ્મણોમાંથી કોઈ જનકની આગળ ગાયો લેવાને તૈયાર થયું નહિ તેથી યાજ્ઞવલ્કયે પોતાના શિષ્યને તે ગાયો પોતાના આશ્રમે હાંકી જવાની આજ્ઞા કરી. તે જોઈ બીજા બ્રાહ્મણોએ દ્વેશથી યાજ્ઞવલ્કયને કહ્યું કે: ‘ તમે બ્રહ્મવેત્તા હો તો અમારી ખાત્રી કરી આપો પછી ગાયો લઇ જાવ.’

આ પછી યાજ્ઞવલ્કયની સાથે બ્રાહ્મણોએ વાદવિવાદ કર્યો તેમાં યાજ્ઞવલ્કય જીત્યા ત્યારે ગાર્ગીએ પણ તેમની પરીક્ષા કરવા સારૂ તેમની સાથે વાદવિવાદ કર્યો હતો. ગાર્ગીએ યાજ્ઞવલ્કયની પરીક્ષા કરી અને અન્ય બ્રાહ્મણોને કહ્યું કે: તમે યાજ્ઞવલ્કયને બ્રહ્મવાદમાં જીતવાના નથી. તેમની બુદ્ધિ અગાધ છે. આ પ્રમાણે ગાર્ગી પણ સ્ત્રી હોવા છતાં સમર્થ વિદ્વાન થઇ ગયાં છે. સ્ત્રીઓએ સારી વિદ્યાને સંપાદન કરીને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો જોઇએ.

આવી રીતે સ્ત્રીઓ પોતે વિદ્વાન થઈ જગતમાં પુજ્ય બની શકે છે. પતિની સેવા કરી પવિત્ર જીવન ગાળી શકે છે. અત્યારે તો કેટલાક માબાપો સ્ત્રીઓને ભણાવવામાં પાપ સમજે છે. કહે છે કે: 'ભણીને ક્યાં નોકરી કરવા મોકલવી છે?' આમ વિચારી છોકરીઓને કેળવવામાં ઓછું લક્ષ આપે છે. પૂર્વે છોકરીઓને ભણાવી વિદ્વાન બનાવવામાં આવતી. કેળવાયલી સ્ત્રી જ ઘરમાં સુખી રહી અન્યને સુખી બનાવી શકે છે.

આપણે પણ ન ભણ્યાં હોઇએ તો રોજ થોડો થોડો સમય કાઢી ઘેર અભ્યાસ કરી લખતાં વાંચતાં આવડે તેટલું તો ભણવું જ જોઇએ. ભણેલાં હોઇએ તો સારાં સારાં પુસ્તકો વાંચી જ્ઞાન મેળવી શકાય છે હવે બ્હેનો, હવે બંધ કરીએ. જેટલું જાણીએ તેટલું આચારમાં મૂકવું જોઇએ. જ્યાં સુધી આપણે જાણ્યા પ્રમાણે વર્ત્તીએ નહિ ત્યાં સુધી જાણેલું નકામું છે.

આ પછી મોડું થતાં સર્વ પોતપોતાને ઘેર જાય છે.

પ્રકરણ ૧૦ મું.

સ્ત્રીઓનું દૈવી જીવન.

નિયમ પ્રમાણે બીજે દિવસે ચન્દ્રકાન્તાને ત્યાં સર્વ એકઠાં થયાં. એટલે ચન્દ્રકાન્તાએ સર્વની મરજી જાણી કથા શરૂ કરી.

'બ્હેનો, આજે તો આપણે સ્ત્રીઓ દૈવી જીવન શી રીતે ગાળી શકીએ તે કહેવાનો વિચાર રાખ્યો છે. શાસ્ત્રમાં સ્ત્રીઓને દેવીની ઉપમા આપેલી છે. જે સ્ત્રી સુશિક્ષીત, પતિસેવામાં આનંદ માનનારી, પતિના સુખમાં હિતબુદ્ધિ રાખનારી હોય છે તે પોતાના ઘરમાં દૈવી જીવન ગાળી શકે છે. ગમે તેવી સ્થિતિમાં રહેતા છતાં પણ સ્ત્રીઓએ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું જોઇએ.

પતિને દુઃખમાં ધીરજ આપી દુઃખનો ત્યાગ કરવા, પ્રયત્ન કરવા સલાહ આપવો તે તેનું કામ છે. સ્ત્રી ધારે છે તો તે પોતાના ઘરમાં આનંદને વર્તાવી શકે છે. તે ધારે છે તો કલેશને વધાર્યા કરે છે. ઘરમાં સુખદુઃખનો આધાર સ્ત્રીઓની વર્તણુંક ઉપર છે.

ઉત્તમ સ્ત્રીઓએ તો પોતાના ઘરમાં સર્વ કોઈ દૈવીજીવન ગાળી આનંદનો અનુભવ કરતાં થાય તેમ કરવું જોઇએ. સર્વ સાથે સંપથી રહેવું. ક્રોધનો ત્યાગ કરવો, શાંત અને આનંદી રહેવું. આપણા પ્રતિ દ્વેષ કરનાર ઉપર પણ ઉપકાર કરવા ચૂકવું નહિ. સ્ત્રી એ ઘરની મુખ્ય માણુસ ગણાય છે. તે જો સુધરેલી હોય છે તો ઘરનાં બીજાં માણુસોને તે સુધારી શકે છે. પૂર્વે દૈવી સતીઓ થઈ ગઈ છે. તેમણે પતિસેવા કરી દૈવી જીવન ગાળ્યું હતું. આપણે પણ જો આપણા ગૃહસ્થાશ્રમને સુખી અને આનંદી બનાવવો હોય તો દૈવી જીવન ગાળવું જોઇએ.

સતી–શંકર.

સતી એ બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિની પુત્રી હતાં. તેમને મહાદેવજી વેરે પરણાવ્યાં હતાં. તેમની માતાનું નામ પ્રસુતી હતું. સતી પતિસેવા કરવામાં પોતાને ધન્ય-ભાગ્ય માનતા. એક વખતે નૈમિષારણ્યમાં પ્રજાપતિઓએ મોટો યજ્ઞ આરંભ્યો હતો તે વખતે દક્ષપ્રજાપતિ ગયા ત્યારે સર્વ દેવોએ ઉભા થઈ તેમને માન આપ્યું પણ મહાદેવજી અને બ્રહ્મા ઉભા થયા નહિ. બ્રહ્મા તો જાણે તેમના પિતા હતા એટલે કાંઇ ન લાગ્યું પણ શંકર જમાઇ થઇને ન ઉઠયા અને પોતાનું અપમાન કર્યું જેથી તેમણે ગુસ્સે થઇ શાપ આપ્યો કેઃ “બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્ર વિગેરે દેવો સાથે હવે પછી યજ્ઞોમાં શંકરને ભાગ મળવો ન જોઇએ ?” આ સાંભળી શંકર ગુસ્સે ન થયા પણ તેમના નંદીશ્વર વિગેરે ગણોને ગુસ્સો થયો અને બોલવા લાગ્યા. લડવાડ વધી પડી અને તેથી શંકર અને દક્ષપ્રજાપતિ વચ્ચે વધુ બોલંબોલા થઇ. બંને ગુસ્સે થઇને ત્યાંથી ચાલ્યા ગયા.

શંકરનું દક્ષપ્રજાપતિએ અપમાન કરવાથી સતી દેવીએ પોતાના બાપને ત્યાં જવાનું બંધ કર્યું.તેમણે પોતાના પતિનું અપમાન એ પોતાનું જ અપમાન માનીને બાપનો ત્યાગ કર્યો. સતી સ્ત્રીઓ પોતાના પતિ કરતાં કોઇને પણ વધારે ગણતી નથી, પછી તે બાપ હોય કે ભાઇ હોય. સતીને પોતાના બાપ ઉપર રીશ ચઢી. તેમણે પતિ ચરણમાં ચિત્ત જોડી પતિને આનંદમાં રાખવા તેમની સેવા કરવા માંડી. હવે પણ છોકરીં તો સાસરે સારી એમ ગણી સતીને પીયેરમાં તેડી નહિ. આમ કેટલોક વખત ગયા પછી સતીએ એક વખત દેવો અને દેવાંગનાઓને વિમાનમાં બેસીં જતાં જોયાં, તેથી તે કય જાય છે તે જાણવા કૈલાસ ઉપર ગયાં. તે વખતે નારદજી ત્યાં આવી ચઢયા. તેમને સતીએ કહ્યું કે:'તમે બધા ક્યાં જાવ છો ?'

આ સાંભળી નારદે હસીને કહ્યું કે: 'ઓહો ! તમે શું જાણતાંય નથી કે ? તમારા પિતા દક્ષપ્રજાપતિને બ્રહ્માએ પ્રજાપતિઓના ઉપર નીમ્યા તેની ખુશાલીમાં તેમણે મોટો યજ્ઞ કરવા માંડયો છે, ત્યાં સર્વે જાય છે. તે તમને ભૂલે એવા તો નથી! આવે વખતે સર્વને તેમણે કંકોત્રીઓ લખી તેડાવ્યા છે ને તે દીકરી જમાઇને ન તેડાવે એવું તો ન બને ! કદી નોકરોને હાથે કામ લેતાં ભૂલ થઈ ગઇ હશે ! કદાચ તમને આમંત્રણ ન મળ્યું હોય તો શું થઈ ગયું ? બાપને ત્યાં યજ્ઞ મહોત્સવ છે અને તમે જાણ્યા છતાં ન જાવ તે પણ ખોટું ! બાપને ત્યાં જવું એમાં વળી તેડાં શાં ? "

આ સાંભળી સતીએ કહ્યું: " હેં, હું તો કાંઈ જાણતી નથી. મળ્યું કંકોત્રી વગર તો કોણ આવે ?" આ સાંભળી નારદે કહ્યું કે: " એવું તે થાય કે, તમારા આવ્યા વગર ચાલે કે ? ક્યાં પારકે ઘેર જવું છે. કદી તેમની ભૂલ થઇ ગઇ હશે, પણ નહિ આવો તો તમારૂં ખોટું દેખાશે." આ સાંભળી સતીને પોતાના બાપને ત્યાં જવાનું મન થયું. તે પછી નારદ વીણા વગાડતા ચાલ્યા ગયા, અને સતી પુષ્પ વીણી પોતાના પતિ શંકર પાસે જઇ કહેવા લાગ્યાં કે: " હે પ્રભો ! મારા પિતાને ત્યાં મોટો યજ્ઞ થાય છે જેથી ત્યાં બધા દેવો વિગેરે જાય છે, માટે આપણે પણ જવું જોઇએ ? "

આ સાંભળી શંકરે કહ્યું: " દેવી, ત્યાં જવાને હરકત નથી પણ આપણને આમંત્રણ નથી." આ સાંભળી સતીએ કહ્યું કે: " એમ બને કે ? આમંત્રણ નથી તો ભલે, પરંતુ આપણે ગયા વગર

તે ચાલે ? તે ઘણા કામમાં ભૂલી ગયાં હશે ! આપણે તો ત્યાં જઈ સારૂં દેખાડવું જોઇએ." શંકરે કહ્યું કે: "ભૂલ તે થાય કે ? જેણે બધા દેવોને આમંત્રણ મોકલ્યાં, તેમાં ભૂલ ન થઇ અને દીકરી જમાઇને તેડાવવામાં ભૂલ થાય કે ? વગર તેડાવ્યે જઇએ તો અપમાન થાય અને દેવોની રૂબરૂમાં માન જાય. માટે તમારે જવું હોય તો ભલે જાવ, પણ હું તો નહિજ આવું ?"

આ પ્રમાણે પતિની આજ્ઞા મળતાં સતી વગર આમંત્રણે પિતાને ત્યાં ગયાં. શંકરને ખબર હતી કે દક્ષે જાણી જોઇને આમંત્રણ મોકલ્યું નથી જેથી તેનું અપમાન થવાનું છે. તેથી તેમણે સતીની સાથે નંદી વિગેરે ગણોને મોકલ્યા હતા. સતી વગર નોતરે બાપને ત્યાં ગયાં તો ખરાં, પણ તેમને ત્યાં કોઇએ બોલાવ્યાં નહિ. પોતાની માએ પણ બોલાવ્યાં નહિ, તેથી તે ઘણાં દિલગીર થયાં. પતિના ના કહેવા છતાં પરાણે બાપને ત્યાં આવ્યાં પણ કોઇએ આવકાર ન દેવાથી તે યજ્ઞ મંડપમાં પોતાના બાપ પાસે ગયાં. પિતાએ પણ તેમને સ્નેહથી બોલાવ્યાં નહિ. વળી ત્યાં સર્વ દેવોની સાથે યજ્ઞમંડપમાં શંકરનું સ્થાપન પણ કરેલું જોયું નહિ તેથી તેમને ઘણો ક્રોધ થયો. તેમણે ગુસ્સે થઈ પોતાના બાપને કહ્યું કે: "મને ધિક્કાર છે કે મારા પતિના ના કહેવા છતાં વગર તેડે અહિં બાપને ત્યાં આવી. જ્યાં પતિનું માન સચવાતું ન હોય ત્યાં સતી સ્ત્રીઓએ જવું ન જોઇએ ? પછી ભલે તે બાપ હોય કે ભાઈ હોય ! અહિં મારા પતિનું સ્થાપન પણ કરેલું જેવામાં આવતું નથી. હું અહિં આવી તે પણ મને હિણપદ લગાડનાર છે ! જ્યાં પતિનું અપમાન, ત્યાં પતિવ્રતા સ્ત્રી ઉભીજ કેમ રહી શકે ? તમારા આવા યજ્ઞમાં આગ મૂકાજો." આવી રીતે સતીએ ગુસ્સે થઈ પોતાના પતિનું અને પોતાનું અપમાન કરનાર બાપને શાપ દીધો. તરતજ યજ્ઞમાં આગ લાગી અને યજ્ઞમાં ભંગાણ પડયું. સતીએ પોતાના ગણો સાથે પતિને કહેવરાવ્યું કે: "હે નંદી ! આ સઘળી વાત મારાવતી ત્યાં જઇ શંકરને જણાવજો. હવે હું જીવી શકીશ નહિ, હું પણ અગ્નિમાં પડી બળી મરૂં છું." આમ કહી પતિના અપમાનથી ગુસ્સે થઈ સતી ત્યાંજ બળી મર્યાં.

આ પ્રમાણે પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિનું અપમાન સહન કરી શકતી નથી. પતિના ના કહેવા છતાં સતી બાપને ત્યાં ગયાં તો

ત્યાંજ તેમને બળી મરવું પડયું. માટે દૈવીજીવન ગાળનારી સ્ત્રીઓ તો પતિની આજ્ઞાનું હંમેશાં પાલન કરે છે. પતિના ના કહ્યા છતાં જે કામ કરે છે તેને પાછળથી સતીની માફક પસ્તાવું પડે છે.

પાર્વતી.

સતી બીજે અવતારે હિમાલયને ત્યાં પુત્રી રૂપે અવતર્યાં અને તેમનું નામ પાર્વતી રાખવામાં આવ્યું. તે નાનપણથી જ રૂપાળાં અને મનોહર હોવાથી માબાપને પ્રિય થઈ પડયાં હતાં. માબાપે તેમને પતિવ્રતા સ્ત્રીને યોગ્ય કેળવણી આપી ઉછેર્યાં. પાર્વતી પરણવા યોગ્ય થયાં પણ તેમને લાયક વર ન મળવાથી તેમનાં માબાપ ચિંતા કરવા લાગ્યાં. તે વખતે નારદ આવી પહોંચ્યા. તેમને પાર્વતીના લગ્ન વિષે પૂછતાં તેમણે કહ્યું કેઃ "તમે શા માટે ચિંતા કરો છો ? ઉમા એ કાંઈ મનુષ્ય નથી પણ દેવીનો અવતાર છે. માટે તેમને સર્વથી શ્રેષ્ટ વર મળશે. તેમની પાસે યોગ્ય વ્રતો કરાવરાવો." આ પછી નારદ ચાલ્યા ગયા.

પાર્વતીનું બીજું નામ ઉમા હતું. તે સમજણાં થયાં એટલે તેમણે પોતાની મા મેનારાણીને કહ્યું કેઃ "મા, મારે વનમાં જઇ તપ કરવું છે, માટે વનમાં જવાની રજા આપો." મેનારાણીએ કહ્યું કેઃ "તું કોમળ પુષ્પ જેવી વનમાં જઇ એકલી શી રીતે તપ કરીશ, આપણે ઘેરજ રહીને તારે જે કરવું હોય તે કર." પણ ઉમાએ માન્યું નહિ. તેનો આગ્રહ જોઇ તેમણે તેને વનમાં જવાની રજા આપી, જેથી ઉમા પોતાની જયા અને વિજયા એ સખીઓને લઈ વનમાં જઈ તપ કરવા લાગ્યાં.

કેટલોક કાળ ગયા પછી તેમને તપમાં દૃઢ થઇ બેઠેલાં જોઇ શંકર ભગવાન વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇ તેમની પાસે આવ્યા. તેમણે ઉમાને તપ કરતી જોઇ પૂછ્યું કેઃ "હે કન્યા ! શા માટે તું આવાં કઠિન તપ કરે છે ? આવાં તપથી સ્વર્ગ મળવું મુશ્કેલ છે. તારા જેવી રૂપવાન કન્યાએ આવું ઉગ્ર તપ શા માટે કરવું પડે છે ?" આ સાંભળી ઉમાએ કાંઈ જવાબ ન આપ્યો. ત્યારે તેમની દાસી જયા અને વિજયાએ કહ્યું કેઃ "મહારાજ ! તે તો શંકર ભગવાનને

વરવા માટે તપ કરે છે. કહો વારૂ, શંકર તેને મળશે કે કેમ ?" આ સાંભળી બ્રાહ્મણના રૂપમાં આવેલા શંકરે કહ્યું કે: "હેં, શું એ શંકર માટે તપ કરે છે! અરે ભગવાન, એ શંકરમાં તે તેણે શું દીઠું? તે તો શરીરે ભષ્મ ચોપડી, ગળે સાપ નાંખી, વાઘનું ચામડું પહેરી ભૂતોમાં ફર્યા કરે છે, એવા શંકરને આવી રત્નરૂપ કન્યા શું જોઇને વરવા વિચાર કરતી હશે? ઉમા, તું તો ઐરાવત હાથી ઉપર સ્વારી કરવા લાયક છે તે પોઠીયા ઉપર શી રીતે બેસાશે? આવું તમારૂં રૂપ તે ભષ્મ ચોપડેલા શંકર પાસે શ્મશાનમાં શી રીતે શોભશે?" આ સાંભળી ઉમાએ કહ્યું: "મ્હારાજ! બસ કરો, હું તમારૂં સાંભળવા માગતી નથી, માટે આવ્યા હો ત્યાં પાછા જાવ."

શંકરે પાર્વતીની કસોટી કરી જોઇ. તેમને મક્કમ જોઈ તરતજ પોતે બ્રાહ્મણનું રૂપ બદલી શંકરનું રૂપ ધારણ કર્યું. ઉમા શરમાઈ ત્યાંથી ઉઠી ચાલવા લાગી, ત્યાં શંકરે તેનો હાથ પકડી કહ્યું કે, "હવે જવાય કે?" ઉમા ઉભાં રહ્યાં અને નીચું મુખ રાખી શરમાઇ મનમાં ને મનમાં હસવા માંડયું. "શંકરે જયા અને વિજયાને કહ્યું. "હું પ્રસન્ન થયો છું. જાવ ઘેર જઈ લગ્નની તૈયારી કરાવો." આમ કહી શંકરે ઉમાનો હાથ મૂકી દીધો. ઉમા હર્ખાતી હર્ખાતી, ઘડી ઘડી પાછું જોતી શરમાતી શરમાતી સખીઓ સાથે ઘેર ગઈ. ઉમાના બાપ હિમાલયે લગ્નની તૈયારી કરી અને દેવો સાથે શંકરને પરણાવા આવ્યા. બંનેનાં લગ્ન ધામધુમથી થયાં. પછી પહેરામણી આપી શંકર પાર્વતીને વળાવ્યાં.

પાર્વતીએ પતિ સાથે કૈલાસમાં જઇ ગતજન્મમાં બનેલી દક્ષવાળી વાત માટે પોતાના પતિ શંકર પાસે ક્ષમા માગી. શંકરે ક્ષમા આપતાં કહ્યું કે: "પ્રિયે! પતિવ્રતા સ્ત્રીઓને તો પતિ એજ સર્વસ્વ છે. પતિને પરમેશ્વર માનીને જે સ્ત્રીઓ પતિને સુખી કરે છે તેમને ધન્ય છે. આ પછી પાર્વતીજી ગત જન્મમાં કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે નવો અવતાર ધારણ કરી ઉગ્ર તપ કરી પોતાના પતિ શંકરને વર્યાં. સ્ત્રીઓનું પોતાના પતિ ઉપર આવું હેત હોવું જોઈએ. પતિ એજ પોતાનું સર્વસ્વ માનવું જોઇએ. પતિની અવગણના કરનાર ભલે પિતા હોય કે ભાઇ હોય છતાં પણ તેનો ત્યાગ કરી સતીની માફક પતિ ભક્તિ બતાવી આપવી જોઇએ.

લક્ષ્મીજી—શ્રી વિષ્ણુ.

લક્ષ્મીજી એ ભગવાન વિષ્ણુનાં પત્ની છે. જ્યારે અમૃત માટે દેવો અને દાનવોએ સમુદ્રનું મંથન કર્યું ત્યારે તેમાંથી લક્ષ્મીજી નીકળ્યાં હતાં. તેમને સર્વ દેવોએ વિષ્ણુની સાથે પરણાવ્યાં. લક્ષ્મીજી સ્વરૂપવાન, ગુણવાન અને નમ્ર હતાં. પતિ સેવા કરવી એજ સ્ત્રીઓનું કર્તવ્ય છે એમ માનતાં. લક્ષ્મીજી હંમેશાં પોતાના પતિની આજ્ઞાનુસાર રહી પતિસેવા કરવામાં ધનભાગ્ય માનતાં. જ્યારે પૃથ્વીનો ભાર ઉતારવા વિષ્ણુ ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે લક્ષ્મીજી પણ અવતાર ધારણ કરી તેમનાં પત્ની તરીકે રહી પતિસેવા કરી અન્ય સ્ત્રીઓને અનુકરણ કરવા યોગ્ય ચરિત્ર મુકી જતાં. જ્યારે દેવોને પોતાના જાલંધર રાક્ષસ સાથે યુદ્ધ થયું અને તે કોઈનાથી ન જીતાયો, સર્વ દેવોને રંજાડવા લાગ્યો ત્યારે તેનું મરણ શાનાથી છે તે પૂછવા શ્રી વિષ્ણુ ભગવાને લક્ષ્મીજીને મોકલ્યાં હતાં. લક્ષ્મીજી જાલંધરની બેન હતાં. જાલંધર પણ સમુદ્રમાંથી ઉત્પન્ન થયો હતો. પોતાના પતિનું સંકટ ટાળવા, પતિની આજ્ઞાનું પાલન કરીને તેમણે પોતાના ભાઇનું મોત શાથી છે તે પીયેર જઈ પોતાની ભાભી વૃંદા પાસેથી જાણીને પતિને કહ્યું.

પતિનું સંકટ ટાળવા પોતાના ભાઇ જાલંધરનું મોત જાણી લાવવાનું કામ લક્ષ્મીજીએ કરી પતિભક્તિની હદ બતાવી છે. તે જાણી વિષ્ણુ ભગવાને છળ કરી જાલંધરની પત્ની વૃંદાને છળી તેના પતિવ્રતનો ભંગ કર્યો અને તેથી રણમાં જાલંધર દેવોને હાથે મરાયો. આમ પોતાના ભાઇને મારવા વિષ્ણુએ છળ કર્યા છતાં પણ લક્ષ્મીજીએ પોતાના પતિ ઉપર રોષ કર્યો નહિ, અને પતિ ઉપર અણગમો ન આણ્યો. આનું નામ તો પતિ ભક્તિ.

પૃથ્વી ઉપર શ્રી વિષ્ણુએ રામનો અવતાર લીધો ત્યારે પોતે સીતાજી રૂપે અવતરી પતિસેવા કરી હતી. શ્રી કૃષ્ણનો અવતાર લીધો ત્યારે તેમણે રૂક્ષ્મણી રૂપે અવતાર ધરી પોતાના પતિની સેવા કરી હતી. જ્યારે જગતનો લય થાય છે ત્યારે શ્રી વિષ્ણુ

ભગવાન ક્ષીરસાગરમાં શેષનાગના ઉપર શયન કરે છે. તે વખતે લક્ષ્મીજી તેમની પાસે બેસી તેમના પગ પોતાના ખોળામાં લઇને ચાંપ્યાં કરે છે. અને આવી રીતે પતિસેવા કરી પોતાની પતિભક્તિ રૂપ ઉત્તમ ધર્મ બજાવે છે.

આવી દૈવી સ્ત્રીઓનાં જીવનનું પણ અનુકરણ કરી સ્ત્રીઓને ઘણું જાણવાનું છે. આપણે તો સ્હેજસાજ બાબતમાં આપણા ભાઇ કે બાપનું જો પતિ અપમાન કરે તો પતિની સાથે રીસામણાં માંડીએ છીએ. પીયેરને વ્હાલું ગણી સાસરાને અકારૂં ગણીએ છીએ. આપણે તો લક્ષ્મીજી અને પાર્વતી જેવાં થવું જોઇએ. તેમની પતિ સેવાથી અત્યારે આપણે તેમને પૂજીએ છીએ.

સરસ્વતી.

સરસ્વતી એ બ્રહ્માનાં પુત્રી હતાં. તેમની માનું નામ સાવિત્રી હતું. માતાએ પોતાની પુત્રી સરસ્વતીને નાનપણમાં વિદ્યાદાન આપી જ્ઞાની બનાવી હતી. તે ઉત્તમ ગુણવાળાં અને રૂપાળાં હતાં. તેમણે લગ્ન ન કરતાં જન્મારો કુંવારાં રહી જગતમાં સંસ્કૃત ભાષા અને સંગીત વિદ્યાને ઉત્પન્ન કરીને સર્વને તેનો લાભ આપ્યો. ગણીત, મુળાક્ષરો, વ્યંજન વિગેરે તેમણે બનાવી વિદ્યાનો ફેલાવો કર્યો છે. જેથી આજે સરસ્વતી એ દેવી તરીકે સ્થળે સ્થળે પૂજાય છે.

દરવર્ષે વેપારીઓ પોતાના ચોપડામાં દીવાળીને દિવસે તેમનું પૂજન કરે છે. કવીયો, લેખકો, વિદ્વાનો સર્વે પ્રથમ સરસ્વતીને વંદન કરી પોતાના કામનો આરંભ કરે છે.

તે હિંદુસ્થાનમાં સરસ્વતી નદી રૂપે પણ પૂજાય છે. તેમાં લોકો સ્નાન કરી પાપનું નિવારણ કરે છે. આવી દૈવી સ્ત્રીઓ વિદ્યામાં કેટલી નિપૂણ હતી તે તેમના દૃષ્ટાંતથી જણાય છે.

ઈન્દ્રાણી—શચી—નહુષ.

પૂર્વે પુલોમરાજાને શચી નામની પુત્રી હતી. તેનું લગ્ન દેવોના રાજા ઈન્દ્ર વેરે કર્યું હતું. શચી સ્વરૂપ સૌન્દર્યમાં શ્રેષ્ટ હતી. તેનામાં સદ્‌ગુણોમાં ખામી નહોતી. નિરંતર પતિ સેવા કરવામાં આનંદ માનતી. તે નીતિ કુશળ અને વિદ્વાન હતી. દેવો અને દાનવો વચ્ચે વારંવાર યુદ્ધ થતું તેમાં શચી ઇન્દ્રને ઘણી ઉપયોગી સલાહ આપતી. એક વખત દૈત્યોનો પક્ષ લઇ વૃત્રાસુર દેવો સાથે લડવા આવ્યો તેમાં ઈન્દ્રે તેને મારી નાંખ્યો. વૃત્રાસુર બ્રાહ્મણ હતો તેથી ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી અને તે તેની પાછળ પડી. ઈન્દ્ર તેને પાછળ પડેલી જોઇ કીડાનું રૂપ લઇ માનસરોવરમાં જઇ તે કમળના નાળમાં છુપાઇ ગયો. જેથી ત્યાં પેલી બ્રહ્મહત્યા જઇ શકી નહિ.

ઇન્દ્રના નાસી જવાથી ઇન્દ્રાણી પતિ વિયોગથી દુઃખી થઇ રડકકળ કરવા લાગી. દેવો તેને ઘણું આશ્વાસન આપતા પણ તેને ધીરજ રહી નહિ. આ વખતે નહુષ કરીને એક રાજા સ્વર્ગમાં ઈન્દ્ર થવા માટે તપ કરતો હતો. તેનું તપ સિદ્ધ થવાથી દેવોએ તેને ઇન્દ્ર તરીકે સ્વર્ગના સિંહાસન ઉપર બેસાડયો. તેણે રાજ્ય મળ્યા પછી ઈન્દ્રાણીને જોઈ તેથી તેનું મન લોભાયું. તેની દાનત બગડી અને શચીને કહેવરાવ્યું કે 'હવે તો હું ઇન્દ્ર થયો છું માટે મારી રાણી થઇને સુખ ભોગવ. હવે કંઇ તારો પતિ ઇન્દ્ર અહિં આવવાનો નથી એ તો કયાંય પડયો હશે. !'

શચી પતિવ્રતા હતી તેથી અન્ય પુરુષમાં આસક્તિ રાખે તેવી નહોતી. તેણે તેને કહેવરાવ્યું કે: "હું પતિવ્રતા છું. મારા પતિમાં ઇષ્ટબુદ્ધિ સ્થાપીને રહેનારી છું. મરણ કરતાં પણ શીયળને વધુ કિંમતી ગણું છું. માટે તમારી લાલચથી હું લોભાઉં તેમ નથી. પારકી સ્ત્રી સાથે લગ્ન કરવા ઇચ્છતાં શરમાતા નથી ?" આ સંદેશો સાંભળી નહુષ ઘણો ગુસ્સે થયો અને ફરી કહેવરાવ્યું કે: "તને મારી પત્ની થવામાં જ લાભ છે. હું ઈન્દ્ર છું તો તારે ઇન્દ્રાણી તરીકે મારી પટરાણી થવું જ જોઇએ." આમ છતાં જ્યારે શચીએ ન માન્યું ત્યારે તેણે તેના ઉપર બળાત્કાર કરવાનો નિશ્ચય કર્યો.

આથી ઈન્દ્રાણી દેવોના ગુરુ બ્રહસ્પતિની પાસે ગઈ અને નહુષથી શી રીતે બચવું તે પૂછવા લાગી. તે વખતે તેમણે તેને ધીરજ આપી પોતાનો આશ્રય આપ્યો. આ જાણી ઇન્દ્ર નહુષ ક્રોધે ભરાયો અને તેણે તેમને શચીને પોતાને સોંપી દેવા કહ્યું. તેમણે તેને કહ્યું કે: "હે ઇન્દ્ર ! ઈંદ્રાણી તો પારકી સ્ત્રી છે. પારકી સ્ત્રીના શીયળનો ભંગ કરવાથી અધર્મ થાય માટે તમે તેવી ઇચ્છા ન રાખતાં ધર્મ થી વર્તો." આમ છતાં ઇન્દ્રે ન માન્યું. તેણે શચીને પકડી મંગાવી. આ વખતે શચીએ નહુષ પાસે થોડા માસની મુદત માગી અને કહ્યું કે: "એ મહિના પછી હું મારૂં વ્રત પુરૂં થયે જો ઇન્દ્ર નહિ આવે તો તમારી સાથે લગ્ન કરીશ." આથી નહુષે તે કબુલ કર્યું.

આ પછી દેવો ઇન્દ્રને બ્રહ્મહત્યાથી છોડાવવા માટે વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ 'ઇન્દ્ર અશ્વમેધ યજ્ઞ કરે તો પાપમાંથી મુક્ત થાય' એમ કહ્યું. આથી દેવો ઇન્દ્ર જ્યાં સંતાઇ ગયો હતો ત્યાં ગયા અને તેની પાસે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. તેથી તે પાપમાંથી તો મુક્ત થયો, પણ ઈંદ્રપદ લેવાને નહુષની સામે યુદ્ધ કરવાનું બળ નહિ હોવાથી સંતાઇ રહેવુ પડયું. ઇન્દ્રાણીની મુદત પુરી થવા આવી. તે પોતાના શીયળનો ભંગ ન થવા દેવાની ચિંતા કરવા લાગી.

ઇન્દ્રાણી પોતાનો પતિ જ્યાં સંતાઇ ગયો હતો ત્યાં ગઇ અને નહુષે તેની કરેલી માગણી વિષેની હકીકત કહી સંભળાવી. ઇન્દ્ર બુદ્ધિવાળો હતો તેથી તેણે તેને કહ્યું કે: "મારાથી તો હમણાં જ્યાંસુધી નહુષનું બળ વિશેષ છે ત્યાં સુધી અવાય તેમ નથી પણ હું તને એક ઉપાય બતાવું છું તે પ્રમાણે કર." તારે નહુષની પાસે એકાંતમાં જઇને કહેવું કે "હવે હું તમારી સેવા કરવા ખુશી છું પણ જો તમે મારે ત્યાં ઋષિઓની પાસે પાલખી ઉંચકાવી તેમાં બેસીને આવો તો હું તમારી મરજીને તાબે થાઉં." ઈન્દ્રાણી આ સાંભળી પાછી ગઈ અને પતિના કહ્યા પ્રમાણે નહુષની પાસે જઇને કહ્યું.

નહુષ શચીનું રૂપ જોઇ કામી એટલો બધો થઈ ગયો હતો કે તેને ધર્મ અધર્મનું ભાન ન રહ્યું. તે શચીને મળવાને આતુર થઇ રહ્યો હતો. તેથી તેણે ઇન્દ્રાણીની વાત કબુલ કરી અને ઋષિઓની પાસે પાલખી ઉંચકાવીને ઇન્દ્રાણીના મહેલે જવા નીકળ્યો. બ્રાહ્મણોથી પાલખી ન ઉંચકાવાથી તે જરા ધીમે ધીમે ચાલવા

લાગ્યા એટલે નહુષે ગુસ્સે થઇને અગસ્ત્ય ઋષિ જે પાલખી ઉચકી ચાલતા હતા તેમને લાત મારી અને કહ્યું કે: "જલ્દી ચાલો."

આથી ઋષિ ગુસ્સે થઈ ગયા અને પૂછ્યું કે: "હે ઈન્દ્ર ! તું આ શું કરે છે ? તને બ્રાહ્મણો અને ગાયોના પ્રોક્ષણ મંત્રો માન્ય છે કે નહિ ?" નહુષ કામી થવાથી બુદ્ધિહીન થઈ ગયો હતો તેણે કહ્યું કે, "ના, મને તે માન્ય નથી. વાતો કરવી જવા દે ને જલ્દી ચલાવ, નહિ તો બીજી પડશે." આથી ઋષિઓ ગુસ્સે થઈ ગયા અને તેને શાપ આપ્યો કે—'જા તું અજગર થઇને પૃથ્વી ઉપર પડ.' આ શાપથી નહુષ તરતજ ઈન્દ્ર મટી અજગર બની ગયો અને પૃથ્વી ઉપર પડયો. પરસ્ત્રીની ઇચ્છા રાખનાર નહુષે ઈન્દ્રાસન ખોયું અને દેવ મટી અજગર બન્યો.

નહુષની આ પ્રમાણે ટાઢે પાણીએ ખોસ જતાં શચી નિશ્ચિંત બની અને ઇન્દ્ર પાછો સ્વર્ગમાં આવી ઇન્દ્રાસન ઉપર બેઠો. પતિવ્રતા સ્ત્રીઓનો પ્રતાપ આવો હોય છે. શચીએ પોતાના પતિને પાપમાંથી મુક્ત કર્યો અને નહુષની લાલચોમાં ન ફસાતાં પોતાના શીયળને સાચવી છેવટે પતિને રાજ્ય અપાવ્યું.

પતિવ્રતા સ્ત્રીઓ આવી રીતે પતિના ચરણમાં ચિત્ત રાખી પોતાના શીયળને સાચવે છે.

ઓખા—ઉષા—બાણાસુર.

એક વખતે મહાદેવજી તપ કરવા જતા હતા ત્યારે પાર્વતીએ કહ્યું કે: "આપ તપ કરવા જાવ છો, પણ મને એકલીને અહિં ગમશે નહિ માટે કહો તો એક બે બાળકો ઉત્પન્ન કરૂં. આથી મહાદેવજી સારૂં કહી તપ કરવા ગયા. પછી પાર્વતીએ પોતાના જમણા અંગમાંથી મેલ કાઢીને એક પુત્ર બનાવ્યો અને ડાબી તરફના અંગમાંથી મેલ કાઢી પુત્રી ઉપજાવી. પાર્વતી પોતાના બે બાળકો સાથે આનંદ કરતાં પતિની ગેરહાજરીમાં કૈલાસમાં રહેવા લાગ્યાં. તેવામાં ફરતા ફરતા નારદ ત્યાં આવ્યા, તે આ બે બાળકોને જોઇ આશ્ચર્ય પામ્યા. 'ઘડીવાર ગમ્મત થશે' એમ માની તેની વધામણી ખાવા તે શંકર તપ કરતા હતા ત્યાં

ગયા અને કહ્યું કે: "તમે તો ભલા માણસ છો. તમે અહિં તપ કરો છો ને ઘેર તો પાર્વતીને બે છોકરાં જન્મ્યાં, એ શું? આવું તો ભોળ પણ હોય?" આમ કહી નારદ ચાલ્યા ગયા.

શંકરને આ સાંભળી ક્રોધ ચઢયો અને ત્રિશુલ લઈ કૈલાસમાં ગયા. તે વખતે પાર્વતી અંદર સ્નાન કરતાં હતાં અને બહાર બે છોકરાંને બેસાડી કહેલું કે 'કોઈ આવે તો આવવા ન દેશો.' શંકરને આવતા જોઇ પેલા છોકરાએ કહ્યું કે "અરે કયાં જાય છે, મારાં મા હમણાં સ્નાન કરે છે માટે નહિ જવાય. ઉભો રહે કામ હોય તો?" આ સાંભળી શંકરને વધુ ગુસ્સો આવ્યો. તે અંદર જવા માંડયા એટલે છોકરો સામો થયો. અને બાપ દીકરાને ચકમક ઝરી. આ બેને લડતા જોઈ છોકરી ઉષા તો બિચારી નાસી ગઈ અને બીકથી મીઠાની કોટડીમાં સંતાઇ ગઇ. શંકરે ગુસ્સે થઇ છોકરાનું માથું ઉડાવી દીધું, અને બારણું ઉઘાડી શંકર અંદર ગયા. પતિને આમ અચાનક આવેલા જોઇ પાર્વતીએ હર્ષથી પૂછયું: "ઓહો? આપ કયાંથી? બારણે મારાં બે બાળકો હતાં તેમણે તમને અટકાવ્યા નહિ?" આ સાંભળી શંકરે કહ્યું કે "છોકરાએ ના તો કહ્યું પણ મેં તેને સામો થયેલો જોઇ માથું ઉડાવી દીધું અને છોકરી તો નાસી ગઇ. આ સાંભળી પુત્ર શોકથી દુઃખી થઇ પાર્વતીએ બેફાટ રડવા માંડયું. આ પછી શંકરે કહ્યું કે: "પણ એ બે બાળકો થયાં શી રીતે?" પાર્વતીએ કહ્યું: "કેમ, તમે તપ કરવા ગયા ત્યારે મને બે બાળકો ઉત્પન્ન કરવાનું ન્હોતા કહેતા ગયા?" આ સાંભળી શંકરને યાદ આવ્યું અને પોતાની ભૂલ માટે પસ્તાવા લાગ્યા કે અરે! આ તો નાહક પેલા નારદે ઘરમાં લડાઈ જગવી.

શંકરે પાર્વતીને ઘણું સમજાવ્યું પણ તે તો છાનાં રહેજ શાનાં? આખરે તે છોકરાને જીવતો કરવાનું તેમણે કહ્યું એટલે પાર્વતી છાનાં રહ્યાં. પછી મહાદેવજીએ નંદીને કહ્યું કે 'જાવ, જે સામું મળે તેનું માથું લાવી આ ધડને ચોટાડો.' બહાર નીકળતાં સામો હાથી આવ્યો તેનું માથું કાપી ધડ ઉપર ચોટાડી પુત્રને જીવતો કર્યો. પણ માથું હાથીનું ને શરીર મનુષ્યનું જોઈ પાર્વતીને સંતોષ ન થયો તેથી શંકરે કહ્યું કે: "આ પુત્રની સર્વ દેવોમાં પ્રથમ પૂજા થશે, તેમનું નામ ગણપતિ કહેવાશે. તેને સિદ્ધિ અને રિદ્ધિ બે પટરાણી થશે. આથી પાર્વતી પ્રસન્ન થયાં. આ બધું થઈ ગયું

એટલે છોકરી ક્યાં ગઈ હશે તે સાંભળ્યું. તેને શોધતાં મીઠાની કોઠીમાંથી તે મળી આવી તેથી પાર્વતીએ તેને શાપ આપી કહ્યું કેઃ 'જા લવણની માફક તું ઓગળજે.' આથી ઓખાએ માફી માગી, રડતાં રડતાં તે કહેવા લાગ્યાં કે 'મા તમારે મારા ઉપર ગુસ્સો ન કરવો જોઇએ. હું તો બાળક છું.' પછી પાર્વતીએ તેના ઉપર રાજી થઈ વરદાન આપ્યું કેઃ 'જા તારા નિમિત્તે જે સ્ત્રીઓ ચૈત્ર માસમાં અલુણું ખાશે તેમનું સૌભાગ્ય વધશે.'

આ અરસામાં નર્મદા કિનારે શોણિતપુરમાં બલિરાજાના પુત્રનો પુત્ર બાણાસુર રાજ્ય કરતો હતો, અને દ્વારકામાં કૃષ્ણ જાદવો સાથે પૃથ્વીનું રાજ્ય કરતા હતા. બાણ અસુર હતો. તેણે રાવણની માફક કૈલાસમાં જઈ તપ કરી શંકરને પ્રસન્ન કર્યા. શંકરે તેને હજાર હાથ આપી મહાબળવાન બનાવ્યો. બળવાન બાણાસુરે બળના અહંકારથી સર્વ રાજાઓને જીતી લીધા. તેને પ્રજા હતી નહિ. એક વખતે તે સવારમાં ઉઠી ઓટલે બેઠો હતો તે વખતે એક ઝાડુ વાળનારીએ તેનું મોં ન જોવા માટે આડી સાવરણી ધરી, તેથી બાણે પૂછ્યું કે 'કેમ તેં આડી સાવરણી?' 'રાખી છે' તો તેણે કહ્યું કેઃ 'આપને પ્રજા ન હોવાથી વાંઝીયાનું મોં સવારમાં જોઉં તો આખો દહાડો દુઃખમાં જાય માટે તમારૂં મોં હું જોઇ શકું નહિ. આ સાંભળી બાણને ઘણો ખેદ થયો. તેણે પ્રજા થવા માટે શંકરનું ફરી તપ કર્યું. પણ શંકરે તો કહ્યું કે તારા નસીબમાં પ્રજા નથી એટલે તારા ભાગ્ય વગર મારાથી કંઈ અપાય નહિ.' પછી બાણે નિરાશ થઈ પાર્વતીને પ્રસન્ન કર્યાં. પાર્વતીજીએ પ્રસન્ન થઈ પોતાની ઓખાને તેને આપી અને કહ્યું કેઃ 'આ છોકરી લઇ જા, તેને છોકરીની માફક પાળીને લ્હાવો મેળવજે.'

બાણ તેને લઈ ઘેર ગયો અને આનંદથી રહેવા લાગ્યો. ઓખા સ્વરૂપવાન્ હતી. બાણે પોતાના પ્રધાનની પુત્રી ચિત્રલેખાને તેની પાસે રહેવાનું કહ્યું. બંને નાનપણમાં રમતાં ને સુખ ભોગવવા લાગ્યાં. બાણને પોતાના હજાર હાથના બળથી ગર્વ થયો હતો તેણે દેવલોકોને પણ જીતી લીધા અને પોતાના બળની પરીક્ષા કરવા માટે કૈલાસને બાથ ભીડીને ઉપાડયો. કૈલાસ ઉપડવાથી પાર્વતી મંદિરમાં ઉભાં હતાં તે પડી ગયાં જેથી શંકર ગુસ્સે થયા અને બાણને શાપ આપ્યો કેઃ "હવે તારા હજાર હાથ કપાઇને તારો ગર્વ ઉતરી

જશે." આથી ગભરાઇ બાણે પ્રાર્થના કરી જેથી શંકરે કહ્યું કેઃ 'જા, આ ધજા લઇ જા અને તે તારા રાજમહેલ ઉપર મૂકજે. જ્યારે તે તુટી પડે ત્યારે જાણજે કે તારો શત્રુ પેદા થયો છે. અને તેજ શત્રુ તારી ઓખાનો વડસસરો તારા હજાર હાથ કાપી તારા ગર્વને ઉતારશે.'

બાણે ઘેર આવી ઓખાને પરણાવવી જ નહિ એવો ઠરાવ કર્યો. અને તેને એકદંડીયા મહેલમાં રાખી તળે ચોકી મૂકી. માત્ર પ્રધાન કૌભાંડની પુત્રી ચિત્રલેખાને તેની પાસે રાખી. ખાવાનું પણ તેને મહેલમાં જ મોકલવા માંડયું. ઓખા ઉમર લાયક થઈ. તેને પતિ પરણવાનો ઉમંગ થયો પણ અહિં ઉપાય નહોતો. એક વખતે તેને સ્વપ્નું આવ્યું અને તે જાણે પરણીને પતિ સાથે આનંદ ભોગવતી હોય તેવા સુખમાં તે ઉંઘમાં બબડવા લાગી, તેજ વખતે ચિત્રલેખાએ તેને જગાડી. જેથી ઓખા તેના ઉપર ગુસ્સે થઇ ગઈ અને સ્વપ્નની વાત કહી. હવે સ્વપ્નમાં જેની સાથે તેનું લગ્ન થયું હતું તે વરને મેળવી આપવા તેણે તેને જણાવ્યું.

હવે ઓખાને ચેન પડવા ન માંડયું. તે ચિંતાતુર રહેવા લાગી ત્યારે ચિત્રલેખાએ તેને દરેક દેશના રાજકુમારોનાં ચિત્રો ચિત્રીને બતાવવા માંડયાં. તેમાંથી એક ચિત્રને જોઈ તેણે તેને પોતાને સ્વપ્નમાં વરેલો પતિ આજ હતો એમ કહ્યું. તે ચિત્ર કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના પુત્ર અનિરૂદ્ધનું હતું. ઓખાએ તેને પોતાની પાસે ગમે તેમ કરીને તેડી લાવવાનું ચિત્રલેખાને કહ્યું. તેની અત્યંત આજીજીથી ચિત્રલેખા આકાશ માર્ગે વિમાનમાં બેસી દ્વારિકામાં ગઈ અને રાત્રે પ્રદ્યુમ્નના મહેલમાં પ્રવેશ કરી અનિરૂદ્ધ સુતેલો હતો ત્યાંથી ઉપાડી ઓખા પાસે આણ્યો. ઓખાએ અનિરૂદ્ધને ઓળખ્યો.

સવાર થતાં અનિરૂદ્ધ જાગ્યો, અને અહિ અજાણ્યે સ્થળે આ બે સ્ત્રીઓ વચ્ચે આવેલો જોઇ સંતાપ કરવા લાગ્યો. ચિત્રલેખાએ તેને સમજાવ્યો અને ઓખા સાથે ત્યાં પરણાવ્યો. ઓખા અને અનિરૂદ્ધ હવે પતિપત્નીનું સુખ ભોગવી શકે માટે ચિત્રલેખાએ ત્યાંથી જવાની રજા માગી. પછી ત્યાં ઓખા અને ચિત્રલેખા એકલાં રહ્યાં. બીજે દિવસે ખાવા આપનારને શક પડયો કે માળીયામાં ચિત્રલેખાને બદલે કોઇ પુરુષ છે. તેથી તપાસ કરવા પ્રધાન કૌભાંડ માણસો સાથે આવ્યો. તેને અહિં કોઇ પુરુષ નથી એમ ઓખાએ

કહ્યું પણ તેણે ન માન્યું. અને અંદર જવા લાગ્યો જેથી અનિરૂદ્ધ બારણાની ભૂંગળ કાઢી તેની સામે થયો અને તેમને માર મારીને નસાડી મૂકયા. -

બાણુ આ વાત સાંભળી ગુસ્સે થયો અને મહેલમાં ગયો. તેણે અનિરૂદ્ધને નાગપાશથી બાંધી કેદમાં પૂર્યો અને ઓખાને સખત પહેરામાં રાખી. આ વાત નારદના જાણવામાં આવતાં તેમણે દ્વારિકામાં જઇ અનિરૂદ્ધને કેદમાં પૂરાયાના સમાચાર જણાવ્યા. જેથી રૂક્મિણીએ કૃષ્ણને પાણી ચઢાવ્યું. કૃષ્ણે યાદવો સાથે બાણુના ઉપર ચઢાઇ કરી. બાણુને બળનો ગર્વ ઘણો હતો તેથી તે કૃષ્ણનો હિસાબ ન ગણતાં જોરથી સામે લડવા ગયો. કૃષ્ણે તેના હાથ કાપી નાંખ્યા, એટલે તેણે જાણ્યું કે 'ખરેજ, શંકરનો શાપ ફળ્યો.' તેણે શંકરની સ્તુતિ કરી એટલે તેનો પક્ષ લઇ શંકર લડવા આવ્યા. તેથી બ્રહ્માએ આવી સમાધાન કરાવ્યું ને ઓખા અનિરૂદ્ધને પરણાવી.

ઓખાએ સ્વપ્નમાં અનિરૂદ્ધને જોયેલા હોઈ તે જ્યારે તેની સાથે પરણી ત્યારેજ તેને ચેન પડયું. પતિની સેવા કરી પતિપત્ની દૈવીજીવન ગાળતાં સુખનો અનુભવ કરવા લાગ્યાં. સ્ત્રીઓએ પોતાના પતિના ઉપર આવો સ્નેહ રાખવો જોઇએ. ઓખાએ પણ પતિના સ્નેહે કરી બાપનું ન માન્યું અને સસરાએ બાણુના હાથ કાપી નાંખ્યા છતાં પણ બાપ કરતાં પતિને વધુ ગણી પતિસેવામાં ચિત્ત જોડયું. આવું દૈવીજીવન આપણે સ્ત્રીઓએ ગાળવું જોઇએ. કહો તો બંધ કરીએ. પછી સર્વે પોતપોતાને ઘેર જાય છે.

પ્રકરણ ૧૨ મું.

સ્ત્રીઓનું ઉત્તમ ગૃહિણી પદ.

સ્ત્રીઓનું પદ ઘણું મહત્વનું છે. તેને ગૃહિણી કહેવામાં આવે છે. ઘરની અધિષ્ઠાત્રી એ સ્ત્રી છે. સ્ત્રી વગરનું ઘર નકામું છે. સ્ત્રી વગરના પુરુષની આબરૂ સારી ગણાતી નથી. તેના ઘરની વ્યવસ્થા પણ ઉત્તમ હોતી નથી. સ્ત્રી વગરનું ઘર વેરાન જેવું જણાવાનું. જે ઘરમાં સ્ત્રી હોય છે તેજ ઘર યથાર્થ ઝળકી ઉઠે છે. સ્ત્રી વગરના પુરુષનું મન ઉદાસ રહે છે. તેને સર્વમાં નિરસતા જણાય છે. જેમ

પુરુષવડે સ્ત્રી શોભારૂપ છે તેમ સ્ત્રીવડે પુરુષ અને ઘર બંને શોભારૂપ છે. આજે ઘણી સ્ત્રીઓ પોતાની જવાબદારી સમજતી નથી. તેની જવાબદારી મહાન છે. તેના ઉપર આખા ઘરના સુખ દુઃખનો આધાર છે. ચન્દ્રકાન્તા પોતાની જવાબદારી સમજતી હતી. તેણે પોતાના ઘરને નંદનવન જેવું આનંદદાયક બનાવ્યું હતું.

ચન્દ્રકાન્તા ઉત્તમ ગૃહિણીપદને શોભાવે તેવી હતી. પતિના આનંદમાં પોતાનો આનંદ માનતી. પતિના સુખમાં પોતાનું સુખ સમજતી. હંમેશાં પતિને અનુકુળ ચાલતી. પોતાના ઘરકામ ઉપરાંત પતિના કામમાં પણ બનતી મદદ કરતી. ઘર તરફની તો તેના પતિ મોહનરાયને બિલકુલ ચિંતા નહોતી. તે દમ્પતી ભલાં અને દયાળુ હતાં. તેઓ કમાઈ જાણતાં તેમ ખર્ચી જાણતાં. પોતાની પેદાશ પ્રમાણે સુખ પણ ભોગવતાં. પૈસો કમાવો તેનેજ પોતાનું કર્તવ્ય માનતાં નહિ પણ સાથે સાથે ઈશ્વરોપાસના કરી આ સંસારસમુદ્રને તરવા પણ યત્ન કરતાં.

તેમના ઘરમાં ગમે તે વખતે ગમે તે માણસ જાય તો પણ તે બંનેને હસતાં અને આનંદમાંજ જોતા. કોઈ પણ દિવસે તેઓના મનમાં ઉદ્વેગ થતો નહિ. ચન્દ્રકાન્તા પોતાના ગૃહિણી પદને શોભાવવા યત્ન કરતી. બંને બીજાનું ભલું કરવા પોતાનાથી બનતું કરતાં. ચન્દ્રકાન્તાના રોજના સહવાસથી તે માળાની સ્ત્રીઓ તો સુધરી જવા આવી હતી. બીજે દિવસે પણ સર્વ સ્ત્રીઓ વખત થતાં આવી પહોંચી એટલે ચન્દ્રકાન્તાએ ચલાવ્યું. જુઓ બ્હેન, પૂર્વે સત્યવતી નામનાં રાજમાતા થઈ ગયાં છે તેની વાત આજે શરૂ કરૂં છું. તે ઘણાં વ્યવહારકુશળ અને રાજકાયમાં પણ કુશળ હતાં.

સત્યવતી—મત્સ્યગંધા—શાંતનુ—ભીષ્મ.

પૂર્વે થઇ ગયેલા પાંડવો અને કૌરવોના બાપના બાપની માનું નામ સત્યવતી હતું. તેનું મૂળ નામ મત્સ્યગંધા હતું. તે એક માછીને ત્યાં ઉછરી હતી. તે નાની હતી ત્યારે બાપને ત્યાં ગંગામાં નાવ ફેરવી લોકોને આ પારથી પેલે પાર લઈ જતી. એક વખતે પરાશર ઋષિ ત્યાં આવ્યા અને ગંગાને પેલે

કિનારે જવા નાવમાં બેઠા. આ વખતે નાવમાં મત્સ્યગંધા અને પરાશર બેજ હતાં. મત્સ્યગંધાને જોઈ પરાશરનું મન લલચાયું. તેમણે કોઈને ન જોઈ મત્સ્યગંધા પાસે પોતાની ઇચ્છા તૃપ્ત કરવા પ્રાર્થના કરી. મત્સ્યગંધાએ પોતે કુંવારી છું, માછીની જાત છું, આપ તો મહાત્મા થઈ કેમ ભ્રષ્ટ થવા ઇચ્છો છો, વિગેરે ઘણું કહ્યું પણ ઋષિએ ન માન્યું. પરાશરે તેની સાથે સંગ કર્યો અને તેથી તેને એક પુત્ર થયો. ઋષિએ તેને પુત્ર થવા છતાં યૌવનકુંવારીના જેવુંજ રહેશે તેમ તેના શરીરમાંથી માછલાંની દુર્ગંધી કહાડી સુગંધી આપી. ઋષિ તો કિનારે ઉતરી વનમાં ચાલ્યા ગયા. અને મત્સ્યગંધાને પુત્ર થયો. તે પુત્રે માને કહ્યું કે: "માતાજી, જ્યારે તમારે કાંઈ કામ પડે ત્યારે મને સંભાળજો તો હું આવી હાજર થઇશ." આમ કહી તે વનમાં ચાલ્યો ગયો.

પછી મત્સ્યગંધાનું નામ યોજનગંધા પડયું. તેનામાંથી નીકળતી સુગંધી એક યોજન સુધી પ્રસરતી. તે વખતે શાંતનુ રાજા ત્યાં રાજ્ય કરતા હતા, તે મૃગયા રમવા ગયેલા, ત્યાં આ સ્ત્રીને જોઇ લલચાયા અને તેના બાપ માછીમાર પાસે માગણી કરી. માછીમારે કહ્યું કે: "તમે તમારા પુત્ર ભીષ્મને રાજ્ય ન આપતાં મારી પુત્રીના પુત્રને ગાદી આપવાનું વચન આપો તો હું તમને તે પરણાવું." આ સાંભળી શાંતનું રાજા કાંઈ જવાબ ન આપતાં ઘેર ગયા. પુત્ર ભીષ્મ ગંગાથી ઉત્પન્ન થયા હતા. તેમનો હક્ક ડુબાડી હવે આ મત્સ્યગંધાના પુત્રને ગાદી આપવાનું વચન કેમ અપાય? તેનો વિચાર કરતા આ સ્ત્રી ન મળવાથી ચિંતા કરવા લાગ્યા.

ભીષ્મને આ વાતની ખબર પડી તેથી તેમણે માછીમાર પાસે જઇ કહ્યું કે: "તું સુખેથી યોજનગંધાને પરણાવ. હું તેના પુત્રને ગાદી આપીશ." છતાં માછીએ ન માન્યું અને કહ્યું કે: "તમે ગાદી ન માગો તો તમારો પુત્ર મારા ભાણેજને ગાદી ઉપરથી ઉઠાડી મૂકે, માટે એ વાત તો ન બને." આથી પોતાના બાપનું કષ્ટ ટાળવા ભીષ્મે હાથમાં ગંગાજળ લઇ પ્રતિજ્ઞા કરી કે: "જા હું તારા ભાણેજનો દ્રોહ કરીશ નહિ, તેમને ગાદી અપાવીશ, અને હું જીંદગી પર્યંત લગ્ન ન કરતાં બ્રહ્મચર્ય પાળીશ, માટે હવે તારી કન્યાને પરણાવ." આથી શાંતનું રાજા સાથે યોજનગંધાને પરણાવી. રાજાએ તે પછી તેનું નામ સત્યવતી પાડયું.

શાંતનું રાજાની ચિંતા મટી, પુત્ર ભીષ્મ ઉપર રાજી થયા અને સત્યવતી સાથે સુખ ભોગવવા લાગ્યા. તેમને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એ પુત્ર થયા. પુત્રને નાનપણમાં મૂકી શાંતનું રાજા મરણ પામ્યા. ભીષ્મે પુત્રોને રાજ્યગાદી આપી તેમનું પાલન કરવા માંડયું, અને સત્યવતીની સલાહ પ્રમાણે રાજ્ય ચલાવવા માંડયું. સત્યવતી બહુશ્રુત, રાજકાજમાં તેમ ગૃહકામમાં પણ કુશળ હતાં. એવામાં કાશીરાજની કન્યા અંબા, અંબિકા અને અંબાલિકાનો સ્વયંવર થવાની વાત ભીષ્મે જાણી. ભીષ્મે ત્યાં જઇ પોતાના ભાઇઓ માટે તે ત્રણે કન્યાઓનું હરણ કર્યું. આ જોઇ બીજા રાજાઓ તેમની પાછળ પડયા પણ ભીષ્મે સર્વને હરાવી કન્યાઓને ઘેર આણી. તેમને પોતાના ભાઇ સાથે પરણવાનું કહ્યું. અંબિકા અને અંબાલિકાએ તો કબુલ કર્યું પણ અંબાએ કહ્યું કે: "હું તો શાલ્વરાજા સાથે પરણવાની છું." આથી ભીષ્મે તેને પાછી જવા દીધી. અંબા શાલ્વ પાસે ગઇ પણ શાલ્વે તો તેને ભીષ્મ હરી ગયેલા તેથી પરણવાની ના કહી જેથી તે ભીષ્મ પાસે પાછી આવી. ભીષ્મે પણ હવે તેને સંગ્રહવાની ના કહી તેથી તે ભીષ્મના ઉપર ગુસ્સે થઈ વનમાં તપ કરવા લાગી. તે પછી શિખંડીરૂપે બની ભીષ્મનું વેર લે છે.

ચિત્રાંગદ અને વિચિત્રવીર્યને અંબિકા અને અંબાલિકા વેરે પરણાવ્યા. તેઓએ કેટલાક વખત સુધી સ્ત્રીઓની સાથે સુખ ભોગવતાં રાજય કારભાર ચલાવ્યો. ભીષ્મ તેમની દેખરેખ રાખતા, પણ થોડાક વર્ષ પછી બંને પુત્રો એક પછી એક પ્રજા વગર મરણ પામ્યા. આથી સત્યવતીએ ભીષ્મને બોલાવી પોતાના રાજ્યકુળનો નાશ ન થાય તે માટે લગ્ન કરવાનું કહ્યું પણ ભીષ્મે તો કહ્યું કે: "મેં તો જીવતા સુધી બ્રહ્મચર્ય પાળવાનું પણ લીધું છે તેથી હવે લગ્ન થાય નહિ."

આથી સત્યવતીએ કન્યાકાળમાં પરાશરથી વ્યાસ નામે પુત્ર ઉત્પન્ન કર્યાની વાત ભીષ્મને કહી, અને કહ્યું કે 'જો તમે કહો તો તે મારા પુત્ર વ્યાસને બોલાવું અને તેની પાસે આ પુત્રવધુને પ્રજા થાય તેમ કરૂં.' ભીષ્મે હા કહી એટલે તેમણે વ્યાસને યાદ કર્યા, એટલે વ્યાસ આવ્યા. અને સત્યવતીએ તેમની પાસે પોતાની પુત્ર વધૂઓમાં પુત્રોત્પત્તિ કરાવી. બે સ્ત્રીઓને ધૃતરાષ્ટ અને પાંડુ બે પુત્ર

ગયા, અને બીજી વાર અંબિકાને બદલે દાસી વ્યાસ પાસે ગઇ તેથી તેને વિદુર નામે પુત્ર થયો.

સત્યવતીએ પાંડુ અને ધૃતરાષ્ટ્રને ઉછેરી મોટા કર્યા. અને ભીષ્મને સોંપી તેમનું પાલન કરાવ્યું. ભીષ્મે તેમને પોતાના પુત્રોની માફક ઉછેર્યા અને રાજ્ય કારભારમાં હોંશિયાર બનાવ્યા. સત્યવતીને સર્વ રાજ્યમાતા તરીકે માનતાં. તે સામાન્ય માછીને ત્યાં ઉછરી મોટાં થયાં હતાં છતાં પણ રાજ્ય કારભારમાં હોંશિયાર થયાં હતાં. તે પછી વૃદ્ધ થતાં તેમનું મરણ થયું. તે વખતે પાંડુ અને ધૃતરાષ્ટ્ર હોંશિયાર થઇ ગયા હતા. વ્યાસ ભગવાન પાસે અંબિકા પ્રથમ ગઇ તે વખતે વ્યાસનું ભયંકર કાળું ને કદરૂપું રૂપ જોઈ તેણે આંખે પાટા બાંધી દીધા હતા તેથી તેનો પુત્ર ધૃતરાષ્ટ્ર જન્મથી આંધળો થયો હતો. અને અંબાલિકાએ જતાં વ્યાસના ભયંકર રૂપથી ઉદાસ બની ફીકાં પડી ગયાં હતાં. તેથી તેનો પુત્ર પાંડુ પીળો ને પાંડુરોગ વાળો થયો હતો.

દુ:શલા—જયદ્રથ.

દુ:શલા ધૃતરાષ્ટ્રની પુત્રી અને સિંધના રાજા જયદ્રથની સ્ત્રી હતી. દુ:શલા પતિવ્રતા હતી. પાંડવો અને કૌરવોને વેર થયું ત્યારે તેમજ કૌરવોએ દ્રૌપદીને સભામાં બોલાવી ત્યારે તેણે ભાઈઓને શિખામણ આપી હતી કે: “ભાઇઓ! તમે સતી દ્રૌપદી ઉપર કુદષ્ટિ રાખી, તમારી માને ઠેકાણે મોટી ભોજાઇને સતાવી એ સારૂં નહિ.” પાંડવો પણ આપણા ભાઈ છે, તેમની સાથે વેર કરવાથી તમારૂં બગડવા કાળ થયું છે. જયદ્રથ ક્રોધી અને લંપટ હતો છતાં પણ દુ:શલા તેના ઉપર પ્રીતિ રાખતી, પતિસેવા કરી તેને રાજી રાખવાને યત્ન કરતી. તે ઘરકામ તેમ રાજ્યકારભારમાં પણ કુશળ હતી. તે સત્ય બોલતી. તે જેમ ભાઇઓને સારી શીખામણ આપતી તેમ પતિને પણ સારી શીખામણ આપતી. જયદ્રથ જ્યારે વનમાં જઇ દ્રૌપદીનું હરણ કરી, ભીમનો માર ખાઇ ઘેર પાછો આવ્યો હતો ત્યારે તેને દુ:શલાએ કહ્યું કે “તમારે શું નથી કે તમે પારકી સ્ત્રીઓ પ્રતિ કુદષ્ટિ કરો છો? તમે દ્રૌપદીના

નણદોઇ થઇ તેના ઉપર નજર બગાડી પણ ભીમ તમને હવે ઝંપવા દેશે નહિ. પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરનારનો નાશ થયા વગર રહેતો જ નથી. તમે આ શું કર્યું ? "

જ્યારે કૌરવ પાંડવો વચ્ચે યુદ્ધ થયું ત્યારે પણ તેણે જયદ્રથને ક્ષત્રિયને છાજે તેવું પાણી ચઢાવી રણમાં મોકલ્યો હતો. દુઃશલા પવિત્ર હૃદયની, નમ્ર અને વિવેકી હતી. સર્વની સાથે સંપ અને સ્નેહ રાખી વર્તતી.

માલતી—ઉપબર્હણ.

માલતી એ ગંધર્વોના રાજા ચિત્રસેનની પુત્રી હતી. તેને નાનપણમાં નીતિનું શિક્ષણ આપી વ્યવહાર અને વિદ્યાકળામાં નિપુણ બનાવી હતી. નાનપણમાંથીજ તે રૂપાળી અને સ્નેહાળ હતી. તેને તેના પિતાએ ઉપબર્હણ નામના ગંધર્વ સાથે પરણાવી હતી. તે સતી હતી. પતિવ્રતપણાનું પાલન કરી પતિની આજ્ઞામાં રહી પતિસેવા કરીને પતિને પ્રસન્ન રાખતી.

એક વખતે બ્રહ્મલોકમાં અપ્સરાઓનું નૃત્ય થતું હતું. તેમાં રંભાનું રૂપ, અને નૃત્ય જોઇ ઉપબર્હણને તેના ઉપર મોહ પ્રકટ્યો. તે જોઇ બ્રહ્માએ તેને શાપ આપ્યો કેઃ " તેં શરમ મૂકી સભાનું અપમાન કર્યું માટે તારૂં મોં ન બતાવ, અહીંથી જા ? " એમ કહી શિક્ષા કરી તે અપમાનથી ઉપબર્હણ મૂર્છા ખાઇ પૃથ્વી ઉપર પડ્યો. આ વાત માલતી જાણી ઘણી દુઃખી થઇ, પતિને ગળે વળગી રડકકળ કરવા લાગી. તેણે બ્રહ્મા પાસે પતિના અપરાધની માફી માગી. પતિ વિયોગે બળી મરવા તૈયાર થઈ. આ પ્રમાણે તેને કલ્પાંત કરતાં જોઇ દેવોને તેના ઉપર દયા આવી અને ઉપબર્હણને મૂર્છા ઉતારી બેઠો કર્યો. આવી રીતે સતીએ પોતાના પતિવ્રતપણાથી દેવોની પાસે પતિને જીવતો કરાવ્યો અને દમ્પતી સુખથી રહેવા લાગ્યાં.

પદ્મા—પીપલાદ મુનિ

પૂર્વે અનરણ્ય રાજાને પદ્મા કરીને એક પુત્રી હતી. તે રૂપાળી અને ગુણવાન હોવાથી પીપલાદ નામના મુનિએ તેની માગણી કરી. મુનિ વૃદ્ધ હોવા છતાં પણ શાપના ભયથી રાજાએ તેમને પુત્રી પરણાવી. રાજકુંવરી છતાં તે પતિ સાથે વનમાં જઈ, પતિની પ્રેમથી સેવા કરવા લાગી. એક વખતે તેના પતિવ્રતપણાની પરીક્ષા કરવા ધર્મરાજા યુવાન રાજાનો વેશ લઇને પદ્મા નદીએ સ્નાન કરવા જતી હતી ત્યાં રસ્તામાં ઉભા રહ્યા અને તેને કહ્યું કેઃ " હે સ્ત્રી, તું વૃદ્ધ પતિને પરણી શું સુખ પામવાની છે ? તારૂં જીવન નકામું કેમ ગુમાવી દે છે, માટે તેને છોડી મારી સાથે આવ, અને રાજ્યવૈભવ ભોગવી આનંદ માન."

આ સાંભળી સતી પદ્માને ક્રોધ થયો અને કહ્યું કેઃ " અરે દુષ્ટ ! સતી સ્ત્રીના આગળ તને આવી વાત બોલતાં શરમ આવતી નથી ? ચાલ્યો જા અહિંથી ! આમ કહી તેણે જવા માંડયું પણ પેલા યુવાને તેને જવા ન દેતાં રસ્તો રોકી રાખ્યો તેથી તે ગુસ્સે થઈ બોલીઃ " અરે દુષ્ટ, દુર થા નહિ તો હું સતી છું. નાહક દુઃખી થઇશ." આમ કહી શાપ આપવા જતાં હતાં ત્યાં ધર્મરાજાએ પ્રકટ થઈ કહ્યું કેઃ "દેવી, હું તો તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. તમે સતી છો. હું વરદાન આપું છું કે તમારાં સઘળાં કાર્ય સિદ્ધ થાવ અને પતિપત્ની સુખ ભોગવો." સતીએ તેમને નમસ્કાર કર્યા અને ધર્મરાજા ચાલ્યા ગયા. આ પ્રમાણે સતી પદ્માએ પોતાના વૃદ્ધ પતિમાં પણ પ્રીતિ રાખી પતિસેવા કરી હતી. અને રાજ્યના લોભથી લોભાઈ અનીતિને માર્ગે જવાની ઇચ્છા કરી નહોતી. તેમણે પોતાનું ગૃહિણી તરીકેનું પદ શોભાવ્યું હતું.

પદ્મણી—જયદેવ.

પદ્મણી એ જગન્નાથપુરી પાસેના કીદુંબિલ્વ ગામના જયદેવ કવિની સ્ત્રી હતી. તે પતિવ્રતા હતી. જયદેવ એ ત્યાંના રાજદરબારનો કવિ હતો. રાણીઓ પદ્મણીને પણ ઘણીવાર પોતાની પાસે બેસવા બોલાવતી. એક વખતે એક રાણીનો ભાઇ મરી ગયો તેની

સાથે તેની સ્ત્રી સતી થઈ હતી તેની વાતો કરતાં હતાં અને કહેતાં હતાં કે 'તે કેવી પતિવ્રતા સ્ત્રી હતી.' પદ્મણીને તેમણે પૂછ્યું કે 'કેમ, ખઈને ?' તે સાંભળી પદ્મણીએ કહ્યું કે ' જે વખતે પતિનું મરણ તેની સ્ત્રી સાંભળે તેજ ક્ષણે જો ખરી સતી સ્ત્રી હોય તો દેહને છોડી દે છે. એજ ખરી પતિવ્રતા છે.' આથી રાણીને જરા ખોટું લાગ્યું ને પદ્મણીની પરીક્ષા લેવાનો વિચાર કર્યો.

એક વખતે રાજા અને જયદેવ કવી બહાર ગામ ગયા હતા. તેવામાં રાણીએ એવી વાત ઉડાવી કે જયદેવ કવી રાજા સાથે વનમાં ફરતા હતા ત્યાં વાઘે તેમના પ્રાણ લેઇ લીધા. આ વાત પદ્મણીના સાંભળવામાં આવતાંજ તેનો જીવ ઉડી ગયો અને શબવત થઇ પડી. આ જાણી રાણી મહા ખેદ કરવા લાગી. તેજ વખતે રાજા અને જયદેવ પાછા આવ્યા અને પદ્મણીના મરણની વાત જાણી જયદેવે ઘેર જઈ પત્નીના શબ પાસે બેસી રડવા માંડ્યું. રાણીના અપરાધથી આ બન્યું તે વાત રાજાએ જાણી રાણીને ઘણો ધિક્કાર આપ્યો. સતીનું મરણ વગર અપરાધે થયું જાણી રાજા મરવા તૈયાર થયો તેથી જયદેવે તેને શાંત પમાડી તેમ ન કરવાની વિનંતિ કરી. પછી પોતે પોતાની સ્ત્રીના શબ પાસે બેસી ગીતગોવીંદ એવા મધુર ને કરૂણ રસમાં ગાઇ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી કે તે અષ્ટપદી પૂર્ણ થતાં જ પદ્મણીએ આંખ ઉઘાડી અને આળસ મરડી બેઠી થઈ. આથી તેનો પતિ, રાજા, રાણી અને સર્વ પ્રજાજનો ખુશી થયાં. સર્વ કોઈ તેનાં વખાણ કરવા લાગ્યાં. સતી સ્ત્રીઓ આવી હોય છે તે પોતાના પતિના ઉપર એટલો બધો પ્રેમ રાખે છે કે તેનો વિયોગ સહન કરી શકતી નથી. આ પ્રમાણે પદ્મણી પોતાનું પતિવ્રત પાળી પતિની સેવા કરવામાં આનંદ માનતી હતી.

સત્યભામા.

સત્યભામા એ પૂર્વે થઇ ગયેલા સત્રાજીત રાજાની પુત્રી હતાં. તે રૂપાળાં, બુદ્ધિમાન, નીતિવાન, શાંત, અને આનંદી હતાં. નાનપણમાં માબાપની પાસેથી યોગ્ય શિક્ષણ મેળવ્યું હતું. તેમનું લગ્ન શ્રીકૃષ્ણની સાથે થયું હતું. તે વખતે પ્રયાગના રાજા નર્કાસુરે સોળ હજાર કુંવારી કન્યાઓનું હરણ કરી જઇ પોતાને ત્યાં ભેગી કરી હતી. તે પ્રજા ઉપર ઘણો જુલમ કરતો હતો. દેવો અને ઋષિઓને

સંતાપતો હતો. તેથી ઈંદ્રના કહેવાથી શ્રીકૃષ્ણ સત્યભામા સાથે તેની સાથે યુદ્ધ કરવા ગયા હતા. કૃષ્ણને જોઇ નરકાસુર શિવનું આપેલું ત્રિશૂળ લઈ તેમની સાથે લડવા આવ્યો. સત્યભામાએ ત્રિશૂળ આવતું જોઇ કૃષ્ણને ચેતાવ્યા એટલે કૃષ્ણે સુદર્શન ચક્રવડે તેનું માથું ઉડાવી દીધું. આથી કૃષ્ણે સત્યભામા ઉપર પ્રસન્ન થઈ સ્વર્ગમાંથી કલ્પવૃક્ષ લાવી તેમના બાગમાં રોપી તેમને રાજી કર્યાં હતાં.

સત્યભામા પતિ ઉપર અત્યંત પ્રેમ રાખતાં. તે યુદ્ધ વખતે પતિની સાથે ઘણીવાર જતાં. પણ જરા રીસાળ હતાં. એક વખતે નારદે આપેલું પારીજાતકનું ફુલ કૃષ્ણે રૂક્મિણીને આપ્યું તેથી સત્યભામાને રીસ ચડી હતી. તેથી તેમને રાજી કરવા કૃષ્ણે પારીજાતકનું આખું વૃક્ષ સ્વર્ગમાંથી ઉપાડી તેમને બારણે રોપી તેમને પ્રસન્ન કર્યાં હતાં. જ્યારે પાંડવોને લાખાગૃહમાં બળી ગયાની વાત કૃષ્ણે જાણી ત્યારે સ્યમંતકમણિ સત્યભામાને સોંપી; તેમને પીયેર મોકલી પોતે હસ્તિનાપુર ગયા. આ વખતે શતધન્વા રાજાએ શત્રાજીત ઉપર ચડાઈ કરી તેને મારી સ્યમંતકમણિ લઇ ગયો. આ વાત કૃષ્ણને સત્યભામાએ કરી તેથી કૃષ્ણે શતધન્વાને મારી મણિ લાવી પોતાની પત્નીને આપ્યો.

સત્યભામા અને કૃષ્ણની પરસ્પર ઘણી પ્રીતિ હતી. સ્ત્રીને રાજી રાખવા કૃષ્ણે કેટલું સહન કર્યું હતું અને પતિ ધર્મ બજાવ્યો હતો તે આ ઉપરથી સમજાશે. સત્યભામાને દ્રૌપદીએ પતિવ્રતાના ધર્મ વિષે બોધ આપ્યો હતો. શ્રીકૃષ્ણની પાછળ સત્યભામા સતી થયાં હતાં. સત્યભામાએ પોતાના પ્રેમથી પોતાના પતિ શ્રીકૃષ્ણ જેવાને પણ જીતી લીધા હતા.

કાલિંદી—યમુના

કાલિંદી પણ શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક સ્ત્રી હતી. તેમનું રૂપ સુંદર અને તેજસ્વી હતું. તે બુદ્ધિવાન અને દયાળુ હતાં. તે પોતાને શ્રીકૃષ્ણ પતિ મળે એ ઇચ્છાથી યમુનાજીને કિનારે તપ કરતાં હતાં. એક વખતે કૃષ્ણ મૃગયા રમવા અર્જુનની સાથે વનમાં ગયા હતા ત્યાં આ સ્ત્રીને તપ કરતી જોઇ. કૃષ્ણે તેને કોણ છે અને કેમ તપ કરે છે તે પૂછ્યું. તેની શ્રીકૃષ્ણ સાથે વરવાની

વાત જાણી તેને પોતે દ્વારકામાં તેડી ગયા અને તેની સાથે લગ્ન કર્યું. આ સતીએ પતિવ્રતપણાનું પાલન કરી પતિસેવા કરી પતિની પ્રીતિ સંપાદન કરી હતી. તે પોતાની બીજી શોક્યો સાથે બેન તરીકે વર્તતાં. તેમના ઉપર કૃષ્ણની બીજી બધી સ્ત્રીઓની સારી પ્રીતિ હતી, તેનું બીજું નામ યમુનાજી પણ હતું. તે હંમેશાં પતિની આજ્ઞાનું પાલન કરી પતિસેવા કરવામાં ધન્યભાગ્ય માનતાં હતાં.

———:o:———

સરમા—વિભિષણ.

સરમા એ શૈલુષ ગંધર્વની પુત્રી અને વિભિષણની પત્ની થાય. તેનો જન્મ માનસરોવરની પાસે થયો હતો. તે સુંદર, બુદ્ધિવાન ઉદાર અને ધાર્મિક હતી.વિભિષણ પવિત્ર અને ધાર્મિક હતો તેની અસર સરમામાં પણ હતી. તે એક વચની, સત્ય બોલનાર, નીતિથી ચાલનાર અને પતિ સેવા કરી આનંદમાં રહેનાર હતી. રાવણ સીતાને હરી લાવ્યો ત્યારે તેને ઘણો ખેદ થયો હતો. તેણે રાવણને તે વખતે કહ્યું હતું કે: સીતા સાક્ષાત શક્તિરૂપ છે, તેને તમે હરણ કરી લાવ્યા તે ઘણું ખોટું કર્યું છે. પરસ્ત્રી સામી જે કુદૃષ્ટિ કરે છે તેનો નાશ થાય છે. માટે મારૂં માની સીતાને પાછી સોંપો.' છતાં રાવણે માન્યું નહિ ત્યારે તેણે પોતાના પતિને કહ્યું કે: હે પ્રિય ! આપના ભાઈ રાવણે સીતાને હરી લાવી ઘણુંજ અઘટીત કામ કર્યું છે. અધર્મ માર્ગે ચાલનાર ભાઇ હોય કે બાપ હોય પણ તેનો ત્યાગ કરવો જોઇએ. માટે આપ તેમને સમજાવો અને થતા અનિષ્ટથી બચાવો."

તે સીતા પાસે અશોક વાટિકામાં જઇ તેમને ધીરજ આપતાં સીતાને ત્યાં દુઃખ પડે નહિ તેની તપાસ રાખતાં. અને સીતાને દેવી તુલ્ય માન આપી સેવા કરતાં. રાવણને માર્યા પછી રામે વિભિષણને લંકાની ગાદી આપી તે વખતે પણ સરમા ધર્મનું પાલન કરી પતિને સહાય આપતી. પતિ પાસે ઇશ્વરભક્તિ કરવામાં તે ઘણો કાળ ગાળતી. તેણે ધર્મ અને નીતિને રસ્તે ચાલી પતિની સેવા કરવામાં પોતાનું જીવન સાર્થક્ય માન્યું હતું. તેણે ઉત્તમ ગૃહિણીપદ નભાવ્યું હતું.

અંજની—પવનજય—હનુમાન.

અંજની એ મહેંદ્ર રાજાની પુત્રી અને પ્રલ્હાદના પુત્ર પવનજયની સ્ત્રી હતી. તે સુંદર, વિદ્યામાં નીપુણ, નિર્મળ મનની. દયાળુ અને પતિવ્રતા હતી. તે હંમેશાં પતિ ભક્તિ પરાયણ રહેતી. તેનો પતિ પવનજય અહંકારી હતો તેથી તેની સંભાળ લેતો નહિ. તેથી તે હંમેશાં તપ કરી સદાશીવની આરાધના કરતી.

એક વખતે રાવણે પ્રલ્હાદ પાસે વરૂણની સાથે યુદ્ધ કરવામાં મદદ માગી તેથી કુમાર પવનજયને તેની મદદે મોકલ્યો. તે પોતાની સ્ત્રી અંજનીને જતી વખતે પણ મળ્યો નહિ. પવનજય જતો હતો ત્યાં રસ્તામાં રાત પડતાં એક સરોવરના કિનારે મુકામ નાંખ્યો. ત્યાં એક ચક્રવાદી પોતાના પતિના વિયોગથી રડતી હતી. તેને જોઇ તેને પોતાની પત્ની અંજની ઘણા વર્ષે સાંભળી. તેથી તે રાત્રે તે પાછો આવ્યો અને સ્ત્રી અંજનીને પોતાના સમાગમથી સુખી કરી. સવારે તે જવા લાગ્યો. ત્યારે અંજનીએ કહ્યું કે: "વ્હાલા, તમે તો જાઓ છો, પણ મને રહેલો ગર્ભ વૃદ્ધિ પામશે તો હું શો જવાબ આપીશ.' તેથી પવનજયે તેને પોતાની મુદ્રિકા આપી કહ્યું કે: "તારે બીક ન રાખવી હું યુદ્ધમાં શત્રુને જીતી તરત પાછો આવીશ." આમ કહી પવનજય ચાલ્યો ગયો. તેના ગયા પછી અંજનીને ગર્ભ રહ્યાની વાત તેની સાસુએ જાણી તેનો તિરસ્કાર કરી કહ્યું કે: "અરે દુષ્ટા મારો પુત્ર તો યુદ્ધે ગયો છે અને તને ગર્ભ ક્યાંથી રહ્યો ? તેં મારા કુળને કલંક લગાડયું. અંજનીએ આ સાંભળી પતિના સમાગમની વાત કહી પણ તેની વાત કોઇએ સાચી માની નહિ. અને તેથી પ્રલ્હાદે તેને તેના બાપને ત્યાં મોકલી, બાપે પણ તેને સંગ્રહી નહિ. તેથી તે વનમાં શંકરનું ધ્યાન ધરતી રહેવા લાગી.

એમ કરતાં પૂરા માસે અંજનીને એક ગુફામાં પુત્રનો જન્મ થયો. આ વખતે તે દુઃખથી રડવા લાગી જેથી ત્યાં થઇ જતા પ્રતિસૂર્ય નામના વિદ્યાધરે આવી તેને આશ્વાસન આપી પોતાની બેન સમાન ગણી પોતાની હનુસહન નગરીમાં લઈ ગયો. પછી પુત્રનું નામ હનુમાન પાડયુ. નાનપણમાં માતા અંજનીએ હનુમાનને નીતિ

અને ધર્મ સંબંધી કેળવણી આપી. પવનજય જ્યારે યુદ્ધમાંથી ઘેર આવ્યો ત્યારે અંજનીને ન જોઇ. તે પોતાની પત્નીને કાઢી મૂકયાની વાત જાણી ઘણો દુ:ખી થયો અને અંજનીને ખોળવા વનમાં ભટકવા લાગ્યો. છેવટે પત્ની ન મળતાં તે બળી મરવાનો વિચાર કરવા લાગ્યો. તે વાત તેના બાપ પ્રલ્હાદે જાણી તે પુત્ર પાસે આવ્યો તેમજ પ્રતિસૂર્યને પણ અંજનીના વિયોગે પવનજય બળી મરે છે એવી ખબર મળી તેથી તે પણ અંજનીને લઈ ત્યાં આવ્યો. તેથી અંજનીને જોઈ સર્વ હર્ષ પામ્યા. પુત્ર હનુમાનને જોઈ પવનજય આનંદ પામ્યો. અને વગરકારણે અંજનીને દુ:ખ આપ્યું તેથી રાજા પ્રલ્હાદ અને તેનો બાપ દીલગીર થયાં.

પવનજય પોતાની પત્ની અંજની અને પુત્ર હનુમાનને લઇ નગરમાં આવ્યો. સર્વેને આનંદ થયો. અંજનીની સાસુ કેતુમતીએ દીલગીરી બતાવી. અંજનીએ પોતાના ભાગ્યનો દોષ માની સર્વનું સમાધાન કર્યું. હનુમાન જેવા પરમભક્ત અને બળવાન પુત્રથી અંજનીને સર્વ કોઇ ધન્યવાદ આપવા લાગ્યા. અંજની સાસુની સેવા કરતી તેમ પતિની આજ્ઞાનું પાલન કરતી હતી. તે પુત્રને ઉછેરી તેને બળવાન બનાવી ધર્મનિષ્ટ બનાવવામાં કાળજી રાખતી. પછી પવનજયે પણ અંજનીને પોતાના પ્રાણતુલ્ય વ્હાલી માની તેની સાથે રહી સુખ ભોગવ્યું હતું. અંજની સતિ હતી. પતિએ તેનો ત્યાગ કર્યો હતો છતાં પણ પોતાના પતિવ્રતપણાને લીધે પતિને મેળવી પતિના પ્રેમને મેળવી સુખી થઈ હતી. તેણે હનુમાન જેવા વીર પુત્રને જન્મ આપી જગતમાં અમર નામ રાખ્યું છે. હનુમાને રામની સેવા કરી સીતાજીની શોધ કરવામાં રામચન્દ્રજીને મદદ કરી હતી. તે રામના પરમ ભક્ત થઇ ગયા છે. આજે લોકો તેની દેવતુલ્ય પુંજા કરે છે.

મૂર્તિ-ધર્મ

મૂર્તિ એ દક્ષ પ્રજાપતિની પુત્રી અને ધર્મઋષિની પત્ની હતાં. સતી સાત્વિક, સૈંદર્યવાન, ઉદાર અને તેજસ્વી હતાં. તેમણે રાજસુખ કરતાં પતિ સાથે વનમાં રહી પતિસેવા કરવાનું સારૂં ગણ્યું હતું. તેમણે પોતાના પતિ સાથે હિમાલય ઉપર રહી તપ કર્યું હતું. તેમને તેર શોકયો

હતી તે સર્વ સાથે તે પોતાની બ્હેનો જેવું વર્તન રાખતાં. પતિની સેવા કરી તેમણે પતિની પ્રીતિ સંપાદન કરી હતી. તે ઉદાર અને ધર્મિષ્ટ હતાં. તે દુઃખીઓને મદદ કરતાં, પોતાને ત્યાં આવનાર અતિથીનો સત્કાર કરતાં. તે પોતાના આશ્રમની બાળાઓને ઉપદેશ આપતાં કે:—બ્હેનો સ્ત્રીઓને તરવાનો માર્ગ નીતિનું પાલન કરવું અને શીયળને પ્રાણથી પણ વધુ ગણી પાળવું એ છે. પતિના પ્રેમના પાત્રરૂપ બની તેમને પોતાના શિરછત્ર તરીકે માની સેવવા જોઇએ. સ્ત્રીઓએ સહનશીલતા રાખી ધીરજ અને નમ્રતાથી વર્તવું. વિવેક અને વિનય રાખવો. ઉદાર દીલ રાખી શાંત રહેવું. આ પ્રમાણે તે ઘણી સ્ત્રીઓને સુધારવા બોધ દેતાં.

તેમને નર અને નારાયણ નામે બે પુત્રોનો જન્મ થયો હતો. તે ઈશ્વરાવતાર મનાય છે. તે બંને પુત્રો હિમાલયમાં જઇ તપ કરતા હતા. સતીનું ધ્યાન હંમેશાં બ્રહ્મમાં લીન રહેતું. તેમણે પતિસેવા કરી ઉત્તમ ગૃહિણીપદને શોભાવ્યું હતું. પતિની પ્રીતિ તેમના ઉપર અત્યંત હતી.

શ્રધ્ધા—અંગિરા

શ્રદ્ધા એ કર્દમ પ્રજાપતિનાં પુત્રી હતાં. તે સ્વરૂપે સુંદર, તેજસ્વી, ગુણવાન, ધાર્મિક, શાંત અને તત્વજ્ઞ હતાં. તે કપિલમુનિનાં બેન અને દેવોના ગુરૂ બ્રહસ્પતિનાં માતા થાય. તેમનાં લગ્ન બ્રહ્માના માનસ પુત્ર અંગિરા ઋષિ જોડે થયાં હતાં. બંને પતિ પત્ની વચ્ચે અત્યંત પ્રેમ હતો. પતિના ઘણા ગુણો આ સતીમાં આવ્યા હતા. તે પોતાને ત્યાં આવતા અતિથિનો પ્રેમથી સત્કાર કરતાં ને કહેતાં કે પરોપકાર કરવો એ મોટું પુણ્યનું કામ છે. આ ગૃહસ્થાશ્રમમાં જેટલો પરોપકાર કરવા ધારીએ તેટલો થઈ શકે છે. સ્ત્રીએ પોતાના પતિને ગૃહસ્થાશ્રમમાં મદદ કરવી જોઇએ. તેમને બ્રહસ્પતિ નામના મહાસમર્થ પુત્ર થયા હતા, તે પોતાની માતાને હાથે શિક્ષણ લઈ વેદવેત્તા અને સમર્થ થયા હતા. તે દેવોના ગુરુ બન્યા હતા. તે હંમેશાં પતિને રાજી રાખવા, પતિની પ્રીતિ સંપાદન કરવા તત્પર રહેતાં. તે ગૃહકામમાં કુશળ હતાં. પોતાના પુત્રને ઉત્તમ કેળવણી આપી જગતમાં પોતાનું નામ અમર કરી ગયાં છે.

સત્યવતી—રૂચીક

સત્યવતી એ પૂર્વે થઈ ગયેલા કાન્યકુબ્જ દેશના ગાધિ રાજાનાં પુત્રી હતાં. તે સ્વરૂપે સુંદર, નીતિવાળાં, ધર્મિષ્ટ, દયાળુ અને શાંત ગુણી હતાં. એમના ભાઇનું નામ વિશ્વામિત્ર હતું. વિશ્વામિત્ર એ સમર્થ ઋષિ થઈ ગયા છે. સત્યવતી ગુણ અને રૂપમાં ઉત્તમ છે એમ માની ઋચિક ઋષિએ તેમના પિતા પાસે જઇને તેમની માગણી કરી. આ વખતે જો પોતાની પુત્રી મુનિને ન પરણાવે તો મુનિના શાપનો ભય અને પરણાવે તો ઉત્તમ કોમલાંગી પુત્રીને વનમાં જઈ દુઃખ વેઠવું પડે તે વિચારથી રાજા ચિંતામાં પડયા. પોતાના પિતાને આવી રીતે ધર્મસંકટમાં આવેલા જોઈ સત્યવતીએ ખુશીથી ઋષિને પરણી રાજ્યના કરતાં વનમાં જઇ તપ કરવાની મરજી જણાવી. તેથી સત્યવતીનાં લગ્ન ઋચિક ઋષિ સાથે કર્યાં. ઋચિક રૂષિએ હજાર કાળા કાનવાળા ધોળા ઘોડા પોતાના સસરાને લાવી આપ્યા. સત્યવતી પતિ સાથે વનમાં જઈ ગૃહસ્થાશ્રમ ચલાવવા લાગી. વનમાં જઇ તે વલ્કલ પહેરી પતિના કામમાં મદદ કરી તેમની પ્રીતિ સંપાદન કરવા મથતી.

એક વખત ભૃગુઋષિ તેમના આશ્રમમાં આવ્યા. તેમની સત્યવતીએ ઉત્તમ પ્રકારે સેવા કરવાથી મુનિ ખુશી થયા અને વરદાન માગવાનું કહ્યું: તેથી સત્યવતીએ પોતાના પિતાને અને પોતાને પુત્ર થાય તેવી માગણી કરી. ઋષિના વરદાનથી સત્યવતીને પુત્ર થયો તેનું નામ જમદગ્નિ પાડયું. અને તેમના પિતા ગાધીરાજાને પુત્ર થયો તેનું નામ વિશ્વામિત્ર પાડયું.

સતિએ પુત્રને ઉછેરી મહાસમર્થ બનાવ્યા હતા. જેમણે સહસ્રાર્જુન સાથે યુદ્ધ કર્યું હતું. જમદગ્નિને મહાસમર્થ પુત્ર પરશુરામ થયા હતા જેમણે પોતાના બળથી એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય બનાવી હતી. આવી રીતે સતી સત્યવતીએ પતિની સેવા કરી ઉત્તમ પુત્રને જન્મ આપ્યો, તે પુત્ર સમર્થ ઋષિ થઈ ગયા છે તેમના યશથી અત્યારે સતિનું નામ અમર થઈ ગયું છે.

શુચીસ્મીતા—કરુણમુની

આ સતિ મહાત્મા કરુણ મુનિનાં પત્ની હતાં. પૂર્વે ધનંજય બ્રાહ્મણના કરુણ મુનિ પુત્ર થતા હતા. ધનંજયને સો સ્ત્રીઓ હતી. કરુણમુનિનો તેમના બીજા ભાઇઓ દ્વેશ કરતા હતા. એક વખતે કરુણમુનિ નૃસિંહજીનાં દર્શન કરવા જતા હતા તે વખતે એક બ્રાહ્મણના હાથમાંનું ફળ તેમણે સુંઘ્યું. તેથી તે બ્રાહ્મણે તેને શાપ આપ્યો કે તું સો વર્ષ સુધી મધમાખી થઇશ. આ વખતે કરુણનું લગ્ન શુચિસ્મિતા સાથે થયું હતું. સતિ પોતાના પતિની સેવા કરી તેમને રાજી રાખતાં. બંનેને પરસ્પર સારી પ્રીતિ હતી. કરુણ મુનિએ ઘેર આવી પોતાની પત્નીને શાપની વાત કહી. જેથી સતિએ કહ્યું: કે પતિ ગમે તે અવસ્થામાં હોય છતાં પત્નીએ તેને ઇશ્વર માની સેવા કરવી જોઇએ. તેમ હું તમારી સેવા કરીશ. થોડીવારે મુનિ મધમાખ બની ગયા. તેને શુચિસ્મિતા પોતાના પ્રાણની માફક પાલન કરવા લાગી. કરુણ મુનિના ભાઇઓ આ વાત જાણી રાજી થયા. તેમણે લાગ જોઇ મધમાખીને ઉકળતા તેલમાં નાંખી તેથી તે માખી મરી ગઇ, આ જાણી શુચિસ્મતાએ રડીને ઘણું કલ્પાંત કર્યું. એવામાં સતિ અરૂંધતી ત્યાં આવ્યાં અને સતિને દીલાસો આપી તેના પતિને મૃત્યુંજય મંત્રવડે મધમાખીના રૂપે જીવતો કર્યો.

પાછી સતિ તે મધમાખીને પતિ માની સેવા કરવા લાગી. ફરી સો વર્ષે પાછી તેમના ભાઇએ તે મધમાખીને મારી નાંખી. તેથી સતી મરેલી માખને લઈ દધીચીમુનિ પાસે લઈ ગઈ. સતિના કલ્પાંતથી મુનિએ કરુણમુનિને મનુષ્ય રૂપે જીવતા કર્યા અને શાપનો અંત આવ્યો. તે પછી સતી શુચિસ્મિતા પતિ સાથે રહી આનંદ માનવા લાગી. આ પ્રમાણે પતિની ગમે તેવી સ્થિતિમાં પણ સતિ સ્ત્રીનો પ્રેમ તેના ઉપર જેવો ને તેવો જ રહે છે.

ચન્દ્રકાંતાએ આ પ્રમાણે કહી આજે બંધ રાખ્યું અને સતિ સ્ત્રીઓ ઉત્તમ ગૃહિણીપદને શી રીતે નભાવી શકે છે તે વિષે સતિ સ્ત્રીઓના જીવનમાંથી દરેક સ્ત્રીએ પોતાના જીવનમાં તેમની વર્તણુંક ઉતારવી જોઇએ એમ કહ્યું.

આ પછી સર્વ સ્ત્રીઓ ચન્દ્રકાંતાનો ઉપકાર માનતી પોત-પોતાને ઘેર ગઇ.



પ્રકરણ ૧૦ મું.

સ્ત્રીઓને સંસારમાં સ્વર્ગીય સુખ શી રીતે મળે.

બીજે દિવસે નિયમ પ્રમાણે સવ સ્ત્રીઓ ચન્દ્રકાંતાને ત્યાં આવી. તે સર્વને આવેલી જોઈ ચન્દ્રકાન્તાએ રોજની માફક કહેવા માંડ્યું કેઃ જુઓ બ્હેનો, આપણે સ્ત્રીઓ જો ધારીએ તો આ સંસારમાં સ્વર્ગના જેવા સુખને પણ મેળવી શકીએ છીએ. આપણે ઉત્તમ વિચારોનું સેવન કરી, દૈવિ ગુણોને ધારણ કરી આ મૃત્યુલોકમાં પણ સ્વર્ગીય આનંદને ભોગવી શકીએ તેમ છે. આ જગતમાં દુઃખ પણ આપણે જ ઉપજાવીએ છીએ અને સુખ પણ આપણા જ કૃત્યથી મેળવી શકીએ છીએ. જુઓ બ્હેનો, પૂર્વે થઇ ગયેલી સતિ સ્ત્રીઓ પોતાના શુદ્ધ અને પવિત્ર આચરણથી પતિસેવા કરી કેવા આનંદને મેળવી શકતી. આપણા સર્વ સુખના આધારરૂપ પતિની સેવા કરી, તેમને રાજી રાખવા સર્વદા યત્ન કરવો. ઘરમાં શાંત રહેવું, સર્વના ઉપર સ્નેહ રાખવો, સર્વની સાથે સંપ રાખવો, ઘરનાં બીજાં માણસો સાથે પણ સ્નેહથી વર્ત્તવું. ક્રોધને કદી પણ ન કરવો, હંમેશાં આનંદમાં રહેવું. પોતાની સ્થિતિ અનુસાર રહેવું. સંસારના પદાર્થો નાશવંત છે માટે તે જાય કે આવે તેમાં હર્ષ કે શોક ન કરવો એ સર્વ સ્ત્રીઓને સ્વર્ગનું સુખ આપનાર છે.

ઉત્તમ સ્ત્રી પતિની કંગાલ અવસ્થામાં ઝુંપડીમાં રહીને પણ પતિસેવા કરી, પતિને પ્રસન્ન રાખી સુખ ભોગવી શકે છે. જ્યારે મોટા મહેલમાં રહી પુષ્કળ ધન વૈભવ ભોગવવા છતાં પણ પતિના

ઉપર પ્રીતિ ન રાખનારી સ્ત્રી કંકાશ કરી હંમેશાં દુઃખી રહે છે અને પતિને દુઃખ આપે છે. પતિને સંકટ વખતે પણ જે સ્ત્રી પોતાના પ્રેમ અને આનંદથી પતિનું સંકટ ભૂલાવી આનંદ આપી શકે છે તે ઉત્તમ સ્ત્રી છે. પતિના આગળ હંમેશાં હસમુખો સ્વભાવ રાખવો. કદી કોઇ વસ્તુની આપણે જરૂર હોય અને પતિ ન લઇ આપે તો પણ તેમના ઉપર રોષ ન રાખતાં પ્રીતિ જેવી ને તેવી કાયમ રાખવી. પતિની સેવા કરી પતિની અર્ધાંગનાને સાર્થક કરી પતિમય થઈ જવું જોઇએ. પતિના વિચાર તેજ તેની પત્નીના હોવા જોઇએ. પતિને અનુકુળ વર્તન રાખવું જોઇએ. પરપુરુષનું મનમાં પણ સ્મરણ કરવું નહિ, વિવેક મૂકી તેની સાથે બોલવું ચાલવું નહિ. સદા પતિની પ્રીતિ મેળવવામાં જ મન રાખવું એ આ સંસારમાં સ્વર્ગીય સુખનો અનુભવ કરાવનાર છે. પૂર્વે થઈ ગયેલી સતીઓનાં જીવનચરીત્ર સાંભળી આપણે તે પ્રમાણે વર્તીએ તો જરૂર આપણે પણ સ્વર્ગીય સુખને મેળવી શકીએ છીએ.

શશીકળા સુદર્શન.

કાશીના રાજા સુબાહુની પુત્રીનું નામ શશિકળા હતું. તે નાનપણમાંથી સદ્‌ગુણી, સુશીલ અને સૌંદર્યવાળી હતી. અયોધ્યાના રાજા ધ્રુવસંધિનો પુત્ર સુદર્શન, ભરદ્વાજ મુનિના આશ્રમમાં રહેતો હતો, તે રૂપાળો, શૂરવીર અને વિદ્વાન હતો તે વાત શશિકળાએ જાણી તેની સાથે પોતાનું લગ્ન થાય તો સારૂં એવી ઇચ્છા તેણે તેની માને બતાવી. શશિકળાની માએ તે વાત પોતાના પતિને કરી જેથી રાજા સુબાહુએ કહ્યું કે: તે કુળવાન છે પણ તેના ઓરમાન ભાઈ શત્રુજીતના દાદા યુદ્ધાજીતે તેને રાજભ્રષ્ટ કરી કાઢી મૂક્યો છે. તે તેને મારવા ફરે છે. તેથી રાજ્યથી ભ્રષ્ટ થઇ તેની મા સાથે વનમાં રહે છે તેની સાથે પરણાવવાથી કુંવરીને શું સુખ આવવાનું છે? આ વાત શશિકળાએ જાણી કહ્યું કે: મેં સ્વપ્નમાં એમનાં દર્શન કર્યા છે ત્યારથી હું એમને વરી ચૂકી છું માટે બીજાની સાથે હવે હું લગ્ન કરવાની નથી. તે શશિકળા ઉમ્મરે આવતાં તેને માટે રાજાએ સ્વયંવર રચાવ્યો. તેમાં યુધાજીત તથા શત્રુજીત પણ

આવ્યા. શશિકળાએ તે દિવસે સુદર્શન પણ ત્યાં આવે તે માટે બ્રાહ્મણ સાથે તેને સંદેશો મોકલ્યો.

સંદેશો સાંભળી સુદર્શન સ્વયંવરમાં જવા તૈયાર થયો પણ તેની મા મનોરમાએ ત્યાં ન જવા તેને જણાવ્યું, અને કહ્યું કે: તારો ઓરમાન ભાઈ તારી સાથે વૈર રાખે છે, તે પણ ત્યાં આવશે માટે આપણે જવું નથી. સુદર્શનને જગદંબા ઉપર શ્રદ્ધા હતી તેણે કહ્યું કે: દેવી મારૂં રક્ષણ કરશે માટે હું તો જઈશ જ. ત્યારે મનોરમાએ પણ તેની સાથે જવાનું કહ્યું. તેથી મા દીકરો બંને સ્વયંવરમાં ગયાં.

સ્વયંવર વખતે રાજાએ શશિકળાને સ્વયંવરમાં જઈ પોતાને ગમે તે રાજાને વરમાળ આરોપવા કહ્યું, પણ તેણે કહ્યું કે: હું તો સભામાં જવાની નથી, જો તમે મારૂં હિત ઇચ્છતા હો તો સુદર્શનની સાથે મારૂં લગ્ન કરો. હું બીજા રાજાને મોં બતાવવાની નથી. આથી રાજા નિરાશ થયો અને સભામાં જઈ કહેવા લાગ્યો કે: મારી પુત્રી અહિં આવવા ના કહે છે માટે તમે સર્વ હવે પધારો. યુધાજીતે કહ્યું કે: તો પછી તમે બધા રાજાઓને અહિં કેમ તેડાવ્યા? જો તમે સુદર્શન વેરે તમારી પુત્રીને પરણાવશો તો હું તેને મારી તમારી પુત્રીને મારા ભાણેજ સાથે પરણાવીશ. આથી સુબાહુએ શશિકળાને ઘણી સમજાવી સ્વયંવરમાં આવવા કહ્યું, પણ તેણે તો કહ્યું: "હું તો સુદર્શન વગર કોઈને પરણવાની નથી. તમે અમારી ચિંતા ન કરશો. ભગવતી અંબા અમારી સહાય કરશે." આથી સુબાહુએ સ્વયંવરમાં સર્વ રાજાઓને બીજે દિવસે આવવાનું કહ્યું. એથી સર્વ રાજાઓ વેરાઈ ગયા અને સુબાહુએ શશિકળાનું લગ્ન સુદર્શન સાથે કર્યું. આ વાત જાણી સર્વ રાજા પોતાને ઘેર ગયા. પણ યુધાજીત તથા શત્રુજીતે તો દ્વેશથી સુદર્શનને મારી નાંખી શશિકળાનું હરણ કરવાનો નિશ્ચય કર્યો. આથી સુબાહુ શશિકળા તથા સુદર્શનને લશ્કર લઈ તેમની સાથે મૂકવા ગયો. રસ્તામાં સુદર્શનને આવતો જોઈ તાકી રહેલા યુધાજીતે તેમના ઉપર હુમલો કર્યો. બંને પક્ષ વચ્ચે મોટું યુદ્ધ થયું તેમાં દેવીના પ્રતાપથી યુધાજીત તથા શત્રુજીત હાર્યા અને રણમાં ઘવાયા. સુદર્શન શશિકળાને લઈ દેશમાં ગયો અને રાજ્યગાદી સંભાળી. શશીકળાએ પોતાના મનથી માનેલા પતિને પરણી સુખ ભોગવ્યું. સાસુઓની સેવા કરી તેમને સંતોષ આપ્યો. તે પતિવ્રતા હતી. પતિની પ્રીતિ સંપાદન કરી તેણે આનંદ ભોગવ્યો. તે સમજુ ગૃહકુશળ અને રાજ્ય વ્યવસ્થામાં પણ પતિને સલાહ આપનાર હતી.

ખન્ના–મિહિર.

પૂર્વે વિક્રમાદિત્યના દરબારમાં વરાહ નામે પંડિત હતો તેને મિહીર નામનો પુત્ર થયો. તેની કુંડળી જોવરાવી તો તેનું આયુષ્ય માત્ર દશ વર્ષનું હતું તેથી આ ટુંકા આયુષ્યવાળા પુત્ર સાથે માયા બાંધી દુ:ખી થવા કરતાં તેનો અત્યારથી ત્યાગ કરવો એ સારૂં, એમ માની પંડિતે તેને એક માટીના ઘડામાં મૂકી જળમાં ફેંકી દીધો. આ ઘડો એક ગરીબ માણસના હાથમાં આવ્યો. તેને પુત્ર નહોતો તેથી ઈશ્વરે આ પુત્ર આપ્યો એમ માની તે ઘડામાંથી પુત્રને ઘેર લઇ જઈ લાલન પાલન કરવા લાગ્યો.

મિહિરનું આયુષ્ય ૧૦ વર્ષનું નહિ પણ ૧૦૦ વર્ષનું હતું. તેના પિતાના જ્યોતિષની ગણત્રીમાં ફેર હતો. મિહિર મોટો થયો એટલે મુસાફરી કરતો કરતો લંકામાં જઈ ચઢયો. ત્યાં એક જોષીને ત્યાં મિહિર જ્યોતિષ શીખવા રહ્યો. ત્યાં તે પંડિતને ઘેર ખન્ના નામની પુત્રી હતી તેની સાથે મિહિર રહેવાથી બંનેમાં પ્રેમ બંધાયો. બંનેનો પ્રેમ જોઈ પંડિતે તેમનાં લગ્ન કર્યાં. અને મિહિર સાથે ખન્નાને વળાવી. ભાગોળે પંડિત વળાવા આવ્યા હતા તે વખતે એક ગાય પ્રસવની તૈયારીમાં હતી તે જોઈ ગુરુએ મિહિરની પરીક્ષા કરવા પૂછયું કે: આ ગાયને કેવા રંગની વાછડી આવશે ? તે મિહિર કહી શકયો નહિ. તેથી ગુરુએ કહ્યું કે હજુ તારો અભ્યાસ કાચો છે, માટે આ પુસ્તકો વાંચી અભ્યાસ પાકો કરજે. સમુદ્રમાં વહાણમાં બેસી જતાં તેને વિચાર આવ્યો કે: આટલા દિવસ અભ્યાસ કર્યો પણ હજુ જ્યોતિષ વિદ્યા ન આવડી તો હવે શું આવડવાની છે એમ કહી તેણે તે પુસ્તકો સમુદ્રમાં નાંખી દીધાં.

મિહિર પોતાના દેશમાં આવ્યો. વરાહ પોતાનો પિતા છે એમ ખબર પડતાં તે તેમની પાસે ગયો. બાપે તેને ઓળખી પુત્ર અને પુત્રવધુનો સત્કાર કર્યો. વરાહ જ્યોતિષમાં હોંશિયાર હતો પણ ઘણીવાર તેની ગણત્રી ખોટી પડતી. તે વખતે ખન્ના અંદર બેઠી બેઠી સસરાની ભૂલ સુધારી આપતી. ખન્ના પોતાના બાપ પાસે જ્યોતિષ શીખી હોંશીયાર થઇ હતી. એક વખતે રાજા વિક્રમે આકાશમાં કેટલા તારા છે તેની ગણત્રી કરી લાવવા વરાહને કહ્યું. વરાહ કાલે

જવાબ આપવાનું કહી ચિંતાતુર મોઢે ઘેર ગયો. ખનાએ સસરાનું મો ઉતરી ગયેલું જોઈ તેનું કારણ પૂછ્યું. વરાહે તારાની ગણત્રીની વાત કહી એટલે ખન્નાએ તે ગણત્રી કરી જવાબ આપ્યો. અને તે પ્રમાણે વરાહે રાજાને બીજે દિવસે જવાબ આપ્યો.

રાજાને ખબર પડી કે આ ગણત્રી વરાહની નહિ પણ તેના પુત્રની સ્ત્રી ખનાની છે, તેથી તેને બીજે દિવસે સભામાં બોલાવી લાવવાનો હુકમ કર્યો. વરાહે જાણ્યું કે: જો પુત્રવધુ આપણા કરતાં સભામાં હોંશિયાર ઠરશે તો આપણી આબરૂ જશે, માટે તેની જીભ કાપી નાંખવાનું મિહીરને કહ્યું. મિહીરનો ખન્ના ઉપર અત્યંત પ્રેમ હતો તેથી તે ગભરાયો, પણ ખન્નાએ તેને કહ્યું કે: 'શામાટે ગભરાવ છો ? પિતાની આજ્ઞાનું પાલન કરો, મને ખબર છે કે: એથીજ મારૂં મોત છે. જે થવા કાળ હશે તે થશે જ માટે ચિંતા ન કરો. આથી મિહિરે ખન્નાની જીભ કાપી નાંખી, તેથી ખના મૃત્યુ પામી. ખન્ના પતિસેવામાં કુશળ હતી. જ્યોતિષવિદ્યામાં સમર્થ હતી. પતિની આજ્ઞાનું પાલન કરવામાં, સાસુ સસરાની સેવા કરવામાં અને ગૃહકાર્યમાં કુશળ હતી. તેણે સસરાની આજ્ઞા માથે ચઢાવી પતિના હાથે મોત માગી લીધું હતું.

કલાવતી–સુચન્દ્ર.

કમળાના અંશરૂપ પિતૃઓની માનસી કન્યા કલાવતી હતી. તેનું લગ્ન સુચંદ્રરાજા વેરે થયું હતું. રાજાએ પોતાની પત્નિ સાથે પુષ્પભદ્રા નદીને કાંઠે એક હજાર વર્ષ સુધી રહી તપ કર્યું હતું. એક વખત પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં સુચંદ્રનો પ્રાણ નીકળી ગયો. તે જાણી કલાવતીએ ઘણી રડકકળ કરી મૂકી. પતિ વિયોગથી તે ઘણી જ દુઃખી થઇ આક્રંદ કરવા લાગી. તે સતી હતી, તેના દુઃખથી બ્રહ્મા ત્યાં આવ્યા અને રાજાને સજીવન કર્યો. સતીના પ્રતાપથી પતિ જીવતો થયેલો જોઈ તે ઘણી ખુશી થઈ. રાજાને બ્રહ્માએ વરદાન માગવાનું કહ્યું તેથી તેણે મોક્ષ મળે તેવું વરદાન માગ્યું, તેથી કલાવતીએ કહ્યું કે: ભગવન્, જ્યારે તમે તેમને મોક્ષ આપશો તો પછી પતિવગર મારી શી ગતિ ? સતિ

સ્ત્રીઓને પતિસેવા જ કલ્યાણ આપનારૂં છે. પતિસેવા વગરનાં સર્વ ધર્મકાર્ય નિષ્ફળ છે. પતિવ્રતા સ્ત્રીને પતિ કરતાં કોઇ પણ વસ્તુ વ્હાલી નથી. ધનવૈભવો પણ પતિવગર નકામાં છે. સતીને માટે તો પ્રાણ કરતાં પણ પોતાનો પ્રાણપતિ વધુ વ્હાલો હોય છે. સાધ્વિ સ્ત્રી દરેક જન્મમાં પતિની સાથે રહે છે, માટે પ્રભો! હું પતિ વગર કેવી રીતે જીવી શકું? તે સાંભળી બ્રહ્માએ તેને કહ્યું કેઃ હજુ કેટલોક વખત તારા પતિ સાથે સંસારમાં દૈવી આનંદને ભોગવ, પછી તમે બન્ને જીવન્મુક્તિનો અનુભવ કરશો. આવી રીતે વરદાન આપી બ્રહ્મા અંતર્ધ્યાન થયા અને સતિએ પોતાના પતિને સજીવન કરી બાકીનો કાળ વિતાવ્યો.

સુનીતિ ઉત્તાનપાદ.

પૂર્વે થઇ ગયેલા ઉત્તાનપાદ રાજાની સુનીતિ નામે પત્ની હતી. તેને બીજી શોકય સુરુચી નામની હતી. એક વખતે સુરુચી રાજાના ઉપર રીસાઈ રડવા લાગી ત્યારે રાજાએ કહ્યું કેઃ તું કેમ રડે છે? ત્યારે તેણે કહ્યું કેઃ તમે સુનીતિને વધારે ચ્હાવ છો અને હું તો અળખામણી, ત્યારે મને પરણીને શું કામ મારો ભવ બગાડયો? તમે રાતદિવસ સુનીતિના મ્હેલે જાવ, સારો હાર તોપણ તેને, સારો મ્હેલ તોપણ તેને, જ્યાં તમે ત્યાં તે, અને હું તો નકામી, માટે જાઓ, હું રડી રડીને હવે મારૂં જીવન પુરૂં કરીશ. રાજાએ તેને ઘણું સમજાવી, પણ તેણે માન્યું નહિ. તે નવી રાણી હતી, તેને નવો મ્હેલ બંધાવી આપવાનું, સુનીતિના જેવો મૂલ્યવાન હાર લાવી આપવાનું કહ્યું પણ તેણે ન માન્યું. છેવટે રાજાએ સુનીતિને ત્યાં બોલાવી સુરૂચિનું સમાધાન કરવાનું કહ્યું.

સુનીતિ પતિની સેવા કરવામાં પ્રીતિ રાખતી. પતિની આજ્ઞાનું પાલન કરતી. પતિને ઘણા કામમાં સલાહ આપતી. તે રાજા પાસે આવી અને સુરુચિને રડતી જોઇ કહેવા લાગી કેઃ બેન, શું કામ રડે છે? રાજાએ તેને સઘળી વાત કરી, જેથી સુનીતિએ પોતાનો હાર તેને આપવા માંડયો. તે તેણે લીધો નહિ. અને કહ્યું કેઃ હું કાંઇ ભીખારી નથી કે તારૂં આપેલું લઉં. આથી સુનીતિ સુરુચિને સુખ

ઉપજે તે સારૂં પતિની આજ્ઞા લઇ વનમાં જઇ અત્રિઋષિના આશ્રમ પાસે આશ્રમ બાંધી તપ કરવા લાગી.

રાજા તથા સુરુચિ આનંદથી રહેવા લાગ્યાં. એક વખતે ઘણા દિવસ થયા સુનીતિ શું કરતી હશે તે જાણવા રાતના સુનીતિ પાસે ગયો. પતિને ઘણા વર્ષે આવેલા જોઈ રાણીના હર્ષનો પાર રહ્યો નહિ. સુરુચિના ભયથી રાજા સુનીતિ પાસે આવી શકતો નહતો. પછી રાજા તે રાત્રિ ત્યાં રહ્યો. બીજે દિવસે નગરમાં ગયો. સુનીતિને ગર્ભ રહ્યો. તેને પુરા માસે પુત્રનો જન્મ થયો, તેનું નામ ધ્રુવ પાડયું. સુરુચીની બીકથી રાજા સુનીતિના પુત્ર ધ્રુવને બોલાવી શકતો પણ નહિ. રાણીએ પોતાના પુત્ર ધ્રુવને નાનપણમાંથી જ આ સંસાર નિ:સાર છે અને જગત્ મિથ્યા છે માટે ઇશ્વરની સાથે જ સંબંધ રાખવો. ઈશ્વર જ નિત્ય છે માટે તેને મેળવવા યત્ન કરવો એવું શિક્ષણ આપી પરમાર્થ માર્ગે વાળ્યો. સુનીતિ પતિવ્રતા હતી. પોતાના પતિએ તેનો ત્યાગ કર્યો હતો છતાં પણ તેમના ઉપર રોષ રાખતી નહિ.

એક વખતે ધ્રુવ પિતાના ખોળામાં બેઠો હતો તે જોઇ રાણી સુરુચિએ તેને મ્હેણું માર્યું કે: “ તારે અહિં બેસવાનું નથી, એ તો મારે પેટે જન્મ લઉં તો બેસાય, તું તો અભાગણીનો પુત્ર છે.” આ સાંભળી ધ્રુવને ઘણો ખેદ થયો અને માતાની આજ્ઞા લઈ વનમાં ગયો. તેને નારદ મળ્યા અને મંત્ર આપ્યો તે મંત્રનો જપ કરતો ધ્રુવ ઉગ્ર તપ કરવા લાગ્યો. તેના તપના પ્રભાવથી ઈશ્વરે તેને દર્શન આપ્યાં, અને કહ્યું કે: તારી ઇચ્છાપૂર્ણ થશે, અને તને અવિચળ પદ મળશે.

પછી ધ્રુવ ઘેર આવ્યો. તેને જોઈ માતા સુનીતિ ઘણાં રાજી થયાં. ઉત્તાનપાદ રાજા ધ્રુવને પરાક્રમી જાણી રાજી થયો. તેણે સુનીતિ ઉપર પ્રીતિ રાખવા માંડી. સુનીતિએ પણ ઘેર આવી પતિના ઉપર રોષ ન રાખતાં તેની સેવા કરવા માંડી. તે પોતાની શોકય સુરુચી ઉપર પણ પ્રેમ રાખી બેન જેટલું હેત બતાવતી. ઉત્તાનપાદ રાજા પછી ધ્રુવને રાજ્યપાટ સોંપી વનમાં તપ કરવા ગયા. સુનીતિ પણ પતિની સાથે વનમાં જઇ તપ કરવા લાગી.

ધ્રુવ રાજ્યગાદી મેળવી પાંચ સ્ત્રીઓને પરણ્યો. સુનીતિ પાંચે

પુત્ર વધુઓ ઉપર પ્રેમ રાખી એકબીજાની સાથે તે સંપથી રહે તેમ કરતો. સુરૂચી પણ પોતે સુનીતિને આપેલા દુ:ખ માટે પસ્તાવો કરવા લાગી. સુનીતિએ આ પ્રમાણે પતિસેવા કરી પતિની પ્રીતિ સંપાદન કરી હતી. તેણે ધ્રુવજેવા મહાત્મા પુત્રને જન્મ આપી જગતમાં નામ સાર્થક કર્યું છે.

સતી શક્તિ—શંકરાચાર્ય.

સતિશક્તિ એ મઘપંડિતની પુત્રી હતી. તે સૌંદર્યવાન, શાંત, ધર્મિષ્ટ અને દયાળુ હતાં. તેમને તે જ ગામના પંડિત વિદ્યાધિરાજના પુત્ર શિવગુરૂ સાથે પરણાવ્યાં હતાં. બંને પરસ્પરમાં પ્રીતિવાળાં હતાં. તેમને પ્રજા નહોતી તેથી બંનેએ વૃષક્ષેત્રમાં જઇ શિવની ઉપાસના કરવા માંડી. તેથી શંકરે પ્રસન્ન થઈ તેમને પુત્ર થાય તેવું વરદાન આપ્યું. પછી દમ્પતી આનંદ પામતાં ઘેર આવ્યાં. તે દિવસે શક્તિને ગર્ભ રહ્યો. યુધિષ્ટર શક ૨૧૫૮ માં માઘ વદ ૧૪ ને સોમવારે સતિને પુત્રનો જન્મ થયો. પુત્ર દેખાવડો અને સામુદ્રિક લક્ષણોથી પરાક્રમી જણાતો હતો. તેની કુંડલી કરાવી તે જોઇ જોષીએ કહ્યું કે: આ પુત્ર સર્વજ્ઞ થશે અને મોટા મોટા પંડિતોને જીતશે. શંકરની કૃપાથી પુત્ર થયો હતો તેથી તેનું નામ શંકર પાડવામાં આવ્યું.

શંકર બાળપણથી આનંદી હતા. પવિત્ર માના હાથે ઉછળી પવિત્ર સંસ્કારોને પામ્યા હતા. તેમણે ત્રણ વર્ષમાં તો અનેક કાવ્ય પુરાણાદિનું જ્ઞાન મેળવ્યું હતું. તે એકવાર ગુરુના મુખમાંથી જે સાંભળતા તે તેમને તરતજ આવડી જતું. પુત્રને બાળપણમાં મુકીને જ શિવગુરુએ દેહ છોડી દીધો. સતિને પતિનો વિયોગ થવાથી ઘણું દુ:ખ થયું. તે દિવસે દિવસે સૂકાવા લાગ્યાં. તે પતિવ્રતા હતાં. તેમને પતિનું મુખ જોઈ જે આનંદ થતો તેવો આનંદ બીજાથી થતો નહિ. પતિ વગર આખો સંસાર સુનો જણાવા લાગ્યો. માત્ર પુત્ર સ્નેહને લીધે જ તેમનો દેહ ટકી રહ્યો હતો. તેમણે શંકરને પાંચ વર્ષે ઉપવિત આપ્યું અને વિદ્યાભ્યાસ કરવા ગુરુને ત્યાં મૂક્યા. તે સાતમે વર્ષે તો સાંખ્ય, યોગ, વેદ, તર્કશાસ્ત્ર સર્વનું જ્ઞાન મેળવી ઘેર

આવ્યા. શંકરની મધુર વાણી, હાસ્ય, બુદ્ધિ અને નાની વયમાં જ્ઞાન સંપાદન કરેલું જોઇ સતી ઘણાં રાજી થયાં.

એક વખતે શક્તિ સ્નાન કરવા ગયેલાં ત્યાંથી આવતાં ઉનાળામાં પગ બળવા લાગ્યા તેથી ઘેર આવતાં ઘણાં દુઃખી થયાં, અને વાર થઈ તેથી શંકર માની તપાસ કરવા ગયા અને માતાને વેગળે ન્હાવા જવું ન પડે માટે નદીનું પાણી તેમના આંગણા આગળથી જાય તેમ કર્યું. શંકરની નાની ઉમ્મરમાં વિદ્વતા અને સામર્થ્ય જોઇ ઉપમન્યુ, દધીચી, ગૌતમ વિગેરે ઋષિઓ તેમને મળવા આવ્યા. તેમના શક્તિએ સારો સત્કાર કર્યો. તેમણે પોતાના પુત્ર શંકરનું વૃત્તાંત તેમને પૂછ્યું. અને તેમનું આયુષ્ય કેટલું છે તે કહેવા જણાવ્યું. ઋષિઓએ કહ્યું કેઃ તમો દમ્પતીના તપના પ્રભાવે શંકર જાતે પ્રસન્ન થઇને તમારે ત્યાં અવતર્યા છે. તેમનું આયુષ્ય ૧૬ વર્ષનું છે, પણ બીજાં ૧૬ વર્ષ તે આ પૃથ્વી ઉપર કેટલાંક કાર્યો કરવા રહેશે, એટલે ૩૨ વર્ષ સુધી તેમનું આયુષ્ય છે. આ પ્રમાણે પુત્રનું ટુંકુ આયુષ્ય જાણી શક્તિ ઘણો ખેદ કરવા લાગ્યાં.

માતાને ખેદ કરતાં જોઈ શંકરે કહ્યું કેઃ " માજી! સંસાર નાશવંત છે, છતાં શોક કરવો નકામો છે. આ તો પક્ષીના માળાની માફક સંસારનાં સર્વ એકઠાં થાય છે અને યોગ પૂરો થતાં સર્વ જુદાં પડી જાય છે. હજુ તો હું સન્યાસ લેવાનો છું. માતા આ સાંભળી વધુ ખેદ કરવા લાગ્યાં અને પોતાના પુત્ર શંકરને કહ્યુંઃ " પુત્ર, એ વિચાર જવા દે અને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થઈ મને સુખ આપ. તું સન્યાસી થઇશ તો મારી શી દશા થશે ? મારી ઉત્તર ક્રિયા કોણ કરશે ? તને મારી પણ દયા નથી આવતી ? " આથી શંકરે પોતાની માતાને સમજાવી કેટલાક વર્ષે સંન્યસ્ત લેવાની આજ્ઞા મેળવી.

શંકરે પોતાની માતાને કહ્યું કેઃ માજી તમે અંતકાળ વખતે મને યાદ કરજો એટલે હું જ્યાં હોઇશ ત્યાંથી તમારો દેહ પડશે ત્યારે આવી અગ્નિ સંસ્કાર કરીશ. માટે મારા સન્યસ્ત થયાથી તમે ખેદ કરશો નહિ. આમ કહી શંકરે સન્યસ્ત લઇ શંકરાચાર્ય રૂપે અનેક મતમતાંતરોનું ખંડન કરી એક અદ્વૈત મતને સ્થાપન કર્યો. જ્યારે માતા શક્તિ માંદાં થયાં ત્યારે તેમણે પોતાના પુત્રનું સ્મરણ કર્યું.

તે વખતે શંકરાચાર્ય ઋષ્યશૃંગ પર્વત ઉપરથી તરત પોતાની માતા પાસે કાલટી આવ્યા. તેમને જોઈ માતા ઘણું ખુશી થયાં. તેમને શંકરાચાર્યે બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય તેવો ઉપદેશ આપ્યો જેથી સતિ પરમપદને પામ્યાં.

શક્તિમાતા અત્યારે શંકરાચાર્ય જેવા સમર્થ ધર્માચાર્યને જન્મ આપી જગતમાં પોતાનું નામ અમર કરી ગયાં છે. સતિ હંમેશાં પવિત્ર, પતિ પ્રતિ પ્રેમ રાખનારાં અને પુત્રને ઉછેરી તેનું શ્રેય થાય તેવા માર્ગનું જ્ઞાન આપવા તત્પર રહેતાં.

ચૂડાલા—શીખિધ્વજ.

ચૂડાલા એ સૌરાષ્ટ રાજાની પુત્રી હતી. તે નાનપણમાં શાસ્ત્રમાં કુશળ અને અપ્સરા જેવી રૂપવાન હતી. તેના રૂપની વાત સાંભળી શિખિધ્વજ રાજાએ તેની સાથે લગ્ન કર્યું. તે નાનપણમાંથી જ વિનોદી હતી તેથી પતિની સાથે રહી વિનોદમાં આનંદ કરવા લાગી. બંનેને શાસ્ત્રો ઉપર પ્રીતિ હતી તેથી રાજા પાસેથી ચુડાલાએ નીતિ અને ધર્મનું શિક્ષણ મેળવ્યું. યૌવન તેમણે આનંદમાં વિતાવ્યું પછી ઉમ્મર થતાં સંસારનો મોહ છોડી તેમણે વેદાંતનો અભ્યાસ કરવા માંડયો. આત્માથી દેહ જુદો છે અને તે નાશવંત છે એમ માની ચુડાલા સંસાર ઉપરનો મોહ ઓછો કરવા લાગી. તે આનંદમાં મસ્ત રહેતી તેથી તેના આત્માની જ્યોતિ તેના મુખ ઉપર ઝળહળવા લાગી.

તેનું રુપલાવણ્ય પુર બહારમાં ખીલેલું જોઇ રાજા શિખિધ્વજે તેને પૂછ્યું કેઃ “ વ્હાલી, તારામાં આમ એકાએક સૌંદર્યનો વધારો થતો જોઇ મને આનંદ થાય છે.” તે સાંભળી રાણીએ કહ્યું કેઃ એ બધો આત્મજ્ઞાનનો પ્રભાવ છે. ભોગો ભોગવ્યા વગર પણ તેના ઉપભોગનો આનંદ હું મેળવી શકું છું. હું પરબ્રહ્મમાં લીન્ન રહું છું. સુખ કે દુઃખ મારે સરખાં છે.” આ સાંભળી રાજાએ કહ્યું કે હજુ તમારી બુદ્ધિ કાચી છે. ભોગો ભોગવ્યા વગર તે આનંદ મળતો હશે.”

આમ કહી રાજા કામે ગયા અને રાણી પોતાના કાર્યમાં જોડાઇ. તેણે એક વખતે આકાશમાં ઉડવાની શક્તિ મેળવવાની ઇચ્છા કરી અને તેને માટે તેણે એકાંતમાં બેસી ઘણા કાળ સુધી યોગાભ્યાસ કરી આકાશમાં ઉડવાની સિદ્ધિ સંપાદન કરી હતી. રાજા રાજ્યકાર્યમાં કુશળ હતો તેને આત્મા સંબંધીનું જ્ઞાન બહુ નહોતું. તેણે ઘણાં તિર્થો કર્યા, વ્રતો કર્યા પણ ખરા આનંદને મેળવ્યો નહિ. તેથી એક વખતે તેણે વનમાં જઈ તપ કરવાનો વિચાર કર્યો અને તેને માટે તેણે પોતાની રાણી ચુડાલાની આજ્ઞા માગી.

ચુડાલાએ કહ્યું કે "વ્હાલા, વનવાસ તો વૃદ્ધને શોભે, હજુ તો તમે જુવાન છો, માટે ગૃહસ્થાશ્રમમાં જ રહેવું ગ્યોગ્ય છે. આથી રાજાએ કહ્યું કેઃ તમારે મને રજા આપવી જોઇએ તમે રાજકારભાર ચલાવો અને મને વનમાં જવા દો. છતાં રાણીનું મન પલળ્યું નહિ. માંડી રાત્રે બંને જણ સુઈ ગયાં. રાણી ઉંઘી ગઈ એટલે રાજા ઉઠયો અને એકલો વનમાં ચાલ્યો ગયો. તે મંદરાચળની પાડોશમાં જઇ ત્યાં એક પર્ણકુટી બાંધી રહ્યો. સવારે રાણી ચુડાલા જાગી પણ પતિને જોયા નહિ તેથી તેણે વિચાર કર્યો કે જરૂર રાજા વનમાં ગયા, પતિ તો સ્ત્રીઓના આધારરૂપ છે માટે હવે તેમના વગર મારાથી શી રીતે રહેવાશે. આમ વિચાર કરી તે આકાશ માર્ગે પતિની પાસે જવા ઉપડી પણ સારા શુકન થયા નહિ, તેથી તે પોતાના પતિને ફરી મળવાનો વિચાર કરી પાછી વળી અને પ્રજામાં એવું જાહેર કર્યું કે, રાજા બહાર ગામ ગયા છે, તે આવશે ત્યાં સુધી હું રાજ્ય ચલાવીશ. આ પછી તેણે રાજ્ય ચલાવવા માંડયું રાજાએ વનમાં તપ કરવા માંડયું સંસાર ઉપરથી મોહને છોડી એકાગ્રતાથી પરમાત્મામાં પોતાની વૃત્તિને જોડી તે ધ્યાન કરવા લાગ્યો.

કેટલાંક વર્ષ પછી ચુડાલા પતિને મળવા માટે રાત્રિના વખતે આકાશ માર્ગે જવા લાગી. રસ્તામાં તેણે દેવાંગનાઓ અને અપ્સરાઓને સુંદર વસ્ત્રાલંકારોથી સજ્જ થઇ જતી જોઈ. તેમને જોઇ ચુડાલાને પણ પતિની પાસે સત્વર જવાનું મન થયું. તેણે પોતાના પતિને આત્મજ્ઞાનનો ઉપદેશ આપવાનો વિચાર કર્યો. પણ જો તે તેને સ્ત્રી તરીકે ઓળખશે તો ઉપદેશની અસર થશે નહિ એમ ધારી તેણે એક બ્રાહ્મણકુમારનો વેશ લેઇ તે પોતાના પતિ પાસે ગઇ. રા-

જાએ તેને બ્રાહ્મણ કુમારના વેશમાં આવેલી જોઈ સત્કાર કરી બેસાડી. તેને જોઇ રાજાએ કહ્યું કે: તમે કોના પુત્ર છો ?

ચૂડાલાએ કહ્યું કે—હું નારદનો પુત્ર છું. રાજાએ કહ્યું કે—આ સંસારમાં સુખ દુઃખ શાથી આવે છે ? ચૂડાલાએ બ્રાહ્મણ પુત્રના વેશમાં કહ્યું કે: 'રાજા, સુખ દુઃખ એ મનના ધર્મો છે, આત્માના નથી, જેને આત્મજ્ઞાન થયું હોય છે તેને સુખ દુઃખ બાધ કરતાં નથી. પ્રથમ મન શુદ્ધ કરવા કર્મો કરવાની જરૂર છે. તમને તમારી સ્ત્રીએ પહેલાં ઉપદેશ આપ્યો હતો. પણ તમે માન્યું નહોતું.

રાજાએ કહ્યું—મેં વગર ઉપદેશે રાજ્યવૈભવ છોડી વનમાં વાસ કર્યો છે.

ચુડાલા—તમે રાજ્યપાટ છોડયું પણ વન ઉપરથી મમતા છોડી નથી. જેથી રાજાએ વન ઉપરના મમત્વને પણ ત્યાગ કર્યું. ચુડાલાનો ઉપદેશ તેને ગમ્યો અને તેથી તેને સર્વ વસ્તુ ઉપર વૈરાગ્ય આવ્યો. પોતાની માળા, મૃગચર્મ, કમંડલ, સર્વના ઉપરના મોહને છોડી દઇ તે સર્વનો ત્યાગ કરી આત્મસ્વરુપના આનંદમાં મસ્ત રહેવા લાગ્યો.

કામ ક્રોધ, લોભ, મોહ, શોક વિગેરેને તો પ્રથમથી જ તેણે તજ્યાં હતાં. તે પછી ચુડાલાએ બ્રાહ્મણપુત્રના વેશનો ત્યાગ કર્યો અને પોતાના મૂળ સ્વરૂપે રાજા પાસે આવી. તેને જોઇ રાજા આશ્ચર્ય પામ્યો અને કહ્યું કે: "અહો ! તું અહિં કયાંથી ? તેણે કહ્યું કે: હું બ્રાહ્મણ પુત્રનો વેશ લઇ ઘણા વખતથી તમારી પાસે આવી છું. આ સાંભળી રાજાને રાણી ઉપર સ્નેહ પ્રકટ્યો અને તેને વ્હાલથી ભેટી પડયો. અને કહેવા લાગ્યો કે: "વ્હાલી, તેં મારા ઉદ્ધાર માટે આટલો બધો પરિશ્રમ વેઠયો ? સતી સ્ત્રીનો પ્રેમરસ અમૃત કરતાં પણ વધુ છે. પતિવ્રતા સ્ત્રી પતિનું સર્વસ્વ છે વ્હાલી ! તેં મારે માટે ઘણું કર્યું. મને તારા ઉપર ઘણોજ સ્નેહ ઉભરાય છે."

બંને પતિ પત્નિનું ઓળખાણ થવાથી તેમને ઘણો આનંદ થયો. ચૂડાલાના ઉપદેશથી રાજાને આત્મજ્ઞાન થયું. પછી તે દમ્પતી વનનો ત્યાગ કરી નગરમાં ગયાં અને જીવન્મુક્તિનો અનુભવ કરતાં ઘણાં વર્ષ સુધી રાજ્ય કર્યું. આ પ્રમાણે સતી સ્ત્રીઓ પોતાના પતિને માટે કષ્ટ વેઠીને પણ તેને આત્મજ્ઞાનનો ઉપદેશ આપી શકે છે.

સુડાસા જ્ઞાની, પતિ ઉપર અત્યંત સ્નેહ રાખનારી, પતિની આજ્ઞા માનવામાં પ્રીતિવાળી, ગૃહકુશળ, રાજ્ય ચલાવવામાં બાહોશ હતી. તે પોતાના પતિના દરેક કાર્યમાં મદદ કરી પતિને સંતોષ આપતી.

લીલાવતી.

લીલાવતી એ ભાષ્કરાચાર્યની પુત્રી હતી. તે ગણીત અને જ્યોતિષ વિદ્યામાં ઘણી કુશળ હતી. લીલાવતીની જન્મકુંડળી જોતાં તે પતિ અને પુત્ર વગરની રહેશે એવું જણાયાથી ભાષ્કરાચાર્ય ઘણા દુઃખી થયા હતા. તેમણે પોતાની જ્યોતિષ વિદ્યાથી એવું લગ્ન મહુરત શોધી કાઢયું કે તે લગ્ને પરણનાર કન્યા વિધવા થાય જ નહિ. તેમ તેને પુત્ર પણ થાય. તેના લગ્નના દિવસે કાળનો નિર્ણય કરવા પાણીથી ભરેલા વાસણ ઉપર ઝીણા કાણા વાળી એક વાટકી મૂકી અને તે વાટકીમાં છીદ્રથી પાણી ભરાઇને જ્યારે તે પાણીમાં ડુબે ત્યારે કન્યાનો હસ્તમેળાપ કરવો, જેથી તે વિધવા થાય નહિ. પણ દૈવની ગતિ કાંણુ મિથ્યા કરે છે. લીલાવતી તે વાટકીમાં જોવા લાગી જેથી તેના માથાના મુકુટમાંથી એક નાનું મોતી વાટકીમાં કાણા ઉપર પડયું. અને તેથી છીદ્ર બંધ થતાં વાટકીમાં પાણી આવતું બંધ થયું જેથી વાટકી પાણીમાં ડુબી નહિ. ઘણો વિલંબ થવાથી જોયું કે હજુ વાટકી કેમ ડુબી નથી તો તેનું છીદ્ર મોતીથી બંધ થયેલું જોઈ ભાષ્કરાચાર્યને ઘણું આશ્ચર્ય થયું. લગ્ન ઘડી તો વિતી ગઇ. છતાં પણ તેનું લગ્ન કર્યું. અને થોડાક વર્ષે લીલાવતીનો પતિ મરી જતાં તે વિધવા થઈ.

ભાષ્કરાચાર્યે તેને જ્યોતિષ વિદ્યામાં કુશળ બનાવી. તેના નામથી સંસ્કૃતમાં ગણિતનું પુસ્તક રચ્યું તે લીલાવતીના નામથી પ્રસિદ્ધ છે. લીલાવતી આંક, ગણિત અને જ્યોતિષમાં ઘણી કુશળ થઈ હતી. કેટલાક કહે છે કેઃ તે ઝાડને જોઇ તેના ઉપર કેટલી શાખા અને પાંદડાં છે તે પોતાની ગણિત વિદ્યાથી તરત કહી શકતી. આ પ્રમાણે લીલાવતી વિધવા થઇ વૈધવ્ય ધર્મ પાળી જ્યોતિષ વિદ્યાનો અભ્યાસ કરી નામ અમર કરી ગઇ છે.

નાચી.

નાચી એ તૈલંગણુ દેશના ઇલેશ્વરોપાધ્યાયની પુત્રી હતી તેનું લગ્ન થયા પછી પતિ ગુજરી જતાં તે પણુ વિધવા થઇ હતી. તેનો પતિ મરી જતાં તેને જગત્ દુઃખરૂપ જણુાયું. પતિ વગર જીવવું તેને અસહ્ય લાગ્યું તેથી તેણે પ્રાણુનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. પણુ તે વાત તેના બાપે જાણુવાથી તેણે કહ્યું કેઃ હજુ પાંચ છ કલાક સુધી પાણીમાં પડી રહે. તેથી તેના શરીરનો અગ્નિ શાંત થયો અને પછી તે બહાર નીકળી. તે તેલના પ્રયોગથી તેની બુદ્ધિ એટલી બધી તિવ્ર બની કે તે સર્વ શાસ્ત્રમાં કુશળ બની. તે પોતાના બાપની આજ્ઞા લઇને દેશાટન કરવા નીકળી હતી ને તેણે ઘણા પંડિતોને વાદમાં જીત્યા હતા. તેની વિદ્વતાથી લોકોમાં તે પૂજ્ય ગણુાતી. દિલ્લી અને જયપુરના રાજ્યમાં તેનું ઘણું માન હતું. તેણે વિધવા થયા પછી શાસ્ત્રોનો અભ્યાસ કરી ઈશ્વરભજન કરવામાં બાકીનું આયુષ્ય ગાળી પરમાનંદની પ્રાપ્તિ કરી હતી.

સુલભા.

પૂર્વે થઈ ગયેલા પ્રધાન નામના રાજાની પુત્રીનું નામ સુલભા હતું. તેણે નાની વયમાં અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે સમર્થ વિદ્વાન હતી. તેને લાયક વર ન મળવાથી તે જન્મપર્યંત બ્રહ્મચારિણી રહી હતી. જનકરાજા જીવન્મુક્ત છે તે વાત તેના જાણુવામાં આવતાં તેણે યોગબળથી રૂપ લાવણ્યવાળું મોહિનીનું રૂપ ધરી તે જનક પાસે ગઇ. તેનું રુપ જોઇ રાજાને આશ્ચર્ય થયું. તેણે તેને આસન આપી બેસાડી. પછી ભોજનથી તૃપ્ત કરી.

જનકરાજા સભામાં ગયા ત્યાં સુલભા પણુ ગઇ અને બધાને કહેવા લાગી કેઃ આ રાજા મુક્ત નથી પણુ બદ્ધ છે. આ સાંભળી રાજાએ પૂછ્યું કેઃ તું કોણુ છે, ને ક્યાંથી આવે છે ? તારામાં સાધુભાવ મને લાગતો નથી. મને મારા ગુરુ પંચ શિખાચાર્યે આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો છે. હું સંસારમાં રહેવા છતાં જળ કમળવત વિષયોથી અલિપ્ત છું. જ્ઞાનવડે ચૈતન્યરૂપ થઇ પુરુષ યોગાભ્યાસ

સાધી સર્વજ્ઞ થઇ શકે છે. મનુષ્ય વાસનાનો ત્યાગ કરે તો પછી તેને જન્મ મરણ નથી. જે ગૃહસ્થ યમ, નિયમ પાળી, કામ, ક્રોધ, દ્વેષ, પરિગ્રહ, માન, દંભ વગેરેનો ત્યાગ કરે તે સંન્યાસી છે. પણ જે સન્યાસી છતાં યમ, નિયમ ન પાળી કામ ક્રોધાદિનું સેવન કરે તે સન્યાસી નથી. ભગવાં વસ્ત્રથી મોક્ષ મળતો નથી, તેં ભગવાં ધારી મને વશ કરવા પ્રયત્ન કર્યો માટે તુ અભિમાની છે.

આ સાંભળી સુલભા પ્રસન્ન થઇ અને કહ્યું કેઃ તમારી કીર્તિ સાંભળી હું અહિં આવી છું. જે મનુષ્ય પરબ્રહ્મમાં નિમગ્ન રહે છે તે શાંત અને મોક્ષનો અધિકારી છે. તમારો ઉત્તમ સદાચાર જોઈ હું પ્રસન્ન થઈ છું. આ પછી સુલભા વિદાય થઇ. અને તેણે વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કરી સાધુજીવન ગાળી કાળને વ્યતિત કર્યો.

ચંદ્રપ્રભા—દેવદત્ત.

નાગપુરના દેવદત્ત નામના બ્રાહ્મણની સ્ત્રીનું નામ ચંદ્રપ્રભા હતું. તે પોતે નાનપણમાંથી રૂપાળી, સદ્‌ગુણવાળી અને નીતિનું પાલન કરનારી હતી. તેનો પતિ નાનપણથી દુરાચારી હતો. તેણે ખરાબ સોબતમાં સર્વ મિલ્કત ગુમાવી દીધી હતી. દેવદત્ત હંમેશાં વ્યસનમાં મશ્ગુલ રહેતો. ચંદ્રપ્રભાએ તેને સુધારવા માટે ઘણા પ્રયત્ન ક્ર્યા પણ તે સુધર્યો નહિ. તે નીતિથી ચાલી પતિના ઉપર પ્રેમ રાખી પ્રભુ ઉપર વિશ્વાસ રાખી દિવસ ગાળતી. દેવદત્ત તેને ઘણું દુઃખ દેતો છતાં પણ ચન્દ્રપ્રભા તેના ઉપર રોષ કરતી નહિ. એક વખતે દેવદૂત દારૂ પી બેભાન દશામાં ઘેર આવ્યો તે જોઇ ચન્દ્રપ્રભા તેને કાંઇ શીખામણ આપવા લાગી ત્યારે તેને છરી મારી તેથી તે મૂર્ચ્છા ખાઇ નીચે પડી. તેને તેના પડોશીઓએ દવાખાનામાં મોકલી અને પોલીસને ખબર પડતાં તેણે દેવદત્તને કેદમાં પૂર્યો. ચન્દ્રપ્રભાની મેજી-સ્ટ્રેટે દવાખાનામાં જુબાની લીધી તેમાં તેણે કહ્યું કેઃ મેં કાંઇ મારા પતિ સામે ફરીયાદ કરી નથી, હું તો દવા કરાવવા આવી છું. મારા પતિને દુઃખ દેશો નહિ, તેમને મારી પાસે લાવો મારે મળવું છે. પતિને ત્યાં આવેલો જોઇ તેણે કહ્યું કેઃ " મારી ચિંતા ન કરશો.

તમે જમ્યા ? તમને કોઈ હેરાન તો નથી કરતું ? મારા નસીબમાં હતું તે બન્યું એમાં તમારો શો દોષ." ચન્દ્રપ્રભાને આટલો બધો માર માર્યો છતાં તેણે પતિના વિરૂદ્ધ જુબાની આપી નહિ તેથી દેવદત્ત છૂટી ગયો અને ચન્દ્રપ્રભાએ મરતા સુધી પોતાના પતિની સેવા કરવામાં ચિત્ત રાખ્યું.

બ્રાહ્મણી.

આ બ્રાહ્મણ સ્ત્રી પતિસેવા કરવામાં કુશળ હતી. તે હંમેશાં પતિને જમાડી જમતી. પતિને પોતાના પરમદૈવતરૂપ માનતી. પતિને અનુકુળ વર્તતી. મન, વચન અને શરીરથી પતિનું ચિંતન કરી, પતિસેવા કરવામાં આનંદ માનતી. તે સાસુ સસરાની સેવા કરતી. ઇંદ્રિયોને વશ રાખી ગૃહકાર્ય કુશળપણે કરતી. એક વખતે કૌશિક નામનો મહા તપસ્વી બ્રાહ્મણ તેને ત્યાં ભિક્ષા માગવા આવ્યો. તેને જોઇ તે બ્રાહ્મણીએ કહ્યું કેઃ "મહારાજ, ઉભા રહો આ વાસણ ઉટકું છું તે હાથ ધોઇને ભિક્ષા આપું છું. એવામાં તેનો પતિ બહારથી આવ્યો, એટલે તેણે પતિને સ્નાન કરાવી તેને જમાડવાની તૈયારી કરવા માંડી. પતિની સેવા કરવા અને તેને ભોજન કરાવવામાં તેનું મન લાગેલું હોવાથી તે બહાર ઉભેલા બ્રાહ્મણને ભિક્ષા આપવાનું ભૂલી ગઇ.

થોડીવારે તેને યાદ આવવાથી તે પેલા બ્રાહ્મણ કૌશિકને ભિક્ષા આપવા બહાર આવી. તે બ્રાહ્મણ તો ઘણીવાર ઉભા રહેવાથી ગુસ્સે થઇ ગયો હતો. તેણે કહ્યું કેઃ અરે ! તેં આટલી બધી વાર મને ખોટી કર્યો ? આ સાંભળી તે બ્રાહ્મણીએ તેને ક્રોધી થયેલો જોઇ કહ્યું કેઃ મહારાજ, આપ શા માટે તપી જાઓ છો ? હું મારા પતિની સેવા કરવા અને તેમને જમાડવા રહી તેથી તમને ભિક્ષા આપવાનું ભૂલી ગઇ હતી. એમાં શું થઇ ગયું ? આથી કૌશિકને વધુ ક્રોધ ચઢયો. તેણે કહ્યું કેઃ તેં બ્રાહ્મણને શ્રેષ્ઠ ન ગણતાં તારા પતિને શ્રેષ્ઠ ગણી બ્રાહ્મણનું અપમાન કર્યું. બ્રાહ્મણની મહત્તા હજુ તું જાણતી નથી, જો તે ગુસ્સે થાય તો બાળીને ભષ્મ કરે તેની તને ક્યાં ખબર છે ?

આ સાંભળી પેલી સ્ત્રીએ કહ્યુંઃ "મહારાજ ! બસ કરો હવે, તમે મને પેલી બગલી ધારતા નહિ. હું બ્રાહ્મણો તરફ ભક્તિભાવથી

વર્તું છું. છતાં તમે ક્રોધ કરી મને શું કરવાના હતા ? બ્રાહ્મણના પ્રભાવને હું જાણું છું. છતાં સ્ત્રીઓને તો બ્રાહ્મણો કરતાં પણ પોતાનો પતિ વધુ માન્ય અને પૂજ્ય છે. પતિસેવા કરવાથી સ્ત્રીઓને બીજું અધિક નથી. હું પતિવ્રતા છું. પતિસેવાના પ્રતાપથી ભૂત ભાવિષ્યની વાત જાણું છું. તમે ક્રોધ કરીને પેલી બગલીને તમારા ઉપર ચરકી જતાં તમે તેના સામું જોઈ તેને મારી નાંખી હતી તેવું બધે ધારતા નહિ. જે ક્રોધ અને મોહનો ત્યાગ કરી સત્યનું સેવન કરે, કોઈને દુઃખ ન દે, ઇંદ્રિયોને વશ કરી કામ ક્રોધનો ત્યાગ કરે તે બ્રાહ્મણ છે. વેદાધ્યયન કરવું, બ્રહ્મચર્ય પાળી મનને વશ રાખવું એ બ્રાહ્મણના ધર્મ છે. તમે ધર્મવેત્તા છો. છતાં ધર્મનું રહસ્ય બરોબર જાણતા નથી માટે મિથિલા નગરીમાં જઈ ધર્મવ્યાધ (પારધી)ની પાસે ધર્મનું રહસ્ય જાણો કે તમારા મનનું સમાધાન થાય.

આ પ્રમાણે પતિવ્રતાનો પ્રતાપ જોઈ કૌશિક શરમાઈ જઈ નમ્રતાથી બોલ્યો કે " માતાજી, ક્ષમા કરો. તમે મારો ઉદ્ધાર કર્યો. હું આજે ધર્મવ્યાધ પાસે જઉં છું. આમ કહી તે બ્રાહ્મણનો ગુસ્સો પતિવ્રતા સ્ત્રીએ ઉતારી દીધો. તેને પોતાના તપ કરતાં પણ પતિવ્રતા સ્ત્રીનો પ્રભાવ વધારે જણાયો. આ બ્રાહ્મણી હંમેશાં પોતાના પતિની સેવા કરવામાં આનંદ માનતી. પતિની પ્રીતિ સંપાદન કરવા મથતી અને પતિવ્રતા ધર્મ પાળી બીજી સ્ત્રીઓને અનુકરણ કરવા યોગ્ય બની હતી.

પ્રકરણ ૧૪ મું.

સ્ત્રી પુરુષના ધર્મ.

બીજે દિવસે ચન્દ્રકાન્તાને ત્યાં સર્વ સ્ત્રીઓ આવી એકઠી થઈ. ચન્દ્રકાન્તાએ પણ ઘરકામ પરવારી રોજની માફક સર્વને આવકાર આપી વાર્તા આગળ ચલાવી. તેણે કહ્યું કેઃ જુઓ બ્હેનો ! આ સંસાર દુઃખરૂપ કહેવાય છે છતાં પણ આપણે તેને સુખરૂપ બનાવી શકીએ છીએ. જે ઘરમાં સ્ત્રી અને પુરુષ બંને કેળવાયલાં હોય. પોત પોતાના ધર્મને સમજનારાં હોય તો તેમના ઘરમાં કલેશ થતો નથી. સ્ત્રી પોતાના પતિની અર્ધાંગના તરીકે ઘરને પોતાનું માની પતિસેવા કરવામાં યત્નશીલ રહે છે. પતિના ઘરને પરભાર્યું ન માનતાં તેનેજ પોતાનું ઘર માની પોતાના પતિની આવકના પ્રમાણમાં પતિની સંમત્તિ લઇ યોગ્ય ખર્ચ કરે છે. પતિની આજ્ઞાનું પાલન કરે છે. પતિના ઉપર સ્નેહ રાખે છે. પતિના કાર્યમાં સલાહ આપે છે, કોઇ વાતે પતિનું મન દુભાય તેવું કૃત્ય કરતી નથી, તે સ્ત્રી પતિની પ્રીતિને મેળવી શકે છે.

પતિ પણ પોતાની પત્નીને પોતાની ઇચ્છાને તૃપ્ત કરવાના સાધનરૂપ ન માનતાં, પોતાના ઘરની કામ કરનારી સેવિકા તુલ્ય ન માનતાં પોતાની અર્ધાંગિની માની તેના ઉપર સ્નેહ રાખી, તેની મરજીને સંપાદન કરે છે. પતિ પોતાના ઘરમાં સ્ત્રીને લક્ષ્મીરૂપ માની તેને દરેક વાતે સંતોષ આપે છે. તેને પોતાના તરફથી કોઇ પણ રીતે દુઃખ થાય તેવું વર્તન રાખતો નથી. તે પતિ પોતાની પત્નીને વશ કરી શકે છે. પત્ની અણઘડ અને અણકેળવાયલી હોય

તો તેને સુધારવી, કેળવણી આપી પોતાને અનુકુળ કરવી એ તેના પતિની ફરજ છે. ઘરમાં જ્યાંસુધી બંને સરખે સરખા વિચારનાં હોતાં નથી ત્યાંસુધી ક્લેશ થયાં કરે છે. પુરુષને જે કાર્ય કરવાનો વિચાર હોય તે કાર્ય કરવાનું સ્ત્રીને મન ન હોય, અને સ્ત્રીને જે વસ્તુ લાવવાની મરજી થાય તે વસ્તુ ન લાવવાની પુરુષને ઇચ્છા થાય. એવાં પરસ્પર વિરોધી વિચારનાં સ્ત્રી પુરુષને બનતું નથી માટે જો ઘરમાં ક્લેશ ન થાય, બંને જણ સુખી અને આનંદી રહેવાની ઇચ્છા કરતાં હોય તો તે બંનેએ એકબીજાને અનુકુળ રહેણી કરણી રાખતાં શીખવું જોઇએ.

સ્ત્રીએ પોતાના પતિને, અને પતિએ પોતાની સ્ત્રીને પોતાના પ્રાણતુલ્ય ગણી વર્તવું. બંનેએ એકબીજાની મરજી સાચવી એક બીજાની પ્રીતિ સંપાદન કરવા યત્ન કરવો. કદાચ કોઇ વાતમાં મત-ભેદ પડે તો તે વખતે એમાંથી એક જણે બીજાના વિચારને મળતા થઇ જવું પણ મન ઉંચાં થાય તેવું કરવું નહિ. સ્ત્રીએ પુરુષ ઉપર અને પુરુષે સ્ત્રી ઉપર કદી પણ ગુસ્સો કરવો નહિ. જે સ્ત્રીપુરુષમાં પરસ્પર પોતાના આત્માતુલ્ય સ્નેહ હોય છે તેમને કદી પણ ક્રોધ કરવા વારો આવતો નથી. માટે હંમેશાં સ્ત્રી પુરુષે આનંદમાં રહી એક બીજાના મનને રંજન કરવા યત્ન કરતા રહેવું. તેજ ગૃહસ્થા-શ્રમમાં સુખ મેળવવાની કુંચી છે. જુઓ પૂર્વે થઇ ગયેલી સતીઓ કેવી પવિત્ર, પતિના ઉપર પ્રેમ રાખનારી અને પોતાના ધર્મને સમજનારી હતી.

કળાવતી—કર્ણસિંહ.

પૂર્વે રજપુતાનાના રાજા કર્ણસિંહને કળાવતી નામની સ્ત્રી હતી. તે પવિત્ર, પતિવ્રતા, ગુણવાન અને રૂપાળી હતી. પતિને રાજ્ય ચલાવવામાં મદદ કરતી. પતિની પ્રીતિ મેળવવી એજ તેણે પોતાનું કર્તવ્ય માન્યું હતું. તે પતિ સાથે ઘણીવાર યુદ્ધમાં પણ જતી. એક વખતે દિલ્હીના બાદ-શાહ અલ્લાઉદ્દીન ખીલજીએ તેના રાજ્ય ઉપર ચઢાઇ કરી, તેથી

કર્ણસિંહ તેની સામે યુદ્ધે ચડયો. પતિને મદદ કરવા સતી કળાવતી પણ પોતાના પતિની સાથે પુરુષનો પોષાક પહેરીને યુદ્ધમાં ગઇ. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું.

કર્ણસિંહ લડતો હતો તે વખતે સામા પક્ષનો એક માણસ તેની પાછળ આવીને કપટથી તરવારનો ઘા કરવા ગયો. કળાવતી તરત તેને ઘા મારતો જોઈ તેના ઉપર ધસી, અને તે તરવાર મારે તે પહેલાં તો પોતાની તરવારથી તેના બે કકડા કરી દીધા. અને પોતાના પતિનો પ્રાણ બચાવ્યો. યુદ્ધ ઘણું ભયંકર થયું તેમાં કર્ણસિંહ ઘવાયો, પણ કળાવતીએ બ્હાદુરીથી સામા માણસોનાં ઘણાં માણસોને ભૂમિ ઉપર પાડી વિજય મેળવ્યો.

બંને રણમાં વિજય મેળવી નગરમાં આવ્યાં. કર્ણસિંહને સખત ઘા વાગ્યો હતો. વૈદ્યે કહ્યું કે ઝેર પાયલી તરવારનો ઘા છે જેથી જો કોઈ તે ઝેર ચૂસી લે તો રાજા બચે, નહિ તો આશા નથી. રાજાએ પોતાના પ્રાણ બચાવવા બીજાનો જીવ લેવાની ના પાડી. કળાવતીએ પતિનો પ્રાણ બચાવવા માટે રાત્રે પતિ નિદ્રામાં હતો તે વખતે તેણે તે ઝેરી ઘા ચૂસી ઝેર ચૂસી લીધું. આથી કર્ણસિંહ તો બચ્યો પણ કળાવતી તે ઝેરથી મરણ પામી. પોતાની પત્નીએ પોતાનો જીવ બચાવવા તેનો જીવ આપ્યો તે જોઇ રાજાને ઘણો ખેદ થયો. કળાવતી પતિવ્રતા અને પતિને પ્રાણથી પણ અધિક માનતી. પતિનું દુઃખ તે સહન કરી શકી નહિ અને તેથી પતિને જીવતા કરવા માટે તેણે પોતાનો જીવ ખુશીથી આપ્યો. ધન્ય છે આવી પતિવ્રતા સ્ત્રીને. પતિને માટે પત્ની શું નથી કરી શકતી ?

કર્મદેવી—સાધુ.

કર્મદેવી એ પૂર્વે થઇ ગયેલા રજપુતાનાના અરન્તિ નગરના રાજા માણેકરાવની પુત્રી હતી. નાનપણમાંથી જ કર્મદેવી હોંશીયાર અને ચતુર હતી. નાનપણમાં મંડોરના રાજકુમાર અરણ્યકુમાર સાથે તેનું લગ્ન કરવાનો તેના બાપે વિચાર કરેલો. પણ કર્મદેવીએ મુગલરાજ્યના રણુંગદેવના રાજકુમાર સાધુના રૂપગુણની વાત સાંભળી તેની સાથે પરણવાની ઇચ્છા બતાવી તેથી તેને સાધુ સાથે પરણાવી હતી.

તેનું લગ્ન સાધુ સાથે થયાની વાત મંડોરના રાજકુમાર અરણ્યકુમારે જાણી, તેથી તે ગુસ્સે થયો અને સાધુ કર્મદેવીને પરણી ઘેર જતો હતો, તેને રસ્તામાં જ હરાવી કર્મદેવીનું હરણ કરવાનો તેણે વિચાર કર્યો. સાધુએ ઘેર જતાં રસ્તામાં એક જગ્યા ઉપર કર્મદેવી તથા સૈન્ય સાથે વિશ્રામ લેવા પડાવ નાખ્યો હતો. તેવામાં અરણ્ય કુમારે તેના ઉપર હલ્લો કર્યો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. કર્મદેવી હોંશીયાર અને હિંમતવાળી હતી. તેણે પતિને કહ્યું કેઃ હું તમને મદદ કરીશ. તમારૂં પરાક્રમ ક્ષત્રિયને છાજે તેવું છે.' બંને વચ્ચે યુદ્ધ થયું તેમાં સાધુને અરણ્યકુમારે ઘા કર્યો અને તે ઘવાયો. ઘા સખત હોવાથી તે મરણ પામ્યો. પતિને મરણ પામેલો જોઇ કર્મદેવી વિલાપ કરવા લાગી. પતિ વિયોગે તે જીવી શકી નહિ. અને રણમાંજ પતિની સાથે ચિતા ખડકી તે સતી થઇ. પતિ-ઉપરનું હેત આવું હોવું જોઇએ. સ્ત્રીનો તો પતિ એ જ પરમેશ્વર છે. જેમ પાણી વિયોગે માછલી જીવી શકતી નથી પણ તરફડી મરણ પામે છે તેમ સતી સ્ત્રીઓ પતિનો વિયોગ સહન કરી શકતી નથી.

કૃષ્ણાકુમારી.

કૃષ્ણાકુમારી એ મેવાડના મહારાણા ભીમસિંહની પુત્રી હતી. તે ઘણી સૌંદર્યવાળી હતી. તેનો વિવાહ મારવાડના રાજા સાથે કરવાનો તેના બાપે નિશ્ચય કર્યો હતો પણ તે મરી જવાથી જયપુરના રાજા જયસિંહસાથે તેનું લગ્ન કરવાનો ભીમસિંહે વિચાર કર્યો. તે જાણી જયપુરના રાજાના ભાઇ માનસિંહે ભીમસિંહ ઉપર ચડાઇ કરી. આથી ભીમસિંહે ભયને લીધે માનસિંહ સાથે કૃષ્ણાકુમારીને પરણાવવાનો નિશ્ચય કર્યો. આ વાત જયપુરના રાજા જયસિંહે જાણી તેથી તેણે ભીમસિંહ ઉપર ચડાઇ કરી.

આથી ભીમસિંહે ખરાબ મંત્રીઓની સલાહથી પુત્રી કૃષ્ણાકુમારીને મારી નાખવાનો નિશ્ચય કર્યો અને તેથી પુત્રીને મારવા તેનો નાનો ભાઈ રાત્રે તે જ્યાં સુતી હતી ત્યાં તરવાર લઇને ગયો. તેને શય્યામાં સુતેલી તેણે જોઇ, આ વખતે ચંન્દ્રના પ્રકાશથી

નિર્દોષ બાળાનું રૂપ ખીલી નીકળ્યું હતું. તેને મારવા જતાં તેનું હૃદય ધડકવા લાગ્યું અને તરવાર હાથમાંથી પડી ગઇ. તરવારનો ખડખડાટ સાંભળી કુમારી ઝબકીને જાગી ઉઠી. તેણે પોતાના કાકાને મારવા આવેલો જોઈ તે ખુશીથી પોતાના પ્રાણ આપવા તૈયાર થઈ.

કૃષ્ણાકુમારીએ કહ્યું કે મારાથી જો મારા બાપના માથે ભય આવતું હોય અને મારા મરવાથી તેમને સુખ થતું હોય તો હું ખુશીથી મરવા તૈયાર છું. આમ કહી ઝેર ખાઈ તે મરી ગઇ. આ પ્રમાણે તેણે સોળ વર્ષની ઉમ્મરે પોતાના બાપના સંકટને મટાડવા માટે પ્રાણ આપ્યો.

સત્યવતી—પ્રેમાનંદ.

બંગાળામાં પૂર્વે રામાનંદ નામના એક ગોસ્વામીના પુત્ર પ્રેમાનંદની પત્નીનું નામ સત્યવતી હતું. રામાનંદની જમીન ધર્માદાની હતી તેથી તેને કર ભરવો પડતો નહિ. તે ધર્મિષ્ટ અને સાધુ સંતોની સેવા કરતો. તેની સ્ત્રીનું નામ સુનીતિ હતું. તે પતિવ્રતા હતી. રામાનંદનો પુત્ર પ્રેમાનંદ વિદ્વાન હતો. તે વખતે ઉપરાઉપરી દુકાળ પડવા લાગ્યા એટલે સરકાર તરફથી દેવિસિંહ નામના માણસે રામાનંદને પણ કર આપવાનો હુકમ કર્યો. તેણે વ્યાજે રૂપયા લઇને કર ભર્યો પણ તેણે વધુ કર માગ્યો તે તેણે ન આપવાથી દેવીસિંહે તેનાં ઘરબાર જપ્ત કરી લુંટી લેઇ તેને પકડવાનો હુકમ કર્યો. આથી પ્રેમાનંદે પિતાને કહ્યું કે હું તેની પાસે જઉં છું તમે મારાં મા, બેન વિગેરેને લઈ રંગપુરમાં કોઈ શિષ્યને ત્યાં રહેજો.

પ્રેમાનંદ કચેરીમાં ગયો. દેવીસિંહે તેને જોઈ ગુસ્સે થઇ કહ્યું કે: 'હે દુષ્ટ! તું બાકીનો કર નહિ આપે તો હું ખૂન કરીશ.' આવી રીતે ધમકી આપી તેને કેદમાં પૂર્યો. પ્રેમાનંદ કેટલોક વખત સુધી ઘેર ન આવ્યો તેથી તેના બાપ રામાનંદ અને તેની પત્ની સતિ સત્યવતી ચિન્તા કરવા લાગ્યાં. રામાનંદે કેદખાનામાં તપાસ કરી પણ તેનો કોઇએ પત્તો બતાવ્યો નહિ. એટલે તે મરી ગયો

હશે એમ માની તે સર્વ શોકાતુર થયાં. સત્યવતી પતિ વિયોગે વૈધવ્ય પાળવા લાગી. અને રડકકળ કરતી દિવસ ગુજારવા લાગી.

સત્યવતી રૂપવાન હતી. તેને ગામમાં ફરતાં દેવિસિંહના એક સિપાઇએ જોઈ તેથી તેને પકડી દેવીસિંહ પાસે મોકલવાનો વિચાર કર્યો. સત્યવતીની ઉમ્મર વીસેક વર્ષની હતી. તેને આ વાતની ઉડતી ખબર મળી. દેવીસિંહ ભલભલા આબરૂદાર માણસોની જો કોઈ રૂપાળી સ્ત્રી દેખતો તો પકડી મંગાવતો. સત્યવતી પોતાના સસરા સાથે જંગલમાં ગુપ્તપણે રહેવા લાગી. એક વખતે સન્ધ્યાકાળે ખબર મળી કે તેમના તરફ કંપનીના સિપાઇઓ આવે છે તેથી તેને કાશીમાં મોકલવા રામાનંદે વિચાર કર્યો. તેથી સત્યવતીએ પોતાના સસરાને કહ્યું કેઃ " પિતાજી આપ હવે વૃદ્ધ છો, આપને અહિં દુઃખમાં છોડી હું જવાની નથી. સિપાઇઓ આપને કેદ કરશે તો હું આપની સાથે રહી આપની ચાકરી કરીશ. દેવિસિંહની મગદુર નથી. કે તે મારૂં નામ લઈ શકે ? સ્ત્રીઓ પોતાની ઇચ્છાથી પોતાના ધર્મના માર્ગનો ત્યાગ ન કરે ત્યાં સુધી જગતમાં કોઇપણ પુરુષ એવો નથી કે જે સ્ત્રીઓના ધર્મ ઉપર હાથ નાંખી શકે. સ્ત્રીઓનો ધર્મ સાચવવો એ તેના પોતાના જ હાથમાં છે. મને ઇશ્વર સહાય કરશે, માટે આપ ચિન્તા ન કરો. "

રામાનંદે આ સાંભળી કહ્યુંઃ " બેટા, તું કહે છે તે ખરૂં પણ જાણી જોઇને દુઃખ વ્હોરી લેવાની જરૂર નથી માટે તું જા. અને મારૂં કહ્યું માન. પછી સત્યવતી પોતાના વૃદ્ધ અને વિશ્વાસુ નોકર સાથે દુર જંગલમાં જઇ ગુપ્તપણે રહેવા લાગી. દેવિસિંહના સિપાઇઓએ રામાનંદને પકડી કેદમાં પૂર્યા. રામાનંદે કેદમાં જઇ અન્ન પાણીનો ત્યાગ કર્યો. પોતાના સસરાની આવી દુઃખી સ્થિતિ જાણી સત્યવતીએ તેને છોડાવવાનો નિશ્ચય કર્યો. તેથી તે પુરુષનો વેષ લઇ પોતાના નોકર સાથે જેલખાનામાં ગઈ.

ત્યાં જેલ ઉપરનો જમાદાર રામસિંહ ભલો અને દયાળુ હતો. તેણે સત્યવતીને પુરુષના વેષમાં જોઇ પૂછ્યું. " તું કોણ છે ! અને કેમ આવ્યો છે ? સત્યવતીએ કહ્યું કેઃ મારૂં નામ નાનક છે. મારાં માબાપ મને નાનપણમાં મૂકી મરી ગયાં હતાં જેથી નોકરી શોધવા ફરૂં છું. જમાદારે તેને પોતાને ત્યાં રહેવા જણાવ્યું જેથી સત્યવતી નાનકના રૂપે તેને ત્યાં રહી. તેની કામ કરવાની હોંશિયારીથી જમા-

દાર તેના ઉપર ખુશ રહેતો. તેણે રામસિંહની પાસે જેલ જોવાની રજા મેળવી. તેણે જેલમાં જોયું તો સસરો રામાનંદ બેભાન થઈ પડયો હતો. તે જોઇ ઘણી દુ:ખી થઇ. સત્યવતીને સર્વે પહેરગીરો રામસિંહ જમાદારનો નોકર જાણી જેલમાં જવા આવવા દેતા. તેણે એક વખતે લાગ જોઇ અત્તરમાં કલોરોફોર્મ મેળવી પહેરગીરને આપ્યું તેથી તે થોડીવાર બેભાન થતાં જેલ ઉઘાડી સસરાને બહાર કાઢયો અને પોતાના નોકરો સાથે જંગલમાં જતી રહી.

દૂર જંગલમાં એક તપસ્વિની યોગીની દશામાં શિવની આરાધના કરવા પર્ણકુટી બાંધી રહેતી હતી. ત્યાં જઇ સસરાની આસનાવાસના કરી. સત્યવતી પોતાના પતિને મરી ગયો છે એમ માનતી પણ આ યોગિની પાસેથી ખબર મળી કે તે તો જેલમાંથી નાસી ગયો હતો. પણ ફરી પકડાવાથી કલકત્તાની જેલમાં છે. તેથી સત્યવતી ઘણી ખુશી થઈ અને પતિને છોડાવવા પોતાના વિશ્વાસુ નોકરને લઇ તે કલકત્તે ગઈ. તેણે પુરુષનો વેશ લીધો હતો. ત્યાં બંદોબસ્ત પાકો હતો તેથી એકદમ પ્રેમાનંદ છુટે તેમ નહતું. ત્યાં એક ઝાડ નીચે સત્યવતી ખાવાપીવાનું ને ઉંઘવાનું છોડી પતિની ચિંતામાં કાળ ગાળતી ઇશ્વર સ્મરણ કરવા લાગી. એક વખતે એક ગૃહસ્થ ત્યાં થઈ જતો હતો તેના કાગળ પડી ગયા. તે તેણે લઇ તે ગૃહસ્થની પાછળ દોડી તેને આપ્યા. તેથી તે ગૃહસ્થ ખુશી થયો અને કહ્યું કે: આ કાગળ ઘણા કામના છે. જો તે તમે મને પાછા ન આપ્યા હોત તો મને ઘણું નુકશાન થાત. અધિકારી ગોવિંદસિંહ મારો શત્રુ છે તે મને પાયમાલ કર્યા વગર રહેત નહિ. તમે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. હું તમારા ઉપર ખુશી થયો છું. તમારે જે કાંઈ કામ હોય તે કહો, હું કરવા તૈયાર છું. આ વખતે સત્યવતીએ કહ્યું કે: મારો એક સગો પ્રેમાનંદ કેદમાં છે તેને છોડાવવાનો ઉપાય કહો. આ સાંભળી તે ગૃહસ્થે કહ્યું. ઠીક, તમે મારી સાથે આવો હું તેને છોડાવાનો ઉપાય કરૂં છું. પછી સત્યવતી પુરુષના વેશમાં તેની સાથે ગઈ. પેલા ગૃહસ્થે પોતાના ઉપરીને સમજાવી પ્રેમાનંદને છોડવાનો હુકમ કર્યો. સત્યવતી પોતાના વિશ્વાસુ નોકરને લઇ તે હુકમ લઇ જેલમાં પોતાના પતિને છોડાવા ગઇ. પ્રેમાનંદે પેલા નોકરને ઓળખ્યો પણ પોતાની પત્ની પુરુષ વેશમાં હતી તેથી તેને ઓળખી શકયો નહિ.

સત્યવતીને પતિનાં દર્શન કરતાં હર્ષનો પાર રહ્યો નહોતો. તેના હૃદયમાં આનંદ ઉછળી રહ્યો હતો. પ્રેમાનંદને કેદમાંથી છુટો કર્યો. તેથી તે ત્રણે જણ રામાનંદ જ્યાં હતો ત્યાં જવા તૈયાર થયાં. બાર વર્ષે પતિને મેળવી સત્યવતીનો આનંદ ઉભરાઈ જતો હતો. હજુ પ્રેમાનંદ તેને ઓળખતો નહોતો. સત્યવતીનાથી હવે છુપુ રહી શકાયું નહિ. તે નોકરને આગળ ગયેલો જોઈ પ્રેમથી પતિના ગળે વળગી પડી અને હર્ષાશ્રુથી પ્રેમાનંદને વધાવી લીધો. તેણે કહ્યું: "વ્હાલા પ્રાણનાથ, મારાથી આપની સેવા ન બની શકી તેથી દુઃખી છું. હવેથી હું આપને મારા ઈષ્ટદેવતા ગણી આપની સેવામાં રહી, આપની ભક્તિ કરીશ. મારા દોષને ક્ષમા કરો." પ્રેમાનંદે હવે તેને ઓળખી તે પણ દુઃખી થયો. તેને પણ બારે વર્ષે પત્નીનાં દર્શન થતાં અને તેણે આટલું બધું દુઃખ વેઠી તેને છોડાવ્યો તે જાણતાં આનંદ થયો. તેણે પોતાનો પુત્ર વધુ મત્સ્યવતીનો ઉપકાર માન્યો. આવી રીતે સતી સત્યવતીએ પોતાના શીલનું રક્ષણ કર્યું અને પોતાના સસરા રામાનંદ તથા પતિનો દુઃખ વેઠીને પણ ઉદ્ધાર કર્યો. ધન્ય છે આવી સતીને કે જે પોતાના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતી.

સતી સંયુકતા—પૃથ્વીરાજ.

સંયુક્તા એ કનોજના રાજા જયચન્દ્ર રાઠોડની પુત્રી હતી. સંયુક્તા નાનપણમાંથી જ ચાલાક, સદ્ગુણી, ઉદાર અને સૌંદર્યવાળી હતી. તે વખતે દિલ્હીમાં પૃથ્વીરાજ રાજ્ય કરતો હતો. સતિ સંયુક્તાએ પૃથ્વીરાજની બ્હાદુરીની અને ગુણની વાતો સાંભળી હતી, તેણે એક વખતે તેને જોયો હતો તે દિવસથી તેના રૂપ ઉપર તે મોહિ પડીને તેને પરણવાનો નિશ્ચય કરી ચુકી હતી. કનોજના રાજા જયચન્દ્ર રાઠોડ સાથે પૃથ્વીરાજને બનતું નહોતું. એક વખતે જયચન્દ્રે રાજસૂય યજ્ઞ કર્યો તેમાં પૃથ્વીરાજ આવ્યો નહિ તેથી તેનું અપમાન કરવા જયચન્દ્રે, પૃથ્વીરાજનું સોનાનું પુતળુ કરાવી દ્વારપાળની જગ્યાએ બેસાડયું. તે વાત પૃથ્વીરાજના

જાણવામાં આવતાં કનોજ ઉપર ચઢાઈ કરી જયચન્દને હરાવ્યો. તે વખતે સંયુક્તાએ પૃથ્વીરાજને જોયો હતો.

સંયુક્તા ઉમ્મરે થવાથી જયચન્દે તેનું લગ્ન કરવા માટે સ્વયંવર રચાવ્યો. તેમાં ઘણા દેશના રાજાઓ આવ્યા હતા. પણ પૃથ્વીરાજ આવ્યો નહોતો. સંયુક્તાએ તો મનથી પૃથ્વીરાજને પતિ માન્યો હતો, એટલે તેણે કોઈપણ રાજાને વરમાળ ન આરોપતાં પૃથ્વીરાજનું જે સોનાનું પુતળું કરીને દ્વારપાળની જગ્યાએ મૂક્યું હતું તેને વરમાળ આરોપી આ જોઈ જયચન્દ ઘણો ખેદ પામ્યો. પૃથ્વીરાજને તેની ખબર પડતાં કનોજ ઉપર ચઢાઈ કરી સંયુક્તાનું હરણ કરી દિલ્લી લઈ ગયો અને ત્યાં તેની સાથે લગ્ન કર્યાં.

સંયુક્તા પ્રેમાળ, સૌંદર્યની મૂર્તિરૂપ અને પતિસેવા કરવામાં તત્પર રહેનારી હતી. પૃથ્વીરાજ તેના ગુણ અને રૂપથી મોહિત થઈ તેની સાથે આનંદ માણવા લાગ્યો. તે હંમેશાં પોતાની પત્ની સાથે સુખમાં રહેતો. સતીએ પતિસેવા કરી પતિને પોતાના પ્રાણ કરતાં પણ અધિક માની પતિના પ્રેમને જીતી લીધો હતો. આવી રીતે રાજ્ય કારભાર ચલાવતો પૃથ્વીરાજ સંયુક્તા સાથે આનંદથી સુખ ભોગવવા લાગ્યો. એવામાં શહાબુદીનઘોરીએ હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી. આ વાત જાણી સંયુક્તાએ પતિને રણમાં ચઢી શત્રુને હરાવી જીત મેળવવાને સલાહ આપી. તેણે કહ્યું કે: "વ્હાલા, ક્ષત્રિયો રણમાં જ શોભે આપ આપની તરવારનો સ્વાદ શત્રુને ચખાડો, હર હર મહાદેવ કરી શત્રુનો કચ્ચરઘાણ વાળો અને ક્ષત્રિય ધર્મ સાચવી સ્વદેશનું રક્ષણ કરવા તત્પર થાવ. પત્નિની સલાહથી પૃથ્વીરાજે રણમાં જઈ શત્રુ શહાબુદીનઘોરીને હરાવ્યો જેથી તે હારીને નાસી ગયો અને પૃથ્વીરાજ વિજય મેળવી ઘેર પાછો આવ્યો.

ફરી બે વર્ષે શહાબુદીન ફરી ચઢી આવ્યો આ વખતે સંયુક્તાએ પૃથ્વીરાજને લડાઈમાં જવા સલાહ આપી અને પોતાને હાથે પોશાક પહેરાવ્યો અને પૃથ્વીરાજ યુદ્ધમાં ગયો. આ વખતે ભયંકર યુદ્ધ થયું પણ તેમાં પૃથ્વીરાજ શત્રુના હાથે મરાયો. પતિના મરણના સમાચાર સાંભળી સંયુક્તા ઘણી ખેદ કરવા લાગી. પછી તે પતિનો વિયોગ સહન કરી શકી નહિ. તે પતિની સાથે ચિતામાં પ્રવેશ કરી સતી થઈ, અને પતિસેવાનો ધર્મ સાચવી પોતાનું નામ અમર કરી ગઈ.

કર્મદેવી–સમરસિંહ.

મેવાડના રાણા સમરસિંહની–કર્મદેવી ધર્મપત્ની હતી. તે શુદ્ધ ક્ષત્રિયાણિ હોવાથી તેનામાં વીરતા હતી. પતિ-સેવા કરવામાં, રાજ્ય કારભાર ચલાવવામાં પતિને સહાય કરવામાં તે ઘણી હોંશીયાર હતી. તેને એક પુત્ર કર્ણ કરીને હતો. પુત્રને ક્ષત્રિયને છાજે તેવી કેળવણી આપી હતી. જ્યારે ઇ. સ. ૧૧૯૩ માં શહાબુદ્દિનઘોરીએ પૃથ્વીરાજ ઉપર ચડાઇ કરી ત્યારે સમરસિંહ–પૃથ્વીરાજને મદદ કરવા તેની સાથે યુદ્ધે ચડયો. અને તેમાં પૃથ્વીરાજ તથા સમરસિંહ મરાયા. દિલ્હી શહાબુદ્દીનઘોરીએ જીતી લીધું પછી તેણે મેવાડ ઉપર હુમલો કર્યો અને પ્રજામાં લુંટફાટ ચલાવી જુલમ કરવા માંડયો.

આ વખતે મેવાડમાંથી શહાબુદ્દીન સાથે યુદ્ધ કરે તેવો કોઇ બળવાન નહોતો. કર્મદેવી સગીર ઉમ્મરના પોતાના પુત્ર કર્ણને ગાદી ઉપર બેસાડી કારભાર ચલાવતી હતી. તેણે પોતાના દેશનું રક્ષણ કરવા માટે લડાઇમાં જવાનો વિચાર કર્યો અને પુરુષનો પોષાક પહેરી પોતાના સૈન્યને લઇ શત્રુ સામે યુદ્ધે ચઢી. તેની સામે શહાબુદ્દિનનો સરદાર કુતબુદીન ચઢી આવ્યો. તેને આ સતી વીરાંગનાએ હંફાવ્યો. તેનું ઘણું સૈન્ય કપાયું તેથી જયની આશા છોડી કુતબુદીને નાશવા માંડયું. આ પ્રમાણે આ સતી સ્ત્રીએ જ પોતાનું ક્ષત્રિયાણી તરીકેનું વીરત્વ દર્શાવી પોતાની પ્રજાનું રક્ષણ કર્યું. ઘણી સતી સ્ત્રીઓએ આવાં પરાક્રમ કરી શત્રુઓને જીત્યા છે.

દુર્ગાવતી.

સતી દુર્ગાવતી બુદેલખંડના મહુવાના રાજા ચન્દનની પુત્રી હતી. તે સુંદર, ગુણવાળી, હિમ્મતવાળી અને બુદ્ધિશાળી હતી. ગંડુમંડળના રાજા વેરે પરણાવી હતી. તેને વીરવલ્લભ નામે પુત્ર હતો. તેને નાની ઉમ્મરમાં મૂકી દુર્ગાવતીનો પતિ મૃત્યુ પામ્યો હતો તેથી પુત્રને ગાદીએ બેસાડી તેના વતી દુર્ગાવતી રાજ્ય ચલાવતી હતી. તે વખતે દિલ્હીની ગાદી ઉપર અકબર રાજા રાજ્ય કરતો

હતો. તેણે ઘણાં રાજ્યને પોતાના ખંડણી ભરતાં કર્યા હતાં પણ મેવાડનો રાણો પ્રતાપસિંહ અને આ દુર્ગાવતી તેને ખંડણી આપતાં નહિ.

અકબરે પોતાના સરદાર આસફખાંને મોકલી તેના ઉપર ચડાઇ કરાવી. દુર્ગાવતી પણ સૈન્યને સજ્જ કરી પોતે વીર પુરુષનો પોષાક પહેરી પુત્રને વીરવલ્લભ સાથે યુદ્ધમાં ગઇ. તેણે સૈન્યને મોખરે રહી પોતાના સૈન્યને પાણી ચઢાવ્યું. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં બેવાર આસફખાંના સૈન્યને નસાડયું. દુર્ગાવતી તેમની પાછળ પડી. શત્રુ પણ આ વીર નારીનું પરાક્રમ જોઇ અંજાઈ ગયા. બીજે દિવસે રાત્રે પડાવ નાંખ્યો. ત્યાં સૈન્ય નિદ્રાવશ થયું જાણી આસફખાંએ તેના ઉપર હલ્લો કર્યો. છતાં દુર્ગાવતી ગભરાઈ નહિ. તેણે પોતાના સૈન્યને એક પહાડની તળેટીમાં લઈ જઈ યુદ્ધ કરવા માંડયું. તેમાં તેનો અઢાર વર્ષનો પુત્ર વીરવલ્લભ ઘવાયો. તેણે નાની વયમાં અતુલ બળ દેખાડી ક્ષત્રિયપણાનું પાણી રાખ્યું. પુત્ર મરણ પામતાં પણ સતી પાછી પડી નહિ. તેણે યુદ્ધ ચાલું રાખ્યું તેમાં તે ઘવાઈ અને જેથી પોતાને હાથે તરવારથી પોતાનો પ્રાણ કાઢી નાંખ્યો. દુર્ગાવતીએ આ પ્રમાણે એક વીર નારીને છાજે તેવી બહાદુરી બતાવી હતી.

તારાબાઈ—પૃથ્વીરાજ.

તારાબાઇ એ ટોડાના રાજા રાવ સુરતનની પુત્રી હતી. તે ઘણીવાર વીર પુરુષનો પોષાક પહેરી ઘોડેસ્વાર થઇ ફરતી હતી. એક વખતે મેવાડના રાજા રાયમલના પુત્ર જયમલ્લની નજર તેના ઉપર પડી તેથી તેને જોઇ તે મોહવશ થયો. તેણે તારાબાઈ સાથે લગ્ન કરવાનો વિચાર કર્યો. આ વખતે ટોડા રાજ્ય એક લીલા નામના પઠાણે જીતી લીધું હતું અને સુરતન વેદનોર નામના ગામમાં રહેતો હતો. સુરતને પ્રતિજ્ઞા કરી હતી કે જે રાજા ટોડાને જીતી લીલાને હરાવે તેની સાથે પુત્રી તારાને પરણાવવી.

જયમલ્લે તારાને પરણવા ટોડાના પઠાણ લીલા ઉપર ચઢાઈ

કરી પણ પઠાણે તેને હરાવ્યો. તેથી તે નિરાશ થઈ વેદનોરમાં જઇ તારાને પરણવા માટે પ્રયત્ન કરવા લાગ્યો પણ સુરતને તેને મારી નાંખ્યો. આ વાત રાયમલે જાણી તેથી તેને ખેદ થયો. પણ તેણે કહ્યું કે તે પુત્ર મારી આબરૂને કલંક લગાડવા તૈયાર થયો માટે બરોબર શિક્ષા થઈ છે. એમ માની સંતોષ માન્યો.

રાયમલ્લનો બીજો પુત્ર પૃથ્વીરાજ તારાનાં રૂપ ગુણનાં વખાણ સાંભળી તેણે તેની સાથે પરણવાનો વિચાર કર્યો. અને તેણે સુરતન પાસે જઈ ટોડા જીતવાની પ્રતિજ્ઞા કરી. તારા પણ પૃથ્વીરાજનું રૂપ જોઇ તેના ઉપર મોહિત થઇ હતી. પૃથ્વીરાજે ટોડા જીતવા યુદ્ધની તૈયારી કરી, તે વખતે તારાં પણ તેની સાથે યુદ્ધમાં જવા પિતાની આજ્ઞા લઇ તૈયાર થઇ.

ટોડામાં ગયા તો પઠાણ એશ આરામમાં પડયો હતો. પૃથ્વીરાજે લડાઈમાં તેને મારી નાંખ્યો. પછી પૃથ્વીરાજ તથા તારાબાઈ નગરનો કબજો લેવા ગયાં તો સામે દરવાજામાં હાથી રસ્તો રોકી ઉભો રાખેલો હતો. તારાએ તરવારથી હાથીનું સૂંઢ કાપી નાંખી તેથી તે નાસવા લાગ્યો અને પૃથ્વીરાજ તથા તારા નગરમાં ગયાં, પઠાણને મરેલો જોઇ બીજા પઠાણો તેમની સામે લડાઇ કરવા આવ્યા પણ તેઓ યુદ્ધમાં હારી ગયા. તારાએ આ યુદ્ધમાં ઘણું પરાક્રમ કર્યું હતું. પછી પૃથ્વીરાજે રાવ સુરતનને ટોડાનું રાજ્ય સોંપ્યું અને સુરતને પોતાની દીકરી તારાને પૃથ્વીરાજ સાથે પરણાવી.

પૃથ્વીરાજ અને તારાબાઈ પછી કમલમેરના મહેલમાં રહી આનંદ ભોગવવા લાગ્યાં. દરેક લડાઇમાં પૃથ્વીરાજ સાથે તારા જતી હતી. તારા પતિની સેવા કરી તેમની આજ્ઞા પ્રમાણે વર્તતી. એક બીજાને એકરૂપ માનતાં. બનેમાં પ્રીતિ અત્યંત હતી. તારાએ પતિ-સેવા કરી પોતાના વીર પતિનો પ્રેમ જીતી લીધો હતો.

પૃથ્વીરાજની બેનને શીરોહીના રાજા પ્રભુરાવસાથે પરણાવી હતી. તેને પ્રભુરાવ ઘણું દુઃખ દેતો હતો તેથી પ્રભુરાવને પાંસરો કરવાને બેનનું દુઃખ ટાળવા તે શિરોહી ગયો અને પ્રભુરાવને ધમકાવ્યો. પ્રભુરાવને તેથી ગુસ્સો થયો. તે લડાઇમાં તો પૃથ્વીરાજને જીતે તેમ નહોતું તેથી તેણે હાએ હા કરી પૃથ્વીરાજની સારી રીતે મ્હેમાનગીરી કરી પણ જતી વખતે ભાથાના લાડુમાં ઝેર ભેળવીને તેને આપ્યા. તે ખાવાથી પૃથ્વીરાજ મરી ગયો. તેની તારાબાઇને

ખબર પડતાં દુઃખથી રડકકળ કરતી પતિ પાસે ગઈ અને પતિના વિયોગને ક્ષણુ પણ સહન ન કરતાં પતિ સાથે ચિતામાં પડી સતી થઈ. આ પ્રમાણે આ સતી પતિ સેવા કરી પતિને રાજકાર્યમાં અને યુદ્ધમાં સહાય કરતી. પતિની પ્રીતિ સંપાદન કરીહતી. પતિના સ્નેહે તે પતિનો વિયોગ સહન કરી શકી નહિ.

વીમળદેવી—રાજસિંહ.

વિમળદેવી એ રુપનગઢના રાજા અમરસિંહની પુત્રી હતી તે ધર્મિષ્ટ રૂપવાન અને ગુણુવાન હતી. આ વખતે દિલ્લીમાં ઔરંગઝેબ રાજા રાજ્ય કરતો હતો. તે વખતે ઘણા રજપુત રાજાઓ ભયના માર્યા મુસલ્માન રાજકર્તાઓને કન્યાઓ આપી તેમની પ્રીતિ મેળવતા. વીમળદેવીની મોટી બ્હેન કેસરબાને તેના પિતાએ ઔરંગઝેબ સાથે પરણાવી હતી. વીમળદેવીને તે ઠીક લાગ્યું નહોતું, તેણે તો કોઇ લાયક ક્ષત્રિય પતિ મળે તો તેની સાથે લગ્ન કરવું, નહિ તો કુંવારા રહી ઇશ્વર ભજન કરવું એવો નિશ્ચય કર્યો હતો. તે હંમેશાં શિવપૂજન કરતી.

એક વખત તેની બેન કેશરબા પોતાનાં માબાપને ત્યાં આવી હતી તેણે વીમળદેવીને શિવની પુંજા કરતી જોઇ નિંદા કરવા લાગી તેથી વિમળદેવીએ કહ્યું કેઃ તું તો મુસલમાન પાદશાહને પરણી વટલી ગઇ છે, અમારી હિંદુધર્મની વાત શું જાણે. મુસલમાનનું અન્ન ખાઇ તારૂં શરીર તેં ભ્રષ્ટ કરી રાઠોડની જાતને લજવી છે! આથી કેશરબા ગુસ્સે થઇ અને કહ્યું કેઃ તું આવું અભિમાન રાખે છે પણ તને હું બાદશાહની બેગમ બનાવું ત્યારે ખરી. આવી રીતે કેશરબા પછી ત્યાંથી રીસાઇ દિલ્હી ગઈ.

કેશરબાએ પોતાના પતિ ઔરંગઝેબને વિમળદેવીની વિરૂદ્ધ ઉશ્કેરણી કરી. તેને વિમળદેવીનું માગુ કરવા સમજાવ્યો, તેથી ઔરંગઝેબે અમરસિંહને લખી વિમળ દેવીનું માગું કર્યું. આ વાત જાણી વિમળદેવી ખેદ પામવા માંડી, અને હવે પોતાના શિયળનું રક્ષણ કરવાનો વિચાર કરવા લાગી.

આ વખતે મેવાડમાં પ્રતાપરાણાનો પુત્ર રાજસિંહ બરોબર ક્ષત્રીય ધર્મને પાલન કરતો રાજ્ય કરતો હતો તે રૂપ, ગુણ અને બળમાં સર્વોપરી હતો તેથી વિમળદેવીએ તેને વરવાનો નિશ્ચય કરી પોતાનું રક્ષણ કરવા તેને છાનોમાનો એક પત્ર લખ્યો, તેમાં લખ્યું કે: હું તમારા ઉપર મોહિત થઇ મનથી તમને વરી ચૂકી છું પણ મારા બાપે બાદશાહ સાથે પરણાવવાનો નિશ્ચય કર્યો છે માટે આપ મારૂં રક્ષણ નહિ કરો તો હું પ્રાણ ત્યાગ કરીશ."

વિમળદેવીનો પત્ર વાંચી રાજસિંહ મનમાં તેને ધન્યવાદ આપવા લાગ્યો. તે બહાદુર અને હિંમતવાન હતો તેથી તેણે સતીના ધર્મની રક્ષા કરવા માટે તેનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી અને તેને હિંમત રાખવા ઉત્તર લખી મોકલ્યો. વસંતપંચમીએ વિમળદેવી-ને પરણાવવાનું અમરસિંહે મહુરત રાખી બાદશાહને કંકોત્રી લખી હતી. બાદશાહ ઔરંગઝેબ રુપનગર તે દિવસે પરણવા આવ્યો અને આ બાજુ મેવાડનો રાણો રાજસિંહ પણ વિમળદેવીનું રક્ષણ કરવા તે દિવસે ત્યાં આવ્યો. તેણે કરેલા સંકેત પ્રમાણે વિમળદેવીને શહેરબહાર કુળદેવનાં દર્શન કરવા ગઇ હતી ત્યાંથી ઘોડા ઉપર બેસાડી મોગલ બાદશાહની આંખમાં ધૂળ નાંખી ચાલતો થયો. આ જોઇ બાદશાહ નિરાશ થઈ પાછો ગયો, અને રાણા રાજસિંહે ઉદેપુર જઈ વિમળદેવી સાથે લગ્ન કર્યું.

વિમળદેવીએ પોતાના પતિને ધન્યવાદ આપ્યો અને પોતાના ધર્મનું રક્ષણ કર્યું તેથી જન્મારા સુધી ઉપકાર માનવા લાગી, તેણે પતિની સેવા કરી તેમની પ્રીતિ સંપાદન કરી હતી. અને બંને પતિ પત્નીએ સુખ ભોગવી આનંદમાં દિવસો વ્યતિત કર્યા.

રાજુલા—નેમિનાથ.

સોરઠના એક જૈન ગૃહસ્થને ત્યાં રાજુલાનો જન્મ થયો હતો. તે નાનપણથી દયાળુ, ધર્મિષ્ટ અને નીતિ-વાન હતી. તેનો વિવાહ નેમીનાથ નામના એક જૈન ગૃહસ્થ સાથે થયો હતો. નેમિનાથ લગ્નને દિવસ પરણવા માટે ત્યાં આવ્યા.

તેની મોટી ધામધુમ થઈ રહી હતી. રાજુલાનું બીજું નામ રાજીમતી હતું. તેના બાપે જાનીવાસા પાસે એક વાડામાં કેટલાક પશુઓને ગૌરવ દેવા માટે પૂરી રાખ્યાં હતા તે જોઇ નેમિનાથે ગોવાળને પૂછ્યું કે આ પશુઓને કેમ અહિં પુરી મુકયાં છે? તેથી તેણે કહ્યું કે તમારા લગ્નના ગોરવમાં તેમનો ભોગ આપવા માટે પૂરી મૂકયાં છે.

આથી નેમિનાથને તે પશુઓ ઉપર ઘણી દયા આવી તે મોટેથી બોલ્યો કે: અરે આવા મુંગા પ્રાણીને મનુષ્યો પોતાની આજીવિકા માટે ગોરવ કરે છે, માટે લગ્ન કરવું નથી. આવી રીતે તેને આ સંસારઉપરથી મોહ ઉઠી ગયો અને ગોવાળને પોતાનાં વસ્ત્રો તથા દાગીના આપી પશુઓને છોડાવી મૂકયાં અને પોતે સાધુવેશ ધારી ત્યાંથી વનમાં ચાલી નીકળ્યો. તેનાં માબાપ, સાસુ સસરા અને સંબંધી જનોએ તેને ઘણો વાર્યો પણ કોઇનું માન્યું નહિ. તેમણે દયાધર્મ ધારી જીનેશ્વરના ધર્મમાર્ગને ગ્રહણ કર્યો.

રાજુલા પણ પતિ નેમિનાથના ઉપર અત્યંત સ્નેહ રાખનારી હતી, તેણે પણ નેમિનાથને વૈરાગ્ય થયો જાણી વૈરાગ્ય ધારણ કર્યો અને નેમિનાથ પાસે દિક્ષા લઈ સાધ્વી જીવન ગાળવા માંડયું. નેમિનાથના વૈરાગ્ય લેવાથી તેના નાનાભાઇએ પણ વૈરાગ્ય ધારણ કર્યો. અને ત્રણે જણ ગીરનારની ગુફામાં રહેવા લાગ્યાં.

નેમિનાથ દયા ધર્મનો ફેલાવો કરવા દેશાવરમાં ગયા ત્યારે તેમનાં પત્ની રાજીમતી અને તેમનો ભાઈ રથનેમિ બંને ગીરનારની ગુફામાં રહી વ્રત પાળવા લાગ્યાં. એક વખતે રાજીમતિ નગરમાંથી ભિક્ષા વ્હોરી લાવી ગુફા તરફ આવતી હતી તે વખતે વરસાદ પડવાથી તેમનાં કપડાં ભીનાં થઇ શરીરે ચોટી ગયાં, અને આજુબાજુનાં સુગંધી ફુલઝાડોનો સ્પર્શ કરી સુગંધવાળો પવન વાતો હતો. મોરો ટહુકાર કરી રહ્યા હતા. ગુફામાં દીયર રથનેમિ અને રાજીમતી બેજ હતાં. જોઈએ તેવું એકાંત હતું. રાજુમતીને શરીરે ચોટી ગયેલાં ભીના કપડાં તે બદલવા લાગી. તે વખતે રથનેમીની ઉપર દ્રષ્ટિ પડી, ભીનાં કપડાં શરીરે ચોટી જવાથી રાજુમતીનું શરીર બહારથી દેખાઇ શકાતું હતું, તેથી તે શરમાઇ ગયાં રથનેમીને તે જોઇ કામ ઉત્પન્ન થયો અને તેણે સાધ્વી રાજીમતીની

સાથે ભોગ ભોગવવાની ઈચ્છા કરી. તેને આમ ભ્રષ્ટ થઈ પોતાના વ્રતથી ચલિત થતો અને ચલિત થયેલો જોઈ તેણે તેને કહ્યું કે: " હે દિયેરજી, તમે ગુફામાં રહી ધ્યાન કરવાને બદલે આ શો વિચાર કરો છો ? તમારા ભાઈ સાથે હું લગ્ન ન કરવા તત્પર થઇ હતી પણ તેમણે મારી સાથે લગ્ન ન કરતાં તપ આદર્યું પણ હું તો તેમની સાથે મનમાં વરી ચુકી છું. તમે તેમના ભાઇ થઇને તમને આવી બુધ્ધિ કેમ સુઝે છે. પરદારાનું સેવન કરનાર નરકમાં પડે છે તેમાં સાધ્વી સ્ત્રીને ભ્રષ્ટ કરવા ઈચ્છનારનો કદીપણ છુટકારો થતો નથી. આ શરીર તો અપવિત્ર, મળમૂત્રથી ભરેલું છે તેના ઉપર તમે કેમ મોહ પામી મહાવ્રતનો ભંગ કરવા તત્પર થાઓ છો ? મુનિ લોકો તો સ્ત્રી ભોગવવાની મનથી પણ ઇચ્છા કરતા નથી. માટે આપ ભ્રષ્ટ બુદ્ધિ ન કરો" આ સાંભળી રથનેમિ શરમાઈ ગયો અને પોતાનો ધર્મ સમજી ભાભી રાજુલાને પગે પડી માફી માગવા લાગ્યો રાજુલાએ તેને જીનેશ્વર ધર્મનો ઉપદેશ આપી મહા મુની બનાવ્યો. અને રાજુલાએ એવી રીતે પોતાની પવિત્રતાને સાચવી ધર્મનું પાલન કરી વ્રતનિયમાદિમાં કાળ ગાળ્યો. ધન્ય છે આવી સાધ્વિને કે જેણે મનથી માનેલા પતિને વૈરાગ્ય થતાં પોતે વૈરાગ્ય ધારણ કરી જન્મ પર્યંત બ્રહ્મચર્ય પાળી, પતિસેવાથી વ્રતનિયમાદિનું પાલન કર્યું.

આ પ્રમાણે સ્ત્રીઓએ પોતાનો પતિવ્રત ધર્મ સાચવી પોતાનું કલ્યાણ કર્યું છે. જે સ્ત્રીઓ પોતાનો ધર્મ સમજે છે અને જે પુરુષો પોતાનો ધર્મ સમજીને સ્ત્રીઓની સાથે વર્તન ચલાવે છે તે સુખ પામે છે. સ્ત્રીને પોતાના ધર્મનું અને પુરુષને પોતાના ધર્મનું જ્ઞાન ન હોવાથીજ આજે ઘણાં સ્ત્રીપુરુષોને બનતું નથી. જો બંને પોતપોતાના ધર્મને જાણી પરસ્પર પ્રેમથી વર્તે તો તેઓ વચ્ચે કદી પણ કંકાશ કે કલેશ થાય જ નહિ. પોત પોતાના ધર્મને પાલન કરનાર સ્ત્રી પુરુષને હંમેશા બને છે. બંનેની પરસ્પર પ્રીતિ જીવંત પર્યંત ટકી રહે છે, અને સંસારવ્યહાર આનંદથી નીભાવી સુખમાં દિવસો વ્યતીત કરે છે.

પ્રકરણ ૧૫ મું.

સ્ત્રીઓનું પવિત્ર શીયળવ્રત.

આજે દિવસે વખત થતાં સર્વે ચન્દ્રકાંતાને ત્યાં એકઠાં થયાં. એટલે ચન્દ્રકાન્તાએ કહેવા માંડયું કે: "બ્હેનો, તમે જેવા ભાવથી સતી સ્ત્રીઓનાં જીવન સાંભળો છો તેવાજ ભાવથી તેને આચારમાં ઉતારશો તો તેનો લાભ મળ્યા વગર રહેવાનોજ નથી. આપણુ સ્ત્રી જાતિએ તો પતિમાં ઈશ્વર બુદ્ધિ રાખી પતિ સેવા કરવી. કદાપી પણ પતિના સામે ઉંચા શબ્દે બોલવું નહિ. પતિ જે રીતે આપણા ઉપર રાજી રહે તેની રીતે આપણે વર્તવું. આપણા શીયળવ્રતને પ્રાણથી પણ અધિક ગણી સાચવવું. કદાપિ પણ દુષ્ટ બુદ્ધિ ઉત્પન્ન કરવી નહિ. આપણી સ્થિતિ ગરીબ હોય અને આપણે ધન વગર ટળવળતાં હોઇએ, પાસે સારાં કપડાં કે સારી જાણસભાવ ન હોય છતાં પણ પૈસા કે જાણસભાવના લોભથી આપણા શીયળનો ભંગ કરવાનો વિચાર કરવો નહિ. કોઈ દુષ્ટ પૈસાની લાલચ આપે તો તે પૈસાને લોભે આપણા ધર્મને ત્યજવો નહિ. જે સ્ત્રી પતિ સેવા કરી પોતાના શીયળને શુદ્ધ બુદ્ધિથી સાચવી જાણે છે તે સ્ત્રી જ ખરી સતી છે.

સતી સ્ત્રીના મહિમાનો પાર નથી. તેનું શરીર, મન અને આત્મા તેના પતિને માટે છે. પતિ વગર તેની ગતિ નથી. પતિજ તેનું સર્વસ્વ છે. સતી સ્ત્રી પરપુરુષના સામી દૃષ્ટિ પણ નાંખતી નથી, મનમાં પણ પરપુરુષનો વિચાર કરતી નથી પરપુરુષની સાથે એકાંતમાં બેસતી ઉઠતી નથી. ગમે તેવો સગો હોય છતાં પણ તેની

સાથે મર્યાદા સાચવીને વર્તે છે. પરપુરુષ સાથે હાસ્યવિનોદ કરતી નથી. ભલે પોતાનો બનેવી કે નણદોઈ હોય છતાં પણ તેને પરપુરુષ માની તેની સાથે ઠઠ્ઠા મશ્કરીઓ કરી છુટથી વર્ત્તે છે પણ તે તેમની મોટી ભૂલ છે. સતી સ્ત્રી કદાપિ પણ તેવા સગા સંબંધીઓ સાથે પણ વિવેકનો ત્યાગ કરીને વર્ત્તતી નથી.

સતીનું પરમધન એ તેનું શીયળનું પાલન કરવું એ જ તેનો મોટામાં મોટો ધર્મ છે. ગમે તેવા સંકટમાં પણ તે પોતાના શીયળને સાચવી શકે છે. શીયળને સાચવવા માટે પોતાના પ્રાણને પણ તુચ્છ ગણે છે. જે સ્ત્રી પોતાના શીયળને મરણાંતે પણ ભંગ થવા દેતી નથી, તેજ ખરી સતી છે. તેજ દેવી છે. સતીના સામર્થ્યનો પાર નથી. ઇશ્વર હંમેશાં તેની સાથે ફરે છે. તેને સંકટમાંથી હંમેશાં ઇશ્વર બચાવે છે. માટે બેનો આપણે આપણું શીયળવ્રત સાચવવું. પરપુરુષ સાથે હસવું બોલવું નહિ. ઘણીવાર અન્ય પુરુષો સાથે સ્હેજસાજ વિનોદ કરતાં છુટ વધતી જાય છે અને તેથી સ્ત્રીઓના મનમાં વિકાર ઉત્પન્ન થયા વગર રહેતો નથી. માટે આપણે તો અન્ય પુરુષોને પોતાના ભાઇ કે બાપ તુલ્ય માની તેમની સાથે વિવેકથી વર્તવું. આપણું સર્વસ્વ આપણા પતિ માટે છે. અને પતિનું સર્વસ્વ તેની પત્ની માટે છે. રાતદિવસ પતિના જ વિચારમાં સતી સ્ત્રી મસ્ત રહે છે. પરપુરુષના રૂપ, ગુણ કે ધનથી સતી સ્ત્રી કદા પણ લોભાતી નથી. આ પ્રમાણે પૂર્વે જે જે સ્ત્રીઓએ પોતાના શીયળને સાચવી પતિવ્રતપણાનું પાલન કર્યું છે તે આજે દેવી તરીકે ગણાય છે અને પૂજાય છે.

સોનરાણી—ચાંપરાજ.

બુંદીકોટાના હાડા રાજા ચાંપરાજને સોનાં નામે રાણી હતી. તે વખતે દિલ્હીની બાદીએ અકબર રાજા રાજ્ય કરતો હતો. રજપુત રાજાઓને તે વખતે બાદશાહના દરબારમાં હાજર રહેવું પડતું. એક વખતે ચાંપરાજ દિલ્હીમાં અકબરશાહના દરબારમાં ગયો હતો. તે વખતે બાદશાહના દરબારમાં રજપુતાણીઓ પતિવ્રત પાળવામાં પહેલે નંબરે ગણાય છે એવા

વાત નીકળતાં તેમાં રાણી સોન જેવી બીજી પતિવ્રતા ભાગ્યેજ હશે એવું એક જણે કહ્યું. તે સાંભળી બાદશાહના એક શેરબેક નામના સરદારે તે વાત હસી કહાડી અને સોન રાણીની પરીક્ષા કરવાની રજા માગી, બાદશાહે તેની વાત સાંભળી ઠપકો આપ્યો, પણ ચાંપરાજે કહ્યું કેઃ તે ભલે રાણીની પરીક્ષા કરવા જાય પણ જો તે હારે તો તેણે અને હું હારૂં તો મારે દિલ્લીની ભાગોળે ફાંસીએ ચઢવું. આ સરત શેરબેકે કબુલ કરી એટલે તેને સોનરાણીના પતિવ્રતની કસોટી કરવાની રજા મળી.

શેરબેક બુંદિકોટા ગયો. ત્યાં વેશ લઇ એક માળણને ત્યાં રહ્યો, અને તે માળણ મારફતે પોતાની બાજી પાર પાડવાનો પ્રપંચ રચ્યો. સોનરાણીએ માલણની વાત સાંભળી તેને સજા કરી. જેથી શેરબેકે બીજી આને ઉભી કરી. તેણે હું હાડાની ફોઈ છું એમ કહી ઠાઠમાઠ સાથે મહેલમાં પ્રવેશ કર્યો. રાણી તેને ઓળખી શકી નહિ, પણ વખતે તે દૂરનાં ફોઇજી હશે, અને સત્કાર નહિં કરૂં તો રાજાજી મને ઠપકો આપશે એમ માની તેનો સારો સત્કાર કર્યો. થોડા દિવસ તે ત્યાં રહી મહેલની શોભા જોવા લાગી. તેણે આમતેમ સારૂ લગાડવાની વાતો કરી. રાણીનો વિશ્વાસ મેળવ્યો. રાણીએ તેને અંતઃપુર વિગેરે સર્વ બતાવ્યું. રાણીના શરીર ઉપરનાં ચિન્હો તેણે રાતદિવસ સાથે બેસવા ઉઠવાથી જોઇ લીધાં. છેવટે તે ઘેર જવા તૈયાર થઈ અને જતી વખતે કહ્યું: હું બીજું તો શું માગું પણ તમારી મુદ્રાવાળી કટાર છે તે આપો તો સારૂં. રાણીએ કહ્યું તમારે બીજું જોઇએ તે માગો પણ કટાર તો મને એમણે દામ્પત્ય સ્નેહમાં આપી છે એટલે મારાથી અપાય નહિ.

આથી પેલી સ્ત્રીએ રીસાવાનો ઢોંગ કર્યો અને કહ્યું કેઃ "અલે, મેં માગી તે સોનાની ઢાલ પાણીમાં નાંખવા જેવું કર્યું. મારો ભત્રીજો હોય તો ના કહે! પણ પારકી જણી તે કાંઇ આપે?" એમ કહી મોં ચઢાવી જવા માંડયું. જેથી રાણીએ ફોઇજી રીસાઇને જશે તો રાજાને ખોટું લાગશે એમ માની તેને મનાવી કટાર આપી. તે લઇ તે શેરબેક પાસે ગઈ અને કટાર તેને આપી તેમજ રાણીના શરીર ઉપરની ગુપ્ત નિશાનીઓ, તથા અંતઃપુરની હકીકત કહી. પછી શેરબેક દિલ્લી ગયો અને બાદશાહ પાસે રાણીનું પતિવ્રત ભંગ કર્યાની જુઠી વાત કહી. તેની સાબિતીમાં તેણે રાણીના

શરીર ઉપરની ગુપ્ત નિશાનીઓ, અને અંતઃપુરનું વર્ણન કહી બતાવ્યું તથા રાણીની કટાર મૂકી. તે સાંભળી ચાંપરાજનું મોં ઉતરી ગયું. એ પછી શેરબેકે તેને કહ્યું કેઃ હાડાજી હવે ફાંસીએ ચડો. આ સાંભળી રાણાએ કહ્યું કેઃ મને ઘેર જઈ રાણીને તિરસ્કાર કરી આવવાની મુદત આપો, હું મારા મિત્ર પહાડસિંહને જામીન આપું છું. આ સાંભળી અકબરશાહે તેમને બુંદિ જવાની રજા આપી.

ચાંપરાજ ક્રોધમાં ઘેર ગયો અને રાણીને તિરસ્કારથી કહ્યું કેઃ "ધિક્કાર છે દુષ્ટ તને, તેં મારા કુળને કલંક લગાડયું ?" આ સાંભળી રાણી આશ્ચર્ય પામી બોલીઃ "પ્રિય, આપ આ શું બોલો છો ? છે શું તે તો કહો !" પણ તેનું સાંભળેજ કોણ ? રાજા તરત તેને તિરસ્કાર આપી દિલ્લી તરફ વિદાય થયો. રાણી સમજી કે જરૂર દગો થયો છે. પેલી ફોઇ થઇ આવેલી સ્ત્રીએ મારા પતિવ્રત માટે તેમને ભેરવ્યું હશે. હશે, એમ કહી તે ન ગભરાતાં હિંમત આણી વેશ બદલી સાંઢણી ઉપર બેસી ચાંપરાજ દિલ્લી પહોંચે તે પહેલાં દિલ્લી પહોંચી ગઇ. ત્યાં તો રાણાજી વખતસર ન આવી પહોંચવાથી તેમનો મિત્ર પહાડસિંહ ફાંસીએ ચઢવાની તૈયારી કરતો હતો એટલામાં તો ચાંપરાજ આવી જવાથી પહાડસિંહને ફાંસીએ ન ચઢાવ્યો અને રાણાએ વચન પાળ્યું તેને માટે તેમને બાદશાહ ધન્ય-વાદ આપવા લાગ્યા. સોનરાણીએ દિલ્લી આવી બનેલી વાત સાંભળી. પછી તેણે ગુણકાનો વેશ લઈ બાદશાહના દરબારમાં મજરો કરવાની પરવાનગી મેળવી.

બુંદિકોટાની ગુણકા મજરો કરવા આવવાની છે તે વાત જાણી મોટા દરબાર ભરાયો. ચાંપરાજ પણ તેમાં હાજર થયો. સોનરાણીએ પોતાના ગાનતાનથી બાદશાહને ખુશ કર્યો. પછી બાદશાહે તેને કાંઇ ઇનામ માગવાનો હુકમ કર્યો. પછી સોનરાણીએ ગુણકાના વેશમાં કહ્યું કે—તમારો સરદાર શેરબેક મારે ત્યાં રહી પૈસા આપ્યા વગર નાસી આવ્યો છે માટે મને તેનું નાક કાપવા દો. બાદશાહે શેરબેક સામે જોઈ કહ્યુંઃ કેમ, મિયાં ખરી વાત કે ? હવે નાક કાપવા દો.

તે સાંભળી શેરબેક બોલ્યો કે મેં તો તેને જોઇ પણ નથી. હું કુરાન ઉપર હાથ નાંખી કહું છું કે મેં તેને કદી જોઈ નથી. બાદશાહે કહ્યું કેઃ મિયાં, બરાબર તેને જોઈ લો અને સાચી વાત કહો, નહિ તો તેની વાત સાચી પડશે તો ફાંસીએ ચઢવું પડશે.

શેરબેકે કહ્યું: "જહાંપનાહ, એ સર્વ જુઠી વાત કહે છે, મેં તો તેને કદી પણ જોઇ નથી."

આથી સોનરાણીએ પોતાના મોં ઉપરથી બુરખો નાખી દીધો અને ક્ષત્રિયાણી તરીકે શરમાઇને એક તરફ ઉભી રહી. આ જોઇ બાદશાહે આશ્ચર્ય પામી કહ્યું: આ શું ? બાઇ તું કોણ છે ?

સોનરાણીએ કહ્યું: "જહાંપનાહ, હું ગુણકા નથી પણ હાડાની રાણી છું." આ સાંભળી સર્વ ઉભા થઇ ગયા અને તેને ધન્યવાદ આપવા લાગ્યા. પછી અકબરે કહ્યું કે: હાડાજી, હું તમારા વચન પાળવાથી અને રાણીના પતિવ્રતપણાથી ખુશી થયો છું. હવે તમારે દરબારમાં હાજર રહેવું નહિ પડે. રાણીની સામે જોઇ કહ્યું: દેવી ! તું ખરેખર પતિવ્રતા છે. તારા ઉપર જુઠી આળ ચઢાવનારને તેનું ફળ ફાંસી મળી છે. હું તને મારી ધર્મપુત્રી ગણી તારા રાજ્યની ખંડણી માફ કરૂં છું. આવી રીતે બાદશાહ ખુશ થયો, પતિવ્રતા સતીએ પોતાનું પતિવ્રતપણું સાબીત કરી બતાવી પતિનો જીવ બચાવ્યો અને પછી બંને બુંદિકોટા આવી સુખ ભોગવતાં રાજ્ય કરવા લાગ્યાં

જસમા—ત્રિકમ.

સિદ્ધરાજ જયસિંહ પાટણમાં રાજ્ય કરતો હતો તે વખતે ભયંકર દુકાળ પડયો તેથી રાજાએ સહસ્રલિંગ નામનું તળાવ ખોદાવા માંડયું. તે ખોદવા ઘણા ઓડ લોકો આવ્યા હતા. રાજા સાંજસવાર તેમણે શું કામ કર્યું તે તપાસવા જતો. એક વખતે ત્યાં તેની એક ઓડણ જસમા ઉપર નજર પડી. જસમા એ સર્વ ઓડના મુકરદમ ત્રિકમની સ્ત્રી હતી. તે ઘણી નાજુક, રુપાળી, ગોરી, હસમુખા સ્વભાવની અને અઢાર વર્ષની હતી જસમાનું નાનું બાળક એક ઝાડે ઝોળી બાંધી સુવાડયું હતું તે માટીની ટોપલીઓ ભરી ભરીને પાળ ઉપર નાખતી હતી. તાપમાં તેના શરીરનો વર્ણ અને તેજ ખીલી નીકળ્યાં હતા તેને જોઇ સિદ્ધરાજ તેના ઉપર મોહવશ થયો.

દિવસે દિવસે તેની તાલાવેલી વધતી ગઇ. બેચાર દિવસ પછી તેની ધીરજ રહી નહિ. તેણે તલાવ ઉપર જઇ જસમાને પાળ ઉપર માટીનાં ટોપલી નાંખવા આવી તે વખતે કહ્યું કે: " હે સ્ત્રી, તું આ મજુરી કરવાને લાયક નથી, જોને તારૂં મોં તાપથી કરમાઈ જાય છે, તું તો રાજમહેલમાં આવી સુખ ભોગવવા લાયક છે." તેણે હિંમતથી રાજાને હસી કાઢી કહ્યું: " રાજાજી અમે તો મજુર લોક રાજમહેલમાં તો રાણીઓ શોભે, અમારે તો મજુરી જ સારી." જસમા સમજી કે રાજાની દાનત બગડી છે. તેથી બીજા દિવસથી તેણે રાજાની નજરે ન પડાય તેવી રીતે કામ કરવા માંડયું. બે ત્રણ દિવસે પાછા જસમા ટોપલી નાંખવા આવી તે વખતે રાજા ત્યાં ઉભો હતો તેથી તેને જોઇ બોલ્યો કે: " હે સ્ત્રી, તું માન, અને રાણી થઇ રાજમહેલમાં વૈભવ ભોગવવા ચાલ, તારૂં નાજુક શરીર ધુળથી શા માટે રગદોળી નાંખે છે અને મજુરી કરી દુઃખી થાય છે."

જસમા આ સાંભળી ગુસ્સે થઇ અને બોલી કે: " રાજાજી, અમે તો તમારી પ્રજા એટલે તમારાં છોરૂં કહેવાઇએ. આપ મોટા માણસ થઇને આવું શું બોલો છો ? અમારે તો મજુરી કરી ટોપલીઓ વહેવી એજ રાજગાદી સમાન છે. આ શરીર પણ કચરા જેવું છે. સદાચારથી મોટાઈ મળે છે, આપ રાજા થઇને મને આ શું કહો છો ? જરા વિચાર કરો.' આમ કહી જસમા ચાલી ગઈ. તેણે રાજાની દાનત બગડી છે તે વાત પોતાના ધણી ત્રિકમને કહી તેથી તેણે રાત્રેજ પાટણ છોડી નાસી જવાનો વિચાર કર્યો. રાત્રે તે જસમાને લઈ માળવા તરફ ગયો. સવારમાં રાજા તળાવ ઉપર આવી જુએ છે તો જસમાને ન દીઠી. તે તેના ધણી સાથે રાતે માળવા તરફ ગઇ એવી બીજા ઓડોથી ખબર મેળવી રાજા બે ત્રણ સવારો સાથે તેની પાછળ પડયો.

રસ્તામાં ત્રિકમ, જસમા અને કેટલાક ઓડો જતા હતા તેમને રાજાએ પકડી પાડયા. ત્રિકમ પોતાની સ્ત્રીના રક્ષણને માટે કોદાળી લઈ સામે થયો પણ બંદુક ભાલાવાળા હથિયારબંધ સિપાઇઓ સામે તેનું શું ચાલે. તે બિચારો સિપાઇની તરવારનો ભોગ થઇ પડયો. ઘાયલ થઈ પડતી વખતે તેણે કારમી ચીસ પાડી તે જોઇ જસમા પોતાના ખોળામાંના છોકરાને નીચે મુકી પતિ પાસે આવી

રડકકળ કરતી પતિનું માથું ખોળામાં લઈ રડવા લાગી. રાજા સિદ્ધરાજ તેના પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે: "જસમા રડ નહિ, હશે થયું તે થયું. તું મારૂં કહ્યું માન અને રાજ્ય મહેલમાં આવી રાણી બની સુખ ભોગવ. જરા ઉંચું તો જો. આવ, આમ આવ." આમ કહી જસમાને પકડવા તૈયાર થયો.

જસમાએ જાણે કશું સાંભળતી ન હોય તેમ "ઓ મારા વ્હાલા, તમે ક્યાં ચાલ્યા ગયા.' એમ કરતી રડવા લાગી. થોડીવારે ત્રિકમનો જીવ ચાલ્યો ગયો. તેણે બિચારાએ પોતાની પત્નીના શિયળની રક્ષા કરવા માટે પોતાના પ્રાણ આપ્યા. તે જોઇ જસમા ત્યાંથી ઉભી થઈ બાળકને ચુંબન કરી બોલી "હે પ્રભુ, તું જ આનું પાલન કરજે, હે વ્હાલા પતિ હું પણ તમારી સાથે આ આવી;' ધિક્કાર છે આ રૂપ અને કામને, ધિક્કાર છે રાજા તને, તારૂં નામ જગતમાં સારૂં નહિ ગણાય, અને આ તળાવમાં પાણી પણ નહિ ટકે.' આમ બોલતી કટાર કાઢી પોતાના પેટમાં મારી. 'હે નાથ,' કરતી ત્રિકમના શબ ઉપર ઢળી પડી. આવી રીતે એક મજુરણ તરીકે ધંધો કરનાર હલકી જાતિ ઓડમાં ઉત્પન્ન થનાર સતી જસમાએ રાજ્ય લોભથી ન લોભાતાં પોતાના પતિવ્રતને માટે પ્રાણ આપ્યા પણ પોતાના શિયળનો ભંગ થવા ન દીધો. ધન્ય છે તેવી સતી સ્ત્રીને કે જે પ્રાણ કરતાં પણ શીયળને વધુ કિંમતી ગણે છે.

———:o:———

ગુણસુંદરી—કેશવ.

એવી જ રીતે સતી ગુણસુંદરીએ પણ પોતાના પતિવ્રતપણાને સાચવ્યું છે. ગુણસુંદરી એ પાટણના છેલ્લા રાજા કરણના પ્રધાન માધવરાયના નાના ભાઇ કેશવરાયની સ્ત્રી હતી. ગુણસુંદરી નાનપણથી જ ગોરી અને રૂપાળી હતી. તે પતિસેવા કરી પતિની પ્રીતિ સંપાદન કરવામાં આનંદ માનતી. કેશવ અને ગુણસુંદરી હંમેશાં સુખચેન ભોગવતાં આનંદમાં રહેતાં. માધવરાયની પત્નીનું નામ રૂપસુંદરી હતું. તેમને પ્રજા ન હોવાથી કેશવરાય અને ગુણસુંદરી ઉપર પુત્ર સમાન પ્રેમ રાખતાં.

ગુણસુંદરીનો પિતા પૈસાવાળો હતો, તે નાનપણથીજ સુખચેનમાં ઉછરી હતી. તે પતિસેવા કરવામાં ચતુર હતી. પોતાની જેઠાણીને મા સમાન ગણી તેને પ્રસન્ન રાખતી. ગૃહકારભાર ગુણસુંદરી ચલાવતી. રૂપસુંદરી પણ રૂપાળી હતી. તે ધર્મિષ્ટ અને પતિસેવાપરાયણ રહેતી. તેના રૂપનાં કર્ણરાજાએ વખાણ સાંભળ્યાં હતાં. એક વખતે તેની નજર રૂપસુંદરી ઉપર પડી તેથી તે રૂપસુંદરીને મેળવવા તલપાપડ થઇ રહ્યો હતો. તેણે તે લાગ મળે માટે પ્રધાન માધવરાયને સરકારી કામે બહાર ડીસ્ટ્રીકટમાં મોકલ્યો અને પછી રૂપસુંદરીને ફસાવવાનો પ્રપંચ રચવા માંડ્યો.

કેશવ અને ગુણસુંદરી ઘેર હતાં. તે ભાભી રૂપસુંદરીની માતા તુલ્ય સેવા કરતા. એક વખતે રૂપસુંદરી પુંજામાં હતી અને કેશવ ત્થા ગુણસુંદરી મેડા ઉપર બેઠાં બેઠાં આનંદ વાર્તા કરતાં. તેવામાં નીચે કાંઈ ગરબડ થતી જોઇ ગુણસુંદરીએ બારીએ જોયું તો કેટલાક સિપાઇઓને દીઠા. તેથી તેણે પોતાના પતિને કહ્યું કે: "અરે! જુઓ તો ખરા, ભાઇશ્રી તો ઘેર નથી અને નીચે પેલા સિપાઈઓએ કેમ ધાંધલ મચાવી છે" કેશવ શરીરે હષ્ટપુષ્ટ હતો. રોજ કસરત કરતો, પટો ખેલવાની તેને ટેવ હતી. તે પોતાની સ્ત્રીની વાત સાંભળી નીચે ગયો અને સિપાઇઓને જોઇ ધમકી આપતો બોલ્યો કે: "કેમ અલ્યા, કેમ આવ્યા છે? શું કામ છે?" તેને રોફ બંધ બોલતાં જોઇ સિપાઇઓ બીન્યા તો ખરા પણ તેમાંના મુખ્ય નાયકે કહ્યું કે: "શું કહીએ ભાઇ, જીભ ઉપડતી નથી, રાજા સાહેબનો હુકમ છે તેથી તમારાં ભાભી સાહેબને રાજમહેલમાં લઇ જવા આવ્યા છીએ."

આ સાંભળી કેશવે એકદમ ગુસ્સે થઈ નાયકને ધક્કો મારી બહાર કાઢ્યો અને બારણું અટકાવી ભાભીનું રક્ષણ કરવા હાથ તરવાર લઇ સામો થયો. તે બોલ્યો કે: "શું કહે છે? પિશાચ, જ્યાં સુધી મારામાં જીવ છે ત્યાં સુધી તમારાથી કાંઈ બનવાનું નથી." સિપાઇએ તેને ઘણો સમજાવ્યો પણ તેણે ન માન્યું. આ ગરબડાટ જોઈ રૂપસુંદરી ભયની મારી ત્યાં આવી પોતાના દિયેરને ઘરમાં આવતા રહેવા આગ્રહ કરવા લાગી. પણ તેણે માન્યું નહિ. સિપાઇઓ બારણાં ઉતારી નાંખી અંદર પેઠા. જેથી કેશવે ગુસ્સે થઇ તરવારથી બે ચારને તો હેઠળ પડયા. પણ ઘણા માણસ આગળ

એક જણ શું કરી શકે ? સિપાઇઓએ તરવાર ઉગામી અને સામસામે થતાં એક જણની તરવાર તેને વાગતાં તેનું મસ્તક જૂદું થયું. રૂપ સુંદરી તે જોઇ રડકકળ કરવા લાગી. બીજા માણસો રૂપસુંદરીને પકડી મેનામાં બેસાડી રાજ્ય મહેલમાં લઈ ગયા.

ગુણસુંદરીએ પતિનું પરાક્રમ જોયું, તેણે ઘણાં માણસોને મારી ભાભી માટે પોતાનો જીવ આપ્યો. તેને મરતાં જોઇ ગુણસુંદરી પોક્રાટ રડવા લાગી. અને કેશવનું શબ ખોળામાં લઇ કહેવા લાગી કે: “ પતિ, હું પણ તમારી સાથેજ આવું છું. ” આમ કહી પોક્રાટ રડકકળ કરવા લાગી. તેની આંખો ફાટી ગઈ હતી, ચોટલો છુટો મૂકી દીધો હતો, તેને પતિનો વિયોગ થતાં શૂર ચઢયું હતું. થોડીવારે સગાં વ્હાલાં ભરાયાં, તેમણે આ બનાવ જોઈ પ્રધાન જેવા ઉપર રાજાએ કરેલા જુલમથી સર્વ કોઈ રાજાને ધિક્કારવા લાગ્યાં. કેશવનું શબ લઇ બાળવા ગયા. તેની પાછળ સતી ગુણસુંદરી પણ ‘ જે અંબે જે અંબે ’ કરતી કંકુના થાપા મારતી સતી થવા તૈયાર થઈ. તેણે દરવાજે પહોંચતાં પાછું જોઇ શ્રાપ આપ્યો કે પાટણની ગાદી ખેદાનમેદાન થજો, અને રાજાએ પ્રધાનની રાણી સામે કુદૃષ્ટિ કરી, અમારૂં ખેદાનમેદાન કર્યું તેમ તેનું ખેદાનમેદાન થઇ તેની રાણી અને દીકરીઓની તુર્કો તેવીજ દશા કરજો. આવો શાપ આપી સરસ્વતીના કિનારે ચિતા ખડકાવી તેમાં પતિ સાથે બળી મુઈ. આ પ્રમાણે આ સતી સ્ત્રીએ પોતાનું નામ અમર રાખ્યું છે.

રાણકદેવી—રાખેંગાર.

સિંધના રાજા રાવપાવરને ત્યાં રાણકદેવીનો જન્મ થયો હતો. તેના જન્મ પછી તેના બાપે જોષીને બોલાવી કુંડળી કઢાવી. તો તેમાં એવું આવ્યું કે: જો આ છોડીનો બાપ તેનું મોં જુએ તો આંધળો થાય. તેથી રાજાએ તે પુત્રીને જંગલમાં મુકી આવવનો હુકમ કર્યો. રાણીને પુત્રી ઉપર સ્નેહ હતો. તે બિચારી રડવા લાગી અને પુત્રીને ખવાસણે જંગલમાં મુકી આવી. બીજે દિવસે હડમતીયો નામનો કુંભાર જંગલમાં માટી ખોદવા ગયો તો ત્યાં આ છોકરીને એકલી પડેલી જોઈ, પોતાને

પ્રજા ન હોવાથી ઘેર લઈ ગયો. અને તે પોતાની છોડી છે એમ કહી તેને છોડીની માફક ઉછેરવા લાગ્યો. રાનમાંથી જડેલી માટે તેનુ નામ કુંભારે રાણુક એવું પાડયું.

રાણુક રાજાની કુંવરી હતી એટલે તેનું રૂપ દિવસે દિવસે ખીલવા લાગ્યું. એક વખતે તે છોકરી રમતી હતી તેને કચ્છના રાજા લાખાએ જોઈ, તેથી તેના રૂપ ઉપર તેને મોહ થતાં તેનું માગું કર્યું. બિચારા હુડમતીયાને પોતાની છોકરીને તો કોઈ કુંભાર વેરે પરણાવી લ્હાવો લેવાનો વિચાર હતો પણ રાજાએ માગું કર્યું તેથી બીકનો માર્યો તે રાણુકને લઈ કચ્છમાંથી રાતોરાત નાસી સોરઠ દેશમાં આવી જુનાગઢ પાસેના મજેવડી ગામમાં રહેવા લાગ્યો. ત્યાં એક વખતે પાટણના કેટલાક બારોટો દ્વારકાંની યાત્રા કરીને પાછા ફરતાં આવી ચઢયા. તેમણે આ કુંભારને ત્યાં રાણુકને જોઈ તેનાં રૂપ અને હાથ પગનાં કેટલાંક ચિન્હો જોતાં ભાટોને લાગ્યું કે તે રાજાની રાણી થવાને લાયક છે. તેથી તેમણે પાટણ જઇ સિદ્ધરાજને કહ્યું કે તમારે ત્યાં આટલી બધી રાણીઓ છે પણ કોઇ પદ્મણી નથી હોં. તમારે લાયક તો સોરઠમાં એક કન્યા અમે જોઈ, શું તેનું રૂપ ! તેની ઉમ્મર હજુ ચાદ વર્ષની તો થઈ નથી પણ કેવી અનુપમ બાળા જણાય છે. ખરેખર તે આપને લાયક છે !

આ સાંભળી સિદ્ધરાજે તેને પરણવાનો વિચાર કર્યો. આ તરફ એક ભાટે તેને જોઈ જુનાગઢના રાજા રાખેંગારની પાસે જઈ રાણુકદેવીનાં વખાણ કર્યાં અને કહ્યું કે: જો તેને સિદ્ધરાજ લઇ જશે તો સોરઠનું નાક જશે. તેના રૂપની પ્રશંસા સાંભળી જુનાગઢના રાજા રાખેંગારે કામદાર મોકલી હુડમતિયા કુંભારને અને રાણુકને જુનાગઢમાં તેડી મંગાવ્યાં અને લગન જોવરાવી રાણુક સાથે પોતાનાં લગ્ન કરી દીધાં. પરણીને મહેલમાં જતાં રાણુકદેવીને પગમાં ઠેસ વાગી અને લોહિ નીકળ્યું તેથી અપશુકન થયા.

હુડમતિયો પોતાની પુત્રીને રાણી થએલી જોઇ ખુશી થયો. રાખેંગાર રાણુકદેવીના રૂપ અને ગુણથી આનંદ પામવા લાગ્યો. આ વાત સિદ્ધરાજે જાણી તેથી તે ગુસ્સે થયો અને મોટું સૈન્ય લઈ સોરઠ ઉપર ચઢાઇ કરી. રાખેંગાર ગિરનારના કિલ્લામાં પેસી સિદ્ધરાજના સૈનિકો સામે યુદ્ધ કરવા માંડયું. સિદ્ધરાજે ઘણા વખત સુધી ઘેરો ઘાલી પડાવ નાંખ્યો. ત્યાં તો રાણીને રાખેંગારથી બે કુંવરો

પણ થયા. છેવટે રાણા રાખેંગારનો ભાણેજ ફુટયો અને તેણે શત્રુ પક્ષમાં ગયો. તેથી સિદ્ધરાજ કિલ્લામાં દાખલ થયો અને રાખેંગારને જીતી મારી નાંખ્યો.

સિદ્ધરાજ અંદર જઇ રાણીના અંતઃપુરમાં ગયો અને સતી રાણકદેવીને પોતાની રાણી થવા વિનવવા લાગ્યો. રાણીએ કહ્યું: હું પતિવ્રતા છું. અન્ય પુરુષનું મોં પણ જોવા ઇચ્છતી નથી, માટે રાજા, તમે આવી વાતો ન કરો. રાજાએ ઘણું કહ્યું પણ રાણી તેને તાબે થઇ નહિ તેથી તેના દેખતાં તેને કહ્યું કે જો તું નહિ માને, મારે તાબે થઇ મારી રાણી થવા કબુલ નહિ કરે તો આ તારાં પુત્રોને તારાં દેખતાંજ રેંશી નાંખીશ.' આ છતાં પણ રાણી બીની નહિ અને કહ્યું કે: "ભલે, તમારે ફાવે તેમ કરો પણ હું મારા શીયળનો ભંગ કરનાર નથી. આથી રાજાએ તેના દેખતાંજ તેના પાંચ વર્ષના પુત્રને તરવારથી મારી નાંખ્યો. છતાં પણ રાણીએ તેને તાબે થઇ નહિ. છેવટે સિદ્ધરાજે તેને પકડી પોતાના ડેરે લઇ આવવાનો પોતાના માણસને હુકમ કર્યો. રાણકદેવી પતિ અને પુત્રના મરણથી બેબાકળી બની રડકકળ કરતી માણસોની સાથે ગિરનાર ઉપરથી નીચે ઉતરી.

સિદ્ધરાજે રાણકદેવીને પોતાની સાથે લઇ પાટણ જવા માંડયું. રસ્તામાં તેની પાસેની દાસીઓ તેને રાજાની મરજી સંપાદન કરવાનું ઘણું કહેવા લાગી પણ તે સતી હતી તેથી જરાપણ ડગી નહિ. જ્યારે સિદ્ધરાજે જાણ્યું કે તે તાબે થવાની નથી ત્યારે તેણે કહ્યું કે: જ્યારે તમારે ગુજરાતની મહારાણી થવું નથી તો કયાં જવું છે તે કહો. એટલે રાણકદેવીએ કહ્યું કે: અહિ સોરઠની હદ પુરી થાય છે માટે મને અહિંજ છોડી દો. મારે મારા પતિની પાછળ સતી થવું છે. છતાં તમે નહિ માનો તો હું આપઘાત કરી મરીશ પણ તમારી મરજીને વશ તો નહિ જ થઉં. આથી સિદ્ધરાજે વઢવાણ આગળ ભોગાવા નદી ઉપર ચંદનની ચિતા ખડકાવી કહ્યું કે જો ચિતા વગર અગ્નિએ તમારા સતીત્વથી સળગે તો હું જાણું કે તમે સતી ખરાં.' આમ કહી તેને સતી થવાની રજા આપી.

રાણકદેવીને તરતજ શર ચઢયું અને ચિતા ઉપર બેસી સૂર્યદેવને પ્રણામ કરી ચિતા સળગાવા પ્રાર્થના કરી જેથી તરતજ ચિતા વગર દેવતાએ સતના બળથી સળગી અને રાણકદેવી સતી થયાં.

આ પ્રમાણે આ સતીએ સર્વસ્વનો ત્યાગ કર્યો, ધન અને રાજ્યની લાલચથી ન લોભાતાં પોતાના શિયળવ્રતને સાચવી સતી થઈ ગયાં છે.

વીરમતી—જગદેવ.

વીરમતી એ ટુંકટોડા રાજાની કુંવરી હતી. નાનપણથી વીરમતી દેખાવડી અને ગુણવાન હતી. તેનું લગ્ન ધારાનગરના રાજા જગદેવની સાથે નાનપણમાંજ થયું હતું. જગદેવ બહાદુર હતો તે રાજાની અણમાનિતી રાણીનો પુત્ર હોવાથી રાજ્ય તરફથી તેને સારૂં માન મળતું નહિ. તેને સાધારણ માણસની માફક રાજ્યમાં રહેવું સારૂં ન લાગવાથી સ્વપ્રયત્ને કીર્તિ અને પૈસો મેળવવા તેને દેશાટન કરવાની ઇચ્છા થઇ. તે પોતાની માતાની આજ્ઞા લઇ ગુજરાતના રાજા સિદ્ધરાજ પાસે જવાનો વિચાર કર્યો. કારણ કે તે વખતે ગુજરાતની જાહોજલાલી સારી હતી.

જગદેવે જતાં જતાં રસ્તામાં એક ગામને પાદરે આવેલા બાગમાં એક ઝાડ તળે ઘોડો બાંધી તે વિશ્રામ લેવાની ઇચ્છાથી સુઈ ગયો. થાકેલો હતો અને ઠંડો પવન વાવા લાગ્યો તેથી તેને ઉંઘ આવી ગઇ. તે ઉંઘી ગયો હતો તે વખતે ત્યાં ફરતી ફરતી એક સ્ત્રી આવી ચઢી, ને જગદેવને આમ સુતેલો જોઈ આશ્ચર્ય થયું. તે સ્ત્રી તે બીજી કોઈ નહિ પણ તેની સ્ત્રી વીરમતી હતી. તેણે પોતાના સ્વામીને આવી રીતે શેત્રંજી ઉપર સુતેલો જોઇ તેને ઘણો ખેદ થયો. પોતાની સાહેલીયોને તેણે રાજદરબારમાં મોકલી. થોડીવારે જગદેવ જાગ્યો તો પોતાની પાસે આ સ્ત્રીને બેઠેલી જોઈ તેને પૂછ્યું કેઃ તમે કોણ છો ? અને કેમ બેઠાં છો ?

આથી વીરમતીએ શરમાઇને કહ્યુંઃ "હું જે છું તે છું, આપની પાસે બેસવાનો મને અધિકાર છે." આથી જગદેવે તેનો સાદ સાંભળી તેના સામું જોતાં ઓળખી અને યાદ આવ્યું કે આતો ટુંકટોડા ગામને પાદરે જ હું સુતો છું. વીરમતીએ પૂછ્યું કેઃ "વ્હાલા, આપને શું દુઃખ પડયું કે આપ આવા વેશમાં પરદેશ જાઓ છો ?" હું આપની દાસી છું, આપની સેવામાં મને પણ રાખો. હું આ-

પની સાથે રહી સુખ દુઃખ સહેવા તૈયાર છું." જગદેવ તેનાં આવાં નમ્ર વચન સાંભળી રાજી થયો. તેણે પોતાની વાત કરી, તેને દુઃખમાં વિસામારૂપ પોતાની સ્ત્રી થઈ પડી. એવામાં તેની સખીઓએ રાજદરબારમાં વાત કહેવાથી તેના ભાઈ જગદેવને વાસ્તેગાસ્તે તેડવા આવ્યો. જેથી જગદેવ રાજ્યમહેલમાં ગયો. ત્યાં ચારેક દિવસ રહી પાછો પરદેશ જવા તૈયાર થયો. તેના સસરાએ તેને ગામ અને વતન આપી પોતાને ત્યાં રાખવાનો ઘણોજ આગ્રહ કર્યો પણ તેણે પોતે સ્વપરાક્રમથી કીર્તિ અને પૈસો મેળવવાની પ્રતિજ્ઞા લીધેલી હોવાથી ત્યાં રહ્યો નહિ. વિરમતી પતિની સાથે જવા તૈયાર થઇ તેથી રાજાની આજ્ઞા લઈ બંને પતિપત્ની પાટણ તરફ ચાલતાં થયાં.

જગદેવ બહાદુર અને વીરપુરુષ હતો. આગળ રસ્તામાં વાઘનો ભય હતો પણ તે રસ્તો ટુંકો હતો તેથી તેણે તે રસ્તે જવાનો વિચાર કર્યો. રસ્તામાં વાઘ અને વાઘણને તેમની ગંધ આવતાં તેમના ઉપર ધસી આવ્યાં પણ જગદેવે એકજ તીરથી બંનેને વીંધી નાંખી વાઘનો ભય દૂર કર્યો. આગળ ચાલતાં કેટલાક દિવસે સંધ્યાકાળે તે પાટણમાં પહોંચ્યાં. તેણે ઘોડો ભાગોળે બાંધી વીરમતીને સોંપ્યો અને પાતે ગામમાં ઘર ભાડે લેવા ગયો. એવામાં ગામની એક પ્રખ્યાત વેશ્યાની દાસી ત્યાં આવી ચઢી. તેણે વીરમતીને દીઠી. વીરમતી બાળયોવના, સ્વરૂપસૌંદર્યવાળી અને મજબૂત બાંધાની હતી. તેથી તે દાસી તેને લલચાવી પોતાની વેશ્યા શેઠાણી પાસે લઈ જવાથી સારા પૈસા મળશે એમ ધારી તેની પાસે આવી અને તેનું તેના પતિ વગેરેનું નામ ઠામ પૂછી જાણે ઓળખતી હોય તેમ તેણે વીરમતીને કહ્યુંઃ હું તો બેટા તારી માસી થાઉં, તું અહિં ક્યાંથી? ચાલો આપણે ઘેર. આ સાંભળી વીરમતીએ ઘોડો સૂનો મૂકી પતિ વગર એકલાં જવાનું ના કહ્યું. પણ તેણે કહ્યું કેઃ આ મારી બેનપણી અહિં ઉભી રહે છે તે પરમારને મારે ત્યાં તેડી લાવશે, માટે ચાલો, કાંઇ હરકત નથી.' આવી રીતે ભોળવી વીરમતીને તે વેશ્યાને ત્યાં લઇ ગઈ.

જગદેવ ગામમાંથી પાછો આવ્યો તો વીરમતીને જોઇ નહિ તેથી તે ક્યાં ગઈ હશે એવો વિચાર કરતો ખેદ પામવા લાગ્યો. વીરમતી વેશ્યાને ત્યાં જઈ ફસાઈ. ત્યાંની વ્યવસ્થા જોઇ તેને લાગ્યું કે જરૂર આ રાંડ મને ફસાવી છે. હશે, ઈશ્વરે ધાર્યું હશે તે થશે.

એમ ધારી હિંમત રાખી ત્યાં રહી. રાત્રે તે વેશ્યાએ કોટવાળના પુત્રને તેનો પતિ જગદેવ છે એમ કહી તેને વીરમતી પાસે મોકલ્યો. કોટવાળના છોકરાએ તેનું રૂપ જોઈ જાણ્યું કેઃ "વાહ, શું રૂપ રૂપની પરી, મારે માટે આણી છે! તે વીરમતીનો હાથ પકડી, વાહ પ્યારી, કહી પલંગ તરફ લઇ જવા લાગ્યો. વીરમતી સતી હતી, વળી ક્ષત્રિયાણી હતી. તેણે તેનો હાથ તરછોડી કહ્યું: "હટ, દુષ્ટ દૂર રહે" એમ કરી બે ચાર લગાવી દીધી. છતાં પણ તે ન માનતાં તેના ઉપર બળાત્કાર કરવા ગયો તેથી વીરમતીએ પોતાની પાસેની કટાર તેના પેટમાં મારી તેને મારીને બારીએથી રસ્તા ઉપર ફેંકી દીધો.

રસ્તામાં રોન ફરતા સિપાઇઓએ કોટવાળના પુત્રનું શબ ઓળખી કોટવાળને ખબર આપી. કોટવાળ ગુસ્સે થઇ વેશ્યાને ત્યાં આવી વીરમતીને પકડવા માટે તેના ખંડ તરફ સિપાઇઓને લઇ ધસ્યો. પણ વીરમતીએ બારણું અંદરથી વાસી દીધું હતું. તેથી સિપાઇઓએ બારીએથી ચઢી ઉતરી તેને પકડવાનો પ્રયત્ન કર્યો. પણ વીરમતીએ તો જે બારીએ આવે તેનું માથુંજ ધડથી જુદું કરવા માંડયું આવી રીતે બે ચારનો ઘાણ તો ત્યાંજ વાળી દીધો. સવાર થતાં આખા ગામમાં આ બૂમ ઉડી. દરબારમાં પણ તે વાતની ખબર સિદ્ધરાજને પડી તેથી તે પણ વેશ્યાને ઘેર આવ્યો. જગદેવને પણ આ વાતની ખબર પડતાં તમાસો જોવા તે પણ ત્યાં આવી ચઢયો.

સિદ્ધરાજે વીરમતીને ધીમેથી હકીકત પૂછી અને કહ્યું કેઃ હું રાજા છું. તું બારણું ઉઘાડ. તેથી તેણે રાત્રે બનેલી સર્વ વાત કહી. આ વખતે જગદેવ ત્યાં હતો તેણે પોતાની પત્નીની વાત સાંભળી તેને ઓળખી અને રાજાને સલામ કરી વીરમતીને બારણું ઉઘાડવાની તેણે આજ્ઞા કરી. પતિની આજ્ઞા થતાં વીરમતી બારણું ઉઘાડી બહાર આવી. તેણે પોતાના શિયળ માટે કોટવાળના પુત્રને મારી નાખ્યો પણ જીવના સાટે શિયળનો ભંગ ન થવા દીધો તે જાણી રાજા તેના ઉપર પ્રસન્ન થયો અને તે બંનેને રાજમહેલમાં લઈ ગયો. જગદેવે નોકરી રહેવાની ઇચ્છા કરી તેથી તેને સિદ્ધરાજે સારા પગારથી પોતાના રાજ્યમાં એક સરદાર તરીકે રાખ્યો.

જગદેવના પરાક્રમથી રાજાએ ખુશ થઈ તેને પગાર ઉપરાંત સારી જાગીર પણ આપી હતી. તેને કાંઇ કામ કરવાનું નહોતું છતાં પગાર મોટા અને વળી જાગીર મળતી તે જોઇ બીજા સરદારો તેની અદેખાઇ કરવા લાગ્યા. એમ કરતાં બેએક વર્ષ થયાં હશે તેવામાં તેને એક પુત્ર થયો. પત્ની વીરમતિ સેવા કરી પતિને રાજી રાખતી. બંનેમાં પરસ્પર ઘણોજ સ્નેહ હતો, તેથી આનંદમાં નાના પુત્રને રમાડતાં સુખનો લ્હાવો લેવા લાગ્યાં.

એક વખતે અંધારી રાત્રે રાજા સિદ્ધરાજ અર્ધી રાત્રે ઉંઘમાંથી જાગી ઊઠયો. તો તેને ગામની ભાગોળમાં કોઈ આનંદ કરતું અને કેટલાંક જાણે શોક કરતાં હોય તેવો અવાજ સંભળાયો. તેથી તેણે ચોકી ઉપરના પોતાના સામંતોને કહ્યું કેઃ અરે, કાંણ છે ? જાવ જોઇએ ભાગોળે આ શો કોલાહલ છે જેવી હોય તેવી તપાસ કરી મને ખબર આપો." આ સાંભળી અંધારી રાતે કોઈ પણ સામંત ઉઠયો નહિ અને ખબર કાઢવા ગયો પણ નહિ. પણ જગદેવ રાજાનો હુકમ સાંભળી ઢાલ તલવાર લઇ તપાસ કરવા નીકળ્યો. રાજા સિદ્ધરાજ પણ શું હશે તે જેવા અંધાર પીછોડો ઓઢી બહાર જવા લાગ્યો. તો માત્ર જગદેવ એકલો જ જતો હતો. બીજો કોઇ સામંત ઉઠયો નહોતો.

રાજા જગદેવ પાછળ જવા લાગ્યો. કેટલેક દૂર આગળ જતાં જંગલની ઝાડીમાં કેટલીક સ્ત્રીઓ આનંદ કરતી જોવામાં આવી. તેમને જગદેવે પૂછયું કે તમે કાંણુ છો ? તેથી તેમણે કહ્યું કેઃ અમે આ શહેરની જોગણીઓ છીએ. કાલે રાજા મરણુ પામવાનો છે તેથી આનંદ કરીએ છીએ. આ સાંભળી વળી તે આગળ ગયો તો સ્ત્રીઓનું બીજું ટોળું મળ્યું. તેમને પૂછતાં તેમણે કહ્યું કેઃ અમે આ શહેરની કુલદેવીઓ છીએ અને રાજાનુ કાલે મરણુ થવાનું હોવાથી રડીએ છીએ.

રાજા જગદેવ પાછળ જતો હતો તેને આ સાંભળી ભય થયો. એવામાં જગદેવે પૂછયું કેઃ " રાજા શી રીતે જીવે, તેનો કોઇ ઉપાય છે ? તેથી તે દેવીઓએ કહ્યું કેઃ પેલી જોગણીઓને તમારો ભોગ આપો તો રાજા જીવે એમ કહી તે દેવીઓ સાથે જોગણીઓ પાસે ગયો, તેમણે કહ્યું કે જો તું તારૂં મસ્તક આપે તો રાજા બચે. તેથી જગદેવ બે ઘડીની મહેતલ માગી વીરમતીને પૂછવા નગરમાં

ગયો. વીરમતીએ તેની વાત સાંભળી કહ્યું: વાહ, આપના જીવથી જો રાજાનો જીવ બચતો હોય તો પછી બીજું શું જોઇએ છીએ ? ચાલો હું પણ આવું છું અને જો મારો જીવ આપવાથી રાજાનું આયુષ્ય વધારે વધતું હોય તો હું પણ તૈયાર છું. એમ કહી બંને જણ પોતાના પુત્રને લઇ પાછાં પેલી જોગણીઓ પાસે આવ્યાં. રાજા તો જગદેવ પાછળ પાછળ જ હતો.

જોગણીઓએ તેમને આવેલાં જોઇ કહ્યું કે: "જો તું, તારી સ્ત્રી અને પુત્ર ત્રણેનો અમને ભોગ આપે તો રાજાનું બીજાં ૭૫ વર્ષનું આયુષ્ય વધે.' આ સાંભળી જગદેવે કહ્યું: ઘણું સારૂં. એમ કહી તરવાર ખેંચી જેવો પોતાના પુત્રનો ભોગ આપવા જાય છે. તેવોજ જોગણીઓએ 'હાં, હાં, કહી તેનો હાથ પકડયો. અને કહ્યું: અમે તારા ઉપર પ્રસન્ન છીએ. અમને ભોગ પહોંચો ચૂકયો જા, તારો રાજા કાલે નહિ મરે અને બીજાં પોણોસો વર્ષ વધુ જીવશે.' આમ કહી તે સર્વે અલોપ થઈ ગઈ.

જગદેવ પછીથી પોતાની સ્ત્રી તથા પુત્રને લઇ ખુશી થતો થતો ઘેર આવી ઉંઘી ગયો. રાજા જગદેવ અને વીરમતીની રાજ-ભક્તિ જોઈ ઘણોજ ખુશી થયો. બીજે દિવસે સિદ્ધરાજે દરબાર ભર્યો અને સામંતોને રાતની વાત પૂછી જોઈ. કોઈ પણ સામંત ગયેલો નહિ એટલે તેમણે તો માત્ર એક બનાવટી વાત ઉભી કરી. જગદેવને પૂછ્યું પણ તેણે તો કાંઇ કહ્યુંજ નહિ. આથી રાજા જગદેવ ઉપર ઘણો ખુશી થયો અને તેણે રાત્રે બનેલી વાત, જગદેવની રાજભક્તિ, અને પોતાના જીવને માટે તે પોતાની સ્ત્રી અને પુત્ર સહિત પ્રાણ આપવા તૈયાર થયો હતો તે વાત કહી બતાવી. બીજા સામંતો શરમાઈ ગયા. અને રાજાએ જગદેવને મોટી પદ્વિ તથા કેટલીક જાગીરો આપી. અને ધારાનગર જીતી આપી તેનું રાજ્યપાટ અપાવ્યું.

સતી વીરમતીએ પતિની આજ્ઞાનું પાલન કરી જાન આપવા તૈયાર થઇ. પોતાના શિયળને સાચવવા દુષ્ટ કોટવાળના પુત્રને જરા-પણ ભય રાખ્યા વગર નાશ કરી, પોતાના પતિવ્રતને સાચવ્યું હતું. સતી સ્ત્રીઓ આવી રીતે પતિની આજ્ઞાને આધિન રહે છે. પતિનો પ્રેમ એજ તેમના જીવનનો મંત્ર છે.

———:૦:———

મીનળદેવી—કર્ણસિંહ

કર્ણાટકના રાજા જયકેશીની મીનલદેવી પુત્રી હતી. નાનપણથી તે સદ્‌ગુણી, સાંદર્યવાન અને નીતિવાળી હતી. નાનપણથી તેને ચિત્રકામ અને સંગીતનો શોખ હતો. ઉમ્મરે આવતાં તેના પિતાએ તેને પરણાવવાનો વિચાર કર્યો પણ મીનળદેવીની પરણવાની ઇચ્છા નહોતી. એક દિવસે તેને સ્વપ્નું આવ્યું તેમાં તે જાણે એક રાજકુંવરને પરણી અને તેની સાથે સુખ ભોગવવાની અણીએ તેની આંખ ઉઘડી ગઈ. તેણે તે વાત પોતાની સખીઓને જણાવી અને સ્વમામાં વરેલા પતિની છબી ચીત્રીને બતાવી અને કહ્યું કે જો આ રાજકુંવર મળે તો તેને પરણું. આ વાત સખીઓએ તેની માતાને કહી અને તેણે રાજાને વાત કહી તેથી તે છબી મંગાવી સભામાં બેઠેલા કેટલાક પરદેશી રાજ્યના સભાસદોને બતાવી તેમાં એક ગુજરાત તરફનો સભાસદ હતો તેણે તે છબી જોઇ પાટણના રાજા કરણની આ છબી છે એમ ઓળખીને કહ્યું. રાજાએ મીનળદેવીની છબી ચિત્રાવી અને તે બંને છબીઓ લઇ ગુજરાતના રાજા કર્ણ પાસે પોતાના નોકરને મોકલી મીનળદેવીની ઇચ્છા તેને જણાવી અને કુંવરીનો વિવાહ તેની સાથે કરવા સંદેશો કહાવ્યો. પાટણ જઈ તે લોકોએ રાજાને જોયો તો બરોબર છબીને મળતું જ તેનું રૂપ હતું. તેથી તેમણે રાજસભામાં જઇ રાજાને કુંવરીને આવેલા સ્વમાની વાત કહી સંભળાવીને છબી આપી. રાજા આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યો. તે મીનળદેવીની છબી જોઇ ઘણો પ્રસન્ન થયો અને મીનળદેવી સાથે વિવાહ કરવાનું કબુલ કર્યું પછી પોતાનું ખાંડું કર્ણાટક મોકલી મીનળદેવીને તેડવા પોતાના સરદારોને મોકલ્યા. થોડા વખતમાં મીનળદેવીને તેડી સરદારો પાટણ આવ્યા.

પાટણમાં કરણ અને મીનળદેવીનાં મોટી ધામધુમથી લગ્ન થયાં પણ અંતઃપુરમાં જઇ રાજાએ પોતાની પત્નીનું મુખ જોતાં કહ્યું કે: છબીમાં મેં જે મુખ જોયું હતું તે આ સ્રીનું તો ન હોય ! આવા વિચારથી તેનું મન ઉદ્વેગ પામ્યું. અને મીનળદેવીને બોલાવી નહિ.

મીનળદેવી સમજી ગઈ કે પતિને હું ન ગમી તેથી મને બોલાવતા નથી. માટે મારે હવે જીવીને શું કરવું છે ? એવા વિચારથી તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો પણ તે વાત તેની સાસુના જાણવામાં આવતાં તેને ધીરજ આપી અને તેમ ન કરવા સમજાવ્યું.

પછી કેટલાક વખતે કર્ણાટકની એક ગણિકા દરબારમાં નાચ કરવા આવી. તેને જોઇ રાજા મોહવશ થયો. જેથી તેને ખાનગીમાં આવવાનું રાજાએ કહાવી મોકલ્યું. આ વાત રાજમાતાના અને પ્રધાનના જાણવામાં આવતાં તેમણે તેને સમજાવી પાટણમાંથી કાઢી મૂકી. અને તેને બદલે મીનળદેવીને રાજા પાસે મોકલી. તેણે રંગમહેલમાં જઈ પતિ આગળ નાચરંગમાં કુશળતા બતાવી. રાજા તેથી ખુશી થયો અને તેને રાત્રે ત્યાં રાખી. મીનળદેવીને આથી ગર્ભ રહ્યો તેણે તે વખતે રાજાની પાસેથી મુદ્રિકા માગી લીધી. બીજે દિવસે મીનળદેવી ત્યાંથી નીકળી પોતાના મહેલમાં આવી. ચારેક દિવસ થતાં રાજાને ગુણકા સાથેના સમાગમથી ઘણો પશ્ચાતાપ થવા લાગ્યો.

તેણે પોતે કરેલા પાપનું પાયશ્ચિત કરવા વિદ્વાનોને પૂછી લોખંડની પુતળી બનાવી તેને ઉની કરી આલિંગન આપી દેહ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. મીનળદેવીએ આ વાત જાણી તેથી તે પતિ પાસે ગઈ અને કહ્યું કેઃ આપ ધર્મભ્રષ્ટ થયા નથી, હુંજ ગણિકારૂપે આવી હતી તેની ખાત્રી કરવી હોયતો માતાજીને પૂછો. અને જુઓ આ તમારી આપેલી મૂદ્રિકા ! રાજાને તે બાબતની ખાત્રી થતાં લજ્જા પામ્યો અને મીનળદેવીએ પાપમાંથી બચાવ્યો તેને માટે ક્ષમા માગી અને તેનો ઉપકાર માનતો કહેવા લાગ્યો કેઃ વ્હાલી, મને ક્ષમા કર, તેં મને પાપમાંથી બચાવ્યો, મેં તારો અત્યારસુધી અનાદર કર્યો તેને માટે ઘણોજ દીલગીર છું.' આમ કહી મિનળદેવીને સ્નેહથી આલિંગન આપ્યું.

મિનળદેવીએ તે પછીથી પતિ ઉપર અત્યંત પ્રીતિ રાખી, પતિની આજ્ઞાનું પાલન કરી તેની પ્રીતિને જીતી લીધી. તેને માસ પુરા થતાં પુત્રનો જન્મ થયો. તેનું નામ સિદ્ધરાજ પાડયું. તેમણે પતિની જીવનપર્યંત સેવા કરી પતિના મરણ પછી વૈધવ્ય પાળી પુત્રને ગાદીએ બેસાડી રાજકારભાર ચલાવા માંડયો. મણે ઘણા ગામોમાં તળાવો બંધાવ્યાં છે, ઘણા કર ઓછા કરી રૈયતની ચાહના મેળવી હતી. પુત્રને નાનપણમાં પોતે ઉછેરી રાજ્યધર્મને અનુકુળ

કેળવણી આપી હતી તે પછી ચક્રવર્તી મહારાજા તરીકે પ્રસિદ્ધ થયો હતો. ધન્ય છે આવી સતીને કે જેણે પોતાના પતિને પોતાનાં શરીર, મન, અને આત્મા અર્પણ કરી તેમની પ્રીતિને સંપાદન કરી પતિસેવા કરી પોતાના પતિવ્રતપણાના ધર્મનું પાલન કર્યું.

સ્ત્રીઓએ આ પ્રમાણે પોતાના પતિને પોતાના પ્રાણથી પણ અધિક ગણીને સેવવો અને પ્રાણ કરતાં પણ પોતાના શિયળને અધિક ગણી તેનું પાલન કરવું. શરીર, મન, અને વાણીથી જે સ્ત્રી અન્ય પુરુષની ઇચ્છા સરખી પણ કરતી નથી તેજ પોતાના શિયળને સાચવી શકે છે. સતી સ્ત્રીઓને માટે શિયળવ્રત એ મોટામાં મોટું વ્રત છે. કહો બેનો, હવે આપણે બંધ કરીએ. આજે જે સાંભળ્યું તેનું મનન કરી તે પ્રમાણે જીવન ગાળવા પ્રયત્ન કરવાથી તેનું ફળ મળ્યા વગર રહેશે નહિ."

આમ કહી ચન્દ્રકાન્તાએ કથા બંધ કરી અને સર્વ સ્ત્રીઓ તેનો ઉપકાર માનતી, સતી સ્ત્રીઓની વાતોનું સ્મરણ કરતી ઘેર ગઇઓ.

પ્રકરણ ૧૬ મું.

વિધવા સ્ત્રીઓના ધર્મ.

આજે દિવસે સર્વ સ્ત્રીઓ વખતસર આવી, એટલે તેમાં એક માનલક્ષ્મી કરીને વિધવા બાઇ હતી. તે બાળરાંડ હતી તેને બે પુત્રો હતા, તેણે કહ્યું કે બેન, આજે તો વિધવા સ્ત્રીઓના ધર્મ સંબંધી કંઇ કહો, આથી તેણે વિધવા સ્ત્રીઓના ધર્મ વિષે ચલાવ્યું.

" જુઓ બ્હેન ! સ્ત્રીને પતિ એજ પોતાનો ઇષ્ટ છે. દૈવયોગે પૂર્વજન્મના પાપે કદાપિ જે સ્ત્રીનો પતિ મરણ પામે તેણે વૈધવ્યનું પાલન કરવું જોઇએ. પોતાના પૂર્વજન્મના પાપકર્મવડે સ્ત્રી આ જન્મમાં વિધવા થાય છે. તેણે પતિમાં ચિત્ત રાખવું. વિધવા થયા

પછી પતિને જ પરમાત્મા માની તેની ઉપાસના કરવી, જપ તપ કરવાં, વ્રત ઉપવાસ કરવા, સાદો આહાર ખાવો, કામને ઉત્તેજન કરે તેવા મિષ્ટ પદાર્થોનું વધુ સેવન કરવું નહિ.

સ્ત્રીઓને પતિ હોય છે તે વખતે તે સૌભાગ્યવતી કહેવાય છે. તેથી તેના શણગારો એ સૌભાગ્યના ચિન્હરૂપ હોય છે. ચુડી, ચોટલો, ચાંલ્લો, નાકે કાંટો કે ચુની, કાને લોળીયું કે એરીંગ, કોટે માળા, પગે સાંકળાં કે કલ્લાં, લાલ લીલાં સુંદર વસ્ત્રો એ બધા વસ્ત્રાલંકારો જ્યાં સુધી તે સૌભાગ્યવંતી હોય ત્યાં સુધીજ તેનાથી ધારણ થઇ શકે છે. પતિનું મરણ થતાં તેણે તેવાં સુંદર વસ્ત્રો અને અલંકારોનો ત્યાગ કરવો પડે છે. જેમ સન્યાસીને સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થતાં તે માત્ર ભગવી કફની પહેરી સુખ ભોગની ઇચ્છા છોડી ઇશ્વરનું સ્મરણ કરવામાં કાળ વિતાવે છે તેમ સ્ત્રીએ વિધવા થયા પછી આ સંસાર ઉપરના મોહનો ત્યાગ કરી સંન્યાસિની તરીકે જીવન ગાળવું જોઇએ.

વિધવા સ્ત્રીનો પતિ મરી જાય છે છતાં જો તે સતી હોય છે તો તેના મનમાં હંમેશાં પતિનું સ્મરણ થયાં કરે છે તે તો શેષ આયુષ્ય પૂર્ણ કરી પતિને મળવાની જ રાહ જુએ છે. પરપુરુષના સામું જોવું, તેની સાથે એક આસને બેસવું, તેની સાથે હસવું બોલવું, એ સર્વ વિધવાના ધર્મથી ભ્રષ્ટ કરનાર છે. તેણે પોતાના મનને કબજે રાખવું જોઇએ. સ્ત્રીનો વ્હાલામાં વ્હાલો પતિ સ્વર્ગે જાય છે, તેથી તેનું મન આ સંસારના વૈભવો ઉપરથી ઉઠી જાય છે. તે માત્ર પોતાનો સઘળો સમય ઈશ્વર ચિંતન કરવામાં ગાળે છે. પ્રજા હોય છે તો પુત્રમાં પ્રેમ રાખી તેને ઉછેરી ઘરકારભાર ચલાવે છે. ઘરમાંજ પોતાનાથી બની શકે તેવો ધંધો કરી ગુજરાન જેટલું પેદા કરે છે. અન્યને ઘેર જતી નથી. વિવાહ કે આનંદના મેળાવડામાં જતાં તેને હર્ષ થતો નથી. તેને તો પતિ વગર કોઇ પણ વસ્તુમાં આનંદ થતો નથી.

ઘણી સ્ત્રીઓ વિધવા થયા પછી કોઈ કહેનાર ન રહેતાં સ્વતંત્ર બની જાય છે. નિર્લજ્જ થઈ ફરે છે. વસ્ત્રો પણ સૌભાગ્યવતી સ્ત્રીઓના જેવાં પહેરતાં અચકાતી નથી. ઘણીવાર કેટલીક નીચ રસ્તે જતાં પણ ડરતી નથી. આવી સ્ત્રીઓને આ જન્મ તો આવો વેઠવો પડે છે તે ઉપરાંત જો આ જન્મમાં પાપ કર્મ કરે છે તો

પછી તેના દરેક જન્મ એવા જ જાય છે અને અંતે નર્કમાં પડી મહા દુઃખી થાય છે માટે ભુલે ચૂકે પણ વિધવા સ્ત્રીએ પોતાના ધર્મનો ત્યાગ કરવો નહિ. તેણે તો પતિના મરણ પછી બાકીનું આયુષ્ય ઈશ્ચિંતન કરવામાં વ્રતઉપવાસાદિ કરવામાં અને મનને પવિત્ર રાખી સન્માર્ગે ચાલવામાં વિતાવવું. સાદાં વસ્ત્ર પહેરવાં, અલંકારોનો ત્યાગ કરવો, કોઇપણ પુરુષની સામે સામી નજરે જોવું નહિ. અન્ય સ્ત્રીઓને મોજશોખ ભોગવતી જોઈ તેવા મોજ શોખ ભોગવવાને મન કરવું નહિ. આ સંસાર નાશવંત છે, તેના ઉપરથી પ્રીતિ ઉઠાવી ઈશ્વરમાં મન ચોટાડવું. ધર્મનું પાલન કરવું. અન્ય સ્ત્રીઓને ધર્મનું શિક્ષણ આપી સારામાર્ગે ચઢાવવા યત્ન કરવો. સારાં પુસ્તકો વાંચવાં, અને આ સંસાર ઉપરની આસક્તિ છોડી ઇશ્વરમાં ચિત્તને જોડી રાખવું. પૂર્વે પણ ઘણી સ્ત્રીઓ વિધવા થઇ પોતાના વૈધવ્યવ્રતને પાલન કરી જગતમાં અમર નામ કરી ગઈ છે.

અહલ્યાબાઈ—હોલ્કર—ખંડેરાવ.

ઈંદોરમાં હોલ્કર રાજ્ય સ્થાપનાર મલ્હાવરાવ હોલ્કરના પુત્ર ખંડેરાવની પત્નીનું નામ અહલ્યાબાઇ હતું. વીસેક વર્ષની યૌવન અવસ્થાએ પહોંચતાં તે વિધવા થઇ હતી. તે વખતે તેનો સસરો મલ્હાવરાવ રાજ્ય કરતો હતો. અહલ્યાબાઇને એક પુત્ર હતો તેનું નામ માલીરાવ હતું. મલ્હાવરાવ સને ૧૭૬૫ માં મરણ પામ્યો તેથી તેની પછી માલીરાવને ગાદીએ બેસાડ્યો હતો. તે નાની ઉમ્મરમાં જ મરી ગયો તેથી તેની સ્ત્રી પણ વિધવા થઈ હતી. તેના મરી ગયા પછી અહલ્યાબાઇએ રાજકારભાર ચલાવવા માંડ્યો. પણ ત્યાં મલ્હાવરાવના વખતનો ગંગાધર નામે દિવાન હતો તેણે માલીરાવની વિધવા પાસે દત્તક લેવરાવી અહલ્યાબાઇને રાજ્ય ચલાવવાની સલાહ આપી. અહલ્યાબાઇ નીતિવાળી અને દૃઢ નિશ્ચયવાળી હતી. તેણે કહ્યું કેઃ રાજ્યની માલીક હું છું માટે તેમાં વચ્ચે પડવાનો કોઈને અધિકાર નથી.

આ વખતે પુનામાં માધવરાવ પેશ્વા રાજ્ય કરતો હતો. રાઘોબા પેશ્વા માળવામાં હતો તેને દિવાને પોતાના પક્ષમાં લીધો હતો તેથી

તેણે અહલ્યાબાઈ સાથે લડાઈ કરવાનો વિચાર કર્યો. અહલ્યાબાઇ શુરવીર હતી. તેણે તેને કહેવરાવ્યું કેઃ લડાઇમાં સ્ત્રીને હરાવ્યાથી તમને સરદારી મળવાની નથી પણ સ્ત્રીને હાથે હારશો તો તમારી અપકીર્તિ થશે, માટે વિચાર કરજો." અહલ્યાબાઇ પણ લડાઇ કરવા તૈયાર હતી પણ તેવામાં માધવરાવ પેશ્વાનો રાઘોબા ઉપર પત્ર આવ્યો કે અહલ્યાબાઇ લાયક સ્ત્રી છે તેને રાજ્યની વ્યવસ્થા કરવાનો સંપૂર્ણ હક છે માટે તમારે વચ્ચે પડવું નહિ.' તેથી તે રાઘોબાનું કાંઇ ચાલ્યું નહિ. અહલ્યાબાઇએ રાજ્ય કારભાર ચલાવવા માંડયો. તેણે તુકાજી હોલ્કરને પોતાના લશ્કરનો સેનાપતિ નીમ્યો. તુકાજી વિશ્વાસુ, ઠરેલ અને ધર્મિષ્ટ હતો. અહલ્યાબાઇએ રાજ્યમાં ઘણા સુધારા કરી પ્રજાને સુખી કરી. તે રાજકારભારમાં સંપૂર્ણ લક્ષ આપતી, નવરાશના વખતે ઇશ્વરભક્તિ કરતી. દાનપુણ્ય પણ તે ઘણું કરતી. કોઇને પણ દુઃખ દેતાં પરમેશ્વરથી ડરતી હતી. અન્યાય તો તેના રાજ્યમાં કોઇથી થઈ શકતો નહિ. તે દરરોજ સવારમાં વ્હેલી ઉઠી ન્હાઈ ધોઈ ઇશ્વરની ઉપાસના કરવા બેસતી. પછી કથાવાર્તા સાંભળી બ્રાહ્મણોને દાન આપતી, સવારનો વખત ઈશ્વરપુજા, દાન, કથાવાર્તા વિગેરેમાં ગાળી બપોરે ભોજન કરી થોડીવાર વિશ્રાંતિ લેતી. બે એક વાગ્યે દરબારમાં જઇ છ વાગ્યા સુધી રાજ્યનું કામ કરતી. સાંજે પણ બે એક કલાક ઈશ્વર સ્મરણ કિર્તનમાં ગાળતી. પછી રાત્રે મોડા સુધી રાજ્યની વ્યવસ્થા સંબંધી ચર્ચા ચલાવતી. તે ઘણાં વ્રતો અને ઉપવાસ પણ કરતી.

તેણે ૩૦ વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું. બીજાં રાજ્યો સાથે પણ મિત્રાચારી રાખીને ચાલતી. તેના રાજ્યમાં ચોરી, લુંટ, વિગેરે ન થાય તેને માટે તે પાકો બંદોબસ્ત કરતી. ઇંદોરને આબાદાની ઉપર આણી મોટું શહેર બનાવ્યું. તે પોતાની પ્રજા ઉપર પોતાનાં સંતાનો જેવી પ્રીતિ રાખતી. પ્રજા ઉપર કર વધારે ન પડે તેની કાળજી રાખતી. તેના વખતમાં નર્મદા કિનારે કેટલાક ભીલો લુંટો કરતા હતા તેને તેણે વશ કરી ઉદ્યોગે વળગાડયા હતા. તેના ઉત્તમ ગુણને લીધે મહાદજી સિંધીયા તેને મદદ કરતો. તેણે ઘણા રસ્તા બંધાવ્યા, દેવળો, ધર્મશાળાઓ, બંધાવ્યાં હતાં, કુવાઓ અને તળાવો ખોદાવી લોકો ઉપર ઉપકાર કર્યો હતો. કેટલાક સદાવ્રતો અને પરબો બેસાડયાં હતાં. ગરીબોને અન્ન અને વસ્ત્ર વહેંચતી. તે ઘણી ધર્મિષ્ટ

હોવાથી દાનમાં પૈસો વધુ ખર્ચતી. તે રાજ્ય ચલાવતી છતાં વિધવા હોવાથી વૈધવ્ય ધર્મ પાળી સંન્યાસિની માફક જીવન ગાળતી. સારાં વસ્ત્રો કે ઘરેણાં તો તેણે કદી પહેર્યાં નહોતાં.

તેને પુષ્કળ રાજ્યવૈભવ ભોગવવાના હતા છતાં પણ તેણે પતિમાં ચિત્ત રાખી તે સર્વ ઉપરની આસક્તિનો ત્યાગ કર્યો હતો. તેની નીતિ ઉત્તમ હતી. તે રાજ્યનો કે પૈસાનો ગર્વ રાખતી નહિ. અન્યના દોષો જોતી નહિ. તેને કોઈ પોતાનાં વખાણુ કરે તે ગમતું નહિ. તેને એક પુત્રી હતી તે નાનપણમાં રાંડી હતી અને પતિ પાછળ સતી થઈ હતી.

તે સને ૧૭૯૫ માં ૬૦ વર્ષની ઉમ્મરે મરણુ પામી હતી. તે રાજ્યકારભારમાં બાહોશ હતી છતાં પતિનું સ્મરણુ હંમેશાં તેના મનમાં રમી રહેલું હતું. તેનાથી જેટલું બને તેટલું દાન, પુણ્ય અને ધર્મ કરતી. તે જે કામ કરતી તે પરમેશ્વરને હાજર જાણીને કરતી. તે ઘણી આનંદી હતી. પોતાની રૈયતને સુખી જોવા તે ઇચ્છતી. આ પ્રમાણે આ રાજ્યમાતા અહલ્યાબાઇએ પતિના મરી ગયા પછી આટલી બધી સંપત્તિ હતી છતાં પણ વૈધવ્ય ધર્મ પાળી, ઈશ્વરનો ડર રાખી રાજ્ય ચલાવ્યું અને દાન, પુણ્ય કરી ઈશ્વરની ઉપાસનામાં ઘણો કાળ ગાળી પવિત્ર જીવન ગુજાર્યું હતું.

ગૌરીબાઈ.

ગૌરીબાઇનો જન્મ ડુંગરપુરના એક નાગરને ત્યાં થયો હતો. તેને પાંચ વર્ષની ઉમ્મરે પરણાવી હતી, પણ તેના પરણ્યા પછી આઠમે દહાડે જ તેનો પતિ મરણ પામવાથી તે વિધવા થઈ હતી. તેને નાનપણમાં પરણ્યાથી કે પતિના મરણુ પામવાથી હર્ષ કે શોકનું ભાન નહોતું. તેને તેના બાપે વિદ્યાભ્યાસ કરાવ્યો. તે ભાગવત, ભગવદ્ગીતા વિગેરે ઉત્તમ ગ્રંથોનું અધ્યયન કરી ઈશ્વર ઉપર ભક્તિ રાખવા લાગી. મોટી ઉમ્મર થતાં તેને હું પોતે વિધવા છું એવું ભાન થયું.

તેને ખબર પડી કે પોતાનો પતિ મરી ગયો છે અને હું તો વિધવા થઈ છું ત્યારથી તેણે પોતાનો સર્વ શણગાર ઉતારી દીધો અને વૈધવ્યધર્મનું પાલન કરતી. ઇશ્વર ભક્તિ કરવામાં, સદ્ગ્રંથોનુ

અધ્યયન કરવામાં, અને ઉત્તમ જ્ઞાનનાં પદો રચવામાં તે કાળ ગાળતી. તેનાં પદો ઘણાં ઉત્તમ હતાં, તે સાધ્વી જીવન ગુજારી વ્રત ઉપવાસ કર્યાં કરતી. તેનું મન ઇશ્વર ઉપર ચોટયું હતું.

તેનાં પદો લોકોમાં ગવાવા લાગ્યાં. તે સાંભળી ડુંગરપુરનો મહારાજા શિવસિંહજી તેની ઇશ્વરભકિત જોઈ તેનાં દર્શને આવ્યો. રાજા તેની રીતભાત અને ઇશ્વરપરાયણ વૃત્તિ જોઈ ખુશ થયો અને તેને માટે દેવ મંદિર બંધાવી આપ્યું. તે પછી ગૌરીબાઇએ મંદિરમાં રહી ઠાકોરજીની સેવા પુંજા કરવામાં અને હરિભજન કરવામાં કાળ વિતાવા માંડયો. તેનું નામ ઘણું પ્રસિદ્ધ થવા લાગ્યું. ઘણી સ્ત્રીઓ તેનાં દર્શને આવતી. કેટલાક વખતે તેણે વૃન્દાવનમાં જઈ શ્રીકૃષ્ણ પાસે નિવાસ કરવાનો વિચાર કર્યો. રાજાએ તેને પોતાના રાજ્યમાં રહેવાનો ઘણો આગ્રહ કર્યો પણ તેણે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. તેને રસ્તામાં જયપુરના રાજાએ ઘણું માન આપ્યું અને દર્શન કરી પાંચસો મહોરો આપી પણ તેણે તે ન લીધી અને રાજાનો વધુ આગ્રહ જોઈ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. તેણે કહ્યું કે હું તો સંન્યાસિની છું. મારે પૈસા શું કામના ? ઇશ્વર ભજન એજ અમારે માટે સર્વસ્વ છે. પછી ત્યાંથી તે કાશીએ ગઇ.

ત્યાં જઈ તેણે પોતાની એક વિશ્વાસુ બાઇને કહ્યું કે: આજથી સાતમે દિવસે રામનવમીના દિવસે યમુનાના કિનારે મારો દેહ પડશે. પછી તે યમુનાના કિનારે જઇ સમાધીમાં બેઠી. બરોબર રામનવમીના દિવસે બપોરના તેનો પ્રાણ પરમાત્મામાં ભળી ગયો. તે વૈધવ્ય ધર્મ પાળી વિધવાઓએ કેવું જીવન ગાળવું તેનું આદર્શ ચરિત્ર મૂકી ગઈ. તેની કવિતાઓ ઘણી જ સાદી, સરલ અને રસવાળી છે. આ પ્રમાણે તે વિધવા બાઇએ પોતાના પતિના મરણ પછી વિધવા થઇ સાધુજીવન ગાળી ઇશ્વર ભકિત કરી પોતે પવિત્રપણે જીવન ગુજાર્યું હતું.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ—ગંગાધરરાવ.

લક્ષ્મીબાઇ એ ઝાંસીના બ્રાહ્મણ રાજા ગંગાધરરાવની સ્ત્રી હતી. લક્ષ્મીબાઇ, શાણી, સુશીલ, બહાદુર

અને ધીરજવાન બાઇ હતી. તેનો પતિ સને ૧૮૫૩ માં મરણ પામવાથી તે વિધવા થઈ હતી ગંગાધરરાવે મરતા પહેલાં બ્રિટિશ રેસીડેન્ટને લખ્યું હતું કે મેં આનંદરાવ નામના પંદર વર્ષના બાળકને દત્તક લીધો છે માટે મારા મરણ પછી તે બાળક અને મારી વિધવા પત્ની સાથે તમે આપણે થયેલા સલાહ પ્રમાણે વર્તજો. આ વખતે ગવર્નર જનરલ તરીકે લોર્ડ—ડેલહાઉસી હતો. તેનો વિચાર જે રાજા બીન વારસ મરી જાય તેનાં રાજ્યો ખાલસા કરવાનો હતો, જેથી તેણે ગંગાધરરાવ મરણ પામતાં તેનું રાજ્ય બીન વારસી ગણી ઝાંસીના રાજ્યને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દીધું.

રાણી લક્ષ્મીબાઇએ સરકારને આ ગેરકાયદેસર છે, માટે મારા પતિએ લીધેલા દત્તક પુત્ર આનંદરાવને રાજ્ય મળવું જોઇએ એવી અરજી કરી પણ તેનું કાંઇ વળ્યું નહિ તેથી તેણે ઘણો ગુસ્સો થયો. તેણે બ્રિટિશ એજન્ટની જાતે મુલાકાત લઈ ઝાંસીનું રાજ્ય પોતાને સોંપવા હિંમતથી કહ્યું. પણ તેનું કોઇએ માન્યું નહિ. તેના રાજ્યમાં બ્રિટિશ લશ્કર આવ્યું અને સોલજરો ગોમાંસ માટે ગાયોનો વધ કરવા લાગ્યા તેથી લક્ષ્મીબાઇથી તે સહન થઈ શક્યું નહિ. છતાં વળી લોર્ડ ડેલહાઉસીએ રાજ્યના દેવસ્થાનો ઉપર જપ્તી બેસાડી આથી તેની ધીરજ હાથ ન રહી.

આ વખતે મીરતમાં દેશી લશ્કરે બળવો ઉઠાવ્યો તે તકનો લાભ લઈ લક્ષ્મીબાઇએ પણ પોતાના સૈન્યને તૈયાર કરી પોતે પુરુષનો વેશ લઈ બ્રિટિશ સેના સાથે લડાઇ કરવા તૈયાર થઈ. તેણે હિંમતથી બ્રિટિશ લશ્કર સાથે લડાઇ કરી. તેનું વિરત્વ જોઈ અંગ્રેજ સેનાપતિ સર હ્યું રોઝે તેનાં વખાણ કર્યાં છે. બ્રિટિશ લશ્કર આગળ તેનું ચાલ્યું નહિ તેથી તેણે તાત્યાટોપી સાથે ગ્વાલિયરનો માર્ગ લઇ ગ્વાલિયર આગળ પાછું યુદ્ધ કર્યું. આ ભયંકર યુદ્ધમાં તે ઘાયલ થઈ અને મારી ગઇ તેની લડવાની હિંમત જોઈ અંગ્રેજોએ તેનાં ઘણાં વખાણ કર્યાં છે.

સ્ત્રીઓ પણ આવી બળવાન, હિંમતવાન અને શૌર્યવાળી હોય છે. તેનો પતિ મરી જતાં તેને આ સંસાર ઉપરની આસક્તિ ઉઠી ગઇ હતી. પણ માત્ર પતિનું રાજ્ય ન જાય તે માટે તેણે યુદ્ધ કર્યું હતું પણ તેમાં નિષ્ફળ નીવડી બહાદુરીથી લડી પોતાના પ્રાણ આપ્યા હતા.

શરત્સુંદરી.

શરત્સુંદરી બંગાલામાં આવેલા પુનિયાના રાજા જોગેન્દ્રનાથની રાણી હતી. તે પંદર વર્ષની ઉમ્મરે પતિ મરી જવાથી વિધવા થઈ હતી. નાની વયમાં વિધવા થયા પછી તેણે બાકીનું જીવન ઈશ્વર ભક્તિ કરી પવિત્રપણે ગાળ્યું હતું. પોતે પોતાના અલંકારો અને કીંમતી વસ્ત્રોનો ત્યાગ કરી સાદાં વસ્ત્રો પહેરતી, પલંગ ઉપર સુવાને બદલે ચટાઈ પાથરી જમીન ઉપર સુતી, અને રાજ્યપાટ, વૈભવ, પૈસા સર્વનો ત્યાગ કરી કાશીમાં જઈ ઈશ્વર ભક્તિ કરી જીવન વ્યતિત કરવા લાગી.

તેણે સૌભાગ્ય વખતે પોતાના પતિને ઇષ્ટ માની સેવ્યા હતા. તે પતિના ઉપર અત્યંત પ્રિતિ રાખતી. તેને સંતાન નહોવાથી તેણે દત્તક પુત્ર લીધો હતો તે રાજ્યની વ્યવસ્થા કરતો હતો. વિધવા થયા પછી તે વ્રત, ઉપવાસ કરી આખો દિવસ ઇશ્વર ચિંતનમાં ગાળતી. દાન ધર્મ કરી પુણ્ય મેળવતી. તેની પોતાના પતિ ઉપર એટલી બધી પ્રીતિ હતી કે જેથી તેમના મરી ગયા પછી તેનું મન આ સંસાર ઉપરથી ઉઠી ગયું હતું. તેમનો દત્તક પુત્ર મરણ પામ્યો તે વાત તેમણે જાણી છતાં પણ ખેદ ન કરતાં વ્યવહારમાં ન જોડાતાં ઈશ્વરમાં જ ચિત્ત રાખી રહેતાં હતાં. તે ધર્મિષ્ટ અને આચારવિચાર પાળવામાં ઉત્તમ હતાં. તેમનો દૃઢ વૈરાગ જોઇ અંગ્રેજ સરકારે તેમને ‘ મહારાણી ’ નો ઇલ્કાબ આપ્યો હતો. અંતે તેમણે ઈશ્વર ભજન કરતાં પોતાનું આયુષ્ય વ્યતીત કર્યું હતું.

હેમંતકુમારી.

શરત્સુંદરીના દત્તક પુત્રની સ્ત્રીનું નામ હેમંતકુમારી હતું. તેમનામાં પણ શરત્સુંદરીની સાથે રહેવાથી તેના જેવા ગુણો હતા. જ્યારે રાણી શરત્સુંદરી અને તેમનો દત્તક પુત્ર ગુજરી ગયાં ત્યારે વિધવા રાણી વસુમતી હેમંતકુમારીમાં રાજ્ય ચલાવ-

વાની યોગ્યતા છે કે કેમ તેની તપાસ કરવા બ્રિટિશ સરકારે કલેકટરને તેમની પાસે મોકલ્યો. રાણી હેમંતકુમારીએ પડદામાં રહી કલેકટરે જે સવાલો પૂછ્યા તેના જવાબો આપ્યા. કલેકટરને તેથી તેની બુદ્ધિની ખાત્રી થઈ અને કહ્યું કેઃ રાણીજી સલામ, તમારે માટે હું સરકારમાં લખીશ." ત્યારે રાણીએ કહ્યું કેઃ "હવે મને મારી મિલ્કત ક્યારે મળશે? ત્યારે કલેકટરે કહ્યું કેઃ "હું તે મિલ્કત તમને સોંપવા સરકારને લખીશ. પણ તમે હવે આટલી બધી મિલ્કત શું કરશો? ત્યારે તેણે કહ્યું કેઃ "મારાં સાસુજી મને તે મિલ્કતમાંથી કેટલાંક પરોપકારનાં કામો કરવાનું કહી ગયાં છે તે પ્રમાણેનાં કાર્યો કરી મારા દેશની આબાદાની થાય તેવા રસ્તે તેનો ઉપયોગ કરીશ. આ સાંભળી કલેકટર ઘણો ખુશી થયો અને તેનાં વખાણ કરતો પોતાના મુકામે ગયો.

શરત્સુંદરીની માફક તેમની પુત્રવધુ હેમંતકુમારીએ પણ વૈધવ્યપણું પવિત્રપણે પાળ્યું. પોતાનું ચિત્ત ઈશ્વર ભજનમાં જોડી દ્રવ્યનો પરોપકારમાં ઉપયોગ કર્યો. પ્રજાને સુખ થાય તે રીતે રાજ્ય ચલાવતી અને તેણે પોતાનું બાકીનું જીવન દાન, ધર્મ કરવામાં અને ઈશ્વરની ઉપાસના કરવામાં ગાળ્યું હતું.

પન્ના.

મેવાડનો રાણો સંગ્રામસિંહ પોતાના પુત્ર ઉદયસિંહને છ વર્ષનો મૂકી મરી ગયો તેથી તેનો દાસીપુત્ર વનવીર મેવાડની ગાદી પચાવી પડયો હતો. તેણે બાળ રાજપુત્રને મારી નાંખવાનો વિચાર કર્યો. તે જાણી તેની ધાવ (ધાત્રી) પન્ના તે બાળકને બચાવી બાપારાવજીનો વંશ કાયમ રાખવા માટે મહેલમાં બાળકને સાચવી રહેવા લાગી. ઉદયસિંહ નાનો બાળક હતો તે નિર્દોષ હતો, તેને કોઈ વાતની ચિંતા નહોતી. તે એક વખતે સૂઈ ગયો હતો તેવામાં એક હજામે પન્નાને ખબર આપી કે દાસીપુત્ર વનવીર કુંવરને મારવા માટે આ તરફ આવે છે. આ સાંભળી પન્નાએ રાજકુંવરને એક ટોપલીમાં સુવાડી તેના ઉપર ફુલ અને

પાંદડાં ઢાંકી હજામને સોંપ્યો. તે હજામ પણ વિશ્વાસુ હતો તે તેને લઇ જંગલમાં એકાંત જગ્યામાં ચાલ્યો ગયો.

વનવીરે પન્ના પાસે આવી રાજકુંવર કયાં છે તે પૂછયું તેથી તેણે તેને પોતાનો તેટલીજ ઉમ્મરનો પુત્ર સુતો હતો તે બતાવી કહ્યું કે પેલો રહ્યો. વનવીરે તે નિર્દોષ બાળકને ઉદયસિંહ સમજી તરવારથી મારી નાંખ્યો. પુત્રનું મરણ થતાં પન્ના રડવા લાગી પણ શું કરે ઉપાય નહોતો. એ રીતે તેણે પોતાના પુત્રનું બલીદાન આપી કુંવરને જીવતો રાખી સ્વામિભક્તિ બતાવી આપી. પછી તે ઉદયસિંહને હજામે જ્યાં રાખ્યો હતો ત્યાં ગઇ, અને મહારાણા સંગ્રામસિંહના પુત્ર ઉદયસિંહનું રક્ષણ કરી ઉછેર્યો. ધન્ય છે આવી સ્વામીભક્ત સ્ત્રીઓને.

સરદારબા–વૈરીસિંહ.

સરદારબા એ ગુજરાતના રાણીપુર નામના એક નાના સંસ્થાનના રાજા ક્ષેમરાજની પુત્રી હતી. સરદારબાનું શરીર નાનપણથી મોહક, ગોરૂં અને રૂપાળું હતું. તે ઉમ્મરે થતાં તેનું સ્વરૂપ ઘણુંજ સુંદર દેખાતું હતું. આ વખતે અલ્લાઉદીન ખીલજીએ ગુજરાતના રાજા કરણઘેલાનું રાજ્ય લઇ ત્યાં પોતાનો સુબો નીમ્યો હતો. તે સુબાનું નામ રહેમતખાન હતું તે ખંડણી ઉઘરાવા રાણીપુરમાં આવ્યો હતો. રાજાએ તેનો સારો સત્કાર કર્યો. તે વખતે કુંવરી સરદારબા બગીચામાં ફરવા ગયેલી તે પાછી આવતી હતી તેના ઉપર રેહેમતખાંની નજર પડી. તેનું રૂપ જોઈ ને મોહવશ થયો અને પોતાને મુકામે જઈ ક્ષેમરાજના પુત્ર સાથે જુગાર રમતાં સરદારબાને દાવમાં જીતી. આથી સરદારે સરદારબાને તેડવા સુખપાલ મોકલી.

આ જોઇ રાજા ક્ષેમરાજ ઘણો આશ્ચર્ય પામ્યો. તેને તેના પુત્ર મુળરાજની સ્ત્રી રૂપાંદેએ જુગારની બધી વાત કહી. આથી તે પોતાના પુત્રના ખરાબ કામને લીધે ઘણો પસ્તાવો કરવા લાગ્યો. રૂપાંદેએ પોતાની નણંદનું રક્ષણ કરવાનું માથે લીધું. સરદારબાને મુસલમાન સુબાને સ્વાધિન કરી તેથી તેણે ગુસ્સે થઇ લશ્કર

મોકલ્યું. કુંવર મુળરાજ જરા વ્યસની હતો, તેણે સુબાએ લલચા-વ્યાથી મુસલમાન ધર્મ સ્વીકાર્યો. તેની સ્ત્રી રૂપાંદે લશ્કર લઈ સુબાના લશ્કર સાથે લડી પણ તેમાં તેના પ્રાણ ગયા. રાજા પણ હાર્યો જેથી સુબો રાજા, રાણી અને સરદારબાને કેદ કરી પાટણ લઇ ગયો. સુબાએ રસ્તામાં સરદારબાને ફસાવવા માટે ઘણા પ્રપંચો રચ્યા.

સરદારબાએ જાણ્યું કે આ રાક્ષસ આગળથી બળથી છુટાય તેમ નથી માટે હવે કાંઈ પેચ કરવો પડશે. તેના પાટણ ગયા પછી સુબો રહેમતખાન તેની પાસે આવ્યો અને તેણે પોતાની નીચ ઇચ્છા જણાવી. સરદારબાએ તેને મીઠાં વચનથી ભોળવી દારૂનો નિશો કરાવ્યો સરદારબા મળવાની આશાથી તેણે તેનું કહ્યું માની ખુબ દારૂ પીધો તેમાં તે બેભાન થઈ ગયો. તે તકનો લાભ લઇ સરદા-રબા પુરુષનો વેશ પહેરી ત્યાંથી નાસી ગઇ.

સરદારબા ત્યાંથી નાસી અરાવલીના ડુંગરમાં જઇ એક ગોગિના આશ્રમમાં રહેવા લાગી. ત્યાં એક વખતે ચંદ્રાવતીનો રાજકુમાર વૈરીસિંહ શિકાર ખેલવા આવી ચઢયો તેની દૃષ્ટિ સરદારબા ઉપર પડી. તેણે સરદારબાની હકીકત પુછી. સરદારબાએ પણ તેનાં રૂપ ગુણ જોઇ તેની હકીકત પુછી. બંનેએ પોતપોતાની હકીકત કહી. વૈરીસિંહને સુબાના આવા કૃત્યથી ઘણુંજ લાગી આવ્યું તેણે તેને હરાવી પાટણની ગાદી લેવાનો સરદારબાના આગળ સંકલ્પ કર્યો. અને સરદારબાને અંબાજી માતા આગળ તેની રાહ જોવાનું કહ્યું. સરદારબા અંબાજી જવા નીકળી પણ રસ્તામાં તેની શોધ કરવા સુબાએ મોકલેલા સિપાઇઓના હાથમાં તે સપડાઇ ગઇ. સરદારબાને લઈ તેઓ જતાં જતાં કોણે તેને પકડી તે બાબત વાદવિવાદ કરવા લાગ્યા એમ કરતાં એક બીજા લડી પડયા અને કપાઇ મુઆ તેથી સરદારબા છુટી અંબાજી ગઇ.

ચંદ્રાવતીના કુંવર વૈરિસિંહ પણ લશ્કર લઈ પાટણ ઉપર ચઢાઇ કરવા માટે ત્યાં આવી ચઢયો. સરદારબાને સાથે લઇ તે પાટણ ગયો. તે દિવસે સુબા રેહમનખાંએ સરદારબાના બાપ અને માતાને ઈસલામી ધર્મ કબુલ ન કરવાથી ફાંસીએ ચઢાવાનો હુકમ કર્યો હતો. તેવામાં વૈરિસિંહે પાટણ ઉપર છાપો માર્યો, તેમાં સુબો રેહમતખાં માર્યો ગયો અને વૈરસિંહે પાટણ જીતી લીધું. સરદારબાનાં માબાપ ફાંસીમાંથી બચ્યાં. તેમણે સરદારબાનુ લગ્ન

વૈરીસિંહ સાથે કર્યું. સરદારબાએ તો જ્યારથી વૈરીસિંહને જોયો હતો ત્યારથી તે તેના રૂપ ઉપર મોહવશ થઈ ગઇ હતી. પતિની વીરતા જોઈ તેના હર્ષનો પાર રહ્યો નહોતો. પોતે પસંદ કરેલો પતિ મળતાં તેનો આનંદ ઉછળી રહ્યો હતો. પતિ પત્ની સુખથી રહેવા લાગ્યાં. તે પોતાના પતિની પ્રીતિ મેળવવા માટે સતત યત્ન કરતી હતી. તે પતિ એજ સર્વસ્વ છે એમ માનતી.

સરદારબાને એક પુત્ર થયો હતો. પતિપત્ની રાજ્ય ચલાવતાં સુખ અને આનંદમાં દિવસો ગુજારતાં હતાં. તેવામાં પાટણ ગયાના સમાચાર જાણી દિલ્લીથી ખુશરૂખાં લશ્કર લઇને ગુજરાત પાછું લેવા ચઢી આવ્યો. વૈરીસિંહ પોતાના સૈન્યને લઇ સામે થયો. બંને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું તેમાં વિરસિંહ મરાયો, અને તેનો ભાઇ માનસિંહ યુદ્ધ છોડી નાસી ગયો. તે જોઈ રજપૂત લશ્કર વિખરાવા માંડ્યું. માનસિંહની દાનત ભ્રષ્ટ હતી તેથી તેણે વૈરીસિંહના મરણ સમાચાર સરદારબાને જણાવી પોતાની રાણી થવા વિનંતિ કરી. સરદારબા સતી હતી. તે પોતાનો પતિ એજ પોતાનો ઇષ્ટ છે એમ માનતી તેથી તેણે માનસિંહનો તિરસ્કાર કર્યો અને પતિનું વેર લેવા નાના બાળકને પોતાની સાસુને સોંપી હથિયાર લઇ રણમાં ગઈ. તેનું શૂર જોઇ રજપૂત સૈન્યને પણ શૂર ચઢ્યું અને સરદારબાને આગેવાન કરી રજપૂત સૈન્ય લડવા તૈયાર થયું. બંને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં સરદારબા ઘાયલ થઇ તેથી તેને શત્રુએ પકડી મંગાવી ખુશરૂએ ઘાયલ થએલી સરદારબાને પોતાના તંબુમાં મંગાવી. પોતાની બીબી થવા અનેક લાલચો આપી. સરદારબા જો કે ઘાયલ થઇ હતી. છતાં નીચ શત્રુની આવી માગણી સાંભળી તપી ગઇ. ખુશરૂએ જાણ્યું કે તે નિરાધાર છે તેથી તેની લાજજત ઉપર હાથ નાંખવા–તેનો સ્પર્શ કરવા જાય છે ત્યાં તો તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે તેને ખૂબ ધમકાવી ધિક્કાર આપ્યો અને પોતાની પાસેની કટાર કાઢી ખુશરૂના પેટમાં મારી તેનું મોત આણ્યું. પછી તે આવેશમાંને આવેશમાં ઉઠી નાસવા લાગી. પણ ઠેસ વાગતાં પડી ગઇ અને તેની સાથે ‘ હાય પતિ ! ’ કહેતી પરલોકવાસિની થઈ.

તેણે પતિના મરણ પછી પણ પોતાના શિયળનું રક્ષણ કરી પરપુરુષની ઇચ્છા ન કરતાં તેને મોતની સજા કરી હતી. વિધવા

સ્ત્રીઓ પણ આવી રીતે પોતાના શિયળને સાચવી શકે છે. તેમને તો પતિ મરી ગયા પછી પણ પતિમાંજ ચિત્ત ચોટેલું રહે છે. તેને પતિ વિયોગે જીવવું એ મરણ તુલ્ય જણાય છે. તે માત્ર ઈશ્વરમાં પ્રીતિ રાખી બાકીનું આયુષ્ય પરમાર્થ સાધવામાં ગાળે છે.

તેણે પતિના મરણ પછી પણ પોતાના શિયળનું રક્ષણ કરી પરપુરુષની ઇચ્છા જ કરનાં તેને મોતની સજા કરી હતી. વિધવા સ્ત્રીઓ પણ આવી રીતે પોતાના શિયળને સાચવી શકે છે. તેમને તો પતિ મરી ગયા પછી પણ પતિમાંજ ચિત્ત ચોટેલું રહે છે. તેને પતિ વિયોગે જીવવું એ મરણતુલ્ય જણાય છે. તે માત્ર ઈશ્વરમાં પ્રીતિ રાખી બાકીનું આયુષ્ય પરમાર્થ સાધવામાં ગાળે છે.

ચંદા—દિલીપસિંહ.

ચંદા એ પંજાબના શીખ મહારાજા રણજીતસિંહની ધર્મપત્ની હતી તે પતિ સેવામાં તેમજ રાજકાર્યમાં કુશળ હતી. રણજીતસિંહના મૃત્યુથી તે વિધવા થઇ હતી. તેને દિલીપસિંહ નામનો પુત્ર હતો. રણજીતસિંહના મરણ પછી પંજાબની ગાદીએ સને ૧૮૩૯ માં બાળ કુંવર દિલિપસિંહને બેસાડી, તેની ઉમ્મર નાની હોવાથી ચંદા રાજકારભાર ચલાવતી હતી. તેણે પોતાની રાજ્ય વ્યવસ્થાથી પ્રજાને સંતોષ આપ્યો. રણજીતસિંહના મરણથી પંજાબમાં ખળભળાટ થઇ રહ્યો હતો તે તેણે શમાવી સઘળે શાંતિ સ્થાપી.

તે નિયમસર દરબારમાં જઇ રાજ્ય કારભાર ચલાવતી હતી. આ વખતે અંગ્રેજોએ પોતાના દેશના રક્ષણ માટે સરહદ ઉપર સૈન્ય એકઠું કરવા માંડયું તેથી ચંદાએ જાણ્યું કે વખતે તેમનો વિચાર બીજા રાજ્યોની માફક પંજાબને ખાલસા કરવાનો તો નહિ હોય. આવી શંકાથી તેણે પણ સૈન્ય જમાવી યુદ્ધની તૈયારી કરવા માંડી. તેની આગેવાની સાથે શીખ સૈન્યે બ્રિટિશ સૈન્ય ઉપર હુમલો કર્યો. તેણે વગર કારણે બ્રિટિશ રાજ્ય સાથે લડાઇ જાહેર કરી તેમાં તેના લાલસિંહ ને તેજસિંહ નામના બે વિશ્વાસુ સરદારોએ તેને વિશ્વાસઘાત કર્યો તેથી તેની હાર થઇ. પંજાબના બ્રિટિશ રેસીડેન્ટ ચન્દાને ઓળખતો હતો તેથી જો તે પંજાબમાં રહેશે તો પાછો ફરી ભય

ઉત્પન્ન થશે એમ ધારી તેને અને તેના પુત્ર દિલીપસિંહને દેશ નિકાલ કરી કાશીમાં રાખી કેટલાક વખત પછી અંગ્રેજ સરકારે તેના પુત્ર દિલીપસિંહને તથા રાણી ચંદાને પાંચ લાખ એંશી હજાર રૂપિઆનું વર્ષાસન બાંધી આપી હિંદમાંથી ઇંગ્લાંડ મોકલી દીધા. ત્યાં તેમને એક જાગીરદારની માફક નોર્ફોક પરગણામાં રાખ્યાં. દિલીપસિંહે ઇંગ્લાંડ જઇ અંગ્રેજ મડમ સાથે લગ્ન કરી ખ્રિસ્તિધર્મનો સ્વિકાર કર્યો હતો.

પુત્રે પોતાના ધર્મનો ત્યાગ કર્યો જાણી ધર્મિષ્ટ રાણી ચંદા ઘણી ખેદ પામવા લાગી અને તેની સાથેનો વ્યવહાર બંધ કરી તેનાથી જુદી રહી. તે પછી કેટલોક વર્ષ જીવી પોતાના ધર્મનું યથાર્થપણે પાલન કરતી ઇંગ્લાંડમાં રહી હતી. પછી કેટલેક વર્ષે તેનું ત્યાંજ મરણ થયું હતું. તેની દેશ ઉપર અત્યંત પ્રીતિ હતી. તે પોતાની પ્રજાને સંતાન તુલ્ય ગણી પાલન કરતી. હમેશાં પતિના મરણ પછી ઇશ્વરનું ચિંતન કરી, રાજ્યપાટ જતાં નિરાશ થઇ દિવસો વ્યતિત કરતી હતી. દિલીપસિંહ પારીસમાં મરણ પામ્યો. આ પ્રમાણે આ વીર રાણીએ પોતાના પતિનું નામ ઠામ કાયમ રાખવા માટે ઘણું કર્યું હતું.

જુઓ બ્હેનો ! વિધવા સ્ત્રીઓએ પોતાના પતિના મરણ પછી આ સંસાર ઉપરના મોહને છોડી દેવો જોઇએ. તેને પતિ વગરના સંસારના સુખ વૈભવો અકારા લાગવા જોઇએ. તેને આ સંસારની કોઇ પણ વસ્તુ લલચાવી ન શકે તેવું દૃઢ મન રાખવું જોઇએ. તેનું મન સર્વ સુખના મુળરૂપ પરમાત્મામાં જોડી બાકીનું આયુષ્ય વ્રત, નિયમ, ઉપવાસાદિ કરી ઇશ્વરની ઉપાસના કરવામાં ગાળવું જોઇએ.

હમેશાં સાદાં કપડાં પહેરવાં, અલંકારોને ધારણ કરવા નહિ, મિષ્ટાન્નો જમવાં નહિ, સાદા અને સાત્વિક અહારનું સેવન કરવું. સર્વ સાથે સંપીને રહેવું. પોતાના શિયળને પ્રાણાંતે પણ ભંગ થવા ન દેવો. દેવદર્શન કરવા પણ એકલાં ન જવું. અસુર સવાર એકલાં રખડવું નહિ. પોતાને પ્રજા હોય અને ઘરનો કારભાર પોતાને ચલાવવાનો હોય તો શાંતિથી પુત્ર, પુત્રી અને પુત્રવધુને કેળવી ઘરમાં રામરાજ્ય સ્થાપન કરવું. જેમ સંન્યાસી સંસાર ઉપરના મમત્વને છોડી ઇશ્વરોપાસના કરવામાં પોતાનું આયુષ્ય વિતાવે છે તેમ વિધવા સ્ત્રીઓએ પણ તપસ્વિની બની સંસારના સર્વ પ્રાણીપદાર્થો, સર્વ

સંબંધી, ધનવૈભવ સર્વ ઉપરની પ્રીતિનો ત્યાગ કરી મમત્વને છોડી ચિત્તને ઈશ્વર સાથે જોડી રાખવું.

આ પ્રમાણે નીતિથી ચાલનાર વિધવા સ્ત્રી આ લોક અને પરલોકને તરી જાય છે. તેણે પોતાનો સમય અન્ય સ્ત્રીઓને કેળવી સુલક્ષણી બનાવવામાં ગાળવો.

લ્યો હવે બ્હેન ! સર્વની મરજી હોય તો બંધ કરીએ, મોડું પણ થયું છે.' આમ કહી ચન્દ્રકાન્તાએ બંધ કર્યું.

બીજી સ્ત્રીઓ પણ તેની પ્રશંસા કરતી ઉઠી પોતપોતાને ઘેર ગઈ.

પ્રકરણ ૧૭ મું.

સ્ત્રીઓનું ઇશ્વરપરાયણુ જીવન.

બીજે દિવસે વખત થતાં સર્વ સ્ત્રીઓ ચન્દ્રકાન્તાને ત્યાં આવવા લાગી. શરૂઆતમાં થોડીવાર આડી અવળી વાતો કર્યા પછી ચન્દ્રકાન્તાએ રોજની કથા આગળ ચલાવી, તેણે કહ્યું: જુઓ બ્હેનો ! આપણે રોજ અહિં ભરાઇએ છીએ. અહિંથી સાંભળી તે પ્રમાણે આપણે વર્તીએ અને આપણા કલેશને બદલે સંપ અને આનંદનું સ્થાપન કરીએ ત્યારે આપણું આવ્યું સાર્થક ગણાય. આજે તો સ્ત્રીઓ ઇશ્વર પરાયણ જીવન શી રીતે ગાળી શકે છે તે વિષે કહું છું.

સ્ત્રીઓએ જાણવું જોઇએ કે આ સંસાર નાશવંત છે. શરીર પણ નાશવંત છે. જેથી આપણે આ જન્મમાં જેટલું હાથે કમાઇ લઇશું તે આપણું છે. સંસારના કાથા કૂટલા કરવાના તો હંમેશાં લાગ્યા જ છે. પણ તેની સાથે અહિં જન્મીને આપણું શું કર્તવ્ય છે તેનો પણ વિચાર કરવો જોઈએ. સતી સ્ત્રીને તેના પતિ ધર્માચરણ કરે છે તેનો અર્ધો ભાગ મળે છે. તેમ તે જાતે જે કાંઈ ધર્માચરણ કરે તેનું ફળ તેને મળે તે તો જુદું જ. સ્ત્રીઓએ પોતાનું જીવન પવિત્ર રાખવું. પતિ સેવા કરી પતિને ઈશ્વરોપાસનાના માર્ગે

વાળવા યત્ન કરવો. ઘરમાં સઘળાં સંપીને રહે તેવી ટેવ પાડવી, ઘર સ્વચ્છ અને સુંદર રહે તેની કાળજી રાખવી. પતિની સેવા કરી પતિની પ્રીત મેળવવી તે ઉપરાંત તેણે હંમેશાં ઈશ્વરની ભક્તિ કરી ઇશ્વરનો સાક્ષાત્કાર થાય તેવા માર્ગે થોડો ઘણો પ્રયત્ન કરવાની જરૂર છે. ઘર કારભાર ચલાવવો, પૈસાટકાની વ્યવસ્થા કરવી એ બધું વ્યવહારિક કામ છે તે સાથે થોડો પરમાર્થ પણ સાધવો જોઈએ. પોતાના ગજા પ્રમાણે દાન કરવું. સદા આનંદમાં રહેવું. વર્તન ઉચ્ચ અને અન્યને અનુકરણ કરવા જેવું રાખ઼ું, જેવું બોલવું તેવીજ રીતે ચાલવું, કહ્યા પ્રમાણે જ કરી બતાવવું. એ સવ સ્ત્રીઓને પવિત્ર કરનારું છે.

ઘરમાં સુખ સ્થાપી સર્વને સુખી કરવાં કે કંકાશનું સ્થાપન કરી સર્વનાં લોહિ ઉકાળવાં એ સ્ત્રીનું કામ છે. પતિને સમૃદ્ધ બનાવવો કે ખર્ચુ બનાવી ભિખારી બનાવવો એ સ્ત્રીના હાથમાં છે. બાળકોને નિર્માલ્ય બનાવવાં કે બળવાન અને સુશિક્ષિત બનાવવાંએ સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રી એ ગૃહસ્થાશ્રમમાં ઘરની દેવી છે તેના પતિના સુખદુઃખના આધારરૂપ છે. સ્ત્રી જો ધર્મિષ્ટ અને સદાચારી હોય છે તો તેનો પતિ અને છોકરાં પણ ધર્મિષ્ટ અને સદાચારી બને છે. જો તે ઈશ્વરપરાયણ જીવન ગાળનારી હોય છે તો તેની પ્રજા પણ ઈશ્વરની ભક્તિ કરનારાં બને છે. આ સંસારમાં રહી વ્યવહાર ખેડવો ખરો પણ તેમાં જ મમત્વ બુદ્ધિનું સ્થાપન કરી બંધાઇ જવું નહિ.

સ્ત્રીઓએ હંમેશાં ઇશ્વરનાં ભજન ગાવાનો અભ્યાસ રાખવો. ઈશ્વરનું સ્મરણ ચિંતન કરી પતિ સાથે ઈશ્વરનું ધ્યાન કરવામાં થોડો ઘણો વખત પણ કહાડવો. ઇશ્વરનું ધ્યાન ચિંતન કરી ઇશ્વરની પ્રીતિ મેળવવી એ સ્ત્રીઓનું કલ્યાણ સાધનારૂં છે છતાં પણ પતિની અવગણના કરી તેમ કરવું નહિ, ઘણી સ્ત્રીઓ દેવદર્શને મંદિરોમાં ભટકે છે. તેઓ ઘણીવાર પતિ કે છોકરાંની અવગણના કરી ત્યાં જાય છે. છોકરૂં રડતું મૂકી મંદિરમાં ભટકવું કે પતિની સેવા કરવાને બદલે તેની સાથે ગુસ્સો કરી, રીશ ચઢાવી મંદિરોમાં આથડવું એ તેનું કલ્યાણ સાધનારૂં નથી પણ ભ્રષ્ટ કરનારૂં છે.

સ્ત્રીઓ સાધુવત્ પવિત્ર જીવન ગાળી શકે છે. પૂર્વે ઘણી સ્ત્રી-

ઓએ ઇશ્વરની ભક્તિ કરી તેમનો સાક્ષાત્કાર કર્યો છે. પતિને પણ આ સંસાર ઉપરના મોહમાંથી છોડાવી ઇશ્વર પ્રતિ વાળ્યા છે. આવી પવિત્ર સ્ત્રીઓનાં સ્મરણ કરવાથી આપણું કલ્યાણ થાય છે.

મીરાંબાઈ.

મીરાંબાઇનો જન્મ સંવત ૧૪૮૦ માં રજપુતાનાના મેડતાના રાજા જયમલ રાઠોડને ત્યાં થયો હતો. નાનપણથીજ તેને ધર્મના સંસ્કારો પડયા હતા. ઇશ્વર ઉપર તેની પ્રીતિ હતી. નાનપણથીજ ઇશ્વરનાં ભજનો ગાવામાં તેને રસ પડતો ઉમ્મરે આવતાં તેને ઉદેપુરના રાજકુંવર કુંભાજી સાથે પરણાવી હતી. અહિં પણ મીરાં તો ઇશ્વર ભક્તિ કરવામાં તલ્લીન રહેતી; તેનાં પદો ઘણાં ઉત્તમ હોવાથી રાજકુંવરને પણ તે સાંભળતાં આનંદ થતો. મીરાં પતિને પરમાત્મા તુલ્ય માની તેમની સેવાભક્તિ કરતી. તેનાં ઉત્તમ આચરણોથી કુંભોજી તેના ઉપર પ્રસન્ન રહેતા.

એવામાં કુમ્ભાજીનો પિતા મરણ પામવાથી કુમ્ભોજી રાજા થયો. પતિપત્ની ઇશ્વર ભક્તિ કરતાં આનંદમાં રહેવા લાગ્યાં. મીરાં શ્રીકૃષ્ણતુલ્ય પોતાના પતિને માની તેમની પુજા આરતી કરતી. તે પોતાને ગોપીતુલ્ય માની રાણાને કૃષ્ણ માની ભક્તિ કરતી હતી. મીરાં મહારાણી થયા પછી પણ શ્રી કૃષ્ણ કિર્તન કરવામાં મસ્ત રહેતી. સાધુ સંતોને દાન આપવું, તેમની પાસે ભજનો ગવરાવવાં, અને પોતે ગાવાં આવી રીતે તેમણે હંમેશાં ઇશ્વરભક્તિમાં ચિત્ત જોડયું. ધીમે ધીમે તેમને રાજ્ય, ધન, સગાં, વિગેરે ઉપરથી મોહ છુટી ગયો. ગમે તેવાં વસ્ત્રો પહેરવાં, સાધુ સંતો સાથે બેસી ભજન ગાવાં, એ તેમને આનંદ આપનાર થઇ પડયું. મીરાં અને રાણોજી હંમેશાં પરમ આનંદમાં રહેતાં.

મીરાંએ સાધુ સંતોને પોતાના મહેલમાં બોલાવી ભજનો ગવરાવવા માંડયાં, તેથી તેનાં સગાં વ્હાલાંએ રાણાજીને તેમની વિરૂદ્ધ ભરવ્યું. તેથી રાણાજીએ પણ તેમને મહેલમાંથી કાઢી મૂકાં. તેથી તે શ્રી કૃષ્ણના મંદિરમાં રહેવા લાગ્યાં. મંદિર હવે સાધુ સંતોના ધામ રૂપ બન્યું. ત્યાં આખો દિવસ ને રાત ઇશ્વર ભજનની ધુન જામતી

લાગી. મીરાં તેમની વચ્ચે બેસી હાથમાં કરતાલ લઇ શ્રી કૃષ્ણનાં કિર્તનો મસ્તપણે ગાઈ આનંદ ભોગવતાં. આમ થવાથી તેમની નણંદે એક વખતે ત્યાં આવી તેમને ઠપકો આપ્યો ને કહ્યું: "ભાભી, તમે મહારાણી થઇ અને આ શો ભવાડો માંડી આબરૂ ગુમાવવા માંડી છે. રાજમહેલમાં રહી સુંદર ભોગવિલાસો ભોગવવાના મુકી અને આ શો સાધુડીનો વેશ લઇ અહિં રહી રાજ્યને કલંક લગાડો છો ?" આ સાંભળી તેમણે કહ્યું કે: "બેન, મારે મન તો ઇશ્વરની ભક્તિ કરવી એજ પરમ સુખરૂપ છે. રાજમ્હેલ કરતાં પણ મને અહિં રહી આ સાધુ સંતો સાથે હરિકિર્ત્તન કરવામાં વધુ આનંદ થાય છે."

તેની નણંદ તેથી ગુસ્સે થઈ અને પોતાના ભાઇ રાણાજી આગળ મીરાં વિષે ખોટું ખોટું ભરવી કંકાસ કરવા લાગી. રાણાજીના કાન કાચા હતા તેથી તેમણે મીરાંને મારી નાંખવાનો ઉપાય રચ્યો એક દિવસ વિષનો પ્યાલો લઇ પોતાના સેવકને તેમની પાસે મોકલ્યો અને આ દુધ રાણાએ પરસાદીમાં મોકલ્યું છે એમ કહી તે સેવકે મીરાંને તે પ્યાલો આપ્યો. મીરાં તે પ્યાલો શ્રીકૃષ્ણને નૈવેદ્યમાં ધરાવી પછી શ્રી કૃષ્ણનું નામ દઇ ગટગટાવી ગયાં. છતાં પણ તેમને ઝેર ચઢયું નહિ. બે ત્રણ દિવસ થયા પણ જ્યારે તે ઝેરથી મરી ન જતાં જીવતાં રહ્યાં ત્યારે રાણાને પોતાના પાપમય કૃત્યથી ઘણો પશ્ચાતાપ થયો.

મીરાં રાતદિવસ ઈશ્વરનાં ભજન કિર્તનમાં મસગુલ રહેતાં. તેમનાં પદો ઘણાં રસીક હોવાથી દેશદેશાવર ગવાવા લાગ્યાં. તેમની આવી અલૌકિક ભક્તિ જોઇ પરદેશમાંથી ઘણા સાધુ સંતો તેમનાં દર્શને આવતા. એક વખતે દિલ્હીના રાજા અકબરે આ વાત જાણી તેની પરીક્ષા કરવા માટે સાધુનો વેશ લઈ પોતાના ગવૈયા તાનસેનને લઈ ત્યાં આવ્યો. તેણે મીરાંની ભક્તિ જોઈ ખુશ થઈ પોતાનો નવલખો હાર તેને આપી દીધો. મીરાંએ તે હાર શ્રીકૃષ્ણને ચઢાવી દીધો. બાદશાહ તો ખુશ થઈ ચાલ્યો ગયો પણ આવી રીતે મીરાંને નવલખો હાર મળ્યાની વાત રાણાને મોઢે પોંચી. ઘણાએ મીરાંની ખોટી ભુમ ઉરાડી તેને કલંક લગાડવા નીચ વાત ફેલાવી. તેથી રાણાએ તેને દેશનિકાલ કરી.

મીરાં તેથી ઉદેપુર છોડી વૃન્દાવનમાં જઇ શ્રી કૃષ્ણભક્તિની ધૂન મચાવા મંડી. તેની ભક્તિની પ્રશંસા દેશેદેશમાં ફેલાઇ. ઘણા તેને દેવી માની દર્શન કરવા આવતા. ઘણા સાધુસંતો તેમની પાસે આવી પાવન થવા ઇચ્છતા. ઘણા દિવસે રાણાને પણ મીરાંની ફરી પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. પોતાની રાણીની દેશેદેશમાં કીર્તિ ફેલાયલી સાંભળી તેને પણ મીરાં પાસે જવાનું મન થયું. તેથી તે સાધુનો વેશ લઈ તેના મંદિરમાં ગયો. બે ત્રણ દિવસ બીજા સાધુઓની સાથે ત્યાં રહેવાથી તેને મીરાંના ઉચ્ચ ચારિત્ર્યની ખાત્રી થઈ. એક વખતે મીરાં ભજન ગાઈ રહ્યા પછી શ્રી કૃષ્ણપરમાત્માની આરતી કરવાની તૈયારી કરતાં હતાં તેવામાં રાજાએ સાધુવેશમાં આગળ આવી કહ્યું કેઃ 'મારી એક યાચના છે.' આ સાંભળી મીરાંએ કહ્યું કેઃ "ભક્તિરસ સિવાય બીજું કાંઈ આપવાનું મારી પાસે નથી, માટે તે જોઇએ તો માગશો.' આ સાંભળી રાણાએ હસીને તેના સામું જોઈ કહ્યું, હા. તેજ રસને માટે તમારામાં તલ્લીન થવાની મારી મરજી છે. બંનેની નજરેનજર મળતાં મીરાંએ પોતાના પતિ રાણાને ઓળખ્યો અને તરત જ આંખમાં હર્ષાશ્રુ આવી નમી પડી. અને કહ્યું કેઃ "પ્રભો, આજે મારી ભક્તિ સફળ થઇ. છેવટે આટલે વર્ષે પણ આપને હું સાંભરી, અને આપે મને દર્શન આપ્યાં તેથી કૃતાર્થ છું.' આમ કહી શ્રી કૃષ્ણને બદલે પોતાના પતિની આરતી ઉતારી. આ જોઇ બીજા સાધુસંતો આશ્ચર્ય પામ્યા.

રાણાએ મીરાંને હવે ઘેર આવવાનું કહ્યું મીરાંને ત્યાં જવામાં હરકત તો હતી જ નહિ. તેણે તરતજ હા પાડી અને પતિ સાથે મેવાડ ગઈ. ત્યાં પતિસાથે રહી પતિભક્તિ કરી સુખમાં દિવસો વિતાવવા માંડ્યા. મીરાં પોતાના પતિને હવે ઇશ્વર માની તેમની સેવા કરવા લાગી. તેના સંગથી રાણાનું મન પણ ઈશ્વર ભજનમાં લાગ્યું. બંને પતિપત્નીએ તે પછી સંસારમાં રહી, રાજ્યસુખ ભોગવવા છતાં પણ પોતાનાં મન ઈશ્વર સાથે જોડી દીધાં. આ પ્રમાણે મીરાંએ પોતાના પતિને સન્માર્ગે વાળી ઈશ્વરની ભક્તિ કરતો બનાવી દીધો. આજે મીરાંબાઇનાં ભજનો ઘણાં સચોટ હોવાથી ઘેર ઘેર ગવાય છે.

તેમણે પતિ એજ પરમેશ્વર અને પરમેશ્વર એજ પતિ એમ માની પતિની સેવા ભક્તિ કરી, અનન્ય સુખનો અનુભવ કર્યો હતો. આવી રીતે ઈશ્વરપરાયણ રહેનાર સતી પોતાના પતિને ઈશ્વર

ભક્તિમાં વાળી શકે છે, અને પતિસાથે રહી શ્વરોપાસનાકર કરી આ સંસારસમુદ્રને તરી જાય છે. મીરાંએ આ પ્રમાણે રાણાને સન્માર્ગે સ્થાપી અનેક દાન પુણ્ય કર્યાં હતાં, અન્નક્ષેત્રો સ્થાપ્યાં હતાં, અને અંતે જીવન્મુક્ત બની કૃત્ય કૃત્ય થયાં હતાં.

યશોદા—તુલસીદાસજી.

યશોદા એ શ્રી રામચન્દ્રજીના પરમભક્ત તુલસીદાસજીનાં પત્ની હતાં. તે નાનપણમાં ગૃહસ્થ માબાપને ત્યાં ઉછરી મોટાં થયાં હતાં. તેમનું શરીર ઘણુંજ રૂપાળું હતું. તેમજ યોગ્ય કેળવણી મળ્યાથી વિવેકી અને નીતિવાળાં હતાં. તેમને પંદરેક વર્ષની ઉમ્મરે એક ગૃહસ્થના પુત્ર તુલસીદાસ વેરે પરણાવ્યાં હતાં. તુલસીદાસની મા વિધવા હતાં. તે પૈસેટકે સુખી હતા. યશોદા પરણીને સાસરે આવ્યાં તેમને જોઇ તેમની સાસુ ઘણાં ખુશી થયાં. પુત્ર અને પુત્રવધુને વૈભવ અને સુખ ભોગવતાં જોઇ તેમનો જીવ ઠર્યો. યશોદા પતિભક્તિ પરાયણ હતાં. પતિને રાજી રાખવામાં, તેમની આજ્ઞાનું પાલન કરવામાં અને તેમને આનંદ આપવામાં પોતાનું સૌભાગ્ય માનતાં. તેમણે પતિસેવાથી તુલસીદાસજીની પ્રીતિ મેળવી લીધી. યશોદા મુળ તો રૂપાળાં હતાં અને તેમાં પતિસેવામાં તત્પર રહેવાથી તુલસીદાસજીનો તેના ઉપર અત્યંત પ્રેમ હતો. તેમના વગર એક ઘડી પણ તેમને ચેન પડતું નહિ. આખો દિવસ યશોદા સાથે રહી મોજ શોખ ભોગવી આનંદમાં રહેતા.

તુલસીદાસ સવારમાં યમનાસ્નાન કરી આવી દિવસનો બધો વખત પોતાની પત્ની યશોદા સાથે રહી આનંદ ભોગવવામાં ગાળતા, જેથી તેમની માતાએ એક વખતે તેમને કાંઇ ધંધો કરવાને કહ્યું, અને કહ્યું કે 'ભાઇ, હવે તું મોટો થયો છે. બેઠાં બેઠાં ખાવાથી તો જેટલું ધન હોય તે તમામ ખૂટી જાય, માટે કમાઇએ તો ખાઇએ.' આમ છતાં પણ તુલસીદાસનો યશોદા ઉપર એટલો બધો પ્રેમ હતો કે તે દિવસમાં એક ક્ષણ પણ તેનાથી વેગળા જઇ ઉદ્યોગ કરી શકે તેમ નહોતું. યશોદાને પીએરથી તેડવા આવે પણ તે મોકલતા નહિ. કારણ તેમને યશોદા વગર એક ઘડી પણ રહેવું એ મરણ તુલ્ય લાગતું.

યશોદાનાં માબાપ પુત્રીને પોતાને ઘેર તેડી લાવવા તલપાપડ થઈ રહ્યાં હતાં. એક વખતે તુલસીદાસ સ્નાન કરવા ગયા હતા તે વખતે યશોદાની મા આવીને યશોદાને પીએર તેડી ગઈ. જ્યારે તુલસીદાસજી સ્નાન કરીને ઘેર આવ્યા તો પોતાની પત્નીને ન જોતાં ખેદ પામવા લાગ્યા. અને માતાને પૂછતાં તે પીએર ગઇ છે એમ જાણીને તરતજ તે જેવા નદીએથી આવ્યા હતા તેવાને તેવાજ સાસરે ગયા. યશોદા ઘણે વર્ષે પીએરમાં ગયેલી હોવાથી તેનાં સગાં વ્હાલાં સાથે બેસી સુખસમાચારની વાતો કરતી હતી. ને ઘરમાં પોતાની માની સાથે વાતો કરતી હતી તેવામાં તુલસીદાસને આવતા જોઇ તે શરમાઇ ગઇ. તુલસીદાસ તો પત્નીના પ્રેમમાં એટલા બધા ગુલ્તાન બની ગયા હતા કે, આજુબાજુ કોણુ બેઠું છે તેની દરકાર કે શરમ રાખ્યા વગર “ અરે વ્હાલી, તું મને મૂકીને કેમ આવતી રહી, તારા વગર મને ચેન પડતું નથી.” આમ ગમેતેમ બોલતા બારણા આગળ આવી પહોંચ્યા. આ જોઇ યશોદા શરમાઇ ગઈ અને તે તરતજ ઉઠી તેમને તેમ બોલતા અટકાવવા માટે સામે જઇ કહેવા લાગી કે: “ આપ, આમ મારાં મા બેન બેઠાં છે ત્યાં નિર્લજ થઈ કેમ બોલ્યાં કરો છો ? મારામાં આટલોબધો સ્નેહ રાખવા કરતાં પરમાત્માને જ એટલા સ્નેહથી ભજો કે કલ્યાણ તો થાય. જરા શરમ તો રાખો, મારૂં શરીર તો નાશવંત છે, મારામાં એવું શું છે કે તેથી આપને આટલો બધો મોહ થતાં કાંઇ પણ શરમ લાજ વગર ગમેતેમ બોલ્યાં કરો છો. આ સંસાર તો નિઃસાર છે. સર્વ નાશવંત છે માટે તમે મારા ઉપરનો આટલોબધો મોહ છોડી દેઈ ઈશ્વરના ઉપર મોહ રાખો કે કાંઈ શ્રેય થાય.” આ સાંભળી તુલસીદાસને ચટકી લાગી ગઇ. જેને મેં અત્યાર સુધી આટલીબધી પ્રીતિના સ્થાનરૂપ માની હતી તેણે અત્યારે મારી અવગણના કરતાં બાકી રાખી નહિ. ખરી વાત છે ! સંસાર, સગાં સર્વે નકામું છે, તેમના ઉપર મોહ શો, પ્રીતિ શી ! એટલી પ્રીતિ ઈશ્વર ઉપર રાખી હોત તો જરૂર કલ્યાણ થાત એવો વિચાર કરતા તુલસીદાસજી ત્યાંથી તરત પાછા ફર્યા અને ઘેર ન જતાં ચિત્રકુટના ઘાટ ઉપર જઈ શ્રી રામચન્દ્રજીની ભક્તિ કરવા લાગ્યા.

આ પ્રમાણે આ સતી યશોદાએ પતિનો સંસાર ઉપરનો મોહ ઉતારી ઈશ્વર ઉપર પ્રીત જોડાવી. યશોદાએ પણ તે પછી સંસાર ઉપરની પ્રીતિ ઉતારી પતિને અનુકુળ રહી રામચન્દ્રજીની ભક્તિ

કરવા માંડી. તુલસીદાસજીએ જ્યારે યશોદા પીએરથી પાછી પોતાની પાસે આવી ત્યારે તેનો ઉપકાર માન્યો અને કહ્યું કે: 'ધન્ય છે સતી! તેં મારી આંખો ઉઘાડી અને નરકના મુખમાંથી ઉગારી ઇશ્વર પ્રતિ પ્રીતિ જોડાવી.' આ પછી પતિપત્ની પરસ્પર સ્નેહ રાખી આ સંસાર મોહનો ત્યાગ કરી ઇશ્વરભક્તિ કરવામાં આનંદ માનવા લાગ્યાં.

આ પ્રમાણે આ સતીએ પોતાના પતિને સન્માર્ગમાં સ્થાપી તેનું કલ્યાણ સાધ્યું છે અને પોતે ઇશ્વર પરાયણવૃત્તિ રાખી, પતિને પણ ઇશ્વરની લગ્ની લગાડી દીધી.

મેનાવતી—ગોપીચંદન.

ગૌડ બંગાળના રાજા ત્રૈલોકયચંન્દ્રની, મેનાવતી પટરાણી હતી. તેના પુત્રનું નામ ગોપીચંદ હતું. મેનાવતી ધર્મિષ્ટ અને જ્ઞાની હતી. પોતાના પતિની સેવા કરી તેમની પ્રીતિ સંપાદન કરવામાં તેણે પોતાનું શ્રેય માન્યું હતું. તેના ધાર્મિક વર્તનના સંસ્કારો તેના પુત્રમાં પણ પડયા હતા. તેમનો પતિ મરી જતાં તે વિધવા થવાથી તેમનું મન આ સંસાર ઉપરથી ઉઠી ગયું હતું. આ શરીર, વૈભવ, ધન, સગાં વિગેરે સર્વ નાશવંત છે માટે તેમાં મોહ રાખી ભરાઇ બેસવું નહિ પણ એક ઇશ્વરજ સત્ય છે માટે તેમના ઉપર પ્રીતિ રાખી તેમનું ભજન કિર્તન કરવું એમ તે માનતી.

પતિ મરી ગયા પછી તેણે સુંદર વસ્ત્રો અને આભૂષણોનો ત્યાગ કરી સાદું જીવન ગાળી પારલૌકિક સાધનો સાધવામાં તત્પર રહેતી. એવામાં જાલંધર નામના મહાન પવિત્ર યોગી ત્યાં આવી ચઢયા. તેમની પવિત્રતા અને ઇશ્વરપરાયણતા જોઇ મહારાણી મેનાવતી એ તેમની પાસે ઉપદેશ લઇ ઇશ્વર ભક્તિ કરવા માંડી. યોગી જાલંધર તેમને હંમેશાં કથાવાર્તા કહી જ્ઞાન આપતા. મેનાવતી એ યોગીને પોતાના રાજમહેલમાં રાખી સેવા કરવા માંડી તેથી તેમની પુત્રવધુએ રાજા ગોપીચંદને પોતાની સાસુની વિરૂદ્ધ ભરવી કહ્યું કે: " વ્હાલા, સાસુજી પવિત્ર છે પણ આખો દિવસ ને રાત પેલા જોગી પાસે બેસી રહે છે, અને જોગીને પોતાના મહેલમાં રાખ્યો છે માટે

બહાર આપણી ખોટી નિંદા થાય છે. સ્ત્રીની મતી પાનીયે, વખતે શું છે કે શું, તો આપણું નાક કપાઈ જશે.' આવી રીતે તેણે ગોપીચંદને ભરમાવ્યું, ઘણી જગ્યાએ વહુઓ સાસુ વિરૂદ્ધ પોતાના પતિને આ પ્રમાણે ભરવી નાહક કલેશ કરાવે છે. ગોપીચંદે સ્ત્રીની હકીકત ખરી માની પોતાની માને તો કાંઇ કરી શક્યો નહિ પણ યોગી જાલંધરને મારી નાંખવાનો નિશ્ચય કર્યો.

એક દિવસે જાલંધરે સમાધી ચઢાવી હતી તે વેળાએ ગોપીચંદે ત્યાં આવી તેને પકડી અંધારા કુવામાં નંખાવી દેઈ ઉપરથી કચરો નંખાવી કુવો પૂરી દીધો. મેનાવતીને આ વાતની ખબર ન પડી. તેણે આવી જોયું તો ગુરુ ન દીઠા તેથી ઘણું કલ્પાંત કરી અન્નનો ત્યાગ કરી દૂધ ઉપર રહેવા લાગી. એક વખતે ગોપીચંદનો જન્મ દિવસ આવ્યો તેથી તે દિવસે તેના રાજ્યમાં આનંદ ઉત્સવ પળાયો. ગોપીચંદને પાટલે બેસાડી તેની રાણીઓ સ્નાન કરાવતી હતી. તે વખતે તેની મા મેનાવતીને એવો વિચાર આવ્યો કે: આ પુત્રનું શરીર કેવું રૂપાળું ગૌરવર્ણનું છે. તેને રાણીઓ કેવા હેતથી સ્નાન કરાવે છે છતાં પણ તે શરીર નાશવંત છે. જેમ તેના પિતા, પિતામહ અને પૂર્વજોનાં શરીરો નાશ પામ્યાં તેમ આ પુત્રના શરીરની પણ તેવી જ દશા થવાની. નાશવંત શરીર ઉપર આટલો બધો મોહ અને મમતા. અરે ભગવાન !' આમ વિચાર કરતી તે રડવા લાગી તે જોઇ ગોપીચંદે પૂછ્યું કે: " માજી આજે જ્યારે આખા રાજ્યમાં આનંદોત્સવ થઇ રહ્યો છે ત્યારે તમે કેમ રડવા માંડયું છે ?

આ સાંભળી મેનાવતીએ કહ્યું: " બેટા, મને એજ રડવું આવે છે કે: આ સંસાર તો નાશવંત છે. શરીર, ધન, વૈભવ કાળે કરીને નાશ થવાનું જ છે. તેના ઉપર મમતા રાખી માણુસ બંધાઇ જાય છે. અને મનુષ્ય શરીરને એળે ગુમાવી દે છે. માટે આ સુંદર શરીરને મેળવી તેમાં મમત્વ ન રાખતાં ઇશ્વરોપાસના કરી તે શરીરને સાર્થક કરવું એજ કલ્યાણકર છે એ વિચાર આવતાં મને આંસુ આવી ગયાં. " આ સાંભળી ગોપીચંદને ઘણું જ આશ્ચર્ય થયું. તેને લાગ્યું કે માજી કહે છે તે સત્ય છે. આ રાજપાટ, શરીર, સંસાર સર્વ નાશવંત છે. તે શરીરવડે ઇશ્વરનો સાક્ષાત્કાર કરી લેવા યત્ન કરવો એજ સાર્થક છે. ખરે મારાં માજી પવિત્ર છે. નાહક રાણી-

ઓએ મને ખાટું ભરવી મહાત્માનો નાશ કરાવ્યો. આ વિચાર આવતાં તે કયાં બેઠો છે અને શું કરે છે તેનું ભાન ભૂલી ગયો. તેણે રાણીઓને દૂર કરી એકદમ ઉભા થઇ પોતાની માને પગે પડયો અને બોલ્યો કે: ' માજી, તમે મને બચાવ્યો, આ શરીરવડે મારો ઉદ્ધાર કી રીતે કરવો તે હવે આપજ બતાવો. '

મેનાવતી—" બેટા, જો મારા ગુરુ જાલંધર હોત તો તે તને તેનો માગ બતાવી શકત. મારૂં શું ગજુ. "

આ સાંભળી ગોપીચંદને કરેલા અપરાધ માટે ઘણોજ પસ્તાવો થયો તે પછીથી તેનું મન સંસાર ઉપરથી ઉઠી ગયું. ઇશ્વર ભજનમાં ઘણો વખત ગાળવા લાગ્યો. એક વખતે ગુરુ જાલંધરનો શિષ્ય પોતાના ગુરુ પાસે આવ્યો પણ ગુરુ દીઠા નહિ તેથી તેણે સમાધિ ચઢાવી જોયું તો ગુરુને કુવામાં જોયા. તેથી તેણે રાજા ગોપીચંદને ઘણો જ ઠપકો આપ્યો. મેનાવતી એ જાણી ઘણી જ દીલગીર થઇ. પછી ગુરુને કુવામાંથી બહાર કાઢયા. ગુરુ હજુ સમાધિમાં જ હતા. તે બહાર આવી જાગ્રત થયા એટલે મેનાવતીએ પગે લાગી પુત્રના અપરાધની ક્ષમા માગી. ગોપીચંદ પણ માફ માગવા લાગ્યો. ગુરુ સત્વગુણી હતા તેથી ગોપીચંદને શાપ ન આપતાં ક્ષમા આપી, પછી ગોપીચદે તેમની પાસેથી ઉપદેશ લીધો.

કેટલાક દિવસ જતાં ગોપીચંદને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેની રાજપાટ, સગાં સંબંધી વિગેરે ઉપરથી પ્રીતિ ઉઠી ગઇ. તેણે વનમાં જઈ તપ કરવા માટે ગુરુ જાલંધર પાસે આજ્ઞા માગી. ગુરુએ કહ્યું: " ભાઈ, રાજપાટ, સુખ વૈભવ છોડી વનમાં રહેવું એ ઘણું કઠણ છે. માટે રાજ્ય ભોગવવા છતાં તેના ઉપરની મમત્વ બુદ્ધિનો ત્યાગ કરી ઇશ્વરોપાસના કર. પણ ગોપીચંદનું મન હવે સંસાર ઉપરથી બીલકુલ ઉઠી ગયુ હતું તેથી તેણે વનમાં જવાની જ પ્રાર્થના કરી. જેથી ગુરુએ તેને સન્યસ્ત દીક્ષા આપી. તેથી સર્વ આભૂષણો અને રાજ્યવૈભવ છોડી ભગવી કંથા ધારી, હાથમાં કમંડળ ઝાલી રાણીઓ પાસે 'અલ્લક' કહી ભિક્ષા માગવા ગયો.

રાણીઓ એકદમ પોતાના પતિને સંન્યાસી થએલો જોઈ રડવા લાગી. તેમણે તેને સંસારમાં રહેવા ઘણું સમજાવ્યો પણ તેણે ન માન્યું અને આ સંસાર નાશવંત છે, એક ઈશ્વર જ સત્ય અને

નિત્ય છે માટે તેનો સાક્ષાત્કાર કરવા ઇશ્વર ભજન કરવું એજ મનુષ્યનું ખરૂં કર્તવ્ય છે એવો તેણે રાણીઓ વિગેરેને ઉપદેશ આપ્યો. પછી તે ગુરુની આજ્ઞા લઇ વનમાં જઈ તપ કરવા લાગ્યો.

આવી રીતે આ પરમ સાધ્વી માતાએ પોતાનું કલ્યાણ સાધ્યું અને પોતાના પુત્રને પણ ઇશ્વરભકિત કરાવી. મહાન યોગી બનાવવા યત્ન કર્યો આજે પણ તેના સંબંધમાં લોકો ગાય છે કે:

જનની જીવો રે ગોપીચંદની, જેણે પુત્રને પ્રેર્યો વનવાસજી;
ઉપદેશ આપ્યો એણીપેરે, લાગ્યો સંસારીડો આગજી. જનની.

આ પ્રમાણે ગોપીચંદ રાજાની માતા મેનાવતીએ પોતાના પુત્રને આ સંસાર અસાર છે એવો ઉપદેશ આપી પોતાના પરમ કર્તવ્યને બતાવી આપ્યું. જે સ્ત્રીઓ પોતે ઇશ્વર પરાયણ રહી પ્રજાને ઇશ્વરપરાયણ કરવા યત્ન આદરે છે તેજ ખરી ભાગ્યશાળી છે.

દેવી અઘોર કામિની.

દેવી કામિનીનો જન્મ બંગાળામાં આવેલા ટાકી નામના ગામમાં એક કાયસ્થને ત્યાં થયો હતો. તે નાનપણથી દયાળુ હતી. તેનું લગ્ન બાબુ પ્રકાશચંદ્ર સાથે થયું હતું. કામની નાનપણમાં અભણ હતી તેથી પ્રકાશચન્દ્રે તેને ભણાવવા માંડ્યું. પણ તેનું કુટુંબ મોટું હતું. માબાપ, ભાઈ, બેન વિગેરેની શરમથી માત્ર રાત્રેજ પતિ પત્નીનો મેળાપ થતો. એટલે રાત્રે થોડો વખત કાઢી પ્રકાશચન્દ્ર તેને શિખવતો. કામિની સત્સંસ્કારી હતી. તે માત્ર સાદો પોષાક જ પહેરતી. પ્રકાશચન્દ્ર બ્રાહ્મધર્મી હોવાથી કામિનીએ પણ બ્રાહ્મધર્મનો સ્વિકાર કર્યો હતો.

પ્રકાશચન્દ્રને સારી માનવાળી નોકરી હતી. પગાર પણ સારો મળતો. તેણે પોતાની પત્ની કામિનીને કેળવી પોતાના વિચારને અનુકુળ બનાવી હતી. તે બંને દયાળુ હતાં. નિરાધાર બાળકોને પોતાને ત્યાં રાખી વિદ્યાભ્યાસ કરાવવાથી ઘણું પુણ્ય થાય છે એમ માનતાં બંને સ્ત્રી પુરુષો પરોપકારાર્થે ઘણું દ્રવ્ય ખર્ચતાં. ઘણાં દુઃખી દરિદ્રીને અન્નવસ્ત્ર આપતાં.

તેમણે નાની છોકરીઓને સુધારવા માટે બાળીપુરમાંની એક કન્યાશાળાની વ્યવસ્થા જાતે કરવા માંડી. તેમણે પતિપાસે થોડુંઘણું લખી વાંચી શકાય તેટલો અભ્યાસ કરી ટ્રેનીંગ કૉલેજમાં પાંચવર્ષ અભ્યાસ કર્યો હતો. તેઓ પોતાના પતિના પગારનો ઘણો ભાગ પરોપકારમાં ખર્ચતાં. તેમણે સ્ત્રીઓને સુધારવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો. સાથે સાથે તેમને ધર્મ અને નીતિનું જ્ઞાન આપવા ઉપદેશ આપતાં. તેમનો સ્નેહાળ સ્વભાવ, અને ગરીબો ઉપરની પ્રીતિથી લોકોમાં તે દેવી તુલ્ય ગણાતાં.

ઘણા દરદીઓને ઘેર જઇ તેમની ચાકરી કરતાં. પરોપકારાર્થે અને દુઃખીયોને મદદ કરવા ઘણો શ્રમ લેતાં તે પોતની સેવા કરતાં અને પતિ આજ્ઞાનું પાલન કરી તેમની પ્રીતિ સંપાદન કરી હતી. ઘરમાં સર્વ સા સંપીને રહેતાં. તેમનું ઘર આનંદના સ્થાનરૂપ હતું. આ પ્રમાણે આ સતીએ ઇશ્વરપરાયણ જીવન ગાળી અનેકને સુખી કર્યા હતાં.

બેહુલા.

બેહુલા એ બંગાળામાં આવેલા નિછની નગરના સાધન નામના વેપારીની પુત્રી હતી. નાનપણમાંથી તેને તેનાં માબાપે ધર્મ અને નીતિનું શિક્ષણ આપી ઉછેરી હતી. તે શાંત, ઉત્સાહી, ધર્મિષ્ટ, અને ધૈર્યવાળી હતી. તેનું શરીર ઘણું રૂપાળું હતું. તેને ચંપકનગરના ચાંદવેપારીના પુત્ર નખીન્દર સાથે પરણાવી હતી. તે પતિવ્રતા હતી. પરણીને સાસરે આવ્યા પછી સાસુ સસરાનાં મન તેણે પોતાના નમ્ર સ્વભાવથી જીતી લીધાં હતાં. પતિના ઉપર અત્યંત પ્રીતિ રાખીને તેની સેવાભક્તિ કરતી હતી. બંને હંમેશાં એક બીજાને અનુકુળ રહી આનંદમાં રહેતાં. પતિના ઉપર તેની અત્યંત પ્રીતિ હતી.

એક વખતે રાત્રે તેના પતિને સાપ કરડયો, તેથી તેને ઝેર ચઢવાથી બેશુદ્ધ થઇ મરણવત પડયો. ઘણા ઉપાય કર્યા પણ ઝેર ઉતર્યું નહિ. આ જોઇ બેહુલાએ ઘણી રડકકળ કરવા માંડી. થોડીવારે તેને વિચાર આવ્યો કે પતિવગરનું જીવતર શું કામનું ?

સતી સાવિત્રીએ પોતાના પતિ સત્યવાનને જીવતો કર્યો હતો તો હું કેમ ન કરી શકું ? તે ન જીવે તો પછી જીવીને પણ શું કરવું. એવા વિચારથી તેણે એક હોડી વેચાતી લઇ તેમાં પતિને લઈ તે બેઠી અને નદીમાં હોડીને ચલાવા માંડી તેના. મનમાં પતિને જીવતા કરવાનોજ વિચાર હતો. તે જાણતી કે: સાપ કરડયા પછી પણ ૩ા દિવસ સુધી માણસનો જીવ જતો નથી. તેનાં સાસુસસરાએ તેમ કરવા તેને ના કહ્યું પણ તેણે પતિનું જીવન ઉગારવાના વિચારમાં કશા ઉપર ધ્યાન આપ્યું નહિ.

નદીના પ્રવાહમાં હોડી તણાવા લાગી. તેણે સર્વ સગાંવ્હાલાંને કહ્યું કે: ઇશ્વરની મરજી હશે તો પાછી આવીશ હાલ ચિંતા કરવી નકામી છે. એમ કહી હોડીના વેગ સાથે તે અદૃશ્ય થઇ ગઇ. અન્નપાણીનો ત્યાગ કરી માત્ર પતિનો જીવ બચાવવાનીજ ઇશ્વર ને પ્રાર્થના કરતી જવા લાગી. હોડી તણાઇ ઘણે દૂર એક નાના ઘાટ આગળ અટકી ત્યાં એક ખારવો હતો તેણે આ રૂપવંતી સ્ત્રીને એકલી જોઈ હોડી પકડીને બાંધી દીધી. તેણે તેને પોતાની સ્ત્રી થવા લલચાવી અને કહ્યું કે: આ મરેલા માણસને લઈ શા માટે કલ્પાંત કરે છે. મારે ત્યાં ચાલ હું તને સુખ આપીશ મારે પૈસા ટકાની ખોટ નથી માટે ચાલ વાર લગાડ નહિ ! આ સાંભળી બેહુલાએ હિંમત લાવી કહ્યું: "ભાઇ, હું પતિવ્રતા છું. પરપુરુષની લાલચથી ભ્રષ્ટ થઉં એવી નથી, માટે મારા આગળ એવું બોલશો નહિ. મને ધનની કે સુખની પરવા નથી. જો તમે મને હેરાન કરશો તો હું એ દિવસ માંડી મરતી હઇશ તે આજેજ મરીશ પણ તમારી ઇચ્છા સિદ્ધ નહિજ થાય."

આ સાંભળી ખારવે જાણ્યું કે: આ કાંઈ માને તેવી નથી. ભલે જાય એમ જાણી તેને જવા દીધી. આ પછી હોડી પાણીમાં તણાવા લાગી, જ્યાં જ્યાં કિનારો આવે ત્યાં લોકોને પૂછતી કે આ ગામમાં કોઇ સાપને ઉતારનાર છે ? પણ કોઈ તેના સવાલનો જવાબ આપતું નહિ. આગળ જતાં એક કિનારા ઉપરથી એક વૈદે કહ્યું કે: હા, હું દવા આપીશ તેથી તે માણસ જીવતો થશે ને ઝેર ઉતરશે પણ તમારે મારે ઘેર બેચાર દિવસ આવીને રહેવું પડશે. બેહુલાએ કહ્યું કે: હું હોડીમાંથી ઉતરી તમારે ઘેર તો આવું નહિ. જો તમને દયા આવતી હોય તો અહિં દવા કરો. વૈદ્યે કહ્યું તેમ નહિ

બને આજુબાજુ કોઇ ન હોવાથી વૈદ્યના ધ્યાનત ભ્રષ્ટ થઇ અને તે હોડીને પકડવા જળમાં પડયો. આ જોઇ સતીએ રડવા માંડયું તેથી કેટલાક માણુસો કિનારે આવી પહોંચ્યા અને વૈદ્યને વાર્યો, આ રીતે સતીનું રક્ષણ થયું.

હોડી તણાતાં તણાતાં પ્રયાગના કિનારા ઉપર આવી. ત્યાં એક ધોબણ કપડાં ધોતી હતી તેને બેહુલાએ કોઇ સાપ ઉતારનાર છે ? એમ પૂછ્યું. તે ધોબણને તેના ઉપર દયા આવી તેથી તેણે કહ્યું કે: બાઇ, તમે ગભરાશો નહિ મારો શેઠ સાપના ઝેરની દવા જાણે છે તેથી ઝેર ઉતરી જશે. હું હમણાં જ બોલાવી લાવું છું. આમ કહી તરત શહેરમાં જઇ પોતાના શેઠ પાસેથી દવા લાવી. તે નખિન્દરને ડંખ ઉપર ચોપડી અને થોડી પાઈ, તેથી તેનું ઝેર ઉતર્યું. પતિ જીવતો થયો તેથી બેહુલાના આનંદનો પાર રહ્યો નહિ. નખિન્દર પણ પોતાના પ્રાણ બચાવનાર પોતાની સ્ત્રીને ધન્યવાદ આપવા લાગ્યો. બંનેજણ પેલી ધોબણનો ઉપકાર માનવા લાગ્યાં.

બીજે દિવસે બેહુલા અને નખિન્દર નૌકામાં બેસી ઘેર ગયાં ત્યાં સર્વે નખિન્દરને જીવતો થયેલો જાણી સર્વ હર્ષ પામ્યાં. બધાં બેહુલાનાં વખાણ કરવા લાગ્યાં. આ પ્રમાણે બેહુલાએ પોતાના પતિના જીવને બચાવવા માટે ઘણું સંકટ વેઠયું પણ તે બચ્યો ત્યારેજ ઝંપી. પતિને માટે આટલું સંકટ વેઠનાર સતીને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

પ્રકરણ ૧૮ મું.

સ્ત્રીઓ એ પતિની અર્ધાંગના છે.



જે દિવસે સર્વ સ્ત્રીઓ ચન્દ્રકાંતાને ત્યાં એકઠી મળી. તે સર્વને આવેલી જોઈ ચન્દ્રકાન્તાએ રોજની કથા આગળ ચલાવી.

જુઓ બ્હેનો, આપણે સ્ત્રીઓને કાંઇ ઓછું માન નથી. સ્ત્રી એ તેના પતિના અર્ધા અંગ રૂપ છે. પુરૂષનું અને સ્ત્રીનું બંનેનું અંગ મળીને એક: દમ્પતી રૂપ શરીર ગણાય છે. આપણ

શરીરનો એક ભાગ ખોડ ખાંપણવાળો હોય તો જેમ આપણે શરમાવાનું છે, આપણા શરીરમાં એક ભાગમાં દરદ થતાં આપણને આખા શરીરે વેદના જણાય છે. તેમ પતિએ આપણા અંગરૂપ છે. પતિને દુઃખ દેવું એ આપણે પોતાનું જ બગાડીએ છીએ. પતિના સુખમાંજ આપણું સુખ છે.

પતિને કોઈવાર આપણા વિચારો અનુકુળ ન જણાય તો આપણે તેમની સાથે મતભેદ પાડી વિખવાદ વધારવો નહિ પણ તેમની આજ્ઞાને અનુસરવું. પતિની આજ્ઞા પાળવી એ આપણો ધર્મ છે. પતિ ખોટે રસ્તે ચાલનાર હોયતો તેને આપણે પ્રીતિથી સન્માર્ગે સ્થાપવો જોઇએ. આપણે કદાપિ પણ પતિને દુઃખ થાય તેવું કૃત્ય કરવું નહિ. પતિ અને પત્ની એ આ સંસાર રથનાં બે ચક્ર (પૈડાં) રૂપ છે. રથ જેમ એક પરડું ભાગલું હોય છે તો ચાલી શકતો નથી, તેમ પતિ પત્ની એ બંને જો વિરૂદ્ધ વિચારનાં હોય છે તો તેમનો સંસાર દુઃખરૂપ નીવડે છે. પણ જો તે સરખે સરખા વિચારનાં, એક બીજાને અનુકુળ રહેનારાં અને એક બીજાને રાજી રાખનારાં હોય છે તો આ સંસારને તરી જતાં વાર લાગતી નથી.

આપણે આટલા દિવસથી સ્ત્રીજીવન મહાત્મ્યનું કથન કરીએ છીએ તેમાં જે સ્ત્રીઓ પોતાના પતિના વિચારને અનુસરી પતિ સેવામાં આનંદ માનનારી હતી તેજ સુખી થએલી જોઇએ છીએ. સુખ સર્વને ગમે છે. આનંદમાં રહેવું કોને ન ગમે ? જો આપણે સુખ અને આનંદમાં રહેવું હોયતો જરૂર આપણે આપણા પતિની મરજીને અનુસરતાં શીખવું જોઇએ. સતી સ્ત્રી કદાપી પણ પતિથી સ્વતંત્ર થવા ઇચ્છતી નથી. પતિ વગર તેને ચેન પડતું નથી. પતિ સાથે કદી પણ ઉંચે સાદે બોલતી નથી. પતિની આગળ કોઇ પણ વખતે કોઇ પણ વસ્તુની હઠ કરતી નથી. જેમ પતિની મરજી તેમ સતીની મરજી હોય છે. પૂર્વે પણ સતિ સ્ત્રીઓએ પતિની મરજી સંપાદન કરીનેજ સુખ મેળવ્યું છે.

સુંદરબા.

સતી સુંદરબાએ વલ્લભીપુરની પાસે આવેલા શીલા ગામના રાજા કેસરીસિંહની પુત્રી હતી. તે નાનપણથી બુદ્ધિશાળી, સૌંદર્યવાળી, ચતુર અને મજબુત બાંધાની હતી, નાનપણમાં પણ તેને ઘોડા ઉપર બેસી ફરવાનો શોખ હતો તે હમેશાં આનંદમાં રહેતી. તેનું લગ્ન વલ્લભીપુરના કુંવર વીરસિંહ સાથે થયું હતું.

એક વખતે સુંદરબા બાગમાં ફરવા ગઈ હતી તે વખતે વીરસિંહ શિકારે નીકળેલો ત્યાં આવી વિસામો ખાવા બેઠો હતો. તેને જોઇ વૃક્ષ પાછળ છુપાઇ સુંદરબાએ તેની સખીઓને કહ્યું કેઃ—હે સખી ! આ તો વીરસિંહ જણાય છે. તે મને પરમ પ્રેમમાં રીઝવશે, અને જો આડો ચાલશે તો હું મારી બુદ્ધિબળ અને ચાતુર્યવડે તેને મારો પતિ બનાવી દઈશ." આ વાક્યો વિરસિંહના સાંભળવામાં આવ્યા તે પછી તેણે તેની સાથે લગ્ન કર્યું હતું.

સુંદરબાની પરીક્ષા કરવા સારૂ તેણે લગ્ન કર્યાં પછી એક મહેલમાં રાખી અને તેને બિલકુલ બોલાવતો નહિ. તેથી સુંદરબાને ઘણો ખેદ થયો. એક વખતે વીરસિંહ કુળદેવીનું પુજન કરવા જવાનો હતો. તે વાત તેના જાણવામાં આવતાં તે પણ મ્યાનામાં બેસી દેવીનાં દર્શન કરવા ગઈ. ત્યાં વીરસિંહ ઉભો હતો તે વખતે તેણે દેવીને પોતાના ગળાનો હાર ચઢાવી પ્રાર્થના કરી કેઃ હે દેવી, મારા પતિને સુખી અને આનંદી રાખો." આ સાંભળતાં વીરસિંહની દૃષ્ટિ તેના ઉપર પડી અને તેણે કહ્યું કેઃ "કેમ ! પતિને તમારૂં પરાક્રમ બતાવ્યું કે ?" આ સાંભળી તેને બાગમાં ઉચ્ચારેલા શબ્દો યાદ આવ્યા. તેણે પોતાના પતિને કહ્યું કેઃ "વ્હાલા, સ્ત્રીઓ તો મૂર્ખ છે, અમારા બોલ્યા સામે આપે જોવું નહિ."

આથી વિરસિંહે કહ્યું કેઃ "એમ તે બને, જ્યાં સુધી તમારૂં બોલવું તમે પાળી નહિ બતાવો ત્યાં સુધી તમારા ઉપર મારો સ્નેહ થવાનો નથી." આ સાંભળી સુંદરબા હસીને ત્યાંથી ચાલી ગઇ.

સતી સુંદરબાએ હવે પોતાનાં વચનો પાળી બતાવવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાના બાપને પત્ર લખ્યો કેઃ એક રાજવંશી કવચ,

અશ્વ, શસ્ત્ર અને એક રાજકુમારને વર્ષ સુધી ચાલે તેટલું ધન, તેમજ મારી જગ્યા સાચવે તેવી એક સુંદર વિશ્વાસુ દાસીને ગુપ્તપણે મોકલી આપો." તેના બાપે પત્ર વાંચી પુત્રીને માગેલી વસ્તુઓ શી રીતે મોકલવી તેનો વિચાર કરવા માંડયો. છેવટે તેણે પોતાના ગામથી પુત્રીના મહેલ સુધી ભોંયરૂં ખોદાવી તેમાં થઇને પુત્રીએ માગેલી સર્વ વસ્તુઓ તેને મોકલી દીધી. સુંદરબાએ દાસીને પોતાનાં લુગડાં પહેરાવી સર્વ વાતે સમજાવી દીધી, અને કોઇ પણ એ વાત જાણે તેને માટે સાવધ કરી દીધી. પછી તેણે પુરૂષનો વેષ લીધો અને ઘોડા ઉપર સ્વાર થઇ બહાર નીકળી.

સુંદરબા પુરુષનો વેષ લઇ રત્નસિંહ એવું નામ રાખી વલ્લભીપુરના રાજ્યદરબારમાં ગઇ. તેનું શરીર ગૌર, મજબુત બાંધાનું અને તેજસ્વી હતું. તેને જોઇ કોઇ રાજકુંવર હશે એમ ધારી રાજાએ માન આપી સમાચાર પૂછ્યા. સુંદરબાએ કહ્યું; મારૂં નામ રત્નસિંહ છે. હું મારા પિતાથી રીસાઇ નોકરી શોધવા આવ્યો છું. મારા ગામનું નામ હું મારા પિતાની આજ્ઞા વગર જણાવી શકીશ નહિ. હું આપના દરબારમાં રહીશ. કોઇ જરૂરી કામ હોયને કોઇથી ન બને તે મને સોંપવું. રાજાએ તેનું રૂપ, વાણી અને હિંમત જોઇ તેને પોતાના રાજ્યમાં રાખ્યો. કુંવર વીરસિંહ તો તેની સાથે મિત્રતા રાખવા લાગ્યો. બંનેના આચાર, વિચાર અને સ્નેહથી વીરસિંહને તેના વગર એક ઘડીવાર પણ ચાલતું નહિ. આ પ્રમાણે સુંદરબા વેશ બદલી ત્યાં રહેવા લાગી.

એક વખતે ત્યાં એક ગરુડનો ત્રાસ થયો. તે રોજ એક માણસ ગામમાંથી ઉપાડી જતો. આ ગરુડને મારે તેને મોટું ઇનામ આપવાનું રાજાએ જાહેર કર્યું. કોઈપણ સરદાર ગુરુડને મારવાની હીંમત કરી શક્યો નહિ. છેવટે રત્નસિહે તેને મારવાની પ્રતિજ્ઞા લીધી. પોતે એક મજબૂત લોખંડનું માણસના આકારનું પોલું પુતળું બનાવ્યું અને તેને આજુબાજુ તીક્ષ્ણ સોયા ઘાલીને ભાગોળે ગોઠવ્યું. અંદર પેસવાનું એક બાજુ બારણું રાખ્યું હતું. રાત પડતાં તે પુતળું ભાગોળે ગોઠવ્યું અને બીકના માર્યા સર્વ માણસો ઘરાં વાસીને સુઇ ગયા. રત્નસિંહ સન્ધ્યાકાળે ભાગોળે ગયો અને પુતળાની અંદર તરવાર લઇ છુપાઇ રહ્યો. વખત થયો એટલે ગરુડ આવ્યો. તેણે

બીજા કોઇ માણુસને ન જોયું તેથી પેલા પુતળાને માણુસ ધારી ઝડપ મારી. આથી તે પૂતળામાં રાખેલા ઝીણા સોયા ગરુડની પાંખોમાં વાગતાં તે ઘાયલ થયો. તે જોઇ રત્નસિંહે બહાર નીકળી તરવારથી તેનો અંત આણ્યો.

બીજે દિવસે ગરુડ મરાયાની વાત જાણી રાજા અને પ્રજા સર્વ રત્નસિંહનો ઉપકાર માનવા લાગ્યા, અને તેની બહાદુરીનાં વખાણુ કરવા લાગ્યા. રાજાએ તેને મોટી જાગીરો અને શિરપાવ આપ્યા. એક વખતે વલ્લભીપુરના ભાયાતોએ બળવો ઉઠાવી રાજ્ય કબજે કર્યું અને કુંવર વીરસિંહને પકડી એક પર્વત ઉપર ગુપ્તપણે કેદ રાખ્યો. રાજાને ઘેર આવતાં આ વાતની ખબર પડી તેથી તે શહેરમાં ન આવી શક્યો. રત્નસિંહ તેને રસ્તામાં જ મળ્યો તેથી તેમણે સલાહ લેવા માંડી.

રત્નસિંહે કહ્યું: રાજાજી, તમે ગભરાશો નહિ. વીરસિંહ જ્યાં હશે ત્યાંથી હું છોડાવી લાવીશ. તમે શીલા ગામમાં રહો હું વીરસિંહની શોધ કરી લાવીશ. પછી રાજા શીલા ગામે રહ્યો અને તેણે પોતાના બાપનું લશ્કર તૈયાર કરી તેમાંના કેટલાક વીર સૈનિકોને લઈ વીરસિંહના શોધ કરવા લાગ્યો. તેને શોધતાં શોધતાં પહાડની એક ગુફામાં વીરસિંહનો પત્તો લાગ્યો. ત્યાં જઈ ત્યાં રાખેલા સૈનિકોને મારી વીરસિંહને છોડાવીને તે શીલા ગામે આવ્યો. હવે શત્રુ પાસેથી રાજ્ય શી રીતે લેવું તેનો તે વિચાર કરવા લાગ્યો. વીરસિંહે તેનો ઘણો ઉપકાર માન્યો અને વધુ સ્નેહ રાખવા લાગ્યો.

રત્નસિંહે કહ્યું–શત્રુના હાથમાં કિલ્લો છે. માટે સામેથી યુદ્ધ કરવામાં ફાવીશું નહિ, પણ એક ગુપ્ત માર્ગે શહેરમાં જઇ પાછળથી હલ્લો કરવામાં આવે તો ફાવીશું. હવે તો હું તમને રાજ્ય પાછું અપાવ્યા પછી મારા દેશમાં જઇશ. વીરસિંહને તેણે કહ્યું કે: મિત્ર, તમે મારા ઉપર સ્નેહ રાખતા હો તો તમારી કટાર આપો! વીરસિંહે તેના ઉપર રાજી થઇ કટાર ભેટ આપી. આ પછી તે વીરસિંહ, રાજા તથા સૈન્યને લઇ કોઇ ગુપ્ત માર્ગે શહેરમાં પ્રવેશ કરાવવા માટે તૈયાર થયો. તેણે પોતાના બાપે જે ભોંયરૂં બનાવ્યું હતું તે ઉઘાડયું અને તે રસ્તે થઇ સરદારોના (તેના) મહેલમાં થઈ સર્વ સૈન્યને શહેરમાં દાખલ કરી શત્રુ ઉપરથી પાછળથી હુમલો

કર્યો. આ જોઈ શત્રુએ જીતવાની આશા છોડી દઇ હથિયાર છોડી દીધાં અને રાજાને રાજ્ય સોંપી દઈ માફી માગી.

આ ગરબડાટમાં રત્નસિંહના વેષધારી સરદારબા પોતાનો વેષ બદલી મહેલમાં દાખલ થઇ ગઇ. વીરસિંહ તથા રાજા તેને શોધવા લાગ્યા પણ પત્તો ન મળ્યો. સર્વ કોઇ તે દેવરૂપે આવેલો દેવદૂત હશે એમ માનવા લાગ્યા. વીરસિંહે વિચાર કર્યો કે: એ મારી પત્નિ સરદારબાના મહેલમાં આવેલા ભોંયરાના રસ્તાને શી રીતે જાણે ? નક્કી કંઇ દગો હશે, હું રાણીને બોલાવતો નહોતો તેથી તેણે કદાચ રત્નસિંહ સાથે ગુપ્ત સંબંધ રાખ્યો હશે. તેને આવા વિચાર આવતાં તે રત્નસિંહ ઉપર ગુસ્સે થયો અને તરવાર લઈ સરદારબાના મહેલમાં ગયો.

રાણીને કહ્યું: રાંડ, બતાવ રત્નસિંહ ક્યાં છે ? હવેજ તારી બહાદુરી પકડાઇ છે. રાણીએ કહ્યું, છે શું ? તે તો કહો. તમારા ઉપર આટલો બધો ઉપકાર કરનાર ઉપર તમે ગુસ્સો કેમ કરો છો ? આ સાંભળી તે વધુ ગુસ્સે થયો અને કહ્યું કે: બતાવ નહિતો હમણાં તારૂં અને તેનું બન્નેનું મોત છે ! " રાણી આ સાંભળી હસવા લાગી અને કહ્યું: ઉભા રહો. બતાવું એમ કહી ઓરડામાં જઇ રત્નસિંહનો વેષ ધારી બહાર આવી. બોલી કે: " અરે, મિત્ર, લ્યો આ તમારી કટાર હોય કે ? તે જોઇ વીરસિંહને આશ્ચર્ય થયું અને રોષ મુકી પોતાના ઉપકાર કરનાર રત્નસિંહરૂપે પોતાની રાણી જ હતી તેની ખાત્રી થતાં તેને આલિંગન આપ્યું.

આ પછી વીરસિંહ પોતાની પત્ની સરદારબા ઉપર અત્યંત પ્રીતિ રાખવા લાગ્યો. અને સરદારબાએ તેને જીતી લીધો એમ માનવા લાગ્યો. સરદારબા પણ તેના ઉપર અત્યંત પ્રીતિ રાખી પતિભક્તિ કરવા લાગી. બંને દમ્પતી તે પછી એક બીજાને અનુકુળ રહી સુખ ભોગવવા લાગ્યાં. આ પ્રમાણે આ સતી સ્ત્રીએ પોતાના પતિને વશ કરી તેની પ્રીતિ મેળવી લીધી.

લાલબા.

લાલબા એ મેવાડના વિજયસિંહની પુત્રી હતી. તે રૂપાળી, હિંમતવાન, બુદ્ધિશાળી, નીતિવાન અને શૂરવીર હતી. તેને વિકાનેરના મહારાજા સાથે પરણાવી હતી. તે પતિવ્રતા હતી. પોતાના પતિ ઉપર અત્યંત સ્નેહ રાખી પતસેવા કરતી તે વખતે દિલ્લીમાં અકબર બાદશાહ રાજ્ય કરતો હતો.

તે વખતે બાદશાહ તરફથી દિલ્લીમાં દરમાસે નવરોઝનો મેળા ભરાતો હતો તેમાં પોતાના તાબાના રજવાડાઓની રાણીઓને દિલ્લીમાં આવવાનો હુકમ હતો. અને જે રાજા પોતાની રાણીને ત્યાં ન મોકલતો તેના ઉપર બાદશાહ ગુસ્સે થતો. આ મેળામાં સ્ત્રીઓ જ અનેક વસ્તુઓ વેચવા બેસતી. કોઇ પણ પુરુષને તેમાં જવાની સખ્ત મનાઇ હતી. આ મેળામાં લાલબા પણ પરણ્યા પછી એક વખતે ગઇ. ત્યાં સર્વ સ્ત્રીઓ સાથે તે મેળામાં ફરતી હતી ત્યાં સંધ્યાકાળ થતાં એક ગલીમાં થઇ તે પોતાને ઉતારે જતી હતી. તેવામા બાદશાહનો ભેટો થઇ ગયો. અકબરે તેનું રૂપ જોઇ મોહવશ થઇ પોતાની દુષ્ટ ઇચ્છા પુરી પાડવાને આગ્રહ કર્યો. લાલબા પતિવ્રતા હતી તેથી પરપુરુષ સાથે બોલવું તે પણ તેને પાપમય લાગતું. છતાં તેણે હિંમતથી બાદશાહને કહ્યું કે: "અરે! બાદશાહ, આપે શું આવી અધમ ઇચ્છાને તૃપ્ત કરવા માટે આ મેળો ભરવાનો હુકમ રાખ્યો છે? હું પતિવ્રતા છું. તમારી ઇચ્છા મારાથી પૂરી થઇ શકશે નહિ. પરસ્ત્રી આગળ તમે આવા મોટા થઇને આવું બોલતાં શરમ આવતી નથી?" આ સાંભળવા છતાં બાદશાહે કહ્યું: "રાણી, તું જો માનશે તો સુખી થશે, પણ નહિ માનું તો મારે બળાત્કાર કરવો પડશે,' આમ કહી જેવો તેની પાસે જવા જાય છે ત્યાં લાલબાએ પોતાની ગુપ્ત કટાર કાઢી કહ્યું કે: "ખબરદાર, જો આગળ પગ મૂક્યો અને મને સ્પર્શ કર્યો તો આ કટારથી આંતરડાં ખેંચી કાઢીશ. હું રજપુતાણી છું. તમે બીજીને ગમે તેમ ફસાવી હશે પણ હું તમને અહિંથી જીવતા છોડનાર નથી." આમ કરી કટાર લઇ મારવા ધસી.

બાદશાહે જાણ્યું કે નક્કી મોત આવ્યું. તેથી તેણે કહ્યું: "દેવી હું તો તારી પરીક્ષા કરતો હતો, મને માફ કર." આમ કહેતો પગે

પડયો અને શરમાઇ નીચું ઘાલી દીધું. પછી લાલબાએ કહ્યું: "બાદશાહ, જો તું આવો મેળો ફરી કોઇ વખતે ભરવો નહિ એવું વચન આપું, અને કદી કોઇ પણ સ્ત્રીની આબરૂમાં હાથ ઘાલવો નહિ એવી પ્રતિજ્ઞા લે તો જવા દઉં.' રાજાએ તેમ કરવાનું તેને વચન આપ્યું પછી સિંહણના હાથમાંથી જીવ લઇને નાઠો, અને લાલબા પોતાના દેશમાં ગઇ.

આ પ્રમાણે સતી સ્ત્રીઓ પોતાના પતિવગર બીજા કોઇ પણ માણસથી ફસાતી નથી. લાલબા પછી પોતાના પતિની આજ્ઞામાં રહી પતિસેવા કરી પતિને રાજી રાખતી.

રૂપસુંદરી.

રૂપસુંદરી એ ગુજરાતના રાજા જયશિખરની રાણી હતી. તેનો જન્મ મુલતાનના રાજાને ત્યાં થયો હતો. તે નીતિવાન, ઉદાર, દયાળુ અને ધૈર્યવાળી હતી. હંમેશાં પતિસેવા કરી પતિને રીઝવતી. પતિને તેણે પોતાના પ્રેમથી જીતી લીધો હતો. એક વખતે કલ્યાણીના રાજા ભુવડે ગુજરાત જીતવા માટે જયશિખરી ઉપર હુમલો કર્યો. તે વખતે જયશિખરીએ પોતાની સ્ત્રી રૂપસુંદરી ગર્ભવતી હોવાથી તેને રક્ષણ માટે તેના ભાઈ શૂરપાળ સાથે વનમાં મોકલી દીધી હતી. તેને એક ભીલડીના ઝુંપડામાં એકાંત જગ્યામાં સોંપી શૂરપાળ લડવા માટે પાછો ગયો. લડાઇમાં જયશિખરી મરાયો અને રાજ્યપાટ ભૂવડે જીતી લીધું.

આથી રૂપસુંદરી વનમાં ભીલડીને ત્યાં રહેવા લાગી. પૂરા માસ થતાં તેને પુત્રનો જન્મ થયો. તે વનમાં જન્મ્યો માટે તેનું નામ વનરાજ પાડયું. વનરાજને તે ઝાડની ડાળીએ ખોઈ બાંધી સુવાડતી. જે કુમારનો પિતા ગુજરાતના રાજપાટનો ધણી હતો તે અત્યારે વનમાં ભીલનાં છોકરાં સાથે ઉછરી મોટો થવા લાગ્યો. જે સતીને રાજ્યપાટમાં એક કરતાં હજાર દાસદાસિયો સેવા કરનાર હતાં તેને આજે વનમાં ભીલડીના આવાસમાં રહી સંકટ વેઠવું પડયું. પણ રૂપસુંદરી પતિ વિયોગે માત્ર પુત્રને મોટો થવાની આશા ઉપર જીવતી હતી.

એવામાં એક જૈન સાધુ શીલગુણસુરી ત્યાં આવી ચઢયા. તેને પવિત્ર હૃદયના સાધુ પુરુષ જાણી રૂપસુંદરીએ પોતાની વાત કહી બતાવી તેથી તે ઘણા દુઃખી થયા અને રૂપસુંદરીને પોતાની બેન ગણી પોતાના આશ્રમમાં તેડી ગયા. ત્યાં તે પુત્રને ઉછેરી, રાજ્યપાટને યોગ્ય કેળવણી આપવા લાગી. કેટલેક વખતે શૂરપાળ ત્યાં આવી ચઢયો તે પોતાની બેન અને ભાણેજને જોઈ ખુશી થયો. કુંવર વનરાજ નાનપણથી જ શૂરવીર અને તેજસ્વી હતો. તેણે પોતાના પિતાનું વૈર લેવાની ઇચ્છા કરી અને મામા શૂરપાળ સાથે તેણે ભૂવડને જીતી રાજ્ય પાછું લીધું, અને અણુહિલવાડ પાટણમાં પોતાની ગાદી સ્થાપન કરી.

રૂપસુંદરીએ ભીલડી તથા યતિનો ઉપકાર માની પુષ્કળ ઇનામ આપ્યું. પછી તે પુત્રની સાથે રહી રાજકાર્યમાં ધ્યાન આપવા લાગી. અને પતિવિયોગે ઇશ્વરસ્મરણ કરતી કાળ વિતાવવા લાગી.

નાગદેવી.

નાગદેવી એ જુનાગઢ પાસેના એક ગામમાં રહેતા ચારણની પુત્રી હતી. તે નાનપણથી રૂપાળી, બુદ્ધિશાળી અને હિંમતવાળા હતી. તેને સુરભાસુર નામના ચારણ સાથે પરણાવી હતી. તે પતિવ્રતા હતી. પતિના ઉપર અત્યંત સ્નેહ રાખી પતિની આજ્ઞા અનુસાર ચાલતી. તે દેવીની ઉપાસક હતી. ઘણી કવિતાઓ તેણે રચેલી છે. તેના પુત્રની વહુ મીનબાઈ પણ ઘણી રૂપાળી અને ફુટડી હતી. તે વાત જાણી જુનાગઢનો રાજા રામાંડળિક ઘણો મોહ પામ્યો. તેને જોવાને તેના ગામે ગયાં. ચારણોની રીત પ્રમાણે તેમની સ્ત્રીઓએ તેને કંકુ અક્ષતથી સત્કાર કરી ઓવારણાં લીધાં. તે ફરતો ફરતો નાગબાઇને ત્યાં આવ્યો, તેનો સત્કાર કરવા મીનબાઇ આવી. તેનું રૂપ જોતાંજ રાજા પોતાનું ભાન ભૂલી ગયો અને તેના ઉપર હાથ નાંખવા ગયો.

રાજાની બૂરી દાનત મીનબાઇ સમજી ગઈ, તેથી તે બૂમ પાડી એકદમ ઘરમાં પેસી ગઇ. તે જોઈ નાગબાઇને ગુસ્સો ચઢગો અને તેણે કહ્યું: "હે રાજા, અમે તારી પ્રજા છીએ. તું પ્રજાપાલક

પ્રજાનો બાપ થઇ તારી દીકરી જેવી મેના ઉપર કુબુદ્ધિ કરે છે તેથી તને ધિક્કાર છે. હવે તારૂં બગડવાકાળ થયું છે. હવે તારી ભાગ્ય-દેવી તારાથી છૂટી તારા શત્રુ મુસલમાનના હાથમાં જશે. આમ કહી નાગબાઈ પણ ઘરમાં ગઈ.

રામાંડળીક આથી ઘણોજ શરમાઈ ગયો. સર્વે ફટફટ કરવા લાગ્યાં. છેવટે મહંમદ બેગડાએ તેનું રાજ્ય જીતી લીધું. અને તેને મુસલમાન બનાવ્યો. તેને સતીનો શાપ લાગ્યો. આવી રીતે સતીના ઉપર કુદ્દષ્ટિ કરવાથી વિનાશ થયો. સતી નાગબાઇ સતી હતી. તેની પુત્રવધુ મેના પણ પતિવ્રતા હતી. હાલ પણ તેના ગામ દાંતરણામાં નાગબાઇની દેવડી ને પાળીઓ છે. મોણિયા ગામમાં દેવી તરીકે લોકો તેને પૂંજે છે. તેની કવિતાઓ હજુ કાઠીયાવાડમાં ગવાય છે. આ પ્રમાણે જે ખરી સતી હોય છે તે દેવી જ સમજવી. તેનો બોલ મિથ્યા જતો નથી.

પ્રભા.

રાણી પ્રભા એ ગનોરના રાજાની સ્ત્રી હતી. તે રૂપાળી અને હિંમત બહાદુર હતી. તે યુવાન અને સૌંદર્યવાળી હોવાથી યવનરાજા તેના ઉપર મોહ પામ્યો હતો. તેણે ગનોરના રાજા ઉપર ચઢાઇ કરી, તેમાં પતિ સાથે સતી પ્રભા પણ યુદ્ધમાં આવી હતી. લડાઇમાં ઘણું સૈન્ય મરાયું, અને મુસલમાનોએ તેનું રાજ્ય જીતી લીધું.

સતી પોતાના કિલ્લામાં ગઇ, પણ ત્યાં મુસલમાન સૈન્ય આવી પહોંચ્યું. રાણીનું રૂપ જોઇ મુસલમાન રાજાએ તેને કહેવરાવ્યું કે: 'જો તમે મારી સાથે લગ્ન કરો તો હું તમારૂં રાજ્ય પાછું આપીશ. જો ખુશીથી હા પાડશો તો ઠીક નહિ તો જબરાઇ વાપરવી પડશે.' સતી પ્રભા પતિવ્રતા હતી. શુદ્ધ શીયળવ્રતનું પાલન કરનાર હતી. તેથી હવે આ યવનના હાથમાંથી બચવાનો ઉપાય શોધવા લાગી. થોડીવારે તેને વિચાર સુઝી આવ્યો તેથી ખબર મોકલી કે: મને બે કલાકની મુદત આપો. અને તે દરમીયાન હું તમને લગનનો જે પોષાક મોકલું તે પહેરીને આવો તો પછી આપની મુરાદ પુરી

થશે. બાદશાહ તો ખુશખુશ થઇ ગયો, અને જાણ્યું કે પ્રભા પોતાની બાબી થઇજ ગઈ.

સતીએ ઉત્તમ પોષાક ધારણ કર્યો અને પછી બાદશાહ માટે ઉત્તમ જરીનો પોષાક મોકલી કહેવરાવ્યું કે: આ પોષાક પહેરીને પધારો. હું અંતઃપુરમાં તમારી રાહ જોઇને બેઠી છું. બાદશાહ તો ખુશી થતો થતો પોષાક પહેરીને ઝપાટાબંધ આવી પહોંચ્યો. તેને પોતાના ખંડમાં બેસાડી સત્કાર કર્યો. રાણીને પ્રત્યક્ષ જોઈ તેના આનંદનો પાર રહ્યો નહિ. સતીએ હુકમ કર્યો કે રાજ્યની અંદરનું તમામ યવન સૈન્ય કિલ્લા બહારના મેદાનમાં જાય અને ત્યાં અમે બંને આવીએ છીએ. થોડીવારે રાજાને દરદ થયું અને આંખે અંધારાં આવતાં ચકરી અને અમૂઝણ થવા લાગી. તેણે કહ્યું કે: “વ્હાલી, મને આમ કેમ થાય છે? મારો જીવ ગભરાય છે. આમ કહેતાં તે સતીને બાથમાં ઘાલવા દોડ્યો. સતીએ તેને ધક્કો મારી દૂર ખસેડ્યો અને કહ્યું કે: “ દુષ્ટ, આજે જ તારો નાશ થવાનો છે. સતીને છંછેડવાનું ફળ ભોગવી મહા ધામમાં સિધાવ.

હું પતિવ્રતા નારી છું. પતિવગર અન્ય પુરુષને ઇચ્છનારી નથી. મેં મારા ધર્મની રક્ષા કરવાને માટે તને ઝેરી પોશાક મોકલ્યો હતો અને તેથી આજે તારો વિનાશ થશે, થોડીવારે યવનરાજ ચકરી ખાઇ નીચે પડયો અને મૃત્યુ પામ્યો. આ પ્રમાણે આ સતી રાજ્યનો કે કશાનો લોભ ન રાખતાં પોતાના શિયળને સાચવી નામ અમર કરી ગઈ છે.

વીદુલા.

વિદુલા એ મારવાડમાં આવેલા એક રાજા સૈવીરની પત્નિ હતી. તે પતિવ્રતા હતી. પતિને પ્રાણથી પણ અધિક ગણતી. શૂરવીર હતી. વિદુલાને એક પુત્ર થયો તેનું નામ સંજય હતું. તે નાની ઉમ્મરનો હતો તે વખતે તેનો બાપ મરી જવાથી વિદુલા વિધવા થઇ હતી. પુત્ર નાની ઉમ્મરનો હોવાથી રાજ્યકારભાર વિદુલા ચલાવતી હતી. સંજયનો જીવ રાજ્ય હાથમાં આવ્યા પછી ભોગવિલાસી થઈ ગયો હતો. તે રાજ્યકારભારમાં લક્ષ ન આપતો. આખો દિવસ વિલાસ ભોગવવામાં ગાળતો.

રાજ્યની અવ્યવસ્થા થઈ જવાથી સિંધુ દેશનો રાજા ચઢી આવ્યો. જેથી વિદુલાએ પુત્રને તેની સાથે બહાદુરીથી યુદ્ધ કરવા માટે પાણી ચઢાવ્યું. તેણે કહ્યું: " જો તું યુદ્ધ કરી શત્રુને હરાવીશ નહિ તો આ રાજ્ય પણ જશે અને નામને કલંક લાગશે. માટે ક્ષત્રિય થઇ રણમાં ઝઝુમી નામ રાખવું એજ તારે માટે હવે ઉપાય છે. આવી રીતે માનો ઉપદેશ સાંભળી સંજય લડાઇ કરવા તો ગયો પણ શત્રુનો મારો વધતાં તે કાયર થઈ નાસી આવ્યો. તેથી તેનું સૈન્ય નાસાનાસ કરવા લાગ્યું. આ જોઇ તેની મા વિદુલાએ તેની પાસે આવી કહ્યું કે: " હે પુત્ર ! આમ રણમાંથી નાસી આવી તેં આપણું કુળ ડુબાડયું છે. આજે તુ રાજા છે પણ કાલે ભિખારી બની જઇશ. શત્રુ તારૂં રાજ્ય જીતી લેશે, આપણી સ્ત્રીઓની લાજ લેશે, આપણી મિલ્કત લુંટી લઈ રાજી થશે, તે શું તું ક્ષત્રિય થઇ જોઇ શકીશ. મરવું એકવાર છે. પણ ક્ષત્રીય થઈ આમ બીકણ કેમ બની ગયો. જા, ઝટ જા, અને શત્રુ સાથે યુદ્ધ કરવામાં પાછી પાની ન કરતાં ગમે તો મરજે કે મારીને ઘેર આવજે. ક્ષત્રિયને બીક શી ? જો તું હિંમત રાખીને નિર્ભયપણે યુદ્ધ કરીશ તો જરૂર તારો વિજય થશે. ' આમ કહી તેણે પોતાના પુત્રને કર્તવ્યનું ભાન કરાવ્યું.

પોતાની માનાં આવાં વચન સાંભળી તેને પાણી ચઢયું અને તરત તૈયાર થઈ રણમાં ગયો. તેને આવેલો જોઈ તેનું સૈન્ય પણ હિંમત અને શૌર્યથી લડવા લાગ્યું. આ વખતે સંજય મરણીયો થઇને આવ્યો હતો. તેથી પુર જોશથી સામા શત્રુનાં માણસો કાપવા લાગ્યો. આ જોઈ શત્રુ બ્હી ગયો અને પોતાના સૈન્યને લઈ નાસી ગયો. અને સંજયની જીત થઇ.

આ પ્રમાણે આ વીર માતાએ પોતાના પુત્રને ક્ષત્રીયને છાજે તેવાં વચનો સંભળાવી યુદ્ધ કરવા ઉશ્કેર્યો અને રાજ્યને બચાવ્યું. આ પછી માતાના ઉપદેશથી પુત્ર સંજયે આળસનો અને ભોગવિલાસનો ત્યાગ કરી, હિંમતથી પોતાનું રાજ્ય ચલાવ્યું. માતા આ પ્રમાણે પોતાના પુત્રને હિંમતવાન અને કાર્યકુશળ બનાવી શકે છે. વિદુલાએ રાજ્ય ઉપર દેખરેખ રાખવામાં, પુત્રને ઉપદેશ આપી સુધારવામાં અને ઇશ્વર ભજન કરી આયુષ્યને ગાળ્યું હતું.

ચન્દ્રકાન્તા.

ઈ. સ. ૧૭૮૦ માં કાશીમાં ચૈયનસિંહ રાજ્ય કરતા હતો. ત્યાંના દેવશર્મા નામના પંડિતની પુત્રીનું નામ ચન્દ્રકાન્તા હતું. ચન્દ્રકાન્તાને નાનપણમાં શાસ્ત્રનું અધ્યયન કરાવી હોંશીયાર કરી હતી. તેને વૈદકનો પણ અભ્યાસ કરાવ્યો હતો. નાનપણથીજ તે સૌંદર્યવાળી, પ્રેમાળ અને હસમુખી હતી તેને કૃષ્ણશાસ્ત્રીના પુત્ર બાળશાસ્ત્રી સાથે પરણાવી હતી. બાળશાસ્ત્રી વિદ્વાન હતો ચન્દ્રકાન્તા જેવી સુશીલ, રૂપવાન અને વિદ્વાન પત્ની મળવાથી તેને આનંદ થયો. ચન્દ્રકાન્તા પોતાના પતિની પ્રીતિ મેળવી તેમને સુખી અને આનંદી રાખવા માટે યત્ન કરતી.

ચન્દ્રકાન્તાએ નાનપણમાં વૈદકનો અભ્યાસ કર્યો હતો. એટલે અહં આવીને તેણે સ્ત્રીઓનું વૈદું કરવા માંડયું. તેનો પતિ તેના ઉપર ઘણોજ પ્રેમ રાખી તેની મરજી સાચવતો. બંનેમાં પરસ્પર દૈવી પ્રેમ હતો. એક બીજાને ક્ષણવાર પણ વિયોગ થાય તો અત્યંત કષ્ટ થતું. તે વખતે કલકત્તામાં વાર્ન હેસ્ટીંગ્સ ગવર્નર જનરલ હતો. તેણે કાશીના રાજા ચૈયતસિંહ પાસે ખંડણીના રૂપીઆ બાવીસ લાખ એકદમ મગાવ્યા. તે ન ભરી શકવાથી તે કાશીમાં આવ્યો. રાજાના ઉપર પ્રજાની ઘણીજ પ્રીતિ હતી. તેણે રાજા ચૈયતસિંહને તે અંગ્રેજ સરકારના દુસ્મનો સાથે પત્ર વ્યવહાર કરે છે એવું આળ મુકી ગાદી ઉપરથી ઉઠાડી મુકી કેદ કર્યો અને તેના ભાણેજને ગાદી આપી. આથી કાશીની રૈયતે બળવો કર્યો. આ બળવામાં ગુન્હેગાર તરીકે બાળાશાસ્ત્રી પણ કેદ પકડાયો.

આ વખતે ગંગા ગોવિંદસિંહ કરીને કંપનીનો અમલદાર હતો તે રયત ઉપર ઘણો જુલમ કરતો. તેણે બાળાશાસ્ત્રીની જાગીર લઇ લીધી અને મિલ્કત લુંટાવી દીધી. જેથી બાળાશાસ્ત્રીનાં માબાપ દુઃખી હાલતમાં આવી પડયાં. બાળાશાસ્ત્રીને કેદ કરવાથી સતી ચન્દ્રકાન્તાના દુઃખનો પાર રહ્યો નહિ. તે દિવસથી તે પોતાના કિંમતી વસ્ત્રાલંકારો ઉતારી નાંખી સાદુ જીવન ગાળવા લાગી. તેને પતિનો વિયોગ થતાં ચિંતામાં ને ચિંતામાં શરીર ગાળવા માંડયું. એક દિવસે તેને પતિને છોડાવી લાવવા કલકત્તે જવાનો વિચાર

થયો. તેણે પોતાનાં સાસુ સસરાને કહ્યું કેઃ " હું કલકત્તે જઈ મારા સ્વામીને છોડાવી લાવીશ, માટે મને રજા આપો. હું પતિવ્રતા છું. એટલે મારા સંબંધી ચિંતા ન કરશો, હું મારા શિયળને પ્રાણ કરતાં પણ અધિક સમજું છું. દરેક સ્ત્રી પોતાના શિયળનું રક્ષણ કરી શકે છે. તેની મરજી વગર કોઈ પણ માણસ તેના શિયળનો ભંગ કરવાને શક્તિમાન નથી. મારી ઇશ્વર રક્ષા કરશે માટે મને કલકત્તે જવા દો."

તેની હિંમત જોઇ તેનાં સાસુસસરા આશ્ચર્ય પામ્યાં. છતાં તેમણે તેને એકલી જવા ન દેવા માટે કહ્યું. છતાં તેનો આગ્રહ વધુ જોતાં તેમણે રજા આપી. અને ચન્દ્રકાન્તા કલકત્તા તરફ જવા તૈયાર થઇ રસ્તામાં જતાં વનમાં તેને હિંસક પશુઓ ડરાવવા લાગ્યાં. વરસાદ ત્રાસ આપવા લાગ્યો. છતાં પણ આ સતીનો જીવ પોતાના પતિના ચિન્તનમાં હોવાથી તેને કોઇ રીતનો ભય લાગ્યો નહિ. તે હિંમત રાખી નિર્ભય બની જતી હતી. તેવામાં એક વિકાળ સિંહ તેના ઉપર ધસી આવ્યો. તેણે જાણ્યું કે પતિ વગર જીવવું તે કરતાં મરવું સારૂં, જે થનાર હશે તે થશે એમ કહી ઇશ્વરનું સ્મરણ કરવા લાગી. એવામાં દૈવયોગે એક પારધીની તે સિંહ ઉપર નજર પડતાં તેણે પીસ્તોલ મારી તેને ઠાર કર્યો અને સતીનો જીવ બચ્યો.

આવા વનવગડામાં એકલી આ નવ યૌવના રૂપવાન સ્ત્રીને જોઇ પારધીનું મન લલચાયું. તેણે તેને કહ્યું કેઃ હે સ્ત્રી, તું શા માટે દુઃખ વેઠે છે, મારે ત્યાં ચાલ તું સુખી થશે.' આથી સતીએ કહ્યું કેઃ ' હે દયાળુ પુરુષ, હું પતિવ્રતા છું. મારા પતિની શોધમાં જઉં છું. માટે મને જવાદે અને આવી વાત ન કર છતાં તે પારધીએ તેને એકલી જોઇ તેના ઉપર બળાત્કાર કરવાનો નિશ્ચય કરી તે આગળ ધસ્યો. સતીએ જાણ્યું કે હવે મરવા વગર છુટકો નથી, આવો વિચાર કરી તેને કહ્યુંઃ " હે દુષ્ટ, તું મને અટકાવ નહિ, હું મારા પ્રાણ આપીશ પણ તારી ઇચ્છાને તાબે નહિ જ થઉં. શા માટે મને દુઃખીને વધુ દુઃખી કરે છે. સતી સ્ત્રી કદાપિ પણ પરપુરૂષનો સંગ કરતી નથી. પ્રાણ જાય તો ભલે પણ સતી સ્ત્રી શિયળનો ભંગ થવા દેતી નથી માટે મને જવા દે. છતાં તેણે માન્યું નહિ, અને સતીને પકડવા લાગ્યો. આ વખતે આકાશમાં કડાકા થતાં તેના ઉપર વીજળી પડી જેથી તે મૃત્યુ પામ્યો, અને ઈશ્વરે સતીનું રક્ષણ કર્યું.

આગળ ચાલતાં તે એક રામપુર ગામે આવી પહોંચી. ત્યાં સન્ધ્યાકાળે થાક ખાવા માટે ગામનો ભાગોળે ધર્મશાળામાં ઉતરી. તે ગામનો રાજા લંપટ હતો તેથી તેની દાસી જો કોઈ રૂપવાન સ્ત્રી દેખતી તો તેને ત્યાં લઇ જઈ ફસાવતી. તે દાસી આ ધર્મશાળામાં આવી અને ચન્દ્રકાન્તાનું રૂપ જોઈ તેને કહ્યું: બેન, તમે આહં રહેવા યોગ્ય નથી, કોઇ સારા ઘરનાં માણસ છો માટે મારે ત્યાં ચાલો આજની રાત રહી કાલે તમારે જ્યાં જવું હોય ત્યાં જજો. મારે ત્યાં કોઇ વાતનો ભય રાખશો નહિ. તેની મધુરી વાણી જોઇ તેમજ વસ્ત્રાલંકારો ઉત્તમ પહેરેલાં જોઇ કોઈ સારા ઘરની સ્ત્રી હશે માની ચન્દ્રકાન્તા તેની સાથે ગઇ. તેણે તેને એક સુંદર મહેલમાં ઉતારો આપી આગતા સ્વાગતા કરી. પછી હમણાં આવું છું કહી રાજાને સઘળી વાત જણાવી આવી.

થોડીવારે રાજા પણ મોંમાં પાણી લાવતો ત્યાં આવી ચઢયો. તેને જોઇ ચન્દ્રકાન્તાએ જાણ્યું કે જરૂર કપટ છે. રાજા તેનું રૂપ જોઇ ઘણો ખુશી થયો. તેણે તેને ધનની અને રાજ્યની લાલચ આપી પોતાની રાણી થવાનું કહ્યું. ' આ સાંભળી ચન્દ્રકાન્તાને ગુસ્સો ચઢયો અને કહેવા લાગી કે: " અરે રાજા, મારે તારા રાજ્ય અને ધનમાં પૂળો પણ મૂકવો નથી. હું સતી છું. મારા પતિમાંજ મારૂં ચિત્ત છે. મને બીજી સ્ત્રીના જેવી લોભથી ભ્રષ્ટ થનારી ન માનીશ. સતી સ્ત્રીને છંછેડી કોઇ સુખી થયું નથી. માટે મારી ઇચ્છા કરવી એ તમને યોગ્ય નથી.

આમ છતાં રાજા કામથી વિહ્વળ બનેલો હોવાથી તેણે કાંઈ ન માન્યું તેણે બળાત્કાર કરવાનો વિચાર કર્યો પણ ચન્દ્રકાન્તાએ કહ્યું: મને જવાદો, જો તમે મારા ઉપર હાથ નાખશો તો તરતજ હું મારા પ્રાણ આપીશ. સતી સ્ત્રી કદાપી પણ પરપુરુષના સંગને ઇચ્છતી નથી. પોતાનું શિયળ સાચવવા પ્રાણનો પણ ત્યાગ કરે છે. માટે છેવટે હું જીવ આપીશ. પણ તમારો સ્વાર્થ મારી આગળ સધાવાનો નથી. આ સાંભળી રાજાએ જાણ્યું કે: ભલે થોડા દિવસ અહિં પૂરી મૂકીશું એટલે માન્યાં કરશે. એમ ધારી તેણે કહ્યું કે: " ઠીક, તું ખુશીથી મારે તાબે નહિ થાય તો રીબાવી રીબાવીને હું તને દુઃખ આપીશ, જોઉં છું કેવું નથી માનતી. ' આમ કહી તે ચાલ્યો ગયો. પછી ચન્દ્રકાન્તાએ બારણું અડકાવી દીધું.

થોડીવારે પેલી સ્ત્રી આવી તેને ચન્દ્રકાન્તાએ ઘણો ધીટકાર આપ્યો. પછી પાછલી બારીએથી દોરડું નાંખી નીચે ઉતરી રાત્રે તે ચાલી ગઈ. રસ્તામાં નદી હતી તે તરીને સામે કિનારે ગઈ તેણે તે પછી ભગવું વસ્ત્ર ધારણ કરી શરીરે ભસ્મ ચોળી યોગિનીનો વેશ લીધો. કેટલેક દિવસે તે કલકત્તે જઈ પહોંચી. ત્યાં દેવમંદિર પાસે યોગિની તરીકે રહેવા લાગી. તે વૈદું સારૂં જાણતી હતી તેથી ઘણા દરદીઓ તેની દવાથી સાજા થવા લાગ્યા. એક વખતે લોર્ડ હેસ્ટીંગ્સનો મુખ્ય અમલદાર એક બાબુ હતો તેની સ્ત્રી માંદી પડી તેને કશી દવાથી ન મટયું તેથી છેવટે ચન્દ્રકાન્તાની વાત જાણી તેને બોલાવી. તેની દવાથી તેને સારૂં થયું તેથી તેણે ખુશી થઈ તેને ઇચ્છામાં આવે તે માગવાનું કહ્યું. આ અમલદાર ધર્મિષ્ટ અને નીતિવાળો હતો તેને તેણે પોતાની હકીકત કહી પોતાના પતિ બાળા શાસ્ત્રીને કેદમાંથી છોડાવવાનું કહ્યું.

અમલદારે તેને તેના પતિને છોડાવી આપવાનું વચન આપ્યું. પછી તેની પાસે એક અરજી અપાવી સરકારને જણાવ્યું કે બાળાશાસ્ત્રી નિર્દોષ છે માટે છોડી દેવા યોગ્ય છે. તેની આ ભલામણથી ચન્દ્રકાન્તાનો પતિ છુટયો. બંને પતિપત્ની ઘણા વર્ષે મળ્યાં. તેમના હર્ષનો પાર રહ્યો નહોતો. પછી તેમણે તે અમલદારનો ઉપકાર માન્યો. થોડા દિવસ ત્યાં રહી પછી તે દમ્પતિ કાશી જઈ પોતાનાં માતાપિતાને મળ્યાં આ પ્રમાણે પુત્ર આવવાથી તેનાં માબાપ ખુશી થયાં અને વહુ ચન્દ્રકાન્તાને ધન્યવાદ આપવા લાગ્યાં.

આ પ્રમાણે ચન્દ્રકાન્તાએ અનેક પ્રકારનું કષ્ટ વેઠી પતિને છોડાવવા યત્ન કર્યો. અને જ્યારે તેણે પોતાના પતિને છોડાવ્યો ત્યારેજ ઝંપી. સ્ત્રી અર્દ્ધાંગના તરીકે પોતાના પતિને માટે આવું કષ્ટ પણ વેઠી શકે છે. તેને પોતાના પતિ વગર ચેન પડતું નથી, ખરી અર્દ્ધાંગના આવી હોય છે.

શાન્તિકા—દેવશર્મા.

શાન્તિકા એ ધારાનગરીના પંડિત દેવશર્માની સ્ત્રી હતી. તે સ્વરૂપ સૌંદર્યવાળી, અને પતિની સેવામાં હરનિશ તત્પર રહેનારી હતી. તે હંમેશાં પતિના ઉઠતા પહેલાં ઉઠી

સ્નાનાદિ કાર્યથી પરવારી પતિને સ્નાન કરાવી દેવ સેવાનાં સાહિત્ય તૈયાર કરી આપતી. પતિને રસોઇ કરી જમાડયા પછી જમતી. હંમેશાં પતિને પ્રસન્ન રાખવા યત્ન કરતી. દેવશર્મા પણ તેના ઉપર અત્યંત સ્નેહ રાખતો. તે અયાચક વ્રતધારી હતો. તે કોઇને ત્યાં ભિક્ષા માગવા જતો નહિ. આ પ્રમાણે આ દમ્પતી સુખથી દિવસો વિતાવતાં હરિસ્મરણ કરતાં હતાં. આ વખતે ધારાનગરીમાં ભોજરાજા રાજ્ય કરતો હતો. તેણે એક વખતે પોતાના પંડિત કાળીદાસને પૂછયું કે: " પહેલાં જેવી કોઇ સતી અત્યારે આપણા રાજ્યમાં હશે ખરી કે ? આ સાંભળી કાળીદાસે કહ્યું: " હાજી, આપણા રાજ્યના અગ્નિહોત્રી દેવશર્માની સ્ત્રી સતી છે. તે કદી પણ કોઈ પરપુરુષનું મુખ જોતી નથી કે અન્ય સાથે વાત પણ કરતી નથી.

આથી રાજાએ તેની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો. પણ કાળીદાસે કહ્યું કે: તે ધનથી કે સુખથી લોભાય તેવી નથી માટે સાવચેત રહેજો. છતાં રાજાએ ન માન્યું. તેણે દેવશર્માને સભામાં બોલાવ્યો. પોતાના પતિને રાજસભામાં જતાં સતીએ કહ્યું કે:— " વ્હાલા, આપ રાજદરબારમાં જાવ તેની ના નથી પણ રાજા તમને ધનથી લોભાવે તોપણ દાન ન લેશો. નહિ તો આપણું આટલા દિવસનું અયાચક વ્રત અને તપ નષ્ટ થશે. ' આ સાંભળી સતીનું સમાધાન કરી પંડિત સભામાં ગયા. રાજાએ તેને ખુશી કરવા સોના મહોરો દાનમાં આપવા માંડી, પણ પંડિતે તે ન લેતાં કહ્યું કે: અમે તો ગરીબ બ્રાહ્મણ યજ્ઞયાગાદિ કરવામાં જ ધન સમજીયે છીએ. મહારાજ એ ધન મારા કામનું નથી. ' રાજાએ તેની આવી વૃત્તિ જોઇ સંતોષ થયો. પછી પંડિત ઘેર ગયા.

પણ હજુ રાજાની સતીની પરીક્ષા કરવાની ઇચ્છા તૃપ્ત થઈ નહોતી તેથી તે એક વખતે પંડિત ઘેર નહોતા તે દિવસે સંન્યાસીનો વેષ લઇને સતિ પાસે ભિક્ષા માગવા ગયો. સતિનો એવો નિયમ હતો કે તે હંમેશાં સાધુસંતને જમાડીને જમતી. તેથી તેણે રસોડામાંથી જ સંન્યાસિના વેશમાં આવેલા રાજાને કહ્યું કે: "હજુ જરા રસોઈની વાર છે માટે આપ પેલા શિવાલયમાં બેસો.' પ- રાજાએ કહ્યું કે હું તો અહિંજ બેસીશ, " એમ કહી ત્યાંજ બેઠો.

રસોઇ તૈયાર થતાં સંન્યાસિને આસન નાંખી બેસાડયો અને રસોઈ પીરસી. સતી તેને જોતાંજ ચેતી ગઈ કે આ કાંઈ ખરો સંન્યાસિ નથી, તેથી તેણે કેટલાંક સંન્યાસિના ધર્મ સંબધી માર્મિક વચનો કહ્યાં. તે સાંભળી રાજાએ જાણ્યું કે સતીએ મને ઓળખી લીધો છે માટે વખતે શાપ આપશે એમ ધારી તે ઉઠયો અને સતીને પગે લાગી કહેવા લાગ્યો કેઃ " માજી, ક્ષમા કરો, હું તો તમારી પરિક્ષા કરવા આવ્યો હતો. " આમ કહી તેણે જવા માંડયું તેથી સતીએ કહ્યું કેઃ " રાજા, મેં તમને જોઇને જ ઓળખી લીધા હતા, મેં તમને મારા ભાઈ સમજીને જ મારૂં મોં આજે બતાવ્યું હતું પણ તમે કપટ કરી વેશ બદલી આવ્યા તે પાપરૂપ છે તો પણ હું ક્ષમા કરૂં છું. " આ સાંભળી રાજા ચાલતો થયો. તેને સતીનો પ્રભાવ સમજાયો.

આ પ્રમાણે સતી શાન્તિકા પોતાના સતીત્વના પ્રભાવથી રાજાને ઓળખી શકી હતી અને રાજા તેનો પ્રભાવ જોતાંજ ભયભીત થઇ ગયો. આ પ્રમાણે જે સતી સ્ત્રી પોતાના પતિમાં પ્રીતિ રાખી, પતિ સેવાપરાયણ રહે છે તેનમાં દૈવીબળ પ્રકટ થાય છે. જે સતી છે તેજ પતિની ખરી અર્દ્ધાંગના છે.

જે સ્ત્રીઓ પતિની પોતે અર્દ્ધાંગના છે એમ માની પતિ સેવામાં તત્પર રહી, પતિની પ્રીતિ મેળવી લે છે તેજ સતી છે. તેને મન પતિ એ પોતાના અંગરૂપ જ છે. પતિને તે પોતાથી જુદો માનતીજ નથી. જે સ્ત્રીઓ મનમાં આ પ્રમાણે માની પતિથી અભિન્ન થઇ રહે છે તેને હમેશાં સુખ મળ્યાંજ કરે છે.

હવે બધાંની મરજી હોય તો બંધ કરીએ. વળી કાલે કહીશું. આમ કહી ચન્દ્રકાન્તાએ બંધ કર્યું અને સર્વ સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગયાં.

પ્રકરણ ૧૯ મું.

સંસારમા સ્ત્રીઓની પદ્વિ.

બીજે દિવસે સર્વ ચન્દ્રકાન્તાને ત્યાં ભરાયાં. ચન્દ્રકાન્તાએ સર્વને આવેલાં જોઇ કહ્યું કે: બેનો, આ સંસારમાં આપણ સ્ત્રીઓની પદ્વિ કાંઇ ઓછી નથી. ઘરની તે દેવીરૂપ છે. શાસ્ત્રોમાં તેને લક્ષ્મીના અવતારરૂપ વર્ણવી છે. તે જેમ બીજા કેટલાક માને છે તેમ કામ કરનારી લુંડી નહિ પણ તેના ઘરની દેવીરૂપ છે. તે તેના પતિની સહચારિણી છે. પતિના સુખમાં સુખી રહેનારી અને દુઃખમાં દુઃખી થનારી હોય છે. પતિને સંકટમાં ધીરજ આપી મદદ કરનારી છે. સતી સ્ત્રીઓનો પ્રભાવ કાંઇ ઓછો નથી તે ધારે છે તે કરી શકે છે. જે સ્ત્રીઓ પતિપરાયણ જીવન ગાળી પતિથી આચાર, વિચારમાં અભિન્ન થઇને રહે છે તે સ્ત્રીઓ પતિને હમેશાં સુખ આપનારી હોય છે.

સ્ત્રી એ કેટલાક હલકા માણુસો માને છે તેમ છોકરાં પેદા કરવાનું યંત્ર નથી. પણ આ સંસારની ઉત્પાદક માતારૂપ છે. તે પુરુષને સંકટમાં ધીરજ આપનાર છે, ગમે તેવી વિપતિમાં પણ ધૈર્ય આપી પતિને આનંદી બનાવી શકે છે. જે સ્ત્રી ઉચ્ચ કેળવણી પામેલી હોય છે તે પોતાના પતિને સ્વર્ગના આનંદનો અનુભવ કરાવી શકે છે. તેના વડે જ ઘરની શોભા છે. ઘરની લક્ષ્મી તેજ સ્ત્રી છે. સ્ત્રીને સંતોષી રાખવા યત્ન કરનાર પતિને હંમેશાં સુખ

મળી રહે છે. સ્ત્રી વગરનું ઘર સ્મશાન જેવું ઉજ્જડ અને ઉદ્વેગને કરાવનાર છે.

પતિના મનને વશમાં રખાવનાર, પતિની બુદ્ધિને સ્થિર રખાવી યત્નવાન બનાવનાર તેની સ્ત્રી છે. છોકરાં સારાં નરસાં થવાં એ તેની માતાના ઉપર આધાર છે. બાપના કરતાં માનું હેત છોકરાંને વધારે હોય છે. તે ગૃહની ગૃંહણી છે. સંસારમાં તેની પદ્દિ મહાન અને જવાબદારીવાળી છે. સ્ત્રીઓનામાં દયાળુતા વિશેષ હોય છે, તે પ્રેમાળ વધારે હોય છે. તેમ કોમળ પણ ઘણી હોય છે. તેના સહવાસથી પતિનું દુઃખ ઓછું થાય છે. તે પોતાના કઠોર હૃદયના પતિને પણ પ્રેમથી આધીન બનાવી શકે છે. પતિની સર્વ અવસ્થામાં તેની પત્ની જ તેની મદદગાર હોય છે. સતી સ્ત્રી પતિનાં કડવાં વેણુ પણ સહન કરે છે. ક્ષમાવાન પણ તેવીજ હોય છે. પતિના વિશ્રામનું સ્થાન તેની સ્ત્રી છે.

સતી સ્ત્રી પોતાના પતિ અને માબાપના કુળને શોભાવનારી છે. તે સંસારનું નુર છે. પ્રજાની શારીરિક કે માનસિક શક્તિ ઉપર તેની માતાની વધુ અસર થાય છે. સ્ત્રી જ પોતાના ઉચ્ચ સ્વભાવથી બાળકોને મહાન નર તરીકે પેદા કરે છે. તેના હૃદયનો પવિત્ર સ્નેહ પતિના દુઃખને ભૂલાવી દે છે. જે સ્ત્રી પતિવ્રતા છે, પતિની સેવા કરી પોતાના ગૃહને શોભાવે છે તે દેવી તરીકે પૂજ્ય છે. મનુ ભગવાને કહેલું છે કેઃ **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** જ્યાં સ્ત્રીઓને સંતોષ અપાય છે ત્યાં દેવતાનો વાસો હોય છે. જે ઘરમાં સ્ત્રી પો હમેશાં કલેશ કરી આંસુ પાડે છે, જે ઘરમાં કઠોર પતિ પોતાની પત્નીને મારઝુડ કરી દુઃખ દે છે તે ઘરમાંથી લક્ષ્મી નાસી જાય છે અને તેની પાયમાલી થાય છે.

સ્ત્રીઓ પોતાના ઉત્તમ ગુણોથી પોતાના પતિ અને પુત્રોને તારી દે છે. તે ઘરમાં સ્વર્ગીય આનંદ વર્તાવી શકે છે. પતિવ્રતા સ્ત્રીઓ પોતાના ઉત્તમ સ્વભાવ અને પવિત્ર કર્તવ્યવડે મનુષ્ય મટી દેવી બની રહે છે. આવી સ્ત્રીઓની પદ્દિ કાંઇ જેવી તેવી નથી. પુરુષ એ ઘરના રાજારૂપ છે અને સ્ત્રી એ કારભારી છે. જેમ રાજ્યની આબાદાની તેના કારભારી ઉપર છે તેમ ઘરની આબાદાની સ્ત્રીઓ ઉપર છે. તે ઘરકારભાર કરતી, પોતાના પતિને આનંદ આપે છે. બાળકોને સુશિક્ષિત બનાવી શકે છે. બાળકોના ભવિષ્યના સઘળા

આધારરૂપ તેની માતા છે. સ્ત્રી એ આ સંસારને ઉત્પન્ન કરનાર દેવી છે. તેણે પોતાના ઉત્તમ ગુણોવડે પોતાનું માતાપદ સાર્થક કરવું જોઇએ, પૂર્વે ઘણી સ્ત્રીઓ પોતાની પદ્દિને સમજીને પોતાનું નામ અમર કરી ગઇ છે તેમની જીવનકથા સાંભળી આપણે આપણી જવાબદારી સમજીને પતિ અને પુત્રને સુખ આપવા માટે યત્ન કરવો જોઇએ.

પદ્મિની—ભીમસિંહ.

પદ્મિનિ એ સિંહલદ્વીપના મહારાજા હમીરસિંહની પુત્રી હતી. તે સર્વ સ્ત્રીઓમાં સૌંદર્યમાં શ્રેષ્ઠ હતી. તે રૂપાળી, ગૌરવર્ણની, તેજસ્વી, ગુણવાન, વિદ્વાન અને નીતિવાળી હતી. તેનું લગ્ન મેવાડમાં આવેલા ચિતોડના રાજાના કાકા ભીમસિંહ વેરે થયું હતું. ચિતોડનો રાજા લક્ષ્મીસિંહ નાનો હોવાથી રાજકારભાર ભીમસિંહ ચલાવતો હતો.

સતી પદ્મિની પતિવ્રતા હતી. પતિસેવા કરવામાં આનંદ માનતી ભીમસિંહ પણ તેના ઉપર પ્રીતિ રાખી તેને રાજી રાખતો. બંને પતિ પત્ની સુખમાં દિવસો વ્યતિત કરતાં હતાં. આ વખતે દિલ્લીની ગાદી ઉપર અલ્લાઉદ્દીન રાજ્ય કરતો હતો. તે પદ્મિનીની જેવી કોઇ સ્ત્રી રૂપાળી નથી એ વાત જાણી ચિતોડ ઉપર ચઢી આવ્યો. તેણે પહેલાં છુપી જાસુસો મારફતે પદ્મિનીને લલચાવવાની તજવીજ કરી પણ તેમાં તે ફાવ્યો નહિ. કારણકે પદ્મિની પતિવ્રતા હતી. ગમે તેવી લાલચોથી પણ પરપુરુષ સામું જુવે તેવી પણ નહોતી.

અલ્લાઉદ્દીને તેથી ચિતોડને ઘેરો ઘાલ્યો અને ભીમસિંહ લશ્કર લઇ લઢવા તૈયાર થયો, અલ્લાઉદ્દિને ગમે તે પ્રયત્ને પણ પદ્મિણીને મેળવવાનો નિશ્ચય કર્યો હતો. બંને પક્ષ વચ્ચે યુદ્ધ થયું તેમાં અલ્લાઉદ્દીન ફાવ્યો નહિ તેથી તેણે કહેવરાવ્યું કેઃ જો તમે પદ્મિણી મને સોંપો તો હું ઘેરો ઉઠાવું. આ સંદેશો સાંભળી રજપૂતો ઉશ્કેરાયા અને લડવા તૈયાર થયા. ત્યારે ફરી અલ્લાઉદ્દીને કહેવરાવ્યું કે 'પદ્મણી તો મારે બેન બરોબર છે, માત્ર એ પવિત્ર દેવીનાં મારે એકવાર દર્શન કરવાં છે. હું તેનાં દર્શનથી પવિત્ર થઇ ચાલ્યો જઇશ.' આ સંદેશો સાંભળી રજપૂતો ભોળવાયા અને પદ્મિણીનાં પ્રત્યક્ષ નહિ

પણ એક આયનામાં તેનું પ્રતિબિંબ પડે ને તે જો બાદશાહને જોવાની ઇચ્છા હોય તો ભલે, આવે,' આવો વિચાર કરી તેમણે અલાઉદીનને માત્ર બે માણસ સાથે આવવાનું જણાવ્યું.

અલ્લાઉદીન ખુશી ખુશી થઇ ગયો. હવે ભીમસિંહ આ વાત પોતાની સ્ત્રી પદ્મિણીને શા રીતે કહી શકે? તેથી તે ચિંતા કરવા લાગ્યો, પતિના ચિંતાનું કારણ પદ્મિણી સમજી ગઇ અને તેણે કહ્યું કે: વ્હાલા એમાં ચિંતા કરવાનું કાંઇ કારણ નથી. આ દાસી આપની આજ્ઞાને આધીન છે. પછી અલ્લાઉદીન બે માણસોને લઇ દરબારમાં આવ્યો. ભીમસિંહે તેને યોગ્ય સત્કાર કર્યો. અને ઓઝલ પડદે રહી પદ્મિણીએ તકતામાં જોયું. એથી બાદશાહ તકતામાં પદ્મિણીનું રૂપ જોઇ મોહાંધ બન્યો. ઉપરથી તેણે પવિત્ર વિચારો દર્શાવી સતીને દેવી માની ધન્યવાદ આપવા લાગ્યો.

બાદશાહ પોતાની છાવણીમાં જવા તૈયાર થયો ત્યારે ભીમસિંહ તેને વળાવા દરવાજા સુધી ગયો. દરવાજા બહાર નીકળતાં તે એકલો પડતાં યવનરાજાએ તેને કપટ કરી પોતાના સિપાઇઓ પાસે કેદ કરાવ્યો અને કહ્યું કે: જો તું તારી સ્ત્રી પદ્મિણી મને સોંપે તો હું તને છોડું, નહિ તો રીબાવી રીબાવીને મારીશ, ભીમસિંહ બહાદુર હતો પણ જેમ પાંજરામાં પુરાયલો સિંહ નિર્બળ જેવો હોય છે તેમ ગુસ્સે થઇ કાંઇ જવાબ આપી શક્યો નહિ.

આ વાત દરબારમાં પહોંચી. પદ્મિણી એ જાણી ઘણો ખેદ કરવા લાગી પણ હવે ખેદ કરવાથી ઉપાય નહોતો. તે પણ બહાદુર અને હિંમતવાન હતી. તેણે પતિને છોડાવાનો નિશ્ચય કર્યો. તે પતિવ્રતા સતી સ્ત્રી હતી. પતિને કેદમાં પડેલા જાણી તેને ધીરજ રહી નહિ. તેણે વિચાર ગોઠવી બાદશાહને જણાવ્યું કે: હું તમારી પાસે આવવા તૈયાર છું. પણ રાજદરબારની રીત પ્રમાણે સાતસો દાસીઓ મારી સાથે આવવી જોઇએ જેથી સાતસો મ્યાના મોકલો. બાદશાહ આ પત્ર વાંચી ખુશી ખુશી થઇ ગયો. કામી માણસને આડો અવળો વિચાર સુઝતો નથી, તેની બુદ્ધિ મારી જાય છે. તેણે પદ્મિણી મળવાની આશા બાંધી અને સાતસો મેના મોકલ્યા. પદ્મિણી જાતે એક મેનામાં બેઠી અને બીજા દરેક મેનામાં યુદ્ધમાં શૂરવીર એવા બે યોદ્ધાઓને બેસાડ્યા. તેમ મેનો ઉંચકનાર પણ દરેક મ્યાના પાછળ ભોઇના વેશમાં ક્ષાત્રયોજ હતા. તેમના હોંશિયાર મ્યાનામાં

મુકાવ્યા અને પદ્મિણીએ બાદશાહને કહેવરાવ્યું કે: હું આવું છું, મારી સાથે બીજી રાણીઓ અને દાસીઓના સાતસો મેના છે. પણ તમારો કોઇ પણ માણસ તેમાંની કોઇને પણ સતાવે નહિ કે તેમની પાલખીને હરકત થાય નહિ. વળી અમે પડદાનશીન હોવાથી અમારા મુકામની આજુબાજુ પુરુષ સૈનિક ન જોઇએ. બાદશાહે તે બધું કબુલ કર્યું. આ રીતે પદ્મિણી બાદશાહની છાવણીમાં ગઇ.

સાતસો મેના ત્યાં મુકાવ્યા. પદ્મિણીએ કહેવરાવ્યું કે હું તમારી પાસેજ આવું છું પણ મને છેલ્લીવાર એક કલાક મારા પતિ ભીમસિંહની સાથે એકાંતમાં મળી વાત કરવાનો વખત મળવો જોઇએ. બાદશાહે તે કબુલ કર્યું અને મ્યાનો ભીમસિંહને જે તંબુમાં કેદ કર્યો હતો ત્યાં મુકયો. આજુબાજુના સૈનિકોને લઇ લીધા. ભીમસિંહ પદ્મિણીને જોઇ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો કે: અરે! આ શત્રુની છાવણીમાં તું કયાંથી?

પદ્મિણીએ તેને ધીરજ આપી કહ્યું: "વ્હાલા, હમણાં વાત કરવાનો વખત નથી, માટે ચાલો તૈયાર થાઓ. પછી હું કહીશ કહી ભીમસિંહને મ્યાનામાં બેસાડી પાછલે બારણેથી મ્યાનો લઇ સૈનિકો પલાયન કરી ગયા. તેમને પકડવા જનાર સૈનિકોને બીજા મ્યાનામાંથી સૈનિકોએ નીકળી ઠાર કર્યા અને તેમનામાં આવેલા સૈનિકો તથા મ્યાના ઉંચકનાર સૈનિકોએ હથિયાર ધારણ કરી શત્રુની છાવણીમાં છાપો માર્યો. આથી યવન સૈનિકો ઘણા માર્યા ગયા અને બાદશાહ હાથ ઘસતો રહ્યો.

ભીમસિંહને આ પ્રમાણે છોડાવી પદ્મિણિ ચિતોડગઢમાં ગઇ. ત્યાં જઇ પોતાની પતિની ચાતુરીની વાત જાણી ઘણો ખુશ થયો. બાદશાહના સૈન્યમાં નાસભાગ થવાથી તે ઘેરો ઉઠાવી દિલ્હી જતો રહ્યો. પણ તેને તેનું વેર લીધા વગર ચેન પડયું નહિ. તે પદ્મિણિમાં લોભાઇ ગયો હતો.

પતિપત્નીએ ચિતોડમાં આવી ફરી સુખ ભોગવવા માંડયું. સતી સ્ત્રીએ પતિની પ્રેમથી સેવા કરવા માંડી, બંને આનંદમાં દિવસો ગુજારવા લાગ્યા એવામાં સને ૧૩૦૫ માં અલ્લાઉદ્દીને ડંશ વારવા ફરી વધારે લશ્કર સાથે ચિતોડ ઉપર ચઢાઇ કરી. ભીમસિંહ સૈન્ય સાથે તેની સામે થયો. બંને પક્ષ વચ્ચે દારૂણ યુદ્ધ થયું. શત્રુબળ આ વખતે વિશેષ હતું તેથી રજપૂતો ફાવ્યા નહિ. ભીમસિંહ મરાયો અને શત્રુનો વિજય થયો. તે જાણી પદ્મિણિએ ચીતા ખડકાવી શત્રુના હાથમાં જતાં પહેલાં જ પોતાના શરીરને ભસ્મીભૂત કરી દીધું. તેની

પછી બીજી રાણીઓ પણ સતી થઈ. શત્રુએ કિલ્લામાં પ્રવેશ કર્યો તો સ્ત્રીઓને ચિતામાં બળી મરેલી જોઈ. લશ્કરે ચીતોડ લૂંટી લીધું. પણ અલ્લાઉદ્દીને પદ્મણીની યાદગીરી કાયમ રાખવા તેનો મહેલ લુંટયો નહિ.

આ પ્રમાણે સતી સ્ત્રી પતિની પાછળ પોતાના પ્રાણ આપતાં પણ ડરતી નથી. તે મરણાંતે પણ પરપુરુષને તાબે થતી નથી. અત્યારે આ સતી ચિતોડમાં દેવી તરીકે પુંજાય છે.

——:૦:——

રામેશ્વરી—જશવંતસિંહ.

રામેશ્વરી એ ઉદેપુરના રાણાની પુત્રી હતી. નાનપણથી જ તે બુદ્ધિશાળી અને તેજસ્વી હતી. તેનું લગ્ન જોધપુરના રાજા મહારાજા જશવંતસિંહ સાથે થયું હતું. રામેશ્વરી પતિવ્રતા હતી. પોતાના પતિની સેવા કરતી રાજકાર્યમાં પણ તે હોશિયાર હતી. પતિને આનંદ આપવામાં સૌભાગ્ય સમજતી.

આ વખતે દિલ્હીના બાદશાહના સુબા તરીકે ઘણીવાર રજપૂત રાજાઓને જવું પડતું. જશવંતસિંહ પણ બાદશાહના પાંચસો ઘોડેસ્વારનો ઉપરી હતો. દિલ્હીમાં શાહજહાં રાજ્ય કરતો હતો તેણે પોતાના પુત્ર દારાને ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો તેથી તેનો બીજો પુત્ર ઔરંગઝેબ બાદશાહને પદભ્રષ્ટ કરી ગાદી લેવા સામે લશ્કર લઇ ચઢી આવ્યો. તેની સામે લડવા બાદશાહે જસવતંસિંહને મોકલ્યો. પહેલા દિવસે તો જશવંતસિંહની જીત થઈ. તે જાણી સાંજે ગાંગાણીના રાઠોડ દુર્ગાદાસે કહ્યું કે: આ લડાઈમાં ઔરંગઝેબ જીતશે અને તેને ગાદી મળવાની છે માટે આપણે તેની સામે લડાઈ ન કરતાં પાછા હઠી જવું. જશવંતસિંહે તે કબુલ કર્યું અને બીજે દિવસે દુર્ગાદાસ તથા જશવંતસિંહ યુદ્ધમાંથી પાછા હઠી ગયા, અને નાસી જોધપુરમાં આવ્યા.

રાણીએ રાજા યુદ્ધમાંથી નાસી આવ્યા છે એ વાત જાણી તેણે શહેરના દરવાજા બંધ કરાવી દીધા અને આજ્ઞા કરી કે લડાઇમાંથી પાછા હઠેલા કોઇને પેસવા દેવા નહિ. જસવંતસિંહ આવ્યા તો ખરા પણ શહેરમાં પેસવાની રજા ન મળી. તેથી દુર્ગાદાસ મહા-

રાણી પાસે જવાની રજા મેળવી શહેરમાં ગયા. તેણે રાજાને શહેરમાં પેસવા દેવાને કહ્યું. પણ રાણીએ કહ્યું કે: મહારાજાએ ક્ષત્રિય ધર્મને ત્યજ્યો છે. યુદ્ધમાંથી કોઇ પણ સાચો રજપૂત પાછી પાની કરી નાસી આવે નહિ." આ સાંભળી દુર્ગાદાસે કહ્યું કે: "મહારાજા, પાછા હડયા નથી પણ હિંદુ ધર્મના રક્ષણ માટે તે યુદ્ધમાંથી પાછા આવ્યા છે." આથી રાણીએ પોતાના પતિને શહેરમાં એવી સરતે પેસવા દીધા કે જેનાથી નાસી તે પાછા આવ્યા તેનાથી હંમેશાં વિરૂદ્ધ ચાલવું.

ઔરંગજેબે ગાદી લીધી. તેણે રાજનીતિ બદલી અને રજપૂતો ઉપર દ્વેષ રાખવા માંડયો. એક વખતે અફઘાનીસ્થાનમાં બળવો થયો તે શમાવવા માટે ઔરંગજેબે જશવંતસિંહને ત્યાં મોકલ્યો. તે ધારતો હતો કે તેને કાબુલ મોકલવાથી બારોબાર અફઘાનોને હાથે જ તે મરણ પામશે. જશવંતસિંહ કાબુલ જવા તૈયાર થયા ત્યારે તેની સાથે રાણી પણ તૈયાર થઇ હતી. ત્યાં જઈ તેમણે બળવો શમાવી દીધો. પણ ઔરંગજેબે તેમના લશ્કરમાં પોતાનાં છુપાં માણસો રાખ્યાં હતાં તેમની પાસે મહારાજાને ઝેર દીધુ. અને સને ૧૬૭૫ માં જશવંતસિંહ મરણ પામ્યો. રાણી તે વખતે ગર્ભવંતી હતી. મહારાજાના મરણથી તે ઘણીજ દુઃખી થઇ. પૂરા માસે તેમને આવતાં લાહોરમાં પુત્ર જન્મ્યો તેનું નામ અજીતસિંહ રાખ્યું.

જસવંતસિંહ મરી ગયા પછી રાણીને સૈન્ય સાથે દિલ્હીમાં બોલાવી મંગાવી. ઉપર ઉપરથી બાદશાહે દરબાર ભરી જસવંતસિંહને માટે શોક પાળ્યો. પણ તેમની છાવણી હતી તેની આજુબાજુ મુસલમાન સૈન્યે ઘેરો ઘાલ્યો. રજપૂતો ચેતી ગયા અને તેમણે અજીતસિંહને ત્યાંથી ત્રણચાર ગાઉ ઉપરના ફતેહાબાદમાં છુપો રાખ્યો.

હવે રજપૂતોએ શું કરવું તેનો વિચાર કરવા માંડયો. રાણીએ આગેવાની લીધી અને સર્વ સૈન્ય મુસલમાન સૈન્ય સાથે લડવા તૈયાર થયું. દુર્ગાદાસને કુંવર અજીતસિંહની સંભાળ રાખવા મોકલ્યો અને રજપૂત સૈન્ય યવન સૈન્ય ઉપર તૂટી પડયું. બન્ને સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધ થયું. દુર્ગાદાસ અજીતસિંહને સાચવતો હતો પણ બાદશાહે તેનો પત્તો મેળવ્યો હતો તેથી દુર્ગાદાસ તેને વિશ્વાસુ માણસો સાથે દૂર લઈ ગયા.

સાત દિવસ સુધી દારૂણ યુદ્ધ જામ્યું. તેમાં રાણીએ શત્રુના ઘણા સૈન્યને કાપી નાખ્યું, શત્રુ સૈન્યમાં ત્રાહી ત્રાહી પોકરાવી. પછી

દુર્ગાદાસ સાથે કેટલાક રજપૂતો દુર્ગાદાસની આગેવાની સાથે કુંવર અજીતસિંહનું રક્ષણ કરવા ચાલી ગયા. રાણીએ તેમને કહ્યું કે: હવે તમે જાઓ અને કુંવરને લઇ મારવાડ સંભાળો. રાણી તે પછી હાથીની ચારે પાસથી રાળ ભરીને હાથી ઉપર સવાર થઈ શત્રુ સાથે યુદ્ધ કરવા લાગી. શત્રુએ તેને પકડવા ઘણાં ફાંફાં માર્યાં પણ રાણીએ રાળ સળગાવી હાથી ઉપર જ ભસ્મિભૂત થઇ પતિના ચરણમાં પ્રાણને અર્પી દીધા. સતી સ્ત્રીઓ આવી પરાક્રમી હોય છે. પતિના મરણથી તેમને મોટો આઘાત થાય છે.

કાન્તિ.

કાન્તિ એ રામચન્દ્રજીના ભાઈ ભરતના પુત્ર પુષ્કરની પત્ની હતી. તે રૂપવાન, નીતિવાળી અને ચતુર હતી. પતિસેવા કરી પતિને આનંદ પમાડતી. તેના પ્રેમથી તેના પતિ પુષ્કર પણ તેના ઉપર ઘણું હેત રાખતા. બન્નેમાં ઘણીજ પ્રીતિ હતી. કાન્તિ સાસુ સસરાને પોતાનાં માબાપ તુલ્ય ગણી સેવા ચાકરી કરતી. તે દયાળુ હતી. ગરીબોનાં દુઃખ ટાળવા યત્નશીલ રહેતી. તે સ્ત્રીઓને સુધારવા માટે ઘણીવાર ઉપદેશ આપતી અને કહેતી કે: સતી સ્ત્રીઓએ પોતાના પતિ ઉપર પ્રીતિ રાખી તેની ભક્તિ કરવી જોઇએ. સાસરાનાં સગાંને પૂજ્ય માની વર્તવું. નણંદ ભોજાઇ ઉપર પ્રેમ રાખવો. જેઠ જેઠાણીને સાસુ સસરા તુલ્ય ગણવાં અને દીયેર દેરાણીને પુત્ર, પુત્રવધુ તુલ્ય ગણી માન આપવું. સ્ત્રીએ પતિવ્રત પાળવું. શરમનો ત્યાગ કરવો નહિ" આવા ઉપદેશથી ઘણી સ્ત્રીઓ પતિપરાયણ જીવન ગાળતી થઈ હતી.

તે પોતાના પતિને પ્રસન્ન રાખતી. પતિ પત્નીને સારૂં બનતું. જ્યારે રામચન્દ્રજીએ અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે અશ્વના રક્ષણ માટે શત્રુઘ્ન સાથે પુષ્કર પણ તૈયાર થયા. તેમને તે વખતે સતીએ કહ્યું કે: "વ્હાલા, યુદ્ધ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે. આપ સુખેથી પધારો અને અશ્વનું રક્ષણ કરવા માટે યુદ્ધમાં પાછી પાની કરતા નહિ. ક્ષત્રિય ધર્મને સાચવી, બાપદાદાનું નામ રાખજો.' આવી સલાહ આપી પતિને રણમાં જવાની તેણે હિંમત આપી, તેથી પુષ્કરને શૂર ચઢયું અને તે યુદ્ધે ગયો હતો.

સ્ત્રીઓ પોતાના પતિને ધર્મ માર્ગે ચાલવાની સલાહ આપી શકે છે. જ્યારે તે યુદ્ધમાંથી પાછો આવ્યો ત્યારે સતીને કહેવા લાગ્યો કેઃ "તેં મને યુદ્ધમાં જવા જે ઉત્સાહ આપ્યો હતો તેથીજ મેં પાછી પાની કરી નહિ. તારા જેવી પતિનું કલ્યાણ ઇચ્છનારી સ્ત્રીઓ થોડીજ હશે." આ સાંભળી સતી કાન્તિએ કહ્યુંઃ હું તો આપની દાસી છું. આપના જેવા પતિ મળવાથી હું ભાગ્યશાળી છું. મારા ઉપર આપની પ્રીતિ કાંઈ ઓછી છે. આપે અમને આપનું સર્વસ્વ અર્પી સુખ ભોગવાવો છો તોપછી અમે તેનો શી રીતે બદલો વાળવાનાં છીએ.' આ પ્રમાણે કહી પતિને સંતોષ આપ્યો હતો.

આ પ્રમાણે સતી કાન્તિએ પોતાના પતિને ધર્મ માર્ગનું જ્ઞાન આપી પતિસેવા કરી પ્રીતિ મેળવી હતી. ધન્ય છે આવી સતી સ્ત્રીઓને કે જેણે પતિસેવાથી પોતાનાં નામ અમર કર્યાં છે.

સુલીબા—જગન્નાથ.

સુલીબા એ કાશી પાસેના રામનગર નામના ગામના કૃષ્ણશર્મા નામના બ્રાહ્મણની પુત્રી હતી તેના બાપે તેને વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો હતો. તેનું નાનપણથીજ વિદ્યાભ્યાસમાં મન હતું. તે વિદ્વાન અને નીતિમાન હતી. તેનું લગ્ન એક જગન્નાથ નામના શાસ્ત્રી સાથે થયું હતું. સુલીબા પોતાને સાસરે ગયા પછી પતિવ્રતા ધર્મ પાળી પતિની સેવા કરતી. પતિને અનુકુળ રહી તેમની પ્રીતિ મેળવી લેવા મથતી. તેનો પતિ પણ દયાળુ અને સ્ત્રીને સંતોષનાર હતો તેથી બંને જણ વચ્ચે સારો સ્નેહ હતો.

તેના પતિએ સંસ્કૃત પાઠશાળા સ્થાપી હતી. તેમાં પુરુષોને જગન્નાથ શિખવતો અને કન્યાઓને સુલીબા શીખવતી. સુલીબાએ તત્ત્વદર્શન નામે ગ્રંથ લખ્યો છે. એક વખતે બંને પતિ પત્ની યાત્રાએ ગયાં હતાં ત્યાં સમર્થ વિદ્વાનોની સભામાં સુલીબાએ જીવ અને બ્રહ્મની એકતા સંબંધી વાદવિવાદ ચલાવ્યો હતો તેની વિદ્વતા જોઇ તેને તે સભાએ પંડિતાનો ઇલ્કાબ આપ્યો હતો. તે જાણતી કે સ્ત્રીઓને કેળવ્યા વગર સંસાર સુધરતો નથી. તેથી સ્ત્રીઓને ઉપદેશ

આપતી અને કહેતી કે, જુઓ બ્હેન શરીર તો નાશવંત છે, તેના વડે જે કાંઈ સુકૃત કરવામાં આવે છે તેનુંજ ફળ આપણને મળે છે. સ્ત્રીઓને તો પતિ એજ પરમેશ્વર છે એમ માની પોતાના પતિને સેવી તેને રાજી રાખવા પ્રયત્ન કરવો જોઇએ. પતિના દોષ જોવા નહિ, તેની સાથે અભિન્ન થઇ પ્રીતિથી વર્તવું કદાચ પતિ ગુજરી ગયો હોય તો પણ ઈંદ્રિઓને કબજે રાખી બ્રહ્મચર્ય પાળી, સૌભાગ્યના ચિન્હોનો ત્યાગ કરી સાદું જીવન ગાળી ઇશ્વર ભક્તિ કરવી.

સ્ત્રીઓએ કદી પણ લોભને વશ થઈ પોતાના પતિવ્રતનો ભંગ થવા દેવો નહિ. ઘેર બેઠાં ઉદ્યોગ કરી જીવન ગુજારવું પણ શિયળનો તો મરણાંતે ભંગ કરવો નહિ. આ પ્રમાણે તે સ્ત્રીઓને શીખામણ દેઇ સુધારતી તેણે પતિ સાથે ઘણાં વર્ષ સુખ ભોગવ્યું હતું. પ્રારબ્ધ યોગે તેનો પતિ માંદો થયો. તેની તેણે ઘણી ચાકરી કરી. પણ મટયું નહિ અને જગન્નાથ મરણ પામ્યો તેથી તેણે ઘણું રડકકળ કરવા માંડયું. પતિ વગર તેને સર્વસ્વ સૂનુ જણાયું તેને શોક ન કરવા લોકોએ ઘણું સમજાવ્યું પણ તેના માનવામાં કાંઇ આવ્યું નહિ તે પોતાના પતિની સાથે ચિતામાં બળી સતી થઇ હતી. આ પ્રમાણે આ સતીએ જીવતા પર્યંત પતિ સેવા કરી, અને પતિમાંજ ચિત્ત રાખ્યું હતું.

———:o:———

જયા

કાશીના નંદરાજ નામના વેપારીની સ્ત્રીનું નામ જયા હતું તે રૂપાળી, નીતિવાન, સદ્‌ગુણી, ધર્મિષ્ટ અને વિવેકી હતી. તેના પતિનું શરીર કદરૂપુ અને શ્યામ હતું. સતી જયા પતિવ્રતા હતી. પોતાનું અનુપમ રૂપ હતું અને પતિનું રૂપ કાળું જરા બેડોળ હોવા છતાં પણ તે તેના ઉપર અત્યંત સ્નેહ રાખતી. નંદરાજ પણ પોતાની પત્ની ઉપર અત્યંત સ્નેહ રાખતો. પતિ પત્નીમાં પરસ્પર પ્રેમ અતુલ હતો. બંને હમેશાં સુખ અને વિનોદમાં આનંદથી રહેતાં. સતી જયાનું ચિત્ત પતિમાંજ ચોટેલું હતું. તેને ક્ષણવાર પણ પતિ વગર ચેન પડતું નહિ. પતિની મરજી સાચવવા તે સદા તત્પર રહેતી.

નંદરાજની સ્થિતિ ઘણી સારી હતી. તેથી દ્રવ્યની કમી નહોતી. ગાડી, ઘોડા, બંગલા અને વૈભવ ભોગવવાના હતા. સતીને રીઝવવા

પૈસો ખર્ચતાં તેને વાર લાગતી નહિ એવામાં નંદરાજને વેપારમાં ઘણી ખોટ આવી અને તેથી સર્વ મિલ્કત દેવામાં આપી દેવી પડી. તેણે પોતાની સ્ત્રીને આ વાત ન જણાવતાં ગુપ્ત રાખી. રાતદિવસ ચિંતાથી નંદરાજનું શરીર ગળવા માંડયું. તે ઉપર ઉપરથી પોતાની સ્ત્રીની સાથે હસતો બોલતો પણ અંતર બળ્યાં કરતું. જયા તેના મુખ ઉપરથી ચેતી ગઈ પતિનો ચ્હેરો ઉદાસ કેમ રહે છે તે પૂછવા લાગી, પણ તેણે પોતાની પત્નીને દુઃખ થાય તે હેતુથી કાંઈ કહ્યું નહિ, તે ધારતો કે હું જો તેને કહીશ તો તેનું હસતું મુખ કરમાઈ જશે અને દુઃખી થશે.

જયાને પોતાના પતિની ઉદાસી જણાયા વગર રહી નહિ તેણે પુછ્યું: "વ્હાલા, આપ ઉપરથી પ્રસન્નતા જણાઓ છો પણ કાંઈ મોટી ચિન્તામાં હો એમ લાગે છે માટે ખરી વાત કહો કે શાથી આપ ઉદાસ રહો છો?" તેનો વધુ આગ્રહ જાણી નંદરાજે તેને વેપારમાં ગયેલી ખોટની વાત જણાવી. તે સાંભળી તેને ઘણુંજ દુઃખ થયું પણ ધીરજ રાખી પોતાના પતિને કહ્યું કે: "વ્હાલા, એમાં શું થઈ ગયું. વેપાર કરીએ તો ખોટ પણ આવે, ચિંતા કરવાથી તો વધુ દુઃખ થાય છે, ભલભલાના પણ ચડતી પછી પડતી થાય છે, માટે નિરાશ થવાનું કાંઈ કારણ નથી. આવેલું દુઃખ સહન કર્યા વગર છુટકો નથી. આપ ધીરજ રાખો. એમાં થઈ શું ગયું. આ વાડી, બંગલા, ગાડી વેચી નાંખો, આપણે સાદુ જીવન ગાળીશું. પાસે પૈસા ન હોય તો પછી તેની કાંઈ જરૂર નથી. વળી આપણે ને આપણે કમાઈશું આ પ્રમાણેનાં પોતાની સ્ત્રીનાં વચન સાંભળી નંદરાજના દુઃખનો અર્ધો ભાર ઓછો થઈ ગયો. સ્ત્રીએ પોતાના પહાની જણસો પણ પતિને સ્વાધીન કરી દીધી પછી તે વેચી સાટીને દેવામાં ભર્યું. અને એક નાનું સરખું ઘર ભાડે લઈ બંને જણ રહેવા લાગ્યાં.

સતીએ ત્યાં રહી પોતાની સ્થિતિ પ્રમાણે સાદુ જીવન ગાળવા માંડયું. પતિને ધીરજ અને હિંમત આપી દુઃખ ઓછું કર્યું. પૈસા હતા ત્યારે જેવી તે પોતાના પતિના ઉપર રાજી રહેતી તેજ પ્રમાણે અત્યારે પણ તે પોતાના પતિ ઉપર સ્નેહ રાખતી. તે નોકર ચાકરો પાસે કામ કરાવતી તે અત્યારે તમામ ઘર કામ હાથે કરતી. પતિને વારંવાર ધીરજ આપતી. એકાંતમાં હાસ્યવિનોદથી તેનું દુઃખ

ભૂલાવી હેતી. ઘર વાળી ઝુડી સ્વચ્છ રાખતી. આંગણામાં પણ વાળી ઝુડી સ્વચ્છ રાખી પાણી છાંટી સુંદરતામાં વધારો કરતી. નાનાં નાનાં ફુલ ઝાડનો કુંડાં ગોઠવી દીધાં હતાં, બારણે ગીલોડી, કારેલી, વિગેરે શાક વાવ્યાં હતાં ઘરની વ્યવસ્થા કરી મનમાં પતિને રાજી રાખવા વિચાર કર્યા કરતી.

આ પ્રમાણે આ સતી સ્ત્રીએ પોતાના પતિનું દુઃખ ભૂલાવી દીધું. બહારથી ગમે તેટલી ચિંતા લઈને ઘેર આવે પણ પોતાની પત્નીનું સુંદર હાસ્યયુક્ત મુખ જોતાં જ તેની સર્વ ચિંતા ટળી જતી. સતી સ્ત્રીઓ પોતાના પતિ ઉપર પૈસા આપવાથી રાજી રહેતી નથી પણ તેનો સર્વ સ્થિતિમાં પોતાના પતિને પ્રાણથી પણ અધીક વ્હાલો ગણીને રહે છે. આ પ્રમાણે આ સતીએ પોતાના પતિને સંકટ વખતે પણ સુખ અને આનંદ આપી સંતોષ પમાડયો હતો. સતીએ પોતાના પતિને ધીરજ અને ઉત્સાહ આપી દુઃખ ભૂલાવી દીધું. તેને ફરી વેપાર કરાવ્યો. તેને તેમાં સારી કમાણી થઈ અને અંતેનું દુઃખ ટળ્યું. આ પ્રમાણે સ્ત્રી એ પતિને દુઃખ વખતે મદદ કરી ચિંતામાંથી ઉગારી સુખ આપી શકે છે. આ પ્રમાણે સ્ત્રીઓની પદ્ધિ મહાન છે. તે પોતાના પતિને સુખી કરી શકે છે. અને કુલટા હોય છે તો પતિને દુઃખ દેવામાં બાકી રાખતી નથી.

કળાવતી

કળા એ કર્દમ પ્રજાપતિની પુત્રી હતી. તેમની માતાનું નામ દેવહુતી હતું. તેમનું લગ્ન મરીચી ઋષિ સાથે થયું હતું. કળાએ નાનપણથી જ વેદાદિ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તે રૂપાળી, ગુણવાન, ધાર્મિષ્ટ અને નીતિવાન હતી. તે પતિ સેવા કરવામાં કુશળ હતી. પોતાના પતિ સાથે હિમાલય ઉપર રહી પતિ ભક્તિ કરવામાં તલ્લિન રહેતી. પતિના ઉઠતા પહેલાં ઉઠી આશ્રમ સ્વચ્છ કરી ન્હાઈ ધોઇ પતિને સ્નાનાદિ કરાવી, પૂજાનું સાહિત્ય તૈયાર કરી આપતી. તે પતિને જમાડયા પછી જમતાં અને બપોરના પતિ પાસે બ્રહ્મજ્ઞાન મેળવતાં.

અતિથીઓનો સત્કાર કરતાં, બાળાઓને કેળવતાં તેમજ તે હંમેશાં સત્ય, પ્રિય અને હિતકર વાણી બોલતાં. પતિને પ્રસન્ન રાખતાં, મનને કબજે રાખી પતિ સેવામાં મન જોડી રાખતાં. પતિને સ્નેહથી જીતી લેઇ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતાં. તે હંમેશાં પતિની આજ્ઞાનું પાલન કરતાં. તેમના પતિ પણ તેમનાં ઉચ્ચ લક્ષણોથી તેમનાં ઉપર પ્રસન્ન રહેતા. તેમને કશ્યપ ઋષિ નામના પુત્ર જન્મ્યા હતા. તે મહાત્મા થઇ ગયા છે. બાળકને ઉછેરવામાં માએ કાળજી રાખવી જોઈએ એ તે સારી રીતે સમજતાં. તેમના ઉત્તમ ગુણોથી તેમને પેટે કશ્યપ ઋષિ જેવા મહાત્મા જન્મ્યા હતા. તેમના પુત્રવધુ ઉપર પણ સારો પ્રેમ હતો.

પતિની પાસે તેમણે બ્રહ્મજ્ઞાન મેળવી અંતે સુખી થયાં હતાં.

રોહીણી

—:૦:—

રોહિણી—કાશ્મિરના રાજા તુજીનસિંહની સ્ત્રી હતી. તે સૌંદર્યવાળી, બુદ્ધિમાન, ચતુર, દયાળુ, પતિવ્રતા અને નીતિવાન હતી. તે પતિની સેવા કરતી. પતિને પોતાના પ્રાણ કરતાં પણ અધિક સમજતી. તે પોતાના પતિને રાજકારભાર ચલાવવામાં પણ સલાહ અને મદદ આપતી. ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ તે પતિનું મન શાંત કરી શકતી. રાજા પોતાની પતિવ્રતા રાણીના ઉપર અત્યંત સ્નેહ રાખતા, બંનેમાં ઉત્તમ સ્નેહ હતો. એક વખતે કાશ્મીરમાં દુકાળ પડયો. જે દુકાળથી રૈયત ભૂખે ટળવળવા લાગી. રાજાએ પોતાના કોઠારમાંથી તમામ અનાજ પોતાની પ્રજામાં વહેંચી નાંખ્યું. રાણીએ જાતે જઇ દુઃખી અને ગરીબ સ્ત્રીઓની સંભાળ લેવા માંડી. તે ઘણીજ દયાળુ હતી. તેણે ઘણું દ્રવ્ય ખર્ચી પોતાની પ્રજાને સંકટમાંથી બચાવા યત્ન કર્યો.

આ દુકાળમાં ગરીબોને સુખી કરવામાં આખો ખજાનો વપરાઇ ગયો, છતાં દુકાળનું સંકટ મટયું નહિ. તેથી પ્રજા ભૂખે મરવા લાગી. પ્રજાના આ ત્રાસથી રાજાને ઘણી ચિંતા થઈ અને ચિંતામાં ને ચિંતામાં માંદો પડયો. તે જોઈ સતી તેમની સારવારમાં રોકાઇ.

રાજાને પ્રજાનું સંકટ સાલતું હતું. તેણે પ્રજાને ભૂખે મરતી જોઈ તે દુઃખ ન જોઈ શકવાથી મરવું સારૂં એવો નિશ્ચય કર્યો. આ જોઈ રાણીએ કહ્યું. વ્હાલા, ઈશ્વર મદદ કરશે, પ્રજાને માટે આપણાથી બન્યું તે આપણે કર્યું, અને હજુ પણ પ્રજાને સુખી કરવા આપ અને હું યત્ન કરીએ છીએ. આત્મઘાત કરવો એ તો ઘણું જ ખરાબ છે. માટે આપ ધીરજ રાખો અને ઈશ્વર ઉપર વિશ્વાસ રાખો. આપણે આ વખતે પ્રજાનો ત્યાગ કરવો ન જોઈએ.

આ પ્રમાણે તેણે પોતાના પતિને ધીરજ આપી હતી, ઇશ્વરે તેમની મદદ કરી બીજે જ દિવસે કાશ્મીરમાં પુષ્કળ વરસાદ પડ્યો અને લોકો દુકાળના સંકટમાંથી મુક્ત થયા. આથી રાજા અને રાણી સંતોષ પામ્યાં. થોડા દિવસમાં પુષ્કળ અનાજ પાક્યું અને દુકાળનું સંકટ મટયું. પછી પતિપત્ની રાજ્યકારભાર ચલાવતાં આનંદ ભોગવવા લાગ્યાં. તે પોતાની પ્રજા સુખી હોય એજ ઇચ્છતાં ત્યારપછી કેટલાય વખતે રાજાને ભયંકર રોગ લાગુ પડ્યો. સતીએ ઘણા ઘણા ઉપચારો કર્યા પણ ટેકી ન લાગી આખરે રાજા મરણ પામ્યો. પતિ વિયોગીની રોહિણી ઘણીજ દુઃખી થઇ તેને હવે આ વૈભવ ઝેર જેવાં લાગ્યાં. તે પોતાના પતિ પાછળ સતી થઇ તે જે જગ્યાએ સતી થઇ તે જગ્યા ‘ રોહિણી હમીના ’ નામે પ્રખ્યાત છે. અને તેને લોકો અત્યારે પણ દેવી તરીકે પુંજે છે.

મૃગનયની

—:o:—

આ સતી ગ્વાલિયરના રાજા માનસિંહની સ્ત્રી હતી. તે બુદ્ધિશાળી, વિદ્વાન, રૂપાળી, ઉદાર, ધર્મિષ્ટ અને નીતિવાન હતી. પોતાના પતિ ઉપર તેનો અત્યંત સ્નેહ હતો તે સંગીતમાં ઘણી કુશળ હતી. તે હંમેશાં પતિથી વ્હેલી ઉઠી સ્નાનાદિથી પરવારી સતાર સાથે ઇશ્વર ભક્તિ કરતી. તે હિંમતવાન હતી. પતિને દરેક કાર્યમાં સહાય કરતી.

રાજા માનસિંહને બસો રાણીઓ હતી પણ તેમાં મુખ્ય મૃગનયની હતી. તે અતિ સુંદર હતી તેણે રાજાને પ્રેમથી જીતી લીધો હતો. વળી તે સંગીતમાં કુશળ હોવાથી પતિનું મન રંજન કરતી

માનસિંહ તેના ઉપર ઘણોજ સ્નેહ રાખતો બંને એક બીજા ઉપર અત્યંત પ્રીતિ રાખી આનંદમાં દિવસો વિતાવતાં હતાં. તે ઘણીવાર પતિને સંકટ વખતે મદદ કરતી. તેની ગાયનવિદ્યાની કુશળતા એટલી બધી હતી કે તે વખતે પ્રસિદ્ધ થઈ ગયેલ તાનસેન નામના સમર્થ સંગીતકળા કુશળ વિદ્વાને પણ તેનાં વખાણ કર્યાં હતાં.

આ પ્રમાણે આ સતીએ પોતાના સ્નેહાળ સ્વભાવથી પતિ સેવા કરીને પતિના અંતઃકરણને જીતી લીધું હતું. રાજા તેને ઘણું માન આપતો અને હંમેશાં તેનામાં પ્રીતિ રાખતો.

મેના

મેના એ બિહાર પ્રાંતમાં આવેલા આરગાલના રાજાની રાણી હતી. તે રૂપાળી, શુરવીર, નીતિવાન, પતિવ્રતા અને સદ્‌ગુણી હતી. તે હંમેશાં નિરાધાર અને દુઃખીઓને મદદ કરતી. તે ઘણી દયાળુ હતી. તે પતિની સેવા કરી પતિની આજ્ઞાનું પાલન કરી, પતિને રાજી રાખતી. તેનો પતિ પણ તેના ઉત્તમ ગુણોથી તેના ઉપર અત્યંત સ્નેહ રાખતો. બંને પતિપત્ની હંમેશાં સુખી અને આનંદી રહેતાં. રાજકારભારમાં પણ સતી પોતાના પતિને મદદ કરતી.

રાજા ગાતમ પણ ઘણો શૂરવીર અને હિંમતવાળો હતો. તે દિલ્હીના બાદશાહને ખંડણી આપતો નહોતો તેથી બાદશાહ તરફથી લશ્કર લઈ તેનો સુબો લડાઈ કરવા આવ્યો હતો. તેણે ગંગાના કિનારા ઉપર છાવણી નાંખી હતી.

પુનમના દિવસે રાણીએ ગંગાજીમાં સ્નાન કરવાનો વિચાર કર્યો પણ ગંગા કિનારે દુશ્મનો પડેલા હોવાથી શું કરવું તેની ચિંતા કરવા લાગી. છતાં તે બહાદુર હતી. તેથી કેટલીક દાસીઓ સાથે રાતે ગંગામાં સ્નાન કરવા ગઇ. ત્યાં જઇ તેણે સ્નાન કર્યું. અને શહેરભણી વળી. પણ તે વાતની સુબાને ખબર પડતાં તેણે રાણીને પકડી મંગાવવાનો પોતાના માણસોને હુકમ કર્યો. સૈનિકો તેને પક-

ડવા આવ્યા પણ તે અને તેની દાસીઓ સામે થઇ અને પોતાની પાસે રાખેલી ખંજરથી કટલાકનો ઘાણ વાળ્યો.

સૈનિકો ઘણા હતા તેથી તેમનું કાંઇ ચાલ્યું નહિ અને સૈનિકો તેને પકડવા આગળ આવ્યા પણ તેણે તે જોઈ બૂમ પાડી કે: "અરે આટલા બધામાં કોઈ હિંદુ નથી કે જે હિંદુ સ્ત્રીની રક્ષા ન કરી શકે?" આ સાંભળી બે ચાર પુરુષો તેમની સામે થયા અને રાણીને છોડાવી. આ ઝપાઝપીની વાત રાજા સુધી પહોંચી ગઈ તેથી તે લશ્કર લઇ આવી પહોંચ્યો અને દુશ્મન સૈન્ય નાસી ગયું આ પ્રમાણે આ સતી સ્ત્રીએ દુશ્મન સૈન્ય સામે બહાદુરી બતાવી પોતાનું શિયળ સાચવ્યું હતું.

ઉભયકુમારી.

માળવામાં આવેલી ચંદેરી નગરના પ્રતાપસિંહની પુત્રીનું નામ ઉભયકુમારી હતું. તે રૂપવાન, નીતિવાન, ધર્મિષ્ઠ અને દયાળુ હતી. તેનું લગ્ન સેનિગપુરના રાજકુંવર સુરસેન સાથે થયું હતું. તે શ્રાવસ્તી રાજાને ત્યાં નોકરી કરતો હતો. સુરસેન કુશળ, નીતિવાન અને શૂરવીર હતો. તે દેવીભક્ત હતો. ઉભયકુમારી પરણી સાસરે આવી પોતાના પતિ ઉપર અત્યંત સ્નેહ રાખવા લાગી. સુરસેન પણ તેના ઉપર અત્યંત પ્રીતિ રાખતો. આ દમ્પતી એક બીજાના પ્રેમથી મુગ્ધ બની ગયાં હતાં. પતિની આજ્ઞાનું પાલન કરવું, પતિની છાયારૂપ થઈને રહેવું પતિના ઉપર પ્રીતિ રાખવી એમાં સતી પોતાનું સૌભાગ્ય માનતી. આ પ્રમાણે આ પતિપત્ની એક-બીજાથી અભિન્ન થઈ સુખ ભોગવવા લાગ્યાં.

એક વખતે સુરસેનને યુદ્ધમાં જવાનો હુકમ થયો તેથી તે પોતાની સ્ત્રીને મળવા આવ્યો. સતીએ તેને કહ્યું: "વહાલા, આપ મને અહિં એકલી મૂકીને યુદ્ધમાં ન જાઓ. હું ક્ષત્રિય પુત્રી છું, મને સાથે તેડી જાઓ. હું આપની સેવામાં હાજર રહીશ." પણ સુરસેને કહ્યું કે: "વહાલી, તું કહે છે તે ખરૂં, પણ યુદ્ધમાં તારૂં કામ નહિ. હું જલ્દી વિજય મેળવી પાછો આવીશ.' આથી રાણીએ તેને રજા આપી પણ કહ્યું કે: "વહાલા, ગમે તેમ કરીને પણ વસંતઋતુમાં

પાછા આવજો." આ વાત કબુલ કરી સુરસેન યુદ્ધમાં ગયો અને ઉભયકુમારી ઘેર રહી સારાં વસ્ત્રો ધારણ કરી શિવપૂજન કરવા લાગી.

તેને પતિ વગર ચેન પડતું નહિ, વસન્તઋતુમાં પતિ આવશે એમ માની તેની વાટ જોવા લાગી. થોડો વખત જતાં વસંતઋતુ આવી પહોંચી, તેથી તે આજે પતિ જરૂર આવશે એવી રાહ જોતી પતિની વાટ જોવા લાગી. તેણે વસ્ત્રાલંકારો ધારણ કર્યા, શિવપૂજન કર્યું પછી પતિની રાહ જોતી ઉભી. રાત થઇ પણ તેનો પતિ ન આવ્યો. અંતે પતિ ન આવવાથી નિરાશ થઇ ઘરમાં જઈ પલંગ ઉપર પડી, વિચાર કરવા લાગી કે હજી, સ્વામી ન આવ્યા. પારકી નોકરી કરનારાને પોતાની સ્ત્રી ક્યાંથી સાંભળે ! હાય પ્રભુ, કહેતાં તેણે નિરાશ થઈ પ્રાણ તજી દીધા.

સુરસેન યુદ્ધમાંથી તેજ દિવસે આવવા નીકળ્યો હતો પણ રસ્તામાં વિલંબ થતાં બીજે દિવસે સવારમાં આવી પહોંચ્યો તો પત્નીને મરેલી જોઇ. તેથી તે ઘણો ખેદ કરવા લાગ્યો. પત્ની વિયોગે તેના પણ પ્રાણ નીકળી ગયા. આવી રીતે બંનેએ એક બીજાના વિયોગથી પ્રાણ ત્યજી દીધા. આતે પતિપત્નીનો ખરો પ્રેમ. ખરાં પ્રેમી એક બીજાનો વિયોગ સહન કરી શકતાં નથી. સ્ત્રી પોતાના પતિના ઉપર આવો પ્રેમ રાખી જીવન સુખમાં ગાળી શકે છે.

આ પ્રમાણે સતી સ્ત્રીઓ પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ રાખે છે. જે સ્ત્રીઓ પોતાના પતિ ઉપર આવો પ્રેમ રાખે છે તે જ ખરી સતીઓ છે. હવે મોડું થયું છે માટે બંધ કરીએ. આ પછી સર્વે પોતપોતાને ઘેર જાય છે.



પ્રકરણ ૨૦ મું.

સ્ત્રીઓના ઉત્તમ આચાર વિચાર.

ભો જે દિવસે ચન્દ્રકાન્તાએ કથા શરૂ કરી. તેણે કહ્યું કે બ્હેનો, આપણે મનને કબજે રાખવું જોઈએ. જે સ્ત્રી પોતાના મનને વશ કરી શકે છે તેને કશું અસાધ્ય નથી. તેને કદાપિ કોઇ પણ વસ્તુમાં મોહ ઉપજતો નથી. તેણે પોતાના મનને સદ્વિચારોમાં જોડેલું રાખવું, અને સદ્વર્તન સેવ્યા કરવાં. નવરા બેસી રહેવાથી ખરાબ વિચારો આવે છે. સ્ત્રીના આચાર વિચાર ઉપર તેની પ્રજાના ભવિષ્યનો આધાર છે.

સ્ત્રીઓએ હંમેશાં પતિમાં ઈશ્વરબુદ્ધિ રાખી નીતિથી કરેલ પણે ચાલવું ઉછાંછળું પણું કદી પણ કરવું નહિ. હંમેશાં મર્યાદા સાચવીને ચાલવું. જો સ્ત્રી નીતિવાળી હોય છે તો તેની પ્રજામાં પણ નીતિના સંસ્કારો ઉતરી આવે છે. સ્ત્રીઓ પોતાનો ગૃહસ્થાશ્રમ સુખમય કરવા, પતિને સુખ આપવા, અને પોતાની પ્રજાને હિંમતવાળી, નીતિવાળી અને આનંદી બનાવવા લક્ષ આપવું.

તેણે પોતાના પતિના ગમે તેવી સ્થિતિમાં પણ સંતોષ માની પતિસેવા કરવી. કદાપિ પણ પતિ ઉપર રોષ કરવો નહિ, પોતાની ઝુંપડી જેવું પરના બંગલામાં સુખ નથી એમ માનવું. બીજાનું સુખ દેખી લોભાવું નહિ. પારકે ઘેર કામ વગર પતિની આજ્ઞા સિવાય જવું નહિ. હંમેશાં ઉદ્યોગી રહેવું. ઘરમાં કાંઇને કાંઇ કામ કાઢીને બેસવું. ઉત્તમ વિચારો કરવા, ઉત્સાહી અને આનંદી રહેવું. પતિને ઉત્સાહી અને આનંદી બનાવવા યત્નશીલ રહેવું. પતિ તરફથી જે મળે તેમાંજ સુખ માનવું, કોઈના ઉપર દ્વેષ રાખવો નહિ, કોઈની

સાથે લડવાનો સ્વભાવ રાખવો નહિ. કોઈ બે બોલ કહે તો ગળી જવા પણ ક્રોધ કરી તેની સાથે લડવા દોડવું નહિ.

જેની અને તેની સાથે લડનાર સ્ત્રીની આબરૂ હલકી ગણાય છે. કોઇની પણ નિંદા કરવી નહિ. જેની સાથે ન બને તેની સાથેનો વ્યવહાર ટુંકાવી નાંખવો. કોઇની ચાડી કરવી નહિ, નવરાં બેસી એક બીજાની કુથલી કરવી નહિ. પતિને સંકટ વખતે ધીરજ આપવી. પોતાના સંગથી પતિને સુખ આપવું. હંમેશાં પ્રયત્નશીલ રહેવું.

ગૃહસ્થાશ્રમના સુખનો આધાર સ્ત્રી ઉપર હોય છે. તેણે પોતાના ઘરમાં સર્વ સાથે સ્નેહ રાખી સંપીને રહેવું. બીજી સ્ત્રીઓની સાથે કામ કરવામાં હુંસાતુંસી કરવી નહિ. ઘરમાં સ્ત્રી એ પતિના વિશ્રામ-સ્થાન તુલ્ય છે. તેણે શાન્તપણે કાર્ય કરવું. ચિડાવું નહિ, ઘરમાં ક્લેશ તો કદાપિ પણ કરવો નહિ. તેણે પોતાના પતિને મદદ કરી સુખી કરવા યત્નશીલ રહેવું. પતિને કોઇ રીતે ઉદ્વેગ થવા ન દેવો.

ઘરને સ્વચ્છ રાખવા હંમેશાં કાળજી રાખવી. ઘરમાં સર્વ સંપીને રહે તેમ કરવું. પોતાનાં સગાં સાથે સ્નેહથી વર્તવું. તેમનાં મન સાચવીને વર્તવું. કોઇના દોષ જોવા નહિ. કોઇને મ્હેણાં મારવાં નહિ. પતિની સેવામાં પોતાનું અહોભાગ્ય માનવું. માયાળુ સ્વભાવ રાખવો. બાળકોને સ્નેહથી ઉછેરી કેળવવાં, પતિ તમારૂં ભરણપોષણ કરે છે તો તમારે તેના ઉપર સ્નેહ રાખી તેમને સુખ આપવું એ તમારૂં કર્તવ્ય છે. ઘરમાં સાસુ કે નણંદ સાથે તકરાર કરવી નહિ. બ્હેનો એ પ્રમાણે પોતાનો ગૃહસ્થાશ્રમ સર્વોત્તમ બનાવવો. જેમ વડની છાયામાં સર્વ કોઇને શીતળતાનો લાભ મળે છે તેમ તમારા ગૃહ-સ્થાશ્રમમાં સર્વને આનંદ થવો જોઇએ. પૂર્વે ઘણી સતી સ્ત્રીઓ આપણે માટે પોતાની જીવનકથા મૂકી ગઇઓ છે. તેમના જેવા થઈ આ ગૃહસ્થાશ્રમ સુખરૂપ બનાવવો એ આપણું કર્તવ્ય છે.

ઈચ્છનકુમારી.

પૂર્વે ઇચ્છનકુમારી નામનાં સતી થઇ ગયાં છે. તે આબુના ચંદ્રાવતી નગરના રાજા જેતસી પરમારનાં પુત્રી હતાં. નાનપણથીજ તેમનું રૂપ ગૌર વર્ણનું હોવાથી ઉમ્મરે આવતાં તેમનું

સૌંદર્ય ખીલી નીકળ્યું હતું. તે બુદ્ધિવાન, નીતિવાન, ઉદાર, શૂરવીર અને ધર્મિષ્ટ હતી. તેના રૂપની વાત સાંભળી ભોળો ભીમદેવ તેને પરણવા લલચાયો હતો. પણ ઇચ્છનકુમારીએ પૃથ્વીરાજના રુપ અને ગુણની વાત સાંભળી તેની સાથે લગ્ન કરવાનો નિશ્ચય કર્યો હતો. જેથી તેના બાપે તેને પૃથ્વીરાજ સાથે પરણાવી હતી.

ઇચ્છનકુમારી પતિવ્રતા હતી, તે પોતાના પતિને ઇશ્વરતુલ્ય માની સેવા કરતી. પતિની આજ્ઞાનું પાલન કરી તેની પ્રીતિ સંપાદન કરતી. બંનેમાં અત્યંત પ્રેમ હતો. સર્વ રાણીઓ કરતાં પૃથ્વીરાજ ઇચ્છિનકુમારી ઉપર વધુ પ્રેમ રાખતો હતો. તેને એક પુત્રી થઇ હતી તેનું નામ ઉષાવતી હતું.

આ વખતે શાહબુદીનઘોરી દીલ્લી ઉપર ચઢી આવ્યો તેને પૃથ્વિરાજે હરાવી પાછો જવા દીધો હતો પણ ફરી તેણે વધુ લશ્કર સાથે સને ૧૧૯૩ માં ચઢાઇ કરી, તે વખતે પણ તેને હરાવી પાછો કહાડયો હતો લડાઈની જીતમાં રાત્રે આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો. સર્વ સૈનિકો નિર્ભય થઇ આનંદમાં રાત્રિ ગુજારતા હતા તે વખતે શાહબુદીને કપટથી રજપૂતો ઉપર હુમલો કર્યો. બંને પક્ષ વચ્ચે યુદ્ધ થયું. તેમાં પૃથ્વીરાજ ઘાયલ થઈ શત્રુના હાથમાં પકડાયો.

આ વખતે ઉષાવતી માંદી હોવાથી ઇચ્છનકુમારી તેની સારવાર કરતી હતી. ત્યાં આવી એક સિપાઇએ પૃથ્વીરાજ મરાયાની વાત કરી અને કહ્યું કેઃ દેવી યવનો જીત્યા છે, અને આપણી છાવણી લુંટવા આવે છે માટે ચાલો મેનો તૈયાર છે." આ સાંભળી રાણીએ કહ્યુંઃ મહારાજ કયાં છે ? તેણે કહ્યું એ તો પડયા." આ સાંભળી રાણીએ પૂછ્યું, સમરસિંહ કયાં ? સિપાઇએ એનો યવનો સાથે હજુ ટક્કર ઝીલી રહ્યા છે અને યુવરાજ કલ્યાણે તો પ્રાણ તજી દીધો છે. આ સાંભળી માંદી રાજકન્યા ગભરાઈ અને કારમો ચીસ પાડી. હે નાથ, છેવટે પ્રાણ આહુતી આપી ! આમ કહી તરતજ તેણે પ્રાણ છોડી દીધા. તે જોઇ રાણીએ બે ફાટ રડકકળ કરવા માંડી.

સૈનિકે કહ્યું " રાણીજી હવે ઉઠો તો સારૂં, દુશ્મનો ધસી આવતા લાગે છે. તેથી રાણીએ કહ્યું : અરે, ક્ષત્રિયાણીને બીક શી ! પતિ ગયા ! હવે ભય શો ? જીવન શું કામનું ! હવે જીવ બચાવીને શું કરવું ! હાય પતિ ! આમ કહી તે સતી થવા તૈયાર થઇ. ચિતા ખડકાવી કુંવરી ઉષાને લઇ સતી થવા તૈયાર થઇ. તેવામાં એક

સૈનિકે આવી કહ્યું, દેવી! દિલ્લિશ્વરે કહેવરાવ્યું છે કેઃ—" રાણીએ પૂછ્યું : હેં દિલ્લિશ્વર ! તેમણે તો પ્રાણત્યાગ કર્યો છે ને ! સૈનિકે કહ્યું : ના તે હજી જીવે છે. યુદ્ધમાં ઘવાયા અને શત્રુના હાથમા કેદ થયા છે. "

આ સાંભળી રાણી ગુસ્સે થઇ બોલી : હેં દિલ્લિશ્વર કેદ થયા અને હજુ તમો રજપૂતો જીવતા છો ? ભલે ! હું ક્ષત્રિયાણી છું. એકલી જઇશ અને મારા પતિને છોડાવીશ. આમ કહી તે ઉઠી યુદ્ધનો પોષાક પહેરી શસ્ત્રો ધારણ કરી ઘોડા ઉપર સવાર થઇ યુદ્ધ તરફ જવા લાગી. તેની આંખો ક્રોધથી લાલ ચોળ થઈ રહી છે. તેને જતી જોઈ રજપૂતોમાં પાણી ચઢયું અને મરણીયા થઈ તેની સાથે જવા તૈયાર થયા. તે વખતે યવનો વીર સમરસિંગનો વધ કરી રજપૂતોની છાવણી લુંટવા આવતા સામા મળ્યા. તેમની વચ્ચે ભયંકર યુદ્ધ થયું.

રાણીએ રજપૂતોને લઈ ઘણા શત્રુઓનો ઘાણ કાઢી નાખ્યો. યુદ્ધમાં તે વિકાળ ચંડિકાની માફક ઘુમતી હતી તેવામાં શત્રુ તરફથી એક તીર છુટયું તે રાણીને વાગતાં તે બેશુદ્ધ થઇ જમીન પર પડી, શત્રુઓ તેને લેવા ધસી આવ્યા પણ તેવામાં એક રજપૂતે તે રાણીને ઉંચકી ઘોડા ઉપર પોતાના ખોળામાં બેસાડી અને ઘોડો મારી મૂકયો. ઉપાવતીની ચિતા પાસે ચિતા ખડકારી રાણીના શબને દહન કર્યુ. તે જોઇ બીજી રાણીઓ અને દાસીઓ પણ ચિતામાં પડી બળી મરી.

આ પ્રમાણે આ સતી સ્ત્રીએ યુદ્ધમાં પોતાના પતિને માટે ખરી વીરતા બતાવી પોતાનો પ્રાણ આપ્યો હતો.

સારિકા.

સારિકાનો જન્મ એક બ્રાહ્મણને ત્યાં થયો હતો. તેનું લગ્ન ટિશીયા નામે વિદ્વાન સાથે થયું હતું, સારિકા વિદ્વાન, બુદ્ધિવાળી, પતિવ્રતા અને દયાળુ હતી. તેનો પતિ પણ વિદ્વાન અને ઠરેલ હતો. સારિકા પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ રાખતી હતી. પતિ પત્ની વચ્ચે સ્નેહ ઉત્તમ પ્રકારનો હતો. તેને એક પુત્ર થયો તેનું નામ સારિપુત્ર કહેવાયું. તેને તેણે કેળવી ઉત્તમ બનાવ્યો હતો. તેની માના સદ્‌ગુણો તેનામાં ઉતરી આવ્યા હતા. પુત્રે બુદ્ધધર્મનો સ્વિકાર કરી તેનો ફેલાવો કર્યો હતો. બુદ્ધ ધર્મ માનનારાઓમાં તે પ્રખ્યાત થઇ

ગયો છે. તેની માતાએ તેને નાનપણથી એવા સંસ્કારો નાખ્યા હતા કે તેનું નામ અમર થઇ ગયું છે. આવી સતી સ્ત્રીઓ પોતાના પુત્રને જેવો બનાવવા ધારે છે તેવો તે બનાવી શકે છે.

ભાનુમતી

કાશીના બાણુ મોરલીધરની સ્ત્રીનું નામ ભાનુમતિ હતું. તે શાંત, દયાળુ, પરોપકારી, નીતિવાન, ધર્મિષ્ટ અને ગૃહ કાર્યમાં કુશળ હતી. હંમેશાં પતિ સેવા કરી પતિનું મન રંજન કરતી. તે સ્હવારમાં વ્હેલી ઉઠી ઘર સ્વચ્છ કરતી. પતિની પ્રીતિ મેળવવા તેમના કાર્યમાં મદદ કરતી. પતિની આજ્ઞાનું પાલન કરતી. ઘરની બાબતમાં તેના પતિને ધ્યાન આપવું પડતું નહિ. પતિ પણ તેનું સન્માન જાળવી સંતોષ આપતો. તે સ્ત્રીની વખતે પોતાના કામમાં પત્નીની સલાહ લેતો. બંનેનો આત્મા એક હતો માત્ર દેખાવમાંજ શરીર જુદાં જણાતાં.

સાસરાનાં સર્વાં સંબંધીમાં પણ તેણે નામ કાઢયું હતું. તે દુઃખીને, દરિદ્રીને મદદ કરતી, તે હંમેશાં ગંગા સ્નાન કરવા જતી, ત્યાંથી આવતાં જે ગરીબ, નિરાધાર અને દુઃખી જણાય તેને અન્ન, વસ્ત્ર વિગેરેથી સંતોષતી. સુવાવડી સ્ત્રીઓની સારવાર કરવા જતી. જે કોઇ રોગી હોય તેની ચાકરી કરતી. દવા અને ખોરાક આપવો એ તેનું નિત્યકર્મ થઇ પડયું હતું. તેના પતિની પણ તે વાતમાં સંમત્તિ હતી. તે પતિ પત્ની ઘણાં દયાળુ હતાં.

બપોરના જમી પરવારી ધર્મનાં પુસ્તકો વાંચતી, બીજી સ્ત્રીઓ જે તેની પાસે આવે તેને પતિવ્રત પાળવાની, સદ્દગુણી થવાની સલાહ આપતી. આમ પતિપત્ની પરોપકાર કરતાં સુખી જીન્દગી ગુજારતાં હતાં. બંનેમાં અતુલ પ્રેમ હતો. એવામાં તેનો પતિ મોરલીધર માંદો થયો. સતીએ તેને માટે ઘણા પૈસા ખર્ચી દવા દારૂ કરી, જાતે સેવા કરી પણ ફેર ન પડયો અને અંતે સ્વર્ગવાસી થયો. પોતાનો પતિ મૃત્યુ પામતાં તેણે ઘણું કલ્પાંત કર્યું. તેણે કહ્યું : હવે જીવીને શું કરવું, પતિ વગરનું જીવન શું કામનું. આમ વિચાર કરી તે મેડા ઉપર ચઢી અને દેવસેવા આગળ બેસી પતિ અને ઇશ્વરનું ધ્યાન કરતાં આયુનો ત્યાગ કરી દીધો.

આ પછી તેને અને તેના પતિને એક ચિતામાં બાળ્યાં. આવી આવી સતી સ્ત્રીઓ જવલ્લે જ હોય છે. તેમનો પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ હોવાથી પતિનું મરણ થતાં જીવી શકતી નથી. ધન્ય છે પતિ ઉપર આવો પ્રેમ રાખનાર સતીને.

ગંગાદેવી.

ગંગાદેવી એ ગંદાબાના કિલ્લાના મદારસિંહની પુત્રી હતી. તે નાનપણથી રૂપાળી, હિમતવાન, શૂરવીર અને બુદ્ધિવાળી હતી. તેને વિજયપુરના દેવીસિંહ સાથે પરણાવી હતી. પતિની સેવા કરી ગંગાએ પોતાના પતિની પ્રીતિ સારી રીતે મેળવી લીધી હતી. એક વખતે મહંમદગીજની સોરઠી સોમનાથ મહાદેવનો નાશ કરી ગંદાબાના કિલ્લા ઉપર ચઢાઈ કરી ત્યાંથી લુંટ ચલાવી ઘણું ધન લઈ ગયો તે વખતે તે કેટલીક સ્ત્રીઓને પણ કેદ કરી લઇ ગયો હતો તેમાં ગંગા પણ તેને હાથે પકડાઇ હતી. આ વખતે ગંગાની ઉમ્મર પંદરેક વર્ષની હતી. તેની યુવાની ખીલી રહી હતી. મહમદ ત્યાંથી પાટણ આવ્યો. જેથી ગંગાને પણ કેદી તરીકે ત્યાં આણી હતી.

ગંગાના ઉપર મહંમદના પુત્રની નજર પડતાં તેને તેના રૂપનો મોહ લાગ્યો. તેથી તેણે તેને પોતાની દુષ્ટ ઇચ્છા પુરી કરી સુખી થવા સંદેશો કહાવ્યો. તેણે તેનો ઈન્કાર કર્યો તેથી કુંવર જાતે તેની પાસે આવ્યો. અને કહેવા લાગ્યો કેઃ “ હે પ્યારી ! તું મારા ઉપર પ્રીતિ રાખ, મારી સ્ત્રી થવા તૈયાર થા. મારી સાથે નીકા પડીશ તો તને હું ઘણું સુખ આપી મારી બીબી બનાવીશ. સુંદર ખાનપાન, વસ્ત્રો અને અલંકારો મળશે. ” આ સાંભળી તેણે કહ્યું : “હે કુંવર ! હું ગરીબ છું, કેદી છું, છતાં પતિવ્રતા છું. પરપુરૂષની સાથે સંબંધ રાખવો તેના કરતાં મરવું મને સારૂં છે. માટે આવી વાત મને કરવી નહિ. તમારા રાજ્ય, ધન અને સુખનું મારે કાંઈ પણ કામ નથી. હું મારૂં શિયળ વેચી મોજમઝા ભોગવવા ઇચ્છતી નથી. તમારી લાલચ મને લપટાવી શકશે નહીં માટે પાછા ચાલ્યા જાઓ. નહિ તો મારો જીવ આપીશ. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ વગર બીજા સર્વને ભાઇ બાપ સમજે છે. તમે આ વાત જવા દો.

આ સાભળી કુંવર નિરાશ થઇ વીલે મોંઢે પાછો ગયો. તેણે વિશ્વાસુ નોકર સુજાતને આ વાત કરી અને ગમે તે રીતે ગંગાને કબજે લેવા વિચાર કર્યો. સુજાત તેની વાત કબુલ કરી ગંગા પાસે ગયો. તેને જોઇ ગંગા સમજી ગઈ. તેને પણ કુંવરના જેવો જવાબ આપ્યો. પણ સુજાત માને તેમ નહોતો, તેણે તેના ઉપર બળાત્કાર કરવાનો વિચાર કર્યો તેથી ગંગાએ તેને યુક્તિથી ફસાવાનો વિચાર કરી કહ્યું. મીયાં, હું તમારે તાબે થવા ખુશી છું પણ હું કહું તેમ તમે કરવા તૈયાર થાઓ. મને મુસલમાની પોશાક ગમતો નથી માટે દાઢી કઢાવો, મારા ઉપર તમારૂં કેવું હેત છે તે બતાવો, આમ કહેવાથી ગગાનું રૂપ જોઇ લટ્ટુ બનેલા મીયાંએ દાઢી કપાવી નાખી. પછી મીયાંએ કહ્યું કે હું તારે માટે પુરૂષનો પોષાક લાવ્યો છું તે પહેરી લે તો આપણે આજેજ ગીજની ઉપડી જઇએ. તેથી ગંગાએ કહ્યું ઠીક; તમે જરા મારાં કપડાં પહેરી મને ખુશ કરો તો ખરા. હું જોઉં છું કે તમે મારૂં કેવું કહ્યું માનો છો. આ સાંભળી મિયાં કામી બન્યા હતા એટલે ગંગાના કપડાં પહેરી લીધાં ને ગંગાએ પુરૂષનો વેશ ધારણ કર્યો.

મિયાં વ્યસની હતો તેથી સાથે દારૂ વિગેરે લઇ ગયો હતો તે ગંગાને પીવાનો આગ્રહ કર્યો. ગંગાએ તેને કહ્યું કે: મારી પાસે લાવો, પહેલાં હું તમને મારા હાથે પાઉ. એ પણ પ્રેમની નિશાની છે, આમ કહી તેણે મિયાંને ખૂબ દારૂ પાઇ દીધો. મિયાંને કેફ ચઢી. તેથી જરા આરામ લેવાનું કહી સૂઈ ગયા. ગંગાએ જાણ્યું કે ઠીક લાગ આવ્યો છે. આમ ધારી મિયાંની તરવારથીજ મિયાંનો ત્યાં ઘાટ ઘડી પોતે પુરુષના વેશમાં બહાર નીકળી મિયાંના જ ઘોડા ઉપર સવાર થઈ ચાલી ગઇ.

બીજે દિવસે કુંવરે તપાસ કરી તો ગંગા મળી નહિ પણ ગંગાના પહેરવેશમાં મિયાં સુજાતને મરેલો જોયો. આ પ્રમાણે ગંગાએ પોતાના શિયળને સાચવ્યું. તેને ધન, રાજ્ય, મહેલ કશું લોભાવી શક્યું નહિ. તે પછી તે પોતાના પતિ પાસે આવી પતિવ્રતા ધર્મ પાળતી, પતિની સેવા કરતી આનંદ ભોગવવા લાગી.

શીવાદેવી—પ્રતાપાદીત્ય.

શીવાદેવી એ બંગાળામાં આવેલા જેસોરના રાજા પ્રતાપાદિત્યની રાણી હતી. તે પતિવ્રતા હતી, છતાં ધર્મિષ્ટ અને નીતિવાન હતી. પ્રતાપાદિત્ય હિંમતવાળો અને બહાદુર હતો છતાં દુષ્ટ સ્વભાવનો હતો. તેણે આજુબાજુના લુંટારાઓને પોતાના પક્ષમાં લઇ આજુબાજુના રાજ્યોમાં લુંટ ચલાવી પુષ્કળ ધન એકઠું કરવા માંડયું. આ વખતે દિલ્લીની ગાદીએ અકબર બાદશાહ રાજ્ય કરતો હતો. તેને પણ તેણે હંફાવ્યો હતો. તે ખંડણી આપતો નહિ.

આ પ્રમાણે અનીતિ કરી લુંટફાટનો ધંધો કરવાથી સતી શિવાદેવી પોતાના પતિને ઘણું સમજાવતી અને નીતિમય જીવન ગાળવા કહેતી. પણ પૈસા અને રાજ્યના લોભમાં તે તેનું કહેવું માનતો નહિ.

તેના એક વૃદ્ધ કાકા વસંતદાસ હતા. તે પોતાના મતને મળતા ન થવાથી પોતાના રાજ્યમાંથી દેશનિકાલ કરવાથી તે ત્યાંથી દૂર એક ગામડામાં રહેતા હતા. વસંતદાસ વખતે ખટપટ કરી બાદશાહને મળી પોતાનું રાજ્ય લઇ ન લે એવા હેતુથી તેમને મારી નાંખવા માટે તેણે પ્રપંચ રચ્યો. આ વખતે શિવાદેવીએ પોતાના પતિને તેવું પાપકર્મ ન કરવા ઘણું સમજાવ્યો, પણ તે રાજ્યના અહંકારના મદમાં કાંઇ માનતો નહિ. રાણી બિચારી ખેદ કરવા લાગી. તેણે વૃદ્ધ કાકા વસંતદાસનો જીવ બચાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેનું કાંઇ ચાલ્યું નહિ.

પ્રતાપાદિત્યે પોતાના કાકાને તેડવા સંદેશો મોકલ્યો. જેથી વસંતદાસ ભત્રિજાને મળવા ખુશી થતો થતો જેસોર આવવા નીકળ્યો. તે ભલો માણસ હતો. તેને બીજું કાંઇ સંતાન ન હોવાથી પોતાના ભત્રીજા પ્રતાપાદિત્ય ઉપર પુત્ર જેટલો પ્રેમ રાખતો. તે વારંવાર તેને શિખામણ આપતો, નીતિથી ચાલવાનું કહેતો. ઇશ્વરનો ડર રાખીને પ્રજાનું પાલન કરવાનું કહેતો. પણ તેનું પ્રતાપાદિત્ય કાંઇ માનતો નહિ. આજે તે પોતાના પુત્રતુલ્ય ભત્રીજાને મળવા હોંસથી આવતો હતો ત્યાં તો પ્રતાપાદિત્યે મોકલેલા મારાઓએ તેને રસ્તામાંજ મારી નાખ્યો.

પ્રતાપાદિત્યને એક પુત્ર હતો તે સદ્‌ગુણી હતો. તેનામાં તેની માના ગુણ ઉતરી આવ્યા હતા પુત્ર પોતાનું કહ્યું ન માનતો હોવાથી તેનો પણ પ્રતાપાદિત્યે ત્યાગ કર્યો હતો. તે વસંતદાસની પાસે ગયો હતો. તેણે કાકાને મારી નાખ્યાની વાત પોતાની માતા શિવાદેવીને કહી તેથી તેણે ઘણોજ ખેદ કર્યો અને પતિને આવાં કૃત્ય કરવા માટે ઠપકો આપ્યો.

આ વખતે તેની બુમ ચોગરદમ ફેલાઈ હોવાથી અકબરે લસ્કર લઈ રાજા માનસિંહને તેની સામે લડવા મોકલ્યો. પ્રતાપાદિત્ય પણ પોતાનું લસ્કર લઇ તૈયાર થયો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું તેમાં પ્રતાપાદિત્ય હાર્યો અને કેદ પકડાયો. શિવાદેવીએ તે વખતે શત્રુઓની સામે લડી પોતાના કિલ્લાનું રક્ષણ કર્યું હતું. તેના શુરવીરપણાથી માનસિંહ ખુશી થયો હતો. તે પ્રતાપાદિત્યને કેદ કરી દિલ્લી લઇ જવા લાગ્યો. શિવાએ તેને છોડાવવા ઘણું કર્યું પણ માનસિંહે તેનાં દુષ્ટ કર્મોથી તેને છોડ્યો નહિ. તેથી રાણી પણ પતિ સાથે દિલ્લી જવા નીકળી હતી.

રસ્તામાં પ્રતાપાદિત્યનું મૃત્યુ થયું અને તેથી સતી શિવા પણ પતિના શબની સાથે રસ્તામાં બળી મરી સતી થઈ હતી. તેણે પોતાના અવળે રસ્તે ચાલતા પતિને સુધારવા ઘણો પ્રયત્ન કર્યો હતો પણ તેનું ન માનવાથી આખરે તેની બુરી દશા થઇ.

રાજબાળા—અજીતસિંહ.

રાજબાળા એ દેશલપુરના ઠાકોર પ્રતાપસિંહની પુત્રી હતી અને તેનું સગપણ ઉમરકોટના મહારાજા અનારસિંહના પુત્ર અજીતસિંહની સાથે થયું હતું. રાજબાળા નાનપણથી રૂપાળી, તેજસ્વી, નીતિવાન, શુરવીર અને હિંમતવાન હતી. પતિની સેવા કરી પતિની આજ્ઞાનું પાલન કરતી. અનારસિંહ કેટલાક લુંટારાઓની આગેવાની લઇ ઘણીવાર લુંટ કરતો હતો. એકવાર કચ્છના રાવની તીજોરી લુંટવા જતાં ગોળી વાગવાથી તે મરણ પામ્યો અને કચ્છના રાવે તેનું રાજ્ય કબજે લઈ લીધું. કુંવર અજીતસિંહ નાની ઉમ્મરનો હતો તેને તેની માએ રાજ્ય જતાં સાધારણ સ્થિતિમાં ઉછેરી મોટો

કર્યો. રાજબાળાએ પતિને જોતાં તેના ઉપર પ્રેમ બંધાઈ ગયો હતો તેથી તેની ગમે તેવી સ્થિતિ હોય છતાં તેનીજ સાથે લગ્ન કરવાની હઠ લીધી.

અજીતસિંહ પણ તેને ચ્હાતો હતો, તેથી તેણે રાજબાળા સાથેજ પરણવાનો નિશ્ચય કર્યો. પ્રતાપસિંહે લગ્નની તૈયારી કરી, પણ અજીતસિંહ પાસે તો દોઢીયું નહોતું. રાજદરબારના ઠાઠ પ્રમાણે પંદરેક હજાર રૂપિઆ ખર્ચ થવાનો સંભવ હતો તે ક્યાંથી લાવવા તેનો તેને વિચાર થઈ પડયો. તેણે જેસલમેરના એક શેઠ પાસે રૂપિઆ માગ્યા. શેઠે આપવાની તો હા કહી પણ જામીન માગ્યા; અજીતસિંહ જામીન પણ આપી શકે તેમ નહોતું. તેથી શેઠે તેની પાસે સરત કરી કેઃ મારા રૂપિઆ આપ્યા વગર તમારે પતિપત્ની તરીકેનો સંબંધ ભોગવવો નહિ એવી પ્રતિજ્ઞા કરો તો રૂપિઆ આપું. અજીતસિંહે તેવા કરારથી રૂપિઆ લીધા અને ધામધુમથી પરણવા ગયો રાજબાળાને પરણી આણી પણ તેની સાથેનો પતિપત્ની તરીકેનો સંબંધ રાખ્યો નહિ તેથી રાજબાળા ઘણી ખેદ પામી. તેણે પોતાના પતિને કહ્યું કેઃ આપ હંમેશાં ઉદાસ દેખાઓ છો તેનું કારણ શું? આપના દુઃખમાં મારો પણ ભાગ છે માટે કહેવા કૃપા કરો.

આથી અજીતસિંહે શેઠની પાસે લીધેલી પ્રતિજ્ઞાની વાત કરી. રાજબાળા સઘળી વાત સમજી ગઇ, તેણે પતિને ધીરજ આપી કહ્યું: "ઓહો! એમાં છે શું! ચાલો આપણે બંને પુરુષનો વેશ લઇને પરદેશ કમાવા જઇએ. અહિં કાંઇ પૈસા મળે તેમ નથી. હું આપની છું. આપના દુઃખને ઓછું કરવું એ મારી ફરજ છે." આવી રીતે પતિને તેણે હિમ્મત આપી અને બીજે દિવસે રાજબાળાએ રાજકુંવરનો યોગ્ય પોશાક પહેરી ઘોડા ઉપર બેસી નોકરી શોધવા પોતાના પતિ સાથે તે અને તેનો પતિ ઉદેપુર તરફ ગયાં. તે વખતે ત્યાં જગતસિંહ રાજ્ય કરતો હતો. તેણે આ બન્ને રાજકુંવરને જોતાં પોતાની પાસે બોલાવી હકીકત પૂછી. અજીતસિંહે કહ્યું અમે રજપૂત છીએ. નોકરી માટે આવ્યા છીએ. રાણાએ તે કોઇ રાજકુંવર છે એમ માની તેમને પોતાના રાજ્યમાં નોકરીએ રાખ્યાં.

એક વખતે દશરાને દિવસે રાણાજી સૈન્ય સાથે શિકારે નીકળ્યા હતા ત્યાં ખબર આવી કે જંગલમાં અમુક જગ્યાએ વાઘ પડેલો

છે. તેથી રાજાએ સર્વ સૈનિકોને તેને ઘેરી લેવાનો હુકમ કર્યો અને તેને કોઇએ પોતાની તરફથી જવા ન દેવો, અને જે જવા દેશે તેને તેની નોકરીમાંથી કાઢી મુકવામાં આવશે એવો હુકમ કર્યો. આ વખતે રાજબાળા અને અજીતસિંહ પણ ત્યાં હતાં.

વાઘને સર્વેએ ઘેર્યો અને તેથી ખીજવાઇ તે ઉભો થઇ બરાડા મારતો રાજાના ઉપર જ તલપ મારવા તૈયાર થયો. તેને પોતાના તરફ આવતો જોઇ રાજાનો જીવ ઉડી ગયો. જેવો તે તલપ મારી રાજાના ઉપર ધસ્યો કે તરતજ રાજબાળા અને અજીતસિંહ વાઘને જતો અટકાવવા ત્યાં આવી પહોંચ્યાં અને વાઘને તરવારથી ઠાર કર્યો. રાણાનો જીવ બચ્યો.

રાણો તેથી તેમના ઉપર ઘણો ખુશી થયો અને ઘણું માન આપી પગાર વધારી પોતાની પાસે રાખ્યા. તેમને પોતાના જેવાંજ વસ્ત્રાલંકારો, અને ખાવાપીવાનો બંદોબસ્ત કર્યો અને હંમેશાં તેમને રાજમહેલમાં રાજાને સુવાના ઓરડા પાસે સુઇ રહેવાનો હુકમ કર્યો.

એક વખતે રાણાજી અંતઃપુરમાં ગયા અને ત્યાં રાણી સાથે સુખ ભોગની વાતો કરતા આનંદ કરતા હતા તેવામાં બહાર બેઠેલી પુરુષના વેશમા રાજબાળાએ નિસાસો નાંખ્યો. તે જોઇ રાણી સમજી કે જરૂર બહાર કોઇ સ્ત્રી છે. આથી તપાસ કરાવી તો પેલા બે રાજકુંવરોનેજ દીઠા. તેમને બોલાવી રાણાએ પૂછ્યું કે તમારા બેમાં સ્ત્રી કોણ છે? આ સાંભળી કોઇએ જવાબ ન આપ્યો તેથી રાણાએ કહ્યું: જે સાચું હોય તે કહો, હું તમારા ઉપર ખુશી છું. તેથી અજીતસિંહે કહ્યું: અમે તાલુકદાર છીએ માટે પડદો થાયતો કહેવાય તેથી આડો પડદો કરતાં રાજબાળા તરત નીચું ઘાલી અંતઃપુરમાં ગઇ. રાણીએ તેને સુંદર વસ્ત્રાલંકારો આપ્યા અને રાણાએ અજીતને આમ કરવાનું કારણ પૂછ્યું. તેથી તેણે કહ્યું કે: વાણીયાના પંદર હજાર રૂપિઆ આપ્યા વગર અમારે દમ્પતી પ્રેમ ન ભોગવવાની પ્રતિજ્ઞા છે, તેથી અમારે આવા વેશે નોકરી કરવી પડે છે.

રાણો તે બંનેનો ટેક જોઈ ખુશી થયો અને પોતે રૂપીઆ આપી વાણીયાનું દેવું ચૂકવી દીધું. અને પોતાનો જીવ બચાવનાર રાજબાળા એક સ્ત્રી નીકળી, તેથી તેની બહાદુરીનાં વખાણ કરવા લાગ્યો. પછી રાણાએ તેમને જાગીર આપી અને ઉમ્મરકોટ જીતી અજીતસિંહને તેનો રાજા બનાવ્યો. આ પછી રાજબાળા પતિસેવા

કરી સુખે રાજ્યવૈભવ ભોગવવા લાગી. સતી રાજબાળાએ આ પ્રમાણે પોતાના પતિનું પણ સાચવ્યું અને પતિને મદદ કરી. તે હંમેશાં પતિની આજ્ઞા પાળી પતિને સંતોષ આપતી. અજીતસિંહ પણ તેના ઉપર પ્રસન્ન રહેતો. આ બંનેજણાંએ પછીથી આનંદમાં દિવસો વ્યતિત કર્યા.

સતી સ્ત્રીઓ આ પ્રમાણે પોતાના પતિને મદદ કરી પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહે છે. પતિને નીતિના માર્ગે ચાલવા બોધ આપે છે. આ પછી ચન્દ્રકાન્તાએ સર્વ સ્ત્રીઓને સાંભળેલું આચારમાં મૂકવાનું કહી કથા બંધ કરી.

પ્રકરણ ૨૧ મું.

પતિવ્રતા સ્ત્રીઓનો પતિ પ્રત્યેનો પ્રેમ.

જે દિવસે ચન્દ્રકાન્તા એ સર્વના આવ્યા પછી પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિ ઉપર કેવો પ્રેમ રાખી શકે તે સંબંધમાં કહેવા માંડ્યું. તેણે કહ્યું કે:

જુઓ બ્હેનો, પતિવ્રતપણું પાળવું એ આપણો ધર્મ છે. આપણે આપણા પતિ ઉપર અત્યંત પ્રેમ રાખી આપણા પ્રાણ કરતાં પણ અધિક ગણી શકીએ તોજ આપણે પતિવ્રતપણું પાળી શકીએ. સ્ત્રીઓને પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુ એ તેનો પતિ છે તે પોતાના પતિ ઉપર કોઇપણ પ્રકારના સ્વાર્થની આશા રાખ્યા વગર અત્યંત પ્રેમ રાખે છે. માત્ર પતિની સેવા કરવી એ પોતાનું કર્તવ્ય માને છે.

પતિના વગર તેને જરાપણ ચેન પડતું નથી. તે પતિને પોતાના પ્રાણ કરતાં પણ અધિક માને છે. પતિને ઈશ્વરતુલ્ય માની સેવે છે. પતિથી પોતે જુદી છે એવો વિચાર સરખો પણ કરતી નથી. પતિના સુખમાં જ પોતાનું સુખ માને છે. પરપુરુષ સાથે વિવેકથી ભાઇ કે પુત્ર તુલ્ય વર્તે છે. પોતાને પ્રાપ્ત સ્થિતિમાં રહી પતિ સેવા કરવામાં આનંદ માને છે તેના પ્રેમને કોઈ પણ વસ્તુ ચળાવી શકતી નથી. ધર્મનું પાલન કરે છે. દરેક કામ પતિના આજ્ઞા લઇને કરે છે. પરપુરુષ ઉપર તેને પ્રેમ ઉપજતો નથી.

પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિને પોતાનું સર્વસ્વ માને છે. તેના જીવન અને મરણના આધારરૂપ તે પોતાના પતિને માને છે. તુચ્છ વિષયસુખ ભોગવવામાં તેને ચેન પડતું નથી. પતિનો વિયોગ તેને મરણ તુલ્ય લાગે છે. તે પતિના સામે ઉંચે સાદે બોલી તેને હઠ કરી સતાવતી નથી. ખરાબ સ્ત્રીઓની સોબત કરતી નથી. તેને પોતાના પતિ ઉપર એટલો બધો પ્રેમ હોય છે કે તેને પીએર રહેવું ગમતું નથી. પીએરનાં મિષ્ટાન્ન ભોજનો કરતાં પોતાના ઘરનો સુકો ભાખરો તેને સારો લાગે છે. તે કદી પણ પોતાના પતિને વિશ્વાસઘાત કરી છેતરતી નથી. પતિ રાજી રહે તેવા વસ્ત્રાલંકારો પહેરી પતિનું મનરંજન કરે છે.

પતિના કામકાજનો બોજો ઉપાડી લઇ પતિને રાહત આપે છે. તેના કામકાજમાં પોતે મદદ કરે છે. પતિને ઉદ્વેગ થાય છે તો તે જોઇ પતિવ્રતા સ્ત્રીના મનમાં ચેન પડતું નથી. પતિને દરેક પ્રકારે અનુકુળ રહી પતિવ્રતા સ્ત્રી સંતોષ અને સુખ આપે છે. પૂર્વે પતિવ્રતા સ્ત્રીઓએ પોતાના પતિ ઉપર જેવો પ્રેમ બતાવ્યો છે તેવો પ્રેમ હાલ પણ આપણે બતાવી શકીએ છીએ.

ચન્દ્રમુખી.

ચન્દ્રમુખી એ મેવાડના રાણા રાજસિંહના સરદાર રત્નસિંહની સ્ત્રી હતી. સતી પતિવ્રતા, નીતિવાન, રૂપવાન અને બુદ્ધિશાળી હતી. રત્નસિંહ ચન્દ્રમુખી સાથે પરણીને આવ્યા પછી બીજે જ દિવસે તેને રાજસિંહ સા વીમળાનું ઔરંગઝેબથી રક્ષણ કરવા માટે યુદ્ધમાં જવાનું ઠર્યું તેથી તે પોતાની નવવધુને મળવા ગયો. તેને કહ્યું કે: "વ્હાલી, કાલેજ આપણાં લગ્ન થયાં અને આજેજ મારે યુદ્ધમાં જવું પડે છે. કદાચ પ્રાણ જાયતો શું કરવું એમ લાગવાથી તમારી પાસે આવ્યો છું. ચન્દ્રમુખીએ તેને એક ક્ષત્રિય વીરને છાજે તેવી હિંમત રાખવા સલાહ આપી.

રત્નસિંહે જતી વખતે રાણીને કહ્યું: હું જઉછું પણ તમો પતિવ્રતપણું પાળી શિયળને સાચવજો ! આ સાંભળી તેણે કહ્યું કે: "વ્હાલા, એતો વળી આપને શિખવવું પડે? હું મારો ધર્મ નથી સમજતી? આ સાંભળી રત્નસિંહ ગયો પણ દાસી સાથે સંદેશો મોકલ્યો કે:

સણ્ડી તમારો ટેક સાચવજો." આ સંદેશાના જવાબમાં તેણે કહેવરાવ્યું કે: શું આપને મારા શિયળ માટે અણવિશ્વાસ રહે છે. તો હું આપની સાથે યુદ્ધમાં આવવા તૈયાર છું.

આ સાંભળી રત્નસિંહ યુદ્ધે ગયો અને જતાં જતાં ફરી પણ સંદેશો કહેવરાવ્યો કે: પતિવ્રતપણું જાળવી કુળને કલંક ન લાગે તેવી રીતે વર્તજો. "આથી રાણીને લાગ્યું કે: શું પતિ હજુ પણ મારે માટે અણવિશ્વાસ રાખે છે! તેમનો મારામાં જીવ રહેશે તો યુદ્ધમાં જરૂર પાછી પાની કરશે. અને ક્ષત્રિય ધર્મને કલંક લાગશે. એવો વિચાર કરી તેણે પોતાની દાસીને બોલાવી કહ્યું કે: જા રાણાને આ ભેટ આપ એમ કહી પોતાનું માથુ તરવારથી જુદું કરી દાસીને આપ્યું' આવી રીતે પતિને શંકા થતાં સતીએ પ્રાણ આપ્યા તેથી રત્નસિંહ ઘણોજ પસ્તાવો કરવા લાગ્યો.

લીલાદેવી—ભીમદેવ.

લીલાદેવી એ મેવાડના રાણા સમરસિંહની પુત્રી અને ગુજરાતના બીજા ભીમદેવની પત્ની હતી. તે રૂપવાન, નીતિવાન અને બુદ્ધિશાળી હતી. પતિની સેવા કરવામાં, પતિને સારી સલાહ આપી સન્માર્ગે વાળવાને તે યોગ્ય પ્રયત્ન કરતી તેના પતિ ભીમદેવે, ઈચ્છનકુમારીને વરવાનો વિચાર કર્યો હતો પણ તેને પૃથ્વીરાજ સાથે પરણાવવાથી તે પૃથ્વીરાજ સાથે લડવા તૈયાર થયો હતો. તે જોઇ લીલાવતીએ તેને કહ્યું હતું કે: "વ્હાલા! ઇચ્છનકુમારીને વરવાની આપ ઇચ્છા કરોછો પણ તેનો તો પૃથ્વિરાજ સાથે વિવાહ થઇ ગયો છે. માટે હવે પરનારી ઉપર પ્રીત રાખવી મિથ્યા છે. આપ નાહક લડાઈ કરવાનું છોડીદો. પરસ્ત્રીના મોહપાશમાં પડેલા ભલ ભલાનો નાશ થયો છે." આ પ્રમાણે સ્ત્રીએ આપેલી સલાહ કામાંધ રાજાએ માન્યું નહિ અને લડાઇ કરી તેમાં તે મરણ પામ્યો હતો. આ પ્રમાણે સતી સ્ત્રીઓ પોતાના પતિને સાચી સલાહ આપી શકે છે.

લીલાદેવી પતિવ્રતા હોવાથી પતિસેવા કરવામાં ચિત્ત રાખી

પતિનું ભલુ ઇચ્છતી હતી. તેને પોતાના પ્રાણુ કરતાં પણુ પતિ વધુ વ્હાલો હતો.

વનદેવી-સુર્યસિંહ.

ધારાનગરીના રાજા ઉદયાદિત્યની પુત્રીનું નામ વનદેવી હતું. તેનું લગ્ન કલ્યાણીના રાજા સૂર્યસિંહ સાથે થયું હતું. વનદેવી પવિત્ર, પતિવ્રતા, બુદ્ધિમાન, રૂપાળી અને ધર્મિષ્ટ હતી. તે હંમેશાં પતિસેવા કરી પતિને પ્રસન્ન રાખતી, તેને બે પુત્ર થયા હતા એક વખતે કલ્યાણી ઉપર કનોજનો રાજા છત્રસિંહ ચઢી આવ્યો. તેમાં સૂર્યસિંહની હાર થવાથી પોતાની સ્ત્રી અને બાળકોનો જીવ બચાવવાની ખાતર તે પોતાની સ્ત્રી વનદેવી અને છોકરાંને લઇ નાસી છુટ્યો. તે ભુખ્યે અને તરસ્યે, તડકો ટાઢ વેઠીને પગે ચાલતાં દિલ્લી જઈ પહોંચ્યાં ત્યાં તે એક ધર્મશાળામાં મુકામ કરી મહેનત મજુરી કરી ગુજરાન નિભાવવા લાગ્યાં.

જે એક વખતે ધન વૈભવ અને સત્તાધારી હતો તે આજે ભિખારી બની જતાં વાર ન લાગી. ઈશ્વરની લીલા જુદીજ છે. એક વખતે વનદેવી મજુરી કરવા શહેરમાં ગઈ હતી ત્યાં તેના ઉપર એક સોદાગરની નજર પડી. તેના રૂપથી તે મોહ વશ થઈ કહેવા લાગ્યો કેઃ બાઈ, તું કોઇ સારા ઘરનું માણસ છે. આ મજુરી કરવાને લાયક નથી. માટે તારે આ દશા કેમ ભોગવવી પડે છે તે કહે. તે સાંભળી વનદેવીએ કહ્યું. તે વાત હું કહેવા ઇચ્છતી નથી. પાછલી વાત સાંભળવાથી શો લાભ ? આ પ્રમાણે તેનું બોલવું સાંભળી સોદાગરે તેને કહ્યું. "તો તું અહિં મારે ત્યાં રહે, તું શા માટે દુઃખ ભોગવે છે. આપણે ત્યાં તને સુખ અને વૈભવ ભોગવવાના મળશે." આ સાંભળી વનદેવીએ તેને ધીટકાર આપી કહ્યુઃ "અરે, દુષ્ટ માણસ, તું એવી નીચ મતિ કેમ કરે છે. પતિવ્રતા સ્ત્રી કદી પણ પરપુરુષને તાબે થતી નથી. ગરીબાઇમાં પણ પતિ સેવા કરવી એ ઉત્તમ માનું છું." આમ કહી તે ચાલવા માંડી, પણ તરતજ તે સોદાગરે તેને પોતાના નોકરો પાસે ઉંચકાવી તંબુમાં લઇ ગયો. તેની આવી દુષ્ટ

મતિ થએલી જોઇ વનદેવીને ઘણોજ ખેદ થયો. તે રડવા લાગી અને સોદાગરને ફીટકાર આપવા લાગી.

સોદાગરે તેને ધન, વૈભવ વિગેરેની ઘણી લાલચો આપી પણ તે તો સતી હતી, પતિ વગર અન્ય પુરુષની સાથે સંબંધ રાખે તેવી નહોતી, તેનો પ્રેમ તો તેના પતિ ઉપરજ હતો તેથી તે તેને તાબે થઇ નહિ. સોદાગરે તંબુ ઉઠાવ્યો. તેને સાથે લીધી. વનદેવીને લલચાવવા ઘણી લાલચો આપી. છેવટે તેણે તેના ઉપર બળાત્કાર કરવાનો પણ નિશ્ચય કર્યો. છતાં વનદેવીએ તો છેવટે મરવું પણ પતિવ્રતપણું ન છોડવું એવો નિશ્ચય કર્યો હતો. જે સ્ત્રી પોતાના શિયળને પાળવાનો પાકો નિશ્ચય કરે છે, જેનો પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ હોય છે તે કદી પણ ભ્રષ્ટ થતી નથી. એક વખતે બધા ઉંઘી ગયા હતા તે વખતે વનદેવીએ પોતાની પાસેની કટાર વતી તંબુ ચીરી મધ્ય રાત્રે બહાર નીકળી સોદાગરના હાથમાંથી નાસી છુટી. તેણે રાતોરાત જેમ ફાવે તેમ સીધે રસ્તે કશો પણ ભય રાખ્યા વગર નાસવા માંડયું. કેટલેક દૂર ગયા પછી તેને બે એક લુંટારા મળ્યા. લુંટારા તેનું રૂપ જોઇ એકદમ કામાંધ બની ગયા. વનદેવી એક દુઃખમાંથી છુટીને બીજાના હાથમાં સપડાઇ.

તેમણે તેને પોતાને ત્યાં લઇ જવા ધારી. વનદેવી ભયભીત થઇ ઇશ્વરનું સ્મરણ કરવા લાગી. બંનેમાંથી એક કહે હું લઇ જઉં ને બીજો કહે હું લઇ જઉં આમ પરસ્પર વાદવિવાદમાંથી મારંમારા થઇ તેમાં એકને તો ઠાર કર્યો, એટલે એક લુંટારો રહ્યો. તેણે વનદેવીને પોતાને ત્યાં લઇ જવાનો નિશ્ચય કર્યો. વનદેવીને કહ્યું: "પ્યારી, હું તને જોઇ ઘણો જ ખુશી થયો છું. તું મારે ઘેર ચાલ, હું તને ઘણું સુખ આપી તારો દાસ થઇને રહીશ." આ સાંભળી તેણે કહ્યું: "ભાઇ, હું સતી છું. તારી ઇચ્છા મારાથી પૂરી થાય તેમ નથી માટે મને જવાદે.'

આ સાંભળી તે લુંટારાએ કહ્યું: "અરે સ્ત્રી! તું આમ નિર્દય કેમ થાય છે. તારે માટે તો મેં મારા મિત્રને માર્યો, હવે તું ના કહેતાં શરમાતી નથી. ચાલ, આગળ થા, નહિ તો પરાણે લઇ જઇશ. રાજીખુશીથી નહિ માનું તો આ તરવાર જોઈ છે? વનદેવીએ કહ્યું: મરવું એકવાર છે, ભલે માર, પણ હું મારા પ્રાણ કરતાં મારૂં

શિયળ વધારે કિંમતી ગણું છું તેથી તારી મરજી પ્રમાણે તારે તાબે થવાની તો નથીજ. આથી લુંટારાએ ગુસ્સે થઈ તલવાર ઉગામી. જેવો મારવા જાય છે એવામાં પાછળથી એક તીર તેની બોચીમાં વાગ્યું. અને ' ઓ બાપ ' કરતાં તે નીચે પડયો. સતીની લાજ ઇશ્વરે રાખી.

તે તીર મારનાર એક ભીલ હતો. તે દયાળુ હતો. તેણે આવી વનદેવીને કહ્યું: બેન, ગભરાઈશ નહિ, તું મારી ધર્મની બેન છે. આ દુષ્ટને તારી આબરૂ લેવા તૈયાર થએલો જોઇ મેં ઠાર કર્યો છે. માટે ચાલ મારી સાથે હું તને બેન તરીકે રાખીશ. અને તું કહીશ ત્યાં પોંચાડીશ. વનદેવીને તેના બોલવા ઉપર ભરોંસો બેઠો અને તે તેની સાથે ગઇ.

રાજા સૂર્યસિંહ વનદેવીના ગુમ થયાથી બંને પુત્રોને લઈ દુ:ખી થતો તેને ખોળવા લાગ્યો. ઘણી શોધ કરી પણ પત્તો ન મળ્યો. એ પ્રમાણે તે ઘણાં ગામ શોધી વળ્યો. જતાં જતાં રસ્તામાં એક નદી ઉતરી જતો હતો. તેવામાં ભારે પૂર આવવાથી હોડી ડુબી અને બંને પુત્રો તથા પોતે પાણીમાં તણાવા લાગ્યા. ઈશ્વરની ગતિ ન્યારી છે. તણાતાં તણાતાં ત્રણે જુદે જુદે સ્થળે નીકળ્યા. સૂર્યસિંહ એક ગામને કિનારે નીકળ્યો ત્યાં ભાગ્યવશાત તે તેજ ગામના રાજા બન્યો. છોકરાઓ જુદે જુદે સ્થળે નીકળી ગુજરાન ચલાવા લાગ્યા.

વનદેવીનું રૂપ ભલભલાને આકર્ષણ કરે તેવું હતું. ત્યાં થઇ એક વખતે એક સોદાગર પોતાના માણસો સાથે જતો હતો તેવામાં તેની નજર વનદેવી ઉપર પડી. વનમાં એકલી ઝુંપડીમાં આવી ઉત્તમ રૂપવાળી સ્ત્રી જોઇ તે લોભાયો. ભીલ ભીલડી જંગલમાં ગયાં હતાં તેથી તેણે પોતાના માણસો સાથે તેને પકડાવી મંગાવી ચાલતો થયો. સાંજે તે વનદેવીને પોતાની ઇચ્છા પુરી પાડવાનું કહેવા લાગ્યો. ધનની, વૈભવની, સુખની ઘણી લાલચો આપી પણ તેણે તો તેનો તિરસ્કાર જ કર્યો. તેથી તેણે તે ગામના રાજાને ફરીયાદ કરી કે આ સ્ત્રીને મેં પૈસા આપી ખરીદ કરી છે, છતાં મારી મરજી પ્રમાણે ચાલતી નથી. દૈવયોગે તેજ ગામમાં સૂર્યસિંહ રાજા થયો હતો. તેથી વનદેવીની ફરીયાદ તેની પાસે આવી હતી.

પહેલાં તો તે વનદેવીને ઓળખી શકયો નહિ પણ વનદેવીએ તેને ઓળખી લીધો અને આ સોદાગર નીચપણે મને ફસાવવા ધારે છે એવું કહ્યું. તેણે પોતાની હકીકત કહી. તે સાંભળી સૂર્યસિંહની આંખમાં આંસુ આવી ગયાં. તેણે પોતાની પત્નીને ઓળખી અને

તેને પોતાના મ્હેલમાં મોકલી. પેલા સોદાગરને જુઠી ફરીયાદ કરી તે માટે સજા કરી. વનદેવી ઉપર ઉપકાર કરનાર પેલા ભીલને બોલાવી મોટી જાગીર આપી. થોડા વખતે પેલા બે પુત્રો પણ તેમને મળી ગયા. અને આ પ્રમાણે ઘણું દુઃખ અને વિયોગ ભોગવી અંતે પતિ પત્ની અને પુત્રનો મેળાપ થયો.

સતી સ્ત્રીઓનો પોતાના પતિ ઉપર આવો પ્રેમ હોય છે તે પ્રાણ જતાં પણ પોતાના પતિવ્રતપણાનો ભંગ થવા દેતી નથી ગમે તેટલી લાલચોથી લલચાતી નથી. તેને તેનો પતિ એજ તેના પ્રાણથી પણ અધિક છે એમ લાગે છે.

ચન્દ્રાવતી—વિરમદેવ.

ચન્દ્રાવતી એ રામપુરના ભાટીરાવની પુત્રી હતી. તે નાનપણથી ડાહી, સદ્‌ગુણી, રૂપવાન અને નીતિવાન હતી. તેનું લગ્ન ઇડરના રાવ વીરમદેવ સાથે થયું હતું.

એક વખતે દશરાને દિવસે વીરમદેવે એક મસ્તાન પાડાનો વધ કરવા ઘા કર્યો. પણ તે ઘા વાગ્યા છતાં તે પાડો ગામ ભણી નાસી ગયો. તેથી વિરમદેવે તેની પાછળ પડી તેનો વધ કર્યો. તે વાત તેણે પોતાની પત્ની ચન્દ્રાવતીને કહી પોતાની પ્રશંસા કરવા લાગ્યો. આ વખતે સતીએ પોતાના પતિને વધુ પાણી ચઢાવા કહ્યું કે: ‘મહારાજ, મારા પીએરમાં એથી પણ મોટા જબરા પાડા હોય છે તેનો વધ કરો ત્યારે ખરા !’ આ સાંભળી વીરમદેવને રીસ ચઢી તેથી તેણે તરતજ ગુસ્સે થઈ કહ્યું કે: “બસ, એજને ! હું હવે જ્યારે એ પાડાનો વધ કરીશ ત્યારેજ તમારા મહેલમાં આવીશ, માટે હવે તમે તમારે પીએર રહો, અને હું જ્યારે પાડાનો વધ કરો તમને બોલાવું ત્યારે આવજો.’

સતીને આથી ઘણો પસ્તાવો થયો, તેણે પતિને ઘણા કાલાવાલા કરી થએલી ભૂલની ક્ષમા માગી, પણ વિરમદેવે માન્યું નહિ તેથી તે પોતાને પીએર ગઇ. તેણે એક મસ્તાન પાડાને ખુબ ખવરાવી તૈયાર કર્યો, પછી તેનો વધ કરવા પતિને પત્ર લખ્યો અને તેના આવવાના સાંકડા રસ્તામાં એક સિંહ અને એક પાડાને ખીજવીને ક્ષુધા

મૂકી દીધા. તેને વિરમદેવે રસ્તામાં ઠાર કરી દેઇ મહેલમાં ગયો. અને પોતાની પત્નિને મળ્યો. તેને ચન્દ્રાવતીએ પગે પડી ક્ષમા માગી.

પત્નીને લઇ વિરમદેવ પછી ઇડર આવ્યા અને પતિપત્ની સ્નેહમાં રહેવા લાગ્યાં.

વીમળદેવી—સૂરપાળ.

ગુજરાતના રાજા જયશીખરની બેનનું નામ વિમળદેવી હતું. વિમળદેવી રૂપાળી,ગુણવાન અને બુદ્ધિશાળી હતી. તે નાનપણમાં યોગ્ય કેળવણી પામી હતી. એક વખતે મુલ્તાનનો રાજા યાત્રા કરવા જતાં પંચાસરમાં આવ્યો હતો ત્યારે તેનો કુંવર સુરપાળ પણ સાથે આવેલો હતો, તે રૂપાળો, ગુણવાન અને બહાદુર હતો. એક વખતે જયસિખરી તથા સુરપાળ સાથે જંગલમાં શિકારે ગયા હતા તે વખતે સિંહનો શિકાર જોવા વીમળાને તેમજ બીજી સ્ત્રીઓને સાથે લઈ જઈ એક ઉંચા ઝાડ ઉપર માળો બાંધી બેસાડી હતી.

જંગલમાં ફરતાં ફરતાં એક સિંહ જણાયો તેને જયશિખરીએ તીર મારવાથી તે સામો ન થતાં જંગલમાં નાસી ગયો, તેને ખોળવા તે પાછળ પડયો. તેને એક ઝાડીમાં ભરાયલો જોઈ જયશિખરીએ બીજું બાણ માર્યું તેથી સિંહ સામો ધસ્યો. અને જયશિખરીના હાથીના કુંભસ્થળ ઉપર કુદકો મારી પડયો. તેને જયશિખરીએ ઉભા થઈ ભાલો માર્યો કે તરત સિંહ સાથે જયશિખરી પણ નીચે પડયો. તે જોઈ સુરપાળે પણ નીચે કુદકો માર્યો અને જેવો સિંહ જયશિખરી ઉપર તલપ મારવા જાય છે તેવોજ સુરપાળે તેને ભાલાથી વીંધી નાંખ્યો. આથી જયશિખરી બચી ગયો.

આ જોઈ વિમળાનું ચિત્ત સુરપાળ ઉપર ચોટયું. અને તેણે સુરપાળ સાથે પરણવાનો નિશ્ચય કર્યો. મુલતાનના રાજાએ પોતાની પુત્રી રૂપસુંદરીનું લગ્ન જયશિખરી સાથે કર્યું. તેથી શુરપાળ જયશિખરી પાસે ફરી આવ્યો. શુરપાળની બ્હાદુરી જોઈ તેને પોતાનો સેનાપતિ બનાવ્યો, અને પોતાની બેન વિમળાને શુરપાળ સાથે પરણાવી.

વિમળા પતિવ્રતા હતી. પતિઉપર અત્યંત પ્રેમ રાખતી હતી. તે પતિની આજ્ઞાનું પાલન કરી પતિને દરેક રીતે સંતોષ આપતી.

સુરપાળ પણ તેના ઉપર અત્યંત પ્રીતિ રાખતો. બંને સુખથી રાજ્ય સુખ ભોગવવા લાગ્યાં. એવામાં કલ્યાણીના રાજા ભૂંવડે જયશિખરી ઉપર ચડાઈ કરી. ભૂંવડને સુરપાળે હરાવી પાછો કહાડયો. જેથી સુરપાળને જયશિખરીથી જુદો પાડવા તેણે પ્રપંચ રચ્યો. તેણે સુરપાળને ફોડવા ઘણી લાલચો આપી પણ સુરપાળે તો તેનો તિરસ્કાર કર્યો.

સુરપાળને અનીતિપણે પૈસો ન લેવા વિમળદેવીએ પણ સલાહ આપી. તેથી સુરપાળ ઘણો ખુશી થયો. એવામાં ભૂંવડે ચડાઈ કરી તેની સામે જયશિખરી અને સુરપાળ પૂરજોસથી લડયા. આ વખતે જયશિખરીની સ્ત્રી રૂપસુંદરી ગર્ભવંતી હતી. તેથી તે જીવતી હશે ને કદાચ પુત્ર જન્મશે તો મારૂં વેર વાળશે એ આશાથી જયશિખરીએ સુરપાળને રૂપસુંદરી તેમજ વિમળાને લઇ વનમાં કોઇ સુરક્ષિત જગ્યાએ મૂકી આવવાનું કહ્યું. આ વખતે લડાઇમાં જયશિખરીની હાર થવાનો સંભવ જણાતાં સુરપાળે તે વાત કબૂલ કરી. તે પોતાની બેન રૂપસુંદરી અને સ્ત્રી વિમળાને લઇ જંગલમાં મુકવા ગયો. તેની ગેરહાજરીમાં ભૂવડ ફાવ્યો અને તેણે યુદ્ધમાં જયશિખરીને માર્યો. સુરપાળ મૂકીને પાછાં આવતાં જયશિખરી મરાયાની વાત સાંભળી. તેથી તે ઘણો દિલગીર થયો અને પાછો વળ્યો.

સુરપાળ વિમળા અને રૂપસુંદરીને મુકી પાછો ગયો તે વખતે ત્યાં ભૂંવડનો પુત્ર કર્ણ કેટલુંક લશ્કર લઇ જઇ પહોંચ્યો. તે જોઈ વિમળાએ પોતાના રક્ષક ભીલને કહ્યું કેઃ તું પ્રથમ રૂપસુંદરીને લઇ જઇ સંતાડી આવ, પછી અહિ આવજે. આથી તે રૂપસુંદરીને ગુપ્ત સ્થળે મૂકવા ગયો અને વિમળા એકલી પડી તેથી કર્ણે તેના રક્ષક સૈનિકો ઉપર હલ્લો કર્યો તેમાં ઘણા માર્યા ગયા અને વિમળા એકલી પડી, એવામાં પેલો વિશ્વાસુ ભીલ આવી પહોંચ્યો પણ તેનું એકલાનું શું ચાલે? તે પણ મરાયો જેથી વિમળા ગભરાતી, રડકકળ કરતી બીકની મારી મુર્છા ખાઇ નીચે પડી.

તે જ્યાં પડી હતી ત્યાં કર્ણ આવી પહોંચ્યો. તેનું અનુપમ રૂપ જોઈ તે મોહવશ થયો. તેની દાનત બગડી અને નીચ વિચારો કરવા લાગ્યો. વિમળા થોડીવારે જાગી તે પાસે કર્ણને ઉભેલો જોઇ એકાદ રડવા લાગી. કર્ણે તેનો હાથ પકડી ઘોડા ઉપર બેસાડી ત્યાંથી લઇ ચાલતો થયો. વિમળા રડતી રહી, તેનું બિચારીનું શું ચાલે? પછી કર્ણ તેને પોતાના તંબુમાં લઇ ગયો.

વિમળા ત્યાં જઈ પણ ખૂબ રડકકળ કરવા લાગી. કર્ણે તેને પોતાની રાણી થવા ઘણી લાલચો આપી પણ વિમળા પતિવ્રતા હતી, તેનું મન તો તેના પતિમાં જ હતું તે શી રીતે પરપુરુષને તાબે થાય. તે તો પ્રાણ જતાં પણ શિયળનો ભંગ થવા દે તેમ નહોતી. તે કર્ણને ફિટકાર આપતી. કર્ણ તેને જોઈ ગાંડો ઘેલો બની ગયો હતો તેથી તે કોઇ પણ ઉપાયે તેને ફસાવવા યત્ન કરતા. તેણે ધાર્યું કે સુરપાળ જીવે છે ત્યાં સુધી કદી તે મારે તાબે થવાની નથી માટે તેને મારવાનો ઉપાય કરવા લાગ્યો.

સુરપાળનો પત્તો ન લાગવાથી તેણે પંચાસરના એક ચાવડા નોકરને ફોડી તેની સાથે વિમળાને એવો સંદેશો કહેવરાવ્યો કે સુરપાળને ઝેરી સાપ ડંખવાથી તે મરણ પામ્યો છે. આ વાત સાંભળી વિમળાના હોશકોશ ઉડી ગયા. તે પતિના મરણના સમાચાર સાંભળી ઘણો ખેદ કરવા લાગી. અંતે તે પતિ પાછળ સતી થવા તૈયાર થઈ. તેણે પેલા માણસને કહ્યું, ચિતા ખડકાવ મારે હવે સતી થવું છે. આથી તેણે કહ્યું. બાઇ, સતી થવાથી શો ફાયદો ? વર્ષ પછી બીજો પતિ કરી સુખી થજો. આ વાતને વિમળાએ ધિક્કારી કાઢી. અને કહ્યું: મુર્ખ, તું શું બોલે છે ? હું સતી છું, પતિવ્રતા સ્ત્રી કોઈ પણ વખતે પરપુરુષને ઇચ્છે ખરી કે ? તેની હઠ જોઈ કરણે ચિતા ખડકાવી આપી અને તેની આજુબાજુ ફરતાં હથિયારબંધ માણસો રાખ્યાં. સતી વિમળા સતી થવા 'જે અંબે જે અંબે' કરતી તૈયાર થઈ ચિતા તરફ ચાલી.

આ તરફ સુરપાળ જયશિખરીના મરણ સમાચાર સાંભળી પાછો જ્યાં રૂપસુંદરી તથા વિમળાને રાખ્યાં હતાં ત્યાં આવ્યો, તો તેને ખબર મળી કે રૂપસુંદરીને તો ગુપ્ત રીતે રાખી છે. પણ વિમળાને તો કર્ણ આવી હરણ કરી ગયો છે એ વાત જાણી તે ઘણો ખેદ કરવા લાગ્યો. તેને ઘણો ગુસ્સો આવ્યો અને વિમળાને છોડાવા કર્ણની છાવણી તરફ ચાલ્યો. ત્યાં ગયા પછી વિમળા આજે સતી થવાની છે એ વાત જાણી તેથી તેણે તેને સતી થતા પહેલાં છોડાવવાનો નિશ્ચય કર્યો.

સતી વિમળા સતી થવા માટે સ્મશાન ભૂમિમાં આવી ત્યાં શોરબકોર ને વાજીંત્રોનો ઘોંઘાટ થઇ રહ્યો હતો. જેવી તે ચિતા ઉપર ચઢીને અગ્નિ સળગાવવા જાય છે કે તેવામાં બધા માણસોની વચ્ચે

થઈ દોડતા આવેલા એક બળવાન પુરુષે તેને બકરીની માફક ઉપાડી નાસવા માંડયું. એક બાજુ તેનાંજ રાખેલાં માણુસોએ તેને જવાની જગ્યા આપી જવા દીધો. પછી તેમણે ખાલી ચીતા સળગાવી દીધી. વિમળાને ચિતામાંથી કોઈ ઉપાડી ગયું એવી ખબર કર્ણને મળતાં તેણે તેની પાછળ સવારો મોકલ્યા પણ કંઇ પત્તો ન લાગ્યો.

પેલો માણુસ તો વિમળાને ઘોડી ઉપર બેસાડી ચાલતોજ થયો. વિમળા ગભરાઈ ગઇ, તે ભયની શંકાથી બેભાન થઇ ગઇ. ઘણે દૂર જતાં તેણે તેને લઇ જનારના મોં સામું તાકીને જોયું તો ભરવાડના વેશમાં પોતાનો પતિ છે એમ લાગ્યું. કેટલેક દૂર ગયા પછી ઘોડી ઉભી રાખી સુરપાળે ભરવાડનો વેશ ઉતાર્યો એટલે વિમળા તેને બરોબર ઓળખી શકી. તેને આંસુ આવી ગયાં. બંનેને હર્ષનો પાર રહ્યો નહિ. આ પછી સુરપાળ બ્હારવટું કરવા લાગ્યો.

વિમળા અને સુરપાળ રૂપસુંદરીને મળ્યાં. સુરપાળ તથા વિમળા પોતાની બેનને પુત્રનો પ્રસવ થયેલો જાણી આનંદ થયો. વિમળાને પતિસેવા કરવામાં કુશળ હતી. તે સુરપાળને શત્રુનો પરાજય કરવા હિંમત આપતી. તેણે દુઃખ સહન કર્યું, પણ સુખની આશાએ પરપુરુષનો સંગ ન કર્યો. તે પોતાના પતિને પ્રાણ કરતાં પણ અધિક સમજતી હતી.

સતી સોનબા.

સોનબા બાલંભાના ઠાકોર રાજસિંહની પુત્રી હતી તેની માનું નામ સરદારબા હતું. તે નાનપણથી ચતુર, રૂપાળી, બુદ્ધિવાન અને નીતિવાન હતી. તેને નાનપણમાંથી ઉત્તમ કેળવણી આપી હતી. તેને પોતાને યોગ્ય વર મળે તો તેની સાથે લગ્ન કરવાનો વિચાર હતો. તપાસ કરતાં ખબર પડી કે ધ્રુમલીના કુમાર હલામણજી હોશિયાર, શૂરવીર અને વિદ્વાન છે માટે તેની સાથે લગ્ન કરવાં. તે ધ્રુમલી જતી હતી ત્યાં રસ્તામાં ધ્રુમલીનો રાણો શિઓજી શિકારે નીકળ્યો હતો તેના જોવામાં સોનબાઇ આવી. સોનબાઇનું રૂપ જોઇ તેનો તેની સાથે લગ્ન કરવાનો વિચાર થયો.

સોનબા તરફથી ખબર મળી કે તે તેમના પાટવીકુંવરને

વરવામાટે જાય છે. તે જાણી તેને પોતાની પટરાણી કરવાનો વિચાર કર્યો પણ તેમાં તે ન ફાવ્યો, અને સોનબાનું લગ્ન કુંવર સાથે થયું. આથી રાણાને ઘણો ગુસ્સો આવ્યો. એક વખતે કુંવર શિકાર કરવા ગયો હતો તેનો લાભ લઇ રાણાએ સોનબાને પોતાના મહેલમાં તેડાવી લીધી. અને કુંવર શિકારેથી આવ્યો એટલે તેને હુકમ કર્યો કે તેં મારી રજા સિવાય લગ્ન કર્યું માટે હાલને હાલ જ મારા દેશમાંથી ચાલ્યો જા. પિતાનો આવો હુકમ સાંભળી કુંવર કચ્છ તરફ ચાલી નીકળ્યો અને વાગડ કંથકોટના રાજા જામફુલાજીને ત્યાં નોકરી રહ્યો. તેણે તેના ઉપર ખુશ થઈ પોતાના પિતા સાડજીની અનૌરસ કુંવરી દેવળદેવીનું તેની સાથે લગ્ન કર્યું.

સોનબા તો રાણાજીના મહેલમાં જઇ ખેદ કરવા લાગી. પતિને દેશવટો દીધેલો જોઇ તેના દુઃખનો પાર રહ્યો નહિ. સોનબાને રાણો શિયાજી પોતાની નીચ ઇચ્છા તૃપ્ત કરવા વિનવવા લાગ્યો. પણ સોનબા તો પતિવ્રતા હતી. તેણે કહ્યું કે: " પિતાજી, આપ તો મારા પિતાજી થઇ આ પુત્રી જેવી પુત્રવધુ આગળ આ શું બોલો છો ? હું પતિવ્રતા છું આપ આવી નીચ બુદ્ધિ જવા દો." રાણે જાણ્યું કે તે થોડા દિવસ પછી માનશે એમ ધારી તે પાછો ગયો. સોનબાએ તો પ્રાણ જાય છતાં પણ શિયળનો ભંગ નજ થવા દેવો એવો નિશ્ચય કર્યો હતો. એક વખત મધ્યરાત્રે તે પુરુષનો પોષાક પહેરી મહેલમાંથી છાની માની નાશી દૂર જંગલમાં જઈ પહોંચી. તે પછી તે રખડતી રઝળતી પોતાના પતિ પાસે ગઇ.

ત્યાં જઇ જુએ છે તો પતિને તેજ દિવસે સર્પે ડંશ કર્યાથી મૃત થઈ પડેલો દીઠો તે જોઈ તેના દુઃખનો પાર રહ્યો નહિ. તે ઇશ્વરની પ્રાર્થના કરવા લાગી કે: હે પ્રભો ! આટલું બધું દુઃખ વેઠયું છતાં અંતે આ દશા ? તે વિલાપ કરવા લાગી. તેવામાં એક યોગી તે ગામમાં આવેલો હતો તેની વાત જાણી તેને બોલાવી આણ્યો. તેની પાસે સાપની દવા હતી તેથી તેની દવાથી કુંવરનું ઝેર ઉતરી ગયું અને બેઠો થયો. તે પોતાની પાસે સોનબાને આવેલી જોઇ ખુશી થયો. તે અહિં હતો છતાં સોનબાની ઘણી ફીકર કરતો હતો. બંનેને ઘણાં વર્ષે એક બીજાને મળવાથી આનંદનો પાર રહ્યો નહિ. કેટલોક વખત તો તે બંને સુખ ભોગવતાં ત્યાંજ રહ્યાં. સોનબા પતિ સેવા કરી પોતાના પતિને રાજી

રાખતી. તેમની આજ્ઞાનું પાલન કરી તેમને પોતાના પ્રાણ કરતાં પણ વધુ વ્હાલા જાણતી. બંને સુખ અને આનંદમાં દિવસો ગાળવા લાગ્યાં. સોનબા પોતાની શોક દેવળદેવી ઉપર પણ પ્રીતિ રાખતી.

કેટલેક વખતે હુમલીનો રાણો મરણ પામ્યો. પોતાના પિતાના મરણ પામ્યાના સમાચાર સાંભળી હલામણું જેઠવા હુમલી ગયો અને રાજ્યગાદી ઉપર બેસી પત્ની સાથે સુખ ભોગવવા લાગ્યો. આ પ્રમાણે સોનબાએ પોતાના પતિવ્રતને સાચવ્યું અને અંત સુધી તેણે પતિ સેવા કરી પતિની પ્રીતિ મેળવી હતી.

લીલાદેવી—ભોજ.

લીલાદેવી એ ઉજ્જનના મહારાજા ભોજની પત્ની હતી. સતી રૂપવાન, નીતિવાન, ગુણવાન અને પતિવ્રતા હતી. તેણે પતિની સેવા કરી તેની પ્રીતિ મેળવી હતી. ભોજરાજા વિદ્વાન હતો. પોતાના રાજ્યમાં સમર્થ વિદ્વાનોને પોષતો હતો. તેના રાજ્યમાં ઘણા વિદ્વાનો હતા. કાળીદાસ પંડિત કરીને એક વિદ્વાનનું માન તેની સભામાં વધારે હતું તેથી બીજા વિદ્વાનો તેની અદેખાઈ કરતા.

બધા વિદ્વાનોએ વિચાર કર્યો કે કાળીદાસને રાજા દેશપાર કરે તેવો કાંઇ પ્રપંચ રચવો જોઇએ તેથી તેમણે એક વિશ્વાસુ દાસીને પુષ્કળ ધન આપવાનું કરી રાજા કાળીદાસને સજા કરે તે માટે કાંઇ ઉપાય કરવાનું કહ્યું. તેણે તે વાત કબુલ કરી. કેટલાક દિવસે તે ઉંઘવાનો ઢોંગ કરી, રાજા રાત્રે ઉઠયા હતા તે વખતે બોલી કે: હે સખી, કાળીદાસ દાસીનો વેશ લઇને પટરાણી લીલાવતીને ભોગવે છે તે તું નથી જાણતી ? પણ એ કાંઇ ઢાંકયું રહેવાનું છે," આ પ્રમાણે તેને બબડતી જોઈ ભોજે વિચાર કર્યો કે આ દાસી જે લવે છે તે કદી સાચું હશે. નજરે જોયેલું હોય તે ઘણી વખતે ઉંઘમાં બોલી જવાય છે તેમ આ દાસીએ અત્યારે ઉંઘમાં આ વાત કહી દીધી જણાય છે.

બીજે દિવસે રાજાએ તાવ આવવાનું બાનું કહાડી કાળીદાસને બોલાવ્યો અને સતીને ભોજન લાવવાની આજ્ઞા કરી. રાણીએ મગની દાળ અને ભાત લાવી રાજાને પીરસ્યું. તે જોઈ રાજાએ કાળીદાસને પુછયું કે આ મગની દાળ રોગને નાશ કરનારી છે છતાં જાણી

ફોતરાં વગરની કેમ થઇ હશે વારૂ ?' તે સાંભળી કાળીદાસે રાણી હાજર હતી છતાં કહ્યું કે: એ ભાતરૂપી ભર્તારનો સંયોગ થતાં છાલાં ફોતરાંરૂપી વસ્ત્રો કહાડી નાંખી નગ્ન બની છે.' આ સાંભળી રાજાએ વિચાર કર્યો કે રાણી છતાં પણ કાળીદાસ આવું બોલે છે. માટે નક્કી કાંઈ દાળમાં કાળું તો હશેજ. સ્ત્રી ચરિત્રને કોણ જાણે? આમ શંકાવાળો તે બન્યો.

બીજે દિવસે કાળીદાસ સાથે રાજા બાગમાં ફરવા ગયો તો ત્યાં તેને ભૂખ લાગવાથી કાળીદાસે મેવો લાવી હાજર કર્યો પણ રાજાએ કહ્યું કે: હું પટરાણીનું મોં જોયા વગર ક્યાં જમું છું? આથી કાળીદાસે દેવીનું સ્મરણ કરી એક કાગળ ઉપર રાણીનું ચિત્ર ચિતર્યું તેમાં રાણી ા શરીરના છુપા ભાગમાં પણ તલ, માંસ વિગેરે જે જે ચિન્હો હતાં તે પણ ચીતરેલાં હતાં. આ જોઇ રાજાને વહેમ પડ્યો કે: નક્કી દાસીનું કહેવું ખરૂં છે, જો આ કાળીદાસે રાણીનાં છુપાં અંગ ન જોયાં હોય તો આ ચિન્હો આમાં શી રીતે પડે? આથી રાજા ઘણો ગુસ્સે થયો અને તરતજ કાળીદાસને હુકમ કર્યો કે: તમારી ખરાબ ચાલથી હું ઘણો ગુસ્સે થયો છું માટે આજેજ તમે મારા રાજ્યમાંથી ચાલ્યા જાઓ." આ સાંભળી કાળીદાસ "જેવો આપનો હુકમ" એમ કહી તરતજ ત્યાંથી ચાલી નીકળ્યો. તે ઘેર જઇ એક ખાનગી જગ્યાએ ગુપ્તપણે રહેવા લાગ્યો.

લીલાવતીએ કાળીદાસને દેશપાર થયાની વાત જાણી રાજાને પુછયું કે: "પ્રિય! આપે આપના મિત્ર કાળીદાસને કેમ દેશપાર કર્યા? આથી રાજાએ લીલાવતીને કહ્યું કે: મને ખબર પડી કે તારો ગુપ્તપણે કાળીદાસ સાથે સંબંધ છે તેથી તેને દેશપાર કર્યો છે. તને પણ સજા તો કરવી જ જોઇએ પણ તને શું સજા કરવી તેનો હજુ હું વિચાર કરૂં છું. આ સાંભળી લીલાવતીને ઘણું આશ્ચર્ય થયું. તે પતિવ્રતા હતી, પતિના ઉપર જ તેની અત્યંત પ્રીતિ હતી. તેને પોતાના ઉપર આવું જુઠું કલંક લાગેલું જોઇ ઘણું લાગી આવ્યું તેણે પતિને કહ્યું: "વ્હાલા, આપે તો હવે મને નીચ ચાલની છું એમ માની લીધું પણ હવે તેની પરીક્ષા કર્યા વગર તમારાથી જવાશે નહિ. હે પરમાત્મા, જો હું મન વચન અને કર્મથી પતિને ભજતી હોઉં તો મને બાળશો નહિ અને મારૂં મન જરા પણ પતિથી વિમુખ થઈ અન્ય ઉપર પ્રીતિ કરતું હોય તો

આ ક્ષણે જ મારો નાશ કરજો." આમ કહી તેણે ધગધગતો અગ્નિ હાથમાં લીધો પણ દાઝી નહિ. ઝેરી સાપ મંગાવી હાથમાં લીધો પણ તે તેને ડશ્યો નહિ. આ પ્રમાણે સતીની કસોટી કરતાં રાજાને દાસીની વાત જુઠી લાગી, અને સ્નેહથી ઉભરાતા હૃદયે પોતાની સ્ત્રી લીલાવતીને આલિંગન આપ્યું અને થએલી શંકાને માટે ક્ષમા માગવા લાગ્યો.

લીલાવતીએ કહ્યું: "વ્હાલા, એમાં ક્ષમા ન હોય, મારી આમાં કસોટી થઇ. હું જ આપની ક્ષમા માગવાને લાયક છું. એમ કહી તે પતિને પગે પડી. રાજા પ્રસન્ન થયો અને કાળીદાસને પોતાના રાજ્યમાં બોલાવ્યો. દાસીને બોલાવી સજા કરી. આ પ્રમાણે પતિવ્રતા લીલાદેવીએ પતિના આગળ પોતાના સત્યની પરીક્ષા આપી. જન્મારા સુધી પતિસેવા કરીને પતિને રીઝવી આનંદ ભોગવવા લાગી.

પ્રકરણ ૨૨ મું.

સતી સ્ત્રીઓ કેવી હોય છે?

આ જે દિવસે ચન્દ્રકાન્તાને ત્યાં સર્વ આવી જવાથી તેણે કથા આગળ ચલાવી. તેણે કહ્યું કે બેનો–સતી સ્ત્રીઓ કેવી હોય છે? એ વિષે આજે કહું છું. સતી સ્ત્રીઓ પોતાના પ્રાણ કરતાં પણ પોતાના પતિને વધુ ચાહે છે. તેને પોતાના પતિને માટે પ્રાણ આપવો તે તો રમત છે. સતી સ્ત્રીઓ પોતાના પતિને પોતાનું સર્વસ્વ માને છે. પોતાના પતિને સુખ આપવા તે હંમેશાં ચિંતન કરે છે. પતિને કોઇ પણ વાતે ખેદ થાય તો તેથી તેને ઘણું જ લાગી આવે છે. તે વિપત્તિમાં પતિને મદદ કરવા ચૂકતી નથી. પતિથી કોઈ વસ્તુ છાની રાખતી નથી. પોતાનું એ પતિનું છે એમ માને છે.

પતિને કોઇ પણ વખતે તેનાથી દગો થઇ શકતો નથી. પતિનો વિયોગ તેનાથી સહન થઈ શકતો નથી. હંમેશાં પતિને આનંદી

જોવાને તે ઇચ્છે છે. પોતાની જીંદગી પતિસેવામાં ગાળવાથી તેને આનંદ થાય છે. હંમેશાં તે પતિના સ્નેહને જીતી લઇ તેનો વિશ્વાસ મેળવે છે. કોઇ પણ વખતે પતિથી વિપરીતચાલતી નથી. પતિની સામે કોઈ પણ વખતે તે બોલતી નથી. જે સ્ત્રીઓ પતિના સામું બોલે છે, પતિને હઠ કરી સતાવે છે, પતિને ગાળો દે છે, બીજાના આગળ પોતાના પતિની નિંદા કરે છે તે સતી નથી પણ કુલ્ટા સમજવી. પતિ ગમે તેવો હોય છતાં પણ સ્ત્રીએ તો તેને ઇષ્ટ ગણી સેવવોજ જોઇએ. સતી સ્ત્રી ઘરના કામકાજનો બોજો પોતાને માથે ઉઠાવી લે છે. પતિને કોઇ વાતની ચિંતા થતાં તરત જ તેમની તે ચિંતા ટાળવાને યત્ન કરે છે.

પોતાના પતિની ગરીબ સ્થિતિ હોય છે તો તેથી શરમાતી નથી. બીજી સ્ત્રીઓને સારાં કપડાં કે અલંકારો પહેરતાં જોઇ તેવાં લઇ આપવા તે પોતાના પતિની પાસે હઠ કરતી નથી. કદી પણ તે પારકા ધનનો લોભ રાખતી નથી. પારકી વસ્તુનો મોહ તો તેને થતોજ નથી. પતિની ઝુંપડીમાં રહી સુકો રોટલો ખાવો ગમે છે પણ પરપુરુષના મહેલમાં રહી સુખ વૈભવ ભોગવવાં તેને ઝેર સમાન લાગે છે. પતિના ઉપરનું તેનું હેત કદી પણ ઓછું થતું નથી. પતિથી તે કદી પણ સ્વતંત્ર થઇ ફરતી નથી. ગમે તેવા કઠોર હૃદયના પતિને પણ સતી સ્ત્રી પોતાના પ્રેમથી વશ કરી શકે છે. હંમેશાં શિયળને સાચવી ચાલે છે. એકાંતમાં પણ તે કદી અયોગ્ય માર્ગે જવાને લલચાતી નથી. તે હંમેશાં પતિ ઉપર નિર્મળ પ્રેમ રાખે છે. પોતાના ઘરની વ્યવસ્થા પતિ રાજી રહે તે પ્રમાણે રાખે છે. ગમે તેવું ઘર હોય છતાં સ્વચ્છ રાખી પતિને તેમાં સુખ થાય તેવું રાખે છે. કોઇપણ કામ કરવામાં પતિને રાજી રાખવાનો તેનો ઉદ્દેશ હોય છે. પરપુરુષ ગમે તેવો રૂપવાન, યુવાન, ધનવાન, વિનોદી હોય છતાં પણ સતીના મન આગળ તો તે તુચ્છ છે. કદીપણ સતી સ્ત્રીને પરપુરુષ લોભાવી શકતો નથી.

સતી સ્ત્રીઓજ આ સંસારના તુરરૂપ છે. ગૃહસ્થાશ્રમની શોભા જ સતી સ્ત્રી છે. બ્હેનો, દરેક સ્ત્રી સતી છે. પોતાના ઉત્તમ ગુણો વડે પતિસેવા કરી દરેક સ્ત્રી સતી થઇ શકે છે. સતી સ્ત્રી બહારથી અંગ દેખાય તેવાં આછાં વસ્ત્રો પહેરતી નથી. તે હંમેશાં મર્યાદા સાચવી ચાલે છે. પોતાની સોબતથી અન્ય સ્ત્રીઓને સુધારે છે.

મંજુલા—હમીરસિંહ

પૂર્વે મંજુલા નામની સતી થઈ ગઇ છે તે જાલોરના રાજા માલદેવીની પુત્રી હતી. તેનું લગ્ન ચિતોડના મહારાણા હમીર સાથે થયું હતું. જ્યારે અલ્લાઉદીન ખુનીએ ચીતોડ જીતી લીધું ત્યારે ચિતોડના સુબા તરીકે અલ્લાઉદ્દીને જાલોરના રાવ માલદેવને નિમ્યો હતો. માલદેવ રજપૂત હતો છતાં મુસલમાનોને મળી જઇ મેવાડના રાણા હમીરસિંહની વિરૂદ્ધ ચાલતો. તેણે હમીરસિંહનું અપમાન કરવા પોતાની પુત્રી પરણાવવાનું શ્રીફળ મોકલ્યું. હમીર તેના કપટની વાત જાણતો હતો છતાં ખોટું કહેવાય નહિ તે માટે તેણે શ્રીફળ સ્વિકાર્યું.

તે પછી હમીરસિંહે સૈન્ય સાથે ચિતોડ જવા તૈયારી કરી. જ્યારે તે ચિતોડમાં આવી પહોંચ્યો તો ત્યાં તેને લગ્નની કાંઇ ધામધુમ ન જણાઈ તેથી તે ગુસ્સે થઈ સૈનિકો સાથે દરબારમાં ગયો. માલદેવે તેને ગુસ્સે થયેલો જોઇ પોતાની કુંવરી મંજુલાને તેની સાથે પરણાવી. આવી રીતે હમીરને તેણે શાંત કર્યો. હમીરનું અપમાન થએલું જોઇ મંજુલાદેવીએ તેને કહ્યું કેઃ મારા પિતાએ તમારૂં અપમાન કર્યું છે, પણ હવે હું તમારી થઇ છું. માટે હવે હું આપને ચિતોડ જીતાવી આપીશ. આ પ્રમાણે કહી તેણે પતિને શાંત પાડયો. પછી પોતાના રાજ્યમાં જઇ મંજુલાદેવી સાથે સુખ ભોગવવા લાગ્યો. તેણે પતિભક્તિ કરી પતિના મનને જીતી લીધું. હમીર તેના ઉપર ઘણો પ્રેમ રાખતો.

દંપતિ સુખવૈભવ ભોગવતાં એક બીજામાં પ્રીતિ રાખતાં. થોડા વર્ષ પછી મંજુલા દેવીને પુત્ર જન્મ્યો તેથી આનંદનો પાર રહ્યો નહિ, તે પછી મંજુલા ચિતોડમાં પોતાના બાપને ત્યાં ગઈ, તેણે ત્યાં જઈ લશ્કરને પોતાના પક્ષમાં ફેરવી નાંખી હમીરને ચિતોડ ઉપર ચઢાઇ કરવા કહેવડાવ્યું. આ વખતે માલદેવ ત્યાં નહોતો. તેથી હમીરે એકદમ હુમલો કરી ચિતોડ સર કરી દીધું.

માલદેવે દિલ્હીના બાદશાહ મહમદને ચિતોડ ફરી કબજે લેવા લશ્કર મોકલવા લખ્યું તેથી મહમદશાહે લશ્કર લઇ ચીતોડ ઉપર ચઢાઇ કરી તેમાં હમીરસિંહે બહાદુરીથી યુદ્ધ કર્યું અને મહમદશાહને

કરાવી કેદ કર્યો. પછી તેની પાસે ચાર પરગણાં તેમજ પચાસ લાખ રૂપીઆ ખંડણી તરીકે લઇ છોડી મુકયો. આ વખતે મંજુલા દેવી પોતાના બાપના પક્ષમાં ન રહેતાં પતિના તરફ રહી હતી. આ પછી મંજુલા દેવીએ રાણા હમીરસિંહને પોતાની પ્રીતિથી વશ કરી સુખ ભોગવ્યું.

ભૂપાળદેવી.

ભૂપાળદેવી એ કુમારપાળની સ્ત્રી હતી. કુમારપાળ એ સિદ્ધરાજના ઓરમાઇ કાકાના છોકરા દેવપાલના પુત્ર ત્રિભુવનપાલનો પુત્ર હતો. એક જ્યોતિષીએ સિદ્ધરાજને કહ્યું કેઃ તારી ગાદી કુમારપાલ ભોગવશે તેથી તે વાત તેને રૂચતી આવી નહિ. સિદ્ધરાજ કુમારપાલને મારી નાંખવાનો પ્રપંચ રચવા લાગ્યો. આ વાત કુમારપાલના જાણવામાં આવતાં તે છાનો માનો નાસી ગયો. સિદ્ધરાજે તેની ઘણી શોધ કરાવી પણ પત્તો ન ખાધો.

કુમારપાલને પોતાના ભાગ્યની ખાત્રી હતી કે હું ગુજરાતનો રાજા થવાનો જ છું. તેથી તે સિદ્ધરાજથી છાનો રહેવા લાગ્યો. કુમારપાલની શોધ કરવા માટે સિદ્ધરાજે તેની સ્ત્રી ભૂપાલદેવીને ઘણી લાલચો આપી હતી પણ સતિએ પોતાના પતિના પ્રાણ બચાવવા માટે લાલચથી વશ ન થતાં ઘણું દુઃખ સહન કર્યું હતું. એક વખત મારાઓ કુમારપાળને મારવા આવ્યા હતા તે જોઇ સતીએ દેથળીના કુંભારના નિભાડામાં કુમારપાલને સંતાડી દીધો હતો. તે કોઇપણ લાલચથી ફસાઇ નહોતી. જ્યારે સિદ્ધરાજ ૧૧૯૯ માં મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજના ના કહેવા છતાં પણ તેના પ્રધાનોએ કુમારપાલને ગાદીએ બેસાડયો.

કુમારપાળે ગાદીએ બેઠા પછી પોતાને જેણે સહાય કરી હતી તેને મોટાં મોટાં ઇનામો આપ્યાં અને ભૂપાળદેવીને પટરાણી બનાવી. ભૂપાળદેવીએ પતિના સંકટ વખતે તેનું રક્ષણ કર્યું ગરીબાઇમાં પણ પતિ ઉપર પ્રીતિ રાખી પોતાના શિયળને સાચવી રાખ્યું હતું. મહારાણી થયા પછી પણ તે પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ રાખવા લાગી. પતિને પ્રેમથી વશ કરી મનમાં પણ પતિનુંજ રટણ કરતી હતી.

શક્તિદેવી.

શક્તિદેવી એ કિર્તીગઢના હરપાળ મકવાણાની સ્ત્રી હતી. હરપાળના બાપ કેસર મકવાણો સામૈયા નગરના હમીરસુમરાની લુંટ કરી ઘોડાં અને ઉંટો લુંટી લાગ્યો હતો. તે બહાદુર અને શૂરવીર હતો. તેના બાપને અને હમીરસુમરાને વેર હોવાથી તે વેરનો બદલો લેવા તેણે ફરી ચઢાઈ કરી. હમીરસુમરાની વહુદીકરીઓ વનદેવીનાં દર્શન કરવા ગઈ હતી ત્યાંથી તેણે હરણ કરી આણી. તેથી બંને પક્ષ વચ્ચે યુદ્ધ થયું તેમાં કેસર મરાયો અને તેના પુત્ર હરપાળ, વિજયપાળ અને શાંતાજી ત્રણ જ બચી ગયા. હરપાળ નાસી પાટણના રાજા કર્ણની પાસે ગયો. કારણ કે કર્ણ તેનો માસીનો છોકરો થતો હતો.

કર્ણની રાણી ફુલાંદેવીને બાબરો ભૂત વળગ્યો હતો તે ઘણું સતાવતો હતો. હરપાળ પણ મંત્ર જાણતો હતો તેથી તેણે રાણીનું ભૂત મંત્રથી કહાડીને રાણીને સાજી બનાવી. બાબરો તેના મંત્રબળથી બળવા લાગ્યો ત્યારે તેણે એક સરતે તેને છોડી મૂક્યો અને તે એકે: “ જ્યારે તને હું સંભાળું ત્યારે મારી રૂબરૂ હાજર થઈ હું કહું તે કામ કરવું. ’ બાબરો ભૂત પછી ચાલ્યો ગયો અને હરપાળ ભૂખ્યો થયો હતો તેથી તે જતાં જતાં બે બકરાંને ઉપાડી સ્મશાનમાં જઇ ખાવા લાગ્યો.

તે વખતે સોલંકી પ્રતાપસિંહની પુત્રી શક્તિદેવી વામમાર્ગી હતી તે પણ મંત્રજંત્ર જાણતી હતી. તેણે હરપાળની વાત જાણી, પોતાના મનથી તેને પતિ કરવાનો નિશ્ચય કર્યો. હરપાળ સ્મશાનમાં હતો ત્યાં જઇ દેવીએ માંસ માંગ્યું તે તેણે આપી દીધું અને બીજું વધારે માગ્યું તેથી હરપાળે પોતાની જાંગ કાપી માંસ આપવા માંડયું તેથી શક્તિ ખુશી થઈ કહેવા લાગી કે મહારાજ ! બસ થયું. હવે નહિ જોઇએ. હું તમારા ઉપર ખુશી થઈ છું માટે તમારી ઇચ્છામાં આવે તે માગો. આથી મકવાણે કહ્યું કે: જો તમે મારા ઉપર ખુશી હોતો મારી સાથે લગ્ન કરો. આથી શક્તિએ તે વાત કબુલ કરી.

કર્ણે પોતાની રાણીને વળગેલ ભૂત હરપાળે કહાડયું તેથી ખુશી થઇ તેની ઇચ્છામાં આવે તેવું વરદાન માગવાનું કહ્યું. તેથી હરપાળે કહ્યું કે: હું એક રાતમાં જેટલાં ગામે તોરણ બાંધું તેટલાં ગામ મને

આપો. રાજાએ જાણ્યું કે તે એક રાતમાં કેટલાં ગામ ફરવાનો છે, એવો વિચાર કરી તેને હા પાડી. હરપાળે આ વાત શક્તિને જણાવી અને કહ્યું કે તમે તોરણ બાંધો અને હું ગાગરબેડીયાં ચડાવીશ. પછી શક્તિએ રાતોરાતમાં છસો ગામને તોરણો બાંધી દીધાં. પણ હરપાળે તો બાબરાને બોલાવી રાતોરાતમાં તેવીસો ગામને ગાગરબેડીયાં મૂકાવી તોરણ બાંધી દીધાં.

સવારે કર્ણે પોતાના માણસો મોકલી તપાસ કરાવી તો તેવીસો ગામે તોરણ અને ગાગરબેડીયાં મુકેલાં જોયાં. કર્ણથી હવે ફરાય તેવું નહોતું તેથી તેણે હાતો પાડી પણ આટલાં બધાં ગામ જવાથી ખેદ કરવા લાગ્યો. તેને ખેદ કરતો જોઈ રાણી કુલાદેવીએ કારણ પૂછ્યું તો હરપાળને તેવીસેં ગામ આપવાં પડ્યાં તે વાત કહી. તેથી રાણીએ પોતાના પતિને ધીરજ આપી થોડાં ગામ પાછાં અપાવવાનું કહ્યું.

પછી રાણી કુલાદિ હરપાળ પાસે ગઇ અને કહ્યું કે: " ભાઈ હવે તમે રાજા થયા તો આ બેનને પણ કાંઈ આશા હોય ને ?" હરપાળે કહ્યું: ધનઘડી, બેનને આપવું એના જેવું બીજું પુણ્ય કયું ! જાવ, પાંચસો ગામ હું તમને આપું છું. આ પ્રમાણે તેણે પાંચસો ગામ પાછાં આપ્યાં. તે પછી હરપાળે પોતાની રાજધાની પાટડી શહેરમાં સ્થાપી. ત્યાં રહેતા માણેકનાથ નામના યોગીએ તેને આશીર્વાદ આપ્યો. તે પછી તેણે પોતાની રાણી શક્તિદેવીની સાથે સુખ ભોગવવા માંડ્યું. શક્તિદેવીએ તેને પોતાના પતિવ્રતપણાથી રાજી કર્યો. તેની હંમેશાં પોતાની પત્ની ઉપર અત્યંત પ્રીતિ રહેતી. એક વખતે ત્યાં હાથી મસ્તાન થઈ રાજમહેલ તરફ આવવા લાગ્યો ત્યારે તેણે નીચે પોતાના કુંવરોને ગભરાયલા દીઠા તેથી તેણે એકદમ આવી તેમને ઝીલી લેઇ હાથીથી બચાવ્યા તે ઉપરથી તેમના વંશજો ઝાલા રજપૂતો કહેવાવા લાગ્યા. સતી પોતાના પતિને પ્રાણથી પણ અધિક માનવા લાગી. તે પોતાના પતિને રાજકાર્યમાં પણ સલાહ આપતી. તે હંમેશાં પતિની આજ્ઞાને અનુસરીને ચાલતી. આ પ્રમાણે આ સતી સ્ત્રીએ પોતાના ઉત્તમ ગુણવડે પતિને પ્રસન્ન કરી રાજ્યવૈભવ ભોગવી આનંદમાં જીંદગી વિતાવી.

———:૦:———

જાસલબાઈ.

જાસલબાઇ એ જુનાગઢના આહિર સંસ્તીયાની સ્ત્રી હતી. એક વખતે સોરઠમાં દુકાળ પડયો તેથી ત્યાંની પ્રજા જીવ બચાવવા સિંધ અને માળવાભણી ચાલી નીકળી. આ વખતે જાસલ પણ પોતાના પતિ સાથે સિંધમાં ગઈ હતી. તે વખતે સિંધમાં હમીરસુમરો રાજ્ય કરતો હતો. તે એક વખતે શહેરમાં ફરવા નીકળ્યો હતો તેવામાં તેની નજર જાસલ ફરતી હતી તેના ઉપર પડી. જાસલ મુળથી દેખાવડી હતી. યુવાન અને રૂપવાન જાસલને જોઇ તેનું મન લોભાયું તેથી તેને ત્યાંથી ઉપાડી પોતાના રાજમહેલમાં લઇ ગયો.

જાસલને મહેલમાં લઈ જઇ તેને કહ્યું કે: " હે સ્ત્રી ! તું દુઃખ વેઠવા લાયક નથી પણ રાજમહેલમાં રહી સુખ ભોગવવા લાયક છે. તું તો ગરીબ મટી મહારાણી થવા લાયક છે. હું તને જોઈ તારી સાથે લગ્ન કરવાની ઇચ્છા રાખું છું. માટે મારી ઇચ્છા તૃપ્ત કરી સુખી થા. ' આ સાંભળી જાસલ ઘણીજ ગભરાવા લાગી, છતાં હિંમત લાવી બોલી કે: મહારાજા ! આપ તો પ્રજાના પિતારૂપ છો. અમે તો ગરીબ લોક તમારાં છોરૂં કહેવાઇએ. આપ અમારી સાથે ન શોભો. હું પરણેલી છું. માટે રાજા થઈ આમ પારકી સ્ત્રીની શું ઇચ્છા રાખો છો ? પરનારીની ઇચ્છા કરવી એ અધર્મ છે માટે મને જવા દો. "

હમીર સુમરાએ કાંઇ માન્યું નહિ. તેણે તો તેની લાજ લુંટવાનો ઇરાદો કર્યો હતો. જાસલ પતિવ્રતા હતી તે પરપુરુષને તાબે થાય તેવી નહોતી. તે રાજ્ય, ધન, સુખ સર્વને પોતાના શિયળ આગળ તુચ્છ સમજતી હતી, તેથી તેણે આ રાજાના હાથથી છુટવા બીજી યુક્તિ રચી. તેણે થોડીવાર વિચાર કરી હસીને કહ્યું કે: "રાજાજી ! આપની એવી જ ઇચ્છા છે તો ભલે, પણ હાલ મને છ મહિનાની મુદત આપવી જોઇએ. મારૂં વ્રત છ માસે પૂરૂં થાય પછી આપનું કહ્યું માનીશ. જો આપ જુલમ કરશો તો હું મારા પ્રાણ આપીશ. આ વાત હમીરસુમરાએ કબુલ કરી અને પછી તેને મહેલમાં સુરક્ષિતપણે રાખી.

આ પછી તે સાદો પોષાક પહેરી પતિવિયોગે દુઃખી થતી

અહિંથી છુટવાની યુક્તિ કરવા લાગી. તેણે એક દાસીને ફોડી તેની સાથે જુનાગઢના રાજા રાહનોંધણને પત્ર લખી જણાવ્યો કે: મારા બાપે આપની કિંમતી સેવા કરી છે, હું આપની ધર્મભગિની છું. માટે મારૂં રક્ષણ કરવું એ આપનો ધર્મ છે. હું દુઃખી અને પરપુરુષના હાથમાં સપડાઇ છું.'' આ પત્ર વાંચી રાહનોંધણે લશ્કર લઈ સિંધ ઉપર ચડાઇ કરી અને હમીરસુમરાને હરાવી જાસલને છોડાવી.

જાસલ પતિવિયોગે દુઃખ ભોગવી સુકાઈ ગઈ હતી. પતિને તેનો ઘણા વખતે મેળાપ થતાં આનંદ થયો. તે જાસલબાઇએ પોતાના પતિની ગરીબ ઝુંપડીમાં રહી સુકો રોટલો ખાઇ પતિભક્તિ કરવામાં સુખ માન્યું. તેણે પતિના ઉપર અત્યંત પ્રેમ રાખવા માંડયો. પણ ગરીબ પતિનો ત્યાગ કરી પરપુરુષના પંઝામાં ન સપડાતાં રાજ્યસુખનો તિરસ્કાર કર્યો. સતી સ્ત્રીઓ ગમે તેટલા ધનવૈભવને પણ પતિસેવા આગળ તુચ્છ ગણે છે.

રૂપસુંદરી—માધવરાય.

રૂપસુંદરી એ પાટણના છેલ્લા રાજા કરણના પ્રધાન માધવરાયની સ્ત્રી હતી. તે ઘણીજ સુંદર, રૂપવાળી, યુવાન, નીતિવાન અને પતિવ્રતા હતી. એક વખતે નવરાત્રીના દિવસમાં તેને ગરબો ગાતાં કરણઘેલાના જોવામાં આવી ત્યારથી તે તેને જોઇ મોહવશ થઈ ગયો હતો. તેણે તેને પોતાને વશ કરવા વિશ્વાસુ દાસીઓ સાથે ખટપટ ચલાવી પણ તે પતિવ્રતા હતી. પતિનેજ પોતાનું સર્વસ્વ માનતી તેથી તેણે રાજાની માગણીને ધિક્કારી કાઢી.

આથી કરણ રાજાએ પોતાના દિવાન માધવને સરકારી કામે ડીસ્ટ્રીકટમાં મોકલ્યો. અને પોતાની નીચ ઇચ્છા તૃપ્ત કરવા પ્રયત્ન આરંભ્યો. તેણે રૂપસુંદરીને તેડાવી મંગાવા માણુસો મોકલ્યા. પણ માધવનો ભાઈ કેશવ ઘેર હતો. તે યુવાન અને બળવાન હતો. તેણે સિપાઇઓને મારી કહાડી મુકયા પણ રાજાનો હુકમ એટલે સિપાઇઓ કેશવનું ખૂન કરી રૂપસુંદરીને દરબારમાં તેડી ગયા. રૂપસુંદરીને કરણે પોતાને ત્યાં પકડી મંગાવી પોતાની ઇચ્છા તૃપ્ત કરવાનો આગ્રહ કર્યો. આ સાંભળી રૂપવંતી ગુસ્સે તો થઇ હતી છતાં વધુ ક્રોધે ભરાઇ બોલી: "રાજા, તને ધિક્કાર છે! તેં મારા દીયેરને મરાવી નંખાવ્યો અને

તારા જ પ્રધાનની સ્ત્રી ઉપર આવો જુલમ ગુજારવાનો વિચાર કર્યો તેથી મને લાગે છે કે તારૂં બગડવાકાળ થયું છે.

હું સતી છું. તારા જેવા નીચ માણસોએ મારી આશા રાખવી વ્યર્થ છે. મને મારા શિયળનો ભંગ થવા દેવો તેના કરતાં મરવું સારૂં લાગે છે. જો તમે બળાત્કાર કરવા જશો તો હું જીવ આપીશ પણ તમારે તાબે નહિજ થઉ.

રાજાએ આ સાંભળી તેને કહ્યુંઃ "વ્હાલી ! હું તને મારા પ્રાણ કરતાં પણ અધિક ગણું છું. માટે ખુશીથી હા પાડી મારી પટરાણી બની સુખી થા. તું ખુશીથી નહિ માને તો મારે બળાત્કાર કરવો પડશે."

આમ છતાં પણ સતી સ્ત્રી ચળી નહિ. તેથી તેને થોડા દિવસ પછી માનશે એમ જાણી દાસીઓને સમજાવવાનું કહી દરબારમાં ગયો. રૂપસુંદરી ખેદ કરતી પરાધિન પડી પોતાના છુટકારા માટે ઇશ્વરસ્મરણ કરવા લાગી.

આ વાતની માધવને શહેરમાં આવતાં જ ખબર પડી તેથી તે ઘણો ગુસ્સે ભરાયો. પોતાના ભાઇનું ખુન થએલું જાણી તે ઘણોજ ખેદ કરવા લાગ્યો. તેથી તે તેનો બદલો લેવા બારોબાર દિલ્લી જઇ અલ્લાઉદીનખીલજીને મળ્યો અને ગુજરાત કબજે અપાવવાની કબુલાત કરી. રાજ્ય લોભી અલ્લાઉદીન પાસેથી લશ્કર લઇ માધવે ગુજરાત ઉપર ચડાઈ કરી.

રૂપસુંદરીને કરણ ઘણીવાર આવી લાલચો આપવા ચૂકતો નહિ પણ તેથી તે ફસાઈ નહોતી. માધવે આવી કરણને હરાવ્યો ને ગુજરાત મુસલમાનના હાથમાં ગયું. કરણની રાણી કૌલાદેવી અને પુત્રી દેવળદેવીને બાદશાહ પોતાના જનાનામાં લઇ ગયો. માધવે પોતાના ભાઈ અને સ્ત્રીનું વેર વાળ્યું અને રૂપસુંદરીને પોતાને સ્વાધીન કરી. આ પ્રમાણે સતી સ્ત્રીને છેડવાથી કરણે રાજ્ય, સ્ત્રી અને પુત્રી ગુમાવી. સતી રૂપસુંદરીએ છેવટ સુધી પોતાના પતિવ્રતને સાચવી રાખ્યું અને રાજ્ય સુખની લાલચથી લપટાઇ નહિ. સતી સ્ત્રીઓ આવી હોય છે તે મરણાંતે પણ શિયળનો ભંગ થવા દેતી નથી.

લક્ષ્મીદેવી—નાગરાજ.

અણહીલપુર પાટણના સોલંકી ચામુંડરાજના કુંવર નાગરાજની સ્ત્રીનું નામ લક્ષ્મીદેવી હતું. લક્ષ્મીદેવી મારવાડના રાજા મહેંદ્રરાજની બહેન હતી. મહેંદ્રરાયે પોતાની બ્હેન દુર્લભદેવીને માટે સ્વયંવર રચ્યો હતો. તેમાં ઘણા રાજાઓ આવ્યા હતા તેમાં દુર્લભદેવીએ પાટણના પાટવીકુંવરને પસંદ કર્યો. જેથી સર્વ રાજાઓને ઈર્ષ્યા થઈ. તે ઉપરાંત પોતાની નાની બેન લક્ષ્મીદેવીને પણ પાટણના કુંવર નાગરાજને પરણાવી તેથી રાજાઓ મનમાં બળવા લાગ્યા.

લક્ષ્મીદેવી સાસરે જઇ પોતાના પતિની સેવા કરી રાજી રાખવા લાગી. તે ઘણીજ સુંદર હોવાથી તેમજ ગુણવાન હોવાથી નાગરાજ પણ તેના ઉપર અત્યંત પ્રીતિ રાખતો. બંને વચ્ચે અત્યંત પ્રીતિ થઇ. તે એક બીજાનો એક ક્ષણ પણ વિયોગ સહન કરી શકતાં નહોતાં. લક્ષ્મીદેવીએ પતિવ્રતા ધર્મ પાળી પોતાના પતિને સ્નેહથી વશ કરી લીધો. આ પ્રમાણે આ સુખી જોડું એક બીજા ઉપર પ્રેમ રાખી આનંદથી રહેવા લાગ્યું.

એક વખતે બંન્ને જણ ઉનાળાના દિવસમાં વસંતક્રીડા કરવા બાગમાં ગયાં ત્યાં ફરતાં ફરતાં થાકી જવાથી એક મોટા વડની છાયામાં પુષ્પોની શય્યા કરાવી તેના ઉપર જરા આડાં થયાં. થોડો પવન, સુવાસિત પુષ્પોની સુગંધિ અને થાકથી થોડીવારે તે બંને જણ ત્યાં ઉંઘી ગયાં. એવામાં ત્યાં વડના મુળમાં રહેતો સાપ પણ મોગરા વિગેરેનાં પુષ્પોની સુગંધીથી બહાર નીકળી નાગરાજની શય્યામાં આવી ડોલવા લાગ્યો. તે પણ પુષ્પની સુવાસિત સુગંધિથી નાગરાજના પાસામાં જ ઘેનમાં પડયો રહ્યો. થોડીવારે નાગરાજે પાસુ બદલ્યું તેથી નાગ દબાયો અને તરત જ તેણે તેને દંશ કર્યો. નાગનો ડંશ થતાં નાગરાજે કાંઈ કરડયું એવી બુમ પાડી ઉભો થયો પણ ચકરી આવતાં નીચે પડયો.

લક્ષ્મીદેવી પણ આથી જાગી ગઇ અને નાગને વડના મુળ તરફ જતાં જોયો. પોતાના પતિને નાગ ડસ્યો અને હવે ઝેર ચઢતાં તે મરણ પામશે એ ભયથી તે ખેદ કરવા લાગી. તેને પોતાના પતિ

ઉપર અત્યંત સ્નેહ હોવાથી પતિ વગર તે ક્ષણ પણ જીવી શકે તેમ નહોતું. તેને યાદ આવ્યું કે ડંશવાળી જગ્યા ચુસીને ઝેર ઉતારી શકાય છે તેથી તેણે પતિને જે જગ્યાએ સાપે ડંશ કર્યો હતો તે જગ્યાએ મોંવતી ચૂસી ચૂસીને ઝેર કાઢી નાંખવા માંડયું. આથી નાગરાજનું ઝેર તો ઉતર્યું પણ લક્ષ્મીદેવીનું મોં આવી ગયેલ હોવાથી ચાંદીઓ પડી હતી તેથી તેને ઝેર ચઢવા લાગ્યું. ઝેર ચુસનારના મોંમાં ચાંદીઓ હોવી ન જોઇએ તો જ તેને ઝેર ચઢતું નથી. નાગરાજ જીવતો થયો અને લક્ષ્મીદેવીને ઝેર ચઢયું તેથી તે બેભાન થવા લાગી.

નાગરાજે જાણ્યું કે મારો જીવ બચાવવા આ સ્ત્રીએ પોતાનો પ્રાણ આપતાં આચંકો ખાધો નહિ. હવે હું તેનું ઝેર શી રીતે ઉતારૂં. હવે જ્યારે એણે પ્રાણનો ત્યાગ કર્યો તો પછી મારે જીવીને શું કરવું ? તેને પણ તેની પત્ની ઉપર એટલો બધો પ્રેમ હતો કે તે એક ક્ષણવાર પણ તેનો વિયોગ સહન કરી શકે તેમ નહોતું. તે પોતાની પત્નીનો જીવ બચાવવાનો ઉપાય શોધવા લાગ્યો પણ કાંઇ ઉપાય ન જડવાથી તેણે પોતાનો દેહ ત્યાગ કરવા તરવાર ખેંચી જેવું માથું જુદું કરવા જાય છે કે પાછળથી આવી કોઇએ તેનો હાથ પકડી લીધો. તેણે પાછળ જોયું તો એક સ્ત્રીએ તેનો હાથ ઝાલી લીધો હતો. તેણે તેને પૂછ્યું કે: તું કોણ છે ? મને મરતાં કેમ અટકાવે છે ?

તે સ્ત્રીએ કહ્યું કે: તું શા માટે મરે છે ? સ્ત્રીતો બીજીય મળશે? જીવ જશે તો બીજો મળવાનો છે ? તું જીવતો હશે તો સ્ત્રીઓ કેટલી ?

આ સાંભળી નાગરાજે કહ્યું કે: એ મારી ધર્મપત્ની છે. એનો વિયોગ મારાથી સહન થઇ શકે તેમ નથી. બીજી સ્ત્રીની મારે ઇચ્છા નથી. તેણે મારા મનને એવું વશ કરી દીધું છે કે હું તેના વગર ક્ષણ પણ જીવી શકું તેમ નથી.

આ સાંભળી પેલી સ્ત્રી તેને ધન્યવાદ આપવા લાગી અને કહ્યું કે: "એમ. તો લે આ દવા છે તે થોડી તેને પાઈ દે અને બીજી શરીરે ચોપડી દે એટલે તે જીવતી થશે. આથી નાગરાજના હર્ષનો પાર રહ્યો નહિ. તેણે તે દવા તેના કહ્યા પ્રમાણે લક્ષ્મીદેવીને થોડી

પાઇ અને થોડી ચોપડી તેથી થોડીવારે તેનું ઝેર ઉતરી ગયું અને આળસ મરડી બેઠી થઇ.

આ સ્ત્રી પછી તરતજ જંગલમાં ચાલી ગઇ. અને નાગરાજ તથા તેની સ્ત્રી જીવતાં થયાં તે પછી તે પરસ્પરમાં વધુ પ્રીતિ રાખવા લાગ્યાં. લક્ષ્મી પોતાના પ્રાણ કરતાં પણ પોતાના પતિને વધુ ગણીને સેવતી સુખ ભોગવવા લાગી.

હંસાદેવી—લાખમસિંહ.

મંડોરના રાજા રાવ ચુડાજીની પુત્રીનું નામ હંસાદેવી હતું. તે રૂપવાન, બુદ્ધિવાન અને કેળવાયલી હતી. હંસાદેવીનો વિવાહ ભાટી રાજા રાણા લાખમસિંહના પુત્ર સાથે કરવા શ્રીફળ લઇને ગોરને મોકલ્યો. લાખમસિંહે તેને કહ્યું કેઃ આ શ્રીફળ આ વૃદ્ધ રાજા માટે રાવડિંડમલે મોકલ્યું છે કે ! શું હંસાદેવી આ ધોળી દાઢીવાળાને આપવી ધારી છે કે ? આ સાંભળી ગોરે કહ્યું કેઃ કુંવરીનો વિવાહ આપના કુંવર સાથે કરવાના છે આથી તેણે કુંવરને બોલાવ્યો પણ કુંવરે તો કહ્યું કેઃ આપે તે કુંવરીની ઇચ્છા કરી છે માટે મારાથી તે શ્રીફળ સ્વિકારી શકાય નહિ. રાજાએ યુવરાજને ઘણું કહેવરાવ્યું પણ તેણે માન્યું નહિ જેથી રાજાએ કહ્યું કે રાવતો તેના ભાણેજને મેવાડની ગાદી મળે એવી ઇચ્છાથી લગ્ન કરવા ધારે છે, પણ તમે પાટવી કુંવર છતાં તેનો ભાણેજ થાય તેને શી રીતે ગાદી મળવાની ?

આથી યુવરાજે કહ્યું કેઃ હું ગાદી ઉપરનો હક છોડી દઉં છું. આથી રાજાએ શ્રીફળ સ્વીકાર્યું અને હંસાકુંવરીનાં લગ્ન મેવાડના વૃદ્ધ રાણા લાખમસિંહ સાથે થયાં. હંસાકુંવરી પતિવ્રતા હતી તેણે સાસરે આવી પોતાના વૃદ્ધ પતિમાં ઇષ્ટબુદ્ધિ સ્થાપી પતિસેવા કરવા માંડી. જો કે રાણી યુવાન હતી છતાં પણ તે પોતાના પતિ સિવાય અન્ય પુરુષની મનથી પણ ઇચ્છા કરતી નહિ. તેને એક પુત્ર થયો તેનું નામ મોકમસિંહ પાડયું. રાજાની વૃદ્ધ ઉમ્મર થતાં તેણે બાકીની જીંદગી ઇશ્વરભજનમાં ગાળવા માટે કાશીએ જવાનો વિચાર કર્યો. તે વખતે પોતાનો પુત્ર ચન્દ્રસિંહ રાજકારભાર ચલા-

વતો હતો. પણ રાજાની પ્રતિજ્ઞા પ્રમાણે કુંવર મોકમસિંહને ગાદી આપવી જોઇએ. પણ મોકમ નાનો હોવાથી તેણે તેમ ન કરી શકતાં ચંદ્રસિંહને કહ્યું કે: " બેટા, હવે હું કાશીએ જવા ધારૂં છું માટે રાજ્ય ઉપર તારો અભિષેક કરવાનો મારો વિચાર છે. આ કુંવરને તું પાળી પોષી મોટો કરજે.

આ સાંભળી કુંવર ચંદ્રસિંહે કહ્યું: પિતાજી ! ગાદી ઉપર તો મારા નાનાભાઈ મોકમસિંહનો હક છે. માટે તેને ગાદીએ બેસાડી, મને જાગીર આપો. હું તે મોટો થતાં સુધી રાજ્ય સંભાળીશ. આથી રાણાએ ખુશી થઇ પુત્રને ધન્યવાદ આપ્યો અને કુંવર મોકમસિંહને ગાદીએ બેસાડી પછી રાણી હંસાકુંવરીની રજા લેવા ગયા. અને કહ્યું કે: કુંવર મોકમસિંહને ગાદી મળી છે જેથી હવે તમે રાજમાતા થયાં છો. તમે જુવાન છતાં મને વૃદ્ધને વરી જરાપણ ઉદાસ થયાં નથી અને મારી પ્રીતિ મેળવી છે તેથી હું ઘણો ખુશી થયો છું. માટે હવે મને કાશીએ જવાની રજા આપો.

આ સાંભળી રાણી હંસાદેવીએ કહ્યું કે: " વ્હાલા, સતી સ્ત્રી તો માત્ર પોતાના પતિની પ્રીતિ મેળવવા જ ઇચ્છે છે. મારાથી આપશ્રીનો વિયોગ એક ક્ષણવાર પણ સહેવાશે નહિ. આપના વગર આ રાજ્ય વૈભવ નકામો છે. છતાં પણ આપ ઈશ્વરનું સ્મરણ કરી દેહનું કલ્યાણ કરવાનું ધારો છો તો હું પણ આપના હિતમાં તત્પર છું.

આ પ્રમાણે સતીએ પણ રજા આપી અને પતિના ગયા પછી સાદી રીતે રહેવા લાગી. તે હંમેશાં ઇશ્વર સ્મરણમાં કાળ ગાળવા લાગી. પતિના વિયોગથી માત્ર પુત્ર વાત્સલ્યભાવથી જ તે રહી હતી. તેણીએ વૃદ્ધ પતિને પણ પોતાના ઉત્તમ ગુણોવડે પ્રેમથી વશ કરી લઇ પોતાના પુત્રને ગાદી અપાવી હતી. સતી સ્ત્રીઓ પ્રેમથી પોતાના ગમે તેવા પતિને પણ વશ કરી શકે છે.



પ્રકરણ ૨૩ મું.

સ્ત્રીઓ પોતાના પતિને શી રીતે વશ કરી શકે છે?

બીજે દિવસે ચન્દ્રકાન્તાએ સર્વ સ્ત્રીઓ આવી જવાથી રોજની કથા આગળ ચલાવી. તેણે કહ્યું કે: બેનો, ઘણી સ્ત્રીઓ પોતાના પતિને વશ કરવા માટે નાનપણથી જ વિચાર રાખે છે. કેટલીક તો ઘરમાં પોતાનું ચલણ થવા માટે મરજી માફક ઉપાયો યોજે છે. સ્ત્રીઓ પતિ વશ કરવા ઘણીવાર તો ભૂવા, જતી કે બાવાઓને ઉપાસે છે. પતિને વશ કરી ઘરમાં પોતાનું ચલણ કરવા ઇચ્છે છે. પતિ પોતાના કહ્યા પ્રમાણે ચાલે એવી ઇચ્છા રાખે છે. પતિ પોતાને વશ થઇ પોતાની હાજી હા કરે અને તેનેજ જોઇ રહે, તેના સામું બોલી શકે નહિ, આવી ઘણી સ્ત્રીઓ ઇચ્છા રાખે છે. આ પ્રકારની ઇચ્છા સતી સ્ત્રી કદાપિ પણ રાખતી નથી પણ મૂર્ખ અને કુલ્ટા સ્ત્રીઓને જ પોતાના પતિને વશ કરવાની ઇચ્છા થાય છે.

ઘણીવાર પતિને વશ કરવા માટે કેટલીક મુર્ખ સ્ત્રીઓ સાધુ જતીની પાસે તેમની સેવા કરવા જાય છે. પતિની સેવા કરવાની મુકી સાધુ, વેરાગીઓને ઉપાસે છે. આવા કપટી સાધુ ભૂવાઓ પણ માત્ર વેષધારી સાધુ હોય છે. તે આવી મુર્ખ સ્ત્રીઓને તેનો પતિ વશ કરવાના દોરા ધાગા કે દવા આપવા માટે તે સ્ત્રીઓની પવિત્રતાનું હરણ કરવા ચૂકતા નથી. પતિને વશ કરવા તે નીચ સ્ત્રીઓ આવા સાધુ ત્યાગીઓના હાથમાં સપડાઈ પોતાના પતિવ્રતપણાને પણ ગુમાવી બેસે છે. તેઓ પારકા પુરુષના સંગમાં પતિને વશ કરવાની ઇચ્છાથી આવીને પોતાના શિયળનું સત્યાનાશ વાળી દે છે.

આવા સાધુ જણાતા પુરુષો કોઇ માદક કે ઝેરી વસ્તુ તે સ્ત્રીને આપે છે અને તે દાળમાં નાંખી કે દુધમાં નાંખી પતિને ખવરાવવાનું કહે છે. પતિને વશ કરવાની ઇચ્છા રાખનારી મુર્ખ સ્ત્રીઓ તેના કહ્યા પ્રમાણે તેવી દવા પતિને ખવરાવી ઘણીવાર ગાંડો બનાવી દે છે. ઘણીવાર તેવી દવાથી તેના ધણીને ઝેર ચઢી જતાં મરી પણ જાય છે. અને જ્યારે પતિને વશ કરવા જતાં પતિને ગુમાવી વિધવા થાય છે ત્યારે તેની આંખો ઉઘડે છે. માટે કોઈપણ ડાહી સ્ત્રીએ તો પતિને વશ કરવા માટે આવા ઉપાયો લેવા નહિ. પરપુરુષ ગમે તેવો સાધુ હોય, સંન્યાસી હોય, ત્યાગી હોય, મંત્ર જંત્ર જાણતો હોય, ઉપરથી પવિત્ર જણાતો હોય, છતાં પણ સતી સ્ત્રીઓ તેનો સંગ કરતી નથી, તેની પાસે જઇ એકાંતમાં તેની સેવા કરતી નથી. તે ગમે તેવો હોય તોપણ તેને પરપુરુષ માની તેની પાસે જતી નથી. સતી સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા કોઇપણ પુરુષની સાથે સંસર્ગ રાખતી નથી.

પતિને વશ કરવા માટે આવા ઉપાયો લેવા એ તો કુલ્ટા નીચ સ્ત્રીઓનું જ કામ. સતી સ્ત્રી કદી પણ આવા ઉપાયોવડે પતિને વશ કરવા ઇચ્છતી નથી. તે સ્ત્રીની આવી રીતભાત તેના પતિના જાણુવામાં આવતાં તે તેનો વિશ્વાસ રાખતો નથી. પછી તેનાથી ડરીને ચાલે છે. આવી સ્ત્રીઓથી તે સાપના જેટલો ડર રાખે છે, એ જાણુવામાં આવતાં પતિનો પ્રેમ તેના ઉપરથી ઉતરી જાય છે. માટે કોઇ પણ ડાહી સ્ત્રીઓએ પતિને વશ કરવા માટે આવા ઢોંગી સાધુઓનો વિશ્વાસ*કરવો નહિ.

સતી સ્ત્રી પતિને વશ કરવા ઇચ્છતી નથી પણ તે પતિને વશ થઈ જઇ પતિના પ્રેમને મેળવી શકે છે. તે પતિથી સ્વતંત્ર થવા ઇચ્છતી નથી. તે તો અહંકાર, ક્રોધ, કામ, લોભ, મોહનો ત્યાગ કરી પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ રાખી પતિની દરેક આજ્ઞાનું પાલન કરી, પતિની સેવા કરે છે. પોતાનો પતિ પોતાના ઉપર પ્રસન્ન થાય તેવી રીતે તે હંમેશાં પતિને આધિન થઇને રહે છે. પતિને ખોટું લાગે એવું એક પણ કૃત્ય તે કરતી નથી. પરપુરુષની સાથે બિલકુલ સંસર્ગ રાખતી નથી. પતિને પોતાનો ઇષ્ટ દેવતા માની ભજે છે. તેને પોતાના પતિ વગર બીજા કોઈ પણ પુરુષનું રૂપ શ્રેષ્ટ જણાતું નથી. તે પોતાના સુખના હેતુરૂપ પોતાના પતિને ગણે છે.

તે સારાં કપડાં કે ઘરેણાં પહેરે છે તો તે લોકમાં સારૂં દેખાવા માટે નહિ પણ પોતાના પતિને આનંદ આપવા માટે પહેરે છે. તે દુરાચારીણી, હલકા શબ્દો બોલનારી, નીચ કામ કરનારી સ્ત્રીઓની સોબત કરતી નથી. તે પોતાના આધારરૂપ પોતાના પતિને ગણે છે. પતિની સેવા કરી, પતિની ઇચ્છાને માન આપી તેમની મરજી પ્રમાણે ચાલે છે. પતિ પ્રસન્ન થાય તે માટે ઘરને સ્વચ્છ રાખી, ઘરની ઉત્તમ વ્યવસ્થા રાખી, પતિનું મન રંજન કરે છે. પતિ કદાપિ પોતાના ઉપર ગુસ્સે થાય, ચીડાઈ જાય છતાં, પણ તેમને તે સામો ઉત્તર આપતી નથી કે તેમના ઉપર રોષ કરી મોઢું ચઢાવતી નથી.

પતિનું વચન કદી પણ ઉલ્લંઘન કરતી નથી. પતિનાં માબાપને પોતાનાં માબાપતુલ્ય માની સેવા કરે છે. સવારમાં ઉઠે છે ત્યારથી તે સુતા સુધી તે જે જે કામ કરે છે તેમાં પતિને રાજી રાખવા માટે, તે પોતાના ઉપર પ્રસન્ન રહે તે માટે સારી રીતે હોંસથી કરે છે. તે પોતાના પતિને વશ કરવા ઇચ્છતી નથી પણ પતિની પ્રીતિ પોતાના ઉપર થાય તેવું ઇચ્છે છે. પતિની પ્રસન્નતા જે સ્ત્રીઓ મેળવી શકે છે તેજ સ્ત્રીઓ ખરી પતિવ્રતા છે. તેમને પતિ પાસે બીજી કોઇ પણ આશા હોતી નથી, માત્ર પતિ મારા ઉપર પ્રસન્ન રહે તેવુંજ ઇચ્છે છે.

કોઇપણ પરપુરુષનો તે વિશ્વાસ કરતી નથી. તેની સાથે એકાંતમાં બેસતી નથી, તેમની સાથે છુટા મોઢે હસતી બોલતી નથી, કોઇપણ પુરુષ ગમે તેવો સગો હોય છતાં પણ તેમની સાથે છુટથી વર્તતી નથી. ઠઠ્ઠા મશ્કરીઓ કરવાની ટેવ રાખતી નથી. પતિની ગુપ્ત વાત કોઇના મોં આગળ કરતી નથી, પતિથી અસંતોષ થતો હોય છતાં પણ તે વાત અન્યને જણાવતી નથી. પોતાના કુટુંબની વ્યવસ્થા કરવાનો ભાર તે પોતાને માથે લઇ લે છે. પતિને ચિંતા કરવા દેતી નથી. પતિને સંકટ વખતે મદદ કરે છે, ધીરજ આપી સંતોષ આપે છે.

પતિને સુંદર રસોઇ કરી જમાડે છે, પતિની સાથે કદી પણ કોઇ વાતની હઠ કરતી નથી. પતિની મરજી પ્રમાણે ચાલે છે. પતિ વગર તેને બીજો કોઈ પણ પદાર્થ પ્રિય જણાતો નથી. વ્યભિચાર મનથી પણ કરતી નથી. તે માત્ર પતિના ઉપર અત્યંત પ્રેમ રાખી પતિની પ્રસન્નતા જ મેળવવા ઇચ્છે છે; આ પ્રમાણે સતી સ્ત્રી

પોતાના પતિને પ્રેમથી વશ કરી શકે છે. સતી સ્ત્રીઓ પતિને વશ કરવા માટે પતિના ચરણુમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દઇ માત્ર તેમના પ્રેમનીજ ભીક્ષા માગી શકે છે. જે સ્ત્રીઓ પતિસેવા કરી પતિના પ્રેમ મેળવી શકે છે તેજ સ્ત્રીઓએ તેમના પતિને વશ કર્યા છે.

સતી કામલતા—જામ—ફુલોજી

કામલતા કચ્છ વાગડના કંથકોટના રાજા જામ ફુલજીની સ્ત્રી હતી. કચ્છના જામ સાડજીને સોલંકી ધરણરાજે રાજ્યના લોભથી સંવત ૮૯૯ માં કપટથી મરાવી નાંખ્યો તેથી રાણીએ દુઃખી થઇ પોતાના કુંવર જામ ફુલજીનો જીવ બચાવવા માટે એક વિશ્વાસુ ખવાસણને સોંપી ત્યાંથી વનમાં જવાની સૂચના કરી. તે ખવાસણ સિંધમાં જઇ એક વાણીયાને ત્યાં દાસી થઇને રહેવા લાગી. ફુલજીએ તે વાણીયાનો ગાયો ચારવાનું કામ કરવા માંડયું. ફુલજી રાજપુત્ર હોવાથી શૂરવીર હતો તે વનમાં ગાયો ચારતાં ચારતાં શિકાર કરવા પણ જતો. તેનું રૂપ પણ ઘણું તેજસ્વી હતું. તે વગડામાં જઇ બપોરના વખતે એક દેવમંદિરમાં ધસઘસાટ ઉંઘી ગયો.

ત્યાં સાંજના ગાયો લઇ ઘેર જવાનો વિચાર કરતો હતો તેવામાં પરમાર કીર્તિરાજની કુંવરી કામલતા સખીઓ સાથે વનલીલા જોવા ત્યાં આવી ચડી તે જોઇ કુંવર એક થાંભલાને ઓથે તે શું કરે છે તે જોવા ઉભો રહ્યો. કુંવરી સખીઓ સાથે તે મંદિરમાં આવી રમવા લાગી. તેવામાં તેની નજર આ કુંવર ફુલજી ઉપર પડી તે જો કે ભરવાડના વેશમાં હતો છતાં તેનું રૂપ ઢાંકયું રહેતું નહિ. કામલતાની રમતાં રમતાં તેના ઉપર નજર પડી તેથી તેને એમ થયું કે આવો પતિ હોયતો કેવી મઝા પડે.

બંનેની નજર એક થઇ. કુંવર તો ત્યાંથી ચાલ્યો ગયો પણ કામલતાએ તો તેને વરવાનો નિશ્ચય કર્યો. તે ઘેર આવી ફુલજીના વિચાર કરવા લાગી. તે ઉમ્મરે થઇ હતી તેથી તેનાં માબાપે તેને પરણાવવાનો વિચાર કર્યો પણ તેની માને તેણે કહ્યું કેઃ મેં તો વ-

નમાં મળેલા એક ગોવાળ સાથે પરણવાનો વિચાર કરી દીધો છે માટે હું બીજાને વરીશ નહિ. આ વાત તેની માએ તેના બાપને કરી છોકરી શું જોઇને રાજકુંવરને બદલે આ ગોવાળને વરવા ધારતી હશે તેનો તે વિચાર કરવા લાગ્યાં. તેમણે કામલતાને ઘણું સમજાવી પણ તે એકની બે ન થઇ.

કામલતાએ ફુલજીની ખાનગી રીતે તપાસ કરાવી હતી તો તેને જણાયું કે તે ભરવાડ નથી પણ રાજપુત્ર છે. ઇશ્વરે તેને પડતીમાં નાંખ્યો છે તેથી આ દશા ભોગવે છે. ગમે તેમ હોય છતાં પણ તેણે તો તેને જ વરવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેણે પોતાની માને કહ્યું કેઃ મેં એકવાર તેને મારો પતિ માની લીધા પછી હું બીજા પુરુષને વરી કુલટા સ્ત્રી બનવાની નથી.

કુંવરીનો આગ્રહ જોઇ રાજાએ પણ તેની તપાસ કરાવી તો તે જામ સોડજીનો પુત્ર જણાયો તેથી તેણે પોતાની કુંવરી કામલતાનું જામ ફુલજી સાથે લગ્ન કર્યું. અને પોતાની મદદ આપી તેને તેનું રાજ્ય અપાવ્યું. જામફુલજી પછી ગોવાળ મટી રાજા બન્યો અને કુંવરી કામલતા મહારાણી બની કચ્છમાં જઇ પતિની સેવા કરવા લાગી.

કામલતા પતિવ્રતા હતી. પોતાના પતિની પ્રસન્નતા મેળવવા માટે તે રાત્રિદિવસ પતિને આધિન થઇ વર્તતી. ફુલજી રાજા થયા પછી પોતાને આશ્રય આપનાર સિંધના વણીકને મોટું ઇનામ અને જાગીરો આપી કરેલા ઉપકારનો બદલો વાળ્યો. સતીએ પતિને પ્રેમથી પોતાને વશ કરી લીધો. તે હંમેશાં પતિની પ્રસન્નતા મેળવવા જ ઇચ્છતી. સદા પતિની આજ્ઞાનું પાલન કરતી. પતિને ગૃહકાર્યમાં તેમજ રાજકારભારમાં મદદ કરતી. જામફુલજી પણ તેના ઉપર પ્રસન્ન રહેતો આવી રીતે પરસ્પર પ્રેમથી આ દંપતી એક જીવ થઇને સુખ ભોગવવા લાગ્યાં તેમને એક પુત્ર થયો તેનું નામ જામ લાખો ફુલાણી પાડયું. તેણે સાચું ક્ષત્રિયપણું જાળવી પોતાના માબાપના નામને સાર્થક કર્યું છે. આ પ્રમાણે સતી સ્ત્રી પ્રેમથી પોતાના પતિની આજ્ઞા પાળી પતિના પ્રેમને મેળવી શકે છે.

પદ્માવતી.

પદ્માવતી એ સમુદ્રશિખર નગરના રાજા વિજયસિંહની પુત્રી હતી. તે નાનપણથી રૂપવાન, બુદ્ધિવાન, ગુણવાન અને શૂરવીર હતી. તેણે પોતાને લાયક વર મળે તો જ પરણવું, નહિતો કુંવારા રહેવું એવો નિશ્ચય કર્યો હતો. તેને માટે વિજયસિંહે ઘણી શોધ કરાવી પણ તેને લાયક વર મળ્યો નહિ. તે વખતે દિલ્હિમાં પૃથ્વીરાજ ચોહાણ રાજ્ય કરતો હતો તેનાં રૂપ, ગુણ અને બળની વાત તેના સાંભળવામાં આવી તેથી તેનો વિચાર પૃથ્વીરાજને વરવાનો થયો.

તેને પદ્માવતીએ પોતાના વિશ્વાસુ નોકર સાથે સંદેશો કહેવરાવ્યો કેઃ હું આપનાં રૂપ, ગુણ અને બળની વાત જાણી આપના ઉપર મોહવશ થઈ છું. આપને જ વરવાની મારી ઇચ્છા છે. આપ મારો અંગિકાર નહિ કરો તો હું આ પ્રાણનો ત્યાગ કરીશ." આ સંદેશો સાંભળી, તેમજ પદ્માવતીના રૂપ લાવણ્યની વાત સાંભળી તેણે તેની સાથે લગ્ન કરવાનું કબુલ કર્યું અને તેનું માગું કર્યું.

વિજયસિંહે કબુલ કરવાથી પૃથ્વીરાજ તેને વરવા માટે ગયો. અને ધામધુમ સાથે વિજયસિંહે પૃથ્વીરાજ સાથે પોતાની પુત્રી પદ્માવતીનાં લગ્ન કર્યાં. પૃથ્વીરાજ પણ સતીનું રૂપલાવણ્ય જોઇ પ્રસન્ન થયો. તે એક બીજાના ઉપર પ્રેમ રાખવા લાગ્યાં. સતીએ પતિ સેવા કરી પૃથ્વીરાજના હૃદયના પ્રેમને જીતી લીધો. થોડોક વખત તો તે પોતાને સાસરે રહ્યો પણ તે વખતે શાહબુદીનઘોરી ચઢી આવ્યાની ખબર મળતાં તરતજ તે પોતાની સ્ત્રી પદ્માવતી સાથે દિલ્હી જવા તૈયાર થઈ ગયો.

શાહબુદીનને પૃથ્વીરાજ પરણવા ગયો છે અને આવતાં રસ્તામાં ભેટો થશે એ આશાથી લશ્કર લઈ તેણે દિલ્હી જવાના રસ્તામાં જ પડાવ નાખ્યો આ વાતની પૃથ્વીરાજને ખબર પડી તેથી તેણે પોતાની પત્નીને પુછ્યું કેઃ " વ્હાલી, શત્રુ રસ્તામાં પુષ્કળ સૈન્ય લઇ આપણને પરાજીત કરવા માટે રસ્તો આંતરી ઉભો છે. અને આપણી પાસે લશ્કર થોડું છે. માટે તું કહે તો બીજે રસ્તે થઇને દિલ્હી જઇએ. આ સાંભળી પદ્માવતીએ કહ્યું: " વ્હાલા પ્રાણનાથ ! આપણે જો તેનાથી બ્હીને રસ્તો બદલી બીજે રસ્તે જઇશું તો આપણા

નામને લાંછન લાગશે. લશ્કર થોડું છે તેમાં શું થયું. અગ્નિ જરા હોય છે છતાં પણ ગામનાં ગામ બાળી શકે છે. તેને હરાવવા માટે આપ એકલાજ બસ છો. આપ સિંહસરખા બળવાનને ભય શો ? આપનું આત્મબળ ત્રિભૂવનને ધ્રુજાવનાર છે. માટે એ રસ્તે થઇનેજ જવું મારો તો એવો વિચાર છે.

આ પ્રમાણેનાં પોતાની શૂરવીર પત્નીનાં ઉત્સાહને આપનારાં વચનોથી પૃથ્વીરાજનું શૂર ઉભરાઈ ગયું તેણે તેને ધન્યવાદ આપ્યો, અને કહ્યું કેઃ શાબાશ છે ! વ્હાલી ક્ષત્રિયાણીનો એજ પરમ ધર્મ છે. ખરી વીરતા આત્મબળમાંજ છે. ' આ પ્રમાણે પોતાની પત્નીને કહી તે પોતાના લશ્કરને સાવધ કરી શહાબુદીનઘોરી જે રસ્તો આંતરીને પડયો હતો તેજ રસ્તે ચાલ્યો. રસ્તામાં શત્રુનો ભેટો થયો. બંને સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધ થયું. પદ્માવતી પણ શૂરવીર હતી તે પણ હથિયાર લઈ પોતાના પતિની સાથે યુદ્ધમાં ઉતરી અને હજારો સૈનિકોનો ઘાણ વાળી દીધો.

શત્રુનું સૈન્ય વધારે હતું છતાં પણ પૃથ્વીરાજે વિજય મેળવ્યો અને શહાબુદીનને જીવતો કેદ પકડયો. પછી પૃથ્વીરાજ દિલ્હી ગયો અને ત્યાં જઇ કેટલુંક નજરાણું લઇ શહાબુદીનને જીવતો છોડી મુકયો. પદ્માવતીએ પતિની સેવા કરી રાજકારભારમાં પૃથ્વીરાજને ઘણી મદદ કરી હતી. તેણે પોતાની બ્હાદુરી આ યુદ્ધમાં બતાવી પતિના મનને જીતી લીધું.

સતી પદ્માવતીએ પોતાના તન, મન અને ધનથી એક ચિત્તે પતિની સેવા કરી હતી અને પતિના પ્રેમને મેળવી લીધો હતો. જે સ્ત્રી પતિ સેવા કરી પતિને રાજી રાખી શકે છે તેજ પતિને વશ કરી શકે છે.

મંગળાદેવી—ભર્તૃહરી.

ઉજ્જયનીના મહારાજા ભર્તૃહરીની સ્ત્રીનું નામ મંગળાદેવી હતું. સતી પતિવ્રતપણું પાળી પતિની આજ્ઞાનું પાલન કરતી. તેનો પોતાના પતિમાં અત્યંત પ્રેમ હતો. એક વખતે ઉજ્જયીનીમાં એક શિકારી વનમાં શિકાર કરવા જતો હતો તે વખતે

તેની સ્ત્રીએ તેને કહ્યું કેઃ આપ આજે ન જશો. મારી આંખ ફરકે છે માટે શુકન સારા નથી. છતાં શિકારીએ માન્યું નહિ. વનમાં જઇ શિકાર શોધવા લાગ્યો. સામેથી એક હાથી આવતો જોઇ શિકારીએ બાણુ તાક્યું, તે હાથીને વિંધવા એક સરતે બાણુ તાકતો હતો તેવામાં તેના પગ પાછળ સાપનું દર હતું તેમાંથી સાપે નીકળી તેને ડંશ કર્યો તેથી તેને ઝેર ચઢતાં તરત જ મરણુ પામી હેઠે પડયો. તેનું બાણુ તો હાથમાંથી છુટયું તેણે પેલા હાથીના કુંભ-સ્થળને વિંધી નાંખ્યું.

આ વખતે રાજા ભર્તૃહરી શિકાર કરવા વનમાં આવેલો હતો તેમણે આ શિકારીને બીજાનો શિકાર કરવા જતાં તેનો પોતાનો કાળ થઇ મરણુ પામેલો જોયો. થોડીવારે પેલા શિકારીની સ્ત્રી આવી પોતાના પતિને મરણુ પામેલો જોઇ દુઃખથી ખેદ કરવા લાગી. અને પતિપ્રેમથી વ્યાકુળ થઇ સતી થવા તૈયાર થઇ. તેણે જંગલમાંથી લાકડાં લાવી ચિતા ખડકી અને પતિની સાથે બળી મરી. આ જોઇ ભર્તૃહરિ ખેદ પામતો, આ સતીની પ્રશંસા કરતો ઘેર ગયો.

તેણે પોતાની રાણી મંગળાદેવીને આ વાત કહી શિકારીની સ્ત્રીની પ્રશંસા કરી. તે સાંભળી રાણીએ કહ્યુઃ એમાં શું થયું ! તે કાંઇ મહાસતી ના કહેવાય. જો તે મહાસતી હોત તો અગ્નિની જરૂર જ ન પડત. મહાસતી તો પતિનું મૃત્યુ થતાં જ પ્રાણુને ત્યજી દે છે. તે પતિવ્રતા ખરી પણ મહાસતી નહિ.

આ સાંભળી મહારાજાએ કહ્યુંઃ બોલવું સ્હેલું છે પણ કરવું કઠિન છે. તમે બોલ્યા પ્રમાણે કરી બતાવો ત્યારે ખરાં. આ સાંભળી રાણી ચૂપ થઇ. તે શો જવાબ આપે ! પતિવ્રતા પતિનું મૃત્યુ ઇચ્છે ખરી ! રાજાએ તો આ પછી સતીની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. સતી પોતાના પતિને પ્રાણુ કરતાં પણ વધુ ગણુતી. તે પતિનો સ્નેહ પોતાના ઉપર શી રીતે રહે તેજ ઇચ્છતી.

એક વખતે બે ત્રણુ વર્ષ પછી ભર્તૃહરી વનમાં શિકારે ગયો. ત્યાંથી પોતાના વિશ્વાસુ નોકરને પોતાની પાઘડી આપી કહ્યું કે તું જા અને રાણીને રડતાં રડતાં કહે કેઃ રાજાનો તો વાઘે પ્રાણુ લીધો. તે વનમાં પડયા છે અને હું આપને ખબર આપવા આવ્યો છું. આ સાંભળી તે નોકર રડકકળ કરતો શહેરમાં આવ્યો અને રાજાને વાઘે

મારી ખાધા એમ કહેતો કહેતો રાણી પાસે આવ્યો. રાણીએ તે સાંભળી છાતીફાટ રડવા માંડયું. તેણે કહ્યું: હેં પતિ ગયા ? હવે જીવીને શું કરવું ? એમ કરતી ઉભી થઈ અને 'હે વ્હાલા, હું પણ તમારી સાથે આ આવી,' આમ કહેતી ધબ દઇ નીચે પડી. તેણે પ્રાણ છોડી દીધા. આ જોઇ શહેરના લોકો પણ ઘણો ખેદ કરવા લાગ્યા.

રાજાના કારભારીયો રાણીના શબને લઇ સ્મશાનમાં ગયા ત્યાં રાજાને આવતો જોયો. રાજા તો વિચાર કરતો હતો કે: મારા મરણના સમાચાર સાંભળી રાણી હજુ મરી ગઇ નહિ હોય, તેની આજે ખરી પરીક્ષા થશે. આવા વિચાર કરતો તે આવતો હતો. તે સ્મશાનમાં બધાને જોઇ આશ્ચર્ય પામ્યો. તેના કારભારીએ પણ રાજાને જીવતો જોઈ આનંદ પામતા તેમની પાસે આવી સમાચાર કહ્યા કે: આપના હજુરીઆએ આપના મરણના સમાચાર કહેવાથી રાણીએ પોતાનો પ્રાણ ત્યાગ કરી દીધો. આ સાંભળી રાજા ઘણો ખેદ કરવા લાગ્યો. પત્નીની પરીક્ષા કરવા જતાં પત્નીએ પ્રાણ ત્યાગ કર્યો તેથી પસ્તાવો કરવા લાગ્યો. આથી તેને સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો.

આ પ્રમાણે સતી સ્ત્રીઓનો પોતાના પતિના ઉપર એવો પ્રેમ હોય છે કે તે પતિના મરણને સહન કરી શકતી નથી. આવી સ્ત્રીઓ જ પોતાના પ્રેમથી પતિને વશ કરી શકે છે.

સરસ્વતી.

પાટણના નગેન્દ્રનાથની પત્નીનું નામ સરસ્વતી હતી. સરસ્વતી મૂળથી રૂપાળી, ગુણવાન અને નીતિવાન હતી. નરેન્દ્રનાથનો બાપ સારા પૈસા કમાયેલો હતો. નગેન્દ્રનાથ કાંઇ ઝાઝું ભણેલો નહોતો. બાપ નાનપણમાં મરી જતાં તમામ પૈસો તેના હાથમાં આવતાં તે મોજશોખી થઈ ગયો હતો. ખરાબ મિત્રોની સોબતમાં તે દુર્ગુણી બની પૈસા ઉડાવવા લાગ્યો. તેની સ્ત્રી સરસ્વતી પતિવ્રતા હતી. તે પોતાના પતિને આમ કુચ્છંદમાં પડેલો જોઇ તેને સુધારવા ઘણી શીખામણ આપતી, પણ નગેન્દ્ર કાંઇ માનતો નહિ. તે પરસ્ત્રી લંપટ, વ્યસની અને જુગારી બની ગયો હતો. જ્યારે

સરસ્વતી તેને વધુ શિખામણ આપવા લાગી ત્યારે ઘણીવાર તો તે તેને ગાળો ભાંડવામાં અને મારવામાં બાકી રાખતો નહિ.

સતી હંમેશાં પતિભક્તિ કરવામાં પોતાનું સાભાગ્ય માનતી. તે પતિને પોતાના પ્રાણ કરતાં પણ અધિક ગણીને સેવતી. એક વખતે પતિને સંકટમાં પડેલો જોઇ તેણે પોતાના દાગીના પણ તેને આપી દીધા. તેનું સૌંદર્ય ભલભલાને મોહ પમાડનાર હોવા છતાં પણ નગેન્દ્રની તેના ઉપર પ્રીતિ નહોતી. નગેન્દ્રે આ પ્રમાણે ખરાબ મિત્રોની સોબતે કુછંદમાં પડી પોતાની તમામ મિલ્કત ગુમાવી દીધી. તેણે ઘર, વતન, વાસણ, દાગીના વિગેરે સર્વ વેચી ખાધું. આમ છતાં પણ સરસ્વતી તેના ઉપર જેવી ને તેવી જ પ્રીતિ રાખતી, તે તેને સુધારવાની શિખામણ આપતાં માર ખાતી હતી છતાં પણ પતિસેવા કરવામાં તત્પર રહેતી હતી.

નગેન્દ્રનું સર્વસ્વ ગયું. પાસે પૈસો રહ્યો નહિ એટલે તે જેને વ્હાલા મિત્રો સમજતો તેણે તેનો ત્યાગ કર્યો. તેને દેવાવાળા સતાવવા લાગ્યા. આ વખતે તેને ઉભુ રહેવાની જગ્યા ન મળવા લાગી ત્યારે તેના ખરા મિત્રની ગરજ સરસ્વતીએ સારી. તે તેના સંકટમાં ધીરજ આપવા લાગી, પતિનો માર ખાવા છતાં પણ તે પતિભક્તિ ચૂકી નહોતી. તેણે પતિની પડતી વખતે તેને ધીરજ આપી ચિંતાથી મુક્ત કરવા યત્ન કરવા લાગી. તેણે ધીમે ધીમે પતિનું વ્યસન છોડાવ્યું અને સન્માર્ગે વાળ્યો.

આવી સતી સ્ત્રીઓ જ ધન્યવાદને પાત્ર છે.

ઉદયમતી—ઉદયાદિત્ય.

ઉદયમતીનો જન્મ સિદ્ધરાજના ભાયાત દેવપાળને ત્યાં થયો હતો. તે બુદ્ધિવાન, રૂપવાન, શૂરવીર અને નીતિવાન હતી. તેનું લગ્ન ધારાનગરીના રાજા ભોજદેવના વારસ ઉદયાદિત્ય સાથે થયું હતું ઉદયમતી પતિવ્રતા હતી. તે પરણીને સાસરે આવ્યા પછી પતિસેવા કરી પતિની આજ્ઞાનું પાલન કરતી. પતિ ઉપર અત્યંત પ્રીતિ રાખતી. તેનું સ્વરૂપ ઘણુંજ સૌંદર્યવાળું હતું તેથી તેના ઉપર રાજા ઉદયાદિત્યની પણ પ્રીતિ વધવા લાગી. ઉદયાદિત્યને બીજી રાણી મોહનકુંવરબા કરીને હતી તે પટરાણી હતી. તેણે

આ પ્રમાણે નવી રાણી ઉદયમતી ઉપર રાજાની પ્રીતિ વધેલી જોઇ, તે તેના ઉપર ઇર્ષ્યા કરવા લાગી. અને ઉદયમતીના દોષોનું વારંવાર પોતાના પતિ આગળ કથન કરતી. તેના ઉપર જુઠી આળ ચઢાવવા પણ ચુકી નહિ.

દરરોજ પટરાણીની વાતો સાંભળી ઉદયાદિત્યને પણ નવી રાણી ઉપર શક જવા લાગ્યો. ઉદયમતીને પુત્ર થયો તેનું નામ જગદેવ પાડયું. તેને પુત્ર થતાં તો પટરાણીએ રાજાને ભરવ્યું કે: એ પુત્ર વ્યભિચારથી પેદા થયો છે. અમુક અમુક માણસો ઘણીવાર રાત્રે તેના મહેલમાં આવે છે તેની મેં તપાસ કરાવી છે, તે તમને મનથી ચ્હાતી નથી પણ કોઈ બીજાને જ ઇચ્છે છે. આ વાતની ખાત્રી પોતાની દાસીઓને પૂછાવીને કરાવી. રાજાને જરૂર આથી વ્હેમ પડયો. રાજાને કાન હોય છે પણ સાન હોતી નથી. તે પ્રમાણે ઉદયાદિત્યે હવે ઉદયમતીનો ત્યાગ કર્યો. પતિના આવા વર્તનથી સતી ઉદયમતીના દુઃખનો પાર ન રહ્યો. તેના ઉપર આવું જુઠું આળ ચઢેલું જાણી તેને ઘણો જ ખેદ થવા લાગ્યો.

સતી સ્ત્રીનો જ્યારે તેનો પતિ ત્યાગ કરે છે ત્યારે તેના જેવું બીજું દુઃખ તેને હોતું નથી જ્યાં પુરુષને એકથી બીજી સ્ત્રી હોય છે ત્યાં ક્લેશ થયા વગર રહેતો જ નથી. શોકયોને કોઈ દિવસ બનતું નથી. એક બીજાના ઉપર અદેખાઈ કરે છે. એક બીજાનું ભુંડું તાકે છે. પતિના આગળ પોતાની શૉકયોના દુર્ગુણો ન હોવા છતાં પણ દુર્ગુણો છે એવું કથન કરે છે. પતિનું મન ભંભેરી દે છે. આ પ્રમાણે મોહનકુંવરબાએ ઉદયમતીના વિષે જુઠી વાતો કરીને પતિના મનથી તેનો ત્યાગ કરાવ્યો.

ઉદયમતી બિચારી પતિ વિયોગે દુઃખથી દહાડા કહાડવા લાગી પતિની પોતાના ઉપર પ્રીતિ ન હોવા છતાં પણ તેનું મન તો પતિમાંજ ચોટેલું હતું. પતિવગર તેને ચેન પડતું નહિ. રાજવૈભવ પતિવગરના તેને દુઃખદ જણાવા લાગ્યા. માત્ર પુત્ર જગદેવને ઉછેરી તેને કેળવવામાં તેનું બધું ધ્યાન પરોવાયું. સતીએ પુત્રને નાનપણથી ઉત્તમ સંસ્કારો આપી શૂરવીર, હિંમતવાન અને ગુણવાન બનાવ્યો તે નાનપણથી જ ક્ષત્રીયને છાજે તેવાં ઉચ્ચ પરાક્રમો કરવા લાગ્યો.

જગદેવને પણ પિતાના રાજ્યમાં યોગ્ય માન મળવા ન લાગવાથી તે પરદેશ ગયો અને ત્યાં સિદ્ધરાજના દરબારમાં રહી યોગ્ય

પરાક્રમોવડે પ્રસિદ્ધ થયો. તેના પરાક્રમોની વાત રાજા ઉદયાદિત્યના જાણવામાં આવી. તેને બીજા સરદારોએ કહ્યું કેઃ રાજાજી, જગદેવનાં પરાક્રમોથી જ તે આપનો પુત્ર છે એમ સાબીત થાય છે. આપને પટરાણીએ ભરમાવ્યાથી આપે નાહક ઉદયમતીનો ત્યાગ કર્યો છે. ઉદયમતી આપના વિયોગે સુકાઇ અર્ધી થઈ ગઈ છે. આપની ગેરહાજરીમાં પણ તે પાત પતિ કરતી ઝુર્યાં કરે છે. આથી રાજાએ ખાનગી બાતમી મેળવતાં ઉદયમતીનું ચિત્ત તેને પોતાનામાં જ લાગેલું જણાયું.

તે જાતે ઉદયમતીના મ્હેલે ગયો તો રાણીએ પોતાના પતિનો વિયોગ થતાં સર્વ સુખનો ત્યાગ કરેલો જણાયો. તેને તેના પતિવ્રતની ખાત્રી થતાં તે તેના ઉપર હેત રાખવા લાગ્યો. થએલી ભૂલનો પસ્તાવો કરવા લાગ્યા. આ પછી તેમની પ્રીતિ પાછી ઉદયમતી ઉપર વધી અને મોહનકુંવરબા મનથી ઉતરી ગયાં.

આ સતી સ્ત્રીએ પતિને અત્યંત માન આપી તેમના ઉપર પ્રેમ રાખી પતિના હૃદયને જીતી લીધું.

આ પ્રમાણે સતી સ્ત્રીઓ પતિ તરફથી દુઃખ વેઠવા છતાં પણ પતિનું અહિત ઇચ્છતી નથી તે તો પોતાના પતિનું હિત જ ઇચ્છે છે. આપણે પણ હંમેશાં આપણા પતિની પ્રીતિ સંપાદન કરવા માટે પતિસેવામાં તત્પર રહેવું ઘટે છે. કહો હવે બંધ કરીશું? આટલું આચારમાં ઉતરશો તો તે કાંઇ થોડું નથી. આ પછી સર્વે ઉઠી પોતપોતાને ત્યાં ગયાં.

પ્રકરણ ૨૪ મું.

બાળકોને જેવાં બનાવવાં હોય તેવાં બની શકે છે.

ચન્દ્રકાન્તા પોતાના પતિને અંતઃકરણથી ચ્હાતી હતી. મોહનરાય પણ હવે સુખી હતો. તેની પ્રીતિ તેના ઉપર વધવા લાગી. હવે મોહનરાયની બુદ્ધિ ખિલતાં તે સ્વતંત્ર વ્યાપાર કરવા લાગ્યો તેમાં તેણે બે પૈસા સારા પેદા કર્યા હતા. પતિ પત્ની પરસ્પર પ્રેમ રાખતાં એક બીજાને જોતાં જ આનંદથી હૃદય ઉભરાઇ

જતાં. ઈશ્વરેચ્છાએ ચન્દ્રકાન્તાને ગર્ભ રહ્યો. આ વખતે મોહનરાય અને ચન્દ્રકાન્તા વચ્ચે બાળકોને જેવાં બનાવવાં હોય તેવાં બનાવી શકાય છે એ વાત ચાલી.

ચન્દ્રકાન્તાએ કહ્યું કેઃ મેં વાંચ્યું છે કે બાળકોને જેવાં બનાવવાં હોય તેવાં તેનાં માબાપ બનાવી શકે છે. બાળક મુર્ખ થાય તેમ જ વિદ્વાન થાય તેમાં તેનાં માબાપ કારણભૂત છે. એ વાત સાચી હશે ખરી ?

મોહનરાય—તું કહે છે તે વાત સાચી છે. બાળકોને જેવાં બનાવવાં હોય તેવાં બનાવી શકાય છે. બાળકને જન્મ થતા પહેલાં તે ગર્ભમાં હોય તે વખતે જેવા સંસ્કારો તેની મા તરફથી તેનામાં પાડવામાં આવે છે તેવું બાળક બની શકે છે. ઘણો આધાર તેની માતા ઉપર છે. પુત્રી ઉમ્મરે આવતાં તેની માતાએ તેને આ સંબંધી જ્ઞાન આપવું જોઇએ. અત્યારે તો બ્રહ્મચર્ય પાળવાનો બાળકોને ઉપદેશ આપવો એ પણ શરમપણું ગણાય છે.

સ્ત્રી અને પુરુષે બ્રહ્મચર્ય પાળવું જોઇએ. મોટી ઉમ્મર સુધી બ્રહ્મચર્ય પાળવાથી તેમનામાં મહાન બાળકો ઉત્પન્ન કરવાની શક્તિ આવે છે. પુરુષનું વીર્ય (Semen) અને સ્ત્રીનું આર્ત્તવ(menses) એ બેનો સંયોગ થવાથી ગર્ભ રહે છે. સ્ત્રીના ગર્ભાશયમાં એ રીતે વીર્ય અને આર્ત્તવનો સંયોગ થઇ ગર્ભનું રૂપ પકડે છે. તેથી ગર્ભાશયનું પડ જાડું થઇ ગર્ભની આસપાસ થેલી જેવું બની જાય છે. તેમાં ગર્ભ વધે છે અને માતાના લોહીની નસોની શાખાઓ (Placenta) તેમાં જઇને તે ગર્ભનું નવ માસ સુધી પોષણ કરે છે.

એક માસનો ગર્ભ નાના કીડા જેવા આકારનો ½ ઈંચ જેવડો લાંબો હોય છે. તે વખતે કાંઇ આકૃતિ હોતી નથી. બીજા માસે તે ૧॥ ઈંચ લાંબો ને ૧॥ રૂપીઆભાર વજનનો હોય છે. તે વખતે મોં, કાન, નાક, આંખ વિગેરે અવયવો ખુલ્લા જણાય છે. ત્રીજા માસનો ગર્ભ ૨॥ ઇંચ લાંબો ને ૪ તોલા વજનમાં હોય છે, ત્રીજા મહિને હાડકાં ઉત્પન્ન થાય છે, અને હાથ પગ સ્પષ્ટ જણાય છે. ચોથા મહિને ૫ થી ૬ ઈંચ લાંબો ને આઠેક રૂપીઆભારના વજનમાં થાય છે. આ મહિને શરીરનાં સઘળાં અંગ થાય છે. હૃદય પણ આ માસમાં જ બનવાથી તેમાં ચેતન આવે છે. પાં-

ચમા માસે સાતેક ઇંચ લાંબો અને ૦ાા શેરના આશરે વજને હોય છે. આ માસમાં માથાનું કદ મોટું થાય છે તેનું મન ચૈતન્યવાળું છે. છઠ્ઠા માસે દસેક ઇંચ લાંબો ને એક શેરના વજને થાય છે, આંખનાં પોપચાં જણાય છે આ મહિને તેનામાં બુદ્ધિ ઉત્પન્ન થાય છે. સાતમા માસે પંદરેક ઇંચ લાંબો, ને ૪ શેર વજનમાં હોય છે. આ વખતે આંખનાં પોપચાં છુટાં થાય છે, ચામડી ગુલાબી રંગની જાડી ને નખ થાય છે. આઠમા માસે ગર્ભ ૧૬ ઇંચ લાંબો ને ૫ શેર વજનમાં થાય છે તેને નખ થયા હોય છે અને નવ માસે ગર્ભ ૨૧ ઇંચ લાંબો ને સાતથી ૯ શેર વજનમાં હોય છે. આ નવ માસ સુધીમાં તેની મા જેવા વિચારનું સેવન કરે છે, જેનું ચિંતન કરે છે અને જેવી વર્તણુંક રાખે છે તેવા તે ગર્ભ ઉપર સંસ્કારો પડે છે.

માબાપના આચાર વિચારોની અસર ગર્ભ ઉપર થાય છે. પતિ પત્નીમાં પ્રેમ હોય, તે હંમેશાં આનંદી રહેતાં હોય, તો તેની અસર ગર્ભ ઉપર થાય છે. બાપ કરતાં માતાની શારીરિક અને માનસિક સ્થિતિની ઘણી અસર તેના બાળક ઉપર થાય છે. ગર્ભ સંચાર વખતે માબાપની જેવી પ્રકૃતિ હોય છે તે પ્રકૃતિની અસર તે ગર્ભ ઉપર થાય છે. માતાના શરીરની ધાતુઓથી બાળકનું શરીર રચાય છે તેના રક્તથી ગર્ભ પોષાય છે, તેના મનની અસર બાળકમાં ઉતરી આવે છે. ગર્ભાધાન વખતે સ્ત્રી અને પુરુષ આનંદી, હોંસીલાં, સુખી, ઉત્તમ આચાર વિચારવાળાં હોય છે તો તેની અસર બાળક ઉપર થયા વગર રહેતી નથી.

કેટલીક વખતે સ્ત્રી અને પુરુષ બંને સારાં જણાતાં હોય, તેમનો સ્વભાવ સારો હોય, પરસ્પર પ્રીતિવાળાં હોય છતાં પણ તેમની વચ્ચે ગર્ભાધાન વખતે કંઈ કલેશ થયેલો હોય, બંનેનાં મન ઉંચાં હોય, તો તેની અસરથી જન્મનાર બાળક તેમના સ્વભાવ કરતાં ઉલટું જ નીકળે છે. અને વિપરીત સ્વભાવનાં પતિપત્ની જો ગર્ભાધાન વખતે એક બીજામાં પ્રીતિવાળાં, આનંદી મનમાં અને ઉત્તમ આશાવાદી હોય છે તો તેમની પ્રજા ઉત્તમ સ્વભાવની થાય છે.

ગર્ભાધાન વખતથી નવ માસ સુધી સ્ત્રી જેવા વિચારોનું સેવન કરે છે. જેવા આચારો રાખે છે, જેવા રૂપ, ગુણ, બળ, બુદ્ધિ વિ-

ગેરેનું ચિંતન કરે છે, જેવા મનુષ્યના રૂપમાં તેને પ્રીતિ થાય છે. બાળકને જેના જેવું થવાનું તે ચિંતન કરે છે, તેવું બાળક થાય છે. ગર્ભ રહે ત્યારથી તે પ્રસવ થાય ત્યાં સુધી સ્ત્રીએ આનંદમાં રહેવું. કોઇ પણ પ્રકારની ચિંતા રાખવી નહિ, મનમાં ઉદ્વેગ રાખવો નહિ, ઘરમાં કલેશ કરવો નહિ, ગર્ભ રહ્યા પછી કોઈ પણ વખતે રડવું નહિ, રડકકળ થતી હોય ત્યાં જવું નહિ, લડવાડ થતી હોય, ગાળાગાળી થતી હોય ત્યાં જવું નહિ કારણ કે તે વખતે ગર્ભવતી સ્ત્રીના મન ઉપર જેવી અસર થાય છે તેવી ગર્ભને અસર થવાથી તે અનુસાર તે બાળક જન્મે છે. ગર્ભવતી સ્ત્રીના મન ઉપર જે સચોટ અસર થાય છે, તેના સંસ્કારો બાળકને પડયા વગર રહેતા નથી.

ગર્ભમાંના બાળકને જો રૂપાળું કરવું હોય તો સારા સારા રૂપવાળા છબીઓ પોતાના ઘરમાં રાખી તે જોયાં કરવી, તેમાંના સર્વોત્તમ રૂપવાળી છબીના રૂપનું મનમાં ચિંતન કર્યા કરવું, જો પતિના રૂપ જેવું બાળકનું રૂપ થાય તેવી ઇચ્છા હોય તો પતિના રૂપનું ચિંતન કર્યા કરવું. સ્ત્રીના મનમાં વારંવાર જેવા રૂપનું ચિંતન થયાં કરે છે તેવા રૂપનું બાળક જન્મે છે. તેના ચિત્તમાં જેવા રૂપની સજ્જડ છાપ બેસી જાય છે તેવું રૂપ બાળકનું થાય છે. કારણ કે તેના ચિંતનની અસર બાળકને થાય છે. તે જો પતિના રૂપનું ચિંતન ન કરતાં પોતાનું મુખ છબીમાં જોયાં કરી પોતાના રૂપની છાપ ચિત્તમાં જડી દે છે તો તે બાળકનું રૂપ તેની માતાના જેવું થાય છે.

જો તેનું મન પોતાના રૂપનું તેમજ પતિના રૂપનું ચિંતન કરતું હોય છે તો તે બાળકનું રૂપ તે બંનેને મળતું થાય છે. જો તે સ્ત્રી પોતાને ઘેર કોઇ સ્નેહી આવતું જતું હોય, ભલે તે પછી સ્ત્રી હો કે પુરુષ હો, છતાં પણ જો તેને તેનું રૂપ સર્વ કરતાં ઉત્તમ જણાતું હોય અને તેના રૂપનું ચિંતન તે કરતી હોય છે તો તે જેના રૂપનું ચિંતન કરે તેના જેવું બાળકનુ રૂપ થાય છે. કદાચ સ્ત્રી તે પુરૂષના રૂપ જેવું બાળક થાય એવું ન ઇચ્છતી હોય પણ કદાચ મનમાં એવી ઇચ્છા કરે કે: વખતે આના જેવું મારા બાળકનું રૂપ થશે તો ઘણું જ ખરાબ થશે એવી વિપરીત ભાવનાથી પણ જો તેનું ચિંતન કરતી હોય છે તો તેને તેના જેવું બાળક જન્મે છે.

ગર્ભિણી સ્ત્રીએ કદી પણ શોક કરવો નહિ, ભય રાખવો નહિ, ભયવાળી જગ્યાએ જવું નહિ કારણકે તેની અસર ગર્ભ

ઉપર થયા વગર રહેતી નથી. બીભત્સ નવલકથાઓ વાંચવી નહિ, ક્રુર કર્મ કરનારાનાં પરાક્રમોવાળાં પુસ્તકો વાંચવાં નહિ, લડાઇમાં આજે આટલા કપાયા, આજે ફલાણી જગ્યાએ દુકાળથી કે પ્લેગથી સેંકડો માણસો ટળવળતા મરી ગયા એવા સમાચારો વાંચવા નહિ કે સાંભળવા નહિ કારણકે તેની અસર ગર્ભ ઉપર થયા વગર રહેતી નથી.

મહાન પુરુષોનાં, પવિત્ર હૃદયવાળા મહાપુરુષોનાં, પરાક્રમી પુરુષોનાં, બળવાન પુરુષોનાં, સતી સ્ત્રીઓનાં જીવન ચરીત્રો વાંચવાં, ભીમ અર્જુન કે રામ જેવા પરાક્રમી પુરુષોનું ચિંતન કરવું. સતી સીતા, દમયંતી જેવી સતી સ્ત્રીઓનું સ્મરણ કરવું. હમેશાં નિર્ભયતાના વિચારો કરવા, ઉદ્યોગી રહેવું, આળસનો ત્યાગ કરવો, નિસાસા નાંખવા નહિ. કારણકે ગર્ભવતી સ્ત્રીના મન ઉપર જેવા પુરુષ કે સ્ત્રીનું વારંવાર સ્મરણ થયાં કરે છે, જેવા પુરુષ કે સ્ત્રીનાં પરાક્રમો વારંવાર તેના મનમાં યાદ આવે છે, જેનું તે વારંવાર સ્મરણ કરે છે, તે અનુસાર તેનાં બાળકો થાય છે.

એકાગ્રતાપૂર્વક બરોબર ધ્યાન લગાવીને ગર્ભવતી સ્ત્રી જે પુરુષ કે સ્ત્રીનું ચિંતન કરતી હોય છે તેનાં રૂપ અને ગુણ તેના બાળકમાં આવી શકે છે. માટે સ્ત્રીઓ પોતાના બાળકને જેવું રૂપવાન, બળવાન, પરાક્રમી, મહાપુરુષ, પ્રયત્નશીલ બનાવવાની ઇચ્છા કરતી હોય તેવા રૂપવાળા, બળવાળા, પરાક્રમી મહાપુરૂષોનાં ચરિત્રોનું એકાગ્રતાપૂર્વક મનન કરવાથી તેવું બનાવી શકે છે. માતા થનાર સ્ત્રીએ પોતાના બાળકના ભવિષ્યને માટે હંમેશાં સદ્વિચારોનું સેવન કરવું, શુદ્ધ અને પવિત્ર આચરણ રાખવું, હંમેશાં આનંદી અને ઉત્સાહી રહેવું. તેણે કોઇ પણ એક ઉત્તમ આદર્શ ખડું કરી તેમાંજ ચિત્તને રમાડયા કરવું. આમ કરવાથી પોતાની ઇચ્છાનુસાર બાળકો જન્મી શકશે.

પતિએ પોતાની સ્ત્રીને ગર્ભ વખતે પાળવાના નિયમોનું જ્ઞાન આપવું જોઇએ તેને પ્રસન્ન રાખવી. તેની ઇચ્છાને પુરી કરવી, તેને હંમેશાં સુખી રાખવા યત્નશીલ થવું. તેણે આહાર પણ પૌષ્ટિક અને સાદો લેવો. તેના મનમાં ઉત્તમ ભાવનાને ઠસાવવી. કદી પણ કોઈ બાબતની ચિંતા કરવા દેવી નહિ. કોઈ પણ વખતે એકાએક તેને ભય થાય, શોક થાય કે ઉદ્વેગ થઈ હૃદય ધડકવા લાગે તેવું કરવું

નહિ. કોઈ પણ એવી જગ્યાએ ગર્ભવંતી સ્ત્રીએ જવું નહિ કે તેનામાં એકાએક ગભરાટ પેદા થાય.

સુંદર જોવા લાયક સ્થળો જોવાં, ચિત્રી થાય કે મનમાં વિકાર પેદા થાય તેવા પદાર્થો જોવા નહિ. મનની પ્રસન્નતા થાય તેવી જગ્યાએ જવું. કોઈ પણ અપંગ, ખામીવાળા, મનમાં તિરસ્કાર કે ચિત્રી ઉત્પન્ન થાય તેવા રોગવાળાં, આંધળાં, લુલાં, દુઃખી, બ્હેરાં, રક્તપીતવાળાં, કોઢીયાં, પતવાળાં, ગાંડાં, કદરૂપાં ક્રોધી, ભિખારી માણસોને જોવાં નહિ તેવા માણસોના સંબંધમાં મનમાં વિચારો કરવા નહિ કારણ કે ગર્ભવંતી સ્ત્રી જેનું એકાગ્રચિત્તે મન પરોવીને ધ્યાન કરે છે કે મનન કરે છે તેની અસર ગર્ભ ઉપર થયા વગર રહેતી નથી.

ગર્ભવંતી સ્ત્રીને હંમેશાં તેના પતિએ ખુશ રાખવી. તેને ગર્ભ રહ્યા પછી સુંદર વસ્ત્રાલંકારો પહેરવાની, સારી સ્વાદિષ્ટ વસ્તુઓ પહેરવાની, અને આનંદમાં રહેવાની ઇચ્છા થાય છે. તેથી પતિએ તેની ઇચ્છાઓ પુરી પાડવી. જ્ઞાન ચર્ચા કરવી, રામાદિ ઈશ્વરાવતારોનાં ચરિત્રોને સંભળાવવાં, સારો પૌષ્ટિક મનપસંદ આહાર આપવો, સુંદર વસ્ત્રોથી તેની ઇચ્છા પુરી કરવી. તેને કોઈ વાતે અસંતોષ થાય કે, મનમાં દુઃખ થાય તેવી ક્રિયા કરવી નહિ. સ્ત્રીએ પણ હંમેશાં આનંદમાં રહેવું, ઉત્સાહી થઈ, પરાક્રમના વિચારોને ચર્ચવા, દુઃખી વિચારો ન કરતાં ધનવાન હોય તેવા ઉત્તમ વિચારો કર્યા કરવા. પોતાના પતિના ગુણનુંજ ચિંતન કરવું. મહાપુરુષોનાં ચિત્રો નજરે પડે તેવી જગ્યાએ લટકાવી રાખવાં. ઘરમાં સ્વચ્છતા રાખતાં, પ્રસન્ન ચિત્તે કામ કરતાં, તે તે ચિત્રોના ગુણનુંજ ચિંતન કર્યા કરવું, અને ગર્ભ રહે ત્યારથી તે પ્રસવ થાય ત્યાં સુધી આવા ઉત્તમ ગુણવાળો પરાક્રમી, નીતિવાન મહાપુરુષ પોતાને બાળક જન્મે એવું એકાગ્રતાપૂર્વક ચિંતન કર્યા કરવું. આથી તેના મન ઉપર જેવા રૂપ, ગુણ કે પરાક્રમની છાપ પડી હશે તેવું બાળક જન્મશે.

આજે ઘણા માણસો પોતાની ઘોડીનો વછેરો સારો પાકે, ગાયને વાછડો બળવાન જન્મે, તેની કાળજી રાખતા જણાય છે, પોતાનાં ઢોરને સારાં થવા માટે યત્ન કરતા જણાય છે પણ પોતાનો પુત્ર પરાક્રમી થાય તેની કોઇ કાળજી રાખતું નથી. ગર્ભાધાનનો નિયમ ન મળે, ગર્ભ ધારણ થયા પછી ગમે તેવા આચારો અને

વિચારોને સેવતાં આંચકો ન આવે, રાતદિવસ ઘરમાં સ્ત્રી પુરુષનો, સાસુવહુનો, દેરાણી જેઠાણીનો કલેશ મટે નહિ કે છેવટે ગર્ભવંતી સ્ત્રી જાતી સ્વભાવથી ગર્ભના ઉપર શું અસર થશે તેનો વિચાર કર્યા વગર પતિને પોતાની ઇચ્છાઓ પૂરી કરવા માટે હઠ કરતાં, કલેશ કરતાં, રડતાં, રોષ કરતાં આંચકો ન ખાય, રસ્તે જતા સાથે જુજ વાસ્તે લડાઇ કરી જીવને તપારો કરતાં શરમાય નહિ, લોકોની આખો દિવસ નિંદા કરવામાં, દ્વેષથી તેમની કુથલી કરવામાં, પાછી પાની ન કરે, પછી પ્રજા સારી કયાંથી થાય ?

ગર્ભવંતી સ્ત્રીએ પોતાના બાળકના લાભની ખાતર કદી પણ કંકાસ કરી ઉદ્વેગ કરવો નહિ. કોઇ જગ્યાએ કાંણુ મોંકાણુ હોય ત્યાં જવું નહિ, ત્યાં વિવેકની ખાતર લાંબા રાગડા તાણી ડસકાં ખાઇ ખાઈ, રડવું નહિ, કુટવા જવું નહિ, હિંસક પશુઓનાં સરકસ જોવા જવું નહિ, મારંમારા થતી હોય ત્યાં જવું નહિ, પોતાના મનમાં અશુભના, ભયના, થથરાટના, ઉદ્વેગના, વિચારો આવ્યાં કરે તેવા તમાસા જોવા નહિ. તેમણે નાટકમાં જોવા જવું નહિ. મનમાં ખોટા વિચારો કરી અશુભની શંકા કરવી નહિ. હંમેશાં શુભના વિચારો કરવા. મનમાં પ્રસન્નતા થાય, તેવા દ્રશ્યો જોવા, ખુશ રહેવું, શાંતિને ધારણ કરવી, કદી પણ ચીડાવું નહિ, ક્રોધ કરવો નહિ, અનીતિને રસ્તે ચાલવું નહિ, ઇશ્વરને પોતાનું ભલું કરનાર માની ઈશ્વરાવતાર રૂપ થઈ ગયેલા રામ, કૃષ્ણ બુદ્ધાદિનાં પરાક્રમોનું ચિંતન કરવું. ધર્મનિષ્ટ રહેવું એકાગ્ર ચિત્તે ઈશ્વરનું ધ્યાન કરવામાં થોડો ઘણો પણ વખત ગાળવો. આથી બાળક ઉત્તમ અને મહાપુરુષ જન્મે છે.

માતા તો શું પણ પશુના મન ઉપર જેવી છાપ પાડવામાં આવે છે તેવું તેનું બચ્ચું જન્મે છે. એક ઋષિ હતા તેણે પોતાના ગોવાળાને એવી સરતે ગાયો ચારવા રાખ્યો કેઃ આ ગાયોને જેટલાં કાબરચિત્રાં વાછડાં જન્મે તે તારે લેવાં. આ વાત તે ગોવાળે કબુલ રાખી. તે ગાયોને ચારતો હતો તે વખતે ગાયોની નજર પડે તેવી રીતે તેણે જાડી સોટીઓ કાપી તેની ઉપર ચટાપટા પડે તેવી રીતે એક લીલી છાલ રહેવા દઇ તેની નીચે એક આંગળની છાલ ઉખેડી, વળી પટા પડે તેવી રીતે થોડી છાલ રહેવા દઇ બીજી છાલ ઉતારી કેટલીક લાકડીઓ ચટાપટાવાળી બનાવી. ગાયોની ચરતાં ચરતાં તેના ઉપર નજર પડે તેવી રીતે તે સોટીઓ મૂકતો અને જ્યારે

ગાયો ખૂબ તરસી થાય ત્યારે નદીમાં પાણી પાવા જતો તે વખતે પણ તે ગાયોની પાણી પીતાં પીતાં પણ તે ચટાપટાવાળી સોટીઓ ઉપર નજર પડે તેવી રીતે કિનારા ઉપર ખોસી દેતો. આ પ્રમાણે તે ગાયોની નજર દિવસમાં ઘણીવાર ચટાપટાવાળી લાકડીઓ ઉપર પડવા લાગી. તેનું પરીણામ એ આવ્યું કે તે જ્યારે વ્હાય ત્યારે તેનું વાછડું પણ લાલ અને ધોળા ચટાપટાવાળું જન્મવા લાગ્યું. આ રીતે તેને બધાં વાછડાં મળતાં હતાં. આ પ્રમાણે ગાય જેવા ઢોરને પણ રાત દિવસ જે વસ્તુના ઉપર નજર પડે તેના જેવું તેનું વાછડું થાય છે તો સ્ત્રીઓ રાત દિવસ જેનું ચિંતન કરે જેના રુપને જોયાં કરે તેના જેવું તેને બાળક જન્મે તેમાં શી નવાઈ.

વીરપુરુષ નેપોલીયન એક ગરીબ લવારનો છોકરો હતો. તેની માતા ઘણી નિર્ભય અને તેનો બાપ બહાદુર હતો. ભય શું છે એ તે સમજતાં નહોતાં. નેપોલીયન નાનો હતો ત્યારથી જંગલમાં અધરાત મધરાત નિભયપણે ફરતાં શીખ્યો હતો. તેના બાપને એક વખતે ફરજયાત લશ્કરમાં જવું પડ્યું ત્યારે તેની મા ગર્ભવંતી હતી, તે પણ પતિને મદદ કરવા યુદ્ધમાં ગઈ હતી. પતિની બ્હાદુરી જોઇ તેના મનમાં વીરતાના, પરાક્રમના, બ્હાદુરીના વિચારોની અસર થઇ. તેને પોતાના પતિની બ્હાદુરી જોઈ મન ઉપર અત્યંત ઉંચા પ્રકારની છાપ પડી. તેને જ્યારે પુત્ર નેપોલીયન જન્મ્યો ત્યારે તેનામાં પણ તેજ વીરતા અને નિર્ભયતા જણાવા લાગી. તે કોઈ વાત અશક્ય માનતો નહિં. શંકાનું તો તેના હૃદયમાં સ્થાન નહોતું. નાનપણમાંથી જ તે હથીયાર લઈ જંગલમાં શિકારે જતો. તેના ગર્ભમાં પડેલા સંસ્કારથી અને તેની માતાએ જન્મ્યા પછી પાડેલા વીરતાના સંસ્કારોથી તે બળવાન બન્યો અને સામાન્ય મનુષ્યમાંથી મહા સમર્થ બન્યો. તેણે એક વખતે પોતાના બાહુબળના પ્રભાવથી આખા યુરોપને ધ્રુજાવ્યું હતું. આ પ્રમાણે સ્ત્રીના વિચારો તેના ગર્ભ ઉપર અસર કરે છે અને તે અનુસાર બાળક જન્મે છે.

બાળક જન્મ્યા પછી પણ તેના કુમળા મગજ ઉપર તેની માતાના આચારવિચારની અસર ઘણી થાય છે. તે માતાના ખોળામાં જ ઉછરી મોટું થાય છે. માતાના ધર્મના સંસ્કારો તેનામાં આવે છે. નીતિના, આનંદના, પ્રયત્નશીલતાના, ઉત્સાહના સર્વ સંસ્કારો તેના બાળકનામાં પડે છે. માતાના સદ્‌ગુણથી બાળકો મહાપુરૂષ થાય છે.

અને દુર્ગુણથી દુષ્ટ થાય છે. સ્ત્રીઓના ઉપર જ તેના બાળકના ભવિષ્યનો આધાર હોય છે. બાળકનું ભવિષ્ય સારૂ બનાવવું કે ખરાબ તે તેની માતાના હાથમાં છે. બાળક જન્મ્યા પછી બાળકને સુધારવા માટે તેને બળવાન, પરાક્રમી, ઉત્સાહી અને આનંદી બનાવવા માટે, તે તે ગુણોને માતાએ પોતાનામાં ધારણ કરવા. તેણે નીતિથી ચાલવું, હંમેશાં આનંદી રહી, હસમુખો સ્વભાવ રાખવો. કામથી કંટાળવું નહિ, મો ચઢાવી કલેશી બનવું નહિ. માતા પોતાના ઉત્તમ ચારિત્રનીજ છાપ પોતાના બાળકમાં પાડી શકે છે.

જે સ્ત્રીઓ પોતાના બાળકને ઉત્તમ બનાવવા ઇચ્છતી હોય તેણે ચીડાવું નહિ, મનમાં ખેદ કરવો નહિ, ઉદાસ બની બેસી રહેવું નહિ, ઉત્સાહી થવું, ધર્મિષ્ટ થવું. ધૈર્ય રાખતાં શીખવું, દુઃખથી ગભરાઇ નાહિંમત થઇ જવું નહિ. બાળકને માટે પણ તેણે પોતાનું વર્તન ઉત્તમ રાખવું- સત્યનું પાલન કરનાર માતાનાં બાળકોને સમજણાં થયા પછી સારી સારી રસીક અને ટુંકી વાર્તાઓ કરી તેમને તેમના જેવા થવા કહેવું. માબાપની આજ્ઞાનું પાલન કરતાં શીખવાડવું, આપણા દેશમાં જ સતી સ્ત્રીઓના પુત્રો કેવા બળવાન થયા હતા તે તમે સાંભળ્યું છે. બાળકના ભવિષ્યનો સર્વ આધાર તેની માતા છે. બાળકો ઉપર તેની માતાની નજર રહેવીજ જોઇએ. બાળકોને નોકરોને સોંપવાં એ બાળકોનું અહિત કરનાર છે. બાળકના ઉપર ઘરનાં બીજાં માણસોના વર્તનની પણ અસર થાય છે.

બાળકોને મોટાં થયા પછી પણ ખરાબ સોબતે ચઢવા ન દેવાં હંમેશાં તે શું કરે છે. તે કેવી સોબત કરે છે તેની દેખરેખ રાખવી. માની વર્તણુંકની અસર તેના બાળક ઉપર ઘણી થાય છે. તેમ તેના બાપની વર્તણુંકની પણ અસર બાળકનામાં થયા વગર રહેતી નથી. પિતાએ પણ બાળકોને ઉત્તમ ચારિત્ર્યશીલ બનાવવા માટે ઉત્તમ વર્તન રાખવું. વ્યસન રાખવું નહિ, ઉત્સાહી અને ઉદ્યોગી રહેવું. સારી સારી વાતો કહી બાળકોને ઉત્તમ રસ્તે વાળવાં. હંમેશાં સત્ય બોલવું અને તેને સત્ય બોલતાં શીખવવું. કેટલીકવાર માબાપો જ બાળકોને અસત્ય બોલતાં શીખવે છે. કેટલાક માણસો બાળકથી કાંઇ નુકશાન થયું હોય છે તો તેને મારે છે, ભય દેખાડે છે, તેથી બીજી વાર તે બાળક કાંઈ નુકશાન થયું હોય છે તો તે જુઠું બોલે છે. બાળક

જો ગમે તેવું નુકશાન કરે છતાં પણ જો તે સાચું બોલી માની જાય તો તેને ઠપકો ન આપતાં સત્ય બોલવા માટે સાબાશી આપવી. તેને સત્ય બોલે તો ઉત્તેજન આપવું.

બાળકોને ધર્મિષ્ટ બનાવવા માટે માબાપે ધર્મિષ્ટ બનવું. કદી પણ નીતિનો ત્યાગ કરી અધર્મી ન થવું. માતાના આચાર વિચાર એ બાળકના ચરીત્રને સુધારનાર સંચા રૂપ છે. જેમ કોઇ ઉત્તમ ધાતુની વસ્તુ બનાવવા માટે તેને ગાળી ઉત્તમ કારીગરીવાળા સંચામાં ઢાળતાં તે સંચાની ડાઈ જેવી હોય છે તે અનુસાર તે વસ્તુ કે રમકડું થાય છે તેમ માતાના જેવા આચાર વિચારો હોય છે તેવું બાળક થાય છે. જે ઘરમાં કદી કંકાશ થતો નથી, પતિ પત્ની વચ્ચે વિવાદ કે કલેશ થતો નથી, જેમનાં એકબીજાપ્રતિનાં મન ઉંચાં થયેલાં નથી હોતાં તેમજ જેઓ હંમેશાં આનંદી રહે છે, એક બીજામાં પ્રેમ-વાળાં હોય છે તે ઘરમાં જો માતા પતિવ્રતા, સત્યવાદી, નીતિવાન, કરકસર કરી કાળજીથી ખર્ચ કરનારી, ઘરમાં સ્વચ્છતા રાખનારી, આનંદી, શાંત, મનને કબજે રાખી ઇન્દ્રિયોને વશ વર્તાવનાર, અને ધર્માષ્ટ હોય છે તો તે માતાનાં બાળકો પણ સુખી, આનંદી, ધર્મિષ્ટ અને મહાપુરૂષ થયા વગર રહેતાં નથી.

આ પ્રમાણે જેવાં બાળકોને ઇચ્છીએ તેવાં ગુણવાન, પરાક્રમી સન્માર્ગે ચાલનાર અને આનંદી બાળકોનો જન્મ આપવો એ તેની માતાના ઉપર આધાર રાખે છે અને જો ગર્ભાધાનની પૂર્વે, ગર્ભાધાન વખતે, ગર્ભ રહ્યા પછીથી પ્રસવ થતાં સુધી જો માતા બરોબર કાળજી રાખી પોતાને જેવા બાળકની ઇચ્છા હોય તેવાજ મનુષ્યના રૂપ, ગુણ અને પરાક્રમનું મનમાં ચિંતન કર્યા કરે, તો તેવાંજ બાળક તેને જન્મે છે. તારે પણ અત્યારે કાળજી રાખવાની છે. હંમેશાં આનંદી રહીશ. અને પરાક્રમી પુરુષોનું ચિંતન કર્યા કરીશ તો બાળક પણ તે અનુસાર થશે. આ પ્રમાણે વાતો કરતાં તે પછી પતિપત્ની આનંદમાં રહેવા લાગ્યાં.



પ્રકરણ ૨૫ મું.

ગર્ભવંતી સ્ત્રીએ રાખવી જોઈતી સાવચેતી.

બી

જે દિવસે ચન્દ્રકાન્તાને તેની એક વૃદ્ધ કાકી સવિતા મળવા આવી. તેણે ચન્દ્રકાન્તાને ગર્ભવંતી થએલી જોઈ આનંદ પ્રદર્શીત કર્યો અને કહ્યું કે: "બેન ગર્ભવંતી સ્ત્રીએ બાળકનો જન્મ થાય ત્યાં સુધી ઘણી કાળજી રાખવાની છે.

આ સાંભળી ચન્દ્રકાન્તાના પૂછવાથી તે કહેવા લાગી કે:—જો બ્હેન, હું તને જરા વિસ્તારથી એ વાત કહું છું તે તું બરોબર ધ્યાન રાખજે. સ્ત્રી રજસ્વળા થાય તે પછીથી સોળ દિવસ સુધીમાં તે ગર્ભ ધારણ કરી શકે છે. ઋતુ સ્નાન કર્યા પછી બેકીવાળા દિવસે એટલે ૪–૬–૮–૧૦–૧૨–૧૪ અને ૧૬ મા દિવસે જો પુરુષનો સમાગમ થાય તો તેને પુત્ર જન્મે છે, અને તે સિવાયના એકીવાળા દિવસે એટલે ૫–૭–૯–૧૧–૧૩–૧૫ મે દિવસે પુરુષનો સમાગમ થાય તો પુત્રી જન્મે છે કારણ કે તે દિવસોએ સ્ત્રી ઓનું દરતાન વધુ હોય છે. પુરુષનું વીર્ય અને સ્ત્રીના દરતાનનો યોગ થતાં ગર્ભ રહે છે, તેમાં જો પુરુષનું વીર્ય વધારે અને સ્ત્રીનું દરતાન ઓછું હોય તો પુત્ર થાય છે અને પુરુષનું વીર્ય થોડું અને સ્ત્રીનું દરતાન વધારે હોય છે તો પુત્રી થાય છે. તેમાં બેકીવાળા દિવસોમાં સ્ત્રીનું દરતાન ઓછું હોય છે તેથી પુત્ર થાય છે અને એકીવાળા દિવસોએ દરતાન વધારે હોય છે તેથી પુત્રી થાય છે.

સ્ત્રીનું રજ અને પુરુષનું વીર્ય સરખું હોય છે તો તે બાળક નપુસક જન્મે છે. તેમજ ગર્ભાશયમાં પડેલું વીર્ય વાયુથી બે ભાગમાં વ્હેંચાઈ જાય તો બે જીવ ઉત્પન્ન થતાં જોડકા રૂપે બે બાળકો

જન્મે છે. ગર્ભ ધારણ થયા પછી જો સ્ત્રીના મનમાં કોઇ ક્રુર વિકાર થાય, અપંગ સ્ત્રી પુરુષોની બહુ દયા ખાવાની ટેવની મન ઉપર સજ્જડ અસર થાય તો તે બાળક અપંગ થાય છે. ગર્ભ રહ્યા પછી સ્ત્રીને દરમાસે ઋતુ આવતું નથી કારણ કે પછી તે ઋતુ ગર્ભાશયમાં જઇ ગર્ભનું પોષણ કરે છે.

ગર્ભ રહ્યા પછી સ્ત્રીએ ઉત્તમ અને પાષ્ટિક આહાર ખાવો, ખાવા પીવામાં બરોબર કાળજી રાખવી. કારણ કે સ્ત્રીના આહાર વિહાર અનુસાર તેનું બાળક જન્મે છે. ગર્ભાધાન પછી માતા જેવી રીતે વર્તે છે તેના સર્વ સંસ્કારો ગર્ભ ઉપર પડે છે. જો તેને ચિંતા કરવાની, દ્વેષ કરવાની, કલેશ કરવાની કે એવીજ ખરાબ ટેવ હોય છે તો તેના સંસ્કારો ગર્ભ ઉપર પડતાં તે બાળક ચિંતા કરનાર અને કલેશી થાય છે. ગર્ભના ડુંટાને એક નાડી હોય છે જેને નાળ કહે છે તે તેની માની રસવાહોની નાડીમાં બાંધેલી હોય છે. તે નાળ દ્વારા તેની માતા જે ખાય છે પીએ છે તેનો રસ બાળકના પોષણમાં વપરાય છે. ગર્ભવતી સ્ત્રી તે વખતે જે ખાય છે તેમાંના સત્વમાંથી ૧ ભાગ બાળકના પોષણમાં જાય છે, ૧ ભાગ બાળકને માટે દુધ બનાવવા માટે સ્તનમાં જાય છે અને ૧ ભાગથી તે સ્ત્રીનું પોષણ થાય છે. માટે ગર્ભવંતી સ્ત્રીનું તે વખતે સારી રીતે પૌષ્ટિક અને સાત્વિક આહારથી પોષણ કરવું જોઇએ.

ગર્ભ રહ્યા પછી ત્રણેક મહિના પછી ગર્ભ રહ્યો છે એવાં ચિન્હો સ્ત્રીને જણાય છે તેના સ્તનની ડીંટડીની આસપાસ કાળાશ જણાય છે, ઉલ્ટી થવી, મોમાંથી લાળ જવી, સુગંધી પદાર્થો ઉપર ભાવ ન થવો વિગેરે ચિન્હો જણાય છે. ગર્ભ રહ્યા પછી ગર્ભવંતી સ્ત્રીઓએ ખાસ કરીને નીચેના નિયમો પાળવા જોઇએ.

બંધકોશ ન રહે તેની કાળજી રાખવી. હંમેશાં દસ્ત ખુલાસે થવો જોઇએ. કદી ઝાડાની કબજીયાત થાય તો દીવેલ અને દુધ પીવું પણ રેચ તો લેવો જ નહિ. તેને હંમેશાં ઝાડો અને પેશાબ ખુલાસાથી થવો જોઇએ. સ્નાન કરતી વખતે ચામડી બરોબર સ્વચ્છ રાખવી. ખાવા પીવામાં પણ સંભાળ રાખી પચે તેવો, પૌષ્ટિક ખોરાક ચાવીને ખાવો. વાસડો ખોરાક ખાવો નહિ, જમીને તરત સખત મહેનત કરવી નહિ તેમ ઉંઘવું પણ નહિ. ઘણાં મિષ્ટાનો

ખાવાં નહિ કારણ કે તેથી ઘણીવાર ગર્ભપાત થઇ જાય છે. તેણે ભૂખ્યાં રહેવું નહિ. તેણે અપવાસ કરવા નહિ. કારણ કે તેથી બાળક દુબળું જન્મે છે.

ગર્ભવંતી સ્ત્રીએ બહુ મહેનતનું કામ કરવું નહિ પણ શરીરને કસરત થાય તેવું કામ કર્યા કરવું. તેણે ઘરકામ કરવું, દળવું, ખાંડવું, પાણી ભરવું એ તો કરવું જોઇએ. કારણ કે જે ગર્ભવતી સ્ત્રીઓ આળસુ થઈ કાંઈ કામ કરતી નથી ને દિવસે ઉંઘ્યાં કરે છે તેમને પ્રસવ વખતે વેદના થાય છે. તેને ભય થાય એવા કોઇ સ્થળે એકલાં જવું નહિ. એકદમ ફડક પેસી જાય, હૃદયમાં ધબકારા ઉપડી આવે, શરીર કંપે એવા પ્રસંગ હોય તે સ્થળે જવું નહિ. કારણ કે તેની ગર્ભ ઉપર માઠી અસર થાય છે તેમજ કેટલીક વખતે ગર્ભસ્રાવ પણ થઇ જાય છે.

ગર્ભવંતી સ્ત્રીએ ચેપી રોગ ચાલતો હોય તે સ્થળે જવું નહિ, બળીયાવાળા રોગીના સંબંધમાં આવવું નહિ, પ્રસવ થતો હોય તેવી સ્ત્રીની પાસે જવું નહિ. તેણે ગર્ભ રહ્યા પછી ત્રણ ચાર મહિના સુધી તો બરોબર સાવચેત રહેવું. ખાડામાં પગ પડે નહિ કે ચાલતાં ચાલતાં લપસી ન પડાય; કોઇનો એકદમ શરીરે ધક્કો ન વાગે તેની કાળજી રાખવી. ન ઉંચકાય તેવા વધારે વજનવાળી ચીજ જોર કરીને ઉંચકવી નહિ. ખડબચડા રસ્તામાં બેસીને જવું આવવું નહિ. તેણે આઠ મહિના સુધી બરોબર કાળજી રાખવી, કારણ કે ઘણે પ્રસંગે ચાર મહિના સુધી કસુવાવડ થઈ જાય છે. તેણે રાતે જાગવું નહિ, ઘોડા ઉપર બેસવું નહિ, વાંકા વળીને આળસ ખાવી નહિ, ચોખ્ખી હવામાં મન પ્રસન્ન રહે તેવી રીતે રહેવું. ઉત્તમ મન પસંદ વસ્ત્રાલંકારો ધારણ કરવા. હંમેશાં હસમુખો સ્વભાવ રાખી આનંદમાં રહેવું. ગર્ભ રહ્યા પછી ગર્ભવંતી સ્ત્રીને કેટલાંક દરદો થાય છે તેમાં દવા કરવામાં ખાસ કાળજી રાખવી જોઇએ કારણ કે સામાન્ય મનુષ્યના જેવી દવાઓ તેને આપવાથી ઘણીવાર ગર્ભપાત થઇ જાય છે.

તાવ—જો ગર્ભવંતી સ્ત્રીને તાવ આવે તો રતાંજળી, ઉપલસરી, લોધર અને દ્રાક્ષનો કવાથ આપવાથી મટે છે. બકરીના દુધમાં સુંઠ ઉકાળી પાવાથી ટાઢીઓ તાવ, વિષમજ્વર મટે છે.

અરૂચી—અજમોદ, સુંઠ, પીંપર ને જીરૂ વાટી ગોળમાં ગોળી કરી આપવાથી મટે છે.

શુળ—દર્ભ, એરંડો ને ગોખરૂનાં મૂળને પાણીમાં વાટી તેમાં પકાવેલ દૂધમાં સાકર ને મધ નાંખી પાવાથી મટે છે.

માટીખાવી—ઘણી સ્ત્રીઓને માટી ખાવાની ટેવ હોય છે. તેથી ઘણું નુકશાન થાય છે. માટે તેણે તે ખાવાની ટેવ છોડી દેવી.

બહુમુત્રતા—ગર્ભવંતી સ્ત્રીને વારંવાર પેસાબ કરવા જવું પડતું હોય તો જવનું પાણી પાવું.

કબજીયત—હોય તો તેને જુલાબ ન આપતાં દુધ વધારે પીવું. જરૂર પડે તો એરંડીયું નાંખી પીવાથી ઝાડાનો ખુલાસો થાય છે.

કોલેરા—જવનો સાથવો આપવો તેમજ સુંઠ ને બીલીના મુળનો કવાથ કરી પાવાથી મટે છે.

ઉલ્ટી—ગર્ભવંતી સ્ત્રીને વારંવાર ઉલ્ટી થાય છે તેને, ધાણા વાટી ચોખાના ધોવણમાં મિશ્ર કરી ગળીને તે પાણીમાં સાકર નાંખી પાવાથી મટે છે. સોડાવોટર પાવાથી ફાયદો થાય છે.

ઝાડો—જો તેને ઝાડા થઇ જાય તો મજીઠ, કડાછાલ ને લોધર વાટી તેનું પાણી કરી સાકર નાંખી પાવાં મટે છે.

ઉધરસ—ખેરસાર ને કાથાની ગોળી કે સીતોપલાદિ ચૂર્ણ ખાવાથી મટે છે.

સુવાવડ વખતે રાખવી જોઇતી માવજત.

ગર્ભ રહે તે દિવસથી એટલે સ્ત્રી ઋતુવાળી થાય અને સ્નાન કરે તે પછીથી જો દસ્તાન બંધ થાય તો ૨૮૦ દિવસે એટલે ૯ માસને દસે દિવસે પ્રસવ થાય છે. કોઇને તેથી થોડા વત્તા દિવસે ગર્ભનો પ્રસવ થાય છે. તેથી સુવાવડના પ્રસંગે જે ખંડમાં ગર્ભવંતી સ્ત્રીને રાખવાની હોય તે ખંડ સ્વચ્છ, હવા અજવાળાવાળો, બાનાશ વગરનો હોવો જોઇએ. તેને કપડાં પણ સ્વચ્છ પહેરાવવાં. ઓઢવા પાથરવાનાં ગોદડાં પણ સ્વચ્છ જોઇએ.

પ્રસવ વખતે બાળકનું માથું પહેલું આવવા જોઇએ. તેમ ન થતાં પગ પહેલા આવે તો તે સ્ત્રી વધુ કષ્ટાય છે. પ્રસવ થયા પછી સુવાવડી સ્ત્રીને હલકો ખોરાક ખવરાવવો ઉપવાસ કરાવવો નહિ, ભાત ન આપતાં સાણુચોખાની દુધમાં કાંજી આપવી સારી છે. ઘણી સ્ત્રીઓ સુવાવડી સ્ત્રીને દુધ આપતી નથી પણ તે વ્હેમ છે. ડાકટરો દુધ આપવાની ભલામણ કરે છે. ઘણી વખતે શીરા જેવો

ભારે પદાર્થ તેને ખવરાવવાથી તાવ કે અજીર્ણ થઈ જાય છે. ચોથા દિવસથી ધીમે ધીમે શીરા જેવો પૌષ્ટિક ખોરાક આપ્યા કરવો. ખટાઇ તો તેને બિલકુલ આપવી જ નહિ. છાસ, આંબલી, કેરી વિગેરે આપવાથી તેના સાંધા ઝલાઈ જઈ વાનો રોગ લાગુ પડતાં વાર લાગતી નથી.

પ્રસવ પછી તેને સાધારણ શેક કરવો. તેણે દસ દહાડા સુધી તો ખાટલામાં જ રહેવું. ઓરડો મૂકીને બહાર જવું નહિ. ઘણી સ્ત્રીઓ દસે વાસે નદીએ ન્હાવા જાય છે પણ તે નુકશાન કરનારૂં છે. ઘેર પણ ટાઢે પાણીએ ન્હાવું નહિ તેમ શરીરે પવન લાગે તેવી ઉઘાડી જગ્યાએ ન્હાવું નહિ. તેને જેમ વધારે ઉંઘ આવે તેમ સારી. તેની પથારી ભીની ન થવી જોઇએ, તેણે એક મહિના સુધી તો ન્હાવું હોય તો ગરમ પાણીએ ન્હાવું. પાણી પણ છમકારેલું પાવું. તેના ખંડમાં કોલસાનો દેવતા રાખી ગરમી રાખ્યાં કરવી. તેનું શરીર અને વસ્ત્રો સ્વચ્છ રાખવાં. તેને ટાઢો ખોરાક આપવો નહિ. પવનવાળી કે ઠંડી જગામાં તેણે બેસવું નહિ.

સુવારોગ.

ઘણીવાર સુવાવડી સ્ત્રીઓની બરોબર માવજત ન રાખવાથી તેને સુવારોગ લાગુ પડે છે તેથી તાવ આવે છે, ઝાડો, ઉલ્ટી થાય, ઉદરસ આવે છે, પેટમાં શૂળ પેદા થાય અને ખાવા ઉપર અરૂચી થાય છે. પેટ ચડે છે, હાથ પગમાં બળતરા બળે છે. શરીર ગળી જાય છે. લોહી સુકાઇ જઇ શરીર ફીકું પડી જાય છે. માટે આવા વખતે બરોબર કાળજી રાખી તેની દવા કરવી જોઇએ.

સુવારોગમાં—દેવબાવળનાં પાન ૧ તોલો લઇ તેમાં ૩ મરીના દાણા વાટીને ખવરાવવું. દીવસમાં બે વખત ખાવાથી મટે છે. ખોરાકમાં બાજરીનો રોટલોને દૂધ આપવું. લોહભષ્મ, મંડુરભષ્મ, સુંઠ, મરી અને પીંપરનું ચુર્ણ ઘી તથા મદ સાથે ચટાડવું તેથી પણ મટે છે. તપખીર રતલ ૨, વરીયાળી તોલા ૧૦, ધાણા ૧૦ તોલા, ઘોડાવજ તોલા ૨॥, એલચી તોલા ૨॥, ગુલાબનાં ફુલ તો. ૫, કપુરકાચલી તોલા ૫, તમાલપત્ર તોલા ૨॥ સર્વને ખાંડી ચુર્ણ કરવું. તે ચુર્ણ બરાબર સાકર અને તેની ગોળીઓ વાળી તેટલું ઘી મેળવી તેમાં બદામ પસ્તાં નાંખી નવટાંકથી પાશેરના આશરે લાડવા જેવી ગોળીઓ બનાવી તે ખાવાથી મટે છે. તેને બત્રીસું કહે છે.

સુવાવડની પડીઓ—શાલવણનાં મૂળ, પીઠવણીનાં મુળ, બેઠીને ઉભી ભોંયરીંગણીનાં મૂળ, ગોખરૂનાં મુળ, અરણીનાં મુળ, અરડુસાંનાં મુળ, શીવણ મુળ અને પાટલા મુળનો ક્વાથ કરી તે ક્વાથ પીપરના ચૂર્ણ સાથે પાવાથી સુવાવડી સ્ત્રીઓનો વાતકફજ્વર સન્નિપાતજ્વર, સુવાવડી સ્ત્રીઓના વિકારો, સોષ, શીતતા, પરસેવો, ખાંસી, દમ, માથું દુખવું એ મટી જાય છે. તે ક્વાથને દશ મુળનો ક્વાથ કહે છે તેમજ

દેવદાર, વજ, કઠ, પીંપર, સુંઠ, કાયફળ, મોથ, કરીયાતું, કડુ, ધાણા, હીમજ ગજપીંપર, બેઠી ભોંયરીંગણી, ગોખરૂ, ધમાસો, મોટી ભોંયરીંગણી, અતિવિષ, ગળો, કાકડાસીંગી, શહાજીરૂ એ સર્વનો ક્વાથ કરી પાવાથી સુવાવડી સ્ત્રીઓના સર્વ રોગો, પેટનું શૂળ, ખાંસી, તાવ, શ્વાસ, મુર્છા, મસ્તક શૂળ, કંપવાયુ અને તાણ મટી જાય છે.

કસુવાવડ.

કેટલીક સ્ત્રીઓને રોગથી, કે આઘાત થવાથી કે અતિ મહેનતથી, રેચક દવાઓ ખાવાથી કે અચાનક ભય, ગભરાટ કે શોક થવાથી કસુવાવડ થઇ જાય છે માટે ગર્ભ રહ્યા પછી ગર્ભવંતી સ્ત્રીએ બરોબર કાળજી રાખીને વર્તવું. ઘણીવાર ત્રણ ચાર માસે કસુવાવડ થઈ જાય છે. કસુવાવડ ન થવા દેવા માટે તેનો તેવો ભય જણાય કે તરત જ તેણે પથારીમાં સુઇ રહેવું, હરવા ફરવાનું બંધ કરવું, ઠંડકમાં રહેવું, અને હલકો ખોરાક ખાવો, દુધ કે કાંજી ઉપર રહેવું. ગરમ વસ્તુ ખાવી નહિ. વેણ આવતી હોય તો ૩૦ ટીપાં કલોરોડાઇનનાં પાણીમાં મેળવી આપવાં અથવા ૨૦ થી ૧૫ ટીપાં લાડેનમનાં પાણી સાથે આપવા અથવા તે ન મળે તો જારના દાણા જેટલું અફીણ આપવું. વારંવાર દ્રાક્ષાસવ પાવો.

જેને વારંવાર કસુવાવડ થઈ જતી હોય તેણે એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું. જેને એકવાર કસુવાવડ થાય છે તેને વારંવાર કસુવાવડ થઈ જાય છે માટે તેણે તો કસુવાવડ થયા પછી બરોબર એક વર્ષ સુધી પુરુષ સંગ કરવો નહિ. ઘણો વખત સુઈ રહેવું. શક્તિ કાયમ રહે તેવો પૌષ્ટિક ને સાદો ખોરાક ખાવો બનતા સુધી તેણે સાધારણ ઠંડા પાણીથી ન્હાવું.

કસુવાવડ ન થાય તે માટે નીચેની દવાઓ સારો ફાયદો કરે

છે. માટે જે સ્ત્રીઓને વારંવાર કસુવાવડ થઇ જતી હોય તેમણે અજમાવી જોવી.

જો ગર્ભ રહ્યા પછી રક્તનો શ્રાવ થાય તો કબુતરની હગારને ચોખાના ધોવરામણુ સાથે પાવી.

તાંદળજાનું મૂળ ચોખાના ધોવરામણુમાં પીવાથી ગર્ભ પડતો નથી.

ધાવડીનાં ફુલ, આમળાં, લજ્જામણી મૂળ, જેઠીમધ એ ઔષધોનું ચુર્ણ કરીને તે ચુર્ણ ચોખાના ધોવરામણુમાં પીવાથી ગર્ભપાત થતો નથી જેમને વારંવાર કસુવાવડ થતી હોય તેણે માલકાંકણીનાં મુળ લાવી તે મુળને કાળા કપડામાં વીંટાવી સુતરથી ગર્ભીણીએ કમરે બાંધી રાખવાથી ગર્ભપાત થતો નથી પ્રસવ વખતે આ મુળીયું છોડી નાંખવું.

કુંભારના ચાકની માટી જે વાસણ ઘડતાં તેના હાથે ચોટે છે તે લાવી બકરીના દુધમાં ઓગાળી મદ નાંખીને પાવાથી ગર્ભપાત થતો નથી.

આ ઉપાયો જેમને વારંવાર ગર્ભસ્રાવ થતો હોય તેમણે કરી જોવા જોઇએ. વળી કમળના રેસા, ને નાગકેસર વાટી દુધમાં ઘુંટી પીવાથી બીજા માસમાં કસુવાવડ થતી હોય છે તો તે મટે છે.

નાગકેસર વાટી દુધમાં ઘુંટી સાકર નાંખી પીવાથી ત્રીજા માસમાં ગર્ભનો સ્રાવ થતો અટકી જાય છે.

કેળનો કંદ, લીલકમળ અને વાળો એને દુધમાં વાટી પીવાથી ચોથા માસમાં થતો ગર્ભપાત મટે છે.

દાડમનાં પાન અને ચંદન વાટી તેમાં દુધ અને દહીં નાંખી પીવાથી પાંચમા માસે થતી કસુવાવડ મટે છે.

ગેરૂ, ગાયના છાણાની રાખ, પીંપર અને ગોપીચંદનનો ઉકાળો કરી થંડો થયા પછી તેમાં દુધ, સાકર ને ચંદન નાંખી પીવાથી છઠા માસે થતો ગર્ભશ્રાવ મટે છે.

વાળો, ગોખરૂ, નાગરમોથ, લાજાળુ કંદ, નાગકેસર, પદ્મકાષ્ટ એનો ઉકાળો કરી સાકર નાંખી પાવાથી સાતમા માસે થતો ગર્ભ શ્રાવ થતો નથી.

લોધર અને પીંપરનું ચુર્ણ મદ સાથે ચાટવાથી આઠમા માસે ગર્ભશ્રાવ થતો નથી.

આ પ્રમાણે જેમને કસુવાવડ થવાની બીક હોય તેણે દર માસે

ઉપર પ્રમાણે દવા ખાયાં કરવી અને પ્રસન્ન રહેવું. તેથી કસુવાવડ થશે નહિ.

દરેક સ્ત્રીઓએ આ જ્ઞાનને મેળવવાની જરૂર છે. સ્ત્રીઓએ ગર્ભનું પોષણ કરવું અને ભવિષ્યમાં તે બાળક મહાન થઈ શકે તેને માટે કાળજી રાખી શુધ્ધ અને પવિત્ર આચરણોને સેવવાં. વિચારો પણ હંમેશાં ઉચ્ચ જ રાખવા. ભવિષ્યમાં તે બાળક મોટું પરાક્રમી થશે એવા વિચાર કર્યા કરવા તે વિચારના સંસ્કારો ગર્ભસ્થિત બાળકમાં પડે છે અને ભવિષ્યમાં તે મહાન થયા વગર રહેતું જ નથી,

આ સાંભળી ચન્દ્રકાન્તા ઘણી ખુશી થઇ. સવિતાએ તેને બીજી પણ રાખવા યોગ્ય કાળજી રાખવાની સૂચના આપી. પછી મોડું થવાથી તે પોતાને ઘેર ગઈ.

પોતાનો પતિ આવ્યા પછી તેણે મોહનરાયને આ વાત જણાવી તેથી તેને પણ સંતોષ થયો. તેણે કહ્યું કે: સ્ત્રીઓને તો ઘરકામ કરવા ઉપરાંત ઘરનાં માણસોના રોગોના ઉપચારોને જાણવા જોઇએ. પહેલાં આપણા ઘરમાં જેટલું ઘરડી ડોશીઓને જ્ઞાન હતું તેવું આજે મોટા મોટા વાઢકાપ કરનારા ડૉકટરોને પણ જ્ઞાન હોતું નથી. બાળકોની માવજત કરવી, તે નિરોગી થઇ, દીર્ઘાયુષ થાય તેને માટે ઘરની ડોશીઓ ઘણા ઉપચારો જાણતી. ઘરમાં બાળક કે મોટું માણસ માંદુ થતાં આજની પેઠે લોકો ડાકટરોનાં ઘરાં શોધતા નહિ, તે ગાંધીને ત્યાંથી બે પૈસાનું ઔષધ લાવી કે ખેતરમાંથી કોઇ વેલાનાં મુળ કે પાંદડાં લાવી તે પાઇ રોગો ઝટ મટાડી શકતી કે તે રોગો અત્યારે ભલભલા વિદ્વાન ડાકટરો મટાડી શકતા નથી.

સ્ત્રીઓને માટે ઘરની મોટામાં મોટી જવાબદારી છે. તેણે બાળકની માતા થતા પહેલાં બાળકને શી રીતે ભવિષ્યમાં મહાન પુરુષ બનાવી શકવા તેનુ જ્ઞાન મેળવવું જોઇએ. બાળકને જન્મ્યા પછી તે માતાના ખોળામાં જ ઉછરી મોટું થાય છે. તેને નાનપણમાં કેવા સંસ્કારો કેવી રીતે પાડવા કે તે બાળક મોટું થતાં જગતમાં નામ કહાડી શકે અને માની કુખને શોભાવી શકે તેવું થાય તેનું જ્ઞાન માતા થનાર સ્ત્રીઓએ અવસ્ય મેળવવું જોઇએ.

આજે તો ઢીંગલીની રમત માફક સ્ત્રી ઉમ્મરે આવતા પહેલાં ગર્ભવંતી થાય છે. તેને પોતાના શરીરનું ભાન હોતું નથી તો માતા

થતાં બાળકની શી રીતે કાળજી રાખી શકવાની ? માટે માતા થવું એ કાંઈ નાની સૂની જવાબદારીનું કામ નથી. બનશે તો હું તને તે વિષે હવે પછી સમજાવીશ.

ચન્દ્રકાન્તા આ સાંભળી ઘણી ખુશી થઈ તેણે પણ તે પછી જાણે મહાન ઉત્સવ હોય તેવા આનંદમાં રહેવા માંડયું. મન પ્રસન્ન થાય, મનનો ઉત્સાહ વધે, ઉત્તમ આશા બંધાય, ઈશ્વર પ્રસન્ન થાય તેવી વર્તણુંક રાખી પતિ સાથે સુખ ભોગવવા માંડયું.

મોહનરાય પણ હંમેશાં તેને પ્રસન્ન રાખવા યત્ન કરતો, તેને સંતોષ આપતાં એક બીજા ઉપર અત્યંત પ્રેમ રાખતાં સુખમાં દિવસો વિતાવવા લાગ્યાં.

પ્રકરણ ૨૬ મું.

બાળકોને કેવી રીતે ઉછેરવાં.

ચન્દ્રકાન્તાને પુરા માસ થતાં એક પુત્રનો પ્રસવ થયો. તે ગર્ભાધાનથી તે પ્રસવ સુધી પતિના ગુણનું ચિંતન કરતી, પતિના રૂપનું ધ્યાન કરતી, મહાન પુરુષોના બળ પરાક્રમ અને ઉત્સાહનું મનન કરતી, તેણે પોતાનો બાળક પોતાના પતિ જેવો પણ પરાક્રમી થાય એવી ઈચ્છા કરી હતી. તેથી જેમ છબીમાં આબેહુબ મુખ દેખાય છે તેમ મોહનરાયના જેવો જ રૂપવાન પુત્ર જન્મ્યો. પુત્રનો જન્મ થતાં ચન્દ્રકાન્તા અને મોહનરાયને આનંદ થયો. ચન્દ્રકાન્તા બાળકને શી રીતે ઉછેરવું તે જાણતી હતી. તેથી તે બાળકની કાળજી રાખી ઉછેરવા લાગી. નાનપણમાં બાળકનામાં તેની મા તરફથી જે સંસ્કારો પાડવામાં આવે છે તે અનુસાર ભવિષ્યમાં બાળક નીપજે છે. તેને પુત્ર જન્મ થયો તે પ્રસંગે તેની મામી ગુણસુંદરી તેની પાસે આવી હતી. ગુણસુંદરી આધેડ વયની અને વસ્તારી હતી. તેને ૩ પુત્રો અને ૨ પુત્રીઓ હતી. બાળકોને શી રીતે ઉછેરવાં તેનું જ્ઞાન તેને ઘણું સારૂં હતું, તેથી તેણે ચન્દ્રકાન્તાને બાળ-

કોને કેવી રીતે ઉછેરવાં તે સંબંધમાં સારી શિખામણ આપવા માંડી.

ગુણલક્ષ્મીએ ચન્દ્રકાન્તાના પૂછવાથી કહ્યું કેઃ બેન, બાળકોને ઉછેરવાં અને તેમને સારી કેળવણી આપવી એ કાંઇ નાની સુની વાત નથી. તેને માટે તેની માતાએ ઘણી કાળજી રાખવાની જરૂર છે. બાળકને જેવું કરવાની આપણે ઇચ્છા રાખતાં હોઇએ તેવાં આપણે પ્રથમ થવું જોઇએ જે માણસ જાતે સુધરેલું હોય છે તેજ બીજાને સુધારી શકે છે. માનું વર્તન સારૂં હોય છે તો તેના બાળકનું વર્તન પણ સારૂં હોય છે. જે માણસને કાંઇ પણ વ્યસન નથી હોતું તેજ વ્યસનનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે તો તેની અસર થઇ શકે છે. બાળકને ઉપદેશ આપવાની કાંઇ જરૂર નથી. તેના ઉપર ઉપદેશની જે અસર થતી નથી, તે અસર તેની માતા પિતાના વર્તનની થાય છે. જે માણસને અંગ્રેજી આવડતું હોય તેજ બીજાને અંગ્રેજી શીખવી શકે છે તેમ જે માણસે ક્રોધનો ત્યાગ કર્યો હોય છે તેજ બીજાને ગુસ્સાને છોડવા કહે છે તો તેની અસર થાય છે. બાળકને ક્રોધી ન થવા દેવા માટે તેનાં માબાપે શાંત થવું જોઇએ. બાળકને પ્રેમાળ બનાવવા માટે તેની માએ પ્રેમાળ થવું જોઇએ. બાળક તો તેનાં માબાપના વર્તનનું નિરિક્ષણ કરનારૂં હોય છે. જો તેનાં માબાપ સદ્‌ગુણી, સત્ય બોલનારાં, આનંદી અને શાંત હોય છે તો તેમનું જોઇ તેનાં બાળક પણ સદ્‌ગુણી, સત્યવાદી, આનંદી અને શાંત થાય છે.

બાળકો અનીતિવાન થવામાં, ક્રોધી થવામાં, કહ્યું ન કરનારાં સ્વચ્છંદી થવામાં તેનાં માબાપજ કારણભૂત છે. તેનાં માબાપે જાણતાં કે અજાણતાં ક્રોધ કર્યો હોય છે તો જ તેનાં બાળકો પણ ક્રોધી થાય છે. માબાપ બાળકોના ઉપર ગુસ્સે થાય છે, ક્રોધ કરે છે, તેને ધમકાવે છે તો તે બાળકો પણ તેના માબાપના તે તે ગુણોનું અનુકરણ કરે છે બાળક જન્મે ત્યારથી જ તેના હિતને માટે તેનાં માબાપોએ પોતાનું વર્તન શુદ્ધ અને નિર્મળ રાખવું જો તેમનામાં કાંઇ પણ ખામી હોય છે તો તે તેમનાં બાળકોમાં ઉતર્યા વગર રહેતી નથી. બાળકને સ્હવારમાં વ્હેલા ઉઠવાની ટેવ પાડવા માટે તેને ટોક ટોક કરવાની જરૂર નથી. માબાપે જ વ્હેલાં ઉઠવું, એટલે તે જોઇ બાળકો પણ વ્હેલાં ઉઠતાં શીખશે.

બાળક ખોટું કામ કરે તો તે જોઇ માબાપ તેના ઉપર ગુસ્સે

થઇ તેને ધમકાવવા અને મારવા જાય છે, પણ આ તેમની રીતભાત જોઇને તેમનાં બાળકો તેવું શીખે છે. તે પછી ચીડીયા સ્વભાવનાં, ક્રોધી અને ન ગાંઠનારાં થાય છે. મા જરા ક્રોધ કરે છે તો તેનું છોકરૂં તેથી વધુ ક્રોધ કરવા જાય છે. જેમ વડનું બીજ નાનું હોય છે તેમાંથી મોટું વિશાળ વડનું ઝાડ થાય છે, તેમ માબાપનું અયોગ્ય વર્તન નજીવું હોય છે તોપણ તે બીજકરૂપ છે અને તેના સંસ્કારો તેમનાં બાળકોમાં પડતાં તે અયોગ્ય વર્તન વૃક્ષની માફક તેમનામાં વધુ આવે છે. માબાપના દોષો તેનાં બાળકોમાં ઉતરી આવે છે. આજે ઘણી જગ્યાએ જોઇશું તો બાળકો હઠીલાં, કહ્યું ન માનનારાં, સામું બોલનારાં, રડરડ કરનારાં અને આખો દિવસ કંકાસ કરનારાં હોય છે. આવાં બાળકોથી તેમના માબાપોને ઘણો ત્રાસ થાય છે પણ તે જાણતાં નથી કે તેમનાં બાળકોનું તે વર્તન તેમનામાંથી જ ઉતરી આવેલું હોય છે. જેમ આયનામાં આપણે આપણું મુખ સ્વચ્છ હોય છે તો સ્વચ્છ જોઇ શકીએ છીએ, મોઢે મેશ ચોપડીને જોઇએ છીએ તો તે મેશવાળુ મોં આયનામાં જણાય છે. તેવી રીતે બાળકોએ તેના માબાપની આબેહુબ છબી રૂપ છે. તેમનામાં તેમના માબાપોના જેવા જ ગુણો ઉતરી આવે છે. બાળક દોષવાળું હોય, માબાપને પજવનારૂં હોય, અનીતિવાન હોય તો તે સર્વને માટે તેનાં માબાપ જ જવાબદાર છે. આ વાત માબાપના સમજવામાં આવતી નથી. પણ બરોબર વિચાર કરશે તો તેમને તેમની ભૂલ જણાયા વગર નહિ જ રહે.

બાળકોનામાં દોષ હોયતો તેને માટે તેનાં માબાપો જ જવાબદાર છે. તેમને પોતાનાં બાળકોમાં દુર્ગુણો અને દોષો છે કે કેમ એ જોવું અને તેનો ત્યાગ કરવા યત્ન કરવો. બાળકોના ઉપર તેના બાપ કરતાં માના વર્તનની વધુ અસર થાય છે. માટે બાળકના હિતને માટે તેના માએ પ્રથમ સુધરવું જોઇએ પોતાના દોષોનો ત્યાગ કરવો. સ્હેજ સ્હેજ બાબતમાં રીશ ચઢાવાની ટેવ હોય, પતિ સાથે કે કોઇ બીજા સાથે લડ કરવાની, મોં ચઢાવાની, છણકા કરવાની કે એવી જ કોઈ ખરાબ ટેવ હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ. આ કામ ઘણું કઠિન છે. ઘણા દિવસથી પડેલી ખરાબ કુટેવો જાણે અજાણે પણ આવી જાય છે. પણ બાળકોના ભવિષ્યના હિતને માટે માતાએ તેવી કુટેવોનો ત્યાગ કરવો જોઇએ.

ઘણી સ્ત્રીઓ બાળક ઉપર ગુસ્સે થાય છે. તેને " મારા રડયા, તારૂં નખ્ખોદ જાય, ઉભો રહે, હરામખોર, રડયા અલાદાયા, લુચ્ચા મરતોય નથી, મુર્ખા," આવાં અને બીજાં અનેક કઠોર વાકયો કહીને ધમકાવે છે. સોટી લઇ તેને મારવા દોડે છે, માર પીટ કરે છે, આથી તે સર્વ ગુણુ તે બાળકનામાં આવે છે. તે પણ માતાનું આવું વર્તન જોઇ બીજાના ઉપર ગુસ્સે થતાં, ગાળો ભાંડતાં અને મારતાં શીખે છે. માબાપ બાળકોને ઉત્તમ પ્રકારે કેળવવા બીલકુલ ધ્યાન આપતાં નથી. જો મકાન બાંધવું હોય તો તેનો પાયો મજબુત કરવા કાળજી રાખે છે, ઘણા વર્ષ સુધી મકાન ન પડે તેવી રીતે ચણવા, ઈંટ, ચુનો સારાં વાપરવા કાળજી રાખે છે પણ પોતાના બાળકને, માટે તે ભવિષ્યમાં ઉત્તમ થાય તેને માટે જરા પણ કાળજી રાખતાં નથી. તે બાળકો પ્રતિ બેદરકાર રહે છે. આ પ્રમાણે બાળકો ઉપર કાળજી ન રાખવાથી તે ભવિષ્યમાં તેમને જ દુઃખ આપનારાં, સંપત્તિને ઉડાવી દેનારાં, ખરાબ માર્ગે ચાલનારાં થતાં પછી પસ્તાવો કરે છે.

બાળકના ઉપર તો તેની માતાએ તે જન્મે ત્યારથી જ બરોબર કાળજી રાખવી જોઇએ કેટલીકવાર તે બાળકના આગળ એવું સમજી અયોગ્ય વર્તન કરે છે કેઃ 'એ તો શું સમજે' પણ તેને ખબર નથી કે તે જન્મે છે ત્યારથી જ તે તેનાં માતાપિતાના વર્તનનું અનુકરણ કરતાં શીખે છે. તે ઘણું સમજી શકે છે. તે નજરે જુએ છે તે ભલે તમે ન સમજતાં હો કે તે સમજતું નથી પણ તેના સંસ્કારો તેનામાં પડે છે તે ભવિષ્યમાં તેમના વર્તનમાં તમને જણાશે જ ઘણી જગ્યાએ નાનાં છોકરાં આખો દિવસ કંકાસ કરી મુકે છે તેનાં માબાપને પજવે છે. મા પણ તેમને–" તારૂં નખોદ જાય, તું મરતોય કેમ નથી, હરામખોર, ગદ્ધા, વેશ્યા, રાંડ, " વિગેરે કહ્યાં જ કરે છે. આખો દિવસ રડકકળ કરે છે, મા છોકરાંને માર મારતાં ડરતી નથી. આ પ્રમાણેની રીતભાતથી છોકરાં ભવિષ્યમાં શી રીતે સારાં નીકળે ? કેટલાક તો છોકરાંને મારથી જ કહ્યાગરાં કરવા મથે છે, તેમને જો કંઈ કહ્યું ન કરે તો ગાળો ભાંડતાં કે સોટીએ સોટીએ માર મારતાં અચકાતાં નથી. આથી તે છોકરાં પણ ભવિષ્યમાં ક્રોધી, હલકા સ્વભાવનાં, માબાપને ત્રાસ આપનારાં, માબાપ ઉપર પ્રીતિ ન રાખનારાં થાય છે. જે માબાપો ત્રાસથી છોકરાંને વશ કરવા માગે છે તે છોકરાંને સુધારતાં નથી પણ અયોગ્ય રસ્તે ચઢાવી બગાડે છે.

બાળકના ઉપર પ્રેમ રાખવો, તેને સ્વતંત્રા આપવી, વારંવાર ટોક ટોક ન કરવું, તેને આ કામ ન કરતો, આમ ન જતો એવું વારંવાર કહ્યા કરવું નહિ. તેમની બુદ્ધિ પ્રમાણે તેમને વર્તવા દેવાં. પણ તે સાથે તે અયોગ્ય માર્ગે ન ચઢી જાય તે માટે તેના ઉપર દેખરેખ રાખ્યાં કરવી. તેના સ્વભાવ, ગુણ, વર્તન તે સર્વ ઉપર બરોબર દેખરેખ રાખ્યાં કરવી કેટલાક માણુસો બાળક જન્મે છે ત્યારથી લાડમાં ઉછેરવામાં, તેના ઉપર અત્યંત કાળજી રાખવામાં છોકરાંને બગાડી મુકે છે.

કેટલીકવાર બાળકને સ્હેજ રડતાં તેની મા તેને છાનો રાખવા મથે છે, તેને છાનું રાખવા લાડ લડાવે છે, આ પ્રમાણે તેની હઠને ઉત્તેજન આપવાથી તે રડકણું થતાં તેની મા કંટાળે છે અને તેને અફીણ ખવરાવવાની કે અફીણવાળી ગોળીઓ ખવરાવવાની ટેવ પાડી સુવાડી મુકે છે. આથી તે બાળકને ઘણીજ હાની થાય છે. બાળક હઠીલું થઇ રડતું હોય તો ભલે રડવા દેવું પણ તેની હઠને ઉત્તેજન ન આપવું. તેને સ્હેજ રડવાથી હાથમાં લઇ ઉછાળવું, રમાડવું, હાવભાવ કરી રાજી રાખવા યત્ન કરવો એ તેની હઠને પોષનાર છે, એ હઠને ન પોષવાથી તેની મેળે જ તે રડીને થાકે છે અને પછી રડવાની ટેવને છોડી દે છે.

બાળકને અયોગ્ય લાડ લડાવવાં નહિ. ઘણાં બાળકોને આખો દિવસ ખોળામાં બેસી રહેવાની કે કોઈ તેડીને ફર્યા કરે એવી ટેવ પડી ગએલી હોય છે. આવી ટેવ પણ તેને લાડમાંજ તેનાં માબાપ પાડી દે છે માટે તેવાં નકામાં લાડ લડાવી છોકરાંને ખરાબ ટેવે ચઢાવી ન દેવાં. કેટલાંક બાલકોને રડે તો છાનાં રાખવા, તેને કાંઈ ખાવાનું લઇ આપવાની ટેવ પણ ખરાબ છે. તેથી તે વારંવાર કંઈ વસ્તુ લેવાની હઠ કરતાં શીખે છે. માટે તે વખતે રડે તો રડવા દેવું પણ તેની હઠને તો પોષવી નહિ. એટલે રડીને થાકવાનું અને પછી હઠ છોડી દેવાનું. બાળકને ચાલતાં કે રમતાં ગબડી પડે તો તરત લઇને પંપાળવું નહિ, તેને મિથ્યા રડતું છાનું રાખવા માટે ખોટાં લાડ કરવાં નહિ. તેના રડવા ઉપર ધ્યાન ન આપવાથી તે તેની મેળે થાકી-ને તે ટેવ છોડી દે છે.

બાળકને સારો સ્વભાવ પાડવા માટે તેનાં માબાપે ઉત્તમ સ્વભાવ રાખવો. તેની સાથે ગુસ્સે ન થતાં પ્રેમથી વર્તવું. જેને તે

કામમાં તેના દોષ જોયા કરવા નહિ પણ તેના ગુણ જ જોયા કરવા. તેનામાં ગુણનું આરોપણ કરી તેને વારંવાર શાબાશી આપતાં કહેવું કે: “ ભાઈ, તું તો બહુ ડાહ્યો છે. તું તો કહ્યાગરો છે. તું તો સાચું બોલનારો છે. ” આવું કહી તેનામાં ગુણનું જ આરોપણ કરવાથી તે તે ગુણો તેની મેળે તેનામાં આવે છે. તેને કદી મના કરનારાં વાક્યો કહેવાં નહિ. તેને—તું તો ગાંડો છે, હવે ડાહ્યો થા, તું તો બહુ પજવે છે, તે સારૂં નહિ, તું તો રોજ રડે છે તે ઠીક નહિ, તું તો ખરાબ નીકળ્યો. ” આવાં વાક્યો કદી પણ કહેવાં નહિ તેને બદલે તું ઘણો જ સારો છે, હોંશીયાર છે, માબાપનું કહ્યું માનનારો છે, આવું કહી તેને ગુણનું ભાન કરાવવું માબાપે હંમેશાં બાળકનામાં ગુણ જ જોયા કરવા. બાળકો ઉત્તમ ગુણવાળાં છે, ઉત્સાહી છે, આનંદી છે. પરાક્રમી છે, પ્રેમાળ છે એવી જ મનમાં ભાવના કરવી અને તેમને વારંવાર એવું કહી તેમના ગુણોને ખીલવવા ઉત્તેજન આપવું.

કેટલાંક માબાપો પોતાનાં છોકરાંના દોષ જ જોનારાં હોય છે, જેને અને તેને તે “ આ છોકરો ખરાબ છે, સામો થાય છે, ભણતો નથી, ખોટે રસ્તે ચઢી ગયો. ” આવું કહ્યાં કરે છે. આથી છોકરાં સુધરવાને બદલે બગડતાં જાય છે. માટે આવી રીતે બાળકોમાં દોષને જોવા નહિ, પણ તેને બદલે ગુણને જ જોવા. તેના ગુણનું જ તેના આગળ અને બીજાઓના આગળ કથન કર્યાં કરવું. તેમને “ અમુક કામ કરીશ નહિ, ’ એવું કહેવું નહિ, તેથી તો તે ન કરવાનું કહ્યું હોય તે જ કામ કરવા મંડી પડે છે. તેમને નાનપણમાંથી જ નવું નવું જાણવાની અને કાંઇને કાંઈ કરવાની ટેવ હોય છે. માટે છોકરૂં અયોગ્ય માર્ગે જતું હોય તો જ તેને પ્રેમથી વારવું પણ ધમકીથી ના કહેવું નહિ.

તમે તમારા બાળક ઉપર પ્રેમ રાખતાં શીખો, પ્રેમથી તે તમારા ઉપર પ્રેમ રાખતાં શીખશે અને પછી તે તમારી પ્રસન્નતાની ખાતર તમારૂં કહ્યું માનવાનું. કેટલીક વખતે બાળક કોઇ વસ્તુ લેવાની હઠ કરે છે તે ન લાવી આપવાથી તે રડે છે એટલે તેનાં માબાપ તે લાવી આપે છે. એટલે બાળક ફરીથી રડીને કોઇ પણ વસ્તુ મેળવવાનું શીખે છે. તે તો સમજે છે કે રડીશું તો મળશે. આ પછી તે બાળકો હઠીલાં, રડકણાં અને કંકાશીયાં થતાં

શીખે છે. પણ માબાપે તેની હઠને પોષવી નહિ, રડે તો થાકતા સુધી રડવા દેવું. જ્યારે થાકશે ત્યારે છાનું રહેશે અને જાણશે કે રડવાથી તો કાંઈ મળતું નથી ત્યારે તે રડવાનું ભૂલી જશે.

બાળકને આનંદી બનાવવા માટે તેનાં માબાપે પણ આનંદી થવું. તેની સાથે હસીને વાત કરવી, પ્રેમથી વર્તવું, કદી પણ તેના ઉપર ક્રોધ કરવો નહિ. ગુસ્સે થવું નહિં, તેને ચિડીયાં કરવાં નહિ આથી તે બાળક પણ આનંદી થશે, કદી પણ ક્રોધ નહિ કરે. કેટલાંક માબાપો બાળકની ઇચ્છાને ડબાવી દે છે. તે કંઈ પુછે છે તો તેને સીધો જવાબ આપી સમજાવવાને બદલે 'તું એમાં શું સમજે કહી તેનો તિરસ્કાર કરે છે. આથી તેને નવું નવું જાણવાની જીજ્ઞાસા ડબાઇ જાય છે. માટે તે પુછે તેનો તેને સીધો જવાબ આપવો.

બાળકોને જેવાં બનાવવાં હોય તેવાં પ્રથમ માબાપે થવાની જરૂર છે. ધાવણું બાળક ધાવતું ધાવતું પણ માના વર્તનનું અનુકરણ કરતાં શીખે છે. તે ભલે એમ લાગતું હોય કે કાંઈ સમજતું નથી છતાં પણ જો તેની મા ગુસ્સો કરનારી, ચીડીયા સ્વભાવની, પતિ ઉપર કે બીજાં બાળકો ઉપર અકળાઇ જનારી હશે તો તેનું તે વર્તન બાળક ધાવતું ધાવતું પણ ટગર ટગર જોયાં કરવાનું, તે જે જે જુએ છે તેના સંસ્કારો તેનામાં પડે છે. જેમ ફોટોગ્રાફરના મશીનમાં મનુષ્યની છાયા પડતાં તેના જેવી જ છબી કાચ ઉપર પડી જાય છે તેનાં માબાપનાં વર્તનના તમામ સંસ્કારો તે બાળકમાં પડે છે અને મોટું થતાં તેમય થઈ જાય છે.

માટે બાળક કશું સમજતું નથી એમ માનીને માએ ઘરમાં ગમે તેવું અયોગ્ય વર્તન સેવવું નહિ. ઘરમાં કદી પણ કંકાસ કરવો નહિ, કદી પણ પતિના ઉપર રોષ ચઢાવી કકળાટ કરવો નહિ, પતિ પત્નીનો કકળાટ, ગાળંગાળા એ મારઝુડના સંસ્કારો બાળકમાં પડયા વગર રહેતા નથી. માટે બાળકોને મહાન બનાવવાની ઇચ્છાવાળી સ્ત્રીઓએ તો હંમેશાં આનંદી રહેવું, પતિના ઉપર તેમજ બાળકો ઉપર પ્રેમ રાખવો. ઉંચે સાદે કદી પણ બોલવું નહિ. વર્તન પણ શુદ્ધ રાખવું. નાનાં બાળકોને લાડ લડાવી ખરાબ ટેવો પાડવી નહિ.

કેટલાંક માબાપો લાડમાં છોકરાંને ગાળો ભાંડતાં શીખવે છે.

જેમકેઃ બાપ કહે છે કેઃ જા તારી માને રાંડ કહે, લુચ્ચી કહે, લે આ સોટી માર, વળી મા કહે છે કેઃ જા તારા બાપને સોટી લગાવ જોઉં.' આવી રીતે માબાપે લાડમાં તેને ગાળો ભાંડતાં કે માર મારતાં શીખવવું નહિ. પણ તેમની માબાપ પ્રત્યે પુજ્યબુદ્ધિ ઉત્પન્ન થાય તેવી ટેવ પાડવી. માએ તેને બાપની આજ્ઞા પાળવાનું, બાપને પગે લાગવાનું, બાપનું પુજન કરવાનું કહેવું; તેમ બાપે પણ તેને કહેવું કે જા; તારી માને પગે લાગ. આવી રીતે છોકરાંની મા-બાપ ઉપર પુજ્યબુદ્ધિ થાય તેવું શિક્ષણ આપવું.

મનુષ્ય એ ઇશ્વરના અંશરૂપ છે. બાળક નિર્દોષ છે અને તેના-માં દૈવી અંશ વધારે હોય છે. તેનામાં ઇશ્વરના અંશની ભાવના રાખી માબાપે તે ઇશ્વરના અવતારરૂપ છે, કોઇ મહાત્માએ પોતાને ત્યાં બાળકરૂપે જન્મ લીધો છે, તે મહાન પરાક્રમી થવાનો, નિર્ભય થવાનો, એવી ભાવના રાખવી, માબાપ જો પોતાના બાળકમાં ઉચ્ચ ગુણોની અને ઇશ્વર સદ્દશ સામર્થ્યવાળો છે તેવી ભાવના રાખે છે તો તે બાળક ભવિષ્યમાં મહાન પુરુષ થયા વગર રહેતો જ નથી.

માએ પોતાના બાળક ઉપર અત્યંત પ્રેમ રાખવો જોઇએ તેને કોઇ કામ કરતું અચકાવવું હોય તો પ્રેમથી અચકાવવું પણ ક્રોધથી તો નહિ જ. પોતે જો પ્રેમથી બાળકના પ્રેમને મેળવી શકે છે તો તે બાળક માતાને પ્રસન્ન રાખવાની ખાતર કહ્યાગરું બને છે. તે પોતાની માના પ્રેમને ઇચ્છે છે. બાળકના ઉપર કદી પણ ક્રોધે ભરાઈ તેને કંઇ કામ કરતાં અટકાવવું નહિ તેથી તો તે ક્રોધ કરતાં શીખે છે અને તે કામ ભલે તે વખતે કરતાં અટકે પણ ભવિ-ષ્યમાં છાની રીતે કર્યા વગર રહેતું નથી.

તેને સત્ય બોલતાં શીખવવા માટે માબાપે સત્યવાદી થવું ભૂલે ચુકે પણ અસત્ય બોલવું નહિ. તેને કરેલા અપરાધને છુપાવ-વાની ટેવ પાડવી નહિ. બાળક મારની બીકથી અસત્ય બોલતાં શીખે છે. કોઇ કામ તેનાથી બગડ્યું હોય અને તેથી જો તેને મારનો ભય હોય છે તો તે જુઠું બોલ્યા વગર રહેતુંજ નથી. તેથી કદાચ તેનાથી નુકશાન થાય તોપણ તે સાચે સાચું કહી દેતો તેને મારવું નહિ પણ સાચું બોલે તો તેને સાબાશી આપી ફરી સાચું બોલવાને ઉત્તેજન આપવું.

બાળકોને ઉછેરવાની તેની માતાને માથે મહાન જવાબદારી છે. માની કાળજી વગર ઘણાં બાળકો નાનપણમાં જ મરણ પામે છે

તેને વખતસર ધવરાવવું, ન્હવરાવી સ્વચ્છ રાખવું, સ્વચ્છ હવા આવે તેવા સ્થળે સુવાડવું. માતાના અયોગ્ય ખાનપાનથી બાળકને માંદું પડતાં વાર લાગતી નથી. કારણ કે માતા જેવું ખાય તેવું તેનું દુધ બાળકના ધાવવામાં આવે છે. જો તે ઘણા વાયડા પદાર્થો ખાય છે તો દુધ પણ વાયડું થતાં બાળકને તે રોગી બનાવે છે. અતિશય ખાવાથી અજીરણ થયું હોય છે તો તેનું ધાવણ વિષ જેવું થતાં બાળકને રોગી બનાવે છે. ઘણીવાર અતિશય ક્રોધ કરવાથી તેનું ધાવણ વિષમય બની જાય છે. અને તેથી બાળક તે ધાવણ ધાવીને માંદુ પડે છે. એકદમ આવેશમાં આવી જનારી માતાના ધાવણથી ઘણાં બાળકો મરી ગયાનાં દૃષ્ટાંતો છે.

બાળકના હિતને માટે માતાએ અયોગ્ય અહારવિહારનો ત્યાગ કરવો શુદ્ધ અને પૌષ્ટિક સાદો ખોરાક લેવો બાળકને પણ વારંવાર અજીરણ થાય તેવી રીતે ધવરાવવું નહિ. ઘણીવાર માતાના અયોગ્ય ખાનપાનથી બાળકોને વરાધ થાય છે, પેટમાં ભાર રહે છે અને માંદાં પડે છે. માટે ખાવાપીવાની કાળજી રાખવી. ભીંડાજેવાં ચીકણાં શાક, શીખંડ, બાશુદી જેવા ભારે ખોરાકથી, તેલ મરચાંવાળા પદાર્થો ખાવાથી માતાનું ધાવણ વિકારી બને છે. માટે બાળકન હિતને માટે માતાએ અયોગ્ય ખાનપાનનો ત્યાગ કરવો.

બાળકને પહેરાવવાનાં વસ્ત્રો સ્વચ્છ રાખવાં. ગંદાં અને ગંધાતાં કપડાંથી બાળક માંદુ પડતાં વાર લાગતી નથી. ઘોડીયાનું લુગડું, તેને ઓઢવા પાથરવાનાં વસ્ત્રો પણ સ્વચ્છ રાખવાં. દિવસે કદી પણ બાળકની માતાએ ઉંઘવું નહિ, કારણકે તેથી તેનું દુધ બાળકને આળસુ બનાવે છે તેણે હંમેશાં કાંઇને કાંઇ કામ કર્યા કરવું. ઉત્સાહી રહેવું આનંદી રહેવાથી તેનું ધાવણ પણ નિરોગી રહે છે.

ઘણી માતાઓ બેકાળજીપણે વર્તે છે તેથી તેમનાં બાળકો ધાવણાં હોય છે ત્યારે જ મરી જાય છે. જો માતા પોતાના ધાવણને શુદ્ધ અને નિરોગી રાખવા પૌષ્ટિક પણ સાદા અહારને સેવે, પોતાનું શરીર અને વસ્ત્રો સ્વચ્છ રાખે, બાળકને પણ સ્વચ્છ રાખે, શુદ્ધ ને ચોખ્ખી હવામાં રહે અને બાળકને પણ શુદ્ધ હવાના અવરજવરવાળા ભાગમાં રાખે તો તે બાળક માંદું પડતું નથી. ઘરમાં ભીનાશવાળી જગ્યામાં, ભીની હવાવાળી જગ્યામાં, માંકડ, મચ્છર કે ચાંચડ હોય તેવા સ્થળે બાળકને રાખવું નહિ. તેથી બાળકને શરદી થતાં રોગ લાગુ પડે છે.

બાળક તો કુમળા ફુલ જેવું હોય છે. તેનું બરોબર જતન કરીને ઉછેરવું જોઇએ. તેના જીવનનો સઘળો આધાર તેની માતાની રીતભાત ઉપર છે, માટે બ્હેન ચન્દ્રકાન્તા, તારે પણ હવે બરોબર કાળજી રાખવી પડશે. હવે બાળકોને માંદાં પડેતો શી રીતે સંભાળ રાખવી તે સંબંધી કાલે કહીશ.

પ્રકરણ ૨૭ મું.

બાળરોગ ચિકિત્સા.

બીજે દિવસે ચન્દ્રકાન્તાને ગુણસુંદરીએ બાલકોના રોગો સંબંધી કહેવા માંડયું. તેણે કહ્યું કે: બાલકને બનતા સુધી માના ધાવણ સિવાય બીજું કાંઈ આપવું નહિ. ધાવણ પુરતું ન આવતું હોયતો ગાયના તાજા દુધમાં તેટલુંજ પાણી ઉમેરી જરા પતાસું નાંખી ગરમ કરી અર્ધું પાણી બળી જાય ત્યારે ઉતારી જરા ટંડુ પડવા દેઈ પાવું. ધાવણ ન આવતું હોયતો એરંડાનાં પાન બાફી તે પાણીથી થાન ધોવા તેમજ તે બાફેલું એકેક પાન થાન ઉપર લપેટવું તેથી ધાવણ વધુ આવે છે. પણ બનતા સુધી બાલકને દાંત ફુટતા સુધી તો તેની માના ધાવણ સિવાય બીજું દુધ પાવું નહિ, ઘણી સ્ત્રીઓ સવારનું ઉનું કરેલું દુધ સાંજે ને સાંજનું સવારે પાય છે તેથી નુકશાન થાય છે માટે વાસી દુધ પાવું નહિ.

બાલકને આખો દિવસ ધવરાવવું નહિ પણ નિયમિત રીતે ધવરાવવું, દર ત્રણ કલાકે કે પછી ચાર કલાકે ધવરાવવું. રાતે તો દસ વાગ્યા પછી તેને ધવરાવવાની જરૂર નથી. તેની મા રોગી હોયતો તે વખતે બાલકને ધવરાવવું નહિ. ઘણો ગુસ્સો ચઢયો હોય તે વખતે જો બાલકને ધવરાવે છે તો તે ધાવણ બાળકને ઝેર તુલ્ય છે. બાલકને આગલા દાંત આવ્યા પછી સાદો ખોરાક પચે તેવો થોડો થોડો આપવો. મીઠાઇ તો બાલકને ખવરાવવી નહિ.

ગરમીના વખતમાં બાલકને બહુ કપડાં પહેરાવવાં નહિ, રાત્રે તેના શરીરને પવનનો ઝપાટો ન લાગે તેવી રીતે કપડું પહેરાવીને સુવાડવું, તેમ બંધ બારી બારણુંવાળા ખંડમાં સુવાડવું નહિ. બાલકનું આરોગ્ય હવા અજવાળાથી સારૂં રહે છે. જેમ તાપ હવા કે અજવાળા વગર કુમળા છોડવા કરમાઇ જાય છે. તેમ બાળકની તંદુરસ્તી પણુ હવા અજવાલા વગર બગડી જાય છે. બાળકને ન્હવરાવી સ્વચ્છ રાખવું. બાલકને ગલથુથી તરીકે મદ, ઘી, વજ, બ્રાહ્મી વિગેરે પાવામાં આવે છે. તેને એક માસ સુધી ૧ રતીના પ્રમાણુમાં મદમાં સોનાના વરકને મિશ્ર કરી પાવું અથવા તો શંખાવળી કે ધોળીવજની પડીકી ઘી સાથે મદમાં ચટાડે છે. બીજા માસે ૨ રતીની માત્ર લેવી. એમ દર માસે એકેક રતી પ્રમાણુમાં પાવી.

બાલકને ઝાડાનો ખુલાસો રહેવો જોઇએ. તેને દિવસમાં એક બે વાર ખુલ્લાસે ઝાડો થવાથી શરીર સારૂં રહે છે. જો બંધકોશ જેવું જણાયતો દીવેલ ०। ચમચાથી ૧ ચમચા સુધી પાવું. એક બે મહીનાના બાલકને ०। થી ०।। ચમચો અને ત્રણુથી ચાર માસના બાલકને ०।। થી ૧ ચમચો દીવેલ (એરંડીયું) પાવું તેથી મલ સાફ રહે છે, બાલકને ઘણા રોગો ઝાડાની કબજીયતથી થાય છે માટે તેની માએ તે બાબતની કાલજી રાખવી. ઘણાં બાલકોને ઝાડો કબજે થવાથી આંચકી આવે છે, અને વળી વારંવાર માંદુ પડે છે માટે માએ તેની સાવચેતી રાખી એરંડીયું પાઇ દેવું અથવા તો મોટી હરડેને મધમાં ઘસીને પાવી તેથી પણુ ફાયદો થશે બાલકને સખત રેચ તો આપવોજ નહિ.

બાલકોનાં દરદોની પરીક્ષા કરતાં અને તેના ઉપચારો કરતાં માતા થનારી સ્ત્રીએ શીખવું જોઇએ બાલકને સાદા અને નિર્દોષ ઉપચારોજ કરવા. માતા અયોગ્ય નુકશાન કરનાર ભોજન ખાય છે તો તેથી બાલક માંદુ પડયા વગર રહેતું નથી. બાલકોને વછનાગ, અફીણુ, ધંતુરો, એવી ઝેરી વસ્તુઓ દવામાં ખવરાવવી નહિ. બાલકના રોગની ઘણીવાર પરીક્ષા થઇ શકતી નથી કારણુકે તેને પેટમાં ચુંક આવતી હોય કે કાનમાં સણકા થતા હોયતો તે બોલીને કહી શકતું નથી, માટે તેની માએ તેના રડવાની પરીક્ષા કરી રોગ પારખતાં શીખવું જોઇએ.

તે ભૂખ્યું થાય છે કે તરસ્યું થાય છે ત્યારે રડે છે. ચુંક આવતી હોયતો ખૂબ રડે છે અને વળી જાય છે. કેટલાંક બાલક

વારંવાર ઝબકીને રડી ઉઠે છે ત્યારે તેને મગજમાં કાંઈ વિકાર થયો છે એમ સમજવું. કાનમાં દરદ થતું હોય છે તો રડતું રડતું કાન આગળ હાથ રાખી મસળ્યાં કરે છે. જો તેનું દરદ ભયંકર હોય છે તો તેનાથી રડી શકાતું નથી, આંખો મીંચાઇ જાય છે. માટે આવી રીતે રડતું જોઇ તેના ચાળા ઉપરથી તેના રોગની પરીક્ષા કરતાં માતા થનારી સ્ત્રીઓએ શીખવું જોઇએ.

તાવ—બાલકને અજીરણ થવાથી કે શરદી લાગવાથી તાવ આવે છે. તો તે વખતે તેને એરંડીયાનો જુલાબ આપવો અથવા તો મોટી હરડે રાખી મૂકવી તે ઉભી ઘસીને પાવી. મળ સાફ થવાથી ઘણીવાર તાવ મટી જાય છે. બાલકોના તાવને માટે કડુને શેકીને તેની ભૂકી કરી પાણી સાથે ૨ થી ૫ ગ્રેન આપવાથી તાવ મટે છે. બાલકોના તાવમાં અતિવિષની ભૂકી ૩ થી ૫ ગ્રેન મધ સાથે ચટાડવાથી આરામ થાય છે.

બાલકોના તાવમાં અતિવિષ, પીંપર, નાગરમોથ અને કાકડાશીંગી સરખે ભાગે લઈ તેનું ચુરણ બનાવી લુધડે ચાળી તેમાંથી ૧ થી ૩ રતી મધ સાથે ચટાડવાથી તેનો તાવ મટે છે. તે ઉપરાંત ઉલટી, ઝાડો, ખાંસી, અને કૃમિને પણ મટાડે છે. આ દવા નિર્દોષ છે.

ઝાડો—બાલકોને ઘણીવાર માના ધાવણમાં વિકાર થવાથી કે ડંડીથી કે દાંત ફુટતા હોય છે ત્યારે ઝાડા થઇ જાય છે બાલકને ઝાડા થયા હોયતો ઇંદ્રજવ શેકીને તેને વાટી તેમાંથી ચમચી ધાવણ સાથે પાવા કે તેમાં વાવડીંગ ઉમેરી તેની ફાકી પાણી સાથે પાવી. તેથી ઝાડો ને મરડો મટશે. ગરમીનો ઝાડો હોય અને લોહી પડતું હોયતો બીલીનો ગરભ, લોદર, વાળો, ગજપીંપર અને ધાવડીના ફુલને વાટી તેનો ઉકાળો કરી તેમાંથી દીવસમાં ત્રણવાર ચમચી ચમચી પાવું. અથવા તો અતિવિષ, મોથ, સુંઠ, વાળો અને ઈન્દ્રજવનો ઉકાળો ચમચી ચમચી પાવો તેથી મટશે.

ઝાડો અજીરણનો કે કૃમિનો થતો હોય તો તે ધોળો હોય છે તો દુધ થોડું પાવું પણ ચુનાનું નીતર્યું પાણી મેળવીને દુધ પાવાથી ઝાડો મટી જાય છે પેટમાં કૃમિ હોય તો ઇંદ્રજવ અને વાવડીંગનું ચૂર્ણ પાણી સાથે પાઈ બીજે દિવસે દીવેલનો જુલાબ આપવાથી મટે છે.

ઉધરસ હોય તો અતિવીષની કળીની ભૂકી મધમાં ચટાડવી

તેથી મટશે. તેથી ઉધરસ, તાવ સાથેનો ઝાડો અને મરડો પણ મટે છે.

વરાધ—આ દરદ બાલકોને ઘણું થાય છે. વરાધના દરદથી ઘણાં બાલકો મરી જાય છે માટે તેની કાળજી રાખવી. વરાધમાં અરડુશીનાં પાન વાટીને બાફીને છાતીએ બાંધવા, તેમજ અરડુશીનાં પાનને ગરમ કરી તેમાંથી રસ નીચોવી બે ત્રણ ટીપાં મદ સાથે પાવાં વરાધમાં ગોરૂચંદન લાવી તે પાણી સાથે બે લસરકા ઘસીને પાવાથી મટે છે. હરડે, બેઢાં, જેઠીમધ સરખે ભાગે લઇ વાટી તેમાં સીંધાલુણ અને મદ મેળવી તેમાંથી ૨ થી ૩ વાલ દીવસમાં બે ત્રણવાર પાવાથી વરાધ મટે છે. પાપડખાર એક વાલ ગોળ સાથે મેળવી દુધ સંગાથે પાવાથી જામી ગયેલો કફ નીકળી જશે.

ઉટાંટીઓ—બાળકોને ઘણી વાર થઈ આવે છે. આ ખાંસી ચઢે છે તે વખતે તેનું મોં લાલચોળ થઈ જાય છે. તે દરદ ચેપી જણાય છે. ઉટાંટીઓ ચઢે તે વખતે તેના હાથની નાડી પકડી રાખવાથી ઘણીવાર દરદ બેસી થાય છે. આ દરદમાં કાંટા શેરીઆની છાલનો ઉકાળો જરા પાવાથી મટે છે. ભોંયરીંગણીનો ઉકાળો મદ સાથે પાવો.

ભાર રહેવો—બાળકોને ઘણીવાર તેની માના અયોગ્ય ધાવણથી પેટમાં ભાર રહે છે. બંધકોશ થઇ મળ આંતરડાંમાં ચોટી રહે છે તેથી તેને ઘણું દરદ થાય છે. આવું જણાયતો બોદાર કે રેવંચીના શીરાનો જુલાબ આપવો તેમજ કડુને શેકી તેની ફાકી ૧ થી ૪ વાલ ગરમ પાણીમાં આપવાથી મટે છે. સુંઠનો ઉકાળો દીવેલ નાંખી પાવાથી પણ મટે છે.

ગળું પડવું—બાળકને ઘણીવાર ગળું પડે છે, તેથી માથે તાળવામાં ખાડો પડે છે અને તેથી ધવાતું નથી, ઝાડા થાય છે ને શરીર સુકાઇ જાય છે. ધાવણ કે દુધ તરત ઓકી કાઢે છે. આવી વખતે તાળવા ઉપર ઘી કે તેલ ચોપડવું, વજ અને જાયફળ ઘીમાં ઘસી તાળવે ચોપડવાં. સાબરસીંગાનો લેપ કરવો તથા ઘસીને તાળવે લેપ કરવો. તેમજ એરંડાનાં પાન ઘી ચોપડી તાળવે બાંધવાથી મટે છે. તાળવે માટું ઘસી ચોપડવાથી પણ મટે છે.

આંચકા—બાળકોને ઘણીવાર અજીરણથી, પેટમાં કૃમિ થવાથી કે ઉટાંટીયાથી આંચકી આવે છે. જેથી તણાઇ જાય, મોઢે ફીણ

આવે, આંખો ફાટી જાય, અને શ્વાસોશ્વાસ બંધ પડે છે. તેમાં મગજ ઉપર થંડક કરવી, આંખે અને માથે ટાઢું પાણી છાંટવું. છાતીએ શેક કરવો. ઝાડો સાફ આવે તે માટે એરંડીયું પાવું. કે ભૂરા કોળાના રસમાં જેઠીમધ ઘસીને પાવું. વજને મધમાં ઘસી પાવી. મરચકંકોળ વાટી તેનું ૧–૨ દાણાનું ચુર્ણ ચટાડવાથી મટે છે.

ઉલટી—આ વખતે જો બંધકોશ હોયતો એરંડીયાનો જુલાબ આપવો. કળીચુનાનું નીતર્યું પાણી ગાળીને દુધ સાથે પાવાથી ઉલટી મટી જાય છે. મોથ, કાકડાસીંગ ને અતિવિષનું ચુર્ણ મધ સાથે ચટાડવાથી ઉલટી મટે છે.

દાંત આવવા—બાળકને દાંત આવતી વખતે તાવ આવે છે, ઘણાને ઝાડા થાય છે, બેચેન રહે છે. તે વખતે લીંડીપીંપર ને ધાવડીનાં ફુલ વાટી મધ સાથે ઘસીને તે દાંતના પારા ઉપર ઘસવાથી ફાયદો થાય છે.

મુખપાક—કેટલીકવાર બાળકનું મોં આવી જાય છે અને લાળ પડે છે તે વખતે શંખજીરૂ ને સોનાગેરૂ વાટી તે ચૂર્ણ માંમાં ઘસવું. ગોપીચંદન દુધમાં ઘસીને પાવું. ફુલાવેલ ટંકણખાર મોમાં ચોપડવો. અથવા તો બકરીના આંચળની શેડ તેના મોંમાં દિવસમાં બેવાર પડાવવી તેથી મટે છે, અને એરંડીયાનો જુલાબ આપવો.

માટી ખાવી—નાનાં છોકરાંને માટી ખાવાની ઘણી ટેવ હોય છે, તેથી શરીર પીળુ પડી જઈ પાંડુ રોગ થાય છે માટે માબાપે તેની બરોબર કાળજી રાખવી. માટી ખાનાર છોકરાંને બોદારનો રેચ આપવો કે સોનાગેરૂ ખવરાવવું. મંડુર ભષ્મ કે મંડુરવટી આપવાથી માટી ખાનાર બાળકોની મોંની ફીકાસ મટે છે.

પારગલો—માતાને બાળક ધાવતું હોય અને જો કદી ફરી ગર્ભ રહે છે તો તેને ધાવવાથી બાળક સુકાઈ જાય છે. હાથપગ દોરડી જેવા થઈ પેટ વધે છે, તો તેને લીંડીપીંપર વાટીને મધ સાથે ચટાડવી, પ્રવાલભષ્મ મધ સાથે ચટાડવી. મોટી હરડે તથા તજ ઘસીને પાવાથી મટે છે.

ચુંક—બાળકો ઘણીવાર ચુંકાય છે. તો તેને એરંડીયું પાવું અથવાતો હરડેમાં, સંચળ, કે સાજીખાર ઘસીને પાવાથી ચુંક મટે છે. અથવા વાવડીંગ ને ઈંદ્રજવ શેકીને થોડાં પાવાં અથવા સીંધાલુણ, સુંઠ, એલચી, તથા ફુલાવેલી હીંગનું ચુરણ કરી એકથી ૨ વાલ ઘી કે પાણી સાથે પાવાથી ચુંક મટે છે.

કૃમિઆ—ઘણીવાર બાળકોને ગળ્યા પદાર્થો ખાવાથી પેટમાં કૃમીઆ પેદા થાય છે. તેથી ઝાડો ધોળો થાય છે. ઉંઘમાં બાળક દાંત કકડાવે છે, આ વખતે ઇન્દ્રજવ અને વાવડીંગનું ચુર્ણ, કાંચકાની મીંજને શેકીને કરેલું ચુર્ણ, મદ સાથે ચટાડવું અને બીજે દિવસે દીવેલ પાવું તેથી કૃમિ નીકળી જશે. છોકરાંને મીઠાઇ, સાકર, ખાંડ ન આપવું.

દુર્બળતા—ઘણાં બાળકો સુકાતાં જાય છે અને દુર્બળ રહે છે તેને આસન ૧ ભાગ, દુધ ૮ ભાગમાં નાંખી તેમાં ઘી નાંખી પકાવીને ચાટણુ જેવું થાય ત્યારે ઉતારી ચટાડવાથી ફાયદો થાય છે. દુધ વધુ આપવું, જવ ને ઘઉંનો લોટ ભોંયકોળાનું ચુર્ણ સર્વને મિશ્ર કરી ઘીમાં સાકર કે મદ સાથે ચટાડવાથી મટે છે. જીવન દુધ સાથે ચટાડવું.

વધરાવળ—ઘણાં બાળકોને નાનપણમાં જણાય છે ત્યારે તેને ૧ ચમચી દીવેલ દુધ સાથે રોજ પાવાથી મટી જાય છે.

આ પ્રમાણે બાળકોના ઘરગતુ ઉપાયો તો તેની માએ ઘેરજ કરવા અને જરૂર પડે તોજ વૈદ્ય કે ડાકટરની સલાહ લેવી. ઘણે ભાગે તો માતાની કાળજી નથી હોતી કે માતા અયોગ્ય આહારવિહાર કરે છે ત્યારેજ બાળકો માંદાં પડે છે. માટે બાળક ધાવણું હોય તે વખતે તેની માતાએ ખાવા પીવામાં બરોબર કાળજી રાખવી જોઇએ. બાળક માંદુ હોય ત્યારે તો તેની માતાએ ચળી જ પાળવી જોઇએ.

માતાની કાળજી ન હોવાને લીધે જ ઘણાં બાળકો ધાવતાંજ મરી જાય છે. માતા થવાની જવાબદારી ઘણી જ જોખમવાળી હોય છે. તેણે પોતાના બાળકને સ્વચ્છ હવા અજવાળામાં રાખવું, ઠંડી તેમ ગરમી ન લાગી જાય તેની કાળજી રાખવી, ધાવણુ વિકારવાળું ન થાય તે માટે ખાવામાં પણુ સંભાળ રાખવી જોઇએ. બાળકને નીરોગી રાખવા માટે તો દર ચાર કે આઠે દિવસે ચોખ્ખું દીવેલ એકાદ ચમચો પાવું જોઇએ અથવા તો સારી મોટી હરડે રાખી મૂકવી તે બાળકને બેચેની જણાતાં એક બે લસરકા ઘસીને પાવી જોઇએ.

આ પ્રમાણે બાળકોની સંભાળ રાખી તેને ઉછેરવામાં માતાએ ધ્યાન આપવું જોઇએ આ વાત તારે પણુ ધ્યાન રાખવા યોગ્ય છે. લે બ્હેન, આટલું શીખીશ તોય પણુ ઘણું છે.



પ્રકરણ ૨૮ મું.

બાળકોને કેળવવાની માબાપની ફરજ.

બીજે દિવસે બાળકોને કેળવવાની માબાપની કેવી ફરજ છે તે વિષે ગુણસુંદરીએ કહેવા માંડયું. બાળકોને કેળવવાની તેનાં માબાપને માથે મોટા-માં મોટી જવાબદારી છે. ઘેર વાડી હોયતો તેમાં શાકપાન સારાં થાય, આંબો હોયતો તેની કેરી સારી, મોટી, મીઠાશવાળી થાય તેવી ઈચ્છા મનુષ્યો કરે છે, ઘેર ગાય હોયતો તેની વાછડી સારી થાય તે માટે તેનું ઉત્તમ પ્રકારે પોષણ કરવાની કાળજી રાખે છે, ઘોડો હોય છે તો તેને સારી રીતે અનેક પ્રકારની ઝડપી ચાલ શીખે તેને માટે કેળવવાની કાળજી મનુષ્યો રાખે છે પણ પોતાના ભવિષ્યના આધારરૂપ; પોતાની મિલ્કતનો વારસ, જેના સારા નરસા ઉપર તેની આબરૂની કીંમત હોય છે તેવાં બાળકોની ઘણા માણસો કાળજી રાખતા નથી. તેમને યોગ્ય પ્રકારની કેળવણી આપી ભવિષ્યમાં નામ કાઢી શકે તેવો બનાવવાની દરકાર રાખતા નથી.

બાળક સમજણું થાય છે ત્યારથી તેને નીશાળે મુકે છે, તે ભણે છે કે નહિં તે જોવાની માબાપને દરકાર હોતી નથી. દીવસનો ઘણો ભાગ ધન એકઠું કરી સંગ્રહ કરવામાં તે જેટલી દરકાર રાખે છે તેટલી તે ધનને ભવિષ્યમાં વાપરનાર તેનાં બાળકોની કેળવણીની તેમને દરકાર હોતી નથી. કદાચ છોકરાંને ભણાવા માસ્તર રાખે છે તો તે શું ભણાવે છે તેની તે દેખરેખ રાખતા નથી. આવી રીતે

છોકરાંને કેળવવાની કાળજી ન રાખવાથી વિદ્વાન માબાપની પ્રજા પણ અવિદ્વાન, અનીતિવાન અને મુર્ખ નીકળે છે. બાળકને કેળવવું એટલે માત્ર અક્ષરજ્ઞાન આપવું એ નથી, પણ તેને ભણાવવા ઉપરાંત માનસિક ઉન્નતિ થાય તેવી, તેમજ ધાર્મિક બને તેવી કેળવણી આપવી જોઇએ. ધર્મના સંસ્કારો તો તેને તેની મા ગળથુથીમાંથીજ આપી શકે છે. તેને ધર્મિષ્ટ અને નીતિવાન થવા માટે બાળપણમાં જે સંસ્કારો નાંખવામાં આવે છે તે મોટા થયા પછી ઉગી નીકળે છે.

તેને નાનપણમાંથી જ મનુષ્ય એ આત્માના અંશરૂપ છે, આત્માનું સર્વ સામર્થ્ય મનુષ્ય પોતામાં પ્રકટાવી શકે છે, કોઇપણ કાર્ય કરી શકવાને માટે મનુષ્ય સમર્થ છે એવું શિક્ષણ આપી તેના મનમાં તે વાત ઠસાવવી જોઈએ. તે કોઈ કામ કરવા જાય તો તેને તે કરવા દેવું પણ તે તારાથી નહિ બને, એવું કહી તેની ઇચ્છાને તોડી પાડવી નહિ. નાનું કુમળું વૃક્ષ જેમ વાળીએ તેમ વળી શકે છે, પણ મોટું થતાં તે વળતું નથી તેમ નાના બાળકનામાં નાનપણમાં જેટલા સંસ્કારો પાડવા હોય છે તેટલા પડી શકે છે. નાનપણમાં બાળકનામાં ઉચ્ચ સંસ્કારો ન સ્થાપવાથી તે મોટું થતાં માબાપના સામું થતાં શીખે છે, તે વખતે માબાપને પસ્તાવો થાય છે. પશુપક્ષીની મનુષ્યો કાળજી રાખે છે પણ પોતાના ભવિષ્યના વારસ રૂપ પ્રજાની તે નાનપણમાં કાળજી રાખતા નથી.

બાળકોને તે ભણવામાં બેદરકારી રાખે છે ત્યારે કે તે માબાપનું કહ્યું નથી કરતાં ત્યારે તેમનાં માબાપ તેમને સમજાવી તે કામમાં તેમને રસ ઉત્પન્ન થાય તેવું કરવાને બદલે તેમને સોટી મારી કે ધોલ મારી તે કામ કરવાની શિખામણ આપે છે. તે ધારે છે કે એ સોટી લગાવીશું તો પાંસરૂં દોર થઇ જશે. આવી ઘણા માબાપોની માન્યતા હોય છે. આમ કરવાથી બાળકનો માબાપ ઉપરનો પ્રેમ ધીમે ધીમે ઓછો થતો જાય છે. તે ભલે મારના ભયથી તે કામ કરે પણ તે કરવામાં તેમને પ્રસન્નતા થતી નથી. પછી બાળકને તે કામ પોતાની ઇચ્છાથી કરવાનો ઉત્સાહ જતો રહે છે. અને તેને ઘણી જ હાની થાય છે. તેને તો તે દરેક કાર્ય ઉત્સાહથી અને આનંદથી કરે એવી ટેવ પાડવી જોઇએ. તેની ઇચ્છા વિરૂદ્ધ બળાત્કારથી કોઇ પણ કામ તેની પાસે કરાવવું નહિ. તેની સ્વેચ્છા વગર

તેની સંકલ્પશક્તિ દુર્બળ બની જાય છે. વળી તે દરેક કામ તેની તેમાં પ્રસન્નતા હોય છે તો જ ઉત્સાહથી કરી શકે છે. નહિ તો મન વગરનું કામ બબડાટ ને ફફડાટ કરતાં, નિરુત્સાહી થઇને માથા ઉતારપણે કરે છે.

બાળકને કહ્યાગરૂં કરવા માટે માબાપે તેમને પ્રેમથી પોતાનું કહ્યું માનનારાં બનાવવાં. તેમને તેમના કામમાં ઉત્સાહવાળાં બનાવવા માટે માબાપે પોતાનું કામ ઉત્સાહપૂર્વક ચિત્ત જોડીને કરવું જોઇએ. તેમણે પોતાનું હલકામાં હલકું કામ પણ ઉત્સાહથી કાળજીપૂર્વક કરવું. તેમણે કોઇ કામમાં અસંતોષ બતાવવો નહિ. તેમનું જોઇ તેમનાં બાલકો પણ પોતાનું કામ ઉત્સાહથી કરતાં શીખવાનાં. જે કામ કરવું તે મનના ખરા ઉત્સાહથી અને તેમાં સંપૂર્ણ ચિત્ત જોડીને કરવું. તેમણે પોતાનાં કામ અત્યંત રસપૂર્વક કરવાથી તેમનું અનુકરણ બાલક કર્યા વગર રહેવાનું નહિ. માબાપના વર્તનની છાપ બાલકો ઉપર પડયા વગર રહેતી નથી માટે માબાપોએ પોતાનાં બાલકોને જેવાં કરવાની ઇચ્છા હોય તેવાં પોતે થવું જોઇએ. બાલકોને શાંત અને આનંદી બનાવવા માટે માતાએ શાંત અને આનંદી બનવું જોઈએ.

બાલક ગર્ભમાં હોય છે ત્યારે તેની ડુંટી આગળ જે નાળ હોય છે તે દ્વારા માતાના શરીરમાંથી તેને પોષણ મળે છે. તેમ જન્મ થયા પછી પણ માતાનો બાલકની સાથેનો સંબંધ અદૃષ્ટ રીતે કાયમ જ રહે છે. આ અદૃષ્ટ રીતે માતા જે જે વિચારો કરે છે તેનો પ્રવાહ બાલકનામાં થાય છે. તેની દરેક ક્રિયા અને વિચાર બાળકને અસર કર્યા વગર રહેતાં નથી. તેનું શરીર માતાના ધાવણથી પોષાય છે તેમ તેનું માનસિક શરીર માતાના વિચારો અને ક્રિયાથી પોષાય છે. માતા જો શોકના, ક્રોધના, કલેશના કે દુઃખના વિચારો કરનારી હોય છે તો તેના તે સંસ્કારો તેના બાળકમાં પડે છે. તે જો પ્રેમના, શાંતિના, આનંદના અને સુખના વિચારો કરનારી હોય છે તો તેના બાળકનામાં પણ પ્રેમના, શાંતિના, અને આનંદના વિચારોના સંસ્કારો પડતાં તે ભવિષ્યમાં પ્રેમાળ, શાંત, અને આનંદી બને છે.

બાળકોને ક્રોધી ન બનાવવા માટે માતાએ ક્રોધનો ત્યાગ કરવો

જોઇએ. બાળકને તું ગાંડો છે, મુર્ખ છે એવું કહેવું નહિ પણ તું ડાહ્યો છું, શાંત છે, આનંદી છે, ઉત્સાહી છે એમ કહેવું. આપણા મનમાં પણ તે મહાન ગુણવાળો છે, કલાગરો છે, કામ કરવામાં ઉત્સાહી છે એવું દઢપણે માની લેવું. બાળકને કદી પણ મારવું નહિ. ભલે તે રડતું હોય તો રડવા દેવું. રડીને થાકશે એટલે તે છાનુંજ રહેવાનું. બાળકો પોતાના માબાપની ટેવને શીખનારાં છે. તેમનામાં જે જે અવગુણો હોય તે સર્વ તેમના માબાપ તરફથી મળ્યા હોય છે. માતા દિવસમાં કેટલીય વાર નજીવી બાબતમાં જુઠું બોલતાં અચકાતી નથી. બાળકને છેતરવાની ખાતર તે જુઠું બોલે છે. કેટલીકવાર ઘરમાં કોઇ વસ્તુ હોય અને તે બાળક જાણવા છતાં માગે તો માતા કહેશે કે તે ચીજ તો નથી, થઇ રહી, આ પ્રમાણે બાળકને જુઠું બોલી ઠગે છે. તે વાત બાળક સમજે છે. પછી તે પણ પોતાના મિત્રોની આગળ કોઇ વસ્તુ છુપાવવા માટે જુઠું બોલતાં અચકાતું નથી. તેને જુઠું બોલીને અન્યને ઠગવું એતો પછી રમત જેવું જણાય છે. માટે હસતાં હસતાં પણ માબાપે જુઠું બોલવું નહિ. બાળકોને સત્ય બોલવાનું શિક્ષણ આપવા માટે માબાપે સત્ય બોલવું. બાળકને પ્રમાણિક બનાવવા માટે માબાપે પ્રમાણિકપણે વર્તવું.

બાળકના આગળ ખરી વાતજ કહેવી. તેને કોઈ વખત કોઇ વસ્તુ આપવાની કહી હોય તો તે માગે ત્યારે તે વસ્તુ તેને આપીને પોતાનું વચન પાળી બતાવવું. વચન પાળવું એ ઉત્તમ ગુણ છે. માબાપે તેને પોતાનું વચન ન પાળી બતાવી, ભૂલાવામાં નાંખવું નહિ. બાળકને " તું આમ કર, આ રહેવા દે, આમ કર, આ ના કરીશ" આવું વારંવાર કહેવું નહિ. તેની ઇચ્છા પ્રમાણે ચાલવા દેવું પણ તેના વર્તન ઉપર દેખરેખ રાખ્યાં કરવી. તેની ઇચ્છાશક્તિ જાગ્રત થાય તેમ કરવું. તેને વારંવાર ઉપદેશ આપવો તે પણ ઠીક નથી. તે પૂછે તેનો તે સમજે તેવી રીતે જવાબ આપવો. તેને વારંવાર ટોક ટોક કરવું નહિ તેથી તેને તેનો હિસાબ રહેતો નથી અને કરવું હોય છે તેજ કરે છે. તેને જેવું વર્તન શીખવાડવું હોય તેવું વર્તન પ્રથમ માબાપે રાખવું જોઇએ.

માબાપ જો નિર્દોષ અને શુદ્ધ વર્તનને સેવનાર હોય છે તો બાળકો તેનું અનુકરણ કરે છે. પણ જો અંતરમાંથી દોષવાળાં હોવા

છતાં બાલકોને ડાહ્યાં થવા ઉપદેશ આપે છે તો તે ઉપદેશની અસર બાળકો ઉપર બીલકુલ થતી નથી વારંવાર તેને મોઢેથી શિખામણ આપ્યા કરવાથી તે નઠોર થઈ જાય છે. તેમને તો શિખામણ કરતાં વર્તનની અસર સારી થાય છે. બાળકોને વારંવાર ઉતારી પાડી હલકાં ગણી કાઢવાં નહિ. તે જે કામ કરે તેને વખોડવખોડ કરવું નહિ. તે મુર્ખ હોય અક્કલવગરનું હોય છતાં તેને મોઢે તું મુર્ખ છે, અક્કલવગરનું છે એવું કહેવું નહિ. તેથી તો તે સારાં હોય છે છતાં પણ મુર્ખ અને નઠોર બની જાય છે. તેમના ઉત્સાહને ભાગી પાડવો નહિ, તેથી તે મંદબુદ્ધિનાં થઇ જાય છે. તેમને તો હંમેશાં ઉત્સાહી અને આનંદીજ બનાવવા માટે માબાપોએ ઉત્સાહી અને આનંદી બનવું જોઇએ.

બાળકોથી કંઇ નુકશાન થાય તો તે વખતે તેને ઠપકો આપવો નહિ. વારંવાર ઠપકો આપવાથી તે સુધરતાં નથી પણ બગડે છે. તેના કામની પ્રશંસા કરવી, એ તેમના ઉત્સાહને વધારનાર છે. બાળકને સારૂં કે નઠારૂં બનાવનાર તેનું મન છે. તે મન વડે જે વિચારો હંમેશાં કર્યા કરે છે તે પછી તેના નિશ્ચયરૂપ બને છે. અને પછી તે નિશ્ચય પ્રમાણે તે દરેક ક્રિયા કરે છે. મનને જો શુભ વિચારો કરવાની ટેવ પાડી હોય છે તો તે પ્રમાણે તેના નિશ્ચયો બંધાઇ જાય છે. અને એકવાર બંધાઇ ગયેલા નિશ્ચયને ફેરવવો પછી મુસ્કેલ પડે છે. નિશ્ચય પછી ટેવરૂપ બની જાય છે. જાણતાં અજાણતાં પણ તે ટેવ પ્રમાણે કાર્યો થઇ જાય છે. માટે બાળકોના નિશ્ચયો ઉત્તમ પ્રકારના બંધાઇ જાય તે માટે માબાપોએ તેમને શુભ વિચારોનું ચિંતન કરતાં શીખવવું. અશુભ વિચાર તેની આગળ પ્રકટ કરવો જ નહિ. તું સત્યવાદી છું, પ્રમાણિક છું, ધર્મિષ્ટ છું, ઉત્સાહી છું, પરાક્રમી છું, શાંત છું, આનંદી છું, સર્વ કાર્ય કરવાને સમર્થ છું એવું વારંવાર કહ્યા કરવાથી તે પછી એવા વિચારો કરતાં શીખે છે અને તે વિચારો વારંવાર કરવાથી તે નિશ્ચયરૂપે બની જાય છે અને પછીથી તે પોતાના નિશ્ચય પ્રમાણે કાર્ય કર્યા કરે છે.

બાળકોને તું હલકો છું, મૂર્ખ છે, નઠોર છે, જુઠો છે એવું તો કદી કહેવું જ નહિ, એવું કહેવાથી તેના મનમાં અશુભ વિચારો થાય છે અને તે પ્રમાણે નિશ્ચયો બંધાતાં તે પછીથી મુર્ખ, હલકો, નઠોર અને જુઠો જ થાય છે. બાળકનામાં જેવા ગુણનું માબાપો આરોપણ

કરે છે તેવુ તે થાય છે. બાળકને મહાન બનાવવા માટે નાનપણ-માંથી જ તેની માતાએ તેનામાં ઉચ્ચ ગુણો છે એવી ભાવના કર્યા કરવી, અને તે સમજણું થતાં પણ તેને વારંવાર તું ડાહ્યો છું, મહાન પુરૂષ થવાનો છે, એવું કહ્યા કરવું. બાળકોને કદી પણ વારંવાર તે-દોષવાળો છે, એવું કહ્યા કરવું નહિ, તેમ માબાપોએ પણ પોતાના મનમાં એવું ધારવું નહિ. તેને હંમેશાં તું નિર્દોષ છે એવું કહેવું તેમ માબાપે પણ પોતાના મનમાં બાળકો નિર્દોષ છે એવું માન્યા કરવું.

બાળક એ ઈશ્વરના અંશરૂપ છે એવું માબાપોએ માની મનમાં પણ તેનામાં મહાન ગુણો છે એવું ધારવું. તેને માટે વિચાર કરવો તે વખતે પણ તે ઉત્તમ છે એવાજ વિચારો કર્યા કરવા તેને કહેવું પણ તેવુંજ. તેનો ભણવામાં ઉત્સાહ વધારવા માટે તેને કહેવું કે બાપુ, તું ભણવામાં તો હોંશિયાર છે, વાંચેલું કે ભણેલું ઝટ સમજી શકે તેવી તારી બુદ્ધિ છે તું તો મોટો વિદ્વાન થવાનો. આવું કહ્યા કરવું. બાળકને માટે માબાપ પોતાના મનમાં જેવી ભાવના કર્યા કરે છે તેવું તે થાય છે. તેને માટે પણ તેને જેવું બનાવવાની ઈચ્છા હોય તેવુંજ તે છે એવું કહ્યા કરવું. તેનામાં જે ગુણ જોવાની ઈચ્છા માબાપો રાખતાં હોય તેવા ગુણો તેનામાં છેજ એવું માનવું અને તેને કહેવું પણ એવું જ, આથી બાળકોમાં તે ગુણો નથી હોતા તો પણ આવ્યા વગર રહેતા નથી.

માબાપે માનવું કે બાળકમાં પણ ઈશ્વર છે અને તે તેને યોગ્ય માર્ગે દોરશે જ, ઈશ્વરના ગુણો તેનામાં પ્રકટ થવાના જ. તેને પણ તેવું કહ્યા કરવું. આથી બાળકનામાં તે ગુણો પ્રકટવાના જ. બાળકને પ્રત્યક્ષ ટોક ટોક ન કરતાં તેને સ્વતંત્રતા આપી તેના વર્તન ઉપર માત્ર દેખરેખ રાખવી. તેના ઉપર પ્રેમ રાખવો, તેના માબા-પના ઉપર અત્યંત પ્રેમ રહે તેવું વર્તન માબાપે રાખવું. બાળક સુધરવાનો ઘણો આધાર તેની માતા ઉપર છે. માટે તેણે પોતાના બાળકને ઉત્તમ બનાવવા માટે પોતાનું વર્તન અને વિચારો ઉત્તમ પ્રકારના રાખવા. બાળકને નિશાળમાં મુકયા પછી પણ તે શું ભણે છે તેની દેખરેખ રાખવી. ઘેર પણ કલાક કલાક માબાપે પોતાના બાળકને અભ્યાસ કરાવવા ઉપર લક્ષ આપવું. મનુષ્યોએ ધનનો સંગ્રહ કરવામાં કાળજી રાખવા કરતાં પણ બાળકોને યોગ્ય કેળવણી આપવા ઉપર વધુ લક્ષ આપવું જોઇએ. બ્હેન હવે આજે તો બંધ કરીશું.

પ્રકરણ ૨૯ મું.

સ્ત્રી રોગ ચિકિત્સા.



ાન્તા પોતાના પતિની સેવા કરતી, પુત્રને ઉછે-
ં આનંદ માનવા લાગી. પુત્ર ભવિષ્યમાં મહાન
ય તે માટે કાળજી રાખવા લાગી. હંમેશાં શાંત-
ણે રહેતી, ક્રોધ કદાપી કરતી નહિ. પતિની સેવા કરી તેમને પ્રસન્ન રાખવામાં, બાળકને ભવિષ્યમાં મહાન થાય તેવી રીતે કેળવવા તે યત્ન કરતી. બાળકનામાં તેણે ઉચ્ચ ગુણની ભાવના કરવા માંડી. ધીમે ધીમે બાળક મોટો થવા લાગ્યો. તેની માના ગુણો તેનામાં ઉતરી આવવા લાગ્યા. માની માફક તેનો બાળક પણ ઉચ્ચગુણી, શાંત અને આનંદી બન્યો હતો. તેનું નામ પ્રસન્નકુમાર રાખ્યું.

બાળક ઉત્તમ ગુણવાન, માબાપનું કહ્યું કરનાર થયો. તે કદી પણ રીસાતાં શીખ્યો નહોતો. દરેક વાત સત્ય કહેતો. તેનામાં તેના માબાપના ગુણો આવ્યા હતા.

એક વખતે રાત્રે નવરાશે મોહનરાય અને ચન્દ્રકાન્તા બેઠાં હતાં, તે વખતે ચન્દ્રકાન્તાના પૂછવાથી મોહનરાયે કહ્યું કેઃ " સ્ત્રીઓએ જેમ ગૃહકાર્યમાં કુશળ થવું જોઇએ તેમ ઘરગતુ વૈદક ઉપાયોને પણ જાણવા જોઇએ. તેમાં સ્ત્રીઓને થતા રોગોનાં કારણો, લક્ષણો અને ઉપાયો તો ખાસ કરીને જાણવા જોઇએ. આજે હું તને તે વિષય સમજાવું છું તે બરોબર યાદ રાખજે.

પ્રદર.

સ્ત્રીઓને કમળમાંથી ઘણીવાર ધાતુનો શ્રાવ થાય છે. તેથી શરીર સુકાઈ જાય છે. આ રોગ દસ્તાન જવાથી, ગરમ વસ્તુ વધારે ખાવાથી, બાળકોને વધુ વખત ધવરાવવાથી કે હદ વગર સંસાર-ભોગ ભોગવવાથી થાય છે.

લક્ષણ—તેથી સ્ત્રીઓના ગુહ્ય ભાગમાંથી ધોળી, પીળી કે મળગુગળી રસી જેવો પદાર્થ વહ્યાં કરે છે તેથી માથું ચઢે છે, અરૂચી થાય છે, શરીરે પીકાશ જણાય છે, ખવાતું નથી, ફેર ચઢે છે અને શરીર સુકાય છે.

ઉપાય—પ્રદર હોય ત્યારે ફુલાવેલી ફટકડીને પાણીમાં પલાળી તેનાં પોતાં લેવાં, અથવા ત્રીફળાના પાણીની પીચકારી લેવી. તેમજ શાંખજીરૂ, ગોખરૂં, ગળો વિગેરે દવા ખાવાથી પ્રદર મટે છે. ગળો-સત્વથી મટે છે.

રસવંતી, લોધરનું ચુર્ણ બંનેને એકત્ર કરી અરડુસીના રસમાં ઘુંટી તેની વાલ વાલની ગોળીઓ વાળવી તે ગોળી ખાવાથી પ્રદર મટે છે. કડાછાલ શેર ૨ ખાંડીને ઉકાળવી તે પાણી ગાળી લઇ પછી જાડું થતાં સુધી ઉકાળવું તેમાં મોચરસ, મજીઠ, કાળીપાટ, બીલાનો ગર્ભ, મોથ, અતિવિષનું ચુર્ણ એકેક તોલો નાંખી એકત્ર કરવું તેમાંથી રોજ ૦।। તોલો ખાવાથી પ્રદર મટે છે.

રક્તપ્રદર.

જેમ સ્ત્રીઓને ધાતુ જાય છે તેમ લોહીનો પણ સ્રાવ થાય છે. તેને રક્તપ્રદર કે લોહીવા કહે છે. તેથી નબળાઈ રહે છે, શરીર ફીકું પડી જાય છે. આ દરદ સ્ત્રીઓનું ઘણું ખરાબ છે. માટે જો સ્ત્રીઓ શરમની મારી દવા નથી કરતી તો પછી નુકશાન થાય છે. તેમાં ઉપાય—જેઠીમધનું ચુર્ણ તથા સાકર ચોખાના ધોવરામણમાં પીવાથી મટે છે. રસવંતી ચોખાના ધોવણમાં મધ મેળવી પીવાથી મટે છે. (૩) આસોપાલવની છાલનો ઉકાળો કરી પીવાથી મટે છે.

રક્ત અને શ્વેતપ્રદરને માટે સારામાં સારો ઉપાય સુંદરી-સાથીની દવા છે. આ દવા આજકાલ સ્ત્રીઓમાં ઘણી વપરાય છે. તેની એક બાટલીની કીંમત રૂ. ૧) પડે છે અને દવે કેમીકલ વર્કસ અમદાવાદમાં મળે છે. આ રોગમાં દુધ પીવું, ગરમ ખોરાક ન ખાવો, ચહા ન પીવો અને બ્રહ્મચર્ય પાળવું જોઇએ.

દસ્તાનનાં દરદો.

દર માસે નિયમસર સ્ત્રીઓ રજસ્વલા થાય છે. તે વખતે તેમને ચાર દિવસ સુધી ઋતુ-દસ્તાન આવે છે. તેમાં કેટલીક સ્ત્રીઓને દસ્તાન બંધ થઈ જાય છે તેને નષ્ટાર્તવ કહે છે, કેટલીકને દસ્તાન આવતી વખતે ઘણી પીડા થાય છે તેને પીડીતાર્તવ કહે છે અને કેટલીકને ચાર દિવસ પછી પણ દસ્તાન વધુ ચાલુ રહે છે તેને અત્યાર્તવ કહે છે. આ પ્રમાણે દસ્તાનના ત્રણ પ્રકારના રોગો સ્ત્રીઓને થાય છે.

નષ્ટાર્તવ—દસ્તાન બંધ થાય છે તેથી કમરમાં દરદ થાય છે, હીસ્ટીરીઆ થઈ જાય છે, ઝાડો કબજ રહે છે. આ વખતે ગરમ

પાણીની પીચકારી લેવી અને પેઢા ઉપર ગરમ પાણીનો શેક કરવો. તેમાં ટંકણ ૧ વાલ, એળીઓ ૧ રતી, મંડુરભષ્મ ૧ રતી મિશ્ર કરી ઘુંટી પાણી સાથે પીવાથી મટે છે. એળીઓ અને હીરાબોળ ગળવાથી પણ ફાયદો થાય છે. આ દરદમાં કુમારીકાસવ સારો ગુણ કરે છે. તેમજ જયગુટીકા નામની દવે કેમીકલ વર્કસમાં બનેલી દવા ઘણો તાત્કાલીક ફાયદો આપે છે. બંને દવાઓ અમદાવાદ દવે કેમીકલ વર્કસમાં મળી શકે છે. તેનો ઘણી સ્ત્રીઓને ફાયદો થયો છે. પીડીતાર્તવમાં પણ કુમારીકાસવ સારો ગુણ કરે છે. તેમાં યોગરાજ ગુગળ પણ ફાયદો કરે છે. ગરમ પાણીના ટબમાં બેસવું. અફીણ ૨ ગ્રેન તથા કપુર ૪ ગ્રેનની ૭ ગોળીઓ કરી એકેક બબે ગોળા ત્રણ ત્રણ કલાકે ખાવાથી સારો ફાયદો થાય છે. અત્યાર્તવમાં દસ્તાન વધુ જાય છે. તેમાં ઠંડા પાણીનું પોતું લેવું. ફુલાવેલી ફટકડીના પાણીની પીચકારી લેવી આ દરદમાં સુંદરીસાથી બહુ સારો ગુણ કરે છે.

સોમરોગ.

સ્ત્રીઓને ઘણો પેશાબ થયા કરે છે તેને મૂત્રાતિસાર કે સોમરોગ કહે છે. તેમાં પાકેલાં કેળાં, મદ કે સાકર ખાવાથી મટે છે. નાગકેસર વાટી જાડી તાજી છાસમાં નાંખી પીવાથી મટે છે. આંબળાંની અંદરનાં બીજને વાટી તેમાં મદ તથા સાકર મેળવી ખાવાથી આ દરદ મટે છે. સુંદરીસાથી પણ આ રોગમાં ચોક્કસ ફાયદો કરે છે તે દવે કેમીકલ વર્કસ અમદાવાદમાં રૂા. ૧) ની કીંમતથી મળે છે. તે આજકાલતો ઘણી પ્રખ્યાત દવા થઇ ગઇ છે.

હીસ્ટીરીયા.

સ્ત્રીઓને હીસ્ટીરીઆનો રોગ ઘણું કરીને ઘણો લાગુ પડે છે. તે પ્રદર રોગથી, ભયથી, શોકથી, અતિ વિષયની ઇચ્છાથી કે આર્તવના વિકારથી જુવાન સ્ત્રીઓને લાગુ પડે છે તેમાં ખેંચતાણ થાય છે, ગોળો ચઢે છે, બેભાન થઇ ધુણવું, રડવું, મોઢે ફીણ આવવું. વિગેરે દરદો થાય છે. તે વખતે લોકો ભૂત વળગ્યું છે એમ માને છે. તેના દાંત બીડાઇ જાય છે. ઘણે ભાગે એશઆરામમાં જીંદગી ગાળનારી સ્ત્રીઓને આ દરદ થાય છે, તે વખતે મો, આંખ અને નાક ઉપર ઠંડુ પાણી છાંટવું. ફુલાવેલી હીંગ ગળાવવી. આ દરદમાં યોગરાજ ગુગળ સારૂં કામ કરે છે તેમજ કુમારીકાસવથી મટે છે. વળી

હીસ્ટીરીયાહર પીલ્સ નામની અત્યંત ઉપયોગી દવા દવે કેમીકલ વર્કસમાંથી મળે છે તેનાથી ઘણી સ્ત્રીઓને જુનાં હીસ્ટીરીયાનાં દરદો મટી ગયાં છે.

થાન પાકવું.

કેટલીકવાર ધાવણુ ચઢવાથી કે એવા જ કારણથી સ્ત્રીઓનું થાન [સ્તન] પાકે છે. તેમાં ધાવણની ગાંઠો બાઝી જાય છે અને ચામડી લાલ થાય છે ટાઢ ચઢી તાવ આવે છે. અને અંદર બળતરા બળે છે. આ વખતે દુધ મોટા બાળક પાસે ચુસાવી લઇ થુંકી દેવરાવવું. શેક કરવો, સુખડ અને રતાંજળીનો લેપ કરવો. હળદર ને મીઠાને ખદખદાવી તેનો લેપ કરવો. અળસીની પોટીસ મારવી. લીંબડાનાં પાન બાફીને બાંધવાં. તેના ઉપર અવળાસવળીનું પાન બાંધવાથી સારો ફાયદો થાય છે. આ દરદને માટે સુખશાંતી લેપ દવે કેમીકલ વર્કસમાં બનેલો ઘણો સરસ ગુણકારક છે. ઘણી સ્ત્રીઓ હવે તો એજ વાપરે છે.

ફુલી જવું—મેદ વધવો.

ઘણી સ્ત્રીઓ વધુ એશઆરામી થવાથી શરીરે ફુલી જાય છે. મેદ વધે છે ને પેઢામાં ચરબીનો ભાગ વધી જાય છે. આથી દસ્તાનનો અટકાવ થતાં અંદર જમાવ થાય છે અને પેડુ ફુલે છે. આવી રીતે ગર્ભાશય ઉપર મેદનું દબાણ થવાથી તે સ્ત્રીને ફરી ગર્ભ રહેતો નથી.

આ દરદ માટે મેદ ઓછો થાય તે માટે નિયમિત દસ્ત લાવનાર દવા વાપરવી. આ દરદમાં જયગુટીકા તેમ કુમારીકા સવ— દવે કેમીકલ વર્કસની દવાઓ સારો ગુણ કરે છે. યોગરાજ ગુગળથી વાયુ અને મેદ ઓછો થાય છે. તે મહારાસ્નાદી ક્વાથ સાથે ખાવાથી મટે છે. મેદવાળી સ્ત્રીઓ જાતે વધુ કસરત થાય તેવી મહેનત કરવી, દળવું, ખાંડવું, પાણી ભરવું, વિગેરે ઘરકામ કરવું. તેમાં ફુલાવેલી હીંગ ગળવી, એળીઓ થોડો થોડો ખાવો, હરડેનું સેવન રાખવું, કમર ઉપર શેક કરવો અને દસ્તાન ખુલાસે આવે તેવા ઉપાયો કરવા જોઇએ.

વંધ્યત્વ.

ઘણી સ્ત્રીઓને ગર્ભ રહેતો નથી તે વાંઝણી કહેવાય છે કેટલીકને એકાદવાર પ્રજા થયા પછી ફરી ગર્ભ રહેતો નથી. સ્ત્રીઓને

ગર્ભ ન રહેવામાં સ્ત્રીઓને ગર્ભાશયમાં દોષ હોય છે. તેમજ પુરુષમાં પણ દોષ હોવાથી સ્ત્રી ગર્ભ ધારણ કરતી નથી. તેમાં સ્ત્રીઓને દસ્તાન બરોબર ન આવવું, ગર્ભાશયનું પ્રદર, ગર્ભાશયનો સોજો, વિગેરે દરદોથી સ્ત્રીઓને ગર્ભ રહેતો નથી.

ગર્ભાશયના દોષો મટે તેવા ઉપાયો કરવાથી ગર્ભ રહે છે. મહારાસ્નાદી ક્વાથ સાથે યોગરાજ ગુગળનું સેવન કરવું. ગરમીનાં ચિન્હો હોય તો બૃહદમંજીષ્ટાદિ ક્વાથ સાથે યોગરાજ ગુગળ આપવો. ચન્દ્રપ્રભા ખાવાથી પણ ગર્ભાશય સુધરે છે. ચન્દ્રપ્રભા સાથે જીવન ખાવાથી પણ ફાયદો થાય છે.

અડદ, દહીં, કુંવાર વિગેરેનો વધુ ઉપયોગ કરવો. ઋતુસ્નાન કર્યા પછી ૮ દીવસ સુધી આસોદરાના ક્વાથમાં ઘી સિધ્ધ કરી તે ૩ રતી સવારમાં પીવું. ધોળી ભોંયરીંગણીનું મૂળ પુષ્ય નક્ષત્રમાં લાવી દુધમાં ઘસીને ઋતુસ્નાન કર્યા પછી પીવાથી ગર્ભ રહે છે. ખાખરાનું પાન દુધમાં વાટીને પીવાથી ફાયદો થાય છે.

સ્ત્રીઓને ગર્ભ ધારણ થવા માટે સુંદરી સાથી તેમજ વંધ્યા રોગ નીવારણ ગુટિકા—હવે કેમીકલ વર્કસમાં મળે છે. તેથી સારો ફાયદો થાય છે. માટે તે મંગાવીને ઘણી સ્ત્રીઓ તે વાપરે છે.

આ પ્રમાણે સ્ત્રીઓએ પોતાનાં દરદોનાં કારણો ને ઉપાયો જાણવા જોઇએ. કેટલીકવાર નજીવી વસ્તુથી દરદ મટી જાય છે ને સેંકડો રૂપીઆ ખર્ચતાં પણ મટતું નથી. સ્ત્રીઓએ તો ઘર કામ કરવાની સાથે બાળરોગ અને સ્ત્રીરોગોના ઉપચારોનું પણ જ્ઞાન મેળવી તે તે દરદોના ઘેર ઉપાયો કરવા જોઇએ.

સ્ત્રીઓને માથે કાંઇ નાની સુની જોખમદારી નથી. માટે તારે પણ સર્વ વાતની કાળજી રાખવી તેમજ કેટલીક ઘરગતુ દવાઓ પણ ઘરમાં પોતાની પાસે રાખી મુકવી જોઇએ. રોગ થાય ને જોઇએ તે વખતે લેવા દોડવું નહિ માટે બાળકની દવાઓ, સુંઠ, મરી, પીંપર, અતિવિષ, અજમો, હીરાબોળ, એળીઓ, હરડે, ગોરૂચંદન, હીંગ, સીંધવ વિગેરે તો હંમેશાં સંઘરી રાખવાં જોઇએ. તને વધુ કહેવું પડે તેમ નથી. હવે આજે બંધ કરીશું.

પ્રકરણ ૩૦ મું.

સુખી કુટુંબ.

ચન્દ્રકાન્તા અત્યારે સંસારનાં કાર્ય કરતાં, સ્વર્ગીય જીવનનો અનુભવ કરે છે. તેની પાસે નાનો રૂપવાન પાંચ વર્ષનો બાળક રમતો અને હસતો જણાય છે. મોહનરાય અત્યારે સ્વપરાક્રમથી સારૂં દ્રવ્ય કમાતાં મુંબાઈમાં એકાદ મીલનો માલીક બની બેઠો છે. જે જાતે નોકરી કરતો હતો તેને ત્યાં અત્યારે નોકરો ઉપર નોકરો હાજી હા કરનારા છે.

પ્રમાણિકપણે ધંધો કરવો એ તેનું સુત્ર છે. જીવનની એક ક્ષણ પણ નકામી ન ગુમાવવી, આખો દિવસ કર્તવ્યશીલ રહેવું, ઇશ્વરપરાયણ જીવન વિતાવવું એ તેની સ્વભાવિક ટેવ છે. ઘરમાં આવતાં પ્રસન્નમુખે ચન્દ્રકાન્તા તેને આવકાર આપવા તૈયાર જ હોય છે. નાનો બાળ પણ બાપુ, બાપુ કરતો હસતો હસતો સામો આવે છે. માતા પિતાની આજ્ઞા પાળવી, એતો તેનો સ્વભાવ પડી ગયો છે.

મોહનરાય અને ચન્દ્રકાન્તા હંમેશાં આનંદમાં રહેતાં, તેમનું મન કદાપી પણ ઉદ્વેગમાં જણાતું નહિ. ચન્દ્રકાન્તા પતિના ગમે તેવા ઉદ્વેગને પણ ઘડીમાં શાંત કરી દેતી. તેઓ શરીરે જુદાં જણાતાં પણ તેમનાં મન અને આત્મા તો એકરૂપ બની ગયાં હતાં. બીજાં ઘરોમાં સ્ત્રીઓનું પુરુષો ઉપર મોં ચઢે છે. પુરુષોને સ્ત્રીઓ ઉપર ગુસ્સો આવે છે એવું કદી પણ ચન્દ્ર-

કાન્તા કે મોહનરાયના સંબંધમાં બનતું નહિ. તેઓ હંમેશાં એક બીજા ઉપર પ્રીતિવાળાં જણાતાં. તેમના ગુણો બાલકમાં પણ ખીલી આવ્યા હતા.

ચન્દ્રકાન્તાના સંબંધથી સેંકડો સ્ત્રીઓ આનંદી બની, સેંકડો કુટુંબો સુખી થયાં હતાં. તે તે સ્ત્રીઓના સંગથી બીજી સ્ત્રીઓ સુધરતી હતી. હજુ પણ ઘણીવાર તે તે સ્ત્રીઓ ચન્દ્રકાન્તાને મળવા આવતી અને તેનો ઉપકાર માનતી. ચન્દ્રકાન્તા ગૃહકામમાં કુશળ, પતિ સેવામાં એકકો, બાલકનો ઉચ્ચ શિક્ષણ આપવામાં કાળજીવાળી અને નોકરો ઉપર દેખરેખ રાખવામાં પણ કુશળ હતી. પતિ સેવાનું કામ તો તે જાતેજ કરતી. પતિના ઉપર તેની એટલી બધી પ્રીતિ હતી કે જો કોઇ વખતે મોહનરાયનું માથું ચઢતું તો તે દિવસે તેને ચેન પડતું નહિ. તેનામાં હિંમત પણ ઘણી હતી. તે સંકટમાં કે દુઃખમાં ગભરાતી નહિ, પતિને પણ ધીરજ આપી દુઃખને વિસારે પડાવી દેતી.

અત્યારે તે દમ્પતિ વાલ્કેશ્વર ઉપર પોતાના બંગલામાં રહે છે. તે ઘણી વખતે કામકાજે નડીઆદ અને અમદાવાદ પણ જતાં. તેમની નાતમાં પણ તેમની પ્રતિષ્ટા સારી છે. તેમના તરફથી હાલ એક સ્ત્રી શિક્ષકાલય ખોલવામાં આવ્યું છે. તેમાં મોટી ઉમ્મરની સ્ત્રીઓને સુધારવાનું કાર્ય ચાલે છે. ત્યાં હંમેશાં ચન્દ્રકાન્તા જાય છે, અને કલાક કલાક ઉત્તમ દૃષ્ટાંતોથી સ્ત્રીઓએ પોતાનો ગૃહવ્યવહાર શી રીતે નિભાવવો તેનું શિક્ષણ આપે છે.

આ જગતમાં મોટામાં મોટું કાર્ય સ્ત્રીઓને સુધારવાનું છે એમ તે માને છે. સ્ત્રીઓ સુધર્યા વગર સંસાર સુધરવાનો નથી અને આપણી ઉન્નતિ થવાની નથી એમ તે માને છે. આખા ઘરના સુખદુઃખનો આધાર સ્ત્રીઓ ઉપર છે. ઘરમાં માણસો હોય, પૈસા ટકા હોય, વૈભવો ભોગવવાના હોય છતાં પણ જો સ્ત્રી કુલ્ટા હોય છે તો તે ઘરના માણસો હંમેશાં ચિંતા, કુસંપ, કલેશ, કંકાસ અને દુઃખમાં રવડ્યાં કરે છે. કેટલીક અણઘડ સ્ત્રીઓ એક બીજાની નિંદા કરનારી, સાચાં જુઠાં ભરવી એક બીજાને લડાવી મારનારી અને ઘરમાં સંપને બદલે કુસંપ કરાવનારી હોય છે. આવી સ્ત્રીઓ જ્યાં હોય છે ત્યાં તેના પતિને કે ઘરનાં બીજાં માણસોને હંમેશાં દુઃખનો જ અનુભવ થાય છે. તેની પ્રજા પણ તેના જેવી જ હલકી ઉત્પન્ન

થાય છે. માટે તેવી સ્ત્રીઓને સુધારી સત્ય માર્ગે વાળવા યત્ન કરવો તેના જેવું બીજું પુણ્યનું કામ નથી. ચન્દ્રકાન્તા હંમેશાં સ્ત્રીઓને સુધારવા ઉપર વધુ લક્ષ આપતી.

ચન્દ્રકાન્તાનો સ્વભાવ મળતાવડો, નિરભિમાની, આનંદી અને જેની તે તેની સાથે ભળી જવાનો હોવાથી તેના સંબંધમાં આવનાર માણસ તેના ઉપર પ્રીતિ રાખ્યા વગર રહેતું નહિ. હંમેશાં પ્રેમથી અન્યને સારી રીતે સુધારી શકાય છે. બીકથી કે મારથી સ્ત્રીઓ કે બાળકો સુધરી શકતાં નથી પણ તેજ બાળકો અને સ્ત્રીઓને જો પ્રેમથી સુધારવામાં આવે છે તો તેમને સુધારતાં વાર લાગતી નથી.

અત્યારે ચન્દ્રકાન્તાની જ્યાં ને ત્યાં પ્રશંસા થતી. નાતમાં પણ સર્વ કોઇ તેને વખાણતાં. તેના તેજથી કેટલીક સ્ત્રીઓ શરૂઆતમાં તો તેની અદેખાઇ કરવાને ચુકતી નહિ, પણ જ્યાં તે તેના સંબંધમાં આવતી કે તરત ઠંડીગાર બની જતી. તે પોતાના શત્રુને પણ પ્રેમથી બોલાવી તેનો આદરસત્કાર કરતી. જે સ્ત્રીઓ તેની નિંદા કરનારી હોય, તેજ જો તેના સંબંધમાં એકવાર આવતી તો પછી તેનાં વખાણ કરનારી બનતી.

સ્ત્રીઓનો મુખ્ય સ્વભાવ શ્રી હઠનો કહેવાય છે, તેણે ઘણી સ્ત્રીઓના તે સ્વભાવને છોડાવી દીધો હતો. ગરીબીમાંથી પૈસાદાર થવાથી તેને સર્વ અનુભવ થઇ ચુકયો હતો. ગરીબોની દયા ખાવી, પુણ્ય કરવું, જેમને જેવી ઘટે તેવી સહાય આપી ઉન્નતિ થાય તેવા માર્ગે ચઢાવવા યત્ન કરવો એ તેનું સ્વાભાવિક કાર્ય થઇ પડયું હતું. તેની ન્યાતના પૈસાની તંગીને લીધે ન ભણી શકે તેવા ઘણા વિદ્યાર્થીઓને તે પોતાના ખર્ચે ભણાવતી. નોકરી જોઇતી હોય તેને નોકરી અપાવવા પોતાના પતિને કહી તજવીજ કરતી.

મોહનરાય વ્યાપાર ધંધાનું કામ કરતો, અને ગૃહવ્યવસ્થાનું કાર્ય ચન્દ્રકાન્તા કરતી. ઘરમાં શું થાય છે, તેની મોહનરાયને ખબર નહોતી. ચાકરો બ્હેકી ન જાય, મોઢે ચઢી ન વાગે, અને પોતાનું કામ બરોબર કાળજીથી કરે તેને માટે તે સંપૂર્ણ કાળજી રાખતી. સર્વ નોકરો સભ્યતાથી વર્તે, વિવેકનો ત્યાગ ન કરે, કોઇ આવે જાય તેનું સન્માન સાચવે, તેવી રીતે તેમને કેળવણી આપી બોલવા

ચાલવાની રીતભાત સમજાવતી. હવે તેને રસોઈ કરવાની નહોતી પણ રસોયો રાખેલો હતો. તેમ છતાં પણ રસોઈમાં તે કાળજી રાખતી. રસોડું સ્વચ્છ રહે, રસોઇ સ્વાદીષ્ટ બને, અનાજ વીણી, ઝાડકી સ્વચ્છ કર્યા પછી જ તેનો ઉપયોગ થાય, શાક તાજું અને સડ્યા વગરનું સારી રીતે સ્વચ્છ કર્યા પછી વપરાય. પાણી સ્વચ્છ અને ગળીને જ વપરાય, વાસણો કાટ ચડેલાં ન હોય પણ સ્વચ્છ વપરાય તેની તે જાતે કાળજી રાખતી.

તેણે પુત્રને નાનપણથી જ આનંદી અને હસમુખો બનાવી દીધો હતો, તેને રમતમાં ને રમતમાં કેળવણી આપવામાં આવતી. તે હંમેશાં પ્રસન્ન રહે, કહ્યાગરો થાય, તેને નવું નવું જાણવાની જીજ્ઞાસા પ્રકટે, મહેનતુ થાય, આળસુ ન બની જાય તેની તે સંપૂર્ણ કાળજી રાખી તેને સારી રીતે કેળવવામાં બરોબર ધ્યાન આપતી. કેટલીક વખતે નાનાં છોકરાંને શ્રીમંત માબાપો ચાકરનોકરને સોંપે છે, તેથી તે બાલકો, હલકા સ્વભાવના, ચાકર નોકરોની રીતભાત શીખે છે, અને તેથી તેવા હલકા માણુસોની સોબતથી બાલકનો જન્મારો બગડે છે. તેમ ચન્દ્રકાન્તા કરતી નહિ. તે પોતાના બાલકને નોકરોને સોંપતી નહિ. તે હંમેશાં પોતાની મેળેજ બાલકને રમાડતી, અને કેળવતી.

આ પ્રમાણે આ કુટુંબમાં અત્યારે સુખ અને શાંતિ પ્રસરી રહ્યાં હતાં, ઘરમાં આવતાં મોહનરાયને જાણે સ્વર્ગસદનના આનંદનો ભાસ થતો. પોતાની સ્ત્રી ચન્દ્રકાન્તાને તે દેવી તરીકે માનતો. કોઇ પણ વખતે તેને તેનાથી અસંતોષ થતો નહિ. ચન્દ્રકાન્તાને રાજી રાખવા, તેને સંતોષવા તે પોતાથી બનતું કરતો, તે જાણતો કે ઘરમાં સ્ત્રી એ લક્ષ્મીનું સ્વરૂપ છે. સ્ત્રીનું મન સંપાદન કરી તેને રાજી રાખવાથી લક્ષ્મીદેવીની આપણા ઉપર કૃપા થાય છે. તેને અસંતોષ આપી સતાવવાથી લક્ષ્મી ત્રાસી જાય છે. સ્ત્રી હઠીલી હોય, ઉચ્છાંછળી હોય, માત્ર વિષય સુખનેજ ઇચ્છનારી હોય છતાં પણ તેને સતાવવી નહિ પણ તેને પોતાના પ્રેમથી પોતાના સ્વભાવને અનુકુલ બનાવવી જોઇએ એ તે સારી રીતે સમજતો. સ્ત્રીઓ અજ્ઞાનતાથી જ હઠીલી બની પતિને સતાવે છે માટે તેના અજ્ઞાનને ટાળવા પુરુષે યત્ન કરવો જોઇએ. તેના ઉપરના પ્રેમથી તે પતિને અનુકુલ થવાની જ માટે તેને ભયથી કે ત્રાસથી કહ્યાગરી બનાવવા

કરતાં પ્રેમથી પોતાને અનુકુલ બનાવવો એ સર્વોત્તમ ઉપાય છે. એમ તે માનતો. ચન્દ્રકાન્તા તો કેળવાયલી, પતિસેવા કરવામાં પોતાનાં ધનભાગ્ય સમજનારી હોવાથી મોહનરાયની તેના ઉપર વિશેષ પ્રીતિ હતી. તેઓ વચ્ચે કોઈ દિવસ વિખવાદ થતો નહિ. તેમના વચ્ચે કદી વાદવિવાદ થઈ કડવાશ ઉત્પન્ન થતી નહિ. હંમેશાં બંને જણુ એકબીજાને અનુકુલ અને આનંદી રહેતાં.

ચન્દ્રકાન્તાને પોતાના પતિ બહાર ગામ જતા તો તેટલો વિયોગ પણ અસહ્ય લાગતો, તેમ મોહનરાયને પણ તેના વગર એક ઘડી પણ ચેન પડતું નહિ. જેમ સારસનું જોડું એક ઘડી પણ એક બીજાનો વિયોગ સહન કરી શકતું નથી તેમ આ દમ્પતિ પણ હંમેશાં એક બીજાની સાથે જ રહેવાનું પસંદ કરતાં. કામ પ્રસંગે ચન્દ્રકાન્તાને કદી પોતાને પીએર જવું પડતું તો તે જતી ખરી પણ ત્યાં પોતાના પતિ વગર તેને ચેન પડતું નહિ; તે ત્યાં ખપ પુરતું જ રહી તરત પાછી પોતાને ઘેર આવતી. તેને વધુ પીએરમાં રહેવાનું બીજી સ્ત્રીઓની માફક પસંદ નહોતું. કારણકે તે સમજતી કે પતિ એજ મારો પરમાત્મા છે, તેમના સાનિધ્યમાં રહી તેમની સેવા કરવામાં જ તે આનંદ અને શ્રેય છે.

બાલકને કેળવવામાં ખાસ લક્ષ આપવું જોઇએ એમ તે દમ્પતી માનતાં. ઘણા માણસો ધંધા રોજગારમાં એટલી બધી કાળજી રાખે છે કે બાલકો શું કરે છે, તેની કાલજી રાખવાની તેમને ફુરસદ હોતી નથી. બાલકો સારે રસ્તે ચઢે છે કે ખોટે રસ્તે તેમની તેમને પોતાના ધંધા રોજગારને લીધે ફુરસદ હોતી નથી. આથી ઘણીવાર બાલકો અવળ રસ્તે ચઢી જાય છે. અને ઘણી વખતે તો, માબાપોએ તન તોડીને જે પૈસા ટકા એકઠા કર્યા હોય છે તે પૈસાનો બાલકો દુરુપયોગ કરી ઉડાવી નાંખે છે. અને આબરૂને પણ ધોકો પહોંચાડે છે. માટે દરેક માણસે પોતાના બાલકોને કેળવવામાં સર્વથી વધારે ધ્યાન આપવાની જરૂર છે. આ વાત મોહનરાય અને ચન્દ્રકાન્તા સારી રીતે સમજતાં હોવાથી તે પોતાના ધંધા રોજગાર કરતાં પણ પોતાના બાલકને કેળવવાની વધુ કાલજી રાખતાં.

વિષયનું સુખ અનિત્ય છે. એમ તેઓ માનતાં જેથી માત્ર પૈસા ટકા કમાવા, વૈભવો ભોગવવા, સ્ત્રીએ પુરુષમાં અને પુરુષે સ્ત્રીમાં મસગુલ રહેવું, બાળકોને લાડલડાવી આનંદ ભોગવવામાંજ

સર્વસ્વ માની બેસવું એ સર્વ સુખને અનિત્ય માની તે દમ્પતી સત્ય સુખને મેળવવા પણ કાળજી રાખી યત્ન કરતાં. ધન, પૈસા, ટકા, સગાં વ્હાલાં એ સર્વ અનિત્ય છે, સંસારના પદાર્થો જવા આવવાના સ્વભાવવાળા છે, તે પદાર્થો મળતાં સુખ થાય છે અને જ્યારે તેનો નાશ થાય છે ત્યારે દુઃખને ઉત્પન્ન કરે છે, માટે સંસારનાજ પદાર્થોમાં આસક્તિ રાખ્યાં કરી તેમાં સુખબુદ્ધિ સ્થાપવી એતો દુઃખને પામવાનો રસ્તો છે એમ તે માનતાં. તે જાણતાં કે સત્ય સુખતો તે સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનાર જે સત્ય વસ્તુ છે તેનો અનુભવ કરવાથી મળે છે. માટે સર્વ પદાર્થના મૂળરૂપ જે પરમાત્મા તેમના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા પણ તે હંમેશાં યત્નશીલ રહેતાં.

તેમની આસક્તિ ધીમે ધીમે સંસારના પદાર્થો ઉપરથી ઓછી થતી ગઇ, તેમનું મન ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટે પ્રયત્નશીલ રહેવા લાગ્યું. જ્યારે અનિત્ય આ સંસાર ઉપરથી મનને ઉઠાવી લઈ નિત્ય એવા પરમાત્માની સાથે તેને જોડવામાં આવે છે ત્યારે મનુષ્યો ખરા માર્ગે વળે છે. આ દમ્પતી પણ વ્યવહારમાં રહેવા છતાં વ્યવહારના પદાર્થો ઉપરની મમત્વ બુદ્ધિ ઓછી કરતાં ગયાં અને પોતાનું જે ખરૂં કર્તવ્ય, આત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે માર્ગે વળ્યાં. ઘણીવાર તે બંનેજણ હવે સંસારના કાથાકૂટલા કરવાનું છોડી, ઈશ્વરનો સાક્ષાત્કાર શી રીતે થાય તે સંબંધી વાદવિવાદ અને ચર્ચા કરવા લાગ્યાં. ચર્ચા કરીનેજ બેસી ન રહેતાં તેઓ હંમેશાં પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા યમ નિયમાદિનું પાલન કરી સ્હવારમાં સંયમને સાધવા લાગ્યાં.

આ દમ્પતી મૂળ તો સંસ્કારી હતાં એટલે તેમનું મન આ તરફ વળતાં વાર લાગી નહિ. હવે તેમનો સંસારના પદાર્થો ઉપરનો મોહ ઉતરી જતાં ગમે તેવા આકર્ષક વૈભવોથી તેમનું મન લલચાતું નહિ. હવે તો તેમને ઈશ્વર સંબંધી વાતોજ રૂચવા લાગી. દિવસે નિવૃત્તિના સમયમાં પણ આ દમ્પતી ઇશ્વરવિષયક પુસ્તકો વાંચી તે સંબંધી ચર્ચા કરતાં. હંમેશાં સ્હવાર સાંજ ધારણા, ધ્યાન, જપતપાદિ ક્રિયાઓ કરવામાં વધુ વખત ગાળવા લાગ્યાં. પુત્રને પણ નાનપણથી ઇશ્વર વિષયક સંસ્કારો નાંખવા માંડયા. આહારવિહારમાં પણ હવે તે કાળજી રાખવા લાગ્યાં. મનને શુદ્ધ અને સાત્વિક બનાવનાર આહારવિહારનું

સેવન કરતાં. વસ્ત્રો પણ સાદાંજ ધારણ કરવા લાગ્યાં. ચારિત્ર્ય શુદ્ધ રાખી ઇશ્વરના ગુણધર્મોને પોતામાં સ્થાપી, હંમેશાં સંયમશીલવૃત્તિ રાખવા લાગ્યાં.

આ પ્રમાણે દમ્પતી આ સંસારના ક્ષણિક પદાર્થોમાંથી આસક્તિ ઉઠાવી લઇ પરમાત્માપ્રતિ વળ્યાં. તેમના સંબંધમાં આવનારની સાથે પણ હવે તે સંબંધી જ વાતચીત કરતાં તેમના ઉત્તમ આચારથી ઘણા અન્ય મનુષ્યો ઉપર પણ અસર થવા માંડી. સંસારમાં દ્રવ્યને માટે જુઠ, પ્રપંચો, દગા ફટકા કરનારા શરમાવા લાગ્યા. ઘણા તેમનું અનુકરણ કરી સત્ય પંથે વળવા લાગ્યા.

આ પ્રમાણે આ દમ્પતીએ અન્ય સેંકડો સ્ત્રી પુરુષોનાં જીવનોને સુધારી દીધાં. અને પોતે સંસાર જે દુઃખરૂપ કહેવાય છે તેમાં પણ સ્વર્ગીયસુખનો આનંદ ભોગવવા લાગ્યાં.

સમાપ્ત.

અનાજ સડે નહિ તેના ઉપાય, લાકડાં સડે નહિ તેના ઉપાય, લુગડાં કે ધાતુ ઉપરથી ડાઘ કાઢવા, ભેગ પારખવાની રીત, અગરબત્તી, બરાસ વીગેરે બનાવવું, કંકુ, અબીલ, કાથો, એળીયો, આરસપહાણ, હાથીદાંત, હીંગળોક, વિગેરે બનાવવાં, હીરામાણેક બનાવવાં, વાળ વધારવાના ને કાળા કરવાના ઉપાયો, આઇસ ક્રીમ, સોડા, લેમોનેડ બનાવવું, શરબતો બનાવવા, જુદી જુદી જાતનાં અત્તરો અને હેરઓઇલોની બનાવટ, લવંડર, કોલનવોટર, ફેલારીડાવોટર, અંગરાજ, ગુલાબજલ, ટોનીક, જીંજર વિગેરે બનાવવાની રીત, સોડાવોટર ને લેમોનેડ માટે પાવડર બનાવવો, બીસ્કીટ બનાવવાં, છીંકણી બનાવવી, મીણબત્તી બનાવવી, સ્લેટપેનો અને પેન્શીલ બનાવવી, દાટેલું ધન શોધી કહાડવાની વિદ્યા, શીંગડાનાં છીપ જેવાં બટન બનાવવાં, વીજળીની અંગુઠી બનાવવી, ખારી સુંઠ અને પીંપર બનાવવી, સીગારેટ બનાવવી, બ્રસ બનાવવો, કાચ ને ફોટાને સાંધવાનું મિશ્રણ, રાગ સુધારવાના પ્રયોગો, દારૂ ને અફીણ છોડાવનારા પ્રયોગો, કપુરની માળા બનાવવી, ગંધકનો ને પારાના પ્યાલા બનાવવા, ચીકણી સોપારી બનાવવી, મોતીને પાણીદાર બનાવવું, સોનાના વરક બનાવવા, દરેક પ્રકારની અંગ્રેજી પેટંટ દવાઓ, અર્કો, ટીંચર અને એસેન્સો બનાવવા, જેવી કે કાર્બોનેટ ઓફ એમોનીયા, ઓકસાઇડ ઓફ આયર્ન, કલોરાઇડ ઓફ ગોલ્ડ, લાઇમજ્યુસ, પોટાસ, ટોનીકપીલ્સ, કોલેરા મીક્ષ્ચર, દાદરનો મલમ, કોલેરાફોર્મ, કવીનાઇનની ગોળીઓ, ફોસ્ફરસ પીલ, કંપાઉન્ડ આયર્ન મીક્ચર, સીરપ ઑફ હાઇપોફોસ્ફાઇટ ઓફ લાઇમ, નાઇટ્રીક પોટાસ, પેનકીલર, કલોરોડાઇન, સાઇટ્રીક એસીડ, ડોવર્સ પાવડર, કોલનવૉટર, નાઇટ્રીક એસીડ, ઇસ્ટન્સ પીલ્સ, સારસાપરીલા, બાલામૃત, મેંથોલ, બામ, બાલનાશક સાબુ, તાંબુલવટી. દરેક પ્રકારના મલમ; ઉપરાંત આયુર્વેદીય દવાઓ, ભષ્મો, માત્રાઓ, રસાયનો, ગોળીયો, આસવો, ચુર્ણો વિગેરે હજારો પ્રકારના મનુષ્યને ધનવાન બનાવનાર પ્રયોગો આ પુસ્તકમાં આપ્યા છે. પછી ધન પ્રાપ્તિ માટે ઇશ્વરની મદદ મેળવવાના આધ્યાત્મિક ઉપાયો અને ગરીબમાંથી તવંગર થનાર માણસોના દૃષ્ટાંતો ઉપરાંત ઘણા વિષયોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. હજારો નકલો ખપી ગઇ છે. બીજી આવૃતિ પણ ખપી જવા આવી છે. આ પુસ્તકથી ઘણા માણસો પૈસાદાર બન્યા છે અને તેના સેંકડો પત્ર મળી ચુક્યા છે. કીં. રૂ. ૭—૦—૦ પો. ૦—૫—૦

ગમે તેટલા વૈભવો અથવા ધનદોલત હોવા છતાં પણ જો શરીરમાં શક્તિ નહિ હોય તો તે સર્વ સુખ નકામું છે.

ટૉનીકપીલ્સ

આ દવાથી શરીરમાં શક્તિ આવે છે. ફાટ, ચુસ, કળતર, અશક્તિ, હાંફ ચઢવો, કમર દુખવી, મટાડે છે. મગજને ઠંડક આપે છે, અને શરીરમાં નવી શક્તિ ઉત્પન્ન કરે છે; ધાતુગત દોષો મટાડી ખઈ પુરૂષત્વ બક્ષે છે. પેશાબે કે સ્વપ્ને કે કોઇપણ રસ્તેથી ધાતુનું જવું બંધ કરી ધાતુને ઘટ્ટ કરી વધારે છે. લોહી સુધારે છે, અને સંસારના ખરા આનંદનો સ્વાદ ચખાડે છે. તમામ વૈભવ હોય છતાં પણ જો શરીર નબળું હોય, વીર્યની ક્ષીણતા હોય, અને ધાતુનું કમજોરપણું હોય તો તે સર્વ વૈભવો નકામા છે. આજકાલ ખરાબ કુટેવોથી, બ્રહ્મચર્યનું ન પાલન કરવાથી અને બાળલગ્નથી ઘણા યુવાન પુરૂષો નીસ્તેજ અને વિર્યવિહિન થઇ ગયેલા હોય છે તેવા મનુષ્યોએ ફરી નવેસરથી યુવાનાવસ્થાના ખરા આનંદનો ઉપભોગ કરવો હોય તો અમારી આ દવા એકવાર વાપરી જોવી. ઘણા માણુસોએ તેનો લાભ મેળવી નવી જુવાની, નવું બળ અને નવા ઉત્સાહને મેળવ્યો છે. કી. રૂ. ૧) ત્રણની કી. રૂ. ૨–૧૦.

દવે કેમીકલ વર્કસ–અમદાવાદ.

હીસ્ટીરીઆહર પીલ્સ.

સ્ત્રીઓને જુવાન વયમાં રોગ લાગુ પડે છે. પછાડ આવે, બેભાન થઈ મોઢે ફીણુ આવે, હાથપગ ઘસે, કેટલીક સ્ત્રીઓ ધુણે ને લવારી કરે છે. કેટલાકો ભૂતના વ્હેમમાં ભૂવા આખડીમાં પૈસા ખર્ચે છે. આ દવાથી ગમે તેવો જુનો હીસ્ટીરીઆ, વઇ, મૂર્છા, અને ફેફરૂં મટે છે. ઘણી સ્ત્રીઓના રોગો મટી ગયા છે એક વાર વાપરવા ખાસ ભલામણ છે. કી. રૂ. ૨–૦–૦ અનુપાનની ટંકી. રૂ. ૨, મળી રૂ. ૪–૦–૦ સુંઘવાની ડબી રૂ. ૧ ની મફત મળશે.

પણુજથી ભગવાનજી રણછોડજી લખે છે કે,—અમારા ઘરમાં એક બાઇને હીસ્ટીરીઆ પીલ્સ અને અનુપાનનો ઉપયોગ કરાવ્યાથી અઠવાડીયું ન થયું તેવામાં તો તેને આરામ થઈ ગયો એથી મને નિશ્ચય થયો છે કે હીસ્ટીરીઆ ઉપર તમારી એ દવા રામબાણ નીવડી છે.

ઘરનો વૈદ્ય—આ એક ઉત્તમ વૈદકનું પુસ્તક છે. જેના દસ ભાગ છે. તેમાં લગભગ ૫૦) પ્રકરણો છે. જેમાં શરીરનું ને તેની અંદર આવેલા અવયવોનું જ્ઞાન, ઇંદ્રિયોનું જ્ઞાન, વનસ્પતિ કોષ, કુદરતી ઉપચારો, દરેક રોગ, તેનાં કારણો, લક્ષણ, ને ઉપાયોનો સમાવેશ છે. કીં. ૦—૧૨—૦

વેજલપુરથી મણિશંકર લલુભાઈ પંડયા લખે છે કે, આપના ભાગ્યોદયનો હું બે વર્ષથી ગ્રાહક છું. તેમાં ચર્ચાતા વિષયો દેશકાળને અનુસરતા છે. ગમે તેવા કર્તવ્યમૂઢ તેમજ પાપી હૃદયવાળો કોઈ હશે તે પણ તે વાંચી વર્તનમાં ઉતારશે તો આદર્શ ગૃહસ્થ થયા સિવાય રહેશે નહિ. તેની બે ભેટો ગૃહિણી રત્નમાળા અને સુખી ગૃહસંસાર એ પુસ્તકો વધુ ભાગે સ્ત્રીઓને ગીતા પેઠે દરરોજ પાઠ કરવા જેવાં છે. જે વાંચનની ઘણે ભાગે ખોટ હતી, તે ખોટ પૂરી પાડવા આપ નિરંતર મથી રહી હવે ત્રીજું આ વર્ષનું ભેટનું પુસ્તક **સુખી દમ્પતી** બહાર પાડયું છે તેને હું વધાવી લઉં છું, અને હું આપને મુબારકબાદી આપું છું કે આપ ત્રણે પુસ્તકોદ્વારા આદર્શ ગૃહિણીઓ ઉત્પન્ન કરવા મથન કરી રહ્યા છો તે ગુર્જરજનો તરફ આપશ્રીની દયા નજર જ કહેવાશે.

બાબરાથી ઠક્કર ગીરધરલાલ નરસીદાસ લખે છે કેઃ આપનું ભાગ્યોદય વાંચી મને ઘણોજ આનંદ થયો છે. તે મને ઘણુંજ પ્રીય લાગ્યું છે. આ સાથે એક ગ્રાહક કરી મોકલું છું. હું એવાં ઘણાં ગ્રાહકો વધારી આપી ભાગ્યોદયનો આભારી થઇશ.

પુનાથી ફેરામરોજ દારાશા દુબાશ લખે છે કેઃ તમારૂં ધનવાન પુસ્તક મળ્યું છે, અને તે માટે જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે. તે ઘણુંજ ઉપયોગી છે. અને દરેક ઘરમાં તેની એક નકલ રાખવી જ જોઇએ એવું મારૂં માનવું છે. તમારા ધનવાન પુસ્તક માટે ખરા જીગરથી ઉપકાર માનું છું. હાલ કાયદાનો શિક્ષક વી. પી. થી મોકલી આપશો.

લખોઃ—વ્યવસ્થાપક ભાગ્યોદય—અમદાવાદ.